એક પતંગિયાને પાંખો આવી – ગુજરાતી નવલકથા.

લેખક – વ્રજેશ દવે 'વેદ'

એ

પ્રત્યેક ચંચળ ચરણને

જે પાંખો લઇ અસીમ, અનંત વ્યોમમાં ઉડવા

સદૈવ થનગનતું રહેતું હોય છે

વ્રજેશ દવે

ફોન અને **whatsapp -0091 94260 41107**

Email- dave.vrajesh@gmail.com

પ્રકરણ 1

જૂન મહિનાના પહેલાં શુક્રવારની રાત્રે સોળ સત્તર વર્ષની બે આંખો પહેલી વખત અમદાવાદનાં રેલ્વે સ્ટેશનને જોઈ રહી હતી. નીરજાની આંખોમાં સપનાઓ હતાં. તે સપનાઓને પૂરા કરવા તે નીકળી પડી હતી સેંકડો કિલોમીટર દૂરના, કદી ના જોયેલા પ્રદેશને મળવા.

તેની સાથે હતી બીજી બે આંખો. એટલી જ ઉમરની. વ્યોમાની આંખો. નીરજાની એકમાત્ર સખી વ્યોમા.

આ ચાર આંખોએ પહેલી વાર રેલ્વે સ્ટેશન જોયું. રેલ્વે ફાટક પાસે ઊભેલી પપ્પાની કારની બારીમાંથી અનેક વખત વહી જતી, દોડી જતી ટ્રેનને જોઈ છે. પણ ક્યારેય ન તો સ્ટેશન જોયું હતું કે ન તો ટ્રેનમાં મુસાફરી કરી હતી.

જ્યારે જ્યારે મુસાફરી કરી છે ત્યારે ત્યારે કાર કે પ્લેનમાં જ કરી છે. બસ, આજ કારણે નીરજાએ જીદ પકડી હતી કે તે ટ્રેનમાં જ જશે અને તે પણ ખૂબ દૂર દૂર જતી ટ્રેનમાં, લાંબામાં લાંબા અંતરની ટ્રેનમાં. વ્યોમાએ નીરજાની જીદને ટેકો આપ્યો હતો એટલે જ તેઓ અત્યારે રેલ્વે સ્ટેશન પર હતા.

રેલ્વે સ્ટેશનને જોઈને તેની આંખોમાં કૌતુક અને વિસ્મયના ભાવો આવી વસ્યાં. ફિલ્મોમાં ટ્રેનના અનેક દ્રશ્યો જોયા છે. પણ અહીં સ્વયમ સ્ટેશન પર હોવાનો અનુભવ અનેરો હતો. રોમાંચકારી હતો.

શુક્રવારની રાત્રે નવ વાગ્યે અમદાવાદ રેલ્વે સ્ટેશન પરના પ્લેટફોર્મ નંબર ત્રણ પર ગાડી નંબર 15635, ઓખાથી ગૌહાટી જતી દ્વારકા એક્સપ્રેસ થોડી જ ક્ષણોમાં આવી પહોંચશે, એવી ઉદઘોષણાથી બંનેના મનમાં ઉત્સાહની લહેર દોડી ગઈ.

ટ્રેન આવશે. કલ્પનાની વાસ્તવિક યાત્રા શરૂ થશે. એક પડકાર ભરી, અજાણી, અનિશ્ચિત રાહ પર પ્રયાણ થશે. રસ્તામાં અનેક સંભાવનાઓ આવી મળશે. આવા વિચારોથી બંને ખુશ હતી. પણ, બંનેના માતાપિતાઓના ચહેરાઓ પર વ્યગ્રતા અને ચિંતાઓ ઊગી નીકળી હતી.

ટ્રેનની સિટી વાગી. તે બંનેને આ અવાજ જરાય કર્કશ ન લાગ્યો, ઊલટું મુરલીધર શ્યામના હોઠેથી વાગતી બંસરીનો મધુર ધ્વનિ લાગ્યો. રાસ રમવા માટે ગોપીઓને ઉશ્કેરતો અવાજ!

ટ્રેન પ્લેટફોર્મ પર દાખલ થઈ, ધીમી પડતી ગઈ, રોકાઈ ગઈ. સામે જ કોચ નંબર S/8 આવી ઊભો. નીરજાએ ફરીથી ટિકિટ તપાસીને પોતાની સીટ નંબરની ખાત્રી કરી લીધી.

"મને પાકું યાદ છે, એસ/8 માં 23 અને 24 આપણી બર્થ છે. સાઈડની ઉપર અને નીચેની બર્થ." વ્યોમા ઉત્સાહભેર બોલી ગઈ.

"તને કેમ ખબર કે તે બર્થ સાઈડની જ છે?" નીરજાએ સવાલ કર્યો.

"પૂરું હોમવર્ક કરીને આવી છું. ભલે યાત્રા ન કરી હોય, પણ જાણી બધું રાખ્યું છે."

"કોણે કહ્યું તને આ બધું?"

"હજુ તો આ શરૂઆત છે, નીરજા. ટ્રેનમાં પૂરા અઠ્ઠાવન કલાક આપણે યાત્રા કરીશું ત્યારે ગૌહાટી પહોંચીશું."

"હા યાર. પૂરા અઠ્ઠાવન કલાક ટ્રેનમાં ! કેવી મજા પડશે?"

બંને ચડી ગઈ ટ્રેનમાં. સામાનને સીટ નીચે ગોઠવી દીધો.

સામાનમાં વ્હીલ લાગેલી એક નાની બેગ અને પીઠ પર લટકાવી શકાય તેવી એક એક બેગ. ખાસ બીજું કાંઇ જ નહીં. તેઓએ ક્યાંક વાંચેલું કે **'less luggage, more comfort'**

સામાન ગોઠવાઈ ગયો. સીટ પર બેઠક લેવાઈ ગઈ. વડીલોની અસંખ્ય સૂચનાઓ પણ અપાતી ગઈ. બંનેમાંથી કોઈએ ભાગ્યેજ તેમાંની એકાદ પણ સાંભળી હશે. છેલ્લા દસ દિવસથી આવી સૂચનાઓ સતત અપાતી રહી હતી. હવે તો એ બધી યાદ પણ રહી ગઈ હતી, અને એ પણ એ જ ક્રમમાં.

પચીસ મિનિટનો હોલ્ટ ક્યારે પૂરો થઈ ગયો તેની ખબર ના રહી. સિગ્નલે પીળો રંગ છોડી લીલા રંગને ધારણ કરી લીધો. ટ્રેનની સિટી વાગી, માતા-પિતાના હ્રદયમાં એ ચીસ બનીને ખૂંચી ગઈ, તો બંને કિશોરીઓના મનમાં, વહેતા ઝરણાંના લયબદ્ધ અવાજની જેમ સંગીત રેલાવવા લાગી.

એક જ ઘટના કેવા જુદા જુદા અને વિરોધાભાસી ભાવોને જગાડી ગઈ. તેમાં ઘટનાનો શું વાંક? તે તો નિરપેક્ષ બનીને ઘટી ગઈ. તેને શું ખબર કે તેના ઘટવાથી કોના હ્રદયને શું થશે?

ટ્રેન ગતિમાન થઈ. ચાલવા લાગી. ગતિ વધતી ગઈ. પરસ્પર સૌએ હાથ હલાવી વિદાય આપી દીધી. કોઈએ હસીને તો કોઈએ ભારી મને. ટ્રેન આંખની સીમા બહાર નીકળી ગઈ, વ્યોમા અને નીરજા પણ.

****

થોડીવારમાં બંને ટ્રેનમાં સેટલ થઈ ગઇ. ટ્રેનના ડબ્બાની અંદરની એક એક વસ્તુથી આંખ પરિચિત થઈ ગઈ. સાથી યાત્રીઓએ સુવા માટેની તૈયારી કરી લીધી. લાઇટો બંધ થવા લાગી. કોરિડોરની ઝીણી લાઇટો અને બાથરૂમ પાસેની લાઇટો સિવાય તમામ બંધ થઈ ગઈ.

બધા જ સૂઈ ગયા. પણ આછા અજવાળામાં બંને જાગતી રહી. સપના ભરેલી આંખો, સપનાના રસ્તા પર જાગતી જાગતી યાત્રા કરવા લાગી. જે આંખમાં સપના ભરેલા હોય, ત્યાં નિંદ્રા ક્યાંથી હોય?

બંનેએ બારી બહાર જોવા માંડ્યુ. ખુલ્લી બારીમાંથી વહેતી ટ્રેનમાં પવન આવવા લાગ્યો. ગમવા લાગ્યો. બહાર ઘણું બધું ઝડપથી વહી જવા લાગ્યું.

આઠમનો ચંદ્રમા પોતાની ચાંદની પાથરી બેઠો હતો. ક્યાંય સુધી ચાંદનીમાં વહી જતાં આકારોને જોયા કર્યું. મૌન, બસ મૌન રહીને જ !

બહારનું અદભૂત વાતાવરણ તેઓને આકર્ષી રહ્યું હતું. જૂન મહિનાની ગરમીમાં, ચાંદની રાત્રે, ટ્રેનની બારીમાંથી વહેતો ઠંડો પવન શરીરને સ્પર્શતો હતો. યૌવન તરફ આગળ વધવા મથતું શરીર અજાણી લાગણીને અનુભવવા લાગ્યું.

પવનનો મૌન સ્પર્શ ! ગમવા લાગ્યું. મૌન બનીને માણવા લાગ્યા પવનના મૌન સ્પર્શને. કોઈ કાંઇ જ બોલવા નહોતા માંગતા. પાંપણને ઝુકાવવાની પણ ઈચ્છા ન હતી.

વાળની લટોને પવન ગાલ પર લહેરાવતો રહ્યો. પણ તેઓને તેની પરવા ન હતી. બહાર પથરાયેલી ચાંદનીમાં સરકતી જતી ધરતી અને આકૃતિઓને જોતાં રહ્યા, માણતા રહ્યા.

ક્યાંય સુધી આમ જ જોયા કર્યું. ગાડીએ બ્રેક મારી. તાદાત્મ્ય ભંગ થયો, દ્રશ્ય ભંગ પણ. બંનેએ એકબીજા સામે નજર મિલાવી અને હસી પડી. ચહેરાઓ પર આનંદની અનુભૂતિ ઉપસી આવી.

બારી બહાર નજર કરી. નડિયાદ સ્ટેશન પર ટ્રેન આવી ગઈ હતી. જીંદગીની પહેલી ટ્રેન યાત્રાનું પહેલું સ્ટેશન. એક સુખદ ઘટનાનો આનંદ છવાઈ ગયો, બહાર વ્યાપેલી ચાંદનીની જેમ.

બહાર ચાંદની એમ જ પથરાયેલી હતી. તે પણ ઊભી રહી ગઈ, ટ્રેનની જેમ. નીચે ઉતરી ચાંદનીમાં નહાવાનું મન થઈ ગયું. ત્યાં તો ટ્રેન ચાલવા લાગી. ચાંદની પણ.

"વ્યોમા, આ ટ્રેનનો ડબ્બો ઉપરથી ખુલ્લો હોય તો કેવું સરસ?"

"કેમ?" વ્યોમાની નજર પ્રશ્નાર્થ લઈને આવી.

"આ બારીમાંથી તો કેટલી જોઈ શકાય આ ચાંદનીને?"

"મતલબ?"

"આપણે તો આખે આખી ચાંદનીને માણવી છે, પણ આ બારી ખૂબ જ નાની છે. અને તેની બહાર જેટલી દેખાય છે, એટલી જ ચાંદની માણી શકાય છે. પણ જો ડબ્બો ઉપરથી ખુલ્લો હોત, તો ખુલ્લા ડબ્બાની કોઈ સીટ પર બેસીને ખુલ્લા આકાશને જોઈ શકાત. ચારે તરફ ફેલાયેલી ચાંદનીને જોઈ શકાત, પી શકાત, માણી શકાત."

"અત્યારે તો દોઢ બે ફૂટની બારીમાંથી દેખાતી ચાંદનીને માણવી પડે છે, એક નાના ટુકડામાં. એમ જ ને?"

"હા વ્યોમા, એમ જ. આ બધી સુંદર વાતો કે વસ્તુઓ કેમ નાના નાના ટુકડાઓમાં જ હોય છે? ખૂબ જ થોડો અનુભવ થાય અને અદ્રશ્ય. આવું કેમ છે, હેં વ્યોમા?"

"નાના નાના ટુકડાઓમાં જ હોય છે, થોડા સમય માટે જ હોય છે, આ સુંદરતા. અને હા, એટલે જ તો તે સુંદર છે, વિશેષ છે, કીમતી છે." વ્યોમા જીવનની ફિલસૂફી વ્યકત કરવા લાગી.

"એ બધી જ્ઞાનની વાતમાં મને રસ નથી."

"તો નીરજાને શેમાં રસ છે?"

"મને તો રસ છે, આ ટ્રેનના એક એવા ડબ્બામાં જેને ઉપર છત ન હોય. ઉપરથી સાવ ખુલ્લો, ઘુંઘટ વિનાની સ્ત્રી જેવો હોય. ટ્રેન સાથે તે પણ વહે. રાત્રે ઠંડી હવામાં ખુલ્લા આકાશને જોઈ શકાય, ચાંદની હોય, તો ચાંદનીને અને ચાંદની ન હોય તો અંધકારના સામ્રાજ્યને, અંધારી રાતે અઢળક તારલાઓને, ઢળતી સંધ્યાને, બપોરના તપતા સૂરજને, સૂર્યાસ્તની લાલીમાને, વહેલી સવારે ઊગતા સૂરજને, આકાશમાં દોડતા વાદળોને જોઈ શકાય, અનુભવી શકાય. વરસતા વરસાદમાં પલળી શકાય, **twilight** ને માણી શકાય. આંખના કેમેરાથી મન અને હદયના કેનવાસ પર ઉતારી શકાય.... અને એ બધુંય પૂરેપુરું, ક્યાંય કોઈ કટ નહીં. પૂર્ણ રૂપે, સંપૂર્ણ રૂપે." એક શ્વાસે બોલીને નીરજા જરા અટકી, "વહેતી ટ્રેનના ખુલ્લા ડબ્બામાં તું ઊભી હોય, તોફાની પવન તારા તનને સ્પર્શીને વહેતો હોય, તારી આંખ પર, તારા ગાલ પર તારી લટોને રમાડતો હોય, હાથમાં કોઈ મજાનું પુસ્તક હોય, કોઈ મધુર સંગીત વાગતું હોય...."

"ને બસ ટ્રેન ચાલતી રહેતી હોય..." અને બંને ખડખડાટ હસી પડ્યા. સૂઈ ગયેલી ટ્રેનમાં તરુણીઓનું હાસ્ય આંટો મારીને ખુલ્લી બારી બહાર નીકળી ગયું, વાતાવરણમાં ભળી ગયું.

17 નંબરની બર્થ પર સૂતેલા મુસાફરને એ હાસ્ય કર્કશ લાગ્યું. તેનાથી ના રહેવાયું. તેણે જરા કડક અને રુક્ષ ભાષામાં કહ્યું, "યદિ આપ સોના નહીં ચાહતે હો તો આપકી મરજી, પર દુસરોંકો સોને દો. ટ્રેનકી ડીસીપ્લિનકો સમઝો. ઔર ચૂપચાપ રહો." કહીને તે ફરી નિંદ્રાધીન થઈ ગયો.

બંને ચૂપ થઈ ગઈ. પણ એ તો થોડી વાર માટે જ. ફરી હસી પડી, પણ આ વખતે કોઈને પણ ખબર ના પડે તેમ. એકબીજા સામે જોઇને હસી. ચારેય આંખોમાં આનંદ, કૌતુક, કુતૂહલ, વિસ્મય અને તાજગી તરવરતા હતા. તેમાં ક્યાંય નીંદરનો અવસર ન હતો.

ફરી કોઈ પ્લૅટફૉર્મ દેખાયું. ઓહ, આ તો વડોદરા. સમય ચકાસી લીધો. રાત્રિના 11.15 થયા હતા. ફોન વડે ઘેર વાત કરી લીધી અને બધું કુશળ છે, તેવો સંદેશ આપી દીધો. નીરજાએ નોંધ્યું કે મમ્મી નોર્મલ હતા, પણ પપ્પા હજુ પણ થોડા નારાજ લાગ્યા.

નીરજાને લાગ્યું કે તેણે પપ્પાની વાત માની લેવી જોઈતી હતી. જીદ ન કરી હોત તો ચાલત. વ્યોમાને પણ અંદરથી કશુંક ખૂંચવા લાગ્યું.

પણ... હવે તો સફર શરૂ કરી દીધી છે. હવે કાંઇ પરત ના જવાય... હવે તો મંઝીલ મેળવીને જ અટકવું છે.

બંનેના મનમાં કશુંક ચાલવા લાગ્યું. ટ્રેન પણ વડોદરા છોડીને ચાલવા લાગી. બંનેની આંખોમાં ફરી નવા ભાવ આવી ગયા. મૌન થઈ ગયા. સૂઈ જવાની તૈયારી કરવા લાગ્યા.

મનમાં વિચારો ચાલતા રહ્યા. ટ્રેન પણ ચાલતી રહી, રાત આખી. વિચારો અને ટ્રેનની દિશા એક જ હતી. લક્ષ્ય તરફ.

ટ્રેનમાં યાત્રા શરૂ કરતાં પહેલાં કેટકેટલી ઘટનાઓ બની ગઈ ? કેટલાય સંઘર્ષો જીતવાં પડ્યાં?

પ્રકરણ 2

સવારના **5.46** મિનિટ. આ સમય બતાવી રહી હતી દીપેનના જમણા હાથ પર બંધાયેલી ઘડિયાળ. બરોબર એક મિનિટ મોડો હતો તે. સવારે **5.45** પર બેડરૂમમાંથી બહાર નીકળી જવું તે તેનો રોજનો ક્રમ હતો.

આજે એક મિનિટ લેઇટ હોવાને કારણે તે ઉતાવળે બેડરૂમનો દરવાજો ખોલીને બહાર આવ્યો. ડ્રૉઇંગ રૂમની લાઇટ ચાલુ હતી. સવારના ડ્રૉઇંગ રૂમની લાઇટ હમેશા બંધ જ રહેતી. તેને આશ્ચર્ય થયું.

આખા ઓરડાને પોતાની નજરમાં સમાવવા તેણે એક વિહંગ દ્રષ્ટિ કરી. નીરજા રૂમમાં પહેલેથી જ હાજર હતી. બંનેની દ્રષ્ટિ એક બીજા પર પડી. બંને માટે આ ક્ષણ ચોંકવાની હતી. બંને ચોંકી ગયા. બંને ન ધારેલું જોઈ રહ્યા હતા.

નીરજા જાણતી હતી કે તેના પપ્પા રોજ આ સમયે જ મોર્નિંગ વોક માટે નીકળે છે. ગઈ કાલે રાત્રે જ નીરજાએ નક્કી કરી લીધું હતું કે તે તેના પપ્પા જોડે મોર્નિંગ વોકમાં જશે. એથી જ તો તે ડ્રૉઇંગ રૂમમાં આવી પપ્પાની રાહ જોતી હતી. પણ પપ્પાને જોઈને તે વિસ્મય પામી.

કારણ**?** બસ એટલું જ**,** કે દીપેનના કપડાં કોઈ પણ દ્રષ્ટિએ મોર્નિંગ વોકને અનુરૂપ ન હતા. સૂટ**,** ટાઈ અને મોબાઇલ સાથે તે ક્લબ હાઉસના ગાર્ડનમાં મોર્નિંગ વોક માટે જવા નીકળી રહ્યો હતો. નીરજાની કલ્પના વાદળમાંના પાણીની જેમ બાષ્પ બની ઊડી ગઈ. તેણે પપ્પા સામે પ્રશ્નાર્થ નજરે જોયું.

દીપેન હજુ પણ નીરજાને આશ્ચર્યથી જોઈ રહ્યો હતો. તેને નીરજાના મુખ પરની પ્રશ્નાર્થ મુદ્રા નજર ન આવી. નીરજાને સમજાઈ ગયું કે દીપેને તેના મૌન પ્રશ્નને સાંભળ્યો નથી.

"પપ્પા**,** તમે તો મોર્નિંગ વોકમાં જઈ રહ્યા છો ને**?"** નીરજાએ પૂછી લીધું.

દીપેનની તંદ્રા તૂટી**,"**યસ**,** હું મોર્નિંગ વોકમાં જ જઇ રહ્યો છુ.**"**

"પણ**,** આમ ઓફિસ સૂટમાં**?"**

"કેમ**?** હું તો દરરોજ આ રીતે જ જાઉં છુ.**"**

"નહીં. આમ નહીં ચાલે. સ્પોર્ટ્સ શુઝ**,** ટ્રેક પેંટ અને ટી શર્ટ પહેરી લો. આ કપડાં જલ્દીથી બદલી લો. હું તમારી અહીં જ રાહ જાઉં છુ.**"**

"મતલબ**?** તું મારી સાથે મોર્નિંગ વોકમાં આવી રહી છે**?"**

"સ્યોર. ડેફીનીટલી.**"** આ શબ્દો દીપેનને ફરી આશ્ચર્ય આપી ગયા.

નીરજા.

લગભગ **16/17** વર્ષની. દીપેનની એક માત્ર સંતાન. જૂનિયર કોલેજમાં ભણતી. બધાના આગ્રહની વિરૂધ્ધ તેણે સાયન્સને બદલે આર્ટ્સના વિષયો ભણવાનું પસંદ કર્યું હતું. ભણવામાં ખૂબ જ આગળ રહેતી નીરજા**,** એક બાબતે ખૂબ જ પાછળ હતી- સવારે ઉઠવામાં **!** આવી આળસુ છોકરી આજે સવાર સવારમાં જ**,** દીપેનથી પણ વહેલી ઊઠીને મોર્નિંગ વોક માટે તૈયાર હતી. મુખ પર કોઈ થાક કે કંટાળાને બદલે નવી જ તાજગી હતી.

સવારે **9/10** વાગ્યે પણ પરાણે ઉઠતી અને થાકેલી લાગતી નીરજા વહેલી પરોઢે તૈયાર થઈને પૂરા જોશમાં હોય**,** તે વાત દીપેન માટે અણધારી જ નહીં પણ આશ્ચર્યપૂર્ણ પણ હતી.

દીપેન આજ પહેલેથી જ એક મિનિટ મોડો હતો અને ઉપરથી નીરજા સાથેના સંવાદને કારણે પૂરી સાડા છ મિનિટ વધુ મોડો પડી

ગયો હતો. મોડા પડવું એ તેનો સ્વભાવ નથી. ઊલટું, મોડા પડતાં લોકો માટે તેને નફરત હતી. અને આજે તે પોતે જ મોડો પડી રહ્યો હતો, નીરજા ને કારણે.

મનમાં અણગમો ઊગી ગયો. પણ નીરજાના ચહેરાના પ્રેમાળ, પણ આદેશાત્મક ભાવોને પારખીને તે તરત જ પોતાના બેડરૂમમાં ગયો.

નીરજા ખુશ થઈ. નીરજાની વાત દીપેન ભાગ્યે જ ટાળતો. આજે પણ ન ટાળી શક્યો. ત્રણ જ મિનિટમાં તે ટ્રેક સૂટ, ટી શર્ટ અને સ્પોર્ટ્સ શૂઝ માં તૈયાર થઈ ગયો. કારની ચાવી લઈ તે ઝડપથી ઘર બહાર નીકળી ગયો. નીરજા પણ. નીરજાએ દીપેનના હાથમાંથી કારની ચાવી લઈ ખિસ્સામાં મૂકી દીધી. બાઈકની ચાવી દીપેનને આપી.

દીપેન માટે આ પણ નવી વાત હતી. મોર્નિંગ વોકમાં બાઇક પર જવાનું? આટલાં વર્ષોથી ક્યારેય તે ક્લબ હાઉસમાં કાર સિવાય ગયો નથી. શરૂઆતમાં નાની કાર વાપરતો અને સમય જતાં કારની સાઇઝ વધતી ગઈ. પણ... બાઇક તો ક્યારેય નહીં.

છેલ્લે તેણે ક્યારે બાઇક ચલાવ્યું હશે? કશું જ યાદ ન આવ્યું. નીરજા પર તે ગુસ્સે થવા જતો હતો ત્યાં તો નીરજા તેને બાઇક સુધી હાથ પકડી દોરી ગઈ. આમંત્રણ આપી દીધું, બાઇક ચલાવવાનું.

બાઇક પર બાપ-દીકરીની સવારી ક્લબ હાઉસ તરફ રવાના થઈ ગઈ. લગભગ 20 મિનિટની બાઇક રાઇડ દરમ્યાન બંનેમાથી કોઈ પણ કશું જ ન બોલ્યું.

બંને મૌન હતા. સવારની તાજગીમાં વહેતી હવાની લહેરોના સ્પર્શને બંને માણી રહ્યા હતા.

નવરાત્રિ હમણાં જ પૂરી થઈ હતી. આસો મહિનાની સવારમાં શિયાળાના ધીમા પગરવની આહટ સંભળાતી હતી. ઋતુઓનો સંક્રાતિ કાળ જેવુ લાગતું હતું. દૂર ક્ષિતિજમાં પણ અંધકાર અને ઉજાસના સંક્રાંતિ કાળ જેવુ આકાશ ચંચળ હતું, નીરજા જેવું જ.

સૂર્ય તેના આગમનની એંધાણી આપી રહ્યો હતો. આકાશ ક્યાંક ગાઢ ગુલાબી, તો ક્યાંક કાળા રંગોથી રંગાયેલું હતું. ક્યાંક બિલકુલ શૂધ્ધ વાદળી રંગ પથરાયેલો હતો. ક્ષિતિજ પર પરોઢના આછા અજવાળાનું સામ્રાજ્ય હતું.

નીરજા પણ એક નવા અજવાસ તરફ કદમ માંડી રહી હતી. બાળપણ અને મુગ્ધાવસ્થાને હંફાવી યૌવન ધસમસતું ટકોરા મારતું હતું. નવું વિશ્વ તેને લોભાવી રહ્યું હતું. વાતાવરણની સુગંધ તેને આકર્ષતી હતી. તેના મનમાં અનેક સવાલો થતાં. તેના જવાબો મેળવવા પ્રયાસ કરતી. અનેક વિકલ્પો તપાસતી. તેને કેટલાક જવાબો મળતા. કેટલાક પ્રશ્નો અનુત્તર રહેતા. કેટલીક વાતો સમજાતી. કેટલીક ન સમજાતી. સમજણની કાચી સીમાઓ તૂટી જતી. નવી સીમાઓ જન્મતી.

જે સમજાતું તે જાણી આનંદ થતો. નવા આશ્ચર્યો, નવા વિસ્મયો તેને ગમતા. તેના ચહેરા પર કૌતુક રમતિયાળ સ્થાન જમાવી પળવારમાં અદ્રશ્ય થઈ જતું. જાણે કોઈ હાથ પકડી, હાથ તાળી આપી જતું. નસોમાં નવું લોહી વહેવા લાગતું. ક્યારરેક લાગતું કે તે પોતાની જાતને ઓળખે છે, તો ક્યારેક તેને પોતાનો જ ચહેરો દર્પણમાં જોતાં અપરિચિત લાગતો.

ગમે તેમ હોય, પણ તેને આ બધું ગમવા લાગ્યું હતું. પરિવર્તનનો પવન તેના શ્વાસમાં, નસમાં, ફેફસામાં, હ્રદયમાં અને મનના ઉંડા ખૂણાઓમાં ભીની સુગંધ બની પ્રસરી રહ્યો હતો.

કશુંક નવું જાણવા, સમજવા, શિખવા અને કરવાનું હર ઘડી મન થતું. આ અનુભવવાની તેને મજા પડતી હતી. તે ઝંખતી હતી કે કોઈ તેની આ સ્થિતિમાં તેની જેમ જ અનુભવ કરે, સાથ આપે. તેને એક દોસ્તની જરૂરત લાગવા માંડી. એવો દોસ્ત કે જેના સાનિંધ્યમાં તે ખીલી શકે, સલામત રહી શકે. એવો દોસ્ત કે જે તેને સમજે, સાંભળે, વહાલ કરે.

કદાચ દરેક દીકરી માટે બાપ જ તેનો પહેલો દોસ્ત હોતો હશે. દિપેનમાં તેને એવો જ દોસ્ત દેખાવા લાગ્યો. એટલે જ તો આજે તેના એ અજાણ્યા આનંદમાં તેણે દીપેનને શામેલ કરવાનો પ્રયાસ કર્યો.

દીપેન માટે આજની સવાર રોજ કરતાં અલગ હતી. રોજ કારની બારીના બંધ કાચની અંદર, ઘરથી ક્લબ સુધી ચાલતી સવારની

યાત્રામાં, ક્યારેય બહારના વાતાવરણનો પવન, દીપેનને સ્પર્શયો ન હતો. ગમે તેટલી ગરમી, ઠંડી કે વરસાદ હોય, પણ દીપેનની એર કન્ડિશંડ કારમાંનું વાતાવરણ એકસરખું જ રહેતું.

આજે હવાના નવા રૂપ, રંગ અને સ્પર્શનો અનુભવ તેના મન, શરીર અને હ્રદયને યાદ અપાવવા લાગ્યો, તેના લગ્ન પછીના શરૂઆતના વર્ષોની.

જયા સાથે આમ જ સવારના ગાર્ડનમાં વોક કરવા નીકળી પડતો, બાઇક પર.

ગાર્ડન ! શહેરના તમામ ગાર્ડન તેને આજે યાદ આવી ગયા. રોજ રોજ નવા ગાર્ડનમાં ચાલવા જવાનો મૂળ આઇડિયા પત્ની જયાનો. તેના આ આઇડિયાને માન આપતો હોય તેમ તે બની જતો બાઇક નો ડ્રાઇવર. શ્રીમતીજી ના હુકમ પ્રમાણે ડાબે-જમણે-ડાબે એમ કરતાં રોજ નવા ગાર્ડનમાં પહોંચી જતો.

પણ, છેલ્લા ઘણા સમયથી તે ગાર્ડનને બદલે ક્લબ હાઉસ માં જ જતો, એ પણ એકલો જ.

બાઇક પર નીરજાને લઈને, અત્યારે પણ તે પહોંચી ગયો ક્લબ હાઉસના ગેટ પર.

ક્લબ હાઉસમાં કોઈ બાઇક પર નહોતું આવતું. બધા કારમાં જ આવતા. ગેટકીપર કારના નંબર પરથી ઓળખી જતો કે બંધ કાચની અંદર કોણ બેઠું છે. તે તરત જ દરવાજો ખોલી નાંખતો.

ગેટકીપરે તેને રોક્યો. એક તો બાઇક પર સવાર અને બીજું સૂટ બૂટ ને બદલે સ્પોર્ટસ ડ્રેસમાં હતો તે. તેણે દીપેનને ન ઓળખ્યો. દીપેન માટે આ નવાઈની વાત હતી. તેની આંખમાં ગૂસ્સો પ્રવેશે તે પહેલાં નીરજાની આંખના ઇશારાએ બાજી સંભાળી લીધી. દીપેનને સમજાઈ ગયું કે દરવાને તેને ક્યારેય આ રીતે જોયો જ ન હોય, તો ક્યાંથી ઓળખે?

થોડી વારે દરવાને બંનેને અંદર જવા દીધા. નીરજા પહેલી વાર ક્લબ હાઉસમાં સવાર-સવારમાં પ્રવેશી.

એક તરફ મોટો હૉલ. બધા ત્યાં ભેગા મળતા. બીજી તરફ ખુલ્લો, લીલોછમ્મ ટ્રેક.

નીરજાએ ટ્રેક પર નજર નાંખી. ઘણા બધા લોકો હતા. પોતપોતાના ક્રમ પ્રમાણે તેઓ ચાલતા, દોડતા કે જોગિંગ કરતાં હતા.

આજે મોડુ થયું હતું એટ્લે નીરજાને લઈને દીપેન સીધો જ ટ્રેક પર આવી ગયો. નીરજા અને દીપેન ઘડિયાળના કાંટાની દિશામાં ટ્રેક પર ચાલવા લાગ્યા. તે ચાલતી રહી અને આસપાસના વાતવરણને નિહાળતી રહી, તેને સમજવાની ચેષ્ટા કરતી રહી.

સુરજ ઉગવાની તૈયારીમાં જ હતો. અનેક ઘટાદાર વૃક્ષો આસપાસ હતા જે પોતાના બાહુ ફેલાવી સૂરજને પડકારતા હતા- અમને વીંધીને તારા પ્રકાશને ધરતી પર પહોંચાડી તો જો ! સુરજ રોજ હારી જતો, આ ઘેઘૂર વૃક્ષોની સામે.

ટ્રેક પર અસંખ્ય લોકો વહી રહ્યા હતા. તે પણ લોકો જોડે તેના લયમાં લય મિલાવી ચાલવા લાગી. એક આખો રાઉન્ડ તેણે પૂરો કરી લીધો. તેને મજા પડી. હવે તે લોકોને જોવા લાગી. તેને અચરજ થયું. આખા એક રાઉન્ડમાં ટ્રેક પર તેને કોઈ સામે ના મળ્યું.

આવું કેમ? તેને તરત જ ખ્યાલ આવી ગયો કે ચાલનાર દરેક જણ **clock-wise** જ ચાલી રહ્યું છે. બધા એક જ દિશામાં ચાલી રહ્યા છે. તેને કશુક અજુગતું લાગ્યું. "પપ્પા, કેમ બધા એક જ દિશામાં ચાલી રહ્યા છે?"

"ક્લબ હાઉસનો નિયમ છે, કે બધાએ એક જ દિશામાં ચાલવું. **Cloc-kwise** દિશામાં."

"કેમ એવો નિયમ છે?"

"ખબર નથી, પણ ઘણા વર્ષોથી આમ જ ચાલે છે."

"ધારોકે, કોઈ **anti clock** દિશામાં ચાલે તો શું થાય?"

"મને ખબર નથી. પણ કોઈએ એવું કર્યું હોય એવું યાદ પણ નથી."

"તો ચાલો આપણે કરીએ." નીરજા નટખટ બની ગઈ.

"શું?"

"ઉલ્ટી દિશામાં વોકિંગ."

"નીરજા, તું અહીંના કોઈ નિયમોને તોડવાની કોશિશ ના..."

"પણ..."

"તું તારે વોક કર ને." દીપેન બોલતો રહ્યો, પણ નીરજા આજે પોતાની જ ધૂનમાં હતી. સવારથી જ અલગ રંગ તેના મૂડમાં હતો. તેણે દીપેનની વાત ના સાંભળી. ચાલવા લાગી, બધાથી ઉલ્ટી દિશામાં.

એકમાત્ર તે જ ઉલ્ટી દિશામાં ચાલી રહી હતી. બાકી બધા તેને જોઈ રહ્યા હતા. કોઈક આશ્ચર્યથી, કોઈક અણગમાથી, તો કોઈ ગૂસ્સાથી !

પરંતુ નીરજાને ક્યાં કોઇની પરવા હતી? તે તો બસ ચાલતી જ રહી. લોકોના ચહેરા પરના બદલાતા ભાવોને તે જોવા લાગી. હવે થોડો ગણગણાટ પણ થવા લાગ્યો. મનના ગુસ્સાને શબ્દો વડે બહાર લાવવા પ્રયાસ થવા લાગ્યો.

અંતે મિસ્ટર બક્ષીથી ના રહેવાયું, "એય છોકરી. શું નામ છે તારું? આમ ઉલ્ટી કેમ ચાલે છે? તારા આમ ચાલવાથી બધાને તકલીફ થાય છે. અ..ર..રે, આ છોકરીને અહીં અંદર કોણે આવવા દીધી?" તે લગભગ બરાડી ઉઠ્યા.

મિસ્ટર બક્ષીનાં શબ્દોએ બધાનું ધ્યાન નીરજા તરફ ખેંચ્યું. બધાં સ્તબ્ધ બની ગયાં. નીરજાએ બધાં તરફ નજર કરી. સૌની નજર તેને જ તાકી રહી હતી. તેઓની આંખોમાં શૂન્યતા વ્યાપેલી હતી.

નીરજા બધાંના આકર્ષણનું કેન્દ્ર બની ગઈ.

મિસ્ટર ભગીરથ બક્ષી એટલે ક્લબનું એક એવું વ્યક્તિત્વ, કે જેની સામે કોઈ પણ સભ્યની બોલવાની હિમ્મત જ ન ચાલે. ધાક એવી, કે લોકો તેના શબ્દોને વિના વિરોધે સ્વીકારી લે. તેની સામે આંખ મિલાવવી, એ પણ સાહસનું કામ ગણાય.

નીરજાને એ વાતની ક્યાંથી ખબર? તે તો નિર્દોષ અને મીઠું સ્મિત લઈને મિસ્ટર બક્ષીને જોઈ રહી હતી. મિસ્ટર બક્ષીનાં ગુસ્સાને જોઈને તેના ચહેરા પરનું સ્મિત રમતિયાળ બની ગયું. તે હસતી રહી.

મી. બક્ષી અકળાઈ ગયાં. બક્ષીનાં સત્તાવાહી અવાજની કોઈ જ અસર નીરજા પર નહોતી થઈ રહી. તે હસતી જ રહી. મિસ્ટર બક્ષી ફરીથી બરાડી ઉઠ્યા, "એય છોકરી, ક્લબના નિયમોને તોડનાર તું છે કોણ?"

"હું? હું નીરજા. નીરજા દીપેન જોશી." એ જ રમતિયાળ સ્મિત હોઠો પર રમતું રહ્યું.

સૌની નજર દીપેનને શોધવા લાગી. દીપેન એક ખૂણે ઉભો રહી સમગ્ર તમાશો જોઈ રહ્યો હતો. નીરજા અને દીપેનની નજરો મળી. નીરજાએ ઈશારાથી જ સમજાવી દીધું કે બધું બરાબર છે. દીપેનને નીરજાની આંખોમાં આત્મવિશ્વાસ દેખાયો અને ખાત્રી થઈ ગઈ કે તે સમગ્ર વાતને સંભાળી શકશે. તે ચૂપચાપ ઊભો રહ્યો.

"સર, હું જાણી શકું, કે મેં શો અપરાધ કર્યો છે? તમે શા માટે આટલા ગુસ્સે થાઓ છો?" નીરજાએ સહજ સવાલ કર્યો.

"આ ટ્રેક પર સૌ લેફ્ટ સાઇડ ચાલે છે, જે અહીંનો નિયમ છે. તે નિયમને તોડી, તું કેમ ઉલ્ટી દિશામાં ચાલે છે?"

"સર, જો તમે ધ્યાનથી જોશો તો જણાશે, કે હું પણ ટ્રેકની લેફ્ટ સાઇડ જ છુ."

"પણ,...તું તો ..."

"જો તમે મારી જગ્યાએ ઊભા રહેશો તો તમે પણ ટ્રેકની લેફ્ટ સાઇડ જ હશો., ટ્રાઈ કરી જુઓ."

"ના, એવું તો નથી ...."

" હા, એવું જ છે. માત્ર દ્રષ્ટિકોણ બદલી જુઓ. નજરનો તો આ ભેદ છે, સર."

"એટલે?"

"આ વોકિંગ ટ્રેક છે, કે ટ્રાફિક રોડ?"

"કેમ? ટ્રેક જ છે."

"તો પછી ટ્રાફિકના નિયમની જેમ લેફ્ટ સાઇડ ચાલવાનો જ નિયમ બાગમાં કેમ? એ તો વાહનોને લાગુ પડે, રોડ પર. તમે તો તેને અહીં પણ લાગુ કરી દીધો. અને એ પણ આ જીવતા જાગતા માણસો પર !"

"નીરજા, તું બહુ બોલે છે." મિસ્ટર બક્ષી ગુસ્સે થઈ ગયા.

"બસ, એ નિયમ પાછળનો તર્ક સમજાવી દો, જો તર્ક વ્યાજબી હશે તો હું પણ નિયમોને માનીશ. બોલો છે મંજૂર?" નીરજાએ પડકાર ફેંક્યો.

"અમે વર્ષોથી આ નિયમોને અનુસરીએ છીએ." મિસ્ટર બક્ષીની દલીલો ખૂટવા લાગી.

"કોઈ વાત વર્ષોથી ચાલી આવતી હોય, તેથી શું તેને આંખ અને મગજ બંધ કરી અનુસર્યા કરવું?" તે બાકી લોકો તરફ ફરી,"આપ સૌમાંથી કોઈ બતાવી શકશે, આવા નિયમનો તર્ક?" બધી નજરો નીચી ઢળી ગઈ. લોકોના મૌનમાં નીરજાને જવાબ મળી ગયો.

"સર, માફ કરજો. અહીં સૌ સવારની તાજગી લેવા આવે છે. અહીં તો તેઓને મુક્ત શ્વાસ લેવા દો. જડ નિયમો અને બંધનો ..." તે મિસ્ટર બક્ષી તરફ ફરી. પણ મિસ્ટર બક્ષી વચ્ચે જ બોલી ઉઠ્યા,"નિયમો અને બંધનો વિશે વાત કરવા માટે તું હજુ નાની છે."

"નિયમો જો અર્થ વિનાનાં હોય, તો તે બોજ બની જાય છે. તેને તોડવામાં કોઈ વાંધો નથી." નીરજા ખડખડાટ હસી પડી.

મિસ્ટર બક્ષી માટે આ ક્ષણ અસહ્ય હતી. કોઈ એક છોકરી તેના શબ્દો અને તર્ક વડે તેને હરાવી દેશે એવી કલ્પના પણ નહોતી કરી. હવે દલીલો માટે કોઈ અવકાશ જ નથી એ તેને સમજાઈ ગયું. તે મૌન બની ગયા.

"ડગલે ને પગલે નિયમોથી બંધાયેલા માણસને અહીં તો ખુલ્લો શ્વાસ લેવા દો, પ્લીઝ." તેણે મિસ્ટર બક્ષીને હાથ જોડી વિનંતી કરી.

મિસ્ટર બક્ષીએ તક ઝડપી લીધી. હમેંશા કડક રહેતા ચહેરા પર ખડખડાટ હાસ્ય લાવી દીધું.

તંગ વાતાવરણ અચાનક જ કુદરતી બની ગયું. ક્ષિતિજમાં સૂરજ વાદળોને વિંધીને બહાર આવી ગયો.

"થેન્ક યૂ, સર."

નીરજા અને દીપેન ઝડપભેર ઘર તરફ જવા લાગ્યા.

ક્લબથી ઘર સુધીનો રસ્તો ફરી મૌન ! સવારે ઘરથી ક્લબ સુધીના રસ્તા પરનું મૌન બોજરૂપ હતું જ્યારે આ મૌનમાં મીઠી મૂંઝવણ હતી.

નીરજાના છેલ્લા દોઢેક કલાકના વર્તનને અને સવારથી બની રહેલી ઘટનાઓને સમજવાની મૂંઝવણ હતી, દીપેનને.

તો નવી નવી આવી રહેલી પાંખોને સમજવાની મૂંઝવણ હતી, નીરજાને.

દૂર કોઈ પંખીએ પાંખો ફફડાવી. કોઈ ફૂલ પર પતંગિયુ જઇ બેઠું. એક હળવો પવન શરીરને સ્પર્શી ગયો. આ પવન જરા અજાણ્યો લાગ્યો, પણ ગમવા લાગ્યો.

દીપેને બાઇકને બ્રેક મારી. ઘર આવી ગયું.

પ્રકરણ 3

નીરજાને સ્કૂલ માટે, તો દીપેનને ઓફિસ માટે હજુ વાર હતી. દીપેનના મનમાં અજંપો હતો કે આ સમયમાં નીરજા વળી કાંઈક નવું કરશે તો?

નીરજાએ કાંઈ જ ના કર્યું. સમય પર નીરજા અને દીપેન જતાં રહ્યા.

આવડા મોટા ઘરમાં જયા એકલી જ રહી ગઈ. એ તો રોજનું હતું. પણ આજ જરા અલગ વાત હતી. નીરજાના આજના બદલાયેલા વર્તન વિશે દીપેને જયાને બધી જ વાત કરી હતી અને એટલે જ તે ચિંતન મગ્ન બની ગઈ.

વર્ષોથી બનતું આવ્યું છે, કે જ્યારે જયારે દીપેન કોઈ નવી વાત જાણે કે કોઈ નવા વિષય પર ચિંતા કે ચિંતન કરે, ત્યારે ત્યારે તેને સમજવાની અને તેનો હલ શોધવાની જવાબદારી જાણે જયાની હોય તેમ, તે પોતાના મનની વાત જયાને કહી દેતો અને કામ પર જતો રહેતો.

જયા, ઘરમાં બેઠી એકલી એકલી તે વાતનું વિશ્લેષણ કરે, તેના પડળો ઉખાળે અને ઉકેલી પણ દે !

આજે પણ તે વિચારવા લાગી. તેનું આમ વિચારવું એ ઇતિહાસના પાઠ ભણવા જેવુ તેને લાગ્યું. ઈતિહાસમાં યુદ્ધો કોઈ કરે, કોઈ જીતે તો કોઈ હારે. પણ એ યુદ્ધો શા માટે થયા, કોણ જીત્યું, કોણ હાર્યું, શું કામ હાર્યું, કોણે કેવાં કેવાં કાવાદાવા કર્યા, તેની શી અસરો થઈ વગેરે વગેરે ભણવાનું તો બિચારા વિધ્યાર્થીઓના માથે આવે, કે જેણે ક્યારેય ભાઈબંધો જોડે પણ યુદ્ધ ના કર્યું હોય.

વિચિત્રતા પાછી કેવી કે ઈતિહાસમાં યૂદ્ધો ભણાવાય અને શિખામણ અપાય કે સારા નાગરિકોએ શાંતિ જાળવવી જોઈએ. વિધ્યાર્થી કન્ફ્યુઝ ના થાય તો જ નવાઈ.

જયા પણ આમ જ કન્ફ્યુઝ થઈ ગઈ. 'કારસ્તાન બાપ-દીકરી કરી આવે, અને તેના પર ચિંતન અને ચિંતા મારે કરવાની?'

ઇતિહાસ ભણતા વિધ્યાર્થિની જેમ તે પણ બળવો ના કરી શકી. પોતાના ભાગે આવેલ ચિંતનમાં તેણે મન પરોવ્યું.

ચિંતનમાં જ કયારે સાંજ આવીને બારીમાં ડોકાવા લાગી તે પણ ધ્યાન ના રહ્યું. ઢળી ગયેલ સુરજ તરફ તેની નજર ગઈ. આકાશમાં ધીમે ધીમે લુપ્ત થતું જતું અજવાળું અને જન્મ લેતો અંધકાર તેને ગમી ગયા. મિલનની એક અદભૂત ક્ષણ તેણે જોઈ. સંક્રાંતિની ક્ષણ. ટ્વીલાઇટની ક્ષણ. તેને એ ક્ષણ સ્પર્શી ગઈ. તેની આંખમાં ચમક આવી ગઈ. સમગ્ર ચિંતનનો તેને જવાબ જડી ગયો. ખુશ થઈ ગઈ.

ક્ષિતિજ પર ઢળતા સૂરજની ફેલાયેલી લાલીમાને તે ક્યાંય સુધી જોતી ઊભી રહી. ઘણા લાંબા સમય બાદ તેણે ધરતી પર ઉતરી આવતા રાત્રિના આગમનને નિહાળ્યું હતું, અપલક.

ઘરની ડોરબેલના અવાજે તેની નજર અને ક્ષિતિજ વચ્ચેના સેતુને તોડ્યો.

તે નીરજા હતી. તેના આવતાં જ તેના હોવાનો અહેસાસ સમગ્ર વાતાવરણમાં ફેલાઈ ગયો. દીપેન પણ આવી ગયો. જમીને સૌ પોતપોતાના રૂમમાં ગોઠવાઈ ગયા.

દીપેનની આંખમાં રમતા સવાલને જોઈ જયાને સમજાઈ ગયું કે તેની ઉત્કંઠા તિવ્ર બની છે.

જયાએ જ શરૂઆત કરી, "દીપેન, તને યાદ છે? આપણે ઢળતી સાંજને જોયા કરતાં, થોડી વારમાં તો અજવાળું ભાગી જતું, અંધારું ફેલાઈ જતું !"

"હા યાર, કેવી અદભૂત હતી, એ અસંખ્ય સાંજ?"

"અને એના સંકેતો પણ કેવા અદભૂત ! બસ, એ સંકેતો ઉકેલવા પડે. અને.. એક વાર જો એ સંકેતો ઉકેલાઈ જાય, સમજાઇ જાય તો પછી મજા પડી જાય."

દીપેનને સમજાઈ ગયું કે હવે જયા જે વાત કરશે તે ખૂબ જ મહત્વની હ શે. તે માં ઘણા સંકેતો હશે. જ્યારે જ્યારે કોઈ ગંભીર અને મહત્વની વાત કરવાનીહોય ત્યારે ત્યારે તે આમ જ સરળતાથી શરૂઆત કરે, કોઈ મજાનું દ્રશ્ય ઊભું કરે અને તેને આધારે ગંભીર વાત સમજાવી દેય. જાણે પહાડ પરથી સહજ રીતે સરકી જતું ઝરણું ! કોઈ ઘોંઘાટ નહીં ને તોય વહેતું રહે.

દીપેનને તેની આ ભંગિમા પસંદ હતી. તે ગોઠવાઈ ગયો જયાની બાજુમાં, "તો ચાલ, પેલા સંકેતોને ઉકેલવા લાગીએ."

"સંધ્યા સમયે જ્યારે સુરજ ડૂબે છે, એટલે કે તે તેનું સ્થાન બદલે છે, ત્યારે સમય બદલાય છે. અજવાળાને સ્થાને અંધારું આવે છે. એ એક એવી સ્થિતિ હોય છે, જ્યાં પરીવર્તન પગરવ માંડે છે."

"હા. બરાબર છે. તો?" દીપેન વાત સમજવાની કોશિશ કરવા લાગ્યો.

"પરિવર્તન કોઈ અચાનક કે એક જ ક્ષણમાં નથી થઈ જતું. એક સ્થિતિથી બીજી સ્થિતિમાં જતાં પહેલાં અમુક ક્ષણો એવી આવે છે જ્યારે વિતનારું હજુ વીત્યું નથી હોતું અને આવનારું હજી આવ્યું નથી હોતું."

"સંક્રાંતિની, ટ્વીલાઇટની ક્ષણોની તું વાત કરે છે?"

"હા, દીપેન."

"ઓ. કે. તો?"

"16-17 વર્ષની ઉંમર એટ્લે ટ્વીલાઇટ વાળી સ્થિતિ."

"તું નીરજાની વાત કરે છે?"

"હા. તેનું બાળપણ વિદાય લઈ રહ્યું છે, તો યૌવન હજુ વેંત છેટું છે. તે ના તો બાળક છે કે ના તો પરિપક્વ યુવાન."

"મતલબ. Teenage ! ઓહ, યસ."

"આ સમયે તેના તન-મનમાં, વાણી-વર્તનમાં ઘણા ફેરફારો થતાં હોય છે. નવા વિચારો તેને આકર્ષે છે. નવું જોમ અને જોશ છલકાય છે. તેને લાગે છે કે તેનામાં એવી બધી જ આવડત અને શક્તિ છે, ક્ષમતા છે, જેના વડે તે તમામ કાર્ય કરી શકે છે." જયા હવે મૂળ વાત પર આવી રહી હતી. તેણે દીપેનની આંખમાં આંખ પરોવી ઊંડો શ્વાસ લીધો, "તેને કશુક નક્કર, નવું કરવું હોય છે. તે માટે તે કોઇની કંપની ઝંખે છે. નવા દોસ્તો બનાવવા, નવી વાતો કરવી, નવું કાર્ય કરવું, વગેરે બધું જ તેને કરવાની ઇચ્છા થતી હોય છે. તે એવી વ્યક્તિને શોધે છે જે તેને સમજે, સાથ આપે, દિશા આપે, સપોર્ટ કરે, પીઠ થાબડે અને જ્યારે થાકી જાય, હારી જાય ત્યારે તેના પાલવમાં મોઢું દબાવીને નિરાંતે રડી શકે."

"એવું કોણ હોઇ શકે?"

"સૌ પ્રથમ તો તે પોતાની આસપાસ જ એવી વ્યક્તિની શોધ કરશે. અને દરેક દીકરી માટે તેનો બાપ જ પહેલો હીરો હોય છે. જેને તે ચાહે છે. તે તેનો આદર્શ હોય છે. અને જ્યારે તેનો બાપ તેની અપેક્ષાઓમાં નિષ્ફળ જાય ત્યારે જ તે બીજા હીરોની તલાશમાં કદમ ઉઠાવે છે."

"વાહ. જયા, તારી વાતમાં દમ છે."

"હા, દીપેન. આપણી નીરજા માટે પણ તેનો પિતા એટલે કે તું, તેનો પહેલો હીરો છે, આદર્શ છે."

"ઓહ, એમ વાત છે? એટલે.. આજે સવારે તે મારી સાથે જોડાઈ ગઈ !"

"હા દીપેન."

"જયા, એક વાત કહે મને. મેં તેની આશાને કે કલ્પનાને ખોટી તો નથી ઠેરવી ને? હું તેની અપેક્ષા પ્રમાણે જ વર્ત્યો છું ને?"

"હા. નીરજા તારા વિશ્વમાં પ્રવેશ કરવા માંગે છે. અને સામે આશા પણ રાખે છે કે તું પણ તેના વિશ્વમાં, ભાવ જગતમાં પ્રવેશે. આ એક જાતનું અતિક્રમણ પણ છે, અને આમંત્રણ પણ છે."

"અર્થાત?"

"એ જ કે તે તેના પોતાના ભાવ વિશ્વને તોડીને બહાર નીકળવા માંગે છે અને અન્યના ભાવ જગતમાં પ્રવેશવા માંગે છે. એટલે જ સવારે તેણે તારા ભાવ જગતના વર્તુળમાં ધરાર પ્રવેશીને અતિક્રમણ કર્યું તો સામે તને આમંત્રણ પણ આપ્યું કે તું તેના જગતમાં

પ્રવેશે."

"અતિક્રમણ અને આમંત્રણ ? બંને એક સાથે?"

"હા, બંને એક સાથે. છે ને મજાની વાત?"

"હા. પણ એક વાત મને ન સમજાઈ. દીકરીની વધુ નજીક તો મા હોય છે. તો પછી બાપ જ કેમ?"

"મા તો તેના ભાવ જગતમાં હંમેશાથી હોય જ છે. મે કહ્યું ને કે તે નવા જગતમાં પ્રવેશવા માંગે છે. અમે તો મા–દીકરી છીએ. અમે એકબીજાના વિશ્વમાં તો ક્યારના ય વસીએ છીએ."

"કેવી રીતે?"

"મા - દીકરી બનીને નહીં, મિત્ર બનીને."

"ઓકે. તો મારે તેના ભાવ જગતમાં પ્રવેશવું કેમ?"

"ઘણાં રસ્તા છે. પણ તું જ વિચારી લે કોઈ નવો રસ્તો, શોધી લે તારી રીતે."

'ઓહ thank you જયા. તેં મને સરસ રસ્તો સુઝાડયો."

"એ વળી ક્યો?"

"નીરજા ના મિત્ર બનવાનો. બાપ જ નહીં મિત્ર પણ મિત્ર બનીશ. હા, મિત્ર."

"that's ગ્રેટ, દીપેન."

"પણ જયા, તને આ બધી બાબતો વિશે કેમ આટલી બધી ખબર છે?"

ખડખડાટ હસી જયા, "દીપેન, હું પણ ક્યારેક teenage છોકરી હતી, you know?" એક કટાક્ષ ભરેલા ચિતવનથી જયાએ કહ્યું.

દીપેન પણ હસવા લાગ્યો- મુક્ત મને. બંનેના હાસ્યથી આંદોલિત થયેલી હવા, તેના રૂમની બારી-બારણાંમાંથી વહીને નીરજાના રૂમમાં ગોઠવાઈ ગઈ.

પોતાના મોબાઇલ પર ખાસ દોસ્ત વ્યોમા જોડે ચેટિંગ કરતી નીરજા ચોંકી ગઈ. તેને કોઇની હાજરીનો અનુભવ થવા લાગ્યો. તેના રૂમમાં હમણાં જ પ્રવેશીને ગોઠવાઈ ગયેલી હવાનો રોમાંચ, તેને સ્પર્શયો. તેને ગમ્યું.

તેણે વ્યોમાને મેસેજ કર્યો, "મારા રૂમમાં હમણા જ જાણે કોઈ નવી હવા પ્રવેશી છે. I like this air!"

"what's that dear?" જવાબમાં નીરજાએ માત્ર smiley મોકલ્યું.

સવારે ફરી ડેડી જોડે ક્લબ હાઉસમાં જવાની યોજના બનાવી તે ઊંઘી ગઈ.

****

નીરજાના દરવાજે 3-4 ટકોરા પડ્યા. તેણે ઘડિયાળમાં નજર કરી. સવારના 5.40. મતલબ કે ડેડી રોજ કરતાં પણ 5 મિનિટ વહેલાં તૈયાર થઈ ગયા હતાં. તે તરત જ બહાર આવી ગઈ. બન્ને બાઇક પર નીકળી પડ્યા. એ જ રસ્તા પર, એ જ હવા, એ જ વાતાવરણ. પણ, આજે તેમાં કોઈ બોજ નહોતો. પવન વધુ મધુર લાગવા લાગ્યો. મૌન કોઈ ખૂણો શોધી લપાઈ ગયું. વિસ મિનિટના રસ્તામાં એટલી બધી વાતો થઈ કે ક્યારે ક્લબના દરવાજે આવી પહોંચ્યા તેની પણ ખબર ના રહી.

આજે ક્લબનું વાતાવરણ બદલાયેલું હતું. સૌ પોતાને મન પડે, મૌજ પડે એ રીતે ચાલતા હતા. મિસ્ટર બક્ષી પણ anti clock દિશામાં ચાલી રહ્યા હતા. ક્લબ જાણે આજે જ આઝાદ થયેલ ના હોય ! દીપેન નિરપેક્ષ ભાવે જોઈ રહ્યો.

નીરજાને મજા પડી ગઈ. તે ઝીણવટભરી નજરે જોઈ રહી હતી. લોકો બંને દિશામાં ચાલી રહ્યા હતા. એક બીજાને ક્રોસ કરી રહ્યા હતા. સામસામે મળી રહ્યા હતા. એક બીજાને અભિવાદન આપી રહ્યા હતા.

નીરજા આ બધા ચહેરાઓને વાંચવાની કોશિશ કરતી રહી. તેને લાગ્યું કે આ બધાને કદાચ આજે જ ખબર પડી હશે, કે બાકીના બધા પણ મોર્નિંગ વોક માટે અહીં જ આવે છે, વર્ષોથી.

જાણીતા ચહેરાઓને જોઈને, ચમકતા ચહેરાઓ જોવાની મજા પડી ગઈ, નીરજાને.

દીપેન ચાહતો હતો કે તે નીરજાના ભાવ વિશ્વમાં પ્રવેશે. તેની સાથે વાતો કરે. તેને સમય આપે. તેને ગમે તેવું કાંઈક કરે. બંને વચ્ચેના ઉંમરના તફાવતને ઓગાળી દે. તેને સમજે, જાણે, તેનો મિત્ર બને. પણ તે માટે તેને કશુંય સૂઝતું નહતું કે તે શું કરે**?**

તેણે અને જયાએ ઘણો વિચાર કર્યો પણ કશું ય નક્કર સામે નહોતું આવતું. આવનારા સમયની પ્રતિક્ષા કરવા સિવાય તે કશું જ કરી શકે તેમ ન હતો.

પ્રકરણ 4

કેટલાક દિવસો આમ જ વિતી ગયાં.

રવિવાર હતો એ દિવસે. રવિવારની સવાર એટલે, એક ખુલ્લું અને મુક્ત આકાશ. ધીરે ધીરે અંગડાઇ લેતો વહેતો સમય. કોઈને ક્યાંય જવાની ઉતાવળ નહીં.

પણ, નીરજા ખરેખર ઉતાવળમાં હતી. તેને કઇંક કહેવું હતું, કરવું હતું. પણ તે અંગે તે સ્પષ્ટ ન હતી. કશુંક ખૂંચતું હતું તેને. તે બેચેન હતી. તેણે વ્યોમાને મેસેજ કર્યો. જવાબની પ્રતિક્ષા કરવા લાગી. દસ બાર મિનિટ વિતી ગઈ. વ્યોમાનો કોઈ જવાબ ન આવ્યો.

તે રૂમ ની બહાર નીકળી ગઈ. ઘરની પણ. સડસડાટ પગથિયાં ઉતરી સોસાયટીના કમ્પાઉન્ડમાં આવી ગઈ.

સોસાયટીમાં ખાસ કોઈ ચહલ પહલ ન હતી.

દિવાળી વેકેશન શરૂ થઈ ગયું હતું. પણ સોસાયટી સાવ સૂમસામ હતી. તેણે બધે નજર દોડાવી. ગેટ પર એક માત્ર ગેટકીપર સિવાય કોઈ નજર નહોતું આવતું.

આવું ઘણી વાર થતું. તે જ્યારે સોસાયટીમાં નીકળી પડતી, ત્યારે સોસાયટી કોઈ ખાલી જંગલ જેવી લાગતી. જેમાં ઊગી નીકળતી પાર્ક કરેલ ગાડીઓ જ માત્ર. જો આટલી બધી ગાડીઓ ત્યાં ના હોત, તો તેને જરૂર ખાત્રી થઈ જાત કે આ સોસાયટી કોઈ માનવ વસ્તી વાળી નથી. તેને હમેશા સંદેહ થયા કરતો કે આ સોસાયટીમાં તેનો પરિવાર અને ગેટકીપર સિવાય કોઈ રહેતું હશે ખરું?

જો કોઈ રહેતું ન હોય તો આવડી મોટી ઇમારત શા માટે બનાવી હશે? આ ગાડીઓ કોના માટે અહીં પાર્ક કરી રાખી હશે?

તે પોતાના જ પ્રશ્નોમાં ઉલઝાઇ ગઈ. તે રૂમમાં પરત ફરી.

તેણે રૂમમાં ચારે તરફ નજર કરી. તેની આંખ કશુક શોધી રહી હતી, પણ શું?

તેનું મન પણ નહોતું જાણતું કે તેને શું જોઈએ છીએ. તે રૂમની બારી પાસે આવી ઊભી.

શહેરના આલીશાન ફ્લેટની બારી. અંદરથી કાચના સરકતા દરવાજાથી બંધ, તો બહારથી લોખંડી જાળીથી કેદ ! કોઈનો હાથ પણ બારીની અંદર દાખલ ન થઈ શકે એવી જડબેસલાક. જાળીની વચ્ચેના ખાલી ભાગમાં તેણે હાથ નાંખી જોયો. ચાર આંગળીઓ પણ બહાર નીકળી ના શકી.

તેને ગુસ્સો આવી ગયો. તે નારાજ થઈ ગઈ. તેને તો બારીમાંથી ડોકું બહાર કાઢીને ઉપર ફેલાયેલા આકાશના અરિસામાં પોતાના ચહેરાને જોવો હતો. ખીલું ખીલું થતાં યૌવન ને જોવું હતું. ઉગું ઉગું થતી પાંખોને નિહાળવી હતી. પણ અહીં તો બારીની બહાર આંગળીઓ પણ ન જઇ શકતી હોય ત્યાં આખા ચહેરાની તો વાત જ ક્યાં કરવી?

નીરજાને લાગ્યું કે આ શહેરમાં આકાશ પણ કેવું કેદ છે? તે ધારે તો પણ કોઈના ઘરમાં દાખલ ના થઈ શકે. ખુલ્લું આકાશ એટલે, એક કેદ થયેલું સ્વપ્ન જાણે !

આજે તેને બે વાતો બરાબર સમજાઈ ગઈ હતી- એક, આ સોસાયટીમાં કોઈ જ રહેતું નથી. જંગલની જેમ તે સાવ ખાલી છે.

અને બીજું, અહીં ખુલ્લું આકાશ બારીની બહાર કેદ છે.

ખુલ્લું આકાશ પામવું હોય તો આ કેદ તોડવી જ પડશે. ખુલ્લા આકાશને કેવી રીતે પામી શકાય? કયાઁ પામી શકાય? તે વિચારતી રહી...

વિચારોની વ્યસ્તતામાં તેને ખબર પણ ના રહી, કે તેની મા જયા ક્યારે તેના રૂમમાં આવીને ગોઠવાઈ ગઈ. જયાએ થોડી અવઢવ બાદ નીરજાના ખભા પર હાથ મૂક્યો.

બંનેની આંખો મળી. બંનેએ એકબીજાની આંખોમાં રહેલી વાતોને વાંચી લીધી. સવાલોને સમજી લીધાં. સામસામે જવાબો પણ આપી દીધાં. એકબીજાને જવાબો સમજાઈ પણ ગયા.

કશું જ બોલ્યા વિના માત્ર સ્મિત આપી, જયા રૂમ બહાર નીકળી ગઈ. નીરજા તેને જતાં જોતી રહી.

ક્ષણભરના જયાના આગમનમાં જ નીરજાના બધાં સવાલો, બધી બેચેની હવામાં ઊડી ગઈ. તે હળવી થઈ ગઈ.

****

ધરતી પર સાંજ પ્રવેશી ચૂકી હતી. ડ્રૉઇંગ રૂમમાં નીરજા, દીપેન, જયા અને મૌન! આ ચાર સિવાય કોઈ જ નહીં.

જયાએ ચપટી વગાડી. નીરજા અને દીપનેનું ધ્યાન ખેંચાયું. મૌન હજુ પણ ત્યાં જ ઊભું હતું- સાવ મૌન!

"તો દિવાળી બાદ સાતમા દિવસે આપણે જઈએ છીએ, આપણી પહેલી વિદેશ ટુરમાં .. હા.. હા." જયાના હાસ્યથી ઓરડો ભરાઈ ગયો.

"હેં ? વિદેશ ટુર?" દીપેન અને નીરજા એકસાથે ઊછળી પડ્યાં. છેલ્લી તેવીસ મિનિટથી અડિંગો જમાવીને બેઠેલું મૌન ચિડાઇ ગયું. કોઈએ તેની નારાજગીની નોંધ ના લીધી. તે રિસાઇને ખૂણે જઇ બેઠું.

તેવીસ મિનિટના મૌન પહેલાં એક આખું શબ્દ યુદ્ધ ખેલાઈ ગયું હતું અહીં.

દિપેને દિવાળી બાદ ટુરમાં જવાની, ફરવા જવાની વાત મૂકતા કહયું હતું, "દિવાળી પતે એટલે તરત જ ફરવા જઈશું."

"ક્યાઁ ?" જયાએ એ પ્રશ્ન કર્યો કે જે નીરજાની આંખમાં ઊગી ગયો હતો.

"ગમે ત્યાં. ઉત્તર, દક્ષિણ કે પૂર્વ ભારતના કોઈ પણ સ્થળે."

"કેટલા દિવસ માટે?" નીરજાને રસ પડવા લાગ્યો.

"લગભગ 5 થી 7 દિવસ."

"આટલાં દિવસમાં કોઈ મજા નહીં આવે. થોડા વધુ દિવસો માટે જઈએ તો?" નીરજાએ કહ્યું.

"કેટલાં વધુ?"

"12 થી 15 દિવસ માટે. ત્યાં સુધીમાં મારું વેકેશન પણ પૂરું થઈ જશે."

"આટલાં બધા દિવસ હૂઁ મારો બિઝનેસ બંધ ના રાખી શકું."

"તો ફરવા નથી આવવું મારે." નીરજાએ પોતાનો મત સ્પષ્ટ કરી દીધો.

"કેમ?"

"5 – 7 દિવસોમાં શું વળે?"

"જો, આપણે અહીંથી ફ્લાઇટમાં આવવા જવાનું રાખીએ તો પાંચ સાતદિવસમાં ઘણું ફરી શકીએ."

"હા, લગભગ પંદર વિસ મંદિરો જરૂર વિઝિટ કરી શકાય." જરા અણગમાથી વાત કરી, નીરજાએ પોતાનો રસ ઓછો કરી નાંખ્યો.

"કેમ નીરજા, આવું બોલે છે?" જયાએ સમગ્ર વાતનો દોર પોતાના હાથમાં લેતા વ્હાલથી પુછ્યું.

"નહીં તો વળી શું? છેલ્લા ત્રણ વર્ષથી આપણે ફરવા જઈએ છીએ અને દર વખતે મંદિરોમાં રહેલા ભગવાનને મળીને ફરવાનું પૂરું કરી લઈએ છીએ."

"પણ, નીરજા…" દીપેન પોતાની વાત કહેવામાં નિષ્ફળ રહ્યો.

"પપ્પા, હજુ લાસ્ટ યર આપણે મુંબઈ ગયા હતા. સિદ્ધિ વિનાયક, મહાલક્ષ્મી, ઇસ્કોન મંદિર, બાબુલનાથ, મુંબાદેવીનું મંદિર… કોઈ મંદિર બાકી નહોતું રાખ્યું. બધા દેવોને મનાવી લીધાં."

"સાથે સાથે આપણે બીચ પર, ચોપાટી પર પણ ગયા હતાં. શોપિંગ મોલમાં શોપિંગ પણ કરેલું, લોકલ ટ્રેનમાં પણ બેઠા હતા, ગેટવે ઓફ ઈન્ડિયા પણ ગયા હતાં ."

"પણ એ બધા કરતાં વધુ સમય ભગવાનની પાછળ કાઢ્યો હતો. ઘણું બધું જોવાનું ચૂકી ગયા."

"જેમ કે…?"

"એસ્સેલ વર્લ્ડ, એલિફંટાની ગુફાઓ, હેંગિંગ ગાર્ડન, વાનખેડે સ્ટેડિયમ, ફિલ્મોનું શૂટિંગ, આર્ટ ગેલેરી, મરીન ડ્રાઇવ, નરીમાન પોઈન્ટ, અલી બાગ, વસઇનો કિલ્લો, મુઝિયમ, ધારાવી, મડ આઈલેન્ડ, પૃથ્વી થિએટર, મરાઠા મંદિર, એકવેરિયમ, વરલીનો કિલ્લો, વગેરે."

"પણ આપણી પાસે એટલો સમય જ ક્યાં હતો કે આપણે આ બધું જોઈ શકીએ, જઇ શકીએ."

'પણ, આ બધામાંથી કેટલુંક તો માણી શક્યા હોત!"

"આટલા ઓછા સમયમાં?" દીપેને દલીલ કરી.

"એટલે જ કહું છું કે જો ફરવા જવું હોય તો પાંચ સાત દિવસ નહીં પણ પૂરા બાર પંદર દિવસો માટે જઈએ. તો જ બધું પૂરેપુરું જોઈ શકાય, માણી શકાય. અને જો મંદિરોની મુલાકાત ના કરીએ તો કેટલું બધું માણી શકાય. ફરવાનો અનેરો આનંદ મળ્યો હોત." નીરજાએ સ્પષ્ટ વાત કરી.

"પણ, આપણે દર્શન કરેલાં બધાં મંદિરો મુંબઈના ખાસ ખાસ મંદિરો છે. લોકો તેને કેટલા ભાવથી માને છે. અહીં અનેક લોકો મનની ઇચ્છાઓ પૂરી કરવાની માનતાઓ લે છે. અને એ પૂરી પણ થાય છે. એવા એ ભગવાનને …" દિપેને મજબૂત દલીલ કરી.

"લોકોની માનતાઓ તો આપણી સોસાયટીની સામેના મંદિરના હનુમાનજી પણ પૂરી કરે છે." નીરજાએ દીપેનની મજબૂત દલીલનો છેદ ઉડાળી દીધો.

"નીરજા…" જયાનો અવાજ પોતાની હાજરી ના પૂરાવી શક્યો.

"દરેક ગામને પોતાનું મંદિર હોય છે. પણ જ્યારે તે ગામમાં ફરવા જઈએ ત્યારે તે ગામની વિશિષ્ટતાઓ ન જોઈએ તો શા માટે જવું? મંદિરો અહીં પણ છે અને ત્યાં પણ છે. પણ મડ આઇલેન્ડ કે ધારાવી, એસ્સેલ વર્લ્ડ કે પૃથ્વી થિએટર અહીં કયાઁ છે?" નીરજા બોલતી રહી, "આપણે ખરેખર ફરવા ક્યારે જઈશું?" એક ક્ષણ રોકાઈ ગઈ નીરજા. ઊંડો શ્વાસ લીધો. ક્યાંક કોઈ દ્રશ્ય એની નજરે ચડેલ હોય અને તેમાં તે ખોવાઈ ગઈ હોય તેમ ફરી બોલવા લાગી, "ખુલ્લું આકાશ હોય, ઊગતો કે ઢળતો સુરજ હોય, ક્ષિતિજની પેલે પાર દોડવાનું મન થાય, પહાડ પર ચડીને વાદળોને પકડવાની ઈચ્છા થાય, તો સડસડાટ ઝરણાંની જેમ પહાડ પરથી સરકી જવાય, ચારે તરફ ફૂલોની સુગંધ લલચાવતી હોય, પતંગિયા હોય, ઝરણાં હોય, ધોધ હોય, સાગરની લહેરો હોય, નદીનો કલકલાટ હોય, અફાટ રેતીનું રણ હોય, જંગલ હોય…" જયા ઊભી થઈને નીરજાને રોકવાની કોશિશ કરવા લાગી પણ દિપેને તેને ઈશારાથી રોકાઈ જવા કહ્યું. જયા ત્યાંજ ઊભી રહી ગઈ.

નીરજા હજુ પણ કોઈ અલગ દુનિયામાં હોય તેમ, તેની આંખોને અને હ્રદયને ગમતી વાતો બોલી રહી હતી, "વરસાદ હોય, બરફ હોય, કયારેય ના ખૂટે એવી પગદંડીઓ હોય, કેવી મજા પડે હેં ? સપ્તરંગી મેઘધનુષ છવાયેલ હોય, પંખીઓ ઉડતા હોય, જંગલી પ્રાણીઓ ખુલ્લા ફરતા હોય અને આપણે વાહનમાં કેદ હોઈએ… કેટકેટલું અદભૂત છે આ બધું, આ જગતમાં ! પણ… હજુ સુધી એમાનું કશું જ જોઈ નથી શક્યાં." ઉંડો નિઃશ્વાસ નાંખીને તે બારી બહાર, જ્યાં સુધી નજર પહોંચે ત્યાં જોતી રહી.

બસ. આ જ તકનો લાભ લઈને મૌન ઘૂસી ગયું ઓરડામાં. લગભગ તેવીસ મિનિટ સુધી તેણે પોતાની સત્તા ફેલાવી રાખી હતી આ રૂમમાં !

ત્રણેય બિલકુલ ચૂપચાપ હતાં.

દીપેન પોતાના ધંધાને બાર પન્દર દિવસ બંધ રાખી શકાય કે કેમ તે અંગે મનોમન આયોજન કરવામાં વ્યસ્ત થઈ ગયો.

પોતાના સ્વપ્નોની, કલ્પનાની દુનિયામાં ખોવાયેલી નીરજા હજુ પણ બારી બહારના માપી ના શકાય, પામી ના શકાય, તેવા આકાશને અપલક જોઈ રહી હતી.

જયા. વિતી ગયેલી વાતોને વિચારી રહી. તેને સમજવા મથતી રહી. કોઈ ઉચિત ઉપાય પણ શોધવા લાગી. અનેક વિકલ્પો વિચારીને ચકાસી જોયા. અંતે ક્યારનું ય ઘુરકિયા કરતા મૌનને પરાસ્ત કરવા તેણે જાહેર કર્યું, "તો દિવાળી બાદ સાતમા દિવસે આપણે જઈએ છીએ – આપણી પહેલી વિદેશ ટુરમાં .. હા.. હા."

તે ખડખડાટ હસવા લાગી. આખા ઓરડામાં છવાઈ ગયું તેનું હાસ્ય. મૌનને હવે ગૂંગળામણ થવા લાગી. જવાબમાં દીપેન અને નીરજા એક સાથે ઊછળી પડ્યા, "હેં ? વિદેશ ટુર?"

બસ. મૌન હવે થાકી ગયું, હારી ગયું. નીચું મોઢું કરીને બારી બહાર ભાગી છૂટયું.

"હા. વિદેશ ટુર. આ વખતે વિદેશમાં."

"વિદેશ ટુરનું આયોજન કેવી રીતે થઈ શકશે? તૈયારી નો સમય ઓછો છે." દિપેને જયાને પૂછ્યું.

"તેર દિવસનો સમય છે આપણી પાસે. મને લાગે છે આટલો સમય પૂરતો છે." જયાએ વિશ્વાસ વ્યક્ત કર્યો.

'વિઝા, હોટેલ , ટિકિટ, પ્લાનિંગ...."

"એ બધું ગોઠવાઈ જશે. બસ. પોતપોતાની તૈયારીમાં લાગી જાઓ. . **our time starts now** ..."

જયાએ ઉત્સાહભરી એક નજર નીરજા તરફ નાંખી. નીરજા સ્થિર હતી. કોઈ ધબકાર, કોઈ ઉત્સાહ તેના બોડી લેંગ્વેજમાં જોવા ના મળ્યો.

ક્ષણ પહેલાં ઊછળી પડેલી નીરજા ફરી ક્યાંક ખોવાઈ ગઈ. જયાએ તેની નજીક જઇ તેના ખભા પર હાથ મૂકી દીધો. મા-દીકરીની નજરો મળી. જયા, નીરજાની આંખોને વાંચવા લાગી. તેમાં તેને આનંદ કે ઉત્સાહ ના કોઈ શબ્દો ના દેખાયા.

"નીરજા, ચલ તું ફટાફટ લાગી જા પ્રવાસની તૈયારીમાં, આપણે ઘણાં કામો કરવાના છે. સૌ પહેલાં ટ્રાવેલ એજેંટને ફોન કરી વિઝા અને ટિકિટની વ્યવસ્થા કરવાની છે. ચલ લગાડ ફોન." જયાએ નીરજામાં ઉત્સાહ ભરવાની કોશિશ કરી. તે નિષ્ફળ રહી.

"મારે નથી જવું કોઈ પ્રવાસમાં. દેશમાં કે વિદેશમાં." નીરજાએ નિરાશા વ્યક્ત કરી.

"કેમ? શું વાત છે, બેટા?"

"મારે નથી જવું, બસ."

"પણ, કેમ ના પાડે છે? શું કારણ છે?" દીપેન જરા ગુસ્સે થઈ ગયો.

જયાએ એક સ્મિત સાથે દીપેનને શાંત રહેવા ઈશારો કર્યો.

"ઓ કે. નીરજા, મંજૂર છે. આપણે નહીં જઈએ, બસ?"

દીપેન કશુંક કહેવા જતો હતો પણ જયાએ ફરી તેને રોકી લીધો.

"પણ, એટલું જરા બતાવી દે કે શા માટે નહીં જઈએ."

નીરજાએ દિપેન અને જયા સામે જોયું. તેના હોઠો પરનું આમંત્રણ શબ્દોએ સ્વીકાર્યું હોય તેમ તેણે બોલવાનું શરૂ કર્યું, "ખાસ કોઈ કારણ નથી. પણ, આમ પ્રવાસમાં મજા નથી આવતી."

"ઓહ ! પ્રવાસમાં તો મજા જ પડે ને ! તને કેમ મજા નથી આવતી?'

"ના જ આવે ને. આપણે પ્રવાસમાં જતાં જ નથી."

"એટલે?"

"એટલે કે આપણે જે રીતે પ્રવાસમાં જઈએ છીએ, એ પ્રવાસ છે જ નહીં."

"એમ કેવી રીતે કહે છે? પ્રવાસ એટલે એક સ્થળેથી બીજા સ્થળે જવું. ત્યાંનાં સ્થળોને જોવા, તેના વિષે જાણવું, તેના ફોટાઓ પાડવા, વિડિયો ઉતારવી, **social** મીડિયા પર **status update** કરવું, ખરીદી કરવી અને પરત આવીને બધાની સાથે આ વાત **share** કરવી. આપણે આમાંનું બધું જ કરેલું છે. અને આ વખતે પણ કરીશું જ. બહુ મજા પડશે. ચાલ તૈયાર થઈ જા." દિપેન એકી શ્વાસે બોલી ગયો. જયાએ પણ તેમાં પાંપણો હલાવી સમ્મતિ વ્યક્ત કરી.

પણ નીરજાના મનમાં કઇંક અલગ જ ચાલી રહ્યું હતું. આ બધી વાતોએ પ્રભાવિત કરવાને બદલે ઉત્તેજિત કરી દીધી, "બસ. આ જ વાત ખોટી છે. આપણે પ્રવાસની વ્યાખ્યા જ બદલી નાંખી છે. પ્રવાસ એટલે આમાનું લગભગ કશું જ નહીં. આ કાંઇ પ્રવાસ નથી."

"તો આ બધું શું છે?"

"આ પ્રવાસ તો નથી જ. આપણે અહીં સરસ મજાનાં આલિશન લક્ષુરિયસ ફ્લેટમાં રહીએ છીએ. અહીંથી એસી ગાડીમાં એરપોર્ટ જવાનું, **centrally** એસી ફ્લોર પર પ્લેન આવવાની પ્રતિક્ષા કરીએ છીએ, એસી પ્લેનમાં બેસીને ઉડવા માંડીએ છીએ, એસી વાળું ડેસ્ટિનેશન, ફરી એસી ગાડી, ફાઇવ સ્ટાર હોટેલ, ત્યાં ભવ્યાતિભવ્ય સ્વાગત. આ બધું આપણને અહમનો અહેસાસ કરાવે છે. હોટલમાંથી આલિશાન ગાડીઓમાં ફરતા રહેવાનું, ફરી હોટલમાં …"

"કેટલી મજા પડે.. હેં ? જીવનની તમામ સુખ સમૃદ્ધિ ભોગવવા મળે, તેનો આનંદ જ કેટલો ઊંચો હોય છે."

"ના પપ્પા. આવો જ આનંદ લેવો હોય તો આપણાં શહેરમાં જ કેટકેટલી આલિશાન ભવ્ય હોટેલો છે. થોડા દિવસો ત્યાં રહેવા જતાં રહીએ, તો પણ આપણને આ બધું ભોગવવા મળે જ ને. તો પછી પ્રવાસમાં જવાની જરૂરત જ ક્યાં છે?"

"ત્યાં ના સ્થળોની મુલાકાત લેવી, તેના વિષે જાણવું, ફોટોગ્રાફી, વિડિયો, વગેરે…"

"કોઈ પણ સ્થળ વિષે જાણવા માટે ત્યાં જવાની કયાઁ જરૂર છે? **Photos** અને વિડિયો પણ અહીં જ મળી જાય છે. ઇન્ટરનેટ પર બધું જ ઉપલબ્ધ છે. કોપી કરો, શેર કરો, જુઓ અને મજા માણો."

"ત્યાંના ભોજન લેવાની અને વસ્તુઓની ખરીદી કરવાની તો બહુ મજા આવે ને?"

"નહીં. જરાય નહીં. ક્યું એવું ભોજન છે જે આ શહેરમાં નથી મળતું? દેશીથી માંડીને વિદેશી તમામ પ્રકારના ભોજન અહીં મળે છે."

"અને ખરીદી?"

"પ્રવાસમાં તો ખરીદી ન જ કરાય. દરેક દેશ, પરદેશની દરેક પ્રોડક્ટ પણ અહીં મળે જ છે. અને જો કોઈ સ્ટોર કે મેગા મોલમાં ના મળે તો ઓનલાઇન શોપિંગ તો છે જ ને! માંગો તે હાજર." શ્વાસ લેવા રોકાયેલી નીરજાએ ઊંડો શ્વાસ લઈ, બારી બહાર નજર કરીને ક્ષિતિજમાં આથમવા તરફ ધસમસતા સૂરજને

કહ્યું, "હાય, સુરજ દાદા ! કેમ ખરું ને?" ખડખડાટ હસવા લાગી.

વાતાવરણ થોડું હળવું થયું. દીપેન અને જયા પણ રિલેક્ષ થયા. જાણે એક વાવાઝોડું આવીને વિતી ગયું.

વાતાવરણની હળવાશ જોઈને જયાએ વાત આગળ ચલાવી. "તો પછી પ્રવાસની તૈયારી શરૂ કરીશું ને? સમય બહુ જ ઓછો છે."

"ના મમ્મી, હમણાં નહીં. જ્યાં સુધી પ્રવાસને, તેની વ્યાખ્યાને, તેના ઉદ્દેશ્યને બરોબર સમજી ના લઈએ ત્યાં સુધી મારે કોઈ જ પ્રવાસ નથી કરવો."

"તો તું જ સમજાવને એ બધું."

"સાવ સીધા શબ્દોમાં કહું તો પ્રવાસ એટલે આપણાં **comfort zone** માંથી નીકળીને જે દુનિયા છે તેમાં પ્રવેશવું. એ જેવી છે તેવી સ્થિતિમાં જ પ્રવેશવું. ત્યાં કોઈ જ જાણીતું કમ્ફર્ટ ઝોન ઉભું નહીં કરવાનું. જે છે તેને જ સ્વીકારવું, તેને જ માણવું."

"પણ ત્યાં થોડી સગવડ તો ઊભી કરી શકાય ને?" દીપેને દલીલ કરી.

"ના. બસ આપણે આ જ ભૂ લ કરીએ છીએ. પ્રવાસનો મૂળ હેતુ જ અહીં તેના શ્વાસ છોડી દે છે. પછી એ પ્રવાસ નથી રહેતો પણ એ બની જાય છે આપણી જાણીતી અને એજ સગવડો વચ્ચે જીવાતી જિંદગી."

"ઓહો !" જયાએ સ્મિત આપ્યું .

"પ્ર વાસ એ ઘરેડમાં જીવાતી જિંદગીથી બહાર નીકળીને અનુભવવાની કળા છે, જીવનની મજા છે. જીવાઈ રહેલી એ જ જીંદગીનો પ્રભાવ કે પડછાયો પ્રવાસમાં પણ જોવા મળે તો તેનો શો અર્થ?

પ્રવાસ એટલે નવી, અજાણી દુનિયામાં જવું. જ્યાં બધું જ અજાણ્યું હોય. પ્રત્યેક ક્ષણે પ્રત્યેક ડગલે કોઈક નવી રાહ, નવી ઘટના, નવી ચેતના, નવો અનુભવ આપણી સાથે હાથ મિલાવે, દોસ્તી કરે તો ક્યારેક દુશ્મ ની પણ કરે. નવા લોકો, નવી સંસ્કૃતિ !

દરેક પળે નવી સમસ્યા પડકાર કરે, જિજીવિષાને તિવ્ર કરે, જીવવા માટે સંઘર્ષ કરાવે. જીતાડે પણ અને હરાવે પણ. મારે માણવું છે આ બધું જ." નીરજાએ દીપેન અને જયા તર ફ એક નજર કરી. તેની આંખોમાં ન વી ચમક હતી.

"પણ, આજકાલ તો આવા પ્રવાસો નથી થતાં." દીપેને વાસ્તવિકતા કહી.

"સાચી વાત છે, પપ્પા. એટલે જ મારે તો એવો પ્રવાસ કરવો છે જે નવું શીખવાડી જાય, નવો રોમાંચ, નવો ભય, નવું વિસ્મય આપી જાય. એક નવી હવા, નવું પાણી, નવું આકા શ હોય. વાતાવરણનું પોતાનું અલગ સંગીત હોય, જે ક્યારેય સાંભળ્યું ના હોય. સાવ અજાણ્યું . પછી તેની સાથે દોસ્તી કરું. હાથ મિલાવું. તેની સાથે રમું, ઝઘડું અને જરૂર પડે તો દુશ્મની ય કરું.

આવું અજાણ્યું કશુંક કરવાનું આયોજન કરો તો જ મારે પ્રવાસમાં આવવું છે. છે મંજૂર? નહીં તો મારે નથી આવવું ." મા બાપ ને પડકાર આપતી હોય તેમ નીરજાએ ચપટી વગાડીને પોતાની વાત પૂરી કરી. જવાબની પણ રાહ જોયા વિના જતી રહી પોતાના રૂમમાં. એક સ્તબ્ધતા છોડી ગઈ લિવિંગ રૂમમાં !

સુરજ હવે ક્યારનોય ડૂબી ગયો હતો.

દિવાળીની રાત સૌએ ધામધુમથી માણી અને જતી પણ રહી. તે સાંજ પછી પ્રવાસની વાત સૌ ભૂલી ગયું હોય એવું લાગ્યું. પ્રવાસ વિષે ત્યાર બાદ કોઈ કશું જ ના બોલ્યું. પ્રવાસની વાત પર પૂર્ણવિરામ મુકાઇ ગયું હોય એવું લાગ્યું.

પણ વાત જુદી જ હતી. દીપેનના મનમાં કોઈ યોજના આકાર લઈ રહી હતી. તેણે બધું જ નક્કી કરી લીધું હતું.

પ્રકરણ 5

નવું વર્ષ પગરવ માંડી રહ્યું હતું. સવારના 5 વાગ્યા હતા. દિવાળી પછીના નવા વર્ષની પ્રભાતે દર વર્ષે દીપેન અને જયા રંગોળી બનાવતા. દીપેન રંગોળી દોરતો અને જયા તેમાં રંગો ભરી દેતી. સાદી રેખાઓ જીંદગીની જેમ રંગીન બની જતી. નીરજા પણ તેમાં જોડાતી.

આખા વર્ષમાં આ એક જ દિવસ એવો આવતો કે નીરજા વહેલી ઉઠી જતી. સૌ સાથે મળી ઘરની ચારે તરફ દિવડાઓ પ્રગટાવી પ્રકાશ ફેલાવતા. સવાર દિવ્યતા લઈને આવતી. સુંદર પ્રારંભ થતો નવા વર્ષનો. અડોશી પડોશી ને શુભકામનાઓની, મીઠાઈઓની અને સ્મિતની આપલે થતી.

રંગોળી તૈયાર થઈ ગઈ હતી. આજે નીરજાએ રંગોળી દોરી હતી અને રંગો પણ પૂર્યા હતા. વ્યોમા પણ વહેલી સવારમાં જ આવીને રંગોળી કરવામાં ગૂંથાઈ ગઈ હતી.

વ્યોમા, નીરજાની ખાસ દોસ્ત. દીપેનના મિત્ર ભરત અને દીપાની દીકરી. વ્યોમાને એક ભાઈ પણ હતો, જીત. વ્યોમાથી થોડો નાનો. વ્યોમા, જીત અને નીરજા. મસ્ત ટોળી હતી આ ત્રણેયની.

નીરજાએ ગુલાબી રંગનું ટોપ પહેર્યું હતું. જેની બંને બાજુએ બાંય પાસે બ્લૂ રંગના પતંગિયા ઉડતા હોય તેવું ચિત્ર હતું. તે ખૂબ જ સુંદર લાગતી હતી.

વ્યોમાએ ઓરેન્જ કલરનું ટોપ પહેર્યું હતું. તેમાં સૂર્યોદય પહેલાંની ક્ષણોનું દ્રશ્ય અંકિત હતું. અંધારું પણ નહીં અને અજવાળું પણ નહીં. તે પણ ખૂબ સુંદર લાગી રહી હતી.

બંનેના ચહેરા આનંદ અને વિસ્મયથી વધુ ખુશ દેખાતા હતા. જમીન પરની સાવ સાદી રેખાઓમાં, તેઓના હાથ રંગ પૂરતા જતાં હતા. રેખાઓમાંથી રંગોળી સજીવન થતી જતી હતી. નીરજા, વ્યોમા અને સજીવન થતી રંગોળી ! ત્રણેય મળીને એક અદભૂત દ્રશ્ય રચી રહ્યા હતા.

દીપેન અને જયા તેને જોઈ રહ્યા. ભરત અને દીપા પણ આવી ગયા. સાવ ધીમા પગલે, જયા અને દીપેનની બાજુમાં બેસી ગયા.

રંગોને ફેલાવતા બે પતંગિયા- નીરજા અને વ્યોમા ! એક અદભૂત દ્રશ્ય ! એક અદભૂત આનંદ!

રંગોળી પૂરી થઈ. અંધકાર થોડો થાકી ગયો હતો પણ હજુ હાર્યો ન હતો. એટલે જ પ્રકાશ હજુ આવ્યો ન હતો. ટ્વીલાઇટની ક્ષણો હતી એ !

બારીની બહાર આકાશમાં બરાબર એ જ દ્રશ્ય રચાયેલૂ હતું, કે જે દ્રશ્ય વ્યોમાના ઓરેન્જ ટોપ પર છપાયેલ હતું. કેવો મજાનો સંયોગ !

રંગોળી પૂરી થઈ. શુભેચ્છાઓ અને મીઠાઈઓ ની આપ-લે પણ પૂરી થઈ ગઈ.

નીરજા, વ્યોમા, જીત, દીપેન, જયા, ભરત અને દીપા. સાતેય જણ નીકળી પડ્યા ગાડી લઈને।

ભરત અને દીપેન સિવાય સૌ માટે આ આશ્ચર્યજનક હતું. પાંચેય ચહેરાઓ પર સવાલો હતા. પણ, ભરત કે દીપેન તેના કોઈ પણ સવાલોના જવાબ દેવાના મૂડમાં ન હતા.

કેટલાય જાણીતા રસ્તાઓને વટાવીને ગાડી આવી પહોંચી શહેરના મધ્યમાં આવેલ, લો ગાર્ડન પાસે.

બધાં ગાર્ડનમાં દાખલ થયા. વિતેલા ચોમાસાનો પ્રભાવ અને સુંદરતા આખા ગાર્ડનમાં હાજર હતા.

ગાર્ડનમાં દાખલ થતાં જ ગાર્ડનના ત્રણ ભાગ સ્પષ્ટ દેખાતા હતા. ડાબી બાજુએ અને જમણી બાજુએ ટ્રેક હતા, જે એકબીજાને મળતા હતા. બંને વચ્ચે એક સીધો રસ્તો પણ હતો જે ગાર્ડનને બે ભાગમાં વહેંચી નાંખતો હતો. દીપેન સૌને જમણી બાજુના ટ્રેક પર લઈ ગયો. ટ્રેક પર બહુ ઓછા લોકો ચાલી રહ્યા હતા.

બાગ ખૂબ જ લીલોછમ હતો. ઘાસની લોન, ઘટાદાર વૃક્ષો, વચ્ચે વચ્ચે પથ્થરના બાંકડા, કેટલીક સૂચનાઓ આપતા બોર્ડ્સ વગેરે

વટાવીને આગળ ગયા, તો ત્રણેય બાળકો આનંદિત થઈ ગયા. ત્યાં જ ઊભા રહી ગયા.

ત્યાં સરસ મજાનું નાનું એવું તળાવ હતું. તેમાં કમળ ખીલ્યા હતાં. રંગબેરંગી ! સફેદ, પીળા, ગુલાબી, બ્લૂ, અને કાળા પણ ! કમળના પાંદડાઓ ખુલ્લા અને ફેલાયેલાં હતાં. તેના પર ચમકતા પાણીના બિંદુઓ ! પાણીના એ ટિપાઓ મોતી જેવા લાગતા હતા. જાણે આકાશમાંથી કોઈએ મોતીની વર્ષા કરી હોય અને કમળના પાંદડાઓએ તેને પોતાનામાં સ્વિકારી લીધા હોય તેમ શોભી રહ્યાં હતાં.

"વાઉ ! કેટલું સરસ છે?" વ્યોમાએ શબ્દોનો સહારો લઈ આનંદની અભિવ્યક્તિ કરી. નીરજાએ વ્યોમા તરફ નજર કરી. બંનેની આંખોમાંથી આનંદ અને આશ્ચર્યની આપ-લે થઈ.

જીત પહોંચી ગયો તળાવની પાસે અને હાથ લંબાવીને કમળને સ્પર્શવાની કોશિશ કરવા લાગ્યો.

શહેરની વચ્ચોવચ્ચ ખીલેલા કમળ ! એમને જોવા એ વાત જ અદભૂત ! કમળોએ બધાને સંમોહિત કરી દીધાં.

થોડી જ વારમાં નીરજા અને વ્યોમા કમળની સંગતિથી ધરાઇ ગયા. તેઓએ આસપાસ નજર દોડાવી. બાગમાં અન્ય કશું નવું જોવાની ઇચ્છાથી આગળ ચાલવા લાગ્યાં. પગમાં ચંચળતા પ્રવેશી ગઈ.

દીપેને બધાંને પોતાની પાસે બોલાવ્યા. "ચાલો, તમને સૌને ખાસ વસ્તુ બતાવું." બધાને તે એક ગોળાકાર બેઠક જેવું દેખાતું હતું તે તરફ લઈ ગયો. સૌ તેમાં દાખલ થયાં.

વર્તુળાકારે કુલ ચાર બેઠકો હતી. બધી પથ્થરની બનેલી હતી. દરેક વચ્ચે ત્રણેક ફૂટનું અંતર હતું. ચારેય બેઠકો મળીને ગોળ આકાર બનતો હતો. વચ્ચેના ભાગમાં નાના નાના પ્લાંટ્સ હતા. તેમાં રંગબેરંગી ફૂલો ઉગેલા હતા. ફૂલો ખૂબ જ સુંદર લાગતા હતા. પ્રભાતની તાજગી અને નવા વર્ષનો ઉત્સાહ, ફૂલોમાં પણ ચમકતો હતો. મંદ મંદ વહેતી હવા ફૂલોને ડોલાવતી હતી. ફૂલો નીચા નમીને સૌના આગમનને જાણે વધાવતા હોય. સૌને આ સ્થળ ગમ્યું.

દરેક બેઠકમાં ચાર વ્યક્તિઓ બેસી શકે એટલી જગ્યા હતી. દીપેન સૌને દક્ષિણ ભાગની બેઠક પાસે લઈ ગયો. ત્યાં ત્રણ ફૂટ ઊંચા અને દોઢ ફૂટની ત્રિજ્યા વાળા મોટા પથ્થર પર ચોરસ ભાગમાં ચેસની રમતનું બોર્ડ દોરેલ હતું. ચેસ રમવા સામસામે બેસી શકાય તે માટે બીજી બાજુ પણ એક બેઠક હતી. ચેસના શોખીનો માટે યોગ્ય સ્થળ. જો યોગ્ય સાથી મળી જાય તો કલાકો સુધી ચેસ રમી શકાય.

બાગમાં ચેસ?

ફરી નવાઇનું, આશ્ચર્યનું સામ્રાજ્ય ઉપસી આવ્યું-દીપેન અને જયા સિવાય બધાની આંખમાં. દીપેન અને જયા આ વાત જાણતા હતા. ભરત અને દીપા અહીં ક્યારેક આવતા, પણ ચેસ રમી શકાય તેવી તેને પણ ખબર ન હતી. જ્યારે જીત, નીરજા અને વ્યોમા તો આ બાગમાં જ પહેલી વાર આવ્યા હતા.

ચેસ બોર્ડ જોઈને સૌને સોસાયટીનું ક્લબ હાઉસ યાદ આવી ગયું.

દીપેને જયા સામે જોયું. જવાબમાં મળ્યું જયાનું સ્મિત. દીપેને બેગમાંથી ચેસની રમતના પ્યાદાં કાઢતાં કહ્યું, "ચાલો કોને ચેસ રમવું છે?" અને પોતે ગોઠવાઈ ગયો એક સીટ પર. સામેની સીટ પર કોઈ બેસે અને તેની સાથે ચેસ રમે તેની પ્રતિક્ષા કરવા લાગ્યો.

જયા સાથે વર્ષો પહેલાં તે નિયમિત ચેસ રમતો. ક્યારેક ભરત સાથે પણ રમતો. નીરજાને ચેસ રમતા તો આવડતું હતું, પણ આજે તે ચેસ રમવાના કોઈ મૂડમાં ના હતી. વ્યોમા અને જીતે ક્યારેય ચેસમાં રુચિ બતાવી ન હતી.

નીરજા, વ્યોમા અને જીતની આંખો મળી. નીરજાએ કહ્યું, "પાઅણે સેચ મરવું થની, લાચો." [આપણે ચેસ રમવું નથી, ચાલો.] ત્રણેય જણા ત્યાંથી ચાલવા લાગ્યાં.

નીરજાએ બોલેલા શબ્દોમાં ભરત,દીપા, દીપેન કે જયાને કઈં સમજ ના પડી.

"અરે ! ઊભા રહો. અહીં આવો."

બાળકોએ પાછા ફરીને જોયું. જયાને તેઓની આંખમાં સ્પષ્ટ ભાવો જોવા મળ્યા કે 'આજની આ સુંદર સવારમાં ચેસ જેવી ધીમી રમતમાં સમય નથી બગાડવો. આજે તો બાગને માણવા સિવાય કશું જ કામ નથી કરવું.'

સામે ચારેય વડીલોની આંખમાં પ્રશ્નાર્થ હતો કે 'નીરજાએ જે કહ્યું તે કયાં શબ્દો હતાં ? શું હતું તે?'

"જુઓ, આજે તમારે ચેસ ના રમવું હોય તો કોઈ વાંધો નથી. અમે પણ નથી જ રમવાના. પણ..." જયા બોલી.

"તો અમે જઈએ બાગમાં..." જીત અધિરો થયો.

"હા, ચોકકસ જાઓ. પણ..." દીપાએ વાતનો દોર આગળ વધાર્યો.

"પણ શું?" વ્યોમાએ પૂછ્યું.

"એ જ કે નીરજા, તું હમણાં શું બોલી હતી, જરા ફરીથી બોલ ને." જયા મૂળ વાત પર આવી.

"એ તો મેં એમ કહ્યું કે આપણે ચેસ નથી રમવું. ચાલો."

"નહીં, તું અલગ શબ્દો બોલી હતી..."

નીરજાએ જીત અને વ્યોમા સામે જોયું. તેઓની વચ્ચે કોઈ ગુપ્ત સંકેતોની આપલે થઈ. પછી મૌન થઈ ગયા. તેઓને દ્વિધા થવા લાગી. કારણ કે તે જે રીતે બોલી હતી તે બીજા બધા માટે ન સમજાય તેવું હતું. ત્રણેય માટે તે ખૂબ સહજ અને ગુપ્ત હતું. તેઓ આ ગુપ્ત ભાષાને જાહેર કરવા નહોતા માંગતા.

આ એક એવી ભાષામાં બોલાયેલા શબ્દો હતા કે જે ભાષા માત્ર ત્રણ જ જણા જાણતા હતા- વ્યોમા, નીરજા અને જીત. તેઓની સર્જેલી ભાષા હતી એ. અન્ય વ્યક્તિઓની વચ્ચે, શાળામાં કે મિત્રો જોડે હોય અને ત્યારે જો કોઈ ગુપ્ત વાત કહેવી હોય ત્યારે તેઓ આ જ ભાષાનો ઉપયોગ કરતાં.

તેનો ફાયદો હતો. તેઓની વચ્ચે વાર્તાલાપ પણ થઈ જતો અને વાત જાહેરમાં કહેલ હોવા છતાં ગુપ્ત પણ રહી શક્તી. તેઓ માટે આ ભાષા એક જોરદાર હથિયાર હતું.

તેઓ આ ગુપ્ત હથિયાર, આ ભાષાનું રહસ્ય જાહેર કરવા નહોતા માંગતા. અને એટલે જ દ્વિધામાં હતાં.

વડીલોએ પૂછ્યું એટલે જવાબ તો આપવો જ પડશે. ભાષાના રહસ્યને ખોલ્યા વિના જ વ્યોમાએ જવાબ આપ્યો, "એ તો નીરજા ક્યારેક ક્યારેક બફાટ મારતી હોય છે, એટલે ન સમજાય તેવા શબ્દો બોલી નાંખે છે. જેનો કોઈ અર્થ નથી હોતો."

"અમો જઈએ છીએ બાગમાં. તમે લોકો ચેસ રમો ત્યાં સુધીમાં અમે બાગને થોડો વધુ જાણી લઈએ." જીતે વાત પૂરી કરી. તે ચાલવા લાગ્યો. વ્યોમા અને નીરજા પણ જવા લાગ્યા. દીપેન, ભરત અને દીપાને કંઈ ન સમજાયું. પણ જયાને કશુંક સમજાઈ ગયાનો આભાસ થવા લાગ્યો. પણ તે કશું જ ન બોલી. બાળકોને જવા દીધાં.

આ તરફ ભરત ગોઠવાઈ ગયો દીપેનની સામે, ચેસ રમવા. કાળા અને ધોળા પ્યાદાઓએ પોતપોતાની પોઝીશન લઈ લીધી. આભાસી યુધ્ધ માટે તૈયાર.

બંનેની આંખોએ એકમેકને સંકેત આપ્યો અને શરૂ થઈ પ્યાદાઓની ચાલ. અત્યાર સુધી બંને વચ્ચે ઘણી બાજીઓ રમાઈ ગઈ છે. ચેસની રમતમાં બંનેનું લેવલ લગભગ સરખું જ કહી શકાય. ક્યારેક ભરત તો ક્યારેક દીપેન બાજી મારતો.

રમત ધીમે ધીમે જામવા લાગી. બંને આજે ડિફેન્સીવ રમવાના મૂડમાં હતા. કોઈએ હજુ સુધી આક્રમણ શરૂ નહોતું કર્યું. 17-17 ચાલ ચાલવા છતાં એક પણ પ્યાદું કોઈએ માર્યું ન હતું. રમત એવી સ્થિતિ પર આવી ગઈ કે હવે જો કોઈ એક પક્ષ આક્રમણની શરૂઆત ન કરે તો સામે વાળાનો ઘેરો તોડવો શક્ય જ ના બને. તો, રમત સાવ સ્થિર થઈ જાય.

બંને પ્રતિક્ષા કરવા લાગ્યા કે સામે વાળો પહેલો પ્રહાર કરે અને પોતે વળતો જવાબ આપે. હવેની ચાલ દીપેનની હતી. વિચારવા માટે તેણે લાંબો સમય લીધો. ચેસના પ્યાદાઓ પરથી નજર હટાવીને તેણે આસપાસ ફેલાયેલી હરિયાળી જોવા દ્રષ્ટિ કરી, પણ તે કશું જ ન જોઈ શક્યો.

રમતમાં બંને એટલા મશગુલ થઈ ગયા હતા કે તેઓને ખબર જ ન રહી કે તેઓની ચેસની રમત જોવા માટે તેઓને ઘેરીને, લગભગ પચીસ થી ત્રીસ વ્યક્તિઓ ઊભા હતા. સૌ રમતને ખૂબ જ ખામોશીથી નિહાળી રહ્યાં હતાં.

દીપેને તે બધા તરફ દ્રષ્ટિ કરી. તેણે દરેકની આંખમાં પોતપોતાની ચાલ જોઈ. દરેકના દિમાગમાં એક ચાલ અવશ્ય હતી. જો

તેઓ દીપેનની જગ્યાએ રમત રમતા હોત, તો તેઓ પોતાની એ ચાલ જરૂર ચાલી નાંખત.

સૌના મનમાં ચાલ રમતી હોવા છતાં સૌ મૌન હતા. સ્થિર હતા.

બસ ! આ જ તો અદબ છે આ રમતને જોનારા દર્શકની.

જો કોઈ ચેસ રમતું હોય અને તમે દર્શક હોવ, તો તમારા મનમાં પણ એ જ બાજી, ચાલ, પ્યાદાઓ રમતા હોય છે, પણ ક્યાંય પણ કશું જ બોલવાનું નહીં. માત્ર મૌન ! કેવી અદભૂત અદબ ! આવી અદબ, આવું માન કદાચ અન્ય કોઈ રમતના દર્શકોમાં જોવા નહીં મળે.

મૌન ધરીને ઉભેલા સૌ દર્શકોનો દીપેને સ્મિતથી આભાર માન્યો. ફરી રમત પર, ચાલ પર ધ્યાન કેન્દ્રિત કરવા લાગ્યો...

****

જીત, વ્યોમા અને નીરજા બાગની ડાબી તરફ વળ્યા. ચાલતાં ચાલતાં બાગની હરિયાળીને માણતા રહ્યાં. બાગના ડાબા ટ્રેક પર આવી પહોંચ્યા. જીત દસ બાર ડગલાં આગળ ચાલતો હતો.

અચાનક તેણે અવાજ દીધો, “વ્યોમા, નીરજા. જલ્દી અહીં આવો.” બંને દોડીને જીત પાસે પહોંચી ગઈ. બંનેની આંખોના પ્રશ્નાર્થોનો જવાબ આપતો હોય તેમ, જીતે હાથ વડે બાગના પૂર્વ ભાગ તરફ જોવા કહ્યું. બંનેની આંખોમાં પણ ચમક આવી ગઈ.

ત્યાં એક મંચ હતો. વિસ ફૂટની ત્રિજ્યા વાળો અર્ધ ગોળાકાર મંચ ! જમીનથી અડધો ફૂટ ઉપર, ચાર સ્તંભ પર ઉભેલો, ઉપરથી છત વડે બંધ, ત્રણ દિશાએથી ખુલ્લો મંચ.

ગુલાબી રંગ સમગ્ર મંચ પર શોભતો હતો. મંચની નીચે સામેની બાજુએ વિસ બાય ત્રીસ ફૂટનું ખુલ્લું ઘાસનું મેદાન. ત્યાં બેસીને રંગમંચ પર ભજવાતા દ્રશ્યોને નિહાળી શકાય, તેવું સુંદર મેદાન.

તેઓ રંગમંચ જોઈને ખુશ થઈ ગયા. આપસમાં સંકેતોની આપલે કરીને ત્રણેય ચડી ગયાં રંગમંચ પર. તેઓના મનમાં કોઈ વાત, કોઈ ઘટના ચડી બેઠી. સ્ક્રીપ્ટ વિના જ તેને ભજવી નાંખવા તૈયાર થઈ ગયાં.

ત્રણ દિવસ પહેલાં જ નીરજા, દીપેન જોડે એક બૈંકમાં ગઈ હતી, મીઠાઇ અને ગિફ્ટના બોક્ષ લઈને. દિવાળી નિમિત્તે તેણે બધાને તે બોક્ષ આપ્યા હતા. સૌએ હસી હસીને તે સ્વીકારી લીધા હતા. સાથે સાથે નવા વર્ષની શુભેચ્છાઓની પણ આપ-લે કરી હતી.

અંતમાં તેઓ મેનેજરની કેબિનમાં દાખલ થયાં. જ્યારે દીપેને બોક્ષ મેનેજર તરફ લંબાવ્યા ત્યારે, અહીં એક ઘટના બની હતી. તે ઘટનાની તિવ્ર અસર તેના કિશોરમન પર થઈ હતી. તેણે તે ઘટનાની ચર્ચા તરત જ જીત અને વ્યોમા સાથે કરી હતી. તે ઘટનાએ ત્રણેયના મનમાં અનેક સવાલો પેદા કર્યાં હતાં. તેઓના કિશોરમન તેના ઉકેલ શોધવા મથતા હતાં પણ કોઈ જ ઉકેલ નહોતો જડયો.

ત્રણેય મંચ પર ચડી ગયા. અત્યારે પણ તેઓના મનમાં એ જ ઘટના રમી રહી હતી. તેઓ તે ઘટનાને આ મંચ પર ભજવી લેવા માંગતા હતા.

જીત ,દીપેનનું પાત્ર ભજવવા લાગ્યો. વ્યોમાએ નીરજાનું પાત્ર અને નીરજાએ બૅંક મેનેજરનો અભિનય કરવાનું નક્કી કરી લીધું. તેઓના મનમાંથી છટકીને પેલી બૅંક વાળી ઘટના સદેહે મંચ પર ઉતરી આવી. ઘટના ભજવાતી ગઈ. મેનેજરની કેબિનનું દ્રશ્ય-

દીપેને બૅંક મેનેજર ને કહ્યું, “ગૂડ ઈવનિંગ સર.”

નીરજાએ પણ મેનેજર તરફ સ્મિત કર્યું.

“વેરી ગૂડ ઈવનિંગ દિપેનભાઇ. આવો. બેસો.” મેનેજરે પણ એટલી જ ઉષ્માથી બંનેને સસ્મિત આવકાર્યા.

દીપેને પણ સ્મિત સાથે કહ્યું, “હેપી દિવાળી અને હેપી ન્યુ યર.” મેનેજરે પણ અભિનંદન આપ્યા.

નીરજાએ મીઠાઇ અને ગિફ્ટ બોક્ષ મેનેજર તરફ લંબાવ્યા.

મેનેજરે એક સ્માઇલ આપ્યું, “સોરી દિપેનભાઇ. હું આ નથી લઈ શકતો. તમારી લાગણી માટે આભાર. પણ હું આ ભેટ નહીં

લઉં. થેન્ક્સ અગેન."

"સર, દિવાળી જેવા મોટા ત્યોહારની આ શુભેચ્છા માત્ર છે. આપ આ સ્વીકારી લો, પ્લીઝ."

"સોરી અગેન. મારા માટે આ શક્ય નથી."

"આ તો અમારી લાગણી માત્ર છે. આમાં માત્ર મીઠાઇ અને નાની ગિફ્ટ જ છે. બહુ સામાન્ય છે. આપ આ લઈ શકો છો. તેમાં કોઈ વાંધો ના હોવો જોઈએ. દર વર્ષે અમે સૌને આપીએ જ છીએ. અને હા, અમારી સાથેની આપની આ પહેલી દિવાળી છે. તો પ્લીઝ સર, આપ સ્વીકારી લો."

"દિપેનભાઇ. તે બોક્ષમાં શું છે તે મારે માટે મહત્વનું નથી. મારા માટે આ સ્વીકારવું શક્ય નથી."

"દિવાળી અને નવ વર્ષની શુભેચ્છા ...."

"દિપેનભાઇ, શુભેચ્છાઓ હ્રદયમાંથી આવે, મનના ઊંડાણમાંથી જન્મે અને બ્રહમાંડમાં વિસ્તરી જાય. વધતી જાય અને સામેની વ્યક્તિ સુધી પહોંચે ત્યારે, તેની તિવ્રતા અનેક ગણી વધી જાય. તેવી શુભેચ્છાનું કોઈ પરિણામ પણ આવે."

"હું પણ એ જ પ્રયાસ..."

"શુભેચ્છાઓને દેહ કે આકાર નથી હોતો. તે તો હોય છે નિરાકાર. તેને વાપરવાથી તે ક્યારેય ખૂટે જ નહીં. તમે જે આપી રહ્યા છો તે ભૌતિક વસ્તુ છે. તેને નિશ્ચિત આકાર છે, સમય સાથે તે વપરાય જાય તો પણ અને ના વપરાય તો પણ તે નાશ પામે છે. આવી ભૌતિક વસ્તુઓનો હું સ્વીકાર નહીં કરી શકું. જો તમારે કશુંક આપવું જ હોય તો કશુંક નક્કર, કશુંક શાશ્વત આપો કે જે જીવનભર વાપરીએ તો ય ના ખૂટે."

"ઓહ. ઠીક છે સર. એક કામ થઈ શકે? તમે આ સ્વીકારીને કોઈ ગરીબને આપી દેજો. પણ આ સ્વીકારી લો, પ્લીઝ."

"દિપેનભાઇ, જો કોઈ ગરીબ સુધી આ પહોંચાડવાનું હોય, તો તે માટે તમે મને કેમ માધ્યમ બનાવો છો? તમે જ સીધા કોઈ જરૂરતમંદને આપી દો ને ! મારે તમારા પુણ્યમાં ભાગ નથી પડાવવો."

"ઠીક છે સર ! તમે ના લો તો કોઈ વાંધો નહીં. પણ તમારા બાળકો, તમારી ફેમિલી માટે તો દિવાળી ગિફ્ટ લઈ શકોને? તેઓ માટે આ સ્વીકારી લો, પ્લીઝ."

અત્યાર સુધી સ્મિત સાથે વાત કરતાં મેનેજર મિસ્ટર વ્યાસ હવે થોડા અકળાઈ ગયા, "મિસ્ટર દીપેન, બાળકો મારાં છે. ફેમિલી પણ મારી છે. તેઓને દિવાળી કરાવવાની જવાબદારી પણ મારી જ છે, આપની નહીં. અને હું એટલો તો સક્ષમ છું કે તેઓ યોગ્ય રીતે દિવાળી ઉજવી શકે તેવી વ્યવસ્થા કરી શકું."

દીપેન અને નીરજા આટલું સાંભળતાં જ સમસમી ગયા. કોઇની આવી ખુમારી અને ખુદારી વાળું રૂપ તેણે પહેલી જ વાર જોયું. બાગના મંચ પર પણ આ ત્રણ કિશોરોના આ રૂપને પણ લોકોએ પહેલી જ વાર જોયું. એક સાથે પચાસ સાઇઠ હાથ તાળીઓ પાડવા લાગ્યાં.

નીરજા, જીત અને વ્યોમા ઘટનાને ભજવવામાં એટલા ઊંડા ઉતરી ગયા હતાં, કે તેઓને ખબર જ ન રહી કે તેઓ આ બાગના ખુલ્લા મંચ પર પેલી ઘટનાને જીવી રહ્યાં હતાં અને બાગમાં આવેલા લોકો તેઓને જોવા માટે નિઃશબ્દ ઊભા હતા. ત્રીસેક માણસો આ અદભૂત અભિનયને માણી રહ્યાં હતાં.

મેનેજર મિસ્ટર વ્યાસના પાત્રમાં રહેલી નીરજાના અંતિમ સંવાદથી તો સૌ એટલા પ્રભાવિત થઈ ગયા કે અનાયાસ જ સાઈઠેક હાથ તાળીઓ પાડી ઉઠ્યાં.

તાળીઓનો અવાજ આખા બાગમાં ફેલાઈ ગયો.

રંગમંચથી થોડે જ દૂર પેલા વર્તુળાકાર ભાગમાં ચેસ રમી રહેલા દીપેન અને ભરત તથા તેને રમતા જોઈ રહેલા સૌનું ધ્યાન પણ તાળીઓના અવાજની દિશામાં ગયું. તાળીઓ સાથે હર્ષ ધ્વનિ પણ સંભળાવા લાગ્યા.

રમતને પડતી મૂકીને બધા જ રંગમંચ તરફ જવા લાગ્યા. ભરત અને દીપેને પણ બાજી ત્યાં જ છોડી દીધી. જયા અને દીપા તો ક્યારના ય ત્યાં પહોંચી ગયા હતા.

તેઓને તરત જ સમજાઈ ગયું કે સમગ્ર ઘટનાના કેન્દ્રમાં તેઓના બાળકો છે.

ત્રણેય બાળકો તાળીઓના અવાજથી ચોંકી ગયા. તેઓને પણ ભાન ના રહ્યું કે આટલા બધા લોકો તેઓને નિહાળી રહ્યાં છે. તેઓ જાગૃત થઈ ગયા. સમગ્ર સ્થિતિને સમજવા માટે સ્વસ્થ થવા લાગ્યાં. તેઓની નજર તેઓના મમ્મી પપ્પા પર પડી. દોડીને તેઓ તેમની પાસે પહોંચી ગયા.

દર્શકો હજુ પણ ધ્વનિ સર્જી રહ્યા હતા. અંદરોઅન્દર ચર્ચા કરતાં હતા. બાળકોને શાબાશી આપી રહ્યા હતા.

જયાએ સમય પારખી દર્શકોને ત્યાં જ છોડી દીધા અને સૌને ત્યાંથી બાગના ડાબા ટ્રેક તરફ લઈ ગઈ. ટોળું હજુ પણ તેના પ્રતિભાવોમાં વ્યસ્ત હતું.

ડાબા ટ્રેક પર હીંચકા, લસરપટ્ટી, ભુલભુલામણી, ટ્રેકિંગ, રોક ક્લાઇમ્બિંગ વગેરે હતાં . બાળકો તો દોડીને હીંચકવા લાગ્યા. દીપા-જયાને પણ મન થઈ ગયું. તેઓમાં રહેલું બાળક જાગી ગયું. તેઓ પણ હીંચકા ખાવા લાગ્યા. હવામાં લહેરાતા ઝૂલામાં બેઠા બેઠા, આકાશમાં વાદળોના પ્રવાસને જોતાં રહ્યા. વાદળો જોડે પ્રવાસ કરતાં રહ્યા. દીપેન લોખંડના બનેલા ક્લાઇમ્બિંગ સેક્શનમાં જઇ શારીરિક શ્રમ કરવાનો પ્રયાસ કરવા લાગ્યો.

લસરપટ્ટી પર બે નાનાં બાળકો ધીરેધીરે સરકતા હતા. જીત ત્યાં પહોંચી ગયો. ત્રણ ચાર બાળકો ભુલભુલામણીના રસ્તાઓને ઉકેલવા મથતા હતા. ભરતને તેમાં રસ પડ્યો.

સૌ સાથે હતા છતાંય સૌની પોતપોતાની દુનિયા હતી, મસ્તી હતી. સૌ તેમાં ખોવાયેલા હતા.

અહીં કોઈ મોટું ન હતું. સૌ બાળકો બની ગયા. જાણે દરેકની ઉમર એકબીજામાં ભળી ગઈ.

સમય પણ જાણે બાળક બની, આંખમાં વિસ્મય આંજી સૌને નિહાળી રહ્યો. સ્થિર થઈ ગયો. સમયના કેટલાય ઝરણાંઓ વિતી ગયા. કોઈએ તેની નોંધ ન લીધી.

અચાનક ભરતના ફોનની ઘંટડી વાગી. કોઈ જોડે શુભેચ્છાની આપ-લે થઈ. સૌ પોતપોતાના વિશ્વમાંથી પાછા ફર્યા. ઘર તરફ વળ્યા.

બાગમાંના આજના અનુભવોને સૌએ ઘર તરફ જતાં રસ્તા પર ફેલાવી દીધા. બધા ચહેરાઓ અને રસ્તા પરના બધા વળાંકો ખુશ હતા.

ઘર આવ્યું. દિવાળીની શુભેચ્છાઓના વાવાઝોડામાં સૌ પરોવાઈ ગયા.

પ્રકરણ 6

નવા વર્ષની સાંજ ! ઢળતી સાંજના 8.30 વાગ્યાનો સમય.

સમગ્ર સોસાયટીમાં અનેરો ધબકાર પ્રસરી ર હ્યો હતો. એક જીવંતતા તરફ ક્ષણો સરકી રહીહતી. સૌ સભ્યો સપરિવાર ધીરે-ધીરે કોમ ન ગાર્ડ ન માં પ્રવેશવા લાગ્યા.

ખુલ્લા ગાર્ડનમાં ખૂબ સુંદર લાઇટો ગોઠવાયેલી હતી. રંગબેરંગી પ્રકાશ પવન સાથે તાલ મિલાવી વહી રહ્યો હતો. વચ્ચોવચ્ચ પાણીના ફુવારામાંથી પાણી ઉછાળા મારતું હતું. ઊછળતા પાણીની મસ્તીને, તેના સુંદર વળાંકોને માણવા, તેની આસપાસ બેસી ગયેલી રંગીન લાઇટો, એક નિયમિત ક્રમ પ્રમાણે પ્રકાશ પરીવર્તન કરીને સુંદર દ્રશ્યો સર્જતી હતી. પાણીની વાછટો અને લાઇટો જાણે એકાકાર થઈ ગયા.

થોડી ઊંચાઈએ બાંધેલા સ્ટેજ પર એક ખૂણામાં મ્યુઝીક સિસ્ટમ હતી. તે સંગીતના ધીમા ધીમા પણ કર્ણપ્રિ ય સૂરોને રેલાવતી હતી. વાતાવરણને રોમાંટિક બનાવવાનો પ્રયાસ કરી રહી હતી.

લોકો આવવા લાગ્યા. સુંદર અને નવિન વસ્ત્રોમાં સૌ પોતપોતાના વ્યક્તિત્વને અનુરૂપ તૈયાર થયા હતા. ચહેરાઓ પર સ્મિતનું સા મ્રાજ્ય હતું.

એકબીજાને મળવા લાગ્યા, હાથ મિલાવવા લાગ્યા, આલિંગન આપવા લાગ્યા. શુભેચ્છાઓનો વરસાદ વરસાવતા માનવ સમુદાયના વાદળો !

મેડમ ફિલોમીના પણ આવી ગયા. તેણે સુંદર દક્ષિણ ભારતીય સાડી પહેરી હતી. લાંબા કાળા વાળમાં મોગરાની વેણિ ભરાવી હતી. તે મૂળ કેરળના રહેવાસી. અમદાવાદની કોઈ કોલેજમાં પ્રોફેસર હતા. અંગ્રેજી સાહિત્ય ભણાવતા હતા. પોતે પણ વાર્તાઓ લખતા. તેને ગાર્ડન ખૂબ ગમતો અને તેમાં પણ પાણીના ફુવારા વધૂ ગમતા. તે સીધા જ રં ગીન ફુવા પાસે પહોંચી ગયા.

મી. બોઝ ત્યાં પહેલેથી જ હાજર હતા. તે પણ કોઈ કોલેજમાં વિજ્ઞાન ભણાવતા હતા. મી. બોઝ, મેડમ ફિલોમીનાને પસંદ કરતાં હતા. મેડમ ફિલોમીનાને પણ તે ખબર હતી. તેઓ વચ્ચે છુપા સ્નેહની આપલે થતી રહેતી.

"હેપી ન્યુ યાર, મેડમ." મી. બોઝે ફિલોમીનાને અભિનંદન આપ્યા. મેડમે એક મોહક સ્મિત આપ્યું. બંને રંગીન ફુવારાઓને જોતાં રહ્યા.

"કેટ લી સુંદર લાગે છે, પાણીની ઉઠતી એક એક લહેરો !" ફિલોમીનાએ સાહિત્યની ભાષા માં વાત કરી. મી. બોઝે પણએને એ જ મૂડમાં જવાબ આપ્યો, "લહેરોના એક એક વળાંકો કેટલા સુંદર છે. જાણે કોઈ યૌવનાના દેહ લાલિત્યના વળાંકો !" બોઝે ફિલોમીનાનીઆંખમાં નજર નાંખી. તે શરમાઇ ગઈ. બંને પાણી અને લાગણીના ફુવારા સાથે એકાંત માણતા રહ્યા. તેઓ પોતાના વિશ્વમાં વસી ગયા.

બીજા બધા પણ આવવા લાગ્યા. ઔપચારિકતા વ્યાપી ગઈ સમગ્ર બાગમાં.

વડીલોના નાટકીય વ્યવહારથી સાવ અલગ, સૌ બાળકો પોતાની મસ્તીમાં કોઈ ખૂણે ગોઠવાઈ ગયા હતા. તદ્દન સ્વાભાવિક રીતે હસતા , ગાતા, રમતા, વાતો કર તાં હતા. મોટાઓથી અલગ વિશ્વનું તેમણે સર્જન કરી લીધું હતું.

અલગ અલગ વિશ્વનું સહઅસ્તિત્વ સર્જાયું હતું, એક જ જગ્યાએ !

એક જ વિશ્વમાં કેટકેટલા વિશ્વો સર્જાતા હોય છે? આપણને ફુરસત જ ક્યાં છે તેની નોંધ લેવાની? તેને જોવાની? તેને માણવાની?

શુ ભેચ્છાઓનો વરસાદ વરસાવતા માનવ સમુદાયના વાદળોનું પાણી ખૂટી ગયું. ફરી કોરાકટ ! ફુવારાનું સાથે મી. બોઝ અને મેડમ ફિલોમીનાનું પાણી હજુ પણ વહેતું હતું.

ઔપચારિકતાઓ પતાવી મોટાઓ પોતપોતાના નાના નાના, સંકુચિત ગ્રુપ બનાવવા લાગ્યા. ખોવાઈ ગયા દુનિયાભરની વાતોની ચર્ચાઓમાં.

કોઈનું પણ ધ્યાન ન હતું કે –

ફુવારાનું પાણી ઊછળી રહ્યું હતું ,

પ્રકાશ તેની મનમોહાક અદાઓમાં વાતાવરણને રંગીન બનાવી રહયો હતો,

સંગીત તેની માદકતા રેલી રહ્યું હતું,

મોડી સાંજનો ખુલ્લા ગાર્ડનમાં વહેતો કારતક માસનો પવન, કામુક થયો હતો.

વહેતો પવન કોઇની ખુલ્લી લટોને, તો કોઈના પાલવને અડીને મસ્તી કરતો હતો. તેને મજા પડતી હતી જાતજાતના લોકોને સ્પર્શીને, પોતાની પણ અહીં હાજરી છે તેનો અહેસાસ કરાવવાની !

પણ, કોને પડી હતી આ બધાની ?

ત્યાં પેલા બાળકોનું ટોળું બેચેન થવા લાગ્યું. તેઓ અહીંની હવામાં ગૂંગળાવા લાગ્યા.

કારણો ? આમ જોવા જઈએ તો સાવ સીધા અને સ્પષ્ટ !

એક, વડીલોની અલગ દુનિયા.

બે, બધું જ ઔપચારિક, બધું જ કૃત્રિમ. કશું ય સ્વાભાવિક નહીં, સહજ નહીં.

ત્રણ, ધીમું ધીમું વાગતું સંગીત. તેમાં મધુરતા તો હતી પણ તે ઠરેલ લાગતું હતું. તે કોઈ રોમાંચ જગાવતું નહોતું.

બાળકોને તો જોઈતું હતું નાચતું, ઊછળતું, કૂદતું, ઝૂમતું અને સતત મોજ, મસ્તી, અને આનંદ કરાવતું સંગીત.

તેઓના તરવરાટ અને થનગનાટને પોષે તેવું સંગીત.

"આ શું ધીમું ધીમું સંગીત વાગ્યા કરે છે?" હર્ષ અકળાઈ ઉઠ્યો.

"હા, યાર ! મને તો ઊભા ઊભા જ ઊંઘ આવી રહી છે." આભાએ હર્ષની વાતને ટેકો આપ્યો.

"આ બંધ કરે તો સારું." વ્રજથી ના રહેવાયું.

"પણ આને બંધ કોણ કરાવે?" નીરજાએ પણ નારાજગી વ્યક્ત કરી.

વ્યોમા ચૂપચાપ સંગીત વાગતું હતું તે દિશામાં ગઈ.

ત્યાં એક DJ સંગીતની સિસ્ટમને કંટ્રોલ કરી રહ્યો હતો. તે લગભગ ત્રીસેક વર્ષનો હતો. તેની આંખમાં એક રુઆબ છલકી રહ્યો હતો. વ્યોમાએ તેની સામે નજર કરી. બંનેની આંખો મળી. વ્યોમાએ એક આછેરું સ્મિત આપ્યું. પેલાની મુખમુદ્રામાં કોઈ જ ફેરફાર ન થયો પણ આંખથી વ્યોમાના સ્મિતનો સ્વીકાર કરતો હોય તેમ પાંપણો જરા નમાવી અને ફરી એ જ સ્થિતિમાં.

વ્યોમાને લાગ્યું કે આ માણસ પાસે ધાર્યું કામ નહીં કરાવી શકાય. અણગમતું સંગીત બંધ કરાવીને મનગમતું અને મસ્તી ભર્યું સંગીત ચાલુ નહીં કરાવી શકાય.

થોડી વાર તે એમ જ ઊભી રહી. ડીજેને નિહાળતી રહી. વિચારતી રહી કે આ માણસને કેમ કરીને પટાવી શકાય. તેને કશું જ ન સૂઝયું. અંતે તેણે વિચાર પડતો મૂક્યો. તે પાછી વળવા લાગી.

નીરજા સતત વ્યોમાને નીરખી રહી હતી. તેણે વ્યોમાને પાછી ફરતા જોઈ. તેને સમજાઈ ગયું કે વ્યોમાએ હાર માની લીધી છે. તેણે મનમાં નિર્ણય કરી લીધો. હવે મારો વારો.

તે તરત જ પહોંચી ગઈ ડીજે પાસે.

"અંકલ, કેમ છો? હેપી ન્યુ યર." નીરજાએ સ્મિત આપ્યું.

"મજામાં. હેપી ન્યુ યર, બેટા." ડીજેએ જવાબ આપ્યો. સાથે સ્મિત પણ.

"સંગીતનો ખૂબ મોટો ખજાનો હશે ને, તમારી પાસે?"

"હા, ખૂબ વિશાળ કલેક્શન છે."

"જૂના, નવા, ગઝલ, ભજન, .. વગેરે વગેરે બધું જ?"

"હા, બધું જ. અમારે તો બધું રાખવું જ પડે."

"વેસ્ટર્ન ખરું?"

"હા, ખરું ને." ડીજેએ ઉત્સાહ બતાવ્યો.

"કોણ કોણ છે તમારા કલેક્શનમાં?" નીરજાએ જાણી લીધું કે તીર નિશાના પર લાગી રહ્યું છે.

"લગભગ બધા જ. MJ, બ્રિટની, મેડોના, શાકીરા, યાની, જોન બોન, વગેરે બધા જ..."

"તો એમાનું કશુંક વગાડો ને?" નીરજાએ લાગ જોઈને પ્રસ્તાવ મૂકી દીધો.

"બેટા, અહીં આ બધાને આ પ્રકારનું ધીમું સંગીત ગમે છે. બધા તેને કેવા શાંતિથી માણી રહ્યા છે. તો તે સંગીત બંધ ના કરાય." ડીજેએ પોતાની વિવશતા કહી.

"અંકલ, મને લાગે છે કે આ લોકો સંગીત નથી સાંભળી રહ્યા. સૌ પોતપોતાની વાતોમાં મશગુલ છે."

"તો?"

"કશું જ નહીં. થોડી વાર આ સંગીતને ધીમું, ખૂબ ધીમું કરી નાંખો. અને પછી સાવ બંધ."

"તો તો આ બધા મને..."

"કોઈને ખબર પણ નહીં પડે કે સંગીત ધીમું પડીને બંધ થઈ ગયું છે."

"ઓ કે. પણ કોઈ બબાલ થાય તો જવાબદારી મારી નહીં."

"કોઈ વાંધો નહીં. હું તે સંભાળી લઇશ. અને પછી ધીમે ધીમે વેસ્ટર્ન મ્યુઝિક ચાલુ કરી દેજો."

ડીજેએ સંગીતનું વોલ્યુમ ઘટાડી નાંખ્યું. ઘટાડતો ગયો. અંતે સાવ બંધ કરી દિધું.

કોઈને કાંઇ જ ખબર ના પડી. લગભગ એક થી દોઢ મિનિટનો સમય વિતી ગયો. કોઈએ કાંઇ જ પ્રતિક્રિયા ન આપી. બધા જ વ્યસ્ત હતા પોતપોતાના વર્તુળમાં ! પોતપોતાના વિશ્વમાં ! સંગીતના અસ્તિત્વની તેઓને કોઈ જ પરવા ન હતી.

બે મિનિટનો સમય વિતી ગયો. નીરજા ખુશ થઈ ગઈ. ચપટી વગાડીને ચડી ગઈ સ્ટેજ પર. માઇક હાથમાં લઈ લીધું, "હેલ્લો, ઓલ એન્ડ વન. મે આઇ હેવ યોર અટેન્શન પ્લીઝ."

નીરજાનો અવાજ વાતાવરણમાં સુગંધની જેમ પ્રસરીને બધાના કાનમાં અથડાયો. અચાનક જ કોઈ તંદ્રામાંથી જાગ્યા હોય તેમ સૌ અવાજની દિશામાં ફરી ગયા. પોતપોતાના વિશ્વને છોડીને કોઈ અજાણ્યા સ્થળે આવી ગયાનો તેઓને ભ્રમ થવા લાગ્યો. ઘણાને પોતાની વાતોમાં રસભંગ થયાનો અહેસાસ થવા લાગ્યો. છતાંય સૌએ નીરજા તરફ ધ્યાન ફેરવ્યું. બાળકોની ટોળી પણ હવે નીરજા પાસે આવી ગઈ.

નીરજાએ સૌના ચહેરા ધ્યાનથી જોયા અને પારખી લીધું કે ઘણા ચહેરાઓએ નારાજગી પહેરી લીધી છે. સમયની નાજુકતા તેણે પારખી લીધી. તેણે આવું ધાર્યું જ હતું. તે માટે તે તૈયાર જ હતી.

"વડીલોને પ્રણામ, સૌને હેપી ન્યુ યર, નુતન વર્ષાભિનંદન, સાલ મુબારક." અવાજમાં શક્ય એટલી આત્મીયતા અને વિનમ્રતા ભેળવી દીધી.

જવાબમાં અનેક આવજોએ એકસાથે કહ્યું, "સાલ મુબારક."

ઘણાં તંગ ચહેરાઓ હળવા થઈ ગયા.

"થેન્ક્સ ટુ ઓલ." નીરજાએ સ્મિત સાથે આભાર વ્યક્ત કર્યો.

લગભગ બધા જ ચહેરાઓ હવે સ્મિત લઈને ઊભા હતા. નીરજાએ તક ઝડપી લીધી. "નવા વર્ષની પાર્ટીમાં કાંઈક નવું, મસ્તી ભર્યું કરીશું?" કહી ધમાલ મસ્તી કરવાની પરવાનગી માંગી લીધી.

બધા જ એકી અવાજે બોલી ઉઠ્યા, "હા,... હા..."

"તો, આપ સૌ તૈયાર છો... મસ્તી કરવા? ધમાલ મચાવવા ?"

"હા... પણ... શું કરીશું....? કેવી ધમાલ કરીશું?..." અનેક અવાજોએ નીરજાને પ્રેરિત કરી ધમાલ કરવા માટે. એ અવાજોના આંખ અને કાન પ્રતિક્ષા કરવા લાગ્યા નીરજાના શબ્દોની, મસ્તી ધમાલના પ્લાનની.

"તો ...તો... આપણે ..." નીરજાના શબ્દોમાં અનિશ્ચિતતા સ્પષ્ટ વર્તાવા લાગી.

તેના મનમાં ખરેખર ધમાલ કે મસ્તી કરવાની કોઈ જ યોજના ન હતી. કારણ? બસ એટલું જ કે તેણે ધારી જ લીધું હતું કે ધમાલ મસ્તીના નામથી જ સૌ નારાજ થઈ જશે અને ગુસ્સો પણ કરશે. ના જ પાડી દેશે આવું કશું ય કરવાની.

પણ, તેની ધારણા ખોટી પડી. સૌએ એકી અવાજે ધમાલ–મસ્તીની માંગણી કરી નાંખી. સિલેબસ બહારનો પ્રશ્ન પૂછાયો હોય અને વિદ્યાર્થિની જે હાલત પરીક્ષા ખંડમાં થાય, તેનાથી પણ કફોડી હાલત થઈ રહી હતી નીરજાની, આ ખુલ્લા બાગમાં.

પરીક્ષા ખંડમાં તો કોઈ જોવા વાળું પણ ના હોય, માત્ર વિદ્યાર્થિએ જ અનુભવ કરવાનું હોય. એકલા, એકલા. પણ અહીં તો તે ખુલ્લા મેદાનમાં હતી, અને સામે અસંખ્ય લોકો. તે બધાના આંખ અને કાન મંડાયા હતા નીરજાની તરફ !

નીરજા ફસાઈ ગઈ હતી પોતાના જ શબ્દોમાં, પોતાની જ યોજનામાં. તે બધાના આકર્ષણનું કેન્દ્ર બનવાને બદલે મજાકનું કેન્દ્ર બની ગઈ.

તેણે ઝડપથી મનમાં નક્કર વિચારવા માંડ્યુ. તે વિચારવા પણ માંગતી હતી અને તે માટે સમય પણ લેવા માંગતી હતી. તો સામે ઉભેલા સૌ તેને સમય આપવાના મૂડમાં જરાય ન હતા.

તેના વિચારો અસ્પષ્ટ હતા. કોઈ જ કડી બંધ બેસતી ન હતી. તેના શબ્દો પણ અસ્પષ્ટ અને લય ખોઈ રહ્યા હતા. પણ એમ હાર મને તેમ ન હતી નીરજા.

તેણે તરત જ પોતાના વિચારો અને શબ્દો પર કબ્જો મેળવી લીધો. આફતને અવસરમાં ફેરવતી હોય તેમ સમગ્ર વાતને, તાકી રહેલી સૌ નજરો તરફ વાળી દીધી.

સ્વસ્થ અને મક્કમ અવાજે તે બોલવા લાગી, "તો... તમારામાંથી કોઈ ગેસ કરી શકશે કે ... આપણે આજે શું ધમાલ-મસ્તી કરીશું? જે હંમેશા યાદ રહી જાય ! એની ગેસ?" એ સાથે જ સમગ્ર પરિસ્થિતિને પોતાના પક્ષમાં પલટાવી નાંખી.

હાજર તમામ મગજમાં અનેક રમતો રમવા લાગી, પણ કોઈ જ વ્યક્તિ નીરજાના આ પ્રશ્નનો જવાબ ન આપી શકી. બે ચાર પળ માટે નીરવતા વ્યાપી ગઈ. સમગ્ર વાતાવરણ બદલાઈ ગયું. ધમાલ અને મસ્તીની વાત સાંભળીને થનગનાટ વ્યાપી જવો જોઈએ પણ અહીં તો તેથી ઊલટું થઈ ગયું. નીરવતા હવે લંબાતી જતી હતી. સૌ ચૂપ હતા.

લંબાતા જતા મૌને વ્યાકુળતા અને વ્યગ્રતા વધારી દીધી. તેમાંથી જ ધીમો ધીમો ગણગણાટ શરૂ થયો, વધતો ગયો. પણ કોઈ નક્કર વાત બની નહીં.

"એની ગેસ? એની વન?" નીરજાનો અવાજ હવે તોફાની થઈ ગયો. તેને હવે સમજાઈ ગયું કે સમગ્ર પરિસ્થિતી તેના સંપૂર્ણ નિયંત્રણમાં છે. આ સમયની ક્ષણો પર તેનું જ રાજ ચાલી રહ્યું છે. તેના રમતિયાળ પુનરાવર્તિત શબ્દોથી ફરી લોકોનું ધ્યાન તેના તરફ ગયું.

"ના. વિ હેવ નો આઇડિયા ..." અનેક આવજો એક જ વાત કરવા લાગ્યા.

"ખરેખર? તમારામાંથી કોઈને કોઈ જ આઇડિયા નથી?"

"ના … તું શું કરવા માંગે છે તે અમને નથી ખબર …"

"ઓહ, તો એમ વાત છે? વાહ ! આપણને બધાને મસ્તી તો કરવી છે પણ કેમ કરવી એ ક્યાં કોઈને પણ ખબર છે? આપણે આવી જ જીંદગી જીવી રહ્યા છીએ."

"નીરજા, તું જ હવે કહી દે કે શું યોજના છે?" ભરતે બધા વતી જવાબ આપી દીધો.

"ઓ કે. ધમાલ કે મસ્તી માટેની કોઈ યોજના મારા કે મારા કોઈ મિત્રોને પણ નથી…" અને તે ખડખડાટ હસવા લાગી.

તેના હાસ્યથી વાતાવરણ ફરી જીવંત બની ગયું. સૌએ હસવામાં નીરજાને સાથ આપ્યો. અનેક હોઠો હસતાં હતા… સાવ સાચું હસતાં હતા. આજની સાંજનું પહેલું, સાવ સાચું હાસ્ય ગુંજવા લાગ્યું.

દીપેન મંચ પર ચડી ગયો અને માઇક પર જાહેર કરવા લાગ્યો, "મિત્રો, ભોજનનો સમય થઈ ગયો છે, વહેતી સુગંધ પણ કહી રહી છે કે ભોજન તૈયાર છે. તો, સૌ પહેલાં આપણે જમી લઈશું? ત્યાર બાદ મોડે સુધી ધમાલ – મસ્તી પણ કરીશું. જમ્યા પછી કેવી મસ્તી-ધમાલ કરવી તે નીરજા અને તેના મિત્રો નક્કી કરશે. તો બાળકો, સૌ જમી લે ત્યાં સુધી તમો પણ જમી લો અને ફટાફટ કોઈ મસ્ત યોજના પણ બનાવી લો. બોલો બાળકો, તૈયાર છો?"

એકી અવાજે સૌ બાળકોએ જવાબ આપ્યો, "હા… આ આ .." બાળકોને સમય અને રાહત મળી ગયા.

"તો પહેલાં જમી લઈશું?"

બધા ભોજન કરવા લાગ્યા. સૌ બાળકોએ વિચારવા માટે જમવાનું હાલ પૂરતું ટાળી દીધું.

તેઓ ક્લબ હાઉસમાં ગોઠવાઈ ગયા અને વિચારવા લાગ્યા.

ગોળ ટેબલ ફરતે આઠ બાળકો બેસી ગયા. સૌના મોઢા કોઈ ગંભીર સમસ્યાને ઉકેલવા મથતા હોય તેમ ચિંતાગ્રસ્ત હતા. બધાના હાથમાં પેન અને કાગળ હતા. તેઓ તેમાં કશુંક નોંધતા રહ્યા. નોંધીને ભૂંસતા ગયા. ખૂબ મથવા છતાં કોઈ નિષ્કર્ષ પર નહોતા આવી શકતા.

જીત, વ્યોમા, વ્રજ, હર્ષ, નીલા, આભા, અનુજ અને નીરજા. તેઓ બાળકોને બદલે વિશ્વની કોઈ ગંભીર બાબતે ચર્ચા કરવા માટે ભેગા થયેલા, વિશ્વની આઠ મહાસત્તાના પ્રમુખ હોય તેવા લાગતા હતા.

હવે સૌના મનમાં ઉચાટ અને આક્રોશ રમવા લાગ્યા. પોતાની જાત પર જ સૌને ગુસ્સો આવવા લાગ્યો.

અંતે ધીરજ ખોઈને અનુજ બોલ્યો, "નીરજા, આમ ક્યાં સુધી આપણે બેઠા રહીશું? કાંઈક તો જવાબ આપવો પડશે ને?"

"હા, આપણે એ જ તો કરી રહ્યા છીએ…." નીરજાના આ જવાબથી નીલા ચિડાઇ ગઈ, "નીરજા, આ બધું તારા કારણે થઈ રહ્યું છે. તારે શી જરૂરત હતી મસ્તી-ધમાલ કરાવવાની? બહુ ડાહી થઈને ચડી ગઈ મંચ પર અને કહી દીધું કે ચાલો મસ્તી કરીએ. હવે તું જ શોધ કોઈ નવી મસ્તી…"

"હું તો પેલા ધીમા સંગીતથી કંટાળી ગયેલી. મને ક્યાં ખબર હતી કે વાત આખી બદલાઈ જશે."

"ને પછી તારા પપ્પાએ કહી દીધું, કે જાઓ તમને ગમતી મસ્તી અને ધમાલનું લિસ્ટ બનાવી આવો." આભાએ પણ નીરજા પર આક્રમણ કરી દીધું.

"તો એમાં સમસ્યા શું છે?" જીતે પ્રશ્ન કર્યો.

"સમસ્યા એ છે કે આપણને ધમાલ મસ્તી કરવી ગમતી હોવા છતાં હાલ કઈ ધમાલ મસ્તી કરવી એ નક્કી નથી કરી શકતા." વ્યોમાએ સમસ્યાની ગંભીરતા પ્રકટ કરી.

ક્યારનો ય ચૂપ રહેલો હર્ષ અકળાઇ ગયો, "નીરજા, આ તે કેવી ચાલકી તારા પપ્પાની? આપણને ખુશ કરવા માટે ધમાલ મસ્તીની હા પણ પાડી દીધી અને આપણે જ ગંભીર થઈ જઈએ એવી ચેલેન્જ પણ આપી દીધી."

"અને આપણે સૌ, સદાય તોફાન-મસ્તી કરતાં, ધમાલ કરતાં હતા તે બેસી ગયા ધમાલ –મસ્તીનું લિસ્ટ કરવા?"

"અને આપણે પોતે જ ભૂલી ગયા ધમાલ મસ્તી કરવાનું."

"આના કરતાં તો વગર વિચાર્યે, જ્યારે જે સૂઝતું તે ધમાલ મસ્તી કરી લેતા હતા. તેમાં કેવી મજા પડતી હતી !"

"છોડો હવે. આપણાથી આ લિસ્ટ-બિસ્ટ નહીં બને."

સૌ ફરી મૌન બની ગયા. ગંભીર બની ગયા. ત્યાં તો ખડખડાટ હસવાના અનેક આવજો, સૌ ગંભીર બની બેઠેલા બાળકોના કાને પડ્યા.

સૌનું ધ્યાન તે તરફ ગયું. સૌ વડીલો તેઓની આ ગંભીર ચેષ્ટા પર હસતાં હતા.

સૌ સ્તબ્ધ !

બાળકોને કશુંય ના સમજાયું કે આ શું થઈ રહ્યું છે !

એક, ખૂબ ભૂખ લાગી છે.

બે, કશીય મસ્તી કે ધમાલ સૂઝતી નથી.

ત્રણ, સૌ વડીલો તેના તરફ હસી રહ્યા છે.

ચાર, ભોજનની સુગંધ નાકને ઉશ્કેરી રહી છે.

પાંચ, થાક અને કંટાળો વીંટળાઇ ગયો છે.

જાણે ઉછળતા મોજાના દરિયા વચ્ચે ફસાઈ ગયેલી નાવના મુસાફરો.

સૌના ચહેરા જોઈ દીપેને કહ્યું, "ચાલો સૌ પહેલાં જમી લો. તમારા સિવાય બધા જ જમી ચૂક્યા છે."

"તો આ ચેલેન્જ શું છે? અમને કોઈ મસ્તી...."

"છોડો એ બધું. એ તો તમારી સાથે મેં કરેલી એક નાની-સી ધમાલ છે, મસ્તી છે, મજાક છે..." અને દીપેન હસવા લાગ્યો.

"એટલે?" સૌ બાળકો પૂછી બેઠા.

સસ્મિત દીપેને જવાબ આપ્યો, "એટલે કે તમને આ ચેલેન્જ આપીને તમને વ્યસ્ત કરી દીધા. તમે લોકો વ્યસ્ત રહયાં, ત્યાં સુધીમાં સૌ જમી પરવાર્યા. અને હા, આમ ક્યારેય વિચારીને કોઈ ધમાલ, મસ્તી ન થાય. એ તો સહજ હોય. અચાનક જ થાય, તે મસ્તી. સમજી વિચારી અને ગણતરીપૂર્વક થાય તે મસ્તી નહીં, ષડયંત્ર બની જાય. તેમાં આનંદ ના હોય. માટે દોસ્તો, જ્યારે પણ મસ્તી કરવાનું મન થાય ત્યારે તરત જ કરી લેવી. વિચારવા અને લિસ્ટ બનાવવા ના બેસાય. મારી જેમ તરત જ કરી લેવાય. તો બોલો, કેવી મજા પડી મારી આ મસ્તીમાં?"

સૌને સમજાઈ ગયું કે તેઓ ઉલ્લુ બની ગયા છે. પણ હવે શું?

આવી મસ્તી નીરજાના પપ્પા કરી લેશે અને એ મસ્તીના ભોગ આપણે સૌ બનીશું એવું તો ધારેલું જ નહીં. સૌ મનોમન રોષે ભરાયા.

"તો ચાલો સૌ જમી લઈએ."

"મતલબ?"

"હું પણ તમારી સાથે જ જમીશ. મારે પણ જમવાનું બાકી છે. તમે ભૂખ્યા હોવ અને હું જમી લઉં એવું તો ન જ બને. ચાલો."

સૌ જમવા લાગ્યા. બાકી બધા સૌ પોતપોતાને ઘેર ગયા. જમ્યા પછી કોઈને મસ્તીમાં રુચિ ન રહી.

જમતા જમતા દીપેને સૌ બાળકોને હસાવવા પ્રયાસ કર્યો. પણ ખાસ સફળતા ના મળી.

****

રાત વિતી ગઈ. મસ્તીનો માહોલ પણ.

રજાની મજા માણતા સૌ સૂતા હતા. પણ પેલા આઠ જણાને કોઈ ચિંતા હતી, નિરાંત ન હતી. કદાચ આખી રાત તેઓ સૂતા જ નહીં હોય.

હજુ તો સવારનો પહેલો પ્રહર પણ શરૂ થયો ન હતો. પૂર્વના આકાશમાં હજુ પણ અંધકાર જમાવટ કરીને બેઠો હતો. પેલા આઠે જણના મનમાં પણ પ્રકાશ નહતો થઈ શકતો.

રાતની ઘટના બાદ સૌના મનમાં રંજ હતો. એટલે જ તો સવારના આગમન પહેલાં જ સૌનું આગમન થઈ ગયું હતું.

કાલે રાત્રે છૂટા પડતી વખતે કોઈએ કોઈને, કોઈ જ સંકેત નહોતો આપ્યો, છતાંય બધા સ્વયંભુ જ વહેલી પરોઢે એક જ જગ્યાએ ભેગા થઈ ગયા હતા.

કેવો તાલમેલ હશે એમના મનના તારનો, એક-બીજા સાથે?

સૌ સાથે હતા પણ સૌ મૌન હતા. સૌ એક જ દિશામાં જોઈ રહ્યા હતા. તે દિશામાં આભાની દાદી લીલા ઘાસ પર ઉઘાડા પગે ચાલી રહ્યા હતા. વહેલી સવારે આ રીતે જ ચાલવાનો તેનો નિત્ય ક્રમ.

પણ આ રીતે બાળકોને વહેલી સવારમાં જોઈને તેને આશ્ચર્ય થયું. તેની પારખુ નજરે જાણી લીધું કે બાળકો નક્કી કોઈ વાતે વિચલિત થયા છે, **disturbed** છે.

તેણે પોતાનો નિત્ય ક્રમ છોડી દીધો. બાળકો પાસે જઈને વાતો કરવા લાગી. થોડી જ વારમાં બાળકો દાદી જોડે ભળી ગયા. વિતેલી રાતના દુખને ભૂલી ગયા.

પૂર્વમાંથી ધીરે ધીરે લાલ-મોટો સુરજ પણ સૌ સાથે દોસ્તી કરવા આવી ગયો. ઊગતા સૂરજને દાદીમા પગે લાગ્યા. તેનું જોઈને બધા બાળકો પણ સૂર્યદેવને પ્રણામ કરવા લાગ્યા. અનુજે પ્રણામ કરવાને બદલે તેના મોબાઇલમાં ઊગતા સૂરજની અદભુત ક્ષણોને કેદ કરી લીધી. ત્રણેક મિનિટનો વિડિયો શૂટ કરી સેવ કરી લીધો.

દાદી અનુજની નજીક ગયા. માથે હાથ ફેરવી કહેવા લાગ્યા, “બેટા, સુરજ દાદાને પ્રણામ કરી લે.”

“કેમ, દાદી?”

“ઊગતા સૂરજને પ્રણામ કરવાથી આપણો દિવસ સૂર્યની શક્તિથી ઉર્જાવાન બને છે. સુરજ જીવન માટે જરૂરી પ્રકાશ અને ઉર્જા આપે છે. તેનામાં રહેલા અલ્ટ્રાવાયોલેટ કિરણો સ્વાસ્થ્ય માટે ખૂબ જ ઉપયોગી છે. આપણી ધરતી માટે સૂરજનું મહત્વ તમે વિજ્ઞાનમાં તો ભણી જ ગયા છો. તેવા સૂરજને નમન કરી તેનો આભાર માનવાનું કેમ ભૂલાય? એટલે જ રોજે રોજ ઊગતા સૂરજને પ્રણામ કરવા જોઈએ.”

“ભલે દાદીમા.” અનુજે પણ પ્રણામ કર્યા.

****

સુરજ આકાશમાં ઉપર ચડવા લાગ્યો. સાંજ ચાલવા લાગી ઢળી જવા તરફ. અજવાળું ધીરે ધીરે પોતાની પાંખોને સંકોરવા લાગ્યું. પશ્ચિમના આકાશમાં ગુલાબી અને નારંગી રંગોના મિશ્રણથી દોરાયેલી સુંદર રેખાઓ ફેલાઈ ગઈ. મનને આકર્ષવા લાગી.

એ જ બાગમાં અત્યારે પણ દાદીમા અને સૌ બાળકો પોતપોતાની મસ્તીમાં મસ્ત અને વ્યસ્ત હતા. અચાનક દાદીમાએ સૌને પોતાની પાસે બોલાવ્યા. બધા દોડીને આવી ગયા. હીંચકા પર બેઠેલા દાદીમાની આસપાસ ગોઠવાઈ ગયા. સૌ ચહેરા પર પ્રશ્નાર્થ ચિન્હ ઉપસી આવ્યા.

“એ કહો કે આકાશમાં શું દેખાય છે, તમને?” દાદીમાએ સૌને પશ્ચિમ તરફ આકાશમાં જોવા કહ્યું. બધી નજરો ત્યાં દોડી ગઈ.

“સુરજ ઢળી ગયા પછીના રંગો.”

“રંગીન લીસોટાઓ.”

“આકાશની સ્વચ્છતાને બગાડતાં રંગો.”

“ઉડતા પંખીઓ.”

“પેલો ચમકતો તારો.”

“કોઈક ભૂલું પડી ગયેલું વાદળું.” અનુજ, હર્ષ, નીલા આભા, વ્રજ અને જીતે પોતપોતાની નજરે જે જોયેલું તે કહ્યું.

“મને તો આ બધું જ એક સાથે દેખાય છે.” વ્યોમાએ કહ્યું.

“એક સાવ આછેરો, ઉગીને આથમવા અધિરો થયેલો ચંદ્ર પણ દેખાય છે મને.” નીરજાએ ચંદ્ર તરફ આંગળી ચીંધી.

“ખૂબ જ સરસ બાળકો. એક જ આકાશમાં કેટલું બધું છે, અને એ પણ એક સાથે ! ખરું ને?” દાદીમાની વાત સૌ ધ્યાનથી સાંભળવા લાગ્યા.

“હા, સાચી વાત છે.” સૌએ હા પાડી.

“આટઆટલું પ્રકૃતિએ આપણને આપ્યું છે, છતાંય આપણે ક્યારેય તેની તરફ ધ્યાન નથી આપતા. પણ, આનંદની વાત છે કે તમે અલગ અલગ વસ્તુઓને જોઈ અને નોંધી પણ ખરી. હવે એક ખાસ વાત તમને જણાવું.”

“ખાસ વાત? એ વળી શું છે?”

“સવારે આપણે સૂર્યના મહત્વને સમજ્યા એમ અત્યારે ચંદ્રના મહત્વને પણ સમજવું જોઈએ. ચંદ્રનો પણ આપણાં દૈનિક જીવનમાં મહત્વનો ફાળો છે. સમુદ્રની ભરતી અને ઓટ પણ ચંદ્રને આભારી છે. આ બધું તમે ભણી ગયા છો. ખરું ને ?”

“હા... પણ ખાસ વાત શું છે?”

“આજનો ચંદ્ર એ બીજનો ચંદ્ર છે. આજથી હવે રોજે રોજ તેનું કદ થોડું થોડું વધતું જશે. પુનમને દિવસે આખો ચંદ્ર દેખાશે. ચંદ્રના વધવાના પંદર દિવસોને અજવાળિયા કે શુક્લ પક્ષ કહેવાય. પુનમ બાદ તે રોજે રોજ થોડો થોડો ઘટતો જશે અને અમાસને દિવસે પૂરેપૂરો ગાયબ. ઘટવાના આ દિવસોને અંધારિયા કે કૃષ્ણ પક્ષ કહેવાય. ચંદ્રની આ કળાઓનો ધરતી પર પ્રભાવ પડે છે.”

“વાહ દાદી, મજા પડી ગઈ.”

“આજનો બીજનો ચંદ્ર બહુ ઝડપથી આથમી જશે. ચાલો પહેલાં આ ચંદ્રને પ્રણામ કરી લઈએ.” દાદીમાએ ચંદ્રને પ્રણામ કર્યા. દાદીમાની જેમ બધાએ પણ પ્રણામ કર્યા, નીરજા સિવાય.

નીરજાએ પોતાના **16 mp** કેમેરા સાથેના મોબાઇલમાં પાતળા પણ વળાંક વાળા ચંદ્રને કેદ કરી લીધો. પશ્ચિમ આકાશના સુંદર દ્રશ્યોને પણ ચાર મિનિટની ફિલ્મમાં સમાવી લીધા.

“નીરજા, તું પણ પ્રણામ કરી લે, ચંદ્ર હમણાં જ આથમી જશે.” દાદીમાએ હુકમ કર્યો.

નીરજા જરા જુદા મૂડમાં હતી, “મારે પ્રણામ નથી કરવા.”

“કેમ? સૂર્ય-ચંદ્રના ઉપકારનો આભાર માનવો એ આપણી ફરજ છે. તેની ભક્તિ તો કરવી જ પડે ને.”

“દોસ્તી પણ એક જાતની ભક્તિ જ છે ને?”

“હા, છે જ ને.”

“તો મને દોસ્તી વાળી ભક્તિ જ ગમે છે. અને મેં, તે ક્યારની ય કરી પણ લીધી.” નીરજાએ ચંદ્ર તરફ હાથ ઊંચો કર્યો, “હાય સ્વીટ મૂન, હાઉ આર યુ?”

સૌ તેની આ ચેષ્ટા પર હસી પડ્યા.

“યસ, મારી તો આ જ સ્ટાઈલ છે દોસ્તી કરવાની. હું પણ સુરજ ચંદ્રને એટલા જ ચાહું છું. પૂજુ છું. અને એટલે જ તેને મારા કેમેરામાં અને મારા મનના ખૂણામાં સાચવી લઉ છું, હંમેશ માટે. એ પણ ભક્તિ જ કહેવાય ને, દાદીમા?”

“હા. એ પણ ભક્તિ જ છે. ઈશ્વરને અને કુદરતને કોઈ પણ સ્વરૂપે ચાહી શકાય, પૂજી શકાય. પોતાને ગમતો રસ્તો અને રીત દરેકે પોતે જ પસંદ કરવાના હોય છે.” દાદીમાએ પણ નીરજાની સ્ટાઇલમાં બધા બાળકોને અને ચંદ્રને સંબોધીને કહ્યું, “હાય સ્વીટ ફ્રેંડ્સ.”

દાદીમાના નવા અંદાજ પર સૌ મુક્ત મને હસી પડ્યા.

પ્રકરણ 7

વ્યોમા અને જીત પોતપોતાનો થેલો લઈને આવી ગયા હતા. દીપેને આપેલી સૂચના પ્રમાણે જયા અને નીરજાએ પણ પોતાની બેગ્સ તૈયાર કરી લીધી હતી. બેગમાં સૌએ ત્રણચાર દિવસની યાત્રા માટે જરૂરી સામાન, કપડાં વગેરે ભરી લીધા હતા. કેમે રા, મોબાઈલ, ચાર્જર વગેરે પણ સજ્જ થઈ રહ્યા હતા.

રસ્તામાં ચાલે એવા નાસ્તા પણ પેક થઈ ગયા. પાણીનો મોટો જગ પણ ઠંડો થઈ ગયો.

લગભગ બધું જ તૈયાર થઈ ગયું.

પણ, બાળકોને ખબર નથી પડી રહી, કે ક્યાં જવાનું છે. ખબર છે તો બસ એટલી જ કે સવારે સાડા છ વાગ્યે અહીંથી રવાના થવાનું છે. ત્રણેક દિવસ માટે ક્યાંક બહાર જવાનું છે. આ સિવાય તેઓને કોઈ જ ખબર નથી.

તેઓએ અલગ અલગ રીતે જયાને પૂછવાની કોશિશ પણ કરી જોઈ.

જયા સ્મિત સાથે કહેતી રહી, "બસ, સવાર સુધી પ્રતિક્ષા કરો. બધું ખબર પડી જશે. હા, એક વાત ચોકકસ છે કે ખૂબ મજા પડશે. ત્યાં સુધી સીક્રેટ રહેવા દો. સવારે સરપ્રાઈઝ મળી જશે."

અનેક ધારણાઓ અને કલ્પનાઓની રજાઈ ઓઢીને ત્રણેય ઊંઘી ગયા.

****

વહેલી સવારનો ઉત્સાહ સૌના ચહેરા પર દેખાવા લાગ્યો. સૌ તૈયાર થઈ ગયા. બધું જ તૈયાર થઈ ગયું હતું. ફટાફટ બધો જ સમાન ગાડીમાં ભરાવા લાગ્યો. ઘરને તાળું મારી જયા પણ ગાડી પાસે આવી ગઈ. ત્રણેય બાળકોના મુખ પર વિસ્મય અને પ્રશ્નાર્થ તો હતા જ, પણ સાથે સાથે ઉત્સાહ અને જુસ્સો પણ છલકાતા હતા. એમને એટલું જ સ્પષ્ટ હતું કે પ્રવાસમાં મજા જરૂર પડશે.

વ્યોમાએ ગાડીના અને આસપાસના થોડાક ફોટાઓ ખેંચી લીધા. દીપેને આજે જીન્સ અને ટી શર્ટ પહેર્યા હતા. સ્પોર્ટ્સ શૂઝ પણ ! તો જયાએ ઘણા વખત બાદ ઓરેન્જ ટી શર્ટ અને બ્લેક જેગિંસ સાથે સ્પોર્ટ્સ શૂઝ પહેર્યા હતા. બંન્ને ખૂબ જ ઉત્સાહથી ગાડી તરફ આવી રહ્યા હતા. બાળકો તેઓને જોતાં રહ્યા. નીરજાને લાગ્યું કે તેઓ તેના મમ્મી પપ્પા નહીં, પણ કોઈ યંગ કપલ છે જે તેના ફ્રેંડ્સ છે. તેના મમ્મી પપ્પાની ઉમર એકાદ દાયકો ઘટી ગઈ હોય એવું લાગ્યું.

વ્યોમાએ બ્લેક શોર્ટ અને ગુલાબી ટી શર્ટ, જીતે બ્લૂ શોર્ટ અને પીળું ટી શર્ટ તોનીરજાએ બ્લૂ જીન્સ અને અનેક રંગો વાળું ટી શર્ટ પહેર્યા હતા.

વ્યોમાએ બધાને ગાડી પાસે ઊભા રાખ્યા અને પ્રવાસના પ્રારંભની ક્ષણોને સદાય માટે સાચવી રખાય તે રીતે કેમેરામાં ક્લિક કરી લીધી. બધા ફટાફટ ગાડીમાં ગોઠવાઈ ગયા. દીપેને ગાડી સ્ટાર્ટ કરી. વહેલી સવારની રોમાંટિક ઠંડીમાં ગાડી દોડવા લાગી પશ્ચિમ દિશા તરફ.

"હવે તો, પપ્પા, કહોને આપણે કયાઁ જઇ રહ્યા છીએ?"નીરજાએ વાત માંડી.

"આપણે સૌ જઇ રહ્યા છીએ જંગલના રાજા સિંહને મળવા, ઉછળતા દરિયાના મોજાઓને માણવા, આકાશના વાદળોને સ્પર્શવા." પ્રવાસના વાતાવરણને વધુ રોમાંચિત કરતાં જયાએ કહયું.

"આ બધું એક જ જગ્યાએ ?" જીત બોલી ઉઠ્યો.

"હા, એક જ જગ્યાએ અને સાથે ભગવાન શિવને પણ વંદન કરતાં આવીશું." દીપેને વાત આગળ વધારી.

"તો . . . મને ખબર પડી ગઈ કે આપણે ક્યાં જઇ રહયાં છીએ."?વ્યોમા ઉત્સાહમાં બોલી ગઈ.

"તો પછી કહી દે, ચાલ."

"તે જગ્યા છે- સાસણ ગીર, ગિરનાર પર્વત અને સોમનાથ મંદિર, બરાબર ને?" ત્રણેય જણા એક સાથે બોલી ઊઠ્યાં.

"યસ. યુ ઓલ આર ગેસિંગ રાઇટ." દીપેને બાળકોના ઉત્સાહને ટકાવી રાખવા પૂરા જોશ સાથે બાળકોને બિરદાવ્યા.

"તો સૌથી પહેલાં ક્યાં જઈશું?" જીતની જિજ્ઞાસા વધી ગઈ.

"સીધા જ સાસણગીર જઈશું. ત્યાં ખુલ્લા ફરતા સિંહોને મળવાની એપોઈંટમેંટ છે આપણી."

"પછી?"

"ત્યાંથી સાંજ સુધીમાં જુનાગઢ પહોંચી જઈશું."

"પછી?"

"કાલે ગિરનાર પર્વત પર વાદળોને ભેંટીશું, પછી સોમનાથના દરિયાને ભીંજવીશું અને છેલ્લે ભગવાન શિવના દર્શન કરી પરત અમદાવાદ આવીશું." જયાએ પ્રવાસનો કાર્યક્રમ ટૂંકમાં જ કહી દીધો.

ગાડી રસ્તા પર સડસડાટ દોડવા લાગી. સૌ પોતપોતાના પ્રવાસની કલ્પનામાં ખોવાઈ ગયા.

દીપેને ડ્રાઇવિંગ પર ધ્યાન કેન્દ્રિત કર્યું. જયા બાજુમાં બેઠી હતી અને દીપેન સાથે થોડી થોડી વાતો પણ કરતી હતી.

પાછળની સીટ પર વ્યોમા અને નીરજા હતા. તો સૌથી પાછળની સીટ પર જીત એકલો જ બેસી ગયો હતો.

ત્રણેયની પાસે બારી હતી એટલે ત્રણેય ખુશ હતા. ત્રણેય બારી બહારના પોતપોતાના વિશ્વને જોઈ રહ્યા. બહારનું વિશ્વ ઝડપથી પસાર થઈ રહ્યું હતું. તેઓના મનમાંના વિચારોનું વિશ્વ તેનાથી પણ વધુ ઝડપે દોડી રહ્યું હતું. પ્રવાસનો રોમાંચ હવે પ્રવેશી ચૂક્યો હતો.

ગાડી ચાલતી રહી. સંગીત, વાતો, મજાક-મસ્તી, નાસ્તો-પાણી પણ સાથે ચાલવા લાગ્યા.

લગભગ છ કલાક અને **335** કિલોમીટર જેટલી યાત્રા કરી ગાડી સાસણ ગીરના પ્રવેશ દ્વાર પર આવી ઊભી.

સાસણ ગીર એટલે સિંહોનું અભયારણ્ય. વનના રાજા માટેનું મુક્ત જંગલ. દરિયાઈ સપાટીથી **1500** ફૂટ ઉપર વસેલું ગાઢ જંગલ.

ઉપર ખુલ્લુ આકાશ, ચારે તરફ ફેલાયેલું જંગલ, વચ્ચે ક્યાંક વહેતું પાણી, વહી જતાં રસ્તાઓ પર ચાલતી બંધ જીપો.

સફારી જિપમાં પાંચેય જણા બેસી ગયા. જીપ બધી બાજુએથી લોખંડની મજબૂત જાળીઓ વડે ઢંકાયેલી હતી. જાણે જીપે કોઈ ગુનો કર્યો હોય અને તેને આજીવન કેદ થયેલ હોય તેમ પિંજરે પુરાયેલી લાગતી હતી. જીપનો ડ્રાઈવર છ ફૂટથી પણ વધુ હાઇટ અને મજબૂત-ખડતલ શરીર વાળો હતો. તે ડ્રાઈવર કરતાં સિક્યુરિટી કમાન્ડો વધુ લાગતો હતો.

જીપમાં સાતેક વ્યક્તિ બેસી શકે તેવી વ્યવસ્થા હતી. પાંચેય જણા બારી પાસેની સીટ પર બેસી ગયા. જીપનો દરવાજો બંધ કરતાં કરતાં ડ્રાઇવરે સૂચનાઓ આપવા માંડી.

સૌ જંગલના વાતાવરણથી એટલા રોમાંચિત અને ઉત્સાહિત હતા કે કોઈએ તેની સૂચનાઓ પર પૂરતું ધ્યાન ન આપ્યું.

જીપ ચાલવા લાગી. કેદ જીપની બારીઓના કાચ પણ બંધ હતા. ધીરે ધીરે જીપ જંગલની વચ્ચે વહેતા, રમતા રસ્તા પર આગળ વધવા લાગી અને ડ્રાઈવરના મુખેથી જંગલ અને સિંહ વિશેની માહિતી પણ.

"આ અભયારણ્ય એશિયાનું સૌથી મોટું છે. **1412** કિલોમીટર વર્ગમાં ફેલાયેલ છે. અહીં **panthera leo parsica** નામની સિંહોની જાતને વિકસાવવામાં આવી છે. **700** જેટલા સિંહો અહીં વસે છે એવો અંદાજ છે. **400** થી પણ વધુ વનસ્પતિઓની જાતોનું પ્લાંટેશન થયેલું છે. …"

જીપ બહારના ભાવ વિશ્વમાં સૌ એટલા ખોવાઈ ગયા હતા કે શરીરથી જ તેઓ જીપની અંદર હતા. બાકી તેઓનું અસ્તિત્વ જંગલમાં એકાકાર થઈ ગયું હતું. ડ્રાઇવરની જાણકારી, માહિતી અને સૂચનાઓ સ્થૂળ કાનો પર પડઘાતા જરૂર હતા, પણ

સંભળાતા કેટલા હતા એની કોઈને ખબર ના હતી.

પાંચ-સાત મિનિટ બાદ ડ્રાઇવરે બધાનું ધ્યાન ડાબી બાજુએ દોર્યું. બધી દ્રષ્ટિ તે તરફ ફરી.

જીપથી **75-80** ફૂટ દૂર બે સિંહ મુક્ત ફરી રહ્યા હતા. સૌએ સિંહના દર્શન કર્યા.

મુક્ત સિંહના પહેલાં દર્શન !

સૌ બોલી ઉઠ્યા, "વા ... આ .....ઉ ......"

આ અનોખો અને અદભૂત અનુભવ હતો. અત્યાર સુધી ઝૂમાં બંધ પિંજરમાં અનેક પ્રાણીઓને જોયા છે. જ્યાં ખૂંખાર પ્રાણીઓ પિંજરમાં કેદ હોય અને આપણે મુક્ત મને ફરતા હોઈએ.

અહીં સ્થિતિ ઊલટી હતી. દુનિયા પર રાજ કરતો માણસ પિંજરમાં કેદ છે અને જંગલનો રાજા ખુલ્લો ફરી રહ્યો છે.

આપણાં શહેરમાં સિંહ આવ્યો હોય એને આપણે પિંજરમાં પૂરી દઈએ, એમ આપણે હવે તેના રાજમા તેની સત્તામાં આવ્યાં હોઈએ ત્યારે, જાણે તે બદલો લેતો હોય તેમ તે ખૂલો અને આપણે પિંજરમાં કેદ !

કશુંક નવું લાગવા માંડ્યુ સૌને .

ગાડી ધીરે ધીરે સિંહો તરફ જઇ રહી હતી. ગાડી અને સિંહો વચ્ચેનું અંતર હવે ઘટીને વીસેક ફૂટ થઈ ગયું. સૌએ પોતપોતાના મોબાઇલના કેમેરામાં સિંહોને કેદ કરવા માંડ્યા. ડ્રાઇવરે ગાડી રોકી. હવે સિંહોને સ્પષ્ટ જોઈ શકાતા હતા.

સિંહોએ તેઓના આગમનની નોંધ પણ ના લીધી. બંને પોતાની મસ્તીમાં મસ્ત હતા. જાણે માનવજાતને ઓળખતા પણ ના હોય તેમ, તેઓની હાજરીને અવગણી.

ડ્રાઇવરે ગાડી ફરી આગળ ચલાવી. ગાડીના જવાના અવાજથી સિંહો ચોંકી ગયા હોય તેમ સફાળા જ ઝટકા સાથે ઊભા થયા, અને જીપની આગળ આવીને રસ્તો રોકીને ઊભા રહી ગયા. જીપની બરાબર સામેજ ઉભેલા વનરાજને જોવાની મજા પડી ગઈ. સૌ આનંદિત થઈ ગયા. સૌએ તેને ધારી-ધારીને જોયા. લગભગ દરેક એંગલથી જોયા. ખૂબ ખુશ થઈ રહ્યા હતા સૌ. વનરાજ જાણે સામેથી અભિવાદન કરવા આવ્યા હોય તેવું લાગ્યું.

આમ જ **7** થી **8** મિનિટ પસાર થઈ ગઈ. સિંહ દર્શનથી સૌ સંતૃપ્ત થઈ ગયા, ધરાઇ ગયા. સિંહો હજુ પણ ત્યાં જ સ્થિર થઈ ઊભા હતા. ખસવાનું કે જવાનું નામ જ નહોતા લેતા. રસ્તો પૂર્ણપણે રોકીને ઊભા હતા. સૌને એમ હતું કે થોડી જ વારમાં તો તેઓ ત્યાંથી ચાલ્યા જશે અને જંગલમાં જીપ આગળ વધી જશે.

પણ,સિંહોએ કાંઇ એવું નહોતું વિચાર્યું. આ સૌની ધારણા સાથે તેઓ સંમત ન હતા. એટલે તો રસ્તાની વચ્ચો વચ્ચ આમ રસ્તો રોકી રહ્યા હતા.

હવે સૌની ધીરજ ખૂટવા લાગી. સૌ અધીરા થયા હતા. સિંહ હટીને માર્ગ આપી દે, તો અહીંથી જઇ શકાય. અધીરાઇ હવે ધીરે ધીરે છુપા ભયમાં ફેરવાતી જતી હતી.

જયાએ ડ્રાઇવરને પૂછી લીધુ, "આ સિંહો આમ જ રસ્તો રોકીને કેટલી વાર ઊભા રહેશે. આગળ ક્યારે જવાશે?"

"સિંહોનું તો કાંઇ નક્કી નહીં, બેન. ઘણી વખત લાંબો સમય પણ તે આમ જ રસ્તા વચ્ચે ઊભા રહે અને આપણે પ્રતિક્ષા કરતાં રહીએ કે ક્યારે તે માર્ગ આપશે."

"જો તે કલાકો સુધી માર્ગ ન આપે તો?" જીત બોલી ઉઠ્યો.

"તો આગળ ના જઈ શકાય."

"પાછા તો વળી શકાય ને?" વ્યોમા હવે ભયગ્રસ્ત થવા લાગી.

"હા, પાછા જરૂર વળી શકાય." ડ્રાઇવરના આ શબ્દોએ સૌને ભય અને ચિંતા મુક્ત કરી દીધા.

ફરી સૌ પ્રતિક્ષા કરવા લાગ્યા સિંહોના હટી જવાની.

દીપેને જંગલને જોવા માંડ્યુ. અનેક પ્રકારના વૃક્ષો નજરે ચડ્યા. ઘટાદાર જંગલની વચ્ચે કેસર કેરીનાં ઝાડ. અસંખ્ય ઝાડ.

"પેલા દેખાય છે તે કેસર કેરીનાં ઝાડ છે. અહીંની કેસર કેરી ખૂબ સરસ અને મીઠી હોય છે. આપણાં શહેરમાં તે અહીંથી જ આવે છે." દીપેને સૌનું ધ્યાન બીજે દોરવા વિષય બદલ્યો.

"તો ચાલોને, અહીંથી ગાડી ભરીને કેસર કેરીઓ સાથે લેતા જઈએ." નીરજાના મનમાં કેરીની તલપ જાગી ગઈ.

"અત્યારે કેરી પાકવાની મૌસમ નથી, નીરજા. કેરી તો એપ્રિલ મે મહિનામાં આવે." જયાએ નીરજાની કેરીની તલપને ઠંડી પાડી દીધી.

જીપની અંદર શાંતિ વ્યાપી ગઈ.

પણ જીપની બહારથી આવતા અવાજો તિવ્ર હતા. સૌનું ધ્યાન તે તરફ ગયું. પાછળ વિતી ગયેલા રસ્તા પરથી આવી રહ્યા હતા, એ અવાજો. સૌએ પાછળ નજર કરી. નવ થી દસ જીપો પાછળ આવી ગઈ હતી. તેઓ પણ રસ્તા પર પ્રતિક્ષા કરતાં હતા.

પ્રતિક્ષા કરતાં કરતાં તેઓની પણ ધીરજ ખૂટવા લાગી હતી. એટલે જ ધીમો ધીમો ગણગણાટ હવે કોલાહલનું રૂપ ધારણ કરવા લાગ્યો હતો. સૌના મોઢા પર અણગમો ઉગેલો હતો જે શબ્દો વડે જંગલની શાંતિમાં ખલેલ પહોંચાડી રહ્યો હતો.

સૌની અધીરાઇ વચ્ચે પણ બધી જ જીપના ડ્રાઈવરો શાંત ચિત્તે પ્રતિક્ષા કરતાં બેઠા હતા. તેઓને બાકી બધાની અધીરાઇ જરા પણ સ્પર્શતી ન હતી.

કોઈએ અવાજ દીધો, "ભાઈ, હોર્ન મારોને. સિંહો હટી જશે અને રસ્તો આપી દેશે."

"આ શહેરનો રસ્તો નથી, જંગલનો માર્ગ છે. અને અહીં બેઠા છે તે શહેરના ગાય, ભેંસ કે ગધેડા નથી કે જે હોર્નના અવાજથી રસ્તો આપી દે. આ તો વનરાજ છે. આપણે તેની ટેરિટરીમાં, તેના રાજયમાં છીએ- જંગલમાં. અહીં તો કાનૂન પણ તેનો અને રાજ પણ તેનું. એની મરજી પ્રમાણે આપણે ચાલવું પડે. જો હોર્ન વગાડીએ અને સિંહોનું છટકી ગયું તો આક્રમણ પણ કરવા લાગે. માટે ચૂપચાપ પ્રતિક્ષા કરવામાં જ ભલાઈ છે." ડ્રાઈવરોએ જંગલની રીતભાત સમજાવી દીધી.

સૌ સ્તબ્ધ બની ગયા. ચૂપ થઈ ગયા. જંગલ તેની પોતીકી અને જાણીતી શાંતિથી છલકાઈ ગયું. એકદમ શાંતિ વ્યાપી ગઈ. બધા જ સાવ સ્થિર થઈ ગયા. શબ્દો પણ, ઘોંઘાટ પણ, જંગલ પણ, અને શાંતિ પણ !

વનરાજ ઊભા થયા. બે ત્રણ જીપો ફરતે ચક્કર લગાવી ને નીરજાની બારી પાસે આવીને ઊભા રહી ગયા. નીરજા તરફ તેઓએ આંખો માંડી. નીરજા તેની આંખોને જોઈને ધ્રુજી ગઈ. તેણે બારી બહારથી નજર હટાવી લીધી.

ફરી શાંતિ છવાઈ ગઈ.

શાંત જંગલને પ્રેમ કરતાં હોય તેમ વનરાજે સૌ તરફ એક સત્તાવાહી નજર કરી અને બસ ચાલી નીકળ્યા પોતાની રાહ પર. જતાં જતાં જાણે કહેતા હોય, 'જંગલને પોતાના નિયમો છે, પોતાની શાંતિ છે. તેને તમારા સમાજના નિયમો અને શબ્દોથી ખંડિત કરશો તો અમો ફરી રસ્તો રોકીને ઊભા રહી જઈશું. અને જીંદગીભર આમ જ કેદ થઈને રહી જશો. માટે શિસ્ત જાળવી રાખજો.' સૌને તેની આંખમાં રહેલો સંદેશો બરોબર સમજાઈ ગયો.

સૌ મૌન થઈ ગયા. ક્યાંય સુધી.

સિંહો કૂદીને દોડી ગયા જંગલ તરફ. રસ્તો હવે સાફ હતો. ગાડીઓ હવે આગળ વધવા લાગી. જંગલમાં અન્ય પશુપંખીઓ અને પ્રાણીઓ પણ જોવા મળ્યા. સિંહોના ઘણા ટોળાં પણ જોયા. અઢીએક કલાક બાદ જીપ ફરી ત્યાં જ આવીને ઊભી, જ્યાંથી સૌએ સફારીની યાત્રા શરૂ કરી હતી.

સૌ કારમાં બેસી ગયા. ચહેરાઓ જંગલના અનુભવોથી રોમાંચિત હતા, તો ભૂખ તરસથી થોડા કરમાયેલા પણ.

હાઇવે પરની હોટલ પર સૌ જમ્યા.

ગાડી હવે ચાલવા લાગી જુનાગઢ તરફ. 80 કિલોમીટરની દૂરી પર જુનાગઢ હોવાની માહિતી આપી રહ્યો હતો, રસ્તા પરનો

માઈલ સ્ટોન.

સાંજ ઢળી ગઈ. ગાડી જુનાગઢ શહેરમાં પ્રવેશી ગઈ.

ગીરના જંગલથી જુનાગઢ સુધીની યાત્રામાં સૌના મનમાં ગીરનું જંગલ, સિંહો અને રોમાંચક યાત્રા જ છવાયેલા રહયાં.

સૌ હોટેલના રૂમમાં ગોઠવાયા. સૂતા પહેલાં દીપેને આવતીકાલનો પ્લાન સમજાવ્યો. સવારે વહેલા તૈયાર થઈ જવાની સૂચના પણ આપી દીધી.

વ્યોમા અને નીરજા એક જ રૂમમાં હતા. સૂઈ જવા બંને એકસાથે જ પથારીમાં પડી તો ખરી પણ વ્યોમા ક્ષણભરમાં તો ઘસઘસાટ ઊંઘી ગઈ. નીરજાને ઊંઘ ન આવી.

તેના મનમાં જંગલ અને તેનો રાજા સિંહ અડિંગો જમાવીને બેસી ગયા. જંગલમાં દાખલ થયા ત્યારથી બનેલી તમામ ઘટનાઓએ કબ્જો લઈ લીધો, તેના મનનો. ફરી ફરીને તેનું મન એક જ વાત પર આવીને અટકી જતું હતું.

આટલું સુંદર જંગલ ! ખૂબ ગાઢ જંગલ. કેટકેટલાં વૃક્ષો અને અમાપ હરિયાળી. ક્યાંક વહેતા નાના નાના પાણીના ઝરણાંઓ. કેસર કેરીનાં વૃક્ષો.

આ બધું જ જોયું. પણ? પણ ન જોયા જેવું.

જીપમાંથી એક ક્ષણ માટે પણ નીચે ઉતરવા ના મળે? અરે ! જંગલની ધરતી પર પગ મૂકવા પણ ના મળે? ઘટાદાર વૃક્ષોનો છાંયડો માણવા પણ ના મળે? તે વૃક્ષોને અડવા પણ ના મળે? તેની ડાળીઓ પર ઝૂલવા ના મળે? કેસર કેરી તોડીને ખાવા ના મળે?

બસ, માત્ર દૂરથી જ જોઈને મન મનાવવાનું? આ તે કેવું? ખરેખર જંગલને માણ્યું ખરું? કે બસ બંધ જીપના પિંજરમાં બેસીને ખાલી જોયું? જીપની બારીનો કાચ પણ ન ખોલી શકાય ! જંગલની હવા પણ જીપની અંદર આવીને, આપણને સ્પર્શી ના શકે?

જંગલનો જરા પણ અહેસાસ ના થવા દીધો. જંગલનો કોઈ ધબકાર પણ ન સાંભળી શકાયો. જંગલ ધબકતું પણ હતું ખરું? મને નથી ખબર. કદાચ ધબકતું પણ હોય. ન પણ હોય.

ના. ના. આ મુલાકાતને જંગલના અનુભવ તરીકે કોઈ પણ હાલતમાં સ્વીકારીશ નહીં. તેણે મનમાં નક્કી કરી લીધું કે તેણે ક્યારેય જંગલને માણ્યું નથી. માટે જંગલને માણવા તે ફરીથી કોઈ ખુલ્લા જંગલમાં જશે. જંગલના કણે-કણ ને સ્પર્શશે, અનુભવશે, ને ત્યારે જ તે પોતાના મનની ડાયરીમાં જંગલને મળ્યાની સ્વીકૃતિ નોંધશે.

જંગલને મળવાની તિવ્ર પ્યાસ તેનામાં ઉઘડી. તે પ્યાસને તે જરૂર બૂઝાવશે, તે પણ પોતાની રીતે. એ પ્યાસને મનમાં લઈને તે ઊંઘી ગઈ.

પ્રકરણ 8

સવારનો સુરજ ઊગે એથીય ઘણા વહેલા પાંચેય જણા ગિરનાર પર્વતની તળેટી પર આવી પહોંચ્યાં. પાંચ વાગવાનો સમય હતો. તળેટીમાં થોડી ઘણી ચહલ પહલ હતી. સુરજ ઊગતા પહેલાંના અંધારામાં જ પર્વત પર ચઢાણ શરૂ કરવાવાળા 25 - 30 જણા અને સ્થાનિક દુકાનદારો સિવાય પર્વત પૂરેપૂરો નિંદ્રાધીન હતો.

સૌએ વજનમાં ખૂબ જ હલકા વસ્ત્રો પહેર્યા હતા. શક્ય એટલો ઓછો સમાન લીધો હતો. મોબાઈલ, ઇયરપીસ ઉપરાંત રૂમાલ, નેપકિન સિવાય ખાસ કાંઇ જ સાથે ન હતું.

રસ્તામાં ભૂખ અને તરસ પણ લાગશે જ. પણ કશું જ સાથે નહીં લેવાની દીપેનની સૂચનાઓનું દિલથી પાલન કરેલું, સૌએ.

તળેટીમાં દુકાનદાર લાકડીઓ પણ રાખતા હતા. જેમ જેમ ઉપર ચડતા જઈએ તેમ તેમ થાક વધતો જાય અને શક્તિ ઘટતી જાય, ત્યારે લાકડીના ટેકે શરીરને થોડો સહારો મળી જાય અને ફરી આગળ જઈ શકાય.

પરંતુ કોઈએ લાકડી પણ ના લીધી. બસ ખાલી હાથે જ ઉપર ચડવા લાગ્યા.

નીરજા, જીત અને વ્યોમાને કોઈ જ અંદાજ ન હતો કે આ પર્વત કેટલો ઊંચો છે? કેટલા પગથિયાં ચડવાના છે? ઉપર શું શું જોવા મળશે? કેવા કેવા અનુભવો થશે? કેટલો સમય લાગશે? કેટલી તકલીફો પડશે?

આ બધી જ વાતથી અજાણ ત્રણેય ચડવા લાગ્યા, ઉત્સાહ અને રોમાંચના આનંદ સાથે.

દીપેન અને જયા પણ એવું જ ઇચ્છતા હતા. જો આ બધી બાબતોનો બાળકોને અંદાજ હોય તો તેઓ હિમ્મત જ હારી જાય. કદાચ પહાડ પર ચડવાનું પણ માંડી વાળે. માટે જ બધું ગુપ્ત રાખેલું અને અંધારામાં જ ચડવાનું શરૂ કરાવી દીધું. જેથી પર્વતની ઊંચાઈનો ખ્યાલ પણ ના આવે અને જ્યારે સુરજ ઊગશે, અજવાળું થશે ત્યારે તો લગભગ મોટાભાગની મંજલ કાપી પણ લીધી હશે.

બધું જ બરાબર ધાર્યા પ્રમાણે જ શરૂ થયું, ગિરનાર પર્વત ચડવાનું અભિયાન ચાલુ થઈ ગયું.

ગિરનાર પર્વત, જેની પર્વતમાળાઓ હિમાલયની પર્વતમાળાઓથી પણ જૂની હોવાનું મનાય છે. ઊંચાઈ 3383 ફૂટ. હિન્દુ અને જૈન આસ્થાનું કેન્દ્ર બિંદુ.

અહીં અનેક જૈન મંદિરો આવેલા છે, તો ભવનાથ મહાદેવનું શિવ મંદિર પણ છે. માતા અંબાજી અને ગુરુ દત્તાત્રેયનું મંદિર પણ. બ્રાહ્મી લિપિમાં લખાયેલ સમ્રાટ અશોકનો શિલાલેખ પણ છે. ગિરનારની ટોચે ગુરુ દત્તાત્રેયની પાદુકા છે, જ્યાં પહોંચવા માટે 10000 હજાર જેટલા પગથિયાનું ચઢાણ પૂરું કરવું પડે છે.

આવા ઉત્તુંગ પર્વત ગિરનારને આંબવા માટે નીરજા,જીત અને વ્યોમા નીકળી પડ્યા, જેને પર્વતની ઊંચાઈ કે તેના લાંબા માર્ગનો જરા પણ અંદાજ નથી. દીપેન અને જયા પણ તેની સાથે સાથે આગળ વધવા લાગ્યા. બધું જ પ્લાન પ્રમાણે ચાલી રહયું હતું.

પર્વતને દૂરથી જોવો અને પર્વત પર ચડીને તેની ઊંચાઈને સ્પર્શવું એ બંને સાવ અલગ વાત ! અત્યાર સુધી અનેક જગ્યાએ પહાડને જોયો હતો ફિલ્મોમાં, ટીવીમાં, ફોટાઓમાં, ક્યારેક દૂરથી સાવ સાચો તો ક્યારેક સાવ નજદીકથી પણ સાવ ખોટો. પરંતુ, ક્યારેય પહાડ ચડવાનો પ્રયાસ પણ નહોતો કરેલો, એવા ત્રણેય બાળકો ભરપૂર ઉત્સાહથી છલકાતા અને ખુશ થતાં ચડવા લાગ્યા, અજાણ્યા ગિરનાર પર્વત પર. પહેલો અનુભવ, રોમાંચ અને વિસ્મયના અજવાળા લઈને.

દીપેન અને જયા આ અગાઉ પણ એક વખત ગિરનાર પર્વતની ચડાઈ કરી ચૂક્યા હતા. એટલે તેમને તેમના રસ્તાની અને મંઝીલની પૂરેપુરી ખબર હતી. ગાઢ અંધકારમાં શિયાળાની શરૂઆતના દિવસોની, તન અને મન બંનેને ગમતી ઠંડીને હાથ પગમાં ભરીને સૌ ચડવા લાગ્યા.

શરૂઆતમાં થોડા પગથિયાં ચડવાનું અને થોડું ચાલવાનું સાથે સાથે ચાલતું રહ્યું. ધીરે ધીરે પર્વતનો રસ્તો તેની ઊંચાઈ તરફ વધવા લાગ્યો. સૌના પગ પણ ઊંચાઈ પામવા લાગ્યા.

ગણ્યા ગાંઠયા પગરવ સિવાય આખો રસ્તો મૌન હતો. મૌન પણ તેની ઊંચાઈ તરફ ગતિમાન હતું.

લગભગ 2 માઈલ ચડ્યા બાદ મંદિરો દેખાવા લાગ્યા. અંધકાર હજુ પણ હતો, સૂર્યોદય થોડો દૂર હતો. આછા અજવાસમાં દેખાતા મંદિરોની આકૃતિઓ દિવ્ય લાગતી હતી.

આ મંદિરો દિગંબર જૈન મંદિરો હતા. સુંદર મંદિરો. ભગવાન બાહુબલી, ભગવાન નેમિનાથ અને ભગવાન પાર્શ્વનાથના મંદિરો. બાજુમાં જ રાજુલમતીની ગુફા.

વહેલી પરોઢના અંધારામાં દેખાતી મંદિરોની ભવ્યતા આંખને ગમે તેવી હતી. સૌએ મંદિરો જોયા. બાળકોને પણ ગમ્યા. મંદિરના પ્રભુ હજી જાગ્યા ન હતા એટલે તેને સૂતા છોડી સૌ આગળ વધ્યા.

ધીરે ધીરે અંધારું ભાગતું હતું. આછો ઉજાસ પગરવ કરવા લાગ્યો. ધીરે ધીરે પહાડ, રસ્તાઓ, અને કપાઈ ચૂકેલો પંથ, બાકી રહેલો માર્ગ વગેરે દેખાવા લાગ્યા.

નરી આંખે આટલી નજીકથી પહાડને જોવાનો ત્રણેય બાળકોનો આ પહેલો જ અનુભવ હતો. ખૂબ જ રોમાંચિત થઈ ગયા. જીત તો નાચવા લાગ્યો. રસ્તાની એક તરફના ઊંચા ખડકને અડવા લાગ્યો. ભેંટવા લાગ્યો. હાથ મિલાવવાની પણ કોશિશ કરી જોઈ પહાડ સાથે, પણ પહાડનો મૂડ ન હતો. તેણે જીત તરફ હાથ ના લંબાવ્યો. તો ય તેને પહાડ ગમી ગયો. મજા પડી ગઈ.

વ્યોમાએ નીચેની દિશામાં નજર કરી. આછા અજવાળામાં પણ પસાર થઈ ચૂકેલી ખીણો અને વાંકા ચુકા રસ્તાઓ દેખાયા. તે વિસ્મય પામી ગઈ.

આટલી બધી ઊંચાઈ પર તે આવી પહોંચી હતી ! દૂર દેખાતી સુંદર પણ ખતરનાક ખીણો અને રસ્તાઓ તેને કહી રહ્યા હતા, કે તેણે પર્વતની ઊંચાઈને પ્રાપ્ત કરવાનો માર્ગ અડધો તો કાપી લીધો છે. પ્રાપ્ત કરેલી ઊંચાઈનો તેને આનંદ થયો. સાથે સાથે થોડો અહંકાર પણ,'હું આકાશને આંબી શકું છું. ધરતી મારા પગ તળે છે. થોડી વારમાં તો આ ગર્વથી ઊંચો થયેલો પહાડ પણ મારા પગ તળે હશે.' અને તે ખડખડાટ હસી પડી.

નીરજાએ એક નજર નીચે કરી. વિતી ગયેલો રસ્તો તેને આકર્ષી ના શક્યો. તેના મનને તો પર્વતની બાકી રહેલી ઊંચાઈ તેને પડકારી રહી હતી. તેણે ઉપર આસમાનમાં દ્રષ્ટિ કરી. હજુ ય પર્વત તો ખાસ્સો ઊંચો છે અને ચડવાનું પણ ઘણું બાકી છે.

ઊંચા ઊંચા ખડકો અને વાદળો વાતો કરતાં હતા. કેવા પાક્કા મિત્રો હશે તે? આ વાદળો પર્વતના ખડકોને સ્પર્શીને, અથડાઈને, રોકાઈને તો કયારેક તૂટીને પણ આગળ વહેવા લાગ્યા. તેણે બાકી બચેલી ઊંચાઈને પણ પામી લેવાનો નિર્ધાર કરી લીધો. તે ઝડપથી ચડવા લાગી.

"અરે, નીરજા. જરા ઊભી તો રહે." ઝડપથી ચડતી નીરજાને થોભવા અને સૌની સાથે આગળ વધવા માટે જયાએ તેને રોકવા પ્રયાસ કર્યો. પણ, નીરજાના પગમાં કોઈ અજબનું જોમ આળોટતું હતું. તેણે જયાની વાત સાંભળી જ નહીં. તે આગળ વધી ગઈ, એકલી જ.

જીત અને વ્યોમા પણ તેની પાછળ દોડ્યા. ત્રણેય સાથે ચડવા લાગ્યા.

દીપેન અને જયા, તાજી આવેલી પાંખોથી ઉડતા પતંગિયાઓને જોઈ રહ્યા. તેઓ પણ ધીરે ધીરે આગળ વધવા લાગ્યા.

5000 જેટલા પગથિયાં ચડીને સૌ પહેલાં નીરજા અને થોડી વાર બાદ જીત અને વ્યોમા પહોંચી ગયા, અંબાજી માતાના મંદિરે. વિશ્રામ માટે અહીં સુંદર વ્યવસ્થા હતી. ઘણા લોકો અહીં સુધી ચડીને પરત ફરી જાય છે. પણ, આ પડાવ તો ગિરનાર પર્વતની મંઝિલનો રસ્તો અડધો જ કાપ્યાનો સંદેશ આપે છે.

ત્રણેય જણાએ વિશ્રામ કરવાનું અને દીપેન અને જયા આવે ત્યાં સુધી તેમની પ્રતિક્ષા કરવાનું નક્કી કરી લીધું. બેસી ગયા, એક મોટા ઓટલા પર. સાથે બેસીને તેઓની નજર અલગ અલગ આકાશને નિરખવા લાગી.

થોડીક દુકાનોના નામ વાંચવા મળ્યા. હજુ તો ખૂબ જ વહેલી સવાર હતી એટલે તેમાંની કોઈક જ દુકાન ખૂલી હતી. જેમાં ગરમ ગરમ ચા બની રહી હતી. વહેલા ચડી ગયેલા મુસાફરો ચાનો સ્વાદ માણી રહ્યા હતા. બહુ જ થોડા લોકોની હાજરી હતી.

સવારનો સુરજ હવે ઊગી રહ્યો હતો. ચહલ પહલ વધવા લાગી. માતાજીનાં મંદિરનો ઘંટનાદ સંભળાયો. ત્રણેય જણા મંદિરમાં જઈ, દર્શન કરીને પરત આવી બેસી ગયા, એ જ ઓટલા પર.

પવન વહેતો હતો. સમય પણ. બંને મંદ મંદ હતા. દીપેન અને જયાની પ્રતિક્ષામાં સમય ખૂબ ધીમે ધીમે ગતિ કરતો હોય તેવું

લાગ્યું.

પ્રતિક્ષા. પ્રતિક્ષાનો સમય કેમ હંમેશા લાંબો હોતો હશે?

થોડી વારમાં બીજી બે ત્રણ દુકાનો પણ ખૂલી ગઈ. તેમાં ઠંડા પીણાં, જ્યુસ, લીંબુ શરબત, થોડો નાસ્તો, ગરમ ભજીયા અને ગાંઠિયા મળવા લાગ્યા. ચા સાથે નાસ્તાના વિકલ્પો પણ મળવા લાગ્યા. લોકો ચાની દુકાન છોડી પેલી દુકાનો તરફ જવા લાગ્યા.

જીત પ્રતિક્ષાથી કંટાળ્યો. ચંચળ બની ગયો. ઓટલા પરથી ઊઠીને ચાલવા લાગ્યો, ચારે તરફ નજર કરવા લાગ્યો.

પહાડને, ખીણને, વહેતા પવનને, આકાશને, વાદળોને, સૂરજના પ્રકાશને, સવારની લાલીને તે માણવા લાગ્યો. જાણે બધું જ પોતાનામાં એકસાથે સમાવી લેવું હોય તેમ તે આ તમામને નજર દ્વારા મનમાં ઉતારી રહ્યો હતો.

નીરજા અને વ્યોમા શાંત ચિત્તે પર્વતની ઊંચાઈને, ઠંડા મધુર પવનને માણતા બેસી રહ્યા. બંને મૌન હતા. પણ, બંનેની આંખો એકબીજા સાથે વાતો કરતી હતી. અત્યાર સુધી માણેલા આનંદ અને રોમાંચને અભિવ્યક્ત કરતી હતી.

શરીરનો થાક હવે ગાયબ થઈ ગયો હતો. ઊંચાઈ અને શિયાળાને કારણે વાતાવરણમાં ઠંડીનો પ્રભાવ વર્તાવા લાગ્યો. સુરજ ઊગી તો ગયો હતો, પણ કાળા વાદળો વચ્ચે શરમાઈને સંતાઈ ગયો હતો. એટલે જ સૂરજના હોવાનો ખાસ પ્રભાવ ઠંડી પર નહોતો પડતો.

બંને કિશોર મન અને તનને આ ઠંડીનો સ્પર્શ આહ્લાદક લાગ્યો. ગમવા લાગ્યો. મીઠો લાગવા માંડ્યો.

દીપેન અને જયા પણ આવી પહોંચ્યા.

થોડો વિરામ કરી સૌ આગળ ચાલવા લાગ્યા. ઘણા લોકો માટે ગિરનાર પર્વતની ચડાઈ અહીં પૂરી થઈ જતી હતી. તેઓ અહીંથી આગળ નથી જતાં.

પણ અહીંથી આગળ હજુ પણ બે પર્વતમાળાના બિંદુઓ ઊંચાઈ પર ઊભા છે. ત્યાં સુધીની યાત્રા વધુ રોમાંચકારી છે. અહીંથી આગળની ચડાઈ થોડી અલગ પ્રકારની છે. લગભગ અંગ્રેજી **V** આકારનો યાત્રાનો માર્ગ. પહેલાં પગથીયાઓ ઉતરતા જવાનું અને એક બિંદુ બાદ ફરીથી ઉપર ચડતા જવાનું. બંને સ્થિતિમાં રોમાંચ હતો, તદ્દન ભિન્ન ભિન્ન.

સૌએ યાત્રાના આગળના માર્ગને આંખથી જોઈ લીધો, તપાસી લીધો, માપી લીધો અને મનોમન પામી પણ લીધો.

જ્યારે કોઈ પણ માર્ગ મનથી પામી લેવાય, તો તનથી પામવો ખૂબ સરળ થઈ જાય છે. સૌએ તેમ જ કર્યું. ચાલી નીકળ્યા મનથી જીતેલા માર્ગ પર.

પગથિયાં ઉતરતા જવાનું હતું. વ્યોમા અને નીરજા ધીરે ધીરે ઉતરવા લાગ્યા. આસપાસના દ્રશ્યોને, સૌંદર્યને, નજરભરીને પીતા ગયા, માણતા ગયા.

જીતને ફટાફટ રસ્તો કાપીને મંઝિલ પર પહોંચવાની ઉતાવળ હોય તેમ, આસપાસ કશું જ જોયા વિના બસ આગળ વધવા લાગ્યો. પહાડનું, આકાશનું, વાદળનું, હવાનું સૌંદર્ય તેને ક્ષુલ્લક લાગ્યું. પહાડને શકય તેટલું વહેલું જીતી લેવું, એ જ એને મન પ્રિય હતું.

દીપેન અને જયા ખૂબ જ આરામથી આગળ વધવા લાગ્યા. વર્ષો પછીનું આવું એકાંત, સંગાથ અને સાનિંધ્ય મળ્યા હતા, એકબીજાના. એક એક પળની અનુભૂતિને સ્પર્શવા લાગ્યા. નીચે તરફ લઈ જતાં પગથિયાં, ખુલ્લો રસ્તો, ઠંડુ વાતાવરણ, ઠંડી પણ માદક હવા અને એકબીજાનો હાથ.

ગુમાવેલી શક્તિ જાણે પરત મેળવી રહ્યા હોય, તેવું અનુભવવા લાગ્યા. યાત્રાનો બધો થાક ઓગળી જતો લાગ્યો.

સૌ હવે એ સ્થળ પર આવી ગયા કે જ્યાંથી હવે ફરી ચડાઈ શરૂ થતી હતી. પગથિયાં હવે ફરીને ઊંચાઈ તરફ લઈ જતાં હતા. નીચે ઉતરવાનું અને ફરી ચડવાનું. પર્વતોનું પણ જિંદગી જેવું છે, યાર !

સૌ ચડવા લાગ્યા, અલગ અલગ ગતિથી, લયથી. આ ચડાણ થોડું કપરું હતું. થોડા પગથિયાં ચડતાં જ થાક લાગતો હતો. તરસ પણ. થોડા પગથિયાં ચડતા, ફરી રોકાઈ જતાં, પાણી પીતા અને ફરી ચડવા લાગતા.

માણસોની સંખ્યા વધવા લાગી. જે લોકો વહેલા ચડી ગયા હતા તેઓ પરત ફરી રહ્યા હતા. પરત ફરતા લોકોના મુખ પર કોઈક અલગ જ ભાવ હતો. યાત્રા પૂરી કર્યાનો સંતોષ છલકાતો હતો.

મંઝિલ તરફ જતાં લોકો, મંઝિલને પામીને પરત ફરતા લોકો. એક અદભૂત સંગમ હતો જુદા જુદા બે પ્રવાહોનો.

મંઝિલથી પરત ફરી રહેલા લોકોને જોઈને, મંઝિલ તરફ જતાં લોકો, તેઓના ચહેરાના ભાવને વાંચવાની કોશિશ કરતાં હતા. તો પરત ફરી રહેલા લોકો, મંઝિલ તરફ જતાં લોકોનો પાનો ચડવાતા હતા. તેઓના ઉત્સાહને પોષતા હતા.

"હજુ કેટલું ચડવાનું બાકી છે?" વ્યોમાએ સામેથી પરત ફરી રહેલા કોઈને પૂછી લીધું.

"બસ, થોડું જ બચ્યું છે. પાંચ-સાત મિનિટમાં તો ત્યાં પહોંચી જવાશે." પેલી અજાણી વ્યક્તિએ વ્યોમા અને નીરજાના થાકેલા ચહેરા પર નવી આશા અને ઉત્સાહ ભરી દીધા.

ન વા જોમ અને વિશ્વા સ સાથે બંને ફરી ઉપર ચડવા લાગ્યા.

જીત તો ખૂબ ઉપર ચડી ગયો. તેણે નીચે નજર કરી. વ્યો મા અને નીરજાનું ધ્યાન ખેંચવા બંને હાથ હ વામાં લહેરાવ્યા. પણ તે ઓનું ધ્યાન તો ડુંગરના સૌંદર્યને પીવામાં હતું.

પણ,દીપેન અને જયાએ તેને જોઈ લીધો. જવાબમાં તેઓએ પણ હાથ હલાવ્યા. જીત ખુશ થઈ ગયો. તેણે એક મંઝિલ પ્રાપ્ત કરી લીધી હતી તેનો તેને આનંદ હતો. હાથ હલાવી તે આનંદ વ્યક્ત કરી રહ્યો હતો. કોઈ તેના આ આનંદને અને પ્રાપ્ત કરેલી ઉપલબ્ધિને જુએ, સ્વીકારે તેમ તે ઈચ્છતો હતો. એટલે જ દીપેન અને જયાના જવાબથી તે ખુશ થઈ ગયો. આગળની મંઝિલ તરફ આગળ વધી ગયો.

વ્યોમા અને નીરજાપણ ત્યાં પહોંચી ગયા. ઉપરથી તેણે આસપાસ નજર કરી. સમગ્ર પહાડને પોતા નીએક નજરમાં સમાવવા માંગતી હોય તેમ, વિહંગાવલોકન કરી લીધું. એક ઊંડો શ્વાસ લઈને બેસી ગયા.

દૂર દૂર ફેલાયેલી પહાડીઓ, તેના પર ઉગેલ વૃક્ષો, ઊંડી ખીણો, પહાડને ચૂમવા ઝૂકેલું આકાશ, નજીકથી જ ઊડી જતાં પંખીઓ, વાદળો, ઠંડી હવા અને પરસેવાગ્રસ્ત શરીર. કશુંક અનોખું અનુભવાતું હતું. અજાણ્યો પણ ગમતો રોમાંચ, રમી રહ્યો તન મન સાથે. મજા પડી રહી હતી.

થોડી જ ક્ષણોમાં ફરી તાજગી સાથે તેઓ ચાલવા લાગ્યા, જીતની પાછળ પાછળ, છેલ્લી પણ દૂર દેખાતી મંઝિલ તરફ. ફરી **V** આકારની યાત્રા.

આગળ જીત, પાછળ વ્યોમા- નીરજા, અને છેલ્લે દીપેન અને જયા.

જીત પહોંચી ગયો અંતિમ પડાવ પર. નીરજા અને વ્યોમા રોકાઈ ગયા થોડે દૂર, મંઝિલ થી. ખૂબ થાકી ગયા હતા. હજુ પણ **150** જેટલા પગથિયાં ચડવાના બાકી હતા. તે પણ સીધાઅને કપરા ચઢાણના. થાક એટલો બધો હતો કે હવે **150** પગથિયાં ચઢવાની પણ તેનામાં હિમ્મત કે શક્તિ ના રહ્યા.

ત્યાં એક દીવાલ જેવુ બાંધકામ હતું . **20** ફૂટ જેટલી પહોળી અને **12** ફૂટ ઊંચી દીવાલ. તેનો ટેકો લઈને ઊભા રહી ગયા.

હવાની કોઈ ઠંડી લહેર સ્પર્શી ગઈ. હવા તરફ નજર કરી. આટલી મોટી દીવાલમાં એક બારી દેખાઈ. માત્ર બારી. દરવાજા વિનાની – ખુલ્લી બારી. બારીની પેલે પાર નજર કરી. ઠંડો પવન ત્યાંથી બારી વીંધીને આ તરફ ધસી આવ્યો. તિવ્ર પવન. અતિ તિવ્ર. તેઓ તેની ગતિને સહી ના શક્યા. બારી છોડી દીધી.

થકેલા શરીરને આરામ મળવા લાગ્યોપણ બાકી બચેલા માર્ગ ને કાપવાના વિચારથી જ મન થાકી ગયું. કેટલોય સમય ત્યાં જ વિતી ગયો. દીપેન અને જયા પણ આવી ગયા.

"વાહ, મજા પડી ગઈ." જયાએ પોતાના ભાવ વ્યક્ત કર્યા.

"શેની મજા પડી ગઈ? તમ ને થાક નથી લાગતો. અમે તો લોથપોથ થઈ ગયા." બંને એકસાથે બોલીઉઠી.

"હા, શું મસ્ત થાક લાગ્યો છે! મજા પડી ગઈ." જયાએ સ્મિત પણ કર્યું.

"થાક ! અને એ ય મસ્ત? શું વાત કરો છો?" નીરજાએ અસહમતી વ્યક્ત કરી.

"હા, કેમ થાક મસ્ત ના હોઇ શકે?" જયા ખડખડાટ હસવા લાગી. તે આજે તોફાની મૂડમાં લાગતી હતી.

વ્યોમા થોડી ચિડાઇ ગઈ. આટલા બધા થાકમાં પણ મસ્તી અને હાસ્ય? પણ નીરજા સમજી ગઈ કે તેની મમ્મી આજે અલગ મૂડમાં છે. તે પણ વ્યોમા સામે જોઈને હસવા લાગી.

"બેટા, તને શું થયું છે?" ચૂપચાપ બેસેલી વ્યોમાને દીપેને પૂછ્યું.

"મને નથી સમજાતું કે આપણને થાક લાગે, તેમાં 'મસ્ત' હોવા જેવું શું છે? થાક એ તો દૂ:ખની વાત છે, એટલે હસવા જેવી સ્થિતિ જ નથી બનતી. હું કેમ કરી હસું ? ના હું નહીં હસું." વ્યોમા નારાજ થઈ ગઈ.

"હું સમજાવું, તને. કષ્ટ એ અનિવાર્ય છે. કોઈ પણ કામ કરો, કષ્ટ તો થવાનું જ છે. થાક પણ એક પ્રકારનું કષ્ટ જ છે. કષ્ટને સહજ સ્વીકારી લઈએ, તો તે કષ્ટ ન રહે. કષ્ટમાં કશુંક પામવાની ક્ષમતા હોય છે. જેના વડે પામી શકાય તે 'મસ્ત' જ હોય ને?" વ્યોમાને સમજાવતા સમજાવતા જયા પણ હસવા લાગી.

વ્યોમા પણ હસવા લાગી, છતાં પૂછી બેઠી, "આપના આ થાકમાં મસ્ત શું છે એ તો કહો?"

"એ જ કે આપણે આટલા પરિશ્રમ બાદ એક પર્વતને આંબી શક્યા છીએ. તેની ઊંચાઈને પામવાના આનંદ સામે થાકનું કષ્ટ સાવ નગણ્ય છે. આ થાક વડે આપણે ઊંચાઈને પામ્યા છીએ, માટે આ થાક મસ્ત છે. કેમ ખરું કે નહીં?"

"ચાલો. મસ્ત થાક ઉતરી ગયો હોય તો હવે બાકી રહેલ થોડા પગથીયાને ચડીને, મંઝિલને હાથ વગી કરી લઈએ." દીપેન ચાલવા લાગ્યો અંતિમ પડાવ તરફ.

જયા, નીરજા, વ્યોમા પણ આગળ વધી ગયા.

સૌ ગિરનાર પર્વતની ઊંચામાં ઊંચી જગ્યા પર પહોંચી ગયા. આ ગુરુ દત્તાત્રેયની ચોટી તરીકે જાણીતું છે. ચારે તરફ ખૂબ જ ઊંડી ખીણો વ્યાપેલ હતી. દૂર દૂર પથરાયેલી પહાડીઓ અને હરિયાળી એક અદભૂત દ્રશ્ય રચી રહયા હતા. તેના ચુંબકીય આકર્ષણથી બચવું અશક્ય જ હતું.

સૌએ પોતપોતાની નજર, તિવ્રતા અને તરસ પ્રમાણે કુદરતના આ સૌંદર્યને ભરપૂર માણ્યું. કેટલીય ક્ષણોને કાયમ માટે સાથે રાખવા, મોબાઇલના કેમેરામાં કેદ પણ કરી લીધી.

અહીં એકદમ તિવ્ર ખાંચા જેવા ખડક પર એક મોટો ઘંટ લટકતો હતો. તેની બરોબર નીચે, પાંચેક ફૂટના અંતરે ગુરુ દતાત્રેયના ચરણ હતા.

શ્રદ્ધાળુઓ પોતપોતાની શ્રધ્ધા અનુસાર ભક્તિ પ્રકટ કરતાં હતા. કોઈ મસ્તક નમાવીને તો કોઈ હાથ જોડીને, તો કોઈ ઘંટ વગાડીને. કદાચ કેટલાક લોકો આટલી લાંબી અને અઘરી યાત્રાની સફળતા માટે ઈશ્વરનો આભાર પણ માની રહ્યા હતા.

અહીં ભક્તિ અને કુદરતી સૌંદર્યના અદભૂત મિશ્રણનું દ્રશ્ય રચાયું હતું.

સૌએ આ ક્ષણોને ખૂબ માણી. મન તો સૌનું કરતું હતું કે અહીં જ રોકાઈ જઈએ. આ સ્થળને, આ ક્ષણોને, બસ હંમેશા માણતા રહીએ. પણ એ શક્ય ન હતું.

આખરે સૌ પરત ફરવા લાગ્યા. નીરજા પણ કમને ત્યાંથી પરત ફરી.

ફરી ફરીને તે સુંદર દ્રશ્યોને જોતી રહી. તેને લાગ્યું કે મન હજુ પણ તૃપ્ત નથી થયું. ઊલટાનું વધુ ભૂખ્યું, વધુ પ્યાસુ થયું છે. અદભૂત સૌંદર્યને માણવાની તિવ્રતા વધવા લાગી. એક અધૂરી પ્યાસ, અધુરપનો અજંપો સાથે લઈને તે ચાલી નીકળી.

મનના અને હ્રદયના કોઈ સલામત ખૂણે તેણે આ ક્ષણોને, ક્ષણના સૌંદર્યને, સૌંદર્યની પ્યાસને, પ્યાસની અધુરપને અને અધુરપની તિવ્રતાને સખત રીતે જડી દીધી. પ્રતિક્ષા કરવા લાગી કોઈ એવા ઉચિત સમયની કે જ્યારે આ બંધ ખૂણાને અને તેની લાગણીઓને તે પિગળાવી દેશે અને ધોધ બનીને વહાવશે.

પ્રકરણ 9

સૌના પગલાં પહાડની તળેટી તરફ જવા લાગ્યા. રસ્તામાં થોડી વાતો, હૅસી મજાક, નાસ્તો વગેરે ચાલતું રહ્યું. ક્યાંક સામા મળતા પ્રવાસીઓ સાથે અલપ ઝલપ સંકેતોની, તો કોઈક જોડે ખૂબ જ ટૂંકા શબ્દોની આપલે થતી રહી. કેટલાક લોકો પાછળથી આવીને આગળ નીકળી જતાં હતા,

પાછા ફરતા હવે તેઓ અંબાજી માતાના મંદિર વાળી ટોચ પર આવી ગયા. થોડી વાર વિશ્રામ કરવા બેઠા. આ વિશ્રામ ખૂબ જ ગમ્યો.

અચાનક જ ઠંડો પવન વહેવા લાગ્યો. પવનની ગતિ પણ થોડી વધી ગઈ. સુરજ ફરી કાળા વાદળો સાથે રમત રમવા લાગ્યો. પ્રકાશ થોડો ઘટી ગયો. સવારના 11 વાગ્યે પણ ઢળતી સાંજ જેવુ વાતાવરણ બની ગયું. સમય પારખી સૌ તળેટી તરફ ચાલવા લાગ્યા.

પવન વધુ તેજ થવા લાગ્યો. વાદળો આકાશની ઊંચાઈ છોડીને ખૂબ જ નીચે આવવા લાગ્યા. નીચે ઉતરી રહેલા લોકોએ અનુભવ્યું, કે વાદળો તેનાથી પણ વધુ ઝડપે નીચે ઉતરી રહ્યા હતા. વાદળોને પણ તળેટી પર પહોંચવાની જલ્દી હોય તેમ તે સડસડાટ નીચે ઉતરવા લાગ્યા.

વાદળોની ગતિ વધવા લાગી. હવે તે પહાડને અડવા લાગ્યા. એકાદ મિનિટમાં તો વાદળો માણસો સાથે જોડાઈ ગયા.

ચાલતા લોકો વાદળમાંથી પસાર થવા લાગ્યા. વાદળ ખૂબ ગાઢ હતા, એટલે એકાદ ફૂટથી આગળનો રસ્તો પણ જોઈ શકાતો ન હતો. દીપેને જયાનો અને જયાએ જીત, વ્યોમા અને નીરજાના હાથ પકડી લીધા. એકબીજાના હાથ પકડી ખૂબ જ ધીરે ધીરે ચાલવા લાગ્યા.

વાદળોની વચ્ચેથી પસાર થવાની મજા આવવા લાગી. તેના ઠંડા સ્પર્શથી સૌ રોમાંચિત થઈ ગયા. તેઓ માટે આ અનુભવ નવો હતો.

દૂરથી દેખાતા વાદળોને પકડવાનું, અડવાનું, તેની પર દોડી જવાનું સ્વપ્ન, હંમેશા મનમાં રમ્યા કરતું. વાદળોને જોઈને રોમાંચિત અને ઉત્સાહિત પણ થઈ જવાતું. દૂર દૂર ઊંચે ઉડતા વાદળોને હાથમાંથી સરકી જતાં જોયા કરવું. વાદળોના છૂટી જવાના અફસોસમાં ઊંડા નિ:સાસા નાંખવા. એવું તો ઘણી વાર કર્યું છે.

પણ, આજ કુદરતે એક અવસર આપ્યો હોય તેમ, વાદળો સામે ચાલીને તેના માર્ગમાં ગોઠવાઈ ગયા હતા. કહોને કે વાદળો પણ સાથે સાથે ચાલતા હતા, હમસફર બનીને .

વાદળો આજે કહી રહ્યા હતા, "દોસ્ત, વર્ષોથી તારી અધૂરી રહેલી ઇચ્છાઓને પૂરી કરવા, તને મળવા હું સામેથી આવ્યો છું. કરી લે પૂરી, જે ઈચ્છા હોય તે. રમી લે મારી સાથે, મને સ્પર્શી લે, અડી લે, પકડી લે, મને બાથમાં લઈ લે, મારા પર દોડી જા. જે ઈચ્છા હોય તે કરી લે. આજ નહીં રોકું તને હું. કોઈ હાથતાળી આપી સરકી નહીં જાઉં. ..."

સૌએ વાદળોની આ વાત સાંભળી હોય તેમ એકબીજાનો હાથ પકડીને, પણ પોતપોતાના વાદળને વ્હાલ કરીને, તેની સાથે રમવા લાગ્યા. વાદળો પણ તેના મિત્ર બનીને તેના લાડ અને નખરાંને વધારતા રહ્યા. સૌને લાગ્યું કે તેઓ વાદળોના નગરમાં આવી પહોંચ્યા હતા.

વાદળના નગરમાં ફરતા સૌને, વરસાદના બિંદુઓએ સ્વપ્નમાંથી જગાડી દીધા. એક તંદ્રા તૂટી ગઈ. વરસાદ ચાલુ થઈ ગયો. ધીમા પણ મજબૂત વર્ષા બિંદુઓ વરસવા લાગ્યા.

શ્રમથી થાકેલા શરીર પર પડી રહેલા વર્ષાના ધીમા ધીમા ટીપાંઓ આહ્લાદક આનંદ આપવા લાગ્યા. વર્ષાના બિંદુઓ, ઠંડો પવન અને વાદળનું નગર ! અદભૂત રોમાંચ પ્રવર્તવા લાગ્યો.

પ્રારંભની ક્ષણોમાં ક્ષણિક લગતા પવન અને વર્ષાબિન્દુ ધીરે ધીરે સ્થાયી થવા લાગ્યા. વર્ષાની ગતિ વધવા લાગી. પવન મંદ પડવા લાગ્યો.

અચાનક એક વાદળ પહાડની દૂરની ચોટીને અથડાઇ ગયું. ભયંકર ધ્વનિ શાંત પહાડની ખીણોમાં ફેલાઈ ગયો. ખીણોમાં અથડાઈને વધુ તિવ્ર બનવા લાગ્યો. પડઘાવા લાગ્યો.

વાદળ ફાટી ગયું. નાનકડું વાદળ, વર્ષાથી ભરેલું વાદળ, નીચે ઉતરતું ગયું, પહાડ સાથે ટકરાઈને ફાટી ગયું. તેમાંથી ધોધમાર વરસાદ વરસવા લાગ્યો.

ક્ષણ પહેલાં જ આનંદ આપતા વરસાદ અને વાદળ, હવે ભય પમાડવા લાગ્યા. વરસાદનું જોર તિવ્ર હતું. નીચે જવા પગથિયાં ઉતરી રહેલા સૌ માટે તે જોખમી હતું.

દીપેને ઊંચાઈ વાળી અને સલામત જગ્યા શોધવા નજર કરી. એવી જગ્યા કે જ્યાં વરસાદના પ્રભાવથી બચી શકાય. પણ એવી જગ્યા ત્યાં હતી જ નહીં. તેણે ઉપર અને નીચે પણ નજર કરી, તો તેને ખ્યાલ આવ્યો કે આસપાસ કોઈ જ નથી, કે જે તેઓને જરૂર પડ્યે મદદ કરી શકે. ત્યાં તો તેઓ પાંચ જ માત્ર છે. સાવ એકલા.

વરસાદ વધવા લાગ્યો. હવે વરસાદનું પાણી પગથિયાં પરથી નીચે વહેવા લાગ્યું. ધીરે ધીરે વહેતું પાણી વધુ ઝડપે અને વધુ માત્રામાં પગથિયાં ઉતરવા લાગ્યું.

તેઓ જ્યાં ઊભા હતા ત્યાં ઉપરની બાજુએથી ધસમસતું પાણી નીચે તરફ આવી રહ્યું હતું- અવિરતપણે.

તેની ગતિ તેજ હતી. તેથી પગથિયાં પર ઊભા રહેવું પણ અઘરું થવા લાગ્યું. પગ નીચેથી જમીન સરકવા લાગી. પગ સંતુલન ગુમાવી રહ્યા હતા. સૌએ એકબીજાની સામે નજર કરી. સૌની આંખમાં એક સરખા ભય અને પ્રશ્નાર્થ જોવા મળ્યા. સૌએ એકબીજાના ચહેરાને વાંચ્યા, ઉકેલ્યા. એકસાથે એકબીજાના હાથ ખૂબ જ મજબૂત રીતે પકડી લીધા.

તમામની આંખોમાં ભય સ્પષ્ટ રીતે આસન જમાવી બેઠો હતો. સૌએ તે ભયને પિછાણી લીધો હતો.

સ્થિતિ એ હતી કે પાણી સતત વરસી રહ્યું હતું, આકાશમાંથી. પણ પગથિયાં પર તે જ પાણી પગને સ્થિર થવા દેતું ન હતું. પહાડી રસ્તો, પગથિયાં, નીચે દેખાતી ઊંડી અને ડરામણી ખીણો.

જરા પણ પગને હલાવ્યા તો તરત જ સંતુલન ગુમાવી બેસાય અને વહેતું પાણી તેની પૂરી તાકાતથી સૌને ખેંચી જાય ખીણમાં. સૌએ જરા પણ ન હલવું એવું નક્કી કરી લીધું. અને એકબીજાને મજબૂત રીતે પકડી સંગઠનથી જ વહેતા પ્રવાહને ટક્કર આપવી. સૌ જાણતા હતા કે જરા પણ ચૂક થઈ તો જીવન ખતમ. સામે નિશ્ચિત મૃત્યુ.

દીપેન. એક માત્ર પુરુષ અને જવાબદાર માણસ. તેના મનમાં આ સ્થિતિને લીધે અનેક પ્રશ્નો ચાલવા લાગ્યા. શું થશે? શું બધા જ પાણીમાં તણાઇ જઇશું? શું આ અંતિમ ક્ષણો છે? જો કોઈને પણ કાંઇ થયું તો? તે આગળ વિચારી ના શક્યો. તેણે માત્ર પ્રતિક્ષા કરવાનું અને સૌના હાથ પકડી રાખી સમયને વિતવા દેવાનું મનોમન નક્કી કરી લીધું.

જયા. સ્ત્રી સહજ ભયગ્રસ્ત. તે અચાનક જ રડવા લાગી. ખૂબ જ ડરી ગઈ હતી એ. તેના રડવાનો અવાજ વરસતા વરસાદ અને વહી જતાં પ્રચંડ પ્રવાહમાં ભલે કોઈને ના સંભળાતો હોય, પણ નીરજાએ તેને પારખી લીધો હતો.

નીરજા. આ સ્થિતિમાં પણ લગભગ સ્થિર હતી. તેના મનમાં અનેક વિકલ્પો દોડી રહ્યા હતા. તેણે તેની મમ્મીના ડૂસ્કાને અનુભવી લીધા હતા. પણ તે તેની સામે નજર મિલાવી તેને વધુ કમજોર, નિર્બળ બનાવવા નહોતી માંગતી. તેણે ધરાર અવગણના કરી.

તેણે દૂર નજર દોડાવવા માંડી. પાણી ખૂબ જ તિવ્રતાથી વરસતું અને વહેતું હતું. પગ તરફ નજર કરી. પાણીના વહેતા પ્રવાહને એકધારી જોતી રહી.

મનમાં વિચારો, વિકલ્પો અને પગ નીચે પાણી સતત વહી રહ્યા હતા. તેણે વહેતા પાણીને સમજવાની કોશિશ કરી. તેણે જાણી લીધું કે વહેતા પાણીની ઊંડાઈ **9** ઇંચ જેટલી છે. પગથીયાની એક તરફ ઊંડી ખીણ છે, તો બીજી તરફ પહાડના ઊંચા ખડકો. પગથિયાંના ખીણ તરફના ભાગે ઇંટોની દીવાલ છે. તે દીવાલમાં બે ત્રણ ઇંચનું કાણું છે. ધસમસતું પાણી તે કાણાંમાંથી પણ થોડું થોડું નીચે ખીણમાં વહી રહ્યું છે. જ્યારે મોટાભાગનું પાણી પગથિયાં પરથી જ વહી રહ્યું છે.

તેના મનમાં યોજના વહેવા લાગી. અચાનક જ પાણીનો મોટો પ્રવાહ ખૂબ જ ગતિથી, ઉપરની બાજુએથી નીચે આવી ગયો. પાંચેય જણને તેણે તિવ્ર ધક્કો માર્યો. સૌનું સંતુલન હલી ગયું. સૌ પહેલાં વ્યોમાના પગ લથડિયા અને તે પડી ગઈ. એક પછી એક બધા લથડવા લાગ્યા અને વહેતા પાણીમાં પેલી ઈંટની દીવાલ જોડે પછડાઈ ગયા.

મૌત દેખાવા લાગ્યું. સૌને લાગ્યું કે બસ, હવે ખેલ ખતમ. પણ પેલી દીવાલ આજે તેની અને મૌત વચ્ચે અડીખમ ઊભી રહી ગઈ. તેઓએ દીવાલને પકડી લીધી. થોડી સ્થિરતા મળી. દીવાલને અડીને ઊભા થવા પ્રયાસ કર્યો. સફળ ના થયા. દીવાલને પકડીને

બેસી ગયા.

હવે દીવાલનું કાણું સાવ નજીક હતું. લગભગ સાતેક ફૂટનું અંતર. નીરજા ફરી તે કાણાંને જોવા લાગી. વહેતા પાણીના ધક્કાએ તેને કાણાંની નજદીક લાવી દીધા હતા. તેણે યોજના બનાવી. જો આ કાણાંને મોટું કરી શકાય, તો ખીણમાં વહી જતાં પાણીની માત્રા વધારી શકાય. તો પગથિયાં પર વહેતું પાણી ઓછું થઈ જાય. પાણીનો પ્રવાહ અને તેની દિશા બદલી શકાય. તેના જોરને પણ ઘટાડી શકાય. જો તેમ થઈ શકે તો જિંદગી બચાવી શકાય.

વિચાર તો ખૂબ જ અસરકારક હતો. પણ તેના અમલમાં ઘણી અડચણો હતી. સૌ પહેલાં તો, તે કાણાંની નજીક જવું પડે. તે માટે વહેતા પાણીના સામે પ્રવાહે સાતેક ફૂટ જેટલું અંતર કાપવું પડે. તેનો અર્થ એ છે કે જ્યાં છે, ત્યાંથી ઊભા થવું પડે, ચાલવું પડે. જે તિવ્ર પ્રવાહમાં શક્ય ન હતું. ત્યાં પહોંચી શકાય તેવી સ્થિતિ જ ન હતી. જરા પણ પગ હલાવ્યા કે વહેતા પાણી સાથે વહી જવાનું, છેક નીચે સુધી. પછી તો મૃત્યુ જ નક્કી.

બીજી મુશ્કેલી એ હતી કે કોઈપણ રીતે ત્યાં પહોંચી ગયા બાદ, થોડું જોર કરી દીવાલની બે ત્રણ ઈંટને તોડી પાડી શકાય. પણ તેના તૂટવાની સાથે જ પાણીનો પ્રવાહ તેની દિશા બદલી નાંખશે, અને શક્ય છે કે આખે આખી દીવાલ જ તૂટી પડે. અને જો તેમ થાય તો તે પ્રવાહની સાથે સૌ સીધા જ ઊંડી ખીણમાં જઇ પડે. તો? તો પણ બધું જ ખતમ !

દીવાલના પેલા કાણાંમાં જીવન પણ છે, મૌત પણ. બંને એક સાથે.

વ્યોમા અને જીત માટે તો ખાસ વિચારવા જેવું હતું જ નહીં. તે માત્ર સમગ્ર સ્થિતિને જોતાં જ રહ્યા. તેઓ એટલી હદે ભયગ્રસ્ત હતા કે સાવ મૂઢ થઈ ગયા હતા. તેણે બસ જોયા જ કર્યું.

નીરજા ખૂબ જ ઝડપથી ઉકેલ તરફ વિચારી રહી હતી. તેણે પહોંચે ત્યાં સુધી નજર કરી. તેને દૂર એક લાકડી પડેલી દેખાઈ. પાણીના પ્રવાહમાં તણાઈને દીવાલને ચોંટીને પડેલી હતી તે. કદાચ કોઈ પ્રવાસીના હાથમાંથી છટકી ગઈ હશે. તે લાકડી થોડી થોડી સરકી રહી હતી. પાણી તેને નીચે તરફ લઈ જવા મથતું હતું, પણ દીવાલમાં તે ફસાઈ ગયેલી હતી એટલે હજુ પણ તે ત્યાં જ હતી.

લાકડી જીતથી એકાદ ફૂટ દૂર હતી. તેણે જીતને ઈશારો કરી તે લાકડી સુધી પહોંચીને લાકડી લઈ લેવા કહ્યું. જીતે એક હાથથી દીવાલને પકડી હતી તો બીજો હાથ દીપેનના હાથમાં હતો. ડાબા હાથે દીવાલ પકડી હતી. લાકડી પણ તે તરફ જ હતી. જો તે ડાબો હાથ છોડે તો જ લાકડી સુધી પહોંચી શકાય. દીપેને તેનો જમણો હાથ ખૂબ જ તાકાતથી પકડી રાખ્યો અને ડાબો હાથ છોડી લાકડી લેવા ઈશારો કર્યો. જીતે દીવાલ પરથી હાથ છોડ્યો. નીચે નમ્યો. લાકડી સુધી પહોંચી ગયો, પણ લાકડી હાથમાં નહોતી આવતી. તે થોડું વધુ નમી શકે તે રીતે દીપેને તેના હાથને થોડો ઢીલો કર્યો. બે ત્રણ પ્રયાસ બાદ લાકડી તેના હાથમાં આવી ગઈ. પાંચેક ફૂટ લાંબી લાકડી. વાંસની પણ મજબૂત લાકડી.

નીરજા કાણાંની સૌથી નજીક હતી. લાકડી હવે નીરજાના હાથમાં હતી. તેણે ત્યાં ઊભા ઊભા જ દીવાલ પર લાકડીથી પ્રહાર કર્યો. દીવાલ પર કોઈ જ અસર ન થઈ. તેણે પ્રહાર ચાલુ રાખ્યા.

વરસતા અને વહેતા પાણીમાં ઠંડા થઈ ગયેલા હાથોથી થતાં નીરજાના પ્રહારો, ખાસ અસર બતાવતા ન હતા. દીવાલ હજુ પણ ખાસ કોઈ પ્રતિભાવ નહોતી આપતી.

દીવાલ ખરી ને? એટલે જ !

હવે તેના આ પ્રયાસોમાં દીપેન અને જીત પણ જોડાયા. થોડા પ્રહારો બાદ એકાદ ઈંટ થોડી હલી, નમી અને તૂટી ગઈ. ઊંડી ખીણમાં પાણી સાથે વહી ગઈ. સૌએ તૂટીને ખીણમાં પડતી ઇંટને, તેને લીધે ખીણમાં વહી જતાં પાણીને નજરે જોયું. એક થડકો ચૂકી ગયું, સૌનું હ્રદય.

થોડા વધુ પ્રયાસો થયા. બીજી થોડી ઈંટોને તોડવામાં સફળતા મળી. કાણું મોટું થવા લાગ્યું. તેનો વ્યાસ દોઢ થી બે ફૂટ થઈ ગયો. ઉપરથી વહેતા પાણીએ હવે તેની દિશા અને માત્રા બદલી લીધી. નવા રચાયેલા કાણાંમાંથી વધુ પાણી, હવે ખીણમાં વહેવા લાગ્યું. પાણીના પ્રવાહની ગતિથી વધુ ઈંટો નબળી પડવા લાગી. દીવાલ હલવા લાગી. પગથિયાં પર પાણી ઘટવા લાગ્યું, તેનું જોર પણ. સૌ હવે દીવાલને છોડીને બીજી દિશા તરફ જવા લાગ્યા. પાણીના પ્રવાહમાં દીવાલ તૂટી ગઈ. હવે બધું જ પાણી પગથિયાં વડે નીચે ઉતરવાને બદલે તૂટેલી દીવાલના માર્ગે ગતિ સાથે ઊંડી ખીણમાં પડવા લાગ્યું.

જો ક્ષણ ભર પહેલાં જ દીવાલ છોડી ન હોત, તો બધા જ પાણી સાથે ઊંડી ખીણમાં વહી ગયા હોત.

તેઓ જ્યાં ઊભા હતા ત્યાં પાણી ઘટવા લાગ્યું. તો નવું પાણી આવવાનું પણ બંધ થઈ ગયું.

ભય હવે પસાર થઈ ગયો હતો. સૌ જમીન પર સ્થિર ઊભી શકતા હતા. માત્ર વરસાદ હજુ પણ વરસી રહ્યો હતો. સૌએ હાશ અનુભવી. સાક્ષાત મૃત્યુને મળીને હવે ફરી જિંદગીનું આલિંગન ! કોઈ નવી જ અનુભૂતિ માણી રહ્યા સૌ.

વરસતો વરસાદ, ભયને બદલે ફરી આનંદ લઈ આવ્યો. સૌ તળેટી પર આવી ગયા.

****

સાંજના છએક વાગે સુરજ, ધીરે ધીરે સમુદ્રમાં પોતાના અસ્તિત્વને ઓગાળવા તરફ આગળ વધી રહ્યો હતો ત્યારે, સૌ ભગવાન સોમનાથ મહાદેવના વિશાળ મંદિર પાસે આવી પહોંચ્યા.

વિશાળ અને ભવ્ય મંદિર ! તેમાં પ્રવેશતા જ અદભૂત આનંદની અનુભૂતિ સૌએ અનુભવી.

ભગવાનને નતમસ્તક કરી, પોતપોતાની રીતે પ્રાર્થના કરી, સૌ દરિયા કિનારે આવી ગયા.

મંદિરના પાછળના ભાગમાં, મંદિરને અડીને, સતત ઊછળતો રહેતો અરબી સમુદ્ર ખૂબ જ મનમોહક લાગતો હતો. તેના અવિરત ઊછળતા મોજાઓ કિનારે આવીને શાંત થઈ જતાં હતા. મંદિરને અડીને બાંધેલી દીવાલ પર સતત અથડાયા કરતા હતા. ભગવાન સોમનાથના ચરણોમાં પોતાને સમર્પિત કરીને ધન્યતા અનુભવતા હતા.

આજે ચંદ્રની આઠમી તિથી હતી. શુક્લ પક્ષની આઠમનો ચંદ્રમા, હવે લગભગ ડૂબી ગયેલા સૂરજનું સ્થાન લેવા, આકાશમાં પ્રવેશી રહ્યો હતો. સૂરજના અસ્ત થવાની ઘટના, ઉછળતા સમુદ્રના મોજા, દૂર દૂર ક્ષિતિજમાં ભળી જતાં આકાશ અને દરિયો, પશ્ચિમ આકાશના વાદળોમાં અનાયાસ પુરાયેલા સંધ્યાના નારંગી અને ગુલાબી રંગ ! સમગ્ર બાબતો તત્ક્ષણને અદભૂત બનાવતી હતી.

જયા અને દીપેન માટે આ ક્ષણો નવી નહોતી જ. આવી અનેક સંધ્યાઓ તેઓએ સાથે ગાળી હતી.

ઢળતા સૂરજને, આકાશની લાલીમાને, ઊગતા ચંદ્રને, અંધકારના અને અજવાળાના સંક્રાંતિ કાળને, તેઓ અનેક વખત માણી ચૂક્યા હતા. પણ આજે આમ ઉછળતા સમુદ્રની હાજરીમાં આ બધું, વર્ષો બાદ માણવાનો અનુભવ તેઓ માટે પણ નવો જ હતો - રોચક પણ. એક સમુદ્ર તેઓની અંદર પણ ઊછળવા લાગ્યો.

બંનેની નજરોએ એક સેતુ રચ્યો. બંને કિનારેથી કશુંક વહેવા લાગ્યું, જે સામે કિનારે ઊભેલી આંખના દરિયામાં સમાઈ ગયું. કળવું કઠિન હતું કે ઊછળતો અરબી સમુદ્ર વધુ તોફાની બની ગયો હતો, કે ચાર આંખોમાં વહેતા ભાવનો દરિયો વધુ મિજાજી હતો.

ઉછળતા, વહેતા, તોફાની અને મિજાજી બંને દરિયામાં, દીપેન અને જયાની નાવ વહેતી રહી.

વ્યોમા અને જીત માટે દરિયાને જોવો એ નવી વાત હતી. જીવંત દરિયાને ક્યારેય જોયો ન હતો. દરિયાને સાક્ષાત રૂબરૂ જોઈને, તેઓના મનમાં પણ દરિયો ઉછાળા મારવા લાગ્યો. તેઓ દોડી ગયા કિનારા પર અને મોજાઓને સ્પર્શવા લાગ્યા. તેનો સ્પર્શ ખૂબ જ મજાનો લાગ્યો. તેઓ રમતા રહ્યા દરિયા સાથે.

દરિયાની રેત પર નામ લખતા ગયા, આકૃતિઓ દોરતા ગયા, કાંઇ કેટલાય ઢાંચાઓ બનાવતા ગયા. અને પેલો દરિયો? તે મસ્તીખોર થઈ ગયો. બધા જ નામ, આકૃતિઓ અને ઢાંચાઓને મિટાવતો રહ્યો.

તેઓને દરિયા સાથે હવે બરોબર ફાવી ગયું હતું, જામી ગયું હતું. એક નવી દુનિયા બનાવી લીધી હતી જેમાં વ્યોમા, જીત અને દરિયો, દરિયાની રેતી. બસ આટલા જ નાગરિકો.

અંધારું હવે ધરતી પર ઉતરી ગયું હતું. આકાશમાં આઠમનો અર્ધ ખીલેલ ચંદ્રમા તેની મધ્યમ ચાંદની વરસાવી રહ્યો હતો. વ્યાપી રહેલા અંધકારને તેની નાજુક ચાંદની હંફાવી રહી હતી.

ચંદ્રની કળા અને તિથિને આધારે આજે દરિયાની પુર્ણ ભરતીનો સમય હતો સાંજના છ વાગ્યાનો. અને અત્યારે સમય થયો હતો સાડા સાત. સમુદ્ર તેની પુર્ણ ભરતી પર, પૂરા યૌવન પર હતો. ઉછળતા સમુદ્રના ઉત્તુંગ મોજા, દરિયાની સફેદ રેતી અને રેતી તથા સમુદ્ર પર છવાયેલી ચાંદનીની આછેરી સફેદ ચાદર ! એક મધુરું દ્રશ્ય, પોતાનું અસ્તિત્વ લઈને આવી ગયું.

યૌવન પર ચડેલો દરિયો અને અર્ધ ખીલેલી ચાંદની વચ્ચે રોમાન્સ થતો હોય તેવું દ્રશ્ય સર્જાઈ ગયું. ચાંદની અત્યારે યૌવન પર પગ માંડવા મથતી કન્યા જેવી લાગતી હતી. જયારે સમુદ્ર, યૌવનને પામેલો પૂર્ણ પુરુષ. સમુદ્ર પોતાની યુવા ચેષ્ટાઓથી ચાંદનીને છેડી રહ્યો હતો. તો ચાંદની, દુવિધામાં પડેલી મુગ્ધ પ્રેમ કન્યા જેવી, સંપૂર્ણ મુગ્ધા.

પુર્ણ યુવાન અને અર્ધયૌવના, મુગ્ધા વચ્ચેનો પ્રણય, નીરજા નિહાળી રહી હતી. તેને લાગ્યું કે પોતે પેલી અર્ધયૌવના, મુગ્ધા ચાંદની છે.

'હા. હું પણ ક્યાં યૌવનમાં પ્રવેશી છું? હું પણ અર્ધ ખીલેલી ચાંદનીની જેમ મુગ્ધા જ છૂ ને ! સોળ સત્તર વર્ષની ઉંમર. ન બાળપણ, ન યૌવન ! કેટલી મીઠી છે આ મુગ્ધાવસ્થા?' તે મનોમન બોલી.

મુગ્ધા અને યુવાનની પ્રણય લીલા જોતી રહી, અનુભવતી રહી. ચાંદની નીતરતો આખે આખો દરિયો તેના તન-મનમાંથી પસાર થઈ ગયો. મૌન બનીને કાલ્પનિક પ્રણયના દરિયામાં ડૂબતી રહી, દરિયો તેનામાં જીવતો હતો કે તે દરિયામાં. તેને માટે તે ગૌણ બની ગયું.

સૌ પોતપોતાની રીતે સાંજને માણતા રહ્યા. સમયનો ઘણો દરિયો ઘૂઘવી ગયો.

જયાએ જોયું કે ખૂબ મોડુ થઈ ગયું છે. સાંજ જામી ગઈ હતી અને રાત્રિ તરફ યાત્રા પર નીકળી ગઈ હતી. "આપણે હવે જવું જોઈએ." જયાએ દીપેનની તંદ્રા તોડી. દીપેને જીત, વ્યોમા અને નીરજાની તંદ્રા તોડી. સૌએ દરિયાને વિદાય કરી. પણ નીરજાએ જાણે દીપેનનો અવાજ સાંભળ્યો જ ન હોય તેમ હજુ પણ પોતાના દરિયામાં જ હતી.

જીત તેની પાસે ગયો. તેની કલ્પનામાં ભંગ પડ્યો. પોતાના ભાવ જગતમાંથી જાગી ગઈ. તેણે દરિયા તરફ, આકાશ તરફ, ચંદ્ર તરફ, રેતી પર રેલાયેલી ચાંદની તરફ, ચાંદનીમાં નહાતા દરિયાના મોજા તરફ અને ખડક તરફ તૃષ્ણા ભરી નજર કરી. સમયનો ખડક વધુ કઠોર લાગ્યો. ઊંડો શ્વાસ લીધો. શ્વાસની લંબાઈ નિ:સાસા જેટલી લંબાઈ ગઈ.

અરબી સમુદ્રને એક સ્મિત આપી ત્યાંથી ચાલી નીકળી. પાછળ રહી ગયો તૃષ્ણાનો, અધૂરી તૃષ્ણાનો આખો દરિયો. સાથે લઈ ગઈ એક પ્યાસો દરિયો.

****

વહેલી સવારે સૌની સાથે ગાડી સડસડાટ જઇ રહી હતી, અમદાવાદ તરફ. સૌએ સ્વીકારી લીધું હતું કે હવે આ ટૂંકો પ્રવાસ, આ યાત્રા પૂરી થઈ ગઈ છે. પણ, નીરજા માટે તે સ્વીકારવું કઠિન હતું.

તેના માટે આ યાત્રા એક એવો અનુભવ હતો, કે જેણે પ્રવાસના સંતોષને બદલે પ્રવાસની પ્યાસ, તરસ વધારી દીધી હતી. તેની યાત્રા હજુ પણ મનોમન ચાલુ જ હતી. યાત્રા પૂર્ણ થવાની વાત તો અલગ જ છે. અહીં તો તેને લાગી રહ્યું હતું કે યાત્રા તો હજુ શરૂ જ ક્યાં થઈ છે?

તેની નજર સામે યાત્રાની પહેલી ઘડીથી અત્યાર સુધીની ઘટનાઓની ફિલ્મ ચાલવા લાગી. દરેક ઘટનાઓએ તેને વધુ તરસી બનાવી હતી. જયારે જયારે તેને કશુંક ગમવા લાગતું, કે તરત જ તે તેના હાથમાંથી છૂટવા લાગતું. મન તૃપ્ત થવાને બદલે વધુ તરસ્યું બનતું જતું. દરેક ઘટના તેની અંદર રહેલી વૃત્તિઓને, ભૂખને જાગૃત કરતી જતી હતી. પણ તૃપ્તિ મળે તે પહેલાં તો તે અદ્રશ્ય થઈ જતી. અને રહી જતી એક અધૂરપ. દરેક વખતે ઉમેરાતી જતી એક નવી અધૂરપ !

આ તે કેવી અધૂરપ? તેને અધૂરપ પર ગુસ્સો આવતો હતો, તો બીજી બાજુ આ અધૂરપ જ તેની ભૂખને વધુ તિવ્ર બનાવતી હતી. એટલે તો આ અધૂરપ તેને મીઠી પણ લાગતી હતી, ગમતી પણ હતી. ગુસ્સો અને પ્રેમ એકસાથે વહેતો રહ્યો.

જંગલમાં રસ્તો રોકીને ઉભેલા સિંહ, ગિરનાર પર્વતના શિખર પર નજરે ચડેલા કુદરતી દ્રશ્યો, મોતને નજદીકથી મેળવી આપનારો વરસાદ, અને છેલ્લે અધૂરી ચાંદનીમાં ભીનો ભીનો ચમકતો દરિયો...

દરેક ક્ષણ, દરેક ઘટના તેને સ્પર્શીને નીકળી ગઈ હતી. તરસ વધારીને ગઈ હતી. શું તેની યાત્રા પણ હંમેશા અર્ધ ખીલેલા ચંદ્રની ચાંદનીની જેમ અધૂરી જ રહેશે? કે ક્યારેય પૂર્ણ ખીલેલા પૂનમના ચંદ્રની ચાંદનીની જેમ, સોળે કળાએ ખીલીને તરસને તૃપ્ત કરશે?

તે કશું જ નથી જાણતી. તેને કશી જ ખબર નથી. પણ તેને એટલી ખબર હતી કે આ યાત્રાના અનુભવોથી જન્મેલી અને માણેલી અધૂરપને તે જરૂર પુર્ણ કરશે, પુનમનો પુર્ણ ચંદ્ર જરૂર ખીલશે.

તેણે યોજના બનાવી લીધી. હવે તે એવી યાત્રા કરશે, કે જ્યાં તે પહાડને, જંગલને, ચાંદનીને, વરસાદને, દરિયાને, વહેતા ઝરણાંને કે પછડાતા ધોધને મણીને જ રહેશે, પુર્ણ રૂપે.

આ પ્રવાસે તેને નવી દિશા આપી છે. તેને તે ક્યારેય નહીં ભૂલે. યોગ્ય સમયની પ્રતિક્ષામાં, અધૂરી તરસને, મન અને હ્રદયના કોઈ અજ્ઞાત ખૂણે ગોઠવી દીધી.

ઘરના ગેરેજમાં ગાડી ગોઠવાઈ ગઈ. સૌની જિંદગી પણ, એ જ ઘરેડમાં. બધું જ રાબેતા મુજબ ગોઠવાઈ ગયું.

પ્રકરણ 10

સ્કૂલમાં આજે પ્રાઇઝ વિનરને ઇનામો આપવાનો દિવસ હતો. ઓડિટોરિયમમાં વિધ્યાર્થીઓ ઊભરાતા હતા. બધા જ રંગબેરંગી વસ્ત્રોમાં સજ્જ હતા. આજની આ ક્ષણ માટે સૌ ઉત્સાહિત હત, ઉત્તેજિત હતા. સૌની અંદર નવી તાજગી અને તરવરાટ કૂદી રહ્યા હતા. યૌવનનું ઘોડાપૂર ઊમટ્યું હોય તેવું લાગતું હતું. આખો હૉલ ખીચોખીચ ભરાયેલો હતો- રંગબેરંગી પતંગિયાઓથી.

જાન્યુઆરી માસની ઠંડીનો દિવસ. સવારના **9.00** વાગ્યાનો સમય. કાર્યક્રમ શરૂ થવાની ઘડીઓના પગરવ થવા લાગ્યા. સ્ટેજના પાછળના ભાગમાં છેલ્લી ઘડીની તૈયારીઓ ચાલી રહી હતી. એક પછી એક કામને અંતિમ ઓપ અપાઈ રહ્યો હતો. મહેમાનો પણ હવે આવવા લાગ્યા હતા.

આજના મુખ્ય આકર્ષણ હતા, પ્રસિધ્ધ લેખિકા સેજલ સાગર વ્યાસ અને ફિલ્મોનો હીરો અમોલ ભેદ. સાથે અન્ય મહેમાનો પણ હતા. તેઓ સૌ ધીરે ધીરે આવી રહ્યા હતા. તેમાંના કેટલાક તો આ જ સ્કૂલમાં ભણેલા હતા.

મહેમાનો આવતા ગયા. મંચ પર ગોઠવાતા ગયા. તમામ મહેમાનો આવી ગયા હતા. એક માત્ર અમોલ ભેદ હજુ આવ્યા નહોતા.

અમોલ ભેદ. નામ જરા અલગ પડતું હતું. તેના નામ પાછળ 'ભેદ' શબ્દ લાગતો હતો. તે તેનું સાચું નામ ન હતું. તેનું સાચું નામ તો અમોલ પ્રતાપ ભટ્ટ. પણ તેની પહેલી ફિલ્મમાં તેના કેરેકટરનું નામ 'ભેદ' રાખેલું જે ખૂબ જ લોકપ્રિય થયેલું. બસ ત્યારથી તે 'ભેદ' ના નામે મશહૂર થઈ ગયા.

સમય થઈ ગયો હતો, પણ કાર્યક્રમ શરૂ થવામાં વિલંબ થઈ રહ્યો હતો. નીરજાને આ વિલંબ સ્વીકાર્ય ન હતો. તેણે કાર્યક્રમમના સંયોજક મેડમ નેહા વૈદ્યને પોતાનો અણગમો વ્યક્ત કર્યો. "મેડમ, સમય થઈ ગયો છે. આપણે શરૂ કરી દેવું જોઈએ."

"પણ હજુ અમોલ ભેદ નથી આવ્યા.."

"તો શું**?** તેની પ્રતિક્ષા કરવાની**?** એ ના આવે ત્યાં સુધી સૌને આમ રાહ જોવડાવવાની**?**" શબ્દો હવે ધારદાર બનવા લાગ્યા.

"શું કરી શકીએ**?**" નેહા મેડમે લાચારી વ્યક્ત કરી. નીરજાએ નારાજગી વ્યક્ત કરી. નેહા મેડમના ધ્યાનમાં એ નારાજગી આવી ગઇ. તે પણ ચાહતા હતા કે દરેક કાર્યક્રમ સમય પર શરૂ થઈ જ જવો જોઈએ. કોઈ ગમે તેટલું મોટું કે મહાન હોય, પણ જો તે સમયને સાચવી ના શકે તો તેની પ્રતિક્ષા કરવી ના જોઈએ. આ વાત તો તેણે તેના સ્ટુડન્ટ્સને શીખવાડી છે.

પણ આજે તે કાંઇ જ કરી શકે તેમ ન હતી. પ્રિન્સિપાલ મિશ્રા, અમોલ ભેદની પ્રતિક્ષા કરવાના મૂડમાં હતા. નેહાએ એકાદ વખત વિલંબ થઈ રહ્યાનો ઈશારો પણ કર્યો, પરંતુ પ્રિન્સિપાલ સાહેબ અમોલ ભેદના આવ્યા બાદ જ કાર્યક્રમ શરૂ કરવા માંગતા હતા.

પડદા પાછળ નીરજા, નેહા અને તેની ટીમ વ્યગ્ર હતી. નારાજ હતી. વાતાવરણ થોડું તંગ બની ગયું.

મંચ પર સમયસર આવી ચૂકેલા મહાનુભાવો વાતોએ વળગ્યા હતા. માત્ર સેજલ સાગર વ્યાસ ઘડિયાળને જોતાં જોતાં અધીરા થઈ રહ્યા હતા.

સેજલ સાગર વ્યાસ. એક જાણીતું નામ. કામ અને સમયના પાક્કા. હાથ પર લીધેલું કામ પૂરું પાડે જ, સમય પર **!** સમયના પાક્કા આગ્રહી.

સેજલના પિતાની અટક સાગર હતી. શેખર વ્યાસને પરણ્યા બાદ તેની અટક વ્યાસ થવી જોઈએ. અને નામ – સેજલ વ્યાસ. પણ તેણે તેના પોતાના અસ્તિત્વને અલગ જાળવી રાખ્યું હતું. એટલે જ તેણે તેના નામમાં બંને અટક જાળવી રાખી હતી. સેજલ સાગર વ્યાસ.

લેખિકા સેજલના આ ચીલાને પછી તો ઘણા લોકોએ અનુસર્યો. તેઓએ પોતાની અલગ ઓળખ અને સ્વતંત્ર અસ્તિત્વને ટકાવી રાખ્યા.

સેજલ સાગર વ્યાસ, સમયસર આવી ગયા હતા. થઈ રહેલો વિલંબ તેને પણ અકળાવી રહ્યો હતો. નીરજા અને નેહા તેની વ્યગ્રતાને પામી ગયા. તેઓએ નક્કી કરી લીધું,

પ્રિન્સિપાલની મંજૂરીની રાહ જોયા વિના જ તેઓએ માઇક પર ચાલુ કરી દીધું,

"ગૂડ મોર્નિંગ, માય ડિયર સ્ટુડન્ટ્સ.." મેડમ નેહાનો અવાજ સમગ્ર સભાખંડમાં ફેલાઈ ગયો. સુરજથી તપ્ત શરીર પર ઠંડી હવાની લહેર વહે, અને જે જાદુ કરે તેવો જાદૂ ફેલાઈ ગયો આખા સભાખંડમાં. ગણગણાટ કરતો સભાખંડ અચાનક જ મૌન બની ગયો.

નેહા વૈદ્ય. બધા સ્ટુડન્ટ્સ માટે આદરનું નામ. તેનું અજબનું ચુંબકીય વ્યક્તિત્વ, સૌને તેની તરફ ખેંચી શકવાને સમર્થ. અને તેનો અવાજ? તેના વ્યક્તિત્વથી પણ વધુ ચુંબકીય અસર ધરાવતો અવાજ.

જો તેણે **FM** રેડિયો પર **RJ** ની નોકરી સ્વિકારી હોત, તો સમગ્ર શહેર તેના અવાજને સાંભળીને તેનું દીવાનું થઈ ગયું હોત. તે **RJ** નથી તેથી શું? શહેર નહીં તો કાંઇ નહીં, પણ આ સભાખંડ તો તેના જાદુમાં ગળાડૂબ છે.

"આપ સૌનું અને પધારેલા મહેમાનોનું હું સ્વાગત કરું છું." નેહાનો અવાજ હજુ પણ પડદા પાછળથી આવતો હતો. તેના અવાજના જવાબમાં, સભાખંડ ગુંજી ઉઠ્યો તાળીઓના પ્રચંડ અવાજથી.

શરૂ થઈ રહેલા કાર્યક્રમ માટે સૌ મહેમાનો જાગૃત થઈ ગયા. મિશ્રા સાહેબ પણ ખુરશીમાં બેસી ગયા. માત્ર અમોલ ભેદની ખુરશી ખાલી હતી. મિશ્રા સાહેબને આ ના ગમ્યું. પણ હવે તે કશું જ કરી શકે તેમ ન હતા.

નીરજા અને નેહાએ પરસ્પર સ્મિત આપ્યું. પડદો ખૂલી ગયો. પરિચય અને ઔપચારિક સ્વાગત થવા લાગ્યા.

મહેમાનોને અપાતા અને તેને સ્વિકાર્યા બાદ, બાજુ પર મુકાઇ જતાં પુષ્પના ગુલદસ્તાઓને નીરજા ધ્યાનથી જોઈ રહી. માત્ર એક ક્ષણ માટે આટલા મોટા પુષ્પગુચ્છો આપવાનો શો અર્થ? ક્યારનાય રાહ જોતાં ફૂલો, જ્યારે કથિત મહાનુભાવોના હાથમાં આવે ત્યારે ધન્યતા અનુભવવાનો પ્રયાસ કરતાં, અને કાંઇ પણ અનુભવે તે પહેલાં તો કોઈ ખૂણે હડસેલી દેવાતા હતા. ફૂલોને બહુ લાગી આવ્યું. નીરજાને પણ.

બંને મનમાંને મનમાં સમસમી ગયા.

કાર્યક્રમ ચાલતો રહ્યો. અમોલ ભેદનું આગમન થયું. સભાખંડમાં હલચલ મચી ગઈ. તેની એક ઝલક લેવા સૌ તલપાપડ થવા લાગ્યા.

મેડમ નેહાએ અપીલ કરી ત્યારે સૌ શાંત થયા. સમય પારખી નીરજાએ અમોલને માઇક પકડાવી દિધું અને પરિસ્થિતિને સંભાળી લેવા કહ્યું. નીરજાની સમય સૂચકતા અમોલને સ્પર્શી ગઈ. અમોલે એમ જ કર્યું. અમોલની અપીલ કામ કરી ગઈ. ખૂબ જ મુશ્કેલી બાદ સભાખંડ બેઠો.

અમોલ ભેદનું સ્વાગત કરવા માટે મિશ્રા સાહેબ ઉતાવળા થવા લાગ્યા. નેહાએ શબ્દો વડે સ્વાગત કરી મિશ્રા સાહેબને આમંત્રણ આપ્યું, ફૂલોથી સ્વાગત કરવા.

અમોલ ભેદ માટે જ ખાસ બનાવવામાં આવેલ, એવો ખૂબ મોટો ગુલદસ્તો લઈને નીરજા, મિશ્રા સાહેબ તરફ આગળ વધી. તેની સાથે તેના મનની ગડમથલો પણ વધવા લાગી.

તેને આજના કાર્યક્રમમાં બની રહેલી વાતોમાં કશુક ખૂંચતું હતું, કાંટાની જેમ. ગુલાબની વચ્ચે રહેલા કાંટાની જેમ. તેને ખૂંચતું હતું, કે આટલા બધા ફૂલોને શા માટે તોડી નાંખવામાં આવ્યા? શા માટે આ ફૂલો કહેવાતા મહાનુભાવોને આપવામાં આવે છે? શા માટે તેઓ આટલા બધા સુંદર ફૂલોને લઈને પળભરમાં બાજુએ મૂકી દેતા હોય છે? શા માટે ફૂલો આ બધું સહેતા હશે?

બિચારા ફૂલો ! તેનો શું વાંક? તેને તો એ પણ ખબર નથી કે તે કોના હાથમાં જઇ ચડશે. તે હાથ ફૂલોને સ્વિકારવા જેટલા પવિત્ર હશે પણ ખરા? કે તે હાથો વડે અનેક ફૂલો રગદોળાયા હશે?

આટલા બધા ફૂલોને બદલે એકાદ દાંડીમાં રહેલા ફુલને આપીને પણ સ્વાગત કેમ ના થઈ શકે?

'થઈ જ શકે. જરૂર થઈ શકે.' તેણે મનમાં નિર્ણય કરી લીધો. તે મિશ્રા સાહેબ પાસે પહોંચી ગઈ. મોટા ગુલદસ્તામાંથી ગુલાબની એક દાંડી ખેંચી લીધી. તે એક ગુલાબ તેણે મિશ્રા સાહેબને આપી દીધું.

મિશ્રા સાહેબ, અમોલ ભેદ, અન્ય મહાનુભાવો, નેહા મેડમ કે સમગ્ર સભાખંડ કશુંય સમજે તે પહેલાં, બાકીનો ગુલદસ્તો અને ટેબલ પર પડેલ, તરછોડાયેલ બધા જ ગુલદસ્તાઓ નીરજા હાથમાં ભેગા કરવા લાગી. બધા જ પુષ્પોના ગુચ્છોને ભેગા કરી, હ્રદય સાથે ચાંપીને સ્ટેજની પાછળના ભાગમાં ચાલી ગઈ.

મિશ્રા સાહેબ ક્ષોભ અને સંકોચમાં ત્યાં જ ઊભા રહી ગયા. અમોલના હોઠો પર એક રમતિયાળ સ્મિત આવી ગયું. બાકી બધા

જ હજુ પણ સ્તબ્ધ હતા. આ શું થઈ રહ્યું છે? નીરજા કેમ આમ વર્તી રહી છે?

અમોલે નીરજાની પ્રત્યેક હરકતોને ધ્યાનથી નીરખી હતી. તે પામી ગયો હતો કે નીરજા શું અને શા માટે કરી રહી છે.

તેણે મિશ્રા સાહેબ સાથે આંખ મિલાવી, હળવું સ્મિત આપ્યું. પોતાની જગ્યાએથી બે ડગલાં આગળ આવી ગયો. મિશ્રા સાહેબના હાથમાં રહેલી ગુલાબની દાંડીને સામેથી હાથ લંબાવી, લગભગ ખેંચી લીધી. સૌ હજુ પણ સ્તબ્ધ.

અમોલે માઇક પર કહેવા માડ્યું, "થેન્ક યુ મિત્રો. થેન્ક યુ મિશ્રા સાહેબ." અમોલના અવાજે સૌની તંદ્રા તોડી. સૌ તરફ તેણે હાથ હલાવ્યા. સૌને સમય લાગ્યો સ્વસ્થ થવામાં. અમોલે કાર્યક્રમ આગળ વધારવા કહ્યું. વધવા પણ લાગ્યો. વધતો ગયો. થોડી વાર પહેલાંની નીરજાની હરકત સૌ ભૂલવા લાગ્યા- ભૂલી ગયા. અમોલ ભૂલ્યો ન હતો. તેના મનમાં કશુંક ચાલતું રહ્યું, દોડતું રહ્યું.

નેહા મેડમ ખૂબ જ સરસ રીતે સંચાલન કરી રહ્યાં હતા. નીરજા અને તેની ટીમ પણ સહયોગ આપી રહી હતી.

કાર્યક્રમ તેના અંતિમ પડાવ પર આવી પહોંચ્યો. સૌએ સેજલ સાગર વ્યાસને હમણાંજ સાંભળ્યા હતા. સૌ પર તેના શબ્દોનો અને વાતનો જાદુ છવાયેલો હતો.

હવે એક માત્ર વક્તા બાકી હતા, અમોલ ભેદ. આજનો લોકપ્રિય અભિનેતા. યુવા હ્રદયોની ધડકન.

તેના ઊભા થતાં જ સભાખંડમાં ચિચિયારીઓ ગુંજવા લાગી. સૌ ઉત્તેજિત હતા. સૌ પોતપોતાની ગમતી ફિલ્મના ડાયલોગ્સ સંભળાવવા, તેને અનુરોધ કરતાં રહ્યા. થોડી ક્ષણો તેણે સૌને બોલવા દીધા. તે ઊભો રહ્યો, મૌન સ્મિત લઈને. એકલું મૌન ઓઢીને. કોઈ જ ક્રિયા કે પ્રતિક્રિયા વિના. થોડી વારમાં ઉભરાઓના ટોળાં બેસી ગયા. સૌ શાંત થઈ ગયા.

એકદમ શાંતિ. શાંત વહેતી હવાનો સ્પર્શ સભાખંડમાં સૌને થયો.

"આજે કોઈ જ ફિલ્મી વાત નહીં." અમોલે મૌનને ખામોશ કરતાં કહ્યું, "આજે હું કોઈ નવી જ વાત કરીશ. તો સૌને વિનંતી છે કે કોઈ ફિલ્મી ફરમાઇશ ના કરશો." સૌ નિરાશ થઈ ગયા.

"આજે અહીં બે નવા અનુભવો થયા છે. હું તેની જ વાતો કરીશ." અમોલે નિરાશ સભાના વિચારોની દિશા બદલી નાંખી. સભામાં ફરી જીવન આવવા લાગ્યું. જીવતો થઈ ગયો સભાખંડ. ઉત્સુકતા પણ આવી પહોંચી.

"વિશેષ આભાર માનીશ, પેલી છોકરીનો, શું નામ છે તેનું?" અમોલે મિશ્રા સાહેબ તરફ પ્રશ્નાર્થ નજર કરી. તે જવાબ આપે તે પહેલાં નેહાએ કહ્યું, "નીરજા."

"તો હું આભાર માનીશ નીરજાનો." નીરજાનું નામ આવતાં જ મિશ્રા સાહેબના ચહેરાની ભૂગોળ બદલાઈ ગઈ. જ્યારે સભાખંડમાં ઊગી નીકળી ચિચિયારીઓ.

"દરેક પળ અને દરેક વ્યક્તિ કશું નવું શીખવાડે છે, નવી દ્રષ્ટિ આપે છે. મને પણ એ મળ્યા છે અહીં જ, હમણાં જ." સભા હવે અમોલના શબ્દોને સાંભળવા લાગી.

"બે વાત કહેવી છે. પહેલી, ગમે તેટલો મશહૂર વ્યક્તિ પણ જો સમયનું માન ન રાખે, તો સમયથી જ તે હારી જાય છે. સમયને સાચવતા આવડવું જોઈએ. આપેલ સમયે સમયસર પહોંચવું જોઈએ. હું અહીં મોડો આવ્યો, એ મારી ભૂલ છે. તે માટે સૌની ક્ષમા માંગુ છું. અને વચન આપું છું કે હવે ક્યારેય ક્યાંય મોડો નહીં પડું." સભાના હાથ સ્વત: તાળીઓ પાડવા લાગ્યા.

"બીજી વાત. આટલા બધા ફૂલોને તોડવાની જરૂર ખરી? આખા આ ગુલદસ્તાને અહીં જ છોડી જવાનું અને માત્ર દાસ પંદર સેકંડ્સ માટે તેની આપ-લે કરી તરછોડી દેવાનું? હાર કે ગુલદસ્તાની સાઇઝ, પ્રેમ કે માનની માત્રા નક્કી કરી શકે? મોટો હાર એટલે વધુ માન અને પ્રેમ? ના. બિલકુલ નહીં. આ માનસિકતા ખોટી છે." અમોલે એક વાત, એક વિચાર વહેતો કરી દીધો. સભાના મનમાં પ્રશ્ન જગાવી દીધો.

"મને આપેલું એક ફૂલ" અમોલે ટીશર્ટના ગજવામાં ભરાવી રાખેલ ગુલાબના ફૂલને હાથમાં લીધું. સૌને બતાવતા કહ્યું, "હા, આ એક ફૂલ. કેટલું સરસ છે ! હું તેને મારી સાથે લઈ જઈશ. જ્યાં સુધી તે કરમાશે નહીં ત્યાં સુધી તેને મારી સાથે જ રાખીશ." અનેક કિશોર ચિચિયારીઓથી સભાખંડ ગાજી ઉઠ્યો.

અમોલે યુવાન બનવા મથતી નાડને પકડી લીધી. તેના કુદરતી ધબકારાઓને વહેવા દીધા. ચિચિયારીઓ, તાળીઓ, સિસોટીઓને વહેવા દીધા. સ્થિર ઊભો રહ્યો તે, ક્યાંય સુધી.

સભાના ઉન્માદને મંદ થવા દીધો. શાંત થવા દીધો. શાંત થઈ ગયો.

"નીરજા, can u come on the satge, please." લગભગ વિનંતીના સ્વરમાં તેણે નીરજાને બોલાવી.

નીરજા, સ્વસ્થતા અને વિશ્વાસથી સ્ટેજ પર આવી. ફરી ઉન્માદ ફેલાઈ ગયો.

ગુમનામીમાં ચાલી ગયેલા ગુલદસ્તાઓને અમોલે મંગાવ્યા. થોડા નાના-મોટા અને એક ખૂબ જ મોટો ગુલદસ્તો સૌની ઉત્સુક્તાનું કેન્દ્ર બની ગયા.

પ્લાસ્ટિકમાં કેદ સૌ ફૂલોને તેણે બંધન મુક્ત કર્યા. સૌ ફૂલો મુક્ત મને ફેલાઈ ગયા. કેવા હસવા લાગ્યા.

એક સુંદર જાંબલી રંગનું ગુલાબ તેણે પસંદ કર્યું અને નીરજા તરફ તે જવા લાગ્યો. નીરજાને તે ગુલાબ આપવા હાથ લંબાવ્યો, "મારા તરફથી દોસ્તીના પ્રતિક રૂપે. તું એને સ્વીકારશે?"

અમોલના અવાજમાં એટલો જાદુ હતો કે મંત્રમુગ્ધ નીરજાએ સહજ ગુલાબ લઈ લીધું.

"નીરજા, ખૂબ ખૂબ આભાર." અમોલ સભા તરફ વળ્યો, "અહીં આટલા બધા ફૂલો છે ટેબલ પર અને કુદરતના ફૂલો તમે સૌ પણ અહીં જ છો. આ બધા ફૂલો પર તમારા સૌનો અધિકાર છે."

તે ફરી ફૂલો પાસે ગયો, "આ તમામ ફૂલો હું જાતે સૌને આપીશ. સૌ જ્યાં છો ત્યાં બેસી રહેજો. હું આવું છું તમારી પાસે. એક એકની પાસે. કોઈ બાકી નહીં રહે. બધાને મળશે આ ફૂલ."

સભામાં ઉત્તેજના અને રોમાંચ વ્યાપી ગયો. સૌ બેસી રહ્યા પોતાની જગ્યા પર.

પહેલું ફૂલ મિશ્રા સાહેબને આપી, તે બાકી બધા મહેમાનોને ફૂલ આપવા લાગ્યો.

સભાખંડની હારબંધ ખુરશીઓ તરફ વળ્યો. સૌને એક એક ફૂલ અને સ્મિત આપવા લાગ્યો. તેણે સૌને ફૂલો આપ્યા. છેલ્લી હરોળ સુધી, સૌને.

તે Eixt ગેટ તરફ ગયો. સૌનો આભાર માની વિદાય થઈ ગયો.

થોડીક ક્ષણો બાદ જ સૌને સમજાયું કે સભાખંડને મોહિત કરીને અમોલ ભેદ તો ચાલી ગયો છે. સભા આટોપી સૌ વિખરાયા, મળેલા ફૂલની સાથે એક નવી સુગંધ લઈને.

****

નીરજાને અમોલનું વ્યક્તિત્વ આકર્ષક લાગ્યું. તેની લોકપ્રિયતા પણ ગમી. તે છતાં તેનાથી તે અંજાઈ નહોતી ગઈ. તેના પ્રભાવમાં પણ નહોતી આવી ગઈ. ઉલટું, તેની સમકક્ષ સ્વમાનથી તે ઊભી રહી શકી હતી.

તેને લાગ્યું કે તેણે અમોલ ભેદને એક સશક્ત અને સમકક્ષ અનુભવ કરાવ્યો છે. તે ખુશ હતી. તેના વ્યક્તિત્વમાં નવો આત્મવિશ્વાસ ઉમેરાયો હતો.

સાથે સાથે તેને એ પણ સમજાયું હતું કે અમોલ ભેદ એક સાવ સાદો માણસ છે. આપણાં જેવો જ. છતાં લોકો તેને ચાહે છે. કારણ? તેની પાસે છે કળા, અભિનયની કળા. તેમાં તે સફળ પણ થયો છે. તેની પાસે આ કળા ન હોત તો? તે સફળ ના થયો હોત તો?

કળા પણ હોય અને સફળ પણ હોય તો જ, કોઈ લોકપ્રિય બની શકે. તો જ બધા તેને ઓળખે, ચાહે, માન આપે, તેના પ્રભાવમાં આવે.

એકાદ કળા ! અને તેમાં સફળતા ! કદાચ સફળતાનો આ જ સફળ મંત્ર હશે. સફળતાની આ જ સફળ જોડી હશે.

નીરજા પણ કોઈ કળા શિખશે. તેમાં સફળ થશે. પછી તે પણ સેલેબ્રિટી હશે. હા... નીરજા સેલિબ્રિટિ બનવા સર્જાઈ છે. તે બનીને જ રહેશે...પણ.. પણ કઈ કળા શીખવી?

અભિનય**?** સંગીત**?** લેખન**?**નૃત્ય**?** ચિત્ર**?** ... તે નિર્ણય પર આવી. તે સંગીત શિખશે.

પ્રકરણ 11

ટ્રેનની દિશા તો એક જ હતી. પણ વિચારોની દિશા બદલાતી રહી, રાત ભર. આ બધાની વચ્ચે નીંદ્રાએ પોતાનો પ્રભાવ બતાવી દીધો. તેઓ પણ હવે ઘસઘસાટ ઊંઘી ગયા. ઊંઘતા રહ્યા. ક્યાંય સુધી.

ટ્રેને બ્રેક મારી, રોકાઈ ગઈ. વ્યોમાની નિંદ્રા પણ અટકી. બારી બહાર સ્ટેશનનું નામ વાંચ્યું. 'સવાઇ માધોપુર'

આકાશ તરફ નજર કરી. દિવસ ખાસ્સો આગળ વધી ગયો હતો. તડકો પણ તિવ્ર થઈ ગયો હતો. સમય ચકાસ્યો. 8.48 am . 'ઓહહ .. કેટલું મોડુ થઈ ગયું.' તેણે નીરજાને જગાડી.

બંનેની આંખમાં ઊંઘ તો હતી જ પણ કશુંક ચૂકી ગયાનો અફસોસ પણ હતો. કોઈ કશું જ ન બોલ્યું. તો ય આંખોએ વાતો કરી લીધી. મનોમન. એકબીજાને કહેવાઈ ગયું...

'નીરજા, આપણે મોડા પડ્યા.'

'વ્યોમા, તે ક્ષણ વિતી ગઈ.'

'બહાર નજર કર, સુરજ પણ કેટલો આગળ નીકળી ગયો.' વ્યોમા હવે પૂરેપુરી જાગી ગઈ હતી.

"હા, સુરજ ઊગતા પહેલાંની ક્ષણો, આછો અંધકાર અને આછેરા ઉજાસની ઝલક."

"twilight ની એ અદભૂત ક્ષણો."

"સૂરજના આગમન પહેલાંના, પ્રકાશના તરંગોનું આકાશ પર છવાઈ જવું."

"આકાશના રંગને સાવ બદલી નાંખવું."

"અંધકારના કાળા રંગમાંથી બ્લૂ રંગ, બ્લૂ રંગમાંથી સોનેરી રંગમાં બદલાતા જવું."

"લાલચોળ થઈ જતું આકાશ, શરમના શેરડાઓથી ભરાઈ જતું આકાશ."

"ખૂબ જ નમ્રતાથી સૂરજનું ઉગવું."

"લાલ રંગનું ગાયબ થઈ જવું, સૂર્યના પ્રકાશનું ફેલાઈ જવું."

"નમ્રતાથી ઉગેલા સૂરજનું આક્રમક થઈ જવું."

"આ એક પછી એક ઝડપથી બનતી અને બદલાતી ઘટનાઓ, બદલાતા રંગો જોવાની..."

"ઈચ્છા આજે તો અધૂરી રહી ગઈ, વ્યોમા."

મૌન વાર્તાલાપમાં હવે શબ્દો ઉમેરાવા લાગ્યા.

"વ્યોમા, આજે આપણે એ બધું જ ચૂકી ગયા." નીરજાએ ઊંડો શ્વાસ છોડીને કહ્યું.

વ્યોમાએ પણ હવે મૌન વાર્તાલાપને ત્યાગી દીધો. તેણે નીરજાના શબ્દો સાંભળ્યા. તેને સમજાઈ ગયું હતું કે શબ્દો હવે મૌનને પરાસ્ત કરી ચૂક્યા છે માટે શબ્દો તો બોલવા જ પડશે. હવે શબ્દો નીકળવા લાગ્યા, ટ્રેન પણ સ્ટેશન છોડીને આગળ નીકળવા લાગી.

"હા, નીરજા, આપણને જાગવામાં મોડુ થઈ ગયું."

"આપણને કોઈએ જગાડયા પણ નહીં."નીરજાએ અફસોસ વ્યક્ત કર્યો.

"મેડમ, આપણે ટ્રેનમાં છીએ. અહીં કોણ આપણને જગાડે?" હસી પડી બંને .

"હા, ઘર હોય તો મા જગાડે. પણ અહીં, અહીં તો .. યસ, મોબાઇલનું એલાર્મ જગાડી શકે." નીરજાને મોબાઈલ યાદ આવ્યો.

"એલાર્મ અવશ્ય જગાડી શકે પણ તેને સૂતા પહેલાં સેટ કરવું પડે ને? આપણે તો બસ એમ જ સૂઈ ગયા હતા. તો પછી એ વાગે ક્યાંથી? અને નીરજા મેડમ જાગે ક્યાંથી?"

"વ્યોમા, તારી વાત બરોબર છે. પણ, એલાર્મમાં તો આપણે સમય સેટ કરી શકીએ. જેમ કે પાંચ, છ, સાત વગેરે. અને એ પ્રમાણે એ સેટ કરેલા સમય પર વાગીને આપણને જગાડે. પણ, પણ…"

"પણ શું, નીરજા?"

"પણ, એલાર્મને એ ક્યાંથી ખબર પડે કે હવે **twilight** થવાની છે, સુરજ ઉગવાનો છે, આકાશમાં રંગ બદલાવાના છે, કોઈ મેઘધનુષ રચાઇ રહ્યું છે, ક્યાંક સરસ મજાની સંધ્યા ખીલી છે, વાદળાઓ દોડાદોડી કરે છે, મીઠો મધૂરો પવન લહેરાય છે, કોઈ પંખી કલરવ કરે છે, કોઈ માટી ભીની થઈ છે, કોઈ ફૂલ ખીલ્યું છે, કોઈ સુગંધ વહેતી થઈ છે, કોઈ પતંગિયુ ઊડી રહ્યું છે, કોઈ વાદળી ઝરમર વરસવા તરસે છે, ક્યાંક વરસે છે, દરિયામાં ભરતીના મોજા ઉછળે છે, બરફ જામે છે, કે પીગળીને પહાડ પરથી ઝરણાં બનીને વહેવા લાગ્યા છે…"

"અરે અરે, શ્વાસ તો લે જરા." વ્યોમાએ તેને રોકી.

નીરજા ક્ષણ માટે અટકી. ફરી એક ઊંડો શ્વાસ લીધો. દૂર આકાશમાં નજર કરી, કરતી રહી. વ્યોમાએ તેને ખલેલ ન પહોંચાડી. તે પણ બારી બહાર સરકતા દ્રશ્યો જોતી રહી.

"વ્યોમા, આ એલાર્મમાં એવી કોઈ સગવડ કેમ નથી કે કુદરતની બદલાતી તસવીર પ્રમાણે આપણે એલાર્મ ગોઠવી શકીએ અને જેવી તસવીર બદલાય કે એલાર્મ વાગે. આપણને ખબર પડે, કે બહાર ખુલ્લા આકાશમાં કશુંક સુંદર બની રહ્યું છે. અદભૂત બની રહ્યું છે. અને આપણે બધી જ વ્યસ્તતાઓને છોડીને તે સુંદર અને અદભૂત ઘટનાને માણવા લાગીએ. એવું જો કોઈ એલાર્મ બની જાય તો .." નીરજા લાંબા મૌન પછી બોલી રહી હતી. વ્યોમા સાંભળી રહી હતી.

"તો. તો માણસ ક્યારેય આવી અદભૂત ક્ષણોને ચૂકે જ નહીં. પણ, નીરજા, હજુ સુધી માણસજાતે એવું એલાર્મ બનાવ્યું જ નથી. જો. જોઈ લે તારા મોબાઇલમા. મોબાઈલ ગમે તેટલો સ્માર્ટ કેમ ન હોય પણ હજુ સુધી આવું એલાર્મ કોઈ મોબાઇલમા નથી. નથી જ."

બંને એ પોતપોતાના મોબાઈલ ઓન કર્યા.

"ઓહ માય ગોડ." બંને એકસાથે જ બોલી પડી. આટલા બધા મિસ્ડ કોલ? તે બધા જ ઘેરથી આવ્યા હતા. તેઓ નીંદરમાં હતા ત્યારે જ આ બધા કોલ આવેલા. ઓહ, ઘેર બધા ચિંતા કરતાં હશે. ચાલ કોલ કરીને ક્ષેમ કુશળના સમાચાર આપી દઈએ. તેઓએ કોલ કરી લીધા.

હવે તેઓએ સાથી મુસાફરો તરફ નજર કરી. સફાળું ભાન થયું, કે ટ્રેનમાં તેઓ એકલા જ નથી. કેટલાય મુસાફરો તેની સાથે યાત્રા કરી રહ્યા છે. રાત્રે ટ્રેનમાં ચડ્યા પછી છેક હવે ફુરસદ મળી, ટ્રેનમાં સાથે મુસાફરી કરતાં લોકોને જોવાની.

સીટ નંબર 17 થી 22 પર નજર દોડાવી. બધા જ યાત્રીઓ જાગતા હતા. છએ છ સીટ ભરેલી હતી. હવે ડાબી બાજુ નજર કરી. સીટ નંબર 31 અને 32 પર એક કપલ અને દોઢેક વર્ષનું બાળક હતા. તો જમણી બાજુ સીટ નંબર 15 / 16 પર એક **senior citizen** કપલ બેઠું હતું. તેઓના ચહેરા પર વૃદ્ધત્વ દેખાતું ન હતું. ખૂબ જ સ્વસ્થ અને પ્રસન્ન લગતા હતા.

તમામ સીટો ભરેલી હતી. ઘણાં બધા વ્યક્તિત્વો એક સાથે યાત્રા કરી રહ્યાં હતા. બધાને એક નજરે જોઈ લીધા.

સીટ નંબર 17 પર બેઠેલો વ્યક્તિ અલગ, બધાથી અલગ લાગી રહ્યો હતો. 30/32 વર્ષની ઉંમર, રંગ ઘઉં વર્ણો, આંખ પર ચશ્મા, માથા પર આછા વાળ, સ્વસ્થ અને તંદુરસ્ત બાંધો, હાથમાં કોઈ ચોપડી, ક્યારેક ચોપડીમાં નજર તો ક્યારેક બહાર વહી જતી જમીન અને આકાશને પકડવાની વ્યર્થ કોશિશ કરતી નજર. તે કદાચ કોઈ અલગ વિશ્વમાં હતો.

નીરજાને યાદ આવ્યું. કાલે રાત્રે જયારે તે બંને મુક્ત મને હસતી હતી ત્યારે આ વ્યક્તિએ જ તેને ટૉકી હતી અને ટ્રેનની ડિસિપ્લિન જાળવવા કહ્યું હતું.

હૅં.. એ જ હતો તે વ્યક્તિ. નીરજાને તે વ્યક્તિમાં કશુંક વિશેષ હોય તેવું લાગ્યું. થોડી વાર માટે તેને જોયા કર્યું. તરત જ ધ્યાન હટાવી, વ્યોમા જોડે વાતો કરવા લાગી.

વાતો ચાલતી રહી, ટ્રેન પણ ચાલતી રહી. સ્ટેશનો આવતા ગયા. લોકો ઉતરતા ગયા. નવા ચડતા ગયા. સીટ પર બેસનાર બદલાતા ગયા. પણ એ બધામાં સીટ નંબર **17** પર બેઠેલી વ્યક્તિ કાંઈક વિશેષ લાગી. અન્ય બધા સામાન્ય !

****

બપોરના **1.30** નો સમય. ટ્રેન આગ્રા ફોર્ટ પર આવી પહોંચી. બારીની બરાબર સામે બુક્સ, મેગેઝીન, ન્યૂઝ પેપર વગેરે લઈને એક લારી ઊભી હતી. ત્યાંથી રેડિયો પર ચાલતી કોમેંટરીનો અવાજ સ્ટેશનના કોલાહલને ચીરીને ટ્રેનના ડબ્બા સુધી આવતો હતો. અવાજ ખૂબ જ મોટો હતો.

ઘણા બધા મુસાફરો કોમેંટરી સાંભળવા આસપાસ ગોઠવાયેલા હતા. ધ્યાન દઈને સાંભળતા હતા.

India needs 37 runs from 23 balls and 2 wickets are in hand. Match is in very interesting stage. It is still wide open for both the teams. Either team can steal the show. The first one day of the 5 match series is in very exiting stage. Fans are also exited. Very very sensible cricket. Drinks break is over, everything is set.

કોમેંટરીનો અવાજ ત્યાં જ છોડીને, ટ્રેન આગળ વધી ગઈ. ક્રિકેટ રસિયા મુસાફરો અંદરોઅન્દર ગણગણાટ કરવા લાગ્યા, ચર્ચા કરવા લાગ્યા. મેચની પરિસ્થિતી પર વાતો થવા લાગી. તેઓ બંને તેને સાંભળતી રહી.

"ઈન્ડિયા જીત ભી સકતા હે, **23** ગેંદોંમેં **37** રન, કોઈ બડી બાત નહીં હૈ…"

"પર હમારે પાસ વિકેટ ભી તો નહીં હે.."

"ઉપરસે ઓસ્ટ્રેલિયાકી પિચ પર ગેંદ સ્વિંગ ભી હો રહી હૈ. તો થોડા મુશ્કિલ હૈ, પર અસંભવ નહીં હૈ."

"it's cricket, friends. We can't say until last ball delivered… so wait and keep hoping.."

ક્રિકેટ પર સૌ પોતપોતાનું મંતવ્ય આપતા રહ્યા. ટ્રેન અને ક્રિકેટ પરની વાતો ચાલતી રહી. બંનેને એ વાતો ગમવા લાગી. ક્રિકેટ એ નીરજા અને વ્યોમાને પણ ગમતી રમત. ટીવી પર લાઈવ મેચ જોવી ગમતી. આજની રસાકસીભરી મેચ જોવાની તિવ્ર ઈચ્છા થઈ આવી. પણ અહીં ટ્રેનમાં ટીવી પર મેચ જોવું ક્યાંથી સંભવે? ક્રિકેટની વાતો અને ટ્રેન ચાલતી રહી.

"અગર ઈન્ડિયા યહ મેચ જીત જાતા હૈ તો, વનડે રેંકિંગમેં પહલે નંબર પર આ જાએગા."

"પર જીતે તબ ના…! અબ તક તો મેચ ઔર આગે બઢ ગયા હોગા."

"ઔર ઈનટ્રેસ્ટિંગ ભી…"

"કાશ ! હમ રેડિયો સાથ લેતે ઔર કોમેંટરી સુન પાતે.."

વ્યોમાએ મોબાઇલમા એફએમ ચેનલો સ્કેન કરવા મંડી. **5-6** જુદી જુદી ચેનલો સર્ચ થઈ. એક પછી એક બધી ચેનલો તપાસી જોઈ. **FM** ની કોઈ પણ ચેનલ પર કોમેંટરી સાંભળવા ન મળી. નીરજા વ્યોમાને જોઈ રહી હતી, અને ક્રિકેટની ચર્ચાને માણી રહી હતી.

ચર્ચાનો મુખ્ય સૂર હતો, કે આવા રસપ્રદ મેચના **exiting** મોડ પર આવેલા મેચની કોમેન્ટ્રીથી વંચિત રહી ગયા તેનો સૌને અફસોસ હતો. વ્યોમા મોબાઈલ પરથી ધ્યાન હટાવી વાતમાં જોડાઈ ગઈ.

"દેખો, મૈંને મોબાઇલમે સભી **FM** ચેનલ ચેક કર લી. કિસી પર ભી કોમેંટરી નહીં આ રહી."

"અરે, વોહ **FM** પર નહીં એએમ ચેનલ પર આતી હૈ."

"વોહ તો હમારે મોબાઇલમે હૈ હી નહીં." વ્યોમા વ્યગ્ર બની ગઈ.

"મોબાઈલ કંપનીવાલોને આજ તક એસા મોબાઈલ નહીં બનાયા, જિસમે FM કે અલાવા અન્ય બેન્ડ પર ચેનલ સુન સકે."

"કૌન કૌન સી ઐસી બેન્ડ રેડિયો પર હોતી હૈ?"

"રેડિઓમેં એફએમ કે સિવા AM એવમ SW ચેનલ ભી હોતી હૈ."

"તો મોબાઈલ બનાને વાલી કંપનીકો યહ સબ ચેનલ ભી હેન્ડસેટ મેં ઉપલબ્ધ કરાની ચાહીયે." વ્યોમાએ પોતાનો મત વ્યકત કર્યો.

"તો ફીર હમ કહીં ભી ક્રિકેટ કોમેંટરી સુન સકેંગે. પર અફસોસ ! કબ મિલેગી એસી સુવિધા હમે, ઇસ સ્માર્ટ ફોન મે?" પહેલીવાર નીરજા વાતમાં જોડાઈ.

આમ તો ટ્રેનમાં બેઠા પછી પહેલી જ વાર બંનેએ અન્ય મુસાફરો જોડે વાતો શરૂ કરી હતી. અને એ પણ ક્રીકેટ વિશે. તેને આધારે મોબાઈલ વિશે. તેના ખૂટતા ફીચર્સ વિશે.

"મહેંગેસે મહેંગે મોબાઇલમેં ભી કોમેંટરી નહીં સુન સકતે, તો ક્યા મતલબ હૈ ઇસકા સ્માર્ટ હોને કા?" વ્યોમાએ નારાજગી વ્યક્ત કરી.

"કંપનિયોકો ઇતના ભી પતા નહીં, કિ ઈન્ડિયામે ક્રિકેટ ખેલ નહીં, ધર્મ હૈ, દેશપ્રેમ જતાનેકા માધ્યમ હૈ. .. દેશકો એકસૂત્રમે બાઁધતા હૈ યહ. ઔર ઇસકી સુવિધા હી નહીં ઇસ સ્માર્ટ ...."

"ખાક સ્માર્ટ હૈ યહ..."

ક્રિકેટ પર શરૂ થયેલી ચર્ચા હવે મોબાઈલ તરફ વળી ગઈ. તેના મોડેલ્સ, ફીચર્સ, તેના ભાવ, વગેરે પર ચર્ચા ફંટાઇ ગઈ, ચાલતી રહી.

વીસેક મિનિટ બાદ એક મુસાફરે બ્રેકિંગ ન્યૂઝ આપ્યા, 'ભારતને ઑસ્ટ્રેલિયાકો એક વિકેટ સે હરા દિયા."

સૌ ખુશ થઈ ગયા. ક્રિકેટના ચાહકોના મોઢા પર નવી લહેર પથરાઈ ગઈ. બોડી લેન્ગ્વેજ પણ બદલાઈ ગઈ. ફરી સૌ ક્રિકેટની ચર્ચામાં લાગી ગયા.

સીટ નંબર 17 પર બેઠેલ વ્યક્તિના ભાવોમાં કોઈ ખાસ પરીવર્તન ન આવ્યું. તે હજુ પણ મૌન હતો. કદાચ બધાને સાંભળી રહ્યો હતો.

વ્યોમા અને નીરજાએ ફોનથી ઘેર વાત કરી લીધી. ક્રિકેટના સમાચાર પણ જાણી લીધા. ફરી બારી બહારની દુનિયામાં પ્રવેશી ગયા, બંને.

"નીરજા, છેલ્લું સ્ટેશન તો આગ્રા ફોર્ટ હતું ને?" વ્યોમાએ પ્રશ્નાર્થ નજરે જોયું, નીરજાની નજર હજુ પણ બારી બહાર જ હતી, "હા, કેમ?" પ્રત્યુત્તર સાથે પ્રતિપ્રશ્ન કરી લીધો.

"એ જ સ્તો નીરજા, એ જ ."

"શું છે વ્યોમા? શું વાત છે?" હજુ પણ નજર બારી બહાર જ હતી.

"આગ્રા, નીરજા આગ્રા સ્ટેશન હતું એ." વ્યોમાનો સ્વર રોમાંચિત થઈ ગયો.

"હા, આગ્રા સ્ટેશન. પાગલખાના માટે પ્રખ્યાત. શું તારે પાગલખાના માં જવું છે? તે આટલી બધી પાગલ થઈ છે?" નીરજાએ મસ્તીખોર જવાબ આપ્યો.

"નીરજા, આગ્રામાં પાગલખાના સિવાય પણ બીજી વસ્તુ છે. જે બધાને, આખી દુનિયાને તેના પ્રેમમાં પાગલ કરી દે છે." વ્યોમાએ નીરજાના મસ્તી ભર્યા કટાક્ષને બીજી દિશા આપી દીધી.

"પ્રેમમાં પાગલ?" હવે સ્મિત સાથે, નીરજાએ વ્યોમા પર નજર કેન્દ્રિત કરી.

બંનેની આંખો મળી અને તેમાં ચમક આવી ગઈ.

"હા, નીરજા હા. પ્રેમમાં પાગલ કરી દે તેવો."

"તાજ મહેલ !" બંને એકસાથે રોમાંચિત થઈ ગઈ.

"ઓહ ! તાજ મહેલ. તું ત્યાં જ રહેજે. આજ તો અમો બીજા મિશન પર જઈએ છીએ. પણ એક દિવસ તને મળવા અમે જરૂરથી આવીશું. તું ત્યાં જ રહેજે, અમારી પ્રતિક્ષા કરજે, અમે આવીશું, એક દિવસ, જરૂર આવીશું. રાહ જોજે અમારી."

તાજમહેલને પ્રતિક્ષા કરવાનું કહેણ મોકલી વચન પણ આપી દીધું.

"વ્યોમા, ક્રિકેટના ઉત્સાહમાં આગ્રા સ્ટેશન પર પણ, આપણે તાજમહેલને યાદ ન કરી શક્યા. અરે, દૂરથી આવતી એની સુગંધને પણ ન પારખી શક્યા. વાતાવરણમાં રહેલા તેના મૃદૂ તરંગોને ન અનુભવી શક્યા આપણે."

"હા નીરજા, આ બધું ક્રિકેટ મેચના ઉન્માદને લીધે."

"ક્રિકેટ એટલું બધું છવાઈ જતું હોય છે, કે સ્થળ કાળ ની વિશેષ સુગંધને, તેની ધરોહરને અને આગવા રોમાંચને અનુભવવાનું ભૂલી જઈએ છીએ. ક્રિકેટની માયાજાળમાં તાજમહેલને ભૂલી જવાય, એ કેમ ચાલે?"

"ગમે તે થાય, પણ હવે આપણે દરેક પળને, દરેક સ્થળને માણીશું."

"ક્રિકેટ કે અન્ય કોઈ બાબત આપણને તેમ કરતાં રોકી નહીં શકે."

ચહેરા પર દ્રઢ નિશ્ચય સ્પષ્ટ દેખાતો હતો. સામસામે સ્મિત કરી ફરી ટ્રેનની બહાર, પાછળ છૂટી ગયેલા તાજમહેલના રંગે રંગાઈ ગયા.

પ્રકરણ 12

તડકો હવે બારીને વીંધીને અંદર આવવા લાગ્યો. સીટ પર આવીને બેસી ગયો, નીરજાના ખોળામાં, તો વ્યોમાના પાલવ પર. તડકાને થોડી વાર રમાડયા બાદ, બારી બંધ કરી દીધી. જિદ્દી તડકો કાચને વીંધીને પણ અંદર આવવા લાગ્યો. થોડો મૃદૂ અને રોમાંટિક થઈને બેસી ગયો.

સૌ મુસાફરો પોતપોતાની દુનિયામાં ખોવાઈ ગયા.

સીટ નંબર 17 નો મુસાફિર હજુ પણ પોતાના પુસ્તકમાં અને બારી બહારની દુનિયામાં રહેતો હોય તેમ લાગ્યું. પણ કોઈને ખબર ન હતી કે તે પોતાની દુનિયામાંથી, વચ્ચે વચ્ચે નીરજા અને વ્યોમાની વાતો પર કાન માંડી લેતો હતો. તેઓની વાતોને ધ્યાનથી સાંભળી લેતો હતો. તેના પર નજર રાખી રહ્યો હતો.

નીરજા, વ્યોમા અને બાકી સૌ પણ, આ વાતથી અજાણ હતા.

ટ્રેન ચાલતી રહી. રસ્તો કપાતો રહ્યો. સૌ બપોરની નીંદરમાં સરકી ગયા. સૌ સાથે એક અજીબ શાંતિ પણ યાત્રા કરવા લાગી. વ્યોમા થાકી ગઈ હતી. સૂઈ ગઈ.

ઉપરની બર્થ પર નીરજા જાગતી રહી. વિચારોનો પ્રવાહ ટ્રેનની ગતિથી પણ તેજ દોડવા લાગ્યો. ટ્રેનની યાત્રાનો રોમાંચ ઓસરવા લાગ્યો.

ઘર, મિત્રો, માતા પિતા, ગામ, સ્કૂલ એક પછી એક બધા યાદ આવવા લાગ્યા. એ બધાને છોડીને બસ એમ જ નિકળી પડી હતી, અજાણ ભૂમિને જોવા-જાણવા-માણવા-પા મવા.

અનેક વિરોધ અને અણગમા વચ્ચે પણ મક્કમ બનીને, મંઝિલ પામવા ચાલી નીકળી હતી. હવે તો પંથ પણ કપાવા લાગ્યો હતો.

એક માત્ર વ્યોમા સાથે આવવા તૈયાર થઈ હતી. તેને રસ્તાની, યાત્રાની વિકટતાની કાંઇ ખાસ ચિંતા ન હતી. તે તો ચાલી નીકળી હતી, માત્ર નીરજાના ભરોસે. હંમેશની જેમ. તેને મન કોઈ ચિંતા ન હતી. બસ એક જ ભરોસો, નીરજા પર. અને તે પણ નીકળી પડી હતીનીરજા સાથે. દૂ ર.. દૂર.. કોઈ અજાણી ભૂમિ પર, જંગલોની વચ્ચે, પહાડ પર થી ઊંચેથી પડતાં પાણીના ધોધને જોવા માટે, મળવા માટે.

મારી સાથે વ્યોમા, મારી ખાસ સખી.

એક ધોધ નીરજાની અંદર પણ વહી રહ્યો હતો. પ્રચંડ ધોધ. ન વું જોવાની, અનુભવવાની અને સમજવાની ઇચ્છાનો ધોધ. એ ધોધની સામે આખરે સૌ હારી ગયા. બંનેને એકલા જ જવા દેવા સૌ સમ્મત થયા હતા.

સૌ? કેટલા વિરોધમાં હતા સૌ ! કેટકેટલા પ્રયાસો કર્યા હતા, બંનેને રોકવાના. પણ જેમ જેમ તેઓ વિરોધ કરતાં ગયા, તેમ તેમ નીરજાની અંદરનો ધોધ વધુને વધુ પ્રચંડ બનતો ગયો. સૌના વિરોધોને શાંત પાડતો ગયો.

એ બધાં! એ બધા એટલે.. મમ્મી, ડેડી, ભરત અંકલ , દીપા આંટી, નેહા મેડમ, મિશ્રા સાહેબ, પેલા બે પુસ્તકો, મિત્રો, કરાટે ટ્રેનર, સંગીત ટીચર... કેટકેટલા લોકો.

એ બધાની વચ્ચે એક માત્ર વ્યોમા ! પડછાયાની જેમ સદાય સાથ આપ્યો છે તેણે, મક્કમ બનીને. નીરજાની ખરી શક્તિ એટલે, વ્યોમા.

ક્યારેક આ બધાની સામે લડી-લડીને થાકી જતી, હારી જતી, નીરજા. પણ, ત્યારે જ વ્યોમા તેને ફરી ઉત્સાહિત કરતી, મોટિવેટ કરતી, રિચાર્જ કરતી. અને તેથી તેનામાં નવી ઉર્જા આવતી. ફરી લડતી આ બધા સામે. ખૂબ લાંબી લડાઈ લડીને અંતે તે આ યાત્રા પર નીકળી શકી. કેવી કેવી લડાઇઓ....

****

નેટ પર મિત્રો જોડે ચેટિંગ ચાલી રહી હતી. નીરજા અને વ્યોમા, પોતપોતાના મોબાઈલ પર અલગ અલગ ચેટિંગ કરતાં, એક જ

રૂમમાં સાવ બાજુ બાજુમાં બેઠા હતા.

વ્યોમા હસતી રહેતી હતી, તો નીરજા ગીત ગાતી રહેતી હતી. સ્ક્રીન પર જાતજાતના મેસેજ આવતા હતા. ધ્યાન, ધર્મ, મોટીવેશન, ફિલોસોફી, જોક્સ, વિડિયોસ, ઓડિયોસ, ના જાણે કેટકેટલું તે માધ્યમ દ્વારા નેટવર્ક પર વહેતું હતું. કેટલાય મેસેજ તો અનેક વખત રિપીટ પણ થતાં હતા. કેટલાક રસપ્રદ, તો કેટલાક સાવ બોરિંગ. પણ છતાંય તેના વિના કોઈને પણ ચાલતું ન હતું.

તે શનિવારની સાંજ હતી. બંને ખાસી વાર ચેટિંગમાં વ્યસ્ત રહી. કેટલાય વિડિયોસ જોઈ લીધા, કેટલાય શેર કરી લીધા. કેટલીય વાતો કરી લીધી. કેટલુંય ડિલીટ કરી નાંખ્યું. તેમાંથી ભાગ્યે જ કોઈ કામનું હતું.

પણ... એક વિડીયો નીરજાને ગમી ગયો.

ખૂબ જ ગાઢ, લીલું જંગલ. ચારે તરફ પહાડી પ્રદેશ, કેટલીક સાંકડી ટ્રેક પર થઈને, કેમેરો એક ધોધ પાસે અટકે છે. ખૂબ જ ઉપરથી કેમેરો ધોધના ઉદગમ સ્થાનને ફોકસ કરીને, ધીરે ધીરે પાણીની પડતી ધાર સાથે નીચે તરફ સરકતો જાય છે. નીચે... નીચે... તરફ જતી ધાર અને તે ધારની સાથે તાલ મિલાવી નીચે સરકતો જતો કેમેરાનો લેન્સ. કેટલીય ક્ષણો બાદ કેમેરો સ્થિર થઈ જાય છે. તે જગ્યાએ ધોધ જમીન પર પટકાય છે, પ્રચંડ તાકાત સાથે !

પાણી જ્યાં જમીન પર પડે છે ત્યાં, અસંખ્ય મેઘધનુષયો રચાતાં જાય છે. ત્યાંથી ઝરણું બનીને આગળ વહેવા લાગે છે, પાણી. ધોધનું રૂપાંતર થઈ જાય છે, ઝરણાંમાં. સમગ્ર દ્રશ્ય અદભૂત લાગે છે.

ખૂબ ઊંચેથી પડતું પાણી, પ્રચંડ તાકાતથી પછડાતું પાણી. ઝરણાંમાં બદલાઈને ધસી જતું પાણી, પાણીની ધારમાં સર્જાતા અદભૂત દ્રશ્યો, સૂરજના કિરણોનું પાણીની ધાર સાથેનું મિલન, ખુલ્લું આકાશ, પહાડ, લીલ્લુછમ્મ જંગલ, માનવ વિનાનું સ્થળ. કુદરતે સર્જેલું અપ્રતિમ સૌંદર્ય !

કેમેરો આગળ વધે છે, જંગલ તરફ. ધોધમાર વરસતો વરસાદ. જંગલના તસુએ તસુ તરફ આક્રમક બનીને વરસતો વરસાદ. કેમેરાના દરેક એંગલ સાથે ઉદભવતો કુદરતી અવાજ, પાણીનો અવાજ, વાદળાઓમાંથી ધરતી પર પછડાતા વરસાદનો અવાજ. ઝાડ પર અથડાતાં વરસાદનો અવાજ. ડાળ પર, પાંદડા પર પડતાં વરસાદનો અવાજ. દ્રશ્ય એકદમ ઓરિજનલ, તો અવાજ પણ તદ્દન અસલી. બેમાંથી એકેયમાં કોઈ જ મિલાવટ નહીં.

ધોધનો અવાજ, વરસાદનો અવાજ. પાણીનો પ્રચંડ અવાજ.

4 મિનિટ **20** સેકંડનો વિડીયો પૂરો થયો. અવાજ શમી ગયો. દ્રશ્યો અદ્રશ્ય થઈ ગયા. એકદમ શાંતિ વ્યાપી ગઈ. નીરજા અવાચક થઈ ગઈ. હજુ પણ તે વિડિયોના પ્રભાવમાં જ હતી. સ્તબ્ધ. મૌન. સ્થિર !

એક એક દ્રશ્ય, તેની સાથેનો અવાજ!

પેલા દ્રશ્યો તેની આંખને કેદ કરી બેઠા હતા, દ્રશ્યોના અવાજોએ તેના હોઠોને મૌન બનાવી દીધા હતા. એક પૂતળું, જોયેલા દ્રશ્યોમાં અને સાંભળેલા અવાજોમાં લીન થઈ ગયું.

વ્યોમા હજુ પણ પોતાની ચેટિંગમાં વ્યસ્ત હતી. નીરજાની સ્થિતિ વિશે તેને કાંઇ જ ખબર ન હતી.

કેટલોય સમય વિતી ગયો તેની નીરજાને ખબર ન રહી. તેની મમ્મીના અવાજે પૂતળાને સજીવન કર્યું. વ્યોમા અને નીરજા છૂટા પડ્યા. પેલા દ્રશ્યો, પેલા અવાજો હજુ પણ નીરજાથી છૂટા નહોતા પડી શક્યા. તેઓને નીરજાનો સાથ ગમતો હતો.

નીરજા તેને સાથે લઈને ચાલવા લાગી, જમવું, વાતો કરવી, ઊંઘવું, જાગવું.બધું જ એ અવાજો અને દ્રશ્યો સાથે જ.

પથારીમાં પડ્યા પડ્યા તેણે પેલો વિડીયો ફરી ફરીને જોયો. તેના દ્રશ્યો અને અવાજોમાં કશુંક ચુંબકીય તત્વ હતું, જે નીરજાને તેના તરફ આકર્ષતું હતું. નિંદ્રાનું આકર્ષણ આજે ફિક્કું પડી ગયું હતું. એટલે તો આંખમાં જંગલ, ધોધ અને વરસાદ અડિંગો જમાવીને બેઠા હતા, તો મનમાં કેટલાય પ્રશ્નો.

કયાઁ હશે આ જગ્યા**?** આવી કોઈ જગ્યા હશે ખરી**?** જો હોય તો એવું જંગલ, પાણી, ધોધ અને વરસાદ, તેના અવાજો હશે**?** શું આ બધું ખરેખર છે**?** કે પછી કોઈ ટેકનૉલોજીની કરામત છે**?**

તેના મનમાં સવાલ જાગ્યો કે શંકા**?** કદાચ તેવું ખરેખર ન પણ હોય. જો ન હોય તો**?** તો કાંઇ નહીં. બે-ચાર દિવસમાં આ

વિડિયોને ભૂલી જવાનું અને નવી વાતોમાં વ્યસ્ત થઈ જવાનું.

પણ.. પણ કદાચ આ સાચું હોય તો? આવી કોઈ જગ્યા હોય, આવી જ રીતે વરસાદ પડતો હોય, આમ જ ધોધ બનીને પાણી વહેતું હોય, પછડાતું હોય, આવી કોઈ જગ્યા ખરેખર હોય તો?

તો? તો તે જગ્યા જોવી જ પડે. ત્યાં જવું જ પડે. એ સ્થળને, એ ઘટનાને રૂબરૂ અનુભવવી જ પડે. ત્યાં જવું જ પડે... ત્યાં જવું જ પડે... ત્યાં જવું જ પડે...ત્યાં..ત્યાં... પણ ક્યાં ?

ક્યાં? આ ક્યાં નો જવાબ, તેની પાસે ન હતો. હાલ કોઈ જ સવાલોના જવાબો તેની પાસે ન હતા. તેની પાસે હતા માત્ર સવાલો. પણ તે જવાબો શોધીને જ રહેશે. કોઈ પણ રીતે. ભલે તે માટે ગમે તે કરવું પડે.

પણ, શું કરવું પડે? તેને તેની ખબર ન હતી. છતાં તે બધું જ કરી છૂટવા માંગતી હતી. પાણીના ધોધની સાથે સાથે, સવાલોના ધોધમાં વહેતી વહેતી તે ઊંઘી ગઈ.

સવારના કિનારે આવીને જાગી, ત્યારે સૂરજના કિરણોનો ધોધ ક્યારનો ય ધરતી પર વહેવા લાગ્યો હતો.

ત્રણ ત્રણ ધોધ તેને ભીંજવી રહ્યા હતા, સૂર્યના કિરણોનો ધોધ, સવાલોનો ધોધ અને તે બધા માટે જવાબદાર પેલો, પાણીનો ધોધ.

થોડી વારે વ્યોમા આવી ગઈ. આમ રવિવારે મળવું અને સાથે રહેવું એ બંને માટે સહજ હતું. પણ નીરજા આજે સહજ રીતે નહોતી વર્તી રહી. તે કયાઁક ખોવાયેલી લાગતી હતી. તેના ચહેરા પરના નવા ભાવોને ઓળખવામાં વ્યોમાને વાર ન લાગી,

"એ ય નીરજા, આજે કયા મૂડમાં છે? ક્યાં ખોવાઈ ગઈ છે?"

નીરજાએ વ્યોમા સામે જોયું. મનમાં ઝબકાર થયો. આંખમાં ચમક આવી ગઈ અને હોઠ પર હળવું સ્મિત.

વ્યોમાએ આ બધું જ નિહાળ્યું, અનુભવ્યું. આ પણ એક નવો ભાવ જ હતો, નીરજાના ચહેરા પરનો. તેણે નીરજાને જવાબી સ્મિત આપ્યું.

નીરજા મુક્ત મને હસવા લાગી, હસતી રહી. વ્યોમાએ તેને હસવા દીધી. નીરજાએ પેટ ભરીને હસી લીધું. હવે તે શાંત થઈ ગઈ.

"શું વાત છે નીરજા?"

"હું ય મૂર્ખ છું. બસ, એકલી એકલી મૂંઝાયા કરું છું. તું છે, તે ય ભૂલી જાઉં છું. પણ કોઈ વાંધો નહીં. તું છે એટલે મને નિરાંત છે. અને એટલે જ મુક્ત મને હસી પડી. મારા મનનો ભાર હળવો થઈ ગયો."

"પણ, પણ.. વાત શું છે એ તો કહે."

"કહું છું. પણ પહેલાં તું આ વિડીયો જોઈ લે." નીરજાએ પેલો વીડિયો ચાલુ કરી દીધો. બંને તેને જોવા લાગ્યા. નીરજા તે ફરી અનુભવવા લાગી. એ જ - જંગલ, વરસાદ, ધોધ, પાણી અને અવાજ.

વીડિયો પૂરો થયો. નીરજાએ વ્યોમા તરફ નજર કરી. તેના ચહેરા પરના ભાવ ખાસ બદલાયા નજરે ન ચડ્યા. વ્યોમાને હજુ પણ સમજાયું ન હતું, કે નીરજા શું કહેવા માંગે છે.

તે મુંઝાયેલી લાગી. 'પેલા વીડિયો દ્વારા શું કહેવા માંગે છે? કે પછી કોઈ ટીખળ કરી રહી છે.'

નીરજા તેની મૂંઝવણ પામી ગઈ. તે મૂળ વાત પર આવી ગઈ.

"વ્યોમા, આ વીડિયો કાલે કોઈએ મોકલેલ છે. મેં આ વીડિયો અનેક વાર જોયો. મને.."

"કેટલી વાર જોયો હશે?"

"લગભગ દાસ બાર વખત."

"તો?"

"મને આ વિડિયો આકર્ષક લાગે છે. તે મને પોતાની તરફ ખેંચી રહ્યો છે."

"મેડમ, તો આ વીડિયો જ કારણ છે..."

"હા, આ વિડીયો જ કારણ છે મારી..."

"ઓહ, નો. હાઉ બોરિંગ યુ આર, નીરજા."

"વ્હાય? ઇટ્સ નોટ બોરિંગ એટ ઓલ, એન્ડ મી ટુ."

"મેડમ નીરજા, હવે આપણે **teenage** માંથી **youth** તરફ જઇ રહ્યાં છીએ. આ ઉંમર તો છે કોઈ રાજકુમારના સપનાઓ જોવાની, યૌવનના દરવાજે દસ્તક દઈને, તેના તરંગોને અનુભવવાની, રોમાંટીક થવાની, પ્રેમની પાંખો લઈને ઊડવાની. અને તું આ બોરિંગ વિડિયોની વાત લઈને બેઠી છે. તું હજુ..."

"વ્યોમા..."

"હા, યાર. બાગમાં ઉડતા પતંગિયા જોયા છે ને? આપણે પણ એ પતંગિયા જેવા છીએ. પતંગિયાને પાંખો આવે એટલે એ શું કરે? ઉડવા લાગે ને? આપણને પણ હવે પાંખો આવી રહી છે... યૌવનની પાંખો. આ પાંખોને લઈને ચાલ, આપણે પણ પતંગિયાની જેમ ઉડવા લાગીએ. પછી ભલેને દુનિયા કહેતી રહે, કે 'એક પતંગિયાને પાંખો આવી'..."

"હા, વ્યોમા. હું પણ પાંખોની જ વાત કરવા માંગુ છું. પણ જરા જુદી રીતે."

"એ કેવી રીતે? પ્રેમ સિવાય બીજી કોઈ પાંખો ક્યાંથી હોઇ શકે?"

"પાંખો માત્ર પ્રેમમાં જ આવે, એવું કોણે કીધું? બીજા પણ કેટકેટલા બાગો છે, જ્યાં પતંગીયું બનીને આપણે ઊડી શકીએ છીએ. અને હા, તે જોઈને પણ દુનિયા એ જ શબ્દો બોલી ઉઠશે, 'એક પતંગિયાને પાંખો આવી'..." અને ફરી તે હસવા લાગી.

"એવો તે કેવો છે તારો એ બાગ?"

"તારે જોવો છે?"

"હા."

"તો બસ એક પ્રોમિસ કર કે પ્રેમ સિવાયના બાગમાં તું પણ મારી સાથે જ ઉડશે, પતંગિયુ બનીને. બોલ મંજૂર છે?"

"પ્રોમિસ. નીરજા હું તારી સાથે જ છું."

"વાહ. વ્યોમા. એ માટેની પાંખો આપણે ઉગાડવી પડશે. પ્રેમની પાંખોની જેમ સહજ ઊગી નહીં નીકળે તે, આપણી અંદર. બોલ તું તૈયાર છે? કે હું એકલી જ ઊડું?" નીરજાના આ શબ્દઓમાં વ્યોમા માટે આમંત્રણ પણ હતું અને પડકાર પણ.

આ ઉંમરે, **teenage** માં પ્રેમની સહજ ઊગી જતી પાંખોને સંકોરીને, નવી પાંખોને ઉગાડવી, તે પાંખો વડે નવા જ બાગમાં ઉડવું, ખરેખર પડકાર જ હતો.

આ ઉંમરની મજા પણ એ જ છે ને? નવા પડકારો આમંત્રે અને તેને પામવા પાંખો ફફડાટ પણ કરે, ને કેટલાક પતંગિયાઓ તે બાગમાં ઉડવા પણ લાગે !

નીરજાને, વ્યોમાની આંખમાં એક વિશ્વાસ દેખાયો. તેણે નક્કી કરી લીધું, કે તે વ્યોમાને બધી જ વાત કરશે. વ્યોમા, બેસ્ટ ફ્રેન્ડ. એવી ફ્રેન્ડ કે જેને બધું જ કહી શકાય, હોઠોથી શબ્દો બોલ્યા વિના પણ વાત કરી શકાય, જેની પાસે અનાવૃત થઈ શકાય, દિલ ખોલીને વાત કરી શકાય, હસી શકાય, જેના ખભા પર આંસુ ટપકાવી શકાય, તેની આંખોમાંથી ટપકતા ભાવો નવી ઉર્જા આપે, એવી મિત્ર, એવી ફ્રેન્ડ.

"નીરજા, બોલ ને. શું છે આ વિડિયોમાં? શું છે તારી પાંખોમાં? કેવો છે તારો નવો બાગ? આમ..."વ્યોમા અધિરી થઈ ઉઠી.

"ઓ. કે. ચાલ, તને કહી જ દઉં. તારી આંખમાં મને દેખાય છે સાચી ઉત્કંઠા. નવી પાંખોનો ફફડાટ. તો સાંભળ." નીરજા ફરી

એકવાર વ્યોમાની આંખમાંના વિશ્વાસને તપાસવા અટકી, ખાત્રી કરી લીધી અને કહેવા લાગી, "આ વિડીયો તું ફરીથી ધ્યાનથી જોઈ લે. સાંભળી લે. અને હા, આ માત્ર સામાન્ય વિડીયો તરીકે જ નથી જોવાનો, પણ તારે તેને અનુભવવાનો છે, ફિલ કરવાનો છે."

"મતલબ?"

"એ જ કે તું એ સ્થળે રૂબરૂ હાજર છે, અને આ ઘટના તારી આંખ સામે જ બને છે. જંગલ, પાણી, વરસાદ, અવાજ. આ બધું જ. તું ત્યાં છે અને..."

"ઓહ, સમજી ગઈ. ચાલ શરૂ કર એ વિડીયો." વ્યોમાની દ્રષ્ટિ હવે બદલાઈ ગઈ હતી. તે જોવા લાગી, અનુભવવા લાગી. તેની આસપાસનું વાતાવરણ બદલાઈ ગયું. એક ઠંડી હવાની લહેર તેને સ્પર્શી ગઈ. અડપલું કરતી ગઈ. પ્રચંડ અવાજો તેને હચમચાવી ગયા. કશુંક ટપકવા લાગ્યું, જે તેને ભીંજવી ગયું. અંદર કોઈ ધોધ વહેવા લાગ્યો. વ્યોમા તો હતી હવે, પાણીમય, જંગલમય, વરસાદમય, ધોધમય, પ્રચંડ અવાજમય !

બંનેની આંખો મળી. વ્યોમાની આંખોએ પ્રશ્ન કર્યો, 'ક્યાઁ છે આ જગ્યા?'

નીરજાના મનમાં જાગેલો પ્રશ્ન, હવે વ્યોમાના હોઠ પર હતો. નીરજાને મજા પડી.

"તું પણ માને છે ને કે આવી કોઈ જગ્યા ખરેખર છે? જ્યાં આ બધું જ બન્યું હોય, હંમેશા બનતું રહેતું હોય."

"હા, પણ મારો પ્રશ્ન છે, કે આ જગ્યા ક્યાં છે? બોલ, જલદી બોલ. આ જગ્યા ક્યાઁ છે?"

"મને નથી ખબર."

"હેં? તને નથી ખબર? તો તારી પાસે આ આવ્યું ક્યાંથી? કોણે તને મોકલ્યું છે?"

"મને નથી ખબર, કે આ ક્યાઁ છે. હમણાં સુધી હું તો એમ જ માનતી હતી, કે આ કેમેરાની કોઈ ટ્રીક વાળો જ વિડીયો છે, અને આવી કોઈ જગ્યા હશે જ નહીં."

"અરે નીરજા. આવી જગ્યા ખરેખર હશે જ. આપણી ધરતી પર અનેક રહસ્યો ભરેલી જગ્યાઓ છે, જે આપણી ધારણાથી અને કલ્પનાથી પણ ખૂબ આગળ હોય છે. માટે આ જગ્યા પણ આ ધરતી પર જ છે. આપણે માત્ર એટલું જ જાણવાનું છે, કે એ ક્યાઁ છે? ત્યાં કેવી રીતે પહોંચી શકાય? અને એક વખત આ બધી માહિતી મળી જાય, તો હું તો પહોંચી જાઉં ત્યાં. અને આવી ઘટનાઓની સાક્ષી બની જાઉં. તારો શું વિચાર છે?" વ્યોમા એક સાથે ઘણું બોલી ગઈ.

"હા વ્યોમા, હું પણ ત્યાં રૂબરૂ જવા માંગુ છું, પણ ગડમથલમાં છું કે.."

"કે એ જગ્યા ક્યાં છે?"

"બસ, એ જ તો શોધવાનું છે. કેવી રીતે શોધીશું એ જગ્યા?"

બંને વિચારવા લાગ્યા. અનેક વિચારો આવીને ગયા. પણ ખાસ કશું નક્કર ન સૂઝયું. શાંતિ છવાયેલી રહી. ઘણી વાર સુધી.

"નીરજા, એક કામ થઈ શકે છે." વ્યોમાએ શાંતિને તોડતા કહ્યું. તેની આંખમાં ચમક હતી. કદાચ કોઈ જવાબ હતો.

"ક્યું કામ? જલ્દી બોલ." નીરજા અધિરી બની ગઈ.

"આ વીડિયો તને કોણે મોકલ્યો છે?"

"અરે, એ તો મે જોયું જ નથી." મોબાઈલ પર નજર કરી મોકલનારનું નામ જાણી લીધું.

"તો તેને જ પૂછી જો ને? જવાબ મળી જશે. સિમ્પલ."

"હા, ગૂડ આઇડિયા. હમણાં જ મેસેજ કરી પૂછી લઉં છું." નીરજાએ પેલા ગ્રૂપમાં મેસેજ કરી દીધો. થોડી વારે તેના પર જવાબો અને કોમેંટ્સ આવવા લાગ્યા. વિડીયો મોકલનારે તો લખી નાંખ્યું, 'મને ખબર નથી આ વિશે. મને કોઈએ મોકલેલો અને મને તે

ગમી ગયો, એટલે મેં આ ગ્રૂપમાં ફોરવર્ડ કરી દીધો.' અને વાત ત્યાં પૂરી થઈ ગઈ.

પ્રકરણ 13

કોઈને આ વિડિયોના સ્થળ વિશે કે અન્ય કોઈ જ માહિતી ન હતી. ફરીને ત્યાં જ આવીને રહી ગયા, જ્યાંથી શરૂ કર્યું હતું. કોઈ જ સંકેતો મળતા ન હતા.

બંને નિરાશ થઈ ગયા.

હવે? હવે શું કરવું? બે જ વિકલ્પો હતા.

એક, કોઈ પણ રીતે આ સ્થળ શોધવું, તેના વિશે જાણવું.

બીજો, તે વિડિયોને સદાય માટે ભૂલી જવું. ફરી એ જ ઘરેડમાં પરોવાઈ જવું.

શું કરવું? શું કરી શકાય?

'કશુંક તો અવશ્ય કરીને જ રહીશું.' ના નિર્ધાર સાથે બંને છૂટા પડ્યા.

હવે બંનેના મન એક જ દિશામાં વિચારતા હતા, ચાલતા હતા, દોડતા હતા. બસ, એ સ્થળને શોધી કાઢવું છે- ગમે તે રીતે.

થોડા દિવસો વિતી ગયા. તે સમયમાં વિવિધ ગ્રુપમાં તે વિડિયોને પોસ્ટ કરી દીધો. પણ કોઈ પાસે તેના વિશે કોઈ જ માહિતી ન હતી. બંને નિરાશ થઈ ગઈ.

જીતે એક આઇડિયા આપ્યો.

"આ વિડિયોને FACEBOOK અને YOUTUBE પર અપલોડ કરી જુઓ."

બંનેને એ વિચાર ગમી ગયો.

હવે આ વિડીયો FB અને YOUTUBE પર બધા માટે ઉપલબ્ધ હતો. જીતના જ સૂચનાથી તેની નીચે બે લાઇનની અપીલ પણ ઉમેરી દીધી,

'this is an awesome, at wonderful place. Who knows this place? Where is it? If you know anything about this, please share the same. Let's explore !

બંનેએ સતત વોચ રાખી કે કેટલા લોકો રિસ્પોન્ડ કરે છે. અસંખ્ય લોકો વિડિયોને લાઈક કરવા લાગ્યા. કોમેન્ટ પણ કરતાં રહ્યા. ઘણા લોકોએ તે સ્થળ વિશે જુદા જુદા સિધ્ધાંતો અને અનુમાનો રજૂ કરી અનેક દાવાઓ કર્યા. પણ તેથી ખાસ કાંઇ ઉપયોગી જાણવા મળ્યું નહીં.

ધીરે ધીરે likes અને comments ઘટવા લાગ્યા, બંધ થવા લાગ્યા. નિરાશા વ્યાપી ગઈ. થોડા સમયમાં તો બંને વિડિયોને ભૂલવા લાગ્યા. અન્ય બાબતો મનમાં સ્થાન જમાવવા લાગી.

મનની કોઈ અજાણી ગલીના છેડે વિડિયો, ધોધ, વરસાદ, જંગલ, પાણી અને અવાજ લપાઈ ગયા. કોઇની પણ નજર ના પડે એવા ખૂણામાં. એ જ ખૂણામાં સંતાડીને રાખી દીધી પેલી એષણા- એ સ્થળને નજરે જોવાની, રૂબરૂ અનુભવવાની.

****

નવરાત્રીના દિવસો અને પરીક્ષા. બંને સાથે સાથે ચાલતાં હતાં.

નીરજા પરિક્ષા માટેના પુસ્તકને ધ્યાનથી વાંચી રહી હતી. બાજુમાં પડેલા મોબાઈલ પર નોટિફિકેશનના લાઇટ અને સાઉન્ડ થયાં. તે તરફ નજર કરી, પાછી ફેરવી લીધી.

હાલ તેનું ધ્યાન માત્ર આવતીકાલના છેલ્લા પેપરની તૈયારીમાં હતું. એટલે તો છેલ્લી 30/35 મિનિટમાં મોબાઈલ પર આવેલા વિવિધ નોટિફિકેશન અને સાઉન્ડ તરફ જોઈ લેતી પણ એક પણ મેસેજ વાંચવામાં સમય નહોતી બગાડતી.

પરીક્ષાના સમયમાં તે આવું જ કરતી. રાત્રે સૂતા પહેલાં બધા મેસેજ પર નજર કરી લેતી.

તે હવે સુવાની તૈયારી કરવા લાગી. મેસેજ જોવા લાગી. ખાસ કોઈ રસ ન પડ્યો. રૂટિન મેસેજ સિવાય ખાસ કાંઇ ન હતું.

Facebook પર કોઈ કિરણનો પણ મેસેજ, નીરજાના inboxમાં હતો. એ વ્યક્તિ અજાણી હતી. બાકી બધા મેસેજ મિત્રોના હતા. તેનું ધ્યાન કિરણના મેસેજ તરફ ખેંચાયું. તેણે વાંચવા માંડ્યુ.

'I know the place of that video which you have posted. If you are interested, reply me.'

તેણે ફરીથી મેસેજ વાંચ્યો. તેના શબ્દો ટૂંકા પણ સ્પષ્ટ હતા.

કિરણ. આ માણસ પેલા વિડીયો વિશે અને તે સ્થળ વિશે પણ જાણે છે. મજાની વાત તો એ છે કે એ સ્થળ વિશે માહિતી આપવામાં પણ તેને રસ છે. વાહ, કેટલો સુંદર મેસેજ છે !

તે ઉત્સાહિત થઈ ગઈ. તેણે તરત જ વ્યોમાને ફોન કર્યો. વ્યોમા પણ વાત સાંભળી ઉછળી પડી.

"હેં? શું તે ખરેખર જાણે છે? અને પાછો મદદ કરવા પણ તૈયાર છે?"

"હા, વ્યોમા, હા." નીરજા પણ ઉત્તેજિત થઈ ગઈ.

"તો પછી તેં તેને રિપ્લાય કર્યો?" વ્યોમા અધિરી બની.

"ના, હજુ સુધી તો નથી કર્યો."

"તો કોની વાટ જુએ છે? ફટાફટ રિપ્લાઇ કરી દે. અને લઈ લે બધી માહિતી. હમણાં જ. આજે જ. પછી આપણે..."

"ધીરજ રાખ, આમ..." નીરજાએ ઠંડો પ્રતિસાદ આપ્યો.

"અરે, આટઆટલા દિવસોથી આપણે જેની પ્રતિક્ષા કરતાં રહ્યા છીએ, એ પ્રશ્નનો જવાબ આપવા કોઈ તૈયાર થયું છે ત્યારે તું, તે તક ઝડપી લેવાને બદલે ધીરજ રાખવા કહે છે? કેમ?" નીરજાના ઠંડા જવાબથી અકળાઈ ઉઠી વ્યોમા.

"ઓ કે, બાબા. તું કાલે સવારે મળે એટલે આપણે તરત જ તેને રિપ્લાય કરી દઇશું, ઓકે?"

"ઓકે." વ્યોમા સહમત થઈ ગઈ.

****

નીરજાએ કિરણના FB પ્રોફાઇલને ચકાસી લીધો.

નામ – કિરણ સાઇકિયા, ઉંમર 37 વર્ષ. Place- Shillong in Meghalaya .

Job – journalisam & Communication. સાથે સાથે લેખક પણ. બે નવલકથાઓ પ્રસિદ્ધ થઈ ચૂકી છે. બંને English ભાષામાં લખાયેલી છે. ત્રીજી નવલકથા ટૂંકમાં જ પ્રકાશિત થશે. અગાઉની બંને નોવેલ suspense thriller તરીકે લોકોએ વખાણી છે. ત્રીજી પણ એ જ શ્રેણીની હશે તેવું મનાય છે.

તે શિલોંગમાં રહે છે એટલે શિલોંગ વિશે ઘણું જાણે છે. પણ સાથે સાથે મેઘાલય પ્રદેશ અને તેની સંસ્કૃતિ વિશે પણ ઘણું જાણે છે. વગેરે.... વગેરે...

પ્રોફાઇલ વાંચ્યા બાદ નીરજા અને વ્યોમાને લાગ્યું કે આ માણસ કદાચ સાચું કહે છે. તેના પર ભરોસો કરી શકાય. આ માણસ કદાચ ખરેખર ઉપયોગી થઈ શકે. અને કદાચ ના પણ થાય, તો ક્યાઁ કશું ગુમાવવાનું છે? યોગ્ય નહીં લાગે તો બ્લોક કરી દઇશું.

બંને એક નિષ્કર્ષ પર પહોંચ્યા. આ માણસ સાથે દોસ્તી કરી લેવી. જે જાણવું છે તે જાણી લેવું જોઈએ.

"Sir Kiran, I would be thankful if you throw some light on the said video. I am waiting."

એક લિટીનો મેસેજ પોસ્ટ કરી દીધો, નીરજાએ. પ્રતિક્ષા કરવા લાગી.

પરીક્ષા પૂરી થઈ ગઈ. ઘેર આવીને સીધું જ **Facebook** પર **login** કરી મેસેજ જોવા માંડી. અનેક મેસેજ હતા. **Sir** કિરણ સાઇકિયાનો પણ મેસેજ હતો. તે સીધી જ તેને વાંચવા લાગી, **"Dear friend Nirja, the said video is shoot by one of my friend Sam Richard. This place does exist in real and the video and its contents are also real. If you want to know more, please contact him. He is on my friend list. All the best."**

તે ખુશ પણ થઈ અને થોડી નિરાશ પણ. કિરણ પાસેથી તેને આશા હતી પણ હજુ સુધી તેણે પણ ખાસ કોઈ વિશેષ માહિતી આપી ન હતી. પણ એટલું તેણે ચોક્કસ કહ્યું કે આ વિડિયો સાચો છે. તે સ્થળનું ખરેખર અસ્તિત્વ છે. તે વિડિયો પણ હકીકત છે. અને તે વિડિયો જેણે શૂટ કર્યો છે તે માણસ પણ છે. તે માણસનું નામ પણ તેણે આપી દીધું. તે માણસ **facebook** પર પણ છે. તેણે, તેણે એક રસ્તો બતાવી દીધો છે મંઝિલ તરફનો.

કિરણ સાઇકિયા મંઝિલ ન બની શક્યા પણ માઈલસ્ટોન બનીને આગળનો રસ્તો અવશ્ય બતાવી રહ્યા છે. નીરજાએ તરત જ રિપ્લાઇ કર્યો. **'Thank you, Sir. I will contact Sam Richard Sir.'**

તેણે અને નીરજાએ સામ રિચાર્ડ નો પ્રોફાઇલ વાંચવા માંડ્યો. **34** વર્ષનો ક્રિશ્ચિયન, શિલોંગમાં રહેતો વ્યક્તિ. સરકારી નોકરી. હરવા ફરવા અને ફોટોગ્રાફીનો શોખ. તેના પ્રોફાઇલમા **188** વિડિયોસ અને **8819** ફોટોગ્રાફ્સ !

"વ્યોમા, આ માણસે શ્વાસ વધારે લીધા હશે કે ફોટો? અને વિડિયો તો વધારાના." નીરજા તેના કાર્યથી પ્રભાવિત હતી."

"નીરજા, એ બધા જ ફોટો અને વિડિયો સામ રિચાર્ડના જ હોય તેમ કેમ માની લે છે? બીજાના ફોટો અને વિડિયો પણ અપલોડ કર્યા હોય એવું ના બને?" વ્યોમા તેના પ્રભાવની બહાર નીકળવા પ્રયાસ કરવા લાગી.

"હા, યાર."

"છોડ એ બધું. આપણે આપણાં કામથી જ સંબંધ રાખને?"

"યસ, વ્યોમા. તું સાચું જ કહે છે. તો, ચલ હવે મિસ્ટર સામ રિચાર્ડનો વારો."

સામ રિચાર્ડના ઈનબોક્ષમાં મેસેજ પોસ્ટ કરી દીધો. તેનો રિપ્લાઇ પણ આવી ગયો. કિરણ સાઇકિયાએ તેને નીરજા વિશે જણાવી દીધેલું. એટલે સામ રિચાર્ડે પેલા વિડીયો વિશે ખૂબ જ સરસ માહિતી આપી હતી. તેઓ ધ્યાનથી વાંચવા લાગ્યા.

'આ સ્થળ શિલોંગથી **56** કિમી દૂર આવેલું છે. વિશ્વનું સૌથી વધુ વરસાદ ઝીલતું સ્થળ - ચેરાપૂંજી. વિડિયોમાં વરસાદના જે દ્રશ્યો છે, તેવા દ્રશ્યો અહીં અવાર નવાર સર્જાય છે. તેમાં ફોટોગ્રાફી કરવી ખૂબ જ જોખમી છે. પણ, હું તે કરી શક્યો છું.

જે પ્રચંડ ધોધ દેખાય છે, તે ચેરાપૂંજીથી સાત આઠ કિમી દૂર આવેલ ભારતનો સૌથી મોટો પ્રચંડ-ધોધ છે. તેનું નામ છે, નોહ કલિકાઇ ફોલ્સ. તે **350** મિટર ઉપરથી પડે છે.

અન્ય કોઇ માહિતીની જરૂર પડે તો મને પૂછી શકો છો.'

આટલી સચોટ અને ઝડપી માહિતી મળી જશે એવો બંનેમાંથી કોઈને અંદાજ ન હતો. મજા પડી ગઈ. ચેરાપૂંજી અને આસપાસના સ્થળો વિશે વધુ જાણવાની ઈચ્છા થઈ ગઈ. ઇન્ટરનેટ પર સર્ચ કરી, ઘણું બધું જાણી લીધું. સામ રિચાર્ડે આપેલી માહિતી સાચી હતી. તેઓએ તેને આભારનો મેસેજ કરી દિધો.

બંને ખુશ હતી. કારણ? બસ બધી માહિતી મળી ગઈ હતી. અને સૌથી અગત્યની વાત એ હતી કે આ સ્થળ ભારતમાં જ છે.

બન્નેએ નક્કી કરી લીધું કે આ સમર વેકેશનમાં, બોર્ડ એક્ષામ પતાવીને, નીકળી પડશે ચેરાપુંજી માટે. વેકેશનમાં, મે- જૂન મહિનામાં.

પ્રકરણ 14

ટ્રેન ઊભી રહી ગઈ. નીરજાના વિચારો પણ.

મનોમન હસી પડી તે. ખરેખર તો તે નીકળી ચૂકી હતી, ચેરાપુંજીની યાત્રા પર. તે વાતે તેના મનમાં આનંદ ભરી દિધો.

કાનપુર સ્ટેશન પર ટ્રેન રોકાઈ. યાત્રીઓ ઉતરી રહ્યા હતા, ચડી રહ્યા હતા. ઉતરી રહેલા યાત્રીઓ વિદાયનું અને આવી રહેલા યાત્રીઓ, આગમનનું સ્મિત આપી રહ્યા હતા. સીટ નંબર 17 પરનો યાત્રી હજુ પણ પોતાની જ દુનિયામાં હતો. ક્યારેક બધા સામે જોઈ લેતો. હાથમાંના પુસ્તકમાં કશુક નોંધતો, બસ બારી બહાર જોયા કરતો હતો.

નીરજાને તેના પ્રત્યે થોડો અણગમો થઈ ગયો હતો. ગઇકાલે રાત્રે વ્યોમા સાથે તે વાતો કરતાં સહજ રીતે હસી હતી. તેના હસવાથી અન્ય યાત્રીઓને કોઈ વાંધો ન હતો, પણ તેણે ખૂબ જ શાલીનતાથી પણ સ્પષ્ટ શબ્દોમાં કહી દીધેલું, "તમારા હાસ્યથી મારી ઊંઘમાં ખલેલ પડે છે." આટલું કહીને તે ઊંઘી ગયો હતો.

ત્યાર બાદ બંને રાતભર ખૂલીને હસ્યા ન હતા. ટ્રેનની પહેલી યાત્રાની, પહેલી રાત્રે જ એક વાત શીખવા મળી ગઈ હતી. 'આપણા હાસ્ય પર પણ કોઈને વાંધો હોઇ શકે છે'.

તે માણસ આખો દિવસ ચૂપચાપ જ રહ્યો હતો. ક્યારેક તે નીરજાને અને વ્યોમાને જોઈ લેતો હતો. તેના પ્રત્યેનો અણગમો બંનેને હતો.

ટ્રેન ચાલવા લાગી. વિચારો પણ. આ યાત્રામાં જવા માટે કેટકેટલા ચક્રવ્યુહોને ભેદવા પડ્યા હતા.

ચેરાપૂંજી. ઉત્તર પૂર્વ ભારતના છેડે આવેલું સ્થળ. ભારતના પશ્ચિમ છેડે આવેલ અમદાવાદથી 2800 કિમી દૂર. દેશના એક છેડેથી તદ્દન ઉલ્ટા, બીજા છેડા સુધી જવાની ઈચ્છા. ખૂબ જ લાંબી યાત્રા. પણ જવું છે એ નક્કી. દ્રઢ નિશ્ચય કરી લીધો હતો.

તે સાંજે જમ્યા પછી તેણે દીપેનને પોતાની ઈચ્છા જણાવેલી, "પપ્પા, મારે ચેરાપૂંજી જવું છે. જ્યાં સૌથી વધુ વરસાદ પડે છે એ ચેરાપૂંજી."

દીપેને ખુશ થતાં કહેલું, "ચોક્કસ. આપણે સૌ ત્યાં જઈશું. તું તારીખ નક્કી કરી લે એટલે, હું પ્લેનની ટિકિટો બુક કરવી લઉં. વ્યોમાને અને જીતને પણ સાથે લઈ લઈશું. જો ભરત અંકલ પણ આવી શકે તો તેને પણ સાથે ..."

"પણ, ત્યાં હું અને વ્યોમા જ જવા માંગીએ છીએ." નીરજા નામના પતંગિયાને પાંખો આવવા લાગી હતી. સાથે સાથે વ્યોમાને પણ. તેઓ તો ઉડવા માંગતા હતા, એકલા, મુક્ત ગગનમાં, સાવ એકલા.

બંનેએ જીદ કરી અને એકલા જ જવાનું નક્કી કર્યું. ઘણી ચર્ચાઓ અને દલીલો બાદ તેઓને એકલા જવા દેવા માટે મંજૂરી આપવામાં આવી.

વચ્ચેના સમયમાં બન્નેએ કરાટે સહિતની સ્વ-રક્ષણ માટેની વિવિધ તાલીમો પણ લીધી. સ્વિમિંગ પણ શીખી લીધું.

નીરજાએ સંગીત શીખવાનું પણ શરૂ કર્યું. વ્યોમાને સંગીતમાં રસ ન હતો. નીરજા એકલી જ શીખવા લાગી. શરૂઆતમાં તેણે દીપેન અને જયાના કહેવાથી તબલા શીખવાનું ચાલુ કર્યું. પણ થોડા જ દિવસોમાં તબલાને બદલે વાંસળી શીખવાની ઈચ્છા વ્યક્ત કરી, "ગુરુજી, તબલાને બદલે વાંસળી શીખવી છે મારે. તમે મને વાંસળી શીખવાડશો?"

ગુરૂજીએ કારણ ન પૂછ્યું. વાંસળી શીખવાડવા લાગ્યા. તે ઝડપથી વાંસળી શીખવા લાગી. તેને વાંસળી વગાડવું ગમવા લાગ્યું.

તેણે નવી વાંસળી વસાવી લીધી, પણ સૌથી છુપાવીને. વ્યોમાથી પણ. તે કોઈને પણ જણાવવા નહોતી માંગતી, કે તેણે તબલા છોડી વાંસળી શીખવાનું પસંદ કર્યું છે. તેના ગુરૂજીએ પણ આ વાત ગુપ્ત રાખવાનું વચન આપી દીધું. નીરજાની વાંસળી પ્રત્યેની લગન જોઈને ગુરુજી પણ ખુશ હતા. નીરજા પણ.

વ્યોમા તો ક્યારની ય ઊંઘી ગઈ હતી. ટ્રેનની દુનિયાથી અલગ દુનિયામાં ખોવાઈ ગઈ હતી. કાનપુર સ્ટેશન પસાર થયે કલાક થવા આવ્યો હતો. વ્યોમાને જગાડવાનો વિચાર કર્યો. નીરજા હજુ પણ હળવી નીન્દ્રા સાથે જાગી રહી હતી.

સીટ નં 17 પરની પેલી વ્યક્તિએ પુસ્તક બંધ કર્યું. બેગમાં મૂકી દીધું. તેના વર્તનથી લાગતું હતું, કે કાં તો સુવાની તૈયારી કરી રહ્યો, છે કાં પેકઅપ કરીને ટ્રેનને વિદાય કરીને, આવનારા કોઈ સ્ટેશને ઉતરી જવાનો છે.

તેણે ઝડપથી બધું વીંટી લીધું. એક બેગ સિવાય તેની પાસે કાંઇ જ ન હતું. બેગ પણ કોલેજના સ્ટુડન્ટ વાપરે તેવી, પીઠ પર ભરાવી શકાય તેવી. બેગ લઈને તે ઉઠ્યો. નીરજાની પાસે આવી ગયો. વ્યોમા હજુ પણ ઉપરની બર્થ પર અર્ધ જાગૃત હતી.

"ક્યા મૈં યહાં બૈઠ સકતા હું?" ખૂબ જ અદબ સાથે તેણે વિનંતી કરતો પ્રશ્ન કર્યો. નીરજા હજુ કાંઇ બોલે કે સમજે તે પહેલાં તેણે પોતાનું વીઝીટીંગ કાર્ડ નીરજાને આપી દીધું. નીરજાએ તે સહજ રીતે લઈ લીધું. વાંચવા લાગી.

'અનુપમ કુમાર. સિનિયર ઇંજિનિયર.' ત્યારબાદ મોબાઈલ બનાવતી કોઈ કંપનીનું નામ અને સરનામું પણ હતા.

પૂરેપુરું વાંચી લીધા બાદ નીરજાએ નજર ઊંચી કરી. તે હજુ પણ ઊભો હતો.

"કલ રાત વાલે મેરે વ્યવહાર સે મૈં લજ્જિત હું. ક્ષમા ચાહતા હું." ખૂબ જ અદબ સાથે શુધ્ધ અને નમ્ર હિન્દી. નીરજાને અચરજ થયું. આટલું શુધ્ધ અને નમ્ર હિન્દી ! અને તે પણ ઇંગ્લિશ બૂક વાંચતાં વ્યક્તિની જીભ પર. તે કશું જ ન બોલી. માત્ર સ્મિત આપ્યું.

તે હજુ પણ ઊભા ઊભા વાત કરતો હતો. નીરજાએ તેને બેસવા કહ્યું. તે બેસી ગયો.

"મે મોબાઈલ બનાતા હું. આપ હી કે શહર, અમદાવાદમે. ઇસ કંપનીકે લિએ હમ મોબાઈલ બનાતે હૈં. મોબાઇલકી ડિઝાઇન ભી મૈં હી બનાતા હૂઁ. નયે ફીચર્સ ભી, મૈં હી તૈયાર કરકે મોબાઇલમેં એડ કરવાતા હૂઁ. કિન્તુ …"

"ઓહ, બહુત ખૂબ, સર." વ્યોમા હવે પૂરેપુરી જાગી ગઈ હતી. તે પણ વાતમાં કૂદી પડી.

"કિન્તુ, ઇસ યાત્રામેં દો નયે ફીચર્સ મિલે હૈં, ઔર વહ આપ દોનોંને મુઝે દિયે હૈં."

"હમ દોનોંને?" બંને એક સાથે બોલી ઉઠી.

"હૂઁ અમદાવાદમાં ઘણા વર્ષોથી રહું છું, એટલે મને ગુજરાતી પણ આવડે છે. તો આપણે ગુજરાતીમાં વાતો કરીશું?" અનુપમ કુમારના ગુજરાતી શબ્દોએ, બન્નેના મનનો રહ્યો સહ્યો સંકોચ પણ દૂર કરી દીધો.

"હૂઁ લખનૌનો રહેવાસી છું એટલે હિન્દી મારા માટે સહજ છે. તો આપના શહેરે ગુજરાતી પણ શીખવી દિધું છે." હવે તે પણ સહજ બની કહેવા લાગ્યો, "આ બધા મોબાઇલની ડિઝાઇન હું બનાવું છું. નવા નવા ફીચર્સ ઉમેરવા માટે રીસર્ચ કરું છું. એ બધી મારી કંપની માટે કરું છું. અનેક નવા આઇડિયા આવે ત્યારે તેને હું નોંધી રાખું છું અને સમયાંતરે તેને મોબાઇલમા ઉમેરતો જાઉં છું. બે નવા ફીચર્સનો આઇડિયા તમે મને આપ્યો છે, તે માટે તમારો આભાર માનું છું."

"ખરેખર? ક્યા બે આઇડિયા છે એ? ફીચર્સ છે?"

"એક, મોબાઇલમાં FM અને ટીવી ચેનલ તો હોય જ છે, તેમાં AM ચેનલ ઉમેરવાનો આઇડિયા. લાઈવ ક્રિકેટ કોમેંટરી સાંભળવા માટે.

બીજું, ઘડિયાળના કાંટા પ્રમાણે સેટ કરેલ સમય પર વાગતું એલાર્મ તો છે જ. સમય પર તે વાગે અને આપણને જગાડે એ ! પણ તમે કરેલી ચર્ચામાં એક વાત નજર આવી. આજે સવારે મોડા ઉઠવાને કારણે તમે ટ્વિલાઇટ અને સૂર્યોદય ચૂકી ગયા હતા ખરું ને?"

"હા, પણ કાલે સવારે વહેલા ઉઠી જઈશું અને તેને નહીં ચુકીએ." વ્યોમા ઉત્સાહિત થઈ ગઈ.

"હું પણ ઈચ્છું છું કે કાલે તમે તેને ના ચૂકો. ઇન ફેક્ટ, હૂઁ તો ઈચ્છું છું, કે કોઈ પણ વ્યક્તિ તેને ક્યારેય ના ચૂકે."

"એવું કેમ બને?" નીરજાએ ગંભીરતા બતાવી.

"જો મોબાઇલમાં એવા એલાર્મની સગવડ આપવામાં આવે, કે જે પ્રકૃતિના રૂપ પ્રમાણે ગોઠવી શકાય અને જ્યારે જયારે પ્રકૃતિ એવા રૂપ ધારણ કરે, ત્યારે ત્યારે એલાર્મ વાગે, તો?"

"પ્રકૃતિના રૂપ પ્રમાણેનું એલાર્મ? એવું શક્ય છે?" વ્યોમાએ આશંકા વ્યક્ત કરી.

"કઠિન હોઇ શકે છે પણ અશક્ય તો નથી જ."

"કશુંક વિગતે સમજાવો એ વિશે." નીરજાએ અપીલ કરી.

"પ્રકૃતિના રૂપ અનેક છે. સવાર, સાંજ, બપોર, રાત્રિ, ઠંડી, ગરમી, વરસાદ, ઝરણાં, પહાડ, આકાશ, વાદળ, નદી, સાગર, પવન... વગેરે... વગેરે... માણસને ગમે છે આ બધા રૂપ જોવા. પણ તેને ખબર જ નથી હોતી, કે જ્યાં તે રોજ નોકરી-ધંધો કરવા જાય છે, તેની લગોલગ જ કોઈ નદી, ઝરણું કે સાગર વહી રહ્યો છે. બંધ બારીની બહાર, રીમઝિમ રીમઝિમ વરસાદના બિંદુઓ પડી રહ્યા છે. ઠંડી હવા ઘરના બંધ દરવાજાને અડકીને ઊભી છે.

એવું તો ઘણું ય છે, જે આપણે સાવ હાથવગું હોવા છતાં જાણી નથી શકતા."

"હા, સર. માણસ કેટલો બધો સંવેદનાહિન બની ગયો છે? તેને આમાંનું કશું જ નથી દેખાતું કે નથી અનુભવાતું. સાવ પાસે હોવા છતાં આ બધું શોધવા તેને જવું પડે છે, કોઈ પર્યટન સ્થળે. કેટલું પીડાદાયક છે આ બધું ખરું ને?" વ્યોમા પર શબ્દોની પૂરેપુરી અસર થવા લાગી હતી.

"ખરું છે. પણ, હવે હું એવું ના થાય તેવો પ્રયાસ કરીશ. પ્રકૃતિની સ્થિતિ પ્રમાણે મોબાઇલમાં એલાર્મ ગોઠવવાનું. જો સૂર્યાસ્ત ચૂકવો ના હોય તો, સૂર્યાસ્તનું એલાર્મ સેટ કરવાનું. સૂર્ય અસ્ત થવા જતો હોય ત્યારે તે એલાર્મ વાગે. માણસ જાગૃત થઈ જાય. તેને ખબર પડી જાય, કે હવે સૂર્યાસ્ત થવાની તૈયારી છે. ચાલ, સૂર્યાસ્ત જોવા જઈએ. પડતું મૂકી દઈએ બધું જ કામ અને બારી કે દરવાજાની બહાર ડોકું કરી લઈએ."

"પછી તો સૂર્યોદયનું એલાર્મ, વરસાદનું, ઠંડી હવાનું, ગરમ લહેરનું, બપોરનું, ..." નીરજા પ્રકૃતિના રૂપોમાં ખોવાઈ જવા લાગી.

"હા, બધા માટે એલાર્મ. આ બધા એલાર્મનું ફીચર હૂં મોબાઇલમાં એડ કરીશ."

"વાહ, ખૂબ જ મસ્ત આઇડિયા છે, સર."

"તમારો જ આઇડિયા છે એ. થેન્ક યુ."

"ઓહ." બંને ખડખડાટ હસી પડી. અનુપમ કુમારે તેઓને અત્યારે જરાય ટોકી નહીં.

"આવા મોબાઇલને હું તમારા બંનેનું નામ આપીશ. એમ આઇ પરમિટેડ?"

"હા, ઓહ ! અમારા નામ?"

"હા. શું નામ છે આપ બન્નેના?" ક્ષણભર બંને સંકીચમાં પડી ગઈ. અજાણ્યા એક વ્યક્તિને આમ પોતાના નામ કેમ આપી દેવા? તેની સાથે યાત્રામાં થોડી વાતો કરવી એક વાત છે, અને એને પોતાના વિશે કશુંક જાહેર કરવું એ બીજી વાત છે. નામ તો નહીં જ અપાય. બન્ને મૌન થઈ ગઈ.

"અને મોબાઈલ નંબર પણ." અનુપમે વધુ એક માંગણી કરી.

બન્ને ફરીથી સ્તબ્ધ. ફરી મૌન. અનુપમ સમજી ગયો કે તેઓના મનમાં શું ચાલી રહ્યું છે, "તમારા મનમાં ચાલી રહ્યું છે તે સ્વાભાવિક છે. ઓકે. કોઈ વાંધો નહીં. મારું કાર્ડ તમારી પાસે રાખી લો. તેમાં મારો ફોન નંબર છે. આમદાવાદનું સરનામું પણ. થોડા દિવસો બાદ હું અમદાવાદ પરત ફરીશ, ત્યારે મળીશું. મને ગમશે, તમને અને તમારા પેરેન્ટ્સને મળવું. મારું લખનૌ આવી ગયું. ચાલો બાય."

હાથ હલાવી તે ઝડપભેર ટ્રેનમાંથી ઉતરી ગયો. બન્ને તેને બારીમાંથી જોતાં રહ્યા.

ખરેખર આ માણસ મોબાઇલની ડિઝાઇન બનાવતો હશે? કે પછી એમ જ વાતો કરતો હશે? વાતો? ના. ના. વાતો તો નહીં જ કરતો હોય. અમદાવાદથી લખનૌ સુધી આ માણસ ભાગ્યે જ કશું બોલ્યો છે. પુસ્તક વાંચતો રહેતો અને બારી બહાર જોયા કરતો આ માણસ.

"શું નામ છે, એનું?" વ્યોમાએ પૂછ્યું.

બન્નેએ વીઝીટીંગ કાર્ડ પર નજર નાંખી. 'અનુપમ કુમાર'

ઓહ, આ માણસ ખરેખર અનુપમ હશે !

ટ્રેન ચાલવા લાગી. લખનૌ પાછળ રહી ગયું, અનુપમ કુમાર પણ.

વ્યોમા હવે પૂરેપુરી જાગી ગઈ હતી. તો નીરજાના નયનોમાં ક્યાંય નિંદ્રા ન હતી.

ધીરેધીરે ક્ષિતિજ પર અંધારું પ્રવેશી રહ્યું હતું. સાથી યાત્રીઓ ઢળતી સાંજ અને આવતી રાત્રિની તૈયારીમાં પરોવાઈ ગયા. બંને બારી બહાર જોતાં રહ્યા, એકબીજાને જોતાં રહ્યા. વાતોએ વળગ્યાં.

"યાત્રા પર નીકળી ગયે ચોવીસ કલાક વિતી પણ ગયા." વ્યોમા ઉત્સાહમાં હતી.

"હા, યાર. યાત્રા શરૂ પણ થઈ ગઈ, આગળ પણ વધવા લાગી છે, મંઝિલ તરફ. બધી યાત્રાઓનું બસ આવું જ હોય છે ને? બસ શરૂ કરો તો ખબર પણ ના પડે, કે ક્યારે તે મંઝિલ પાસે લાવીને ઊભા કરી દે." નીરજાએ વાતને આગળ વધારી.

"પણ, મૂળ વાત તો યાત્રા શરૂ કરવાની જ છે ને? આપણે શરૂ જ નથી કરતાં. બાકી, એક વાર યાત્રા શરૂ કરો પછી રસ્તો તો મંઝિલ તરફ જ લઈ જાય ને."

"મૂળ મુશ્કેલી જ પ્રારંભ કરવાની છે. પ્રારંભનો અર્થ છે નીકળી પડવું. નીકળવું એટલે? એક જાણીતી સ્થિતિને છોડીને બીજી અજાણી સ્થિતિ તરફ જવું. સ્થિરતાથી અસ્થિરતા તરફ, સલામતીથી અસલામતી તરફ, કમ્ફર્ટથી અનકમ્ફર્ટ તરફ કદમ ઉપાડવા. આ માટે તો હિંમત જોઈએ. પ્રારંભ કરવો એ કોઈ સહેલી વાત છે? જો ને, આપણી આ યાત્રા પણ કેટલા વિઘ્નો પાર કર્યા બાદ શરૂ થઈ શકી છે." નીરજાની આંખમાં યાત્રા પહેલાંના સંઘર્ષો તાજા થઈ ગયા.

પ્રત્યેક મુદ્દે સંઘર્ષ કરવો પડ્યો હતો. પ્રત્યેક લોકો સાથે, માતા પિતા સાથે, સગા સંબંધીઓ સાથે, મિત્રો સાથે, શિક્ષકો સાથે, ને કાયરેક સ્વયં સાથે, જાત સાથેનો સંઘર્ષ.

તે દિવસ. જ્યારે પહેલી વાર ખબર પડી કે પેલો ધોધ, પેલો વરસાદ, પેલું જંગલ અને પેલો અવાજ- અંદરથી હલાવી દેતો અવાજ, આ બધું જ ખરેખર અસ્તિત્વ ધરાવે છે, તે નોહ કલિકાઇનો ફોલ્સ અને ચેરાપુંજીના જંગલને રૂબરૂ જોઈ શકાય છે, અનુભવી શકાય છે, ત્યારે જ શરૂ થયો હતો, જાત સાથેનો સંઘર્ષ.

'ત્યાં જવું જોઈએ. જઈને જોવું જોઈએ. આંખોથી જોઈને હ્રદયને એ અદભૂત ઘટનાના સાક્ષી બનાવવું જોઈએ.'

તો બીજી જ ક્ષણે મનનો બીજો ખૂણો વિરોધ કરે, 'ના, ન જવાય. એટલે દૂર એક વહેતા ધોધને, વરસાદને જોવા ના જવાય.'

'કેમ ના જવાય?'

'અજાણ્યો દેશ, અજાણ્યા લોકો અને અજાણી એક વ્યક્તિના આમંત્રણને સ્વીકારીને કાંઇ એમ નીકળી ન પડાય. એમ કોઈનો વિશ્વાસ ન કરાય. એક તો છોકરીની જાત, અને ઉપરથી હજુ યુવાનીના ઉંબરે પગ પણ નથી મૂક્યો એવી કાચી ઉંમર !'

'તો? તો શું થયું?'

'આ જગત સલામત નથી, કાચી ઉંમરની છોકરીઓ માટે. જરા પરિપક્વ થા પછી આવા સાહસો કરજે.'

'ઓહ, તો આ ઉંમરનું બહાનું છે? તો સાંભળી લે, ઉંમર ક્યારેય કાચી કે પરિપક્વ નથી હોતી. કાચી તો આપણી વિચારધારા હોય છે. તેને પરિપક્વ કરવાની જરુર છે. મારી વિચારધારા તો પક્વ છે, જે મને હંમેશા હિંમત આપે છે. માટે હું તો આવા સાહસો કરીશ જ. તે માટે હું નીકળી પણ પડીશ, એક દિવસ.'

'નીકળી પડવાનો અર્થ તું જાણે છે? એ નો અર્થ છે – અંધારી ગલીઓમાં અટવાઈ જવું – ભટકી જવું.'

'અંધારી ગલીઓમાં પ્રકાશ લાવવાની તો છે આ ઉંમર. નવું જોશ, નવી ઈચ્છા, નવી દિશા અને નવા વિચારો મારી અંદર થનગને છે. તેના વડે હું મારો રાહ કાપી લઇશ. મંઝિલ તરફ જઈશ. અને એક દિવસ તેને પામીને રહીશ. ચાલ તું પણ આ બધું છોડીને મારી સાથે નીકળી પડ.'

'પણ.. મને ડર લાગે છે.'

'આ ઉંમર ડરવાની નથી. ચાલ, કાઢી નાંખ ડરને અને નીકળી પડ, નીકળી પડ ..'

મન સમ્મત થઈ ગયું, નીકળી પડવા માટે.

સાવ પહેલો સંઘર્ષ ! જાત સાથેનો સંઘર્ષ.

તે આ સંઘર્ષ જીતી ચૂકી હતી. તે જાતને, સ્વયંને જીતી ચૂકી હતી. તે તૈયાર હતી બાકી બધા આવનારા સંઘર્ષને જીતવા માટે.

દૂર બાગમાં કોઈ કોશેટોનું કવચ તૂટી રહ્યું હતું. ફૂલો પરથી ઠંડો પવન વહી ગયો. બાગમાં યૌવનના એંધાણ વર્તાવા લાગ્યા.

પ્રકરણ 15

"મમ્મી, મારે કરાટે અને સ્વિમિંગ ક્લાસ જોઇન કરવા છે." રસોડામાં કામ કરી રહેલી જયા સામે નીરજાએ પ્રસ્તાવ મૂક્યો ત્યારે, તે ક્ષણભર તો ચકિત થઈ ગઈ હતી.

"શું?" તેણે પ્રશ્ન કર્યો.

"હા મમ્મી, કરાટે અને સ્વિમિંગ શીખવું છે મારે."

"તો?" જયાએ ફરી પ્રશ્ન કર્યો.

જયાને ખબર હતી કે નીરજાએ આ વાત તેને કરવાનો અર્થ શો છે. જ્યારે જ્યારે નીરજાને તેની વાત તેના પપ્પા જોડે મનાવવાની હોય, ત્યારે ત્યારે તે વાત તે જયાને કરતી. જયાને મનાવી લેતી. અને જયા દીપેનને મનાવી લેતી. વર્ષોથી આમ બનતું આવ્યું છે.

આજે પણ નીરજાએ કરેલી વાતનો અર્થ છે, કે દીપેન પાસેથી નીરજા માટે કરાટે અને સ્વિમિંગ શીખવા માટેની પરમીશન તેણે લઈ આપવાની છે. તે આ વાત જાણતી હતી છતાં તેણે હોઠ પર સ-હેતુ સ્મિત લાવીને, આંખો નચાવતા નીરજાને પૂછી લીધું, "તો?"

આ 'તો' નો મતલબ બન્નેની આંખોમાં થઈને હોઠ પર આવી ગયો. બંને હસી પડ્યા. હસતાં રહ્યા. ભેટી પડ્યા.

જયાનું આમ ભેટી પડવાનો અર્થ છે, કે જયા હવે નીરજાની વાત દીપેન પાસે મનાવી લેશે. બંનેને ખબર હતી, કે હવે શું કરવાનું છે.

રાત પડવાની પ્રતીક્ષા થવા લાગી.

દીપેન ઘેર આવી ગયો. સૌ જમ્યા. બેઠક રૂમમાં ગોઠવાઈ ગયા.

"નીરજા કરાટે અને સ્વિમિંગ શીખવા માંગે છે." જયાએ વાતની શરૂઆત કરી.

"શું? કરાટે અને સ્વિમિંગ, બંને?" દીપેને ઠંડા અવાજે પૂછ્યું.

તેને જયાની વાતનું જરા પણ આશ્ચર્ય ના થયું. તે જાણતો હતો કે નીરજા ટીન એજમાં છે. યૌવનના પગથિયાં પર છે. તેનામાં યૌવન સહજ ઉત્સાહ અને ઉમળકાઓ હોય જ. દુનિયાને મુઠ્ઠીમાં કરી લેવાની તિવ્ર તમન્ના પણ હોય. અનેક યોજનાઓ હોય. અનેક વિચારો હોય. ઘણું બધું કરી નાંખવાની ધગશ હોય. કરાટે અને સ્વિમિંગ શીખવાનું પણ એમાંનું જ કશુંક હોવું જોઈએ. એટલે જ તેણે મનને ઠંડુ રાખી સામો પ્રશ્ન કર્યો.

નીરજા અને જયા બન્ને સ્તબ્ધ થઈ ગયા, દીપેનના ઠંડા પ્રતિસાદથી. તેઓને અપેક્ષા હતી, દીપેનના ઉગ્ર પ્રતિસાદની. બન્નેએ એકબીજા સામે જોયું. શું બોલવું તેની સમજ ના પડી.

દીપેન બન્નેના મુખ પરના હાવભાવ નિહાળી રહ્યો.

"હા, પપ્પા. હું બંને એકસાથે શીખવા માંગુ છું. તમે હા પાડો એટલે..." નીરજાએ સીધી મંજૂરી જ માંગી લીધી.

"સ્વિમિંગ તો ઠીક છે, પણ આ કરાટે શા માટે શીખવું છે? તું અહીં પૂર્ણ રૂપે સલામત છે."

"એટલે કે સ્વિમિંગ માટે મંજૂરી મળી ગઈ. થેંક્સ ડેડ." નીરજાએ તક ઝડપીને સ્વિમિંગ પૂરતી મંજૂરી પાકી કરી લીધી.

"પણ કરાટે શા માટે? આપણાં આ શહેરમાં સૌ સલામત છે. તું પણ." દીપેનને ડર હતો કે આ ઉંમરમાં જો તે કરાટે શિખશે, તો કોઈકના હાડકાં ભાંગી નાંખશે અને રોજ નવી તકરારો ઘર સુધી આવવા લાગશે. સાથે સાથે એ સમજતો પણ હતો, કે સ્વ-રક્ષણ માટે કરાટે જેવી વિદ્યા જાણવી જરૂરી છે. પણ તે માટે નીરજા હજુ અપરિપક્વ છે તેવું તેનું માનવું હતું. એટલે કરાટે શીખવાનું થોડા સમય બાદ થાય તેમ તે ઈચ્છતો હતો.

"પણ આ શહેરની બહાર તો મારે કરાટેની જરૂર પડશે જ ને?" નીરજાએ અજાણતા જ કોઈ સંકેત આપી દીધો. દીપેન તે સંકેતને પારખી ગયો.

"શહેરની બહાર? ક્યાં જવાનો ઇરાદો છે, તારો?" દીપેને પૂછી લીધું. જયા પણ આ પ્રશ્નથી ચોંકી ગઈ. તે પણ નીરજા તરફ જોવા

લાગી. વેધક નજરને નીરજા જીરવી ના શકી. તેના મનની વાત જીભ પર આવી ગઈ, "ટુર પર જવાનો…"

"ક્યાં ? સ્કૂલમાંથી કોઈ ટુર નું આયોજન છે?"

"ક્યારે? કેટલા દિવસ માટે?" જયા પણ અધિરી થઈ.

પરંતુ નીરજાએ કોઈ જવાબ ન આપ્યો. કોઈ જવાબ સૂઝયો જ નહીં. મનમાં મૂંઝવણ ચાલતી રહી.

"એ ય, નીરજા. શું કરે છે?" જીત રૂમમાં દાખલ થઈ ગયો.

નીરજાએ હાશ અનુભવી. તેને થોડી રાહત મળી. વાતને ટાળવાનો સમય મળી ગયો.

"હાય, જીત. વ્યોમા ક્યાં છે?" જીત સામે હળવું સ્મિત કરી નીરજા થોડી રિલેક્ષ થઈ ગઈ.

"મેક? નેતું માક છે? મહણા જ નેતે કોમલૂ છું."[કેમ? તેનું કામ છે? હમણાં જ તેને મોકલું છું.] જીતે બોલેલા શબ્દો દીપેનને ના સમજયા. જયા હસતી રહી. પણ નીરજાને સમજાઈ ગયા. તેણે જવાબ આપ્યો, "હા, લજદી લજદી કોમલ. ગાલે છે કે ડોથીક ડગબડ યથી છે." [જલ્દી જલ્દી મોકલ. લાગે છે કે થોડીક ગડબડ થઇ છે.]

"લભે, લભે" જીત જતો રહ્યો.

દીપેન આ શબ્દોને સમજવા મથતો રહ્યો. વ્યોમા આવી ગઈ.

"મેક નીરજા. શું યથુ છે? ઓકી ચોલો રામ્યો?" વ્યોમા નીરજાની બાજુમાં જઇ બેઠી. [કેમ નીરજા, શું થયું છે? કોઈ લોચો માર્યો?]

"વ્યોમા, ક્યાં છે તું? બધું બરાબર તો છે ને?" વ્યોમા પાસેથી કશુંક જાણી લેવાની આશાએ દીપેને પૂછ્યું.

"હા, અંકલ. તમે કેમ છો?" વ્યોમા તદ્દન સ્વસ્થ હતી. તેને જોઈને નીરજા પણ ઝડપથી સ્વસ્થ થવા લાગી.

"તમે ફરીથી પેલી ભાષા બોલવા લાગ્યા? શું કહેતા હતા, તે સીધા સાદા શબ્દોમાં બોલો તો જરા." જયાએ કડકાઇ અપનાવી.

"કશું જ નથી. એ તો બસ એમ જ. અમે પૂછતા હતા કે 'કેમ છો? કયાઁ છો?' વગેરે વગેરે…" નીરજા વાતને ટાળવા લાગી.

"તો પછી 'ડોથીક ડગબડ યથી છે' એ શું છે? શું ગડબડ કરી નાંખી, બોલો?" જયાના મોંઢે પોતાની ભાષા સાંભળી નીરજા અને વ્યોમા ચોંકી ગયા. જે ભાષા અત્યાર સુધી ગુપ્ત હતી, એ ભાષા જયાને પણ આવડે છે એ જાણી તે બંને ગભરાઈ ગઇ.

"લજદી લજદી લોબો, શું તાવ છે?" જયાના નવા આક્રમણથી તો વધુ ડઘાઈ ગઈ. ગભરાટમાં બોલી ગઈ, "રેચાપૂંજી વજાનો ચીવાર છે." [ચેરાપૂંજી જવાનો વિચાર છે.]

"ઓહ, તો ચેરાપૂંજી જવું છે તમારે? કોની જોડે? કેવી રીતે? ક્યારે?" જયાએ એકસાથે ઘણું બધું પૂછી લીધું.

દીપેનને ખાસ કાંઇ સમજાતું ન હતું પણ જયાએ કહેલાં છેલ્લા શબ્દોથી સમજાઈ ગયું કે બંને છોકરીઓના મનમાં ચેરાપૂંજી જવાનો પ્લાન ઘડાઈ રહ્યો છે. અને એટલે જ કરાટે શીખવા માંગે છે. પણ સ્વિમિંગ શા માટે શીખવા માંગે છે?

તેણે મનમાં જ નક્કી કરી લીધું, 'થોડી ધીરજ રાખવા દે. ધીરે ધીરે બધું જ બહાર આવશે.' તે મૌન બેસી રહ્યો, જોતો રહ્યો.

"હા, અમે પ્લાન કરીએ છીએ." વ્યોમાએ હિંમત એકઠી કરીને જવાબ આપવાનો પ્રયાસ કર્યો પણ પૂરો જવાબ ન આપી શકી.

નીરજા હવે થોડી સ્વસ્થ થઈ ગઈ હતી. તેને ખબર હતી, કે જો પોતાના જોયેલા સ્વપ્નને પૂરું કરવું હોય, તો આ પરિસ્થિતિનો સામનો તો કરવો જ પડશે. હવે ગોળ ગોળ વાતો કરવાનો અર્થ નથી. સીધી અને સ્પષ્ટ વાત કરવી જ પડશે.

'પણ, જો તે માટે મંજૂરી નહીં મળે તો?'

'પણ આમ છુપાવવાથી પણ ક્યાં કોઈ રસ્તો મળવાનો છે?'

'તો તું શું કરીશ?'

'ખબર નથી, પણ કોઈને કોઈ રસ્તો અવશ્ય મળી જશે. મંજૂરી તો મેળવવી જ પડશે. પાંખોમાં આવી રહેલા નવા જોમને ઉડવા આકાશ જોઈશે જ. જરૂર પડશે તો બળવો પણ કરીશ.'

'વિદ્રોહ? બળવો? માતા પિતા સામે?'

'હા, કેમ નહીં? આ ઉંમરે ઊગી રહેલી પાંખોને કાંઇ સંકોરીને થોડા બેસી રહેવાય? પાંખો આવવાનો પહેલો અવસર છે, પહેલું પહેલું કેવું સુંદર હોય છે, અદભૂત હોય છે. હું તો પહેલી પાંખોને લઈને ઊડી જઈશ... મુક્ત ગગનમાં ...'

ખુલ્લા આકાશમાં ઉડવાના મક્કમ નિર્ધાર સાથે નીરજાએ જવાબ આપ્યો, "નોર્થ ઈસ્ટ રાજ્ય મેઘાલયની રાજધાની શિલોંગથી **50-60** કિમી દૂર ચેરાપૂંજી છે. જ્યાં વિશ્વનો સૌથી વધુ વરસાદ પડે છે. ત્યાં જંગલો છે, વરસાદ છે, ઝરણાં છે, પાણી છે, અંદરથી હચમચાવી નાંખે તેવો અવાજ છે. સૌથી ઊંચો અને પ્રચંડ ધોધ નોહ કલિકાઇ છે. એક અદભૂત વિશ્વ છે. તે વિશ્વને જોવું છે, જાણવું છે, અનુભવવું છે, પામવું છે. પાંખો વડે ઉડીને ત્યાં પહોંચી જવું છે. આંખોમાં ભરીને પીવું છે."

"તેને અને કરાટે શીખવાની વાતને શો સંબંધ છે?" દીપેને શંકા વ્યક્ત કરી.

"સીધો જ સંબંધ છે. આટલે દૂર અજાણ્યા સ્થળે, જંગલમાં, ધોધમાં, વરસાદમાં, સ્વ-રક્ષા કરવી હોય તો કરાટે જ કામ આવે."

"પણ ત્યાં આપણે સૌ સાથે હોઈએ તો પછી શેનો ભય?"

"આપણે સૌ સાથે? ના. ત્યાં સૌએ સાથે નથી જવાનું."

"મતલબ?"

"એ જ કે ત્યાં હું અને વ્યોમા જ જવાનાં છીએ. એકલા જ. તમે કોઈ સાથે નથી આવવાના." નીરજાના શબ્દોમાં હવે પાંખોની સાથે સાથે હિંમત પણ ઊડી રહી હતી. તે હવે નિર્ભીક અને સ્પષ્ટ થવા લાગી.

"શું? તમે બંને એકલી જ ત્યાં જશો? તમારી ઉંમર કેટલી છે, એની ય ખબર છે તમને? મારી સાથે જેટલી હિંમતથી વાત કરે છે, એટલી સરળ વાત નથી આ. કેટલી જોખમી છે આ યાત્રા, એનો કોઈ અંદાજ પણ છે ખરો? આવી બાલિશ અને અપરિપક્વ વાત નહીં ચલાવી લેવાય. કોઈ મંજૂરી નહીં મળે. બધું જ ભૂલી જા. મનમાંથી કાઢી નાંખ આવી વાતો. હજુ તું બાળક છે, બાળક." ગુસ્સામાં દીપેને પોતાનો નિર્ણય જાહેર કરી દીધો.

વ્યોમા તંગ પરિસ્થિતી જોઈને ત્યાંથી નીકળી ગઈ.

"મારૂ બાળપણ તો હવે છૂટી ગયું છે, પાછળ રહી ગયું છે. હું પરિપક્વ નથી એ વાત સાચી. પણ બાળક પણ નથી. નાદાન પણ નથી. બાલિશતા અને પરિપક્વતાના સંગમ પર આવી ઊભી છું. મારે પણ પરિપક્વ થવું છે.

તે માટે બહાર નીકળવું પડશે. બાળપણના ઘરને છોડીને યુવાનીના વિશ્વમાં જવું પડશે. મારી પાંખોમાં કશુંક નવું વહેવા લાગ્યું છે. તે મને લઈ જઇ રહ્યું છે યૌવનના દેશમાં. મારે ઉડવું છે એ આકાશમાં. મારા આકાશમાં. મારી પાંખો વડે. પાંખો પણ મારી અને આકાશ પણ મારૂ." નીરજા હવે વધુને વધુ સ્પષ્ટ અને મક્કમ બની રહી હતી.

તેના શબ્દોએ વાતાવરણ તંગ બનાવી દીધું. દીપેન ક્ષોભ અને ગુસ્સો અનુભવી રહ્યો.

પિંજરને તોડીને ઉડવા મથતા પંખીની જેમ નીરજા ઉત્સાહમાં હતી.

જયા સમગ્ર સ્થિતિને ધ્યાનથી સમજી રહી હતી. તેને લાગ્યું કે આ સમય વાતને સાચવી લેવાનો છે, વધુ બગાડવાનો નહીં,"તારે કરાટે શીખવું છે ને? ચાલ અત્યારે બીજી બધી વાતોને છોડ. દીપેન, નીરજા હાલ કરાટે શીખવાનું ભલે ચાલુ કરતી."

"જયા, કરાટે..."

"હાલ તો કરાટે શીખવું કે નહીં તે મુખ્ય મુદ્દો છે. ખરું ને?" જયાએ નીરજા તરફ પ્રશ્નાર્થ નજર કરી.

"ના. માત્ર એટલું જ નહીં. મારો પ્રવાસ પણ મહત્વનો છે. મૂળ વાત જ પ્રવાસની છે. બાકી બધી વાતો તો પ્રવાસની સજ્જતા માટેની છે." નીરજા આજે પોતાની વાત સ્પષ્ટ પણે રજૂ કરવાના મૂડમાં હતી. તેના પર ચર્ચા કરવાના મૂડમાં હતી. પોતાની વાત મનાવવાના મૂડમાં હતી.

દીપેન બિલકુલ વિરોધી મૂડમાં હતો, તો જયા હાલ પૂરતી વાતને ટાળીને યોગ્ય સમયની પ્રતિક્ષા કરવાના મૂડમાં.

ત્રણેયમાંથી કોઈ પોતાના મુડને બદલવાના મૂડમાં ન હતા. થોડી વાર માટે ત્રણેય મૌન બની ગયા.

સૌને લાગ્યું કે હવે મૌનને બોલવા દેવું જોઈએ. મૌન બોલતું રહ્યું. તેઓ સાંભળતા રહ્યા. સૌને ગમ્યું. મૌન કેટલું પ્રભાવશાળી છે કે શબ્દોના પ્રહારને સિફતપૂર્વક ટાળી શકે છે. શબ્દોને મહાત પણ કરી શકે છે. મૌન ગમવા લાગ્યું.

પણ, ગમતી વાત ક્યારેય લાંબી ટકતી નથી. મૌન પણ.

"દીપેન, શું છે આ બધું?" ભરતે દાખલ થતાં બોલેલા શબ્દો સામે મૌન ટકી ના શક્યું. વ્યોમા પણ સાથે જ આવી.

"જો ને, આ નીરજા. જીદ લઈને બેઠી છે, એકલા પ્રવાસે જવાની. અને તે ય છેક મેઘાલયમાં, કાંઇ સમજતી જ નથી." દીપેનના મનનો ઊભરો ઠલવાઇ ગયો.

નીરજા કશુંક કહેવા જઇ રહી હતી, પણ જયાએ તેને અટકાવતાં કહ્યું, "આવો ભરતભાઈ. ભાભી અને જીત ક્યાં છે?"

"અમો પણ અહીં જ છીએ." જીત અને દીપા પણ આવી ગયા.

વાતાવરણ થોડું હળવું થયું. છતાં ય છેડાઈ ચૂકેલા મુદ્દાનો ભાર બધાયના મનમાં ઘર કરી બેઠો હતો.

ભરત એટલે જ અહીં આવ્યો હતો. વ્યોમાએ તેને બધી જ વાત કરી દીધી હતી. વાતની ગંભીરતા સમજીને તે તરત જ દોડી આવ્યો હતો.

તેણે જોયું કે તંગ વાતાવરણમાં તેના આવવાથી થોડી હળવાશ આવી છે. તેણે હળવાશને વિસ્તરવા દીધી. હળવાશ વિસ્તરી રહી. સૌને ગમ્યું.

થોડી આડી અવળી વાતો થવા લાગી. પણ ફરીને વાત ત્યાં જ આવીને ઊભી.

"તો નીરજા, તારો પ્રવાસ શું છે? ક્યારે છે? કેવી રીતે છે? શા માટે છે? બધું નિરાંતે સમજાવ. જરા માંડીને વાત તો કર." જયા અને દીપાએ નીરજાના માથે હાથ ફેરવતા વાત આગળ વધારી.

નીરજાના માથે હાથ ફરતો રહ્યો. સારું લાગ્યું. તે પણ હવે નમ્ર બની.

'જો મારે મારી વાત મનાવવી હશે તો ગુસ્સો કામ નહીં આવે. પ્રેમથી જ કામ કઢાવવું પડશે.' તેણે હળવું સ્મિત આપ્યું.

સૌના મનનો જ્વાળામુખી ઠરવા લાગ્યો.

"હું અને વ્યોમા આ યાત્રા કરવા માંગીએ છીએ, ઉનાળાના વેકેશનમાં. અહીંથી દર શુક્રવારે રાત્રે 9 વાગ્યે એક ટ્રેન જાય છે જે સોમવારે સવારે 7 વાગ્યે ગૌહાટી પહોંચે છે. 58 કલાકની મુસાફરી છે. ટ્રેનનું નામ છે- ઓખા ગૌહાટી. ત્યાંથી પછી શિલોંગ, મેઘાલયની રાજધાની, બસ દ્વારા જવાનું છે. ત્યાંથી ચેરાપૂંજી જઈશું. ચેરાપૂંજીના ગાઢ જંગલોમાં ટ્રેકિંગ કરીશું અને તે રીતે નોહ કલિકાઈ ફોલ્સ સુધી પહોંચીશું."

"તો તારી મંઝિલ આ ધોધ છે?" દીપાએ રસ બતાવ્યો.

"હા. શિલોંગ સિટિ, ચેરાપૂંજી ના જંગલો અને નોહ કલિકાઈ ધોધ."

"કેટલા કિમી દૂર છે?"

"ગૌહાટી 2738 કિમી અને આગળના જે કિમી હોય તે વધારાના. લગભગ 2800 જેટલા કિમી નો અંદાજ કરી શકાય."

"તો આ ધોધ જોવા માટે છેક આટલે દૂર જવાનું?" ભરત વાતમાં જોડાયો, "ગુજરાત અને નજીકના રાજ્યોમાં પણ અનેક ધોધ આવેલા છે. જંગલો પણ છે. તો તે માટે છેક ત્યાં જવું જરૂરી છે?"

"હા, એ સાચું છે કે સમગ્ર ભારતમાં અનેક ધોધ છે, અને આપણા નજીકના સ્થળોએ પણ અનેક ધોધ છે. ગીરનું જંગલ આપણે જોયું જ છે. બીજા જંગલો પણ નજીકમાં જ છે. પણ અમારે તો ચેરાપૂંજીના જંગલો અને નોહ કલિકાઈ ધોધ સુધી જવું છે."

વ્યોમા પહેલીવાર નીરજાના ઈરાદાઓના પક્ષમાં બોલી.

તેના ચહેરા અને શબ્દોમાં દ્રઢતા છલકાવા લાગી. નીરજા અને વ્યોમાએ આંખો વડે વાતો કરી લીધી. નીરજાનો આત્મવિશ્વાસ વધી ગયો.

"કેમ એવું? ખાસ એ જ જંગલ અને એ જ ધોધ?" જયાએ પૂછ્યું.

"એવું તે શું છે એ જંગલમાં અને એ ધોધમાં?" દીપા પણ જોડાઈ.

"કાંઈક ખાસ લાગે છે એમાં. ખરું ને?" ક્યારનો ય શાંત રહેલો જીત પણ જોડાયો ચર્ચામાં.

"લગભગ બધી જ વસ્તુ બધે ઉપલબ્ધ હોય છે. છતાં તે જ વસ્તુ કે વાત માટે કોઈ સ્થળ ખાસ હોય છે, ખરું ને?" નીરજાએ હવે પોતાનો પક્ષ મજબૂતીથી રજૂ કરવાનું પ્લેટફોર્મ તૈયાર કરવા માંડ્યુ, "દરિયો ગુજરાતમાં પણ છે, છતાં ગોવાનો દરિયો ગમે છે. પહાડ અહીં પણ છે, છતાં હિમાલય ગમે છે. નર્મદા નદી આપણી પાસે જ છે, છતાં આપણે ગંગાને મળવા હરિદ્વાર કે ઋષિકેશ કેમ જઈએ છીએ? કૃષ્ણ અહીં દ્વારકા, ડાકોર કે શામળાજીમાં પણ છે, તો ય તિરુપતિ કે બદ્રીનાથ સુધી જઈએ છીએ ને?"

"હા, જઈએ છીએ."

"કેમ? એ જ દરિયો, એ જ જંગલ, એ જ નદી, એ જ પહાડ અને એ જ ભગવાન ! છતાં ય આપણને અલગ અલગ જગ્યાએ જઈને એ જ બધું જોવાનું મન થાય છે. આપણે જઈએ છીએ, જોઈએ છીએ, અનુભવીએ છીએ. શા માટે?" નીરજાની દલીલો હવે ધારદાર બનવા લાગી.

દીપા-ભરત-દીપેન-જયા, સાવ મૌન બની ગયા. તેઓ પાસે આ શબ્દોનો કોઈ જવાબ ન હતો. શું કહેવું તે સમજાયું નહીં. મનમાં ઘણા જવાબો આવીને જવા લાગ્યા. પણ કોઈમાં જરાય દમ ન હતો. બસ મૌન જ રહ્યા.

"દરેક ઘટનાને, સ્થળને કોઈને કોઇ વિશેષતા હોય છે. અને એટલે તો માણસને એ આકર્ષે છે. માણસને નવું જોવાની, જાણવાની અને માણવાની હંમેશા ઝંખના હોય છે. એક જ વાત કે વસ્તુ કે ઘટનાને અલગ રીતે જોવા, જાણવા કે સમજવાની સૌને સ્વતંત્રતા છે, અને એટલે જ તો આ વિશ્વમાં વૈવિધ્ય છે. આ વૈવિધ્ય જ લઈ જાય છે નવી દુનિયામાં." નીરજાના શબ્દો મજબૂત બનતા ગયા. બધા પર તેનો જાદુ છવાતો ગયો.

"DIVERSITY IS THE BEAUTY !" વ્યોમાએ પણ તક જોઈ કહ્યું. તેણે LED ટીવી ઓન કર્યું અને પેન ડ્રાઇવમાં સ્ટોર કરી રાખેલ નોહ કલિકાઈ ફોલ્સનો વિડીયો ચાલુ કરી દીધો.

સૌનું ધ્યાન તે તરફ ગયું. જોવા લાગ્યા. 40 ઇંચની સ્ક્રીન પર તે વિડીયો અદભૂત અનુભવ આપતો હતો. આખા રૂમમાં તેના આવજો ગુંજવા લાગ્યા. સૌ મંત્રમુગ્ધ થઈ જોતાં રહ્યા. તેના એક એક દ્રશ્યો અને અવાજો સૌના મનમાં છવાતા ગયા. વિડીયો પૂરો થયો. પણ સૌના મનમાં તો જાણે હવે જ તે શરૂ થયો.

ખરો વિડીયો તો હવે જ ચાલવા લાગ્યો, સૌના મનમાં. બંને માતા પિતા પાસે હવે કહેવા જેવુ કાંઇ જ ન હતું.

તેઓના મૌનમાં જાણે સંમતિ હતી. કોઈ કશું જ ન બોલ્યું. છૂટા પડી ગયા, અદભૂત દ્રશ્યોને, મનમાં સાચવીને. બધાના આ મૌનમાં રમતી હતી પોતપોતાની યોજનાઓ.

નીરજા અને વ્યોમાના મનમાં આકાર લઈ રહી હતી, યાત્રા પર જવાની યોજના. તો વડીલોના મનમાં તે યાત્રા પર તેઓને જતાં રોકવાની યોજના. કોઈ પણ રીતે રોકવા.

પ્ર કરણ 16

નીરજાએ કરાટે અને સ્વિમિંગ શીખવા માંડ્યુ. વ્યોમા પણ તેણે અનુસરી. નવો આત્મવિશ્વાસ અને તાજગી દેખાવા લાગ્યા. સ્કૂલમાં પણ બંનેની નવી આવડતની સૌને ખબર પડવા લાગી.

યૌવનનો પહેલો ઉઘાડ પ્રકટ થવા લાગ્યો. પણ નોહ કલિકાઈ ધોધની યાત્રાની યોજનાની કોઈને ખબર નહોતી. બંને ચૂપચાપ પોતાની યોજના પર કામ કરી રહયા હતા.

શનિવારની સવારના સ્પોર્ટ્સનો પીરિયડ પૂરો થઈ ગયો. સૌ પોતપોતાના ક્લાસરૂ મમાં જવા લાગ્યા. ની રજા અને વ્યોમા હવે લોબીમાં આવી ગયા. ડા બા હાથ પર પ્રિન્સિપાલનો રૂમ હતો. તેની બાજુમાં સ્ટાફ રૂમ હતો.

ક્લાસરુમ ફર્સ્ટ ફ્લોર પર હતો. સ્ટાફ રૂમને અડીને ઉપર જવા માટેના પગથિયાં હતા.

સ્ટાફ રૂમ વટાવી પગથિયાં ચડવા જતાં હતા ત્યાં જ, પટવાળાએ સમાચાર આપ્યા, "તમને બન્નેને નેહા મેડમ બોલાવે છે, સ્ટાફ રૂમમાં."

બન્નેએ એકબીજા તરફ જોયું. બંનેને કાંઇ ન સમજાયું. શા માટે નેહા મેડમ તેઓને સ્ટાફ રૂમમાં બોલાવી રહ્યા છે?

જ્યારે જ્યારે કોઈ વિશેષ કાર્યક્રમનુ આયોજન સ્કૂલ દ્વારા થવાનું હોય, ત્યારે ત્યારે નેહા મેડમ તે જવાબદારી તેના શિરે લેતા, અને તેની ટીમમાં નીરજા અને વ્યોમા સૌથી અગત્યના સભ્ય રહેતા.

પણ, હાલ તો એવા કોઈ આયોજનનો સમય નથી. લગભગ બધા જ કાર્યક્રમો યોજાઇ ગયા છે. તો પછી આમ બોલાવવાનું કારણ શું હશે? બંનેના ચહેરા પર એક સરખો પ્રશ્ન રમવા લાગ્યો.

તેઓ સ્ટાફ રૂમમાં દાખલ થયા. મેડમ નેહા સિવાય કોઈ ત્યાં ન હતું.

"આવો નીરજા, વ્યોમા." નેહાએ સ્મિત અને ઉમળકા સાથે આવકાર્યા.

બન્નેએ જવાબી સ્મિત કર્યું.

મે ડમના હાથમાં એક પુસ્તકની બે નકલો હતી. તેણે બંનેને એક એક પુસ્તક આપ્યું. પુસ્તક પર નજર પડી.

'THE ALCHEMIST' by PAULO COHELO.

પુસ્તક અંગ્રેજીમાં હતું. પુસ્તક હાથમાં લીધા બાદ બન્નેએ વિસ્મય સભર પ્રશ્નાર્થ નજરે મેડમ તરફ દ્રષ્ટિ કરી.

"આ પુસ્તક તમે વાંચજો. ખૂબ સુંદર છે. મને આશા છે કે તમને એ ગમશે." નેહાના હોઠો પર સ્મિત હતું, "અને હા બહુ નાનું પુસ્તક છે, એટલે 8/10 દિવસમાં તો તે પૂરું થઈ જશે. વાંચીને મને પરત આપી દેજો."

બંનેને વાત કાંઇ સમજાઈ નહીં. મેડમ નેહા સાંસ્કૃતિક પ્રવૃતિમાં હંમેશા સક્રિય રહેતા અને તે ની ટીમમાં નીરજા અને વ્યોમાનું હોવું અનિવાર્ય ગણાતું . પણ, ક્યારય કોઈ બૂક વિશે તેમણે કોઈ ચર્ચા નથી કરી, કે નથી સજ્જેસ્ટ કર્યું.

મેડમને પુસ્તકોમાં રુચિ છે, એવું પ ણ ખાસ કાંઇ ધ્યાને નથી આવ્યું. છતાં આમ અચાનક જ, ખાસ બોલાવીને બંનેને એક જ પુસ્તક વાંચવા આપવું, એ જરા વિચિત્ર લાગ્યું.

મેડમનું માન રાખવા તેઓએ પુસ્તક લઈ લીધું, "સ્યોર મેડમ, અમે વાંચીને તરત જ પરત આપી દઇશું." સ-સ્મિત જવાબ આપી તેઓ બહાર નીકળી ગયા.

ઘેર જઈ વ્યો માએ પુસ્તક જોવાનો પ્રયાસ કર્યો. ખાસ રુચિ વિના જ તે પુસ્તકને હાથમાં રાખી પાનાઓ ફેરવવા લાગી. ખાસ મજા ન પડી. થોડી વારે પુસ્તક બાજુ પર મૂકી, એમ જ બેસી રહી. તેને હજુ પણ એ રહસ્ય સમજાતું ન હતું, કે નેહા મે ડમે શા માટે આ પુસ્તક આપ્યું છે. આમે ય વાંચનમાં તેને કોઈ રસ ક્યારેય ન હતો. મેડમને પણ એ વાત ની ખબર જ છે. પણ તો ય, તેણે આગ્રહ કરીને ખાસ આ પુસ્તક જ કેમ આપ્યું? તેને કોઈ કડી નહોતી મળતી. તે કંટાળી ગઈ.

"તેં પેલું પુસ્તક જોયું?" તેણે નીરજાને મેસેજ કરી પૂછ્યું. ક્યાંય સુધી નીરજાનો જવાબ ન આવ્યો. વ્યોમા અન્ય કામોમાં

પરોવાઈ ગઈ.

મોડેથી નીરજાનો જવાબ આવ્યો, "હા, જોયું ને? થોડા પેજ વાંચી પણ નાંખ્યા. તેં શરૂ કર્યું?"

વ્યોમા વિચારવા લાગી કે અહીં તેને પુસ્તકમાં જરાય રસ નથી પડતો, ને ત્યાં નીરજાએ તો વાંચવા પણ માંડ્યું?

તેણે રિપ્લાય કર્યું, "ના. મેં નથી શરૂ કર્યું. તું વાંચી લે એટલે મને કહી દેજે. મારે નથી વાંચવું કોઈ પુસ્તક."

નીરજા પુસ્તક વાંચવા લાગી. તેને તે ગમવા લાગ્યું. વાંચતી રહી. વિચારતી રહી.

'આમ જ કોઈ પુસ્તક ક્યાં ગમવા લાગે છે? જ્યાં સુધી તેને વાંચવાનું ચાલુ ન કરો ત્યાં સુધી તે માત્ર નિર્જીવ વસ્તુ જ હોય છે. જેવુ વાંચવાનું ચાલુ કરો, એટલે કાંઇ કેટલાંય નામોના ચહેરાઓ જીવંત થઈ જાય. કેટકેટલી ઘટનાઓ સામે આવીને મળી જાય. કેટકેટલાં સ્થળો, પોતાને ત્યાં આવવાનું આમંત્રણ આપી જાય. ચહેરાઓનાં પડદાઓ હટતાં જાય. દરેક ચહેરાઓને વાચક જીવવા લાગે. વાચક એકલો અને તેમાં જીવાતા અનેક પાત્રો. વાચકના મનની અંદર જ એક યુધ્ધ છેડાઈ જાય. લડાઈ પણ થઈ જાય.

પછી? પછી એ યુધ્ધ પૂરું ન થાય ત્યાં સુધી તે પાત્રો અંદરથી હચમચાવી નાંખે. અંતે તે પુસ્તક પૂરું કરીને જ એ યુધ્ધને શાંતિમાં ફેરવી શકાય.'

કોઈ પુસ્તકમાં આટલું બધું કરી શકવાની તાકાત હોય છે, એવું ભાન નીરજાને આજે પહેલી વાર જ થવા લાગ્યું. બે-જાન લાગતાં શબ્દો, બિચારાં લાગતાં શબ્દો ! પણ, જીવતા માણસને ખળભળાવી નાંખે છે, આ શબ્દો. અંદરથી વલોવી નાંખે છે, આ શબ્દો.

નીરજા દ્વારા શબ્દો વંચાતાં ગયા. વાક્યો, ફકરાઓ અને પૃષ્ઠો પલટાતાં ગયા. ચાર દિવસમાં તો પુસ્તક પૂરું થઈ ગયું. તેને મજા પડી ગઈ. ખુશ થઈ ગઈ તે.

પુસ્તકો પણ આટલા મજેદાર હોઇ શકે છે ! તે પુસ્તકોનાં પ્રેમમાં પડી ગઈ.

માત્ર ચાર દિવસમાં પુસ્તક પૂરું કરી નાંખ્યું હતું. જ્યારે મેડમ નેહાએ તો **8/10** દિવસ રાખવા કહેલું. હજુ બીજા **4/6** દિવસ પુસ્તક રાખી શકાય.

જો ચાર જ દિવસમાં પુસ્તક પરત કરી દઇશ, તો મેડમ એવું માનશે કે મેં આ પુસ્તક વાંચ્યું જ નથી. ભલે રહ્યું એ ઘરમાં બીજા **4/6** દિવસ.

'તો શું કરવું?'

'ચાલ ફરીને વાંચી નાંખું એને.'

"ફરીથી?" વ્યોમાએ આશ્ચર્ય અને અણગમા સાથે પૂછ્યું.

"હા, ફરીથી. કેમ?"

"પુસ્તક જેવી બોરિંગ ચીજ, મેં એકવાર પણ નથી વાંચી અને તું ફરીથી વાંચવાની વાત કરે છે?"

"જો ગમતી ફિલ્મ ફરીથી જોઈ શકાય, ગમતું ગીત વારંવાર સાંભળી શકાય, ગમતા મિત્રને અનેક વાર મળી શકાય, તો પછી ગમતા પુસ્તકને ફરી-ફરીને વાંચવામાં શો વાંધો?"

"તને ગમે તો તું વાંચ. પણ હું તો એકવાર પણ વાંચીશ કે કેમ, મને નથી ખબર." યોમાએ વાત પૂરી કરવાનો ઇરાદો વ્યક્ત કર્યો.

નીરજા ફરીથી વાંચવા લાગી એ પુસ્તકને. એક વખત વંચાઇ ગયેલા શબ્દોને ફરીથી વાંચતાં, તેને એના એ જ શબ્દોના નવા અર્થો અને સંદર્ભો સમજાવા લાગ્યા. કેટલાક પુસ્તકો હોય છે જ એવા. જેટલી વખત વાંચો એટલી વખત, નવી દ્રષ્ટિ મળે, નવા દ્રશ્યો સર્જાય, નવી વાત સમજાય, નવી અનુભૂતિ થાય, નવી તાજગી અનુભવાય, નવો આનંદ મળે, નવી મસ્તી થાય, નવી દિશાઓ ખૂલતી જાય, નવી વિચાર શક્તિ ખીલતી જાય.

જાણે કોઈ ન જોયેલી, ન અનુભવેલી દુનિયામાં પહોંચી જવાય. ત્યાં જઈને આંખમાં ઊગી નીકળે વિસ્મયોના જંગલ. એ

જંગલોમાં ખોવાઈ જવું ગમે. સદાય માટે એ હરિયાળીમાં વરસવા લાગે, આનંદ. શુધ્ધ આનંદ.

નીરજા આ બધું જ અનુભવવા લાગી. તેણે ફરીથી વાંચવા માંડ્યુ. વાંચતાં વાંચતાં કેટલાય પડાવો એવા આવ્યા, જ્યાં તે અટકી જતી. પુસ્તકને બંધ કરી દેતી. હાથમાં પકડી રાખતી. આંખો બંધ કરી દેતી. પુસ્તકમાં રહેલી ક્ષણોને ફરીથી જીવવા લગતી, અનુભવવા લગતી.

તે ઘટનાઓમાં ખોવાઈ જતી, ક્યાંય સુધી.

બીજા **6/7** દિવસ વિતી ગયા. પણ પુસ્તક હજુ પૂરું નહોતું થતું. વ્યોમાએ પૂરું કરી લીધું હતું. નીરજા સાથે તે પુસ્તક વિશે ચર્ચા કરતી એટલે તેને પણ પુસ્તકમાં રસ પડવા લાગ્યો હતો. તેને પણ પુસ્તક ગમ્યું. પણ ફરીથી વાંચવાની તેની જરાય ઈચ્છા ન હતી.

****

"મેડમ, લો આ પુસ્તક. મેં વાંચી લીધું." વ્યોમાએ નેહાને પુસ્તક પરત આપી દિધું.

"ઓહ, ખરેખર? કેવું લાગ્યું તને?" આવા પ્રશ્નોની વ્યોમાને અપેક્ષા હતી જ

"સારું છે." વ્યોમાએ ટૂંકો જવાબ આપ્યો.

"VERY GOOD. READING IS A BETTER HABIT." મેડમ બોલતા રહ્યા. સ્મિત આપીને વ્યોમા છૂટી પડી.

બે ત્રણ દિવસ બીજા વિતી ગયા.

"નીરજા, તેં બૂક પૂરી કરી કે નહીં?" મેડમે ઉઘરાણી કરી.

"ના. થોડી બાકી છે. એકાદ દિવસમાં પૂરી કરીને પરત કરી દઇશ."

"કશો વાંધો નહીં. કોઈ ઉતાવળ નથી. પણ પૂરેપુરી વાંચી જરૂર લેજે."

"જરૂર, મેડમ."

"વ્યોમાએ તો ક્યારનીય વાંચીને પરત કરી દીધી."

"હા, પણ એણે તો એક જ વાર વાંચી છે ને?"

"એટલે?" મેડમને નીરજાની વાત ન સમજાઈ.

"એટલે કે હું તેને ફરીથી વાંચી રહી છું, બીજી વખત. પહેલી વખત તો મેં ચાર જ દિવસમાં પૂરી કરી નાંખી હતી."

"ઓહ, તું બીજી વખત વાંચી રહી છે ! ખૂબ સરસ. લાગે છે કે ખૂબ ગમી ગઈ છે."

"હા, ગમી ગઈ છે એટલે તો બીજી વખત વાંચવાનું મન થઈ ગયું."

"બીજી વખત વાંચવામાં તો ઝડપ થાય ને?"

"મેડમ, સિલેબસના પુસ્તકો બીજી વખત વાંચવામાં અવશ્ય ઝડપ થાય, પણ આવા પુસ્તકો બીજી વખત વાંચીએ ત્યારે, વાર લાગે. ઘણી બધી વાર લાગે. એટલે જ તો એ પુસ્તકો સિલેબસના પુસ્તકોથી અલગ હોય છે. આવા પુસ્તકોની મજા પણ એ જ છે, અને બ્યુટી પણ એ જ છે."

"એવું કેમ?"

"એવું એટલા માટે કે આવા પુસ્તકો સિલેબસના પુસ્તકોની જેમ જડ નથી હોતા. એમાં તો હોય છે, ચેતન. સતત ધબકતું જીવન. તેના પ્રશ્નોના જવાબોમાં ગોખેલા મુદ્દાઓ નથી હોતા. વૈજ્ઞાનિક કે ભોગોલિક કારણો નથી હોતા. ગણિતના પ્રમેયો, સૂત્રો કે નિયમ નથી હોતા. સમીકરણો નથી હોતા. વિતેલા ઇતિહાસના ખંડેરો નથી હોતા. પહેલેથી નક્કી કરેલા રસ્તાઓ નથી હોતા. કોઈ ઘરેડમાં ગોઠવાયેલા પ્યાદાઓ નથી હોતા…"નીરજા અસ્ખલિત બોલતી રહી.

મેડમ નેહાને લાગવા માંડ્યુ કે તીર ધારેલી જગ્યાએ લાગવાને બદલે બીજી દિશામાં ફંટાઇ ગયું છે. પુસ્તક વાંચવા આપવા પાછળની યોજના નિષ્ફળ જઇ રહી હતી. ધાર્યું હતું તેનાથી અલગ અસર પડી રહી હતી- પુસ્તકની, વાર્તાની, કથાની.

અને જો યોજના સદંતર નિષ્ફળ ગઈ તો? તો તે શું જવાબ આપશે જયા અને દીપાને?

તેણે વાયદો કર્યો હતો, કે યોજના સફળ થશે જ અને એ પણ માત્ર 8/10 દિવસમાં જ. પણ હકીકત એ હતી કે આજે 15 દિવસ વિતી ગયા પછી પણ, કોઈ ધાર્યું પરિણામ નથી આવ્યું. ઊલટું, વિપરીત પરિણામના એંધાણ વર્તાતા હતા.

ચિંતિત થઈ ગઈ, મેડમ નેહા.

નીરજાના કોઈ શબ્દો તેના કાન પર કોઈ જ અસર છોડ્યા વિના વહેતા પવનની જેમ વહી રહ્યા હતા. નીરજાને તેણે બનાવટી સ્મિત આપ્યું. તે જતી રહી.

15 દિવસ પહેલાં જયા અને દીપા, મેડમ નેહાના ઘેર આવ્યા હતા. નેહાને એ સાંજ હજુ પણ યાદ છે.

ઢળતી સાંજના સૂરજને નિહાળતી તે બારી પાસે બેઠી હતી. સુમધુર સંગીત વાગી રહ્યું હતું. ત્યારે જ દીપા અને જયા આવી ચડ્યા હતા.

નેહાએ ઊભા થઈ તેઓને સસ્મિત આવકાર્યા.

“મેડમ નેહા, આપનો ખૂબ જ પ્રભાવ છે અમારી દીકરીઓ પર.” જયાએ સીધી જ વાત શરૂ કરી દિધી.

નેહાએ ફરીથી એક સ્મિત આપ્યું. જવાબમાં જયા-દીપાએ પણ સ્મિત આપ્યું. નેહાને તે સ્મિત ખટકી ગયું. ખૂંચી ગયું.

તે સમજી ગઈ કે બોલાયેલા એ શબ્દો અને અપાયેલા એ સ્મિતને એકબીજા સાથે જોડવામાં આવે, તો નક્કી કોઈ યોજના લઈને આવી છે આ બંને.

તેણે સ્મિત ધારણ કરી રાખ્યું. સાથે સાથે જાગૃત પણ થઈ ગઈ.

“નીરજા અને વ્યોમા મેઘાલયની ટુર કરવા માંગે છે.” દીપાએ વાત ચલાવી.

“ઓહ, તો આ વર્ષની ટુર મેઘાલય ગોઠવી દઈએ, એમાં શું?” નેહા ઉત્સાહમાં આવી બોલી ગઈ.પણ તેનો ઉત્સાહ તરત જ ઠરી ગયો.

“ના, એવું નથી કરવાનું.”

“તો તમે સૌ ત્યાં જઇ રહ્યા છો?”

“ના.”

“તો?” નેહા હવે ખરેખર મૂંઝાઇ ગઈ હતી.

“અમે સૌ તો તેની સાથે જવા તૈયાર છીએ, પણ તે બંને એકલી જ જવા માંગે છે.”

“એકલી? બંને સાવ એકલી?”

“હા, મેડમ, એકલી જ જવા માંગે છે.” જયાએ ભારપૂર્વક કહ્યું.

“તમે જ કહો, કે બંનેને એકલી ત્યાં જવા દેવાય?” દીપા, નેહાના ચહેરાની સાવ સામે આવી ઊભી,“સાંભળ્યું છે કે તમારૂં બહુ માને છે એ બંને. તમારે એ બંનેને તેમ કરતાં રોકવાની છે.”

“કેમ? શા માટે રોકવાની છે?” નેહાએ સામો સવાલ કર્યો.

“અમે નથી ઇચ્છતા, કે તેઓ ત્યાં એકલી જાય.”

"પણ તમારી સાથે તો જઇ શકે ને? તમે પણ તેઓની સાથે જાઓ ને?"

"પણ એ બંને એકલા જ જવા માંગે છે. અને અમને સાથે લઈ જવા નથી માંગતા. બસ, આટલી જ સમસ્યા છે."

"તો, હું શું કરી શકું?"

"તમારે તેમને રોકવાની છે."

"રોકવા કરતાં હું એમને સમજાવીશ કે સૌ તેની સાથે આવે. તે માટે તેઓને મનાવું તો?"

"પ્રયાસ કરી જુઓ. પણ અમારા સૌનું સાથે જવું તેને મંજૂર નથી. એટલે જ તમારે તેઓને એકલા જતાં રોકવાના છે."

"હું તો પ્રયાસ કરીશ કે તેઓ માની જાય, અને સૌ સાથે મેઘાલયની યાત્રા કરો. પણ જો તે માટે તેઓ નહીં માને તો હું તેને રોકીશ નહીં."

"કેમ? તેને તો રોકવી જ પડશે તમારે."

"ના, એ કામ મારાથી નહીં થાય. હું તેઓને રોકીશ નહીં . ઉલટું આવી યાત્રાઓ, પ્રવાસો માટે હું તેને પ્રોત્સાહિત કરીશ, યાત્રાઓ માટે સજ્જ કરીશ. પણ …"

"મેડમ, નેહા.." દિપાનો અવાજ હવે સત્તાવાહી થવા લાગ્યો, "તમારે માત્ર એટલું જ કરવાનું છે, જે અમે તમને કહી રહ્યા છીએ."

"તમે મારી સ્વતંત્રતા પર તરાપ મારી રહ્યા છો, મેડમ દિપા." નેહાએ ખૂમારી બતાવી, "મારે શું કરવું એ આપને નક્કી કરવાનો કોઈ અધિકાર નથી."

"પણ સ્કૂલના ટ્રસ્ટી મંડળમાંના અમારા અધિકારોની તમને તો ખબર જ છે ને?" જયાએ શબ્દોમાં ધમકી ઉમેરી.

સ્કૂલના ટ્રસ્ટી મંડળમાં દિપેન અને ભરત સભ્ય હતા. સ્કૂલના બધા જ નિર્ણયો ટ્રસ્ટ લેતું. ટ્રસ્ટમાં દિપેન અને ભરતના મતનું મહત્વ રહેતું. નેહાને આ વાતની ખબર જ હતી.

તેને સમજાઈ ગયું કે જો તે આ કામ કરવાની ના પાડશે, તો તેની નોકરીમાં સમસ્યાઓ સર્જાઇ શકે છે. નોકરીમાંથી ટ્રસ્ટીમંડળ દૂર તો નહીં કરી શકે, પણ કોઈ નવી વાત ઊભી કરી, સમસ્યાઓ સર્જી શકે છે. સંભવિત સમસ્યાઓથી બચવું હોય, તો જયા દીપાની વાત માની લેવી પડે.

પણ નીરજા, વ્યોમાને રોકવા એ પણ યોગ્ય તો નથી જ. તેઓ દુનિયા જોવા માંગતી હોય તો ભલે જતી. જવું જ જોઈએ. તેને રોકવાનો પ્રયાસ તેના માતાપિતાએ કરવો જોઈએ. શિક્ષક તરીકે એ કાંઇ મારી ફરજ માં થોડું આવે છે?

કેવી વિચિત્રતા છે? પોતાના સંતાનો પર તેઓ પોતાની વાત લાદવા માંગે છે. તેને માટે તેઓ મારો ઉપયોગ કરવા માંગે છે. શું શિક્ષક તરીકે મારે એ પણ કરવાનું?

અને જો ન કરું તો? તો પછી હું શિક્ષક રહી શકીશ કે કેમ? ખબર નહીં. પણ જો ન કરું તો સમસ્યાઓ સર્જાઈ શકે છે.

કેવી દુવિધા છે આ? શિક્ષક તરીકે મેં હંમેશા સૌ વિધ્યાર્થીઓને જીવનના સારા અને સાચા મૂલ્યો શિખવ્યા છે. સત્ય સાથે અડગ રહેવા શિખવ્યું છે, અને હવે મારે એવું કામ કરવાનું છે જે મારા વિચારો, સિદ્ધાંતો અને મેં જ આપેલ શિક્ષણ અને સંસ્કાર વિરુદ્ધનું છે.

પણ મારી પાસે કોઈ વિકલ્પ પણ નથી. નોકરીમાં નવી સમસ્યાઓ સર્જાય તે પણ હાલ સ્વિકારી શકાય તેમ નથી.

તો?

તો બસ થઈ જા શરણે. માની લે એની વાત. અને બની જા દંભી શિક્ષક !

હા, હું એમ જ કરીશ.

કેટલાય વિચારો, પ્રતિવિચારો નેહાના મનમાં ધસમસી ગયા.

તેના પ્રવાહોમાં તેના વિચારો અને સિદ્ધાંતો તણાઇ ગયા. તેણે દિપા, જયાની વાત માની લીધી. આઠ-દસ દિવસમાં જ તે આ કામ પૂરું કરી દેશે તેવો ભરોસો આપી જયા અને દીપાને વિદાય કર્યા.

****

એ વાતને 15 દિવસ વિતી ગયા. નેહાએ ધાર્યું હતું કે યાત્રામાં સૌથી વધુ કષ્ટ પડે તેવી કોઈ વાર્તાનું ઉદાહરણ આપી, નીરજા વ્યોમાને હતોત્સાહિત કરી શકાશે. અને જો તે વાર્તાનું મુખ્ય પાત્ર તેના જેવી જ કોઈ **teenage** વ્યક્તિ હોય તો**?**

તેના મનમાં ઘણી વાર્તાઓ આવી ગઈ, પણ એક પણ વાર્તા પર તેને અમલ કરવાનું મન ના થયું.

જો આવી કોઈ વાર્તા પોતે જ નીરજા ને વ્યોમાને રૂબરૂ કહે તો કદાચ યોગ્ય રીતે કહી નહીં શકાય. કારણ કે મન એક વાત સ્વીકારે છે, અને કરવાની અને કહેવાની વાત તેનાથી વિપરીત છે. આ બન્નેમાં તાલ નહીં બેસાડી શકાય.

તો**?** તો શું કરવું**?**

તો કોઈ ફિલ્મ જોવાનું કે પુસ્તક વાંચવાનું સૂચન કરી શકાય. જેમાં યાત્રાના દુખો વર્ણવેલા હોય. જેને જોઈને કે વાંચીને બંને હિમ્મત હારી જાય. અને યાત્રાનો વિચાર જ પડતો મૂકી દે, જાતે જ. તો મારે કશું જ કહેવું ના પડે અને ધાર્યું કામ પણ થઈ જાય. અને બંનેથી નજર પણ છુપાવી શકાય.

તે આખી રાત તેણે ઇન્ટરનેટ પર આવી મૂવી કે બૂકને શોધવામાં પસાર કરી. વિકિપીડિયાનાં બધા રિવ્યુ વાંચ્યા. અંતે પાઉલો કોહેલોની બૂક અલકેમિસ્ટ પર પસંદગી ઉતારી.

તેનો નાયક સેંટિયાગો પણ ટીનએજ હોય છે. આંખમાં અજાણ્યા કોઈ સપનાને લઈને ખજાનાની શોધમાં પિરામીડો સુધી જાય છે, પણ તેને ત્યાં ખજાનો મળતો નથી .જ્યારે એ જ ખજાનો તેને તેના જ ગામના ચર્ચના પીળા ફૂલ વાળા ઝાડ નીચે મળે છે. નેહાને લાગ્યું એક અર્થહિન યાત્રા. કષ્ટોથી ભરેલી વાર્તા.

નેહાને આ વાર્તા ગમી ગઈ. બૂક સ્ટોલમાંથી બે નકલ મંગાવીને તેણે નીરજા અને વ્યોમાને આપી. અને તે વાંચ્યા બાદ વ્યોમાએ તો પુસ્તક પરત કરી જ દીધું પણ નીરજા હજુ તેને બીજી વાર વાંચી રહી છે. એકાદ દિવસમાં પૂરી કરી તે પરત આપશે. પણ આજના તેના શબ્દો તો ધાર્યા કરતાં જુદું જ પરિણામ આવવાના એંધાણ આપતા હતા.

નીરજાને તે પુસ્તક ગમ્યું તો છે, સાથે સાથે સિલેબસના પુસ્તકો જોડે તેની સરખામણી પણ કરી રહી છે.

હવે શું કરવું**?** કશું જ નહોતું સૂઝતું, નેહાને.

હજુ એક દિવસ બાદ તે પુસ્તક પરત આપશે. ચાલ, એક દિવસનો સમય છે તારી પાસે. ત્યાં સુધી વિચારી લેજે.

આવતીકાલની પ્રતિક્ષામાં નીરજાને એક હળવું સ્મિત આપી નેહા અને નીરજા છૂટા પડ્યા.

પ્રકરણ 17

નેહાએ પુસ્તક પૂરું કરી લીધું. નેહા મેડમને પરત આપી દિધું.

નેહાએ વધુ એક આશ્ચર્ય સર્જયું. તેણે બંનેને ફરીથી એક નવું પુસ્તક વાંચવા આપ્યું. "સિદ્ધાર્થ."

વ્યોમાએ આદત પ્રમાણે ત્રણેક દિવસમાં વાંચી નાંખ્યું. નીરજાએ પણ ચારેક દિવસમાં વાંચીને નેહા મેડમને પરત કરી દિધું.

"આ વખતે ખૂબ ઝડપથી વાંચી લીધું, આ પુસ્તક?" નેહાના આવાજમાં ઉત્સાહ હતો.

"હા. મેડમ. એક જ વખત વાંચ્યું છે." વ્યોમાએ જવાબ આપ્યો

"કેવું લાગ્યું?"

"સરસ છે. મજા આવી." વ્યોમાએ ટૂંકમાં જવાબ આપ્યો.

"નીરજા, તારો શું અભિપ્રાય છે?" નીરજાના મૌનને નેહાએ છંછેડ્યુ.

"બંને પુસ્તકો ખૂબ જ સરસ છે. ખૂબ ગમ્યા. અને હા, પુસ્તકો સાથે પરિચય કરાવવા બદલ ખૂબ ખૂબ આભાર. મેમ."

"ઓહ, તેમાં આભારની જરૂર નથી. શિક્ષકે જ ખરેખર તો વિધ્યાર્થીઓનો પુસ્તકો સાથે પરિચય કરાવવો જોઈએ. જગતની દરેક નવી વસ્તુઓ સાથે પરિચય કરાવવો જોઈએ. ખરું ને?" નેહા સ્મિત સાથે વાત કરવા લાગી.

તેના સ્મિતમાં જાદુ તો હતો જ, છતાં વ્યોમા અને નીરજા હવે થોડું થોડું નેહાથી અંતર રાખવા લાગ્યા. નેહાને પણ તે સમજાઈ રહ્યું હતું કે બંને પહેલાંની જેમ ખુલ્લા મનથી વાત નથી કરતાં. નેહા તે અંતર ઘટાડવા માંગતી હતી. અને જો અંતર ઘટે તો જ જયા અને દીપાએ સોંપેલું કામ પાર પાડી શકાય.

"ચાલોને મેદાનમાં પેલા ઝાડ નીચે બેસી થોડી વાતો કરીએ." નેહા તે બંનેને સ્ટાફ રૂમમાંથી બહાર લઈ ગઈ. ત્રણેય ઝાડ નીચે ગોઠવાઈ ગયા.

"ખુલ્લા આકાશ નીચે કેવી મજા પડે." નેહાએ વાતનો દોર શરૂ કર્યો.

"હા. કુદરતને ખોળે તો આનંદ જ આનંદ છે. મને તો ખૂબ જ ગમે." નીરજા બોલી રહી હતી તેને વચ્ચેથી જ અટકાવતાં વ્યોમા બોલવા લાગી, "એટલે તો અમે પ્લાન કર્યો છે…" નીરજાએ વ્યોમાનો હાથ પકડી અટકી જવા કહ્યું. વ્યોમા અટકી ગઈ.

"શો પ્લાન કર્યો છે," નેહાએ શબ્દોને પકડી લીધા.

"અલ્કેમિસ્ટ જેવી બીજી પુસ્તકો વાંચવાનો, ખરું ને વ્યોમા?" નીરજાએ સમયસૂચકતા વાપરી વાત બદલી નાંખી.

"હા, હા, એવા બીજા પુસ્તકો વાંચવા ગમશે." વ્યોમા હવે સ્વસ્થ થવા લાગી.

"ઓહ, ખરેખર? હું પ્રયાસ કરીશ તેવા પુસ્તકોને શોધવાની."

"થેંક્સ. મેડમ."

"પણ એ કહો કે અલ્કેમિસ્ટ કેવું લાગ્યું? ચાલો તેના પર થોડી ચર્ચા કરીએ." નેહાએ આમંત્રણ આપી દીધું.

"ખૂબ મજા પડી. પણ.. આટલી લાંબી મુસાફરી કરીને તે જ્યારે પિરામિડ પાસે પહોંચે છે, ત્યારે તેને ત્યાં ખજાનો તો મળતો નથી. શું મતલબ આવી અઘરી યાત્રા કરવાનો?" વ્યોમાએ પ્રતિભાવ આપી દીધો.

"યાત્રા તો ખૂબ કઠિન હતી જ, પણ ખજાનો ના મળ્યો તે વાતથી મને પણ દુખ થયું." નેહાએ વાત આગળ ચલાવી.

"ખજાનો તો મળે જ છે. પણ તે તેના જ દેશમાં, સ્પેનમાં જ હોય છે, જ્યાંથી તે શરૂ કરે છે." નીરજાએ દલીલ કરી.

"માત્ર એક સપનાના સંકેતોને આધારે કલ્પનાના ખજાનાને શોધવા નીકળી પડવું, રસ્તામાં અનેક મુશ્કેલીઓ વેઠવી, બધું જ છોડીને જવું, બધું જ ખોતા જવું, અને અંતે...યાત્રાને અંતે કશું જ હાથ ના લાગવું. આવી યાત્રાઓ ખરેખર ટાળવી જોઈએ." નેહા હવે વાતને ધારેલી દિશામાં વાળવા લાગી.

"ખરું છે. અંતે તો નિષ્ફળ જ ગયો ને એ." વ્યોમાએ સમ્મત થતાં કહ્યું.

"એક સપનાને આધારે જ નીકળી પડીએ, તો આવું જ થાય ને."

"સપનાનો આધાર તો હતો જ, પણ તેને મળતા સંકેતો પણ તેને ખજાનાની દિશા તરફ આગળ વધવા પ્રેરતા હતા." નીરજાએ સંકેતોની વાત કરી.

"તો પણ ખજાનો તો ત્યાં હતો જ નહીં ને?" નેહાએ કહ્યું.

"મેડમ, તમે કદાચ બધા જ સંકેતોને સમજ્યાં નથી લાગતાં." નીરજાએ ધારદાર નજરે નેહા તરફ નજર કરી.

"કેમ? મેં બધા જ સંકેતો વાંચ્યા, જાણ્યા અને સમજ્યા છે. પણ તેમાંથી કોઈ સંકેતોએ તે છોકરાને ખજાના સુધી પહોંચાડ્યો નથી."!નેહાએ દલીલ કરી.

"હા, નીરજા. મેં પણ તે નોંધ્યું છે." વ્યોમા બોલી.

"તો કદાચ તમે પુસ્તકને ધ્યાનથી નથી વાંચ્યું."

"તો તું જ કહે ને, નીરજા." નેહા અને વ્યોમા એક સાથે બોલી ગયા.

"પિરામિડ પાસે છોકરા પર હુમલો થાય છે. ત્યારે હુમલાખોર જતાં જતાં સંકેત આપે છે, કે મને પણ આવું જ સપનું આવેલું કે સ્પેનમાં, ચર્ચમાં પીળા ફૂલના ઝાડ નીચે ખજાનો છે. પણ હું તારી જેમ મૂર્ખ નથી, કે ત્યાં જવા માટે સપનાના આધારે નીકળી પડું. તે હુમલાખોર પોતે યાત્રા નથી કરતો પણ છોકરાને સંકેત આપી દે છે, કે ખજાનો ક્યાઁ છે. અને સેંતિયાગોને પેલા પીળા ફૂલના ઝાડ નીચે ખજાનો મળે જ છે." નીરજાએ વિસ્તારથી સમજાવ્યું.

"અરે, હા. એમ જ બને છે. અને આ સંકેતને તો હું ભૂલી જ ગઈ હતી." નેહાએ આનંદ વ્યક્ત કર્યો.

"સંકેતોને વાંચતાં અને સમજતાં શીખી જઈએ, તો બધા જ ખજાના મળી જાય છે. બસ દ્રષ્ટિ હોવી જોઈએ, સંકેતોને પકડવાની, ઉકેલવાની અને અમલ કરવાની. કુદરત હર પળ સંકેતો આપે જ છે. રસ્તો બતાવે જ છે. ચેતવે છે. પણ આપણે જ આપણી આંખોને, નાકને અને કાનને બંધ રાખીને બેઠાં છીએ. બસ, તેને ખોલવાની જરૂર છે. આ પુસ્તકે મને એટલી સમજ આપી છે. થેંક્સ મેડમ." નીરજા હવે પૂરા ઉત્સાહમાં આવી ગઈ.

"થેંક્સ તો મારે તને કહેવાનું છે, નીરજા. તેં મને પુસ્તકોને જોવાની નવી દ્રષ્ટિ આપી છે." નેહા, નીરજા અને વ્યોમાના ચહેરાઓ પર સાચું સ્મિત રમવા લાગ્યું.

સૌ મૌન બની ગયા. કેટલીક ક્ષણો એમ જ વિતી ગઈ. સૌના મનમાં કશુંક ચાલી રહયુ હતું. પણ નેહાના મનમાં જે ચાલી રહ્યું હતું તે જાત સાથેનું યુધ્ધ હતું.

શું યોજના હતી? ને શું ચાલી રહ્યું છે?

મારે મારી યોજના પ્રમાણે જ વર્તવું જોઈએ.

પણ નીરજાએ તો મારી જ દ્રષ્ટિ બદલી નાંખી. અને મેં એ દ્રષ્ટિને સ્વીકારી પણ છે.

પણ, તેમાં ક્યાંય તારી યોજના બંધબેસતી નથી. તેં કોઈને વચન આપ્યું છે. તે વચન માટે તારી યોજનાને અનુરૂપ નવી મળેલી દ્રષ્ટિને વળી નાંખ. યોજના પર અમલ કર.

યોજના માટે નવી પણ સાચી દ્રષ્ટિને હું નહીં બદલું. જરૂર પડ્યે યોજના બદલીશ. પણ દ્રષ્ટિ નહીં.

યોજના તો બદલી શકાય તેમ છે જ ક્યાઁ?

તો યોજના પડતી મૂકીશ. પણ દ્રષ્ટિ નહીં બદલું. નહીં જ બદલું.

તો પછી જયા અને દીપાને શો જવાબ આપીશ? તેઓ નારાજ થશે તો?

કોઈ વાંધો નહીં. જે સ્થિતિ આવશે તેનો સામનો કરીશ, પણ હવે હું તેને શરણે નહીં જ થાઉં.

તારી મરજી !

હા. હવે મારી જ મરજીથી કામ કરીશ. અન્ય કોઈ મને પ્રભાવિત નહીં કરી શકે.

"કોઈ નહીં, કોઈ જ નહીં." નેહા સ્વગત બબડી. નીરજા અને વ્યોમાનું ધ્યાન નેહાના શબ્દો તરફ ગયું.

"શું થયું, મેડમ?"

"ઓહ, હું જરા મારા વિચારોમાં હતી." નેહા ખ્યાલોમાંથી જાગી.

"બધું બરાબર તો છે ને?"

"હા. હવે બધું જ બરાબર થઈ ગયું."

"મતલબ?"

"એ જ કે તમે મેઘાલયની ટુર પર જવા માંગો છો, ખરું ને?"

"હા. પણ તમને એ વાતની કેમ ખબર પડી?" બંને ચોંકી ગઈ.

"તમારી મમ્મીઓએ કહી." નેહાએ પૂરી વાત બંનેને કહી દીધી, "આ પુસ્તકો પણ એ જ યોજનાનો ભાગ હતો."

"તો હવે?"

"હવે હું તમારી સાથે છું. તમને શક્ય તેટલી મદદ કરીશ, પ્રોત્સાહિત કરીશ. તમે મને તમારી મિત્ર ગણશો."

"ઓહ, મેડમ. થેંક્સ."

"મારી ઈચ્છા તો તમારી સાથે, તમારા પ્રવાસમાં આવવાની પણ હતી. પણ પછી મેં જ મનને ટપાર્યું કે તેઓને એકલા જ જવા દે."

"કેમ એવું?"

"એટલા માટે, કે એ તમારું સપનું છે અને તમે તે સપનાને એકલા જ પૂરું કરવા ચાહો છો. તો મારે તેનાથી અળગા જ રહેવું જોઈએ. તમને એકલા જ જવા દેવા જોઈએ."

"ઓહ, મેડમ. થેંક્સ અગેઇન. આટલી જ વાત અમારા માતા પિતા સમજી જાય તો?"

"હું તેને સમજાવીશ."

"તો પછી તેઓએ આપેલી ધમકીનું…"

"મને હવે તેની પરવા નથી." નેહાના ચહેરા પર દ્રઢતા છલકાવા લાગી. નિશ્ચિતતા અને નિશ્ચિંતતા આવી બેઠી. નીરજા અને વ્યોમાના ચહેરા પર પણ, એ જ ભાવો આવી ગયા.

એક ઠંડો પવન સૌને સ્પર્શીને નીકળી ગયો.

પ્રકરણ 18

તે સાંજે જયા અને દીપા, નેહા મેડમના ઘેર પહોંચી ગયા. ખરેખર તો મેડમ નેહાએ જ તેમને ફોન કરી બોલાવ્યા હતા. જયા અને દીપાને હતું, કે નીરજા અને વ્યોમાને મેડમ નેહાએ સમજાવી લીધા હશે. એથી એ ઉત્સાહમાં હતા. પણ વાત સાવ જુદી હતી.

નેહાએ સીધી જ વાત શરૂ કરી દીધી., “સોરી, હું તમારું કામ નથી કરી શકી. અને, કરવાની હવે કોઈ ઈચ્છા પણ નથી.”

બંનેના ચહેરા કડક થઈ ગયા. નેહાએ તે બદલાયેલા ભાવોને જોયા. તે જરા પણ વિચલિત ન થઈ. નેહાની સ્થિરતાએ જયા અને દીપાને વિચલિત કરી દીધા. જે આંખોમાં ભય જ નથી તેને ડરાવવી કેમ? જયા અને દીપા એક નવી પહેલીમાં ઉલઝાઇ ગયા.

“કેમ, મેડમ એવું તે શું થયું?” જયા

“ખાસ કાંઇ નહીં. પણ મેં મારો પ્રયાસ કરી જોયો. પણ હું નિષ્ફળ ગઈ.”

“તમે શો પ્રયાસ કર્યો?”

“મેં તેઓને પહેલાં એક પુસ્તક આપ્યું. વ્યોમાએ એક વખત અને નીરજાએ તે બે વખત વાંચ્યું. તેમાં માત્ર સ્વપ્નાને આધારે ખજાનની શોધમાં નીકળી પડતાં એક કિશોરની કથા છે. ખજાનાને પામવા માટે તે પોતાની બધી જ સંપત્તિ વેંચી નાંખે છે. ખજાનાના સ્થળ સુધી પહોંચતા રસ્તામાં તેને અનેક મુશ્કેલીઓ પડે છે. કેટલીક વાર તો તે પોતાનું બધું જ ગુમાવી બેસે છે. તે જ્યારે સ્વપનામાં દેખાયેલી ખજાનાની જગ્યાએ પહોંચે છે, ત્યારે તેને ત્યાં કોઈ જ ખજાનો હાથ નથી લાગતો.”

“સરસ. એકદમ ફિટ છે સ્ટોરી. પુસ્તકની તમારી પસંદગી પણ પરફેક્ટ છે. શું નામ છે તે બૂકનું?”

“અલ્કેમિસ્ટ.”

“એક બીજું પુસ્તક પણ મેં તેઓને આપેલું. તેમાં પણ એક કિશોર, જીવનના અર્થને શોધવા, મોક્ષની તલાશમાં જીદ કરી ઘર છોડી, સાધુઓ જોડે નીકળી પડે છે. અને ક્યારેય પરત પોતાના ઘેર નથી આવતો. ખૂબ જ કષ્ટદાયક જીવન જીવે છે.”

“અરે વાહ, આ પણ તદ્દન પરફેક્ટ સિલેકશન છે તમારું. એ બૂકનું નામ શું છે?”

“સિધ્ધાર્થ.”

“તો આ બંને પુસ્તકો વાંચ્યા બાદ શું ફરક પડ્યો, નીરજા અને વ્યોમાના નિર્ણયમાં?”

“ખૂબ જ મોટો ફરક પડી ગયો છે. સ્પષ્ટ ફરક પડ્યો છે.”

“તો, તો, તેઓએ પોતાનો પ્રવાસ પડતો મૂક્યો હશે. મને ખાત્રી જ હતી કે મેડમ નેહા આ…”

“હું પહેલાં જ કહી ચૂકી છું, કે હું તમારું કામ નથી કરી શકી.”

“તમે તો કહો છો ને કે તેઓમાં ખૂબ જ મોટો ફરક પડી ગયો છે.”

“હા. એ તદ્દન સાચું છે. ખૂબ મોટો ફરક એ પડ્યો છે કે હવે તેઓ તેના યાત્રાના નિર્ણયમાં વધુ દ્રઢ બની ગયા છે. મક્કમ બની ગયા છે. તેઓ યાત્રા પર જરુર જશે. એ પણ એકલા જ.”

“તો પછી આ બંને પુસ્તકોમાંની યાત્રાને અંતે મળતી નિષ્ફળતાનું ઉદાહરણ આપે તેમને…”

“યાત્રાની નિષ્ફળતાએ તેઓને ભયભીત નથી કર્યા. ઉલટાના…”

“એવું કેમ? નિષ્ફળ અને કઠિન યાત્રા, ભલભલાના નિર્ણયો બદલી નાંખે છે. તો આ તો…”

"આ તો નીરજા અને વ્યોમા છે. જરા જુદી માટીના છે."

"એટલે?"

"એ જ, કે જ્યારે મેં બંને નિષ્ફળ યાત્રા વિશે વાત કરી, ત્યારે તેઓએ જે જવાબ આપ્યો હતો, તે જવાબ સાંભળવો છે? કદાચ તમે પણ..."

"હા. અમારે તે સાંભળવો છે."

"નીરજાનો જવાબ હતો 'ખરેખર ત્યાં કોઈ ખજાનો છે કે એમ એની પણ તેને ક્યાં ખબર હતી? તે તો નીકળી પડ્યો હતો બસ, પોતે જોયેલા એક સ્વપ્નાને આધારે. રસ્તામાં મળતા સંકેતોને આધારે, તો પછી નિષ્ફળતા પણ મળે. જ્યારે બીજી કથામાં મોક્ષની ચાહમાં નીકળેલા સિધ્ધાર્થને પણ ખબર નથી કે મોક્ષ જેવુ કાંઇ હોય પણ છે કે નહીં. તેને તો એ પણ ખબર નથી કે મોક્ષ એટલે શું. બંને વાર્તામાં અનિશ્ચિત મંઝિલ માટે યાત્રા થાય છે. જ્યારે અમારી મંઝિલ ખરેખર અસ્તિત્વ ધરાવે છે. તે આ જગત પર છે જ. તેનું સ્થળ નિશ્ચિત છે. તેનો રસ્તો પણ સ્પષ્ટ છે. અને સફળતા પણ પાક્કી જ છે.

જો કોઈ દાયકાઓ પહેલાં નીકળી પડે, મંઝિલ તરફ અને તેનો આનંદ માણે, નવો અનુભવ લે, અને નિષ્ફળતાઓની કોઇ પરવા જ ન કરે, તો આજના યુગમાં તો આપણી પાસે બધું જ નિશ્ચિત છે. તો પછી અમારે આ યાત્રા તો કરવી જ પડશે. મારી મંઝિલ, મારૂ જંગલ, મારો ધોધ, વરસાદ... વગેરે બધું જ હકીકત છે. કોઈ કલ્પના નથી. માટે અમારો પ્રવાસ અમે જરૂર કરીશું.'

બોલો આ જવાબ અને આ હિમ્મત હતી એની." નેહાએ પૂરી વાત કહી.

"ઓહ આટલો બધો આત્મવિશ્વાસ?" જયા સ્તબ્ધ હતી.

"મેડમ, આપની જ દીકરીઓ છે." નેહાના શબ્દો સાંભળી જયાના હોઠો પર અભિમાની સ્મિત ફરકી ગયું. નેહાએ તે નોંધ્યું., "હું તેને રોકવાને બદલે તેને યોગ્ય માર્ગદર્શન આપવાનું વધુ પસંદ કરીશ. તેને પૂરતું મનોબળ આપીશ. તેને ક્યાંય હારવા નહીં દઉં."

"ઓહ, તમારો આત્મવિશ્વાસ પણ ખૂબ મજબૂત થયો લાગે છે." દીપાએ કટાક્ષમાં કહયું.

"મને તેનો સાથ આપવામાં કોઈ ભય નથી. તમારી ગર્ભિત વાતોનો પણ નહીં." નેહા હવે અડગ બની ગઈ.

તેની અડગતા જયા અને દપાને પ્રભાવિત કરી ગઈ. બન્નેએ ચૂપચાપ ત્યાંથી વિદાય લીધી.

પ્રકરણ 19

બીજા દિવસનો પહેલો પિરિયડ. ક્લાસ ચાલુ થઈ ગયો. થોડી વારે એક નોટિસ લઈને પટાવાળો આવ્યો. ટીચરે નોટિસ વાંચી સંભળાવી.

"આથી સૌને જણાવવામાં આવે છે, કે શાળા તરફથી ઉત્તર પૂર્વ ભારતના રાજ્યોમાં પ્રવાસનું આયોજન કરવામાં આવેલ છે. પ્રવાસની સંપૂર્ણ વિગત નોટિસ બોર્ડ પર મૂકવામાં આવેલ છે. પ્રવાસની ઇન્ચાર્જ તરીકે મેડમ પુષ્પાને જવાબદારી સોંપેલ છે. આ અંગે મેડમ પુષ્પાનો સંપર્ક સાધવો."

વિદ્યાર્થીઓમાં આનંદની લહેર પ્રસરી ગઈ. સૌ પ્રવાસના ખયાલોમાં ખોવાઈ ગયા.

નીરજા અને વ્યોમાના ખયાલોમાં કશુંક અલગ જ હતું. તેને સમજાઈ ગયું કે કોઈ ષડયંત્ર રચાઇ રહ્યું છે.

"વ્યોમા, તને પ્રવાસની આ નોટિસમાં કાંઇ સમજાયું?"

"હા. નીરજા. પ્રવાસ તો દર વર્ષે થાય છે પણ પહેલી વાર ઉત્તર પૂર્વ ભારતમાં..."

"યસ. ઉત્તર પૂર્વનો જ કેમ?"

"જરૂર હવે આ વાતમાં આપણાં ડેડીઓનો કોઈ હાથ હશે."

"મતલબ, એક મોરચે મમ્મીઓ દ્વારા મેડમ નેહાનો ઉપયોગ કરવો, અને બીજા મોરચે પપ્પાઓ દ્વારા પ્રિન્સિપાલ મિશ્રાનો ઉપયોગ કરી, ઉત્તર પૂર્વ ભારતનો પ્રવાસ નક્કી કરાવવો. વ્યોમા, આપણી લડાઈ ઘણી લાંબી અને ઊંડી છે."

"હા. બધું જ સમજાવા લાગ્યું છે. એકલા મેઘાલય જવાની આપણી યોજનાને કોઈ પણ રીતે રોકવા આપણાં માં-બાપ મથી રહ્યા છે."

"હવે આપણે દાવ બદલાવો પડશે. રમતનો જવાબ આપવો જ પડશે. પણ.."

"પણ શું? નીરજા ?"

"એ જ કે હવે આપણે પણ રમત રમવી પડશે."

"કેવી રમત?"

"રમતનો જવાબ રમતથી જ આપવાનો. રમત પણ એની, નીયમો પણ એના. પણ તાકાત આપણી. દિશા આપણી."

"કાંઇ સમજાયું નહીં, નીરજા. શું રમે છે તારા મનમાં.?"

"બસ, જોતી જા." નીરજાએ વ્યોમાના કાનમાં કશુંક કહ્યું. વ્યોમાની આંખો ચમકી ગઈ. લુચ્ચું સ્મિત આવીને જતું રહ્યું.

મમ્મી-પપ્પાની મંજૂરી લઈ નીરજા અને વ્યોમાએ પ્રવાસ માટે પોતાના નામ મેડમ પુષ્પા પાસે નોંધાવી દીધા. બીજા પણ ઘણાએ નામ નોંધાવ્યા. ટ્રસ્ટી મંડળનો આદેશ હતો કે ઓછામાં ઓછા 80 ની સંખ્યા થાય તો જ પ્રવાસ લઈ જવો.

****

ગાડી ફરી કોઈ સ્ટેશન પર ઊભી ગઈ. બારી બહારના અંધારામાં કશું જ વાંચી ના શકાયું. લખનૌ બાદ રાત્રે દોઢ વાગ્યા સુધી કોઈ સ્ટેશન આવવાનું ન હતું. પણ હજુ તો સાડા અગિયાર જ થયા છે.

નીરજા હજુ જાગતી હતી. વ્યોમા થોડી વાર પહેલાં જ ઉપરની સીટ પર ઊંઘી ગઈ હતી. નીરજાની આંખમાં નીંદરને બદલે

વિતેલા દિવસોની યાદોનું ઘેન હતું.

મંઝિલ સુધીની યાત્રા કેવી અને કેટલી કઠિન હશે, એ તો નથી ખબર પણ નીરજાને લાગ્યું કે યાત્રાનો વિચાર આવ્યો ત્યારથી યાત્રા શરૂ કરી ત્યાં સુધીની યાત્રા, કદાચ વધુ કઠિન હતી.

શું કોઈ યાત્રાની શરૂઆત હંમેશા આટલી કઠિન જ હોય છે? તેણે જાતને જ પ્રશ્ન કર્યો. કોઈ જવાબ શોધવા પ્રયાસ ના કર્યો. પોતાના અનુભવોમાં એનો જવાબ હતો જ.

કોઈ ગાડી બાજુના પાટા પરથી સડસડાટ નીકળી ગઈ. ટ્રેન ચાલવા લાગી. નીરજાના મનમાં પણ ટ્રેન દોડવા લાગી. યાત્રા આગળ વધવા લાગી.

યાત્રા ! ઉત્તર પૂર્વ ભારતની યાત્રાનું આયોજન સ્કૂલમાંથી થયેલું. સૌ સાથે આવશે. એક મોટું ટોળું નીકળી પડશે, કુદરતના અખૂટ સૌંદર્યને માણવા.

માણવા?

ટોળું ક્યારેય કશું જ માણતું નથી હોતું. તે તો બસ દોરવાઈ જતું હોય છે. આ ટોળું પણ એમ જ દોરવાઈને જંગલ અને ધોધ સુધી પહોંચી જશે. પછી?

ટોળાંની આંધીમાં ખોવાઈ જશે મારૂં અને વ્યોમાનું હોવું. અમે હોઈએ કે ના હોઈએ, ટોળાને શું ફરક પડે?

પણ અમને તો ફર્ક પડે ને? ટોળામાં ઓગળી જવું નહીં પાલવે. જો કુદરતને માણવી હશે, તો ટોળાથી અલગ પડવું પડશે. કોઈ તરકીબ વિચારવી પડશે.

નામ નોંધાવવાનો દિવસ વિતી ગયો. ધાર્યા કરતાં વધુ નામો આવ્યા. એ દિવસે છેલ્લા બે પિરિયડમાં એસેમ્બલી હોલમાં પ્રવાસે જવા માંગતા વિદ્યાર્થીઓની સાથે એક મિટિંગ, પ્રવાસ બાબતે રાખેલી.

111 ભાવિ પ્રવાસીઓ અને શિક્ષકોનું, નામ વિનાનું એક ટોળું ભેગું થઇ ગયું. ટોળાને તે નામ હોતાં હશે? ટોળાની શૂન્યતા વ્યાપી ગઈ સમગ્ર હોલમાં. વ્યોમાને તે અકળાવવા લાગી. નીરજાએ ધીરજ રાખવા કહ્યું.

"મિત્રો, પ્રવાસ માટે તમે સૌ ઉત્સાહિત છો ને?" મેડમ પુષ્પાના અવાજે સૌનું ધ્યાન તે તરફ ખેંચ્યું. ટોળું સફાળું જ ઉત્તેજિત થઈ ગયું.

કેટકેટલી ય વાતો અને ચર્ચાઓ થઈ. નીરજા અને વ્યોમા યુક્તિ પૂર્વક મૌન હતા. તેના સિવાય બાકી બધા જ, કોઈક મુદ્દે કાં તો બોલતા રહ્યા, કાં તો સંમતિ કે વિરોધ દર્શાવતા રહ્યા.

એકાદ કલાક બાદ બધું પૂરું થવા આવ્યું. લગભગ બધું જ નક્કી થઈ ગયું. ફેબ્રુઆરીના ફર્સ્ટ વીકમાં સાત દિવસ માટે નોર્થ ઈસ્ટના ચાર રાજયોના, જુદા જુદા શહેરોની અને ધોધની મુલાકાત લેવી, વગેરે... પાકું થઈ ગયું. જવા આવવાનું પ્લેન દ્વારા, અને રહેવા માટે ફાઇવ સ્ટાર કહી શકાય તેવી હોટેલ. હોટલથી પ્રવાસ સ્થળો સુધી લક્ઝરી ગાડી. કુલ મળીને સમગ્ર પ્રવાસ મોંઘો બની ગયો. પ્રતિ વ્યક્તિ પ્રવાસ ખર્ચની રકમ જાહેર થઈ. ઘણી મોટી રકમ હતી એ.

થોડી વાર પહેલાં લહેરોથી ઊભરાતા ટોળામાં, ફરી શૂન્યતા વ્યાપી ગઈ. બધા આ રકમ ભરી શકે તે શક્યતા ઓછી હતી. ઘણા નામો આપોઆપ કપાઈ જશે. નીરજાને પાક્કી ખાત્રી હતી,

ધીરે ધીરે ટોળામાં જીવ આવ્યો. સળવળાટ થવા લાગ્યો. ગણગણાટ અને પછી ઘોંઘાટ વ્યાપવા લાગ્યો.

મેડમ પુષ્પાએ શાંતિની અપીલ કરી. પણ ખાસ પ્રભાવ ના પાડી શકી. વ્યોમાએ નીરજાને ઈશારો કર્યો. સ્મિતની આપલે થઈ. બસ. આ જ સમય છે આપણાં બોલવાનો.

નીરજા સ્ટેજ પર ગઈ. મેડમ પુષ્પા પાસેથી માઇક માંગી લીધું,"મારા મતે આ પ્રવાસ ખૂબ જ મોંઘો છે. જે બધાને પોષાય તેમ નથી. જો તેમાં થોડો ફેરફાર કરવામાં આવે તો બધા પ્રવાસમાં જોડાઈ શકે. બધા સાથે જવામાં મજા પડે ને?" હવે તે ટોળાં તરફ ફરી, "કોઈ પ્રવાસમાં રહી જાય તો મજા આવે?"

ટોળાએ જવાબ આપ્યો. "ના...ના...."

"તો શું સૂચન છે તારું?" પ્રિન્સિપાલ મિશ્રાએ પૂછ્યું.

"પ્રવાસનો ખર્ચ ઘટાડવા, યાત્રા ટ્રેન દ્વારા કરી શકાય. સાદી હોટેલોમાં રોકાઈ શકાય. લક્ઝરી ગાડીઓને બદલે સાદી ગાડીઓથી ચલાવી શકાય." નીરજા હવે પોતાનો દાવ રમવા લાગી.

નીરજાના સુચનો પર થોડી વાર વિવિધ પ્રતિક્રિયાઓ ચાલતી રહી. નીરજા મૌન બની જોતી રહી. માત્ર વ્યોમા જોડે આંખના ઈશારાઓથી વાત થતી રહી.

"ટ્રેનમાં જઈએ તો કેટલો સમય લાગે?" અંતે મિશ્રા સાહેબે પૂછ્યું.

નીરજા તૈયાર હતી તે માટે, "58 થી 60 કલાક."

"એટલે કે અઢી દિવસ. ઓહ."

"અઢી દિવસ જવાના, અને અઢી દિવસ આવવાના. કુલ પાંચ દિવસ લાગે માત્ર આવવા જવામાં."

"એમાં બીજા સાત દિવસ ઉમેરો, એટલે પ્રવાસના કુલ દિવસો થયા 12. પ્રવાસના આગળ પાછળના એક એક દિવસ મળીને કુલ 14 દિવસ થાય. કુલ બે અઠવાડીયા." મેડમ પુષ્પાએ પૂરી ગણત્રી કરીને જાહેર કર્યું.

"એટલે કે બે અઠવાડીયા શૈક્ષણિક કાર્ય બંધ રાખવું પડે." મિશ્રા સાહેબે ચિંતા વ્યક્ત કરી.

"ભલે, ભલે. મંજૂર છે." ટોળામાથી અવાજો ઉઠ્યા.

"ના. એવું ન કરી શકાય. આટલો લાંબો સમય શિક્ષણ બંધ ન રાખી શકાય. જવું હોય તો પ્લેનમાં જ જાઓ. અને જેને પરવડે તે જ ભલે જાય. બાકી આટલો બધો સમય પ્રવાસને હું ના આપી શકું. પરીક્ષાઓ પણ માથે જ આવી રહી છે." મિશ્રા સાહેબે વટહુકમ બહાર પાડી દીધો.

ટોળામાં ફરી શૂન્યતા પ્રસરી ગઈ. નીરજાએ તકનો લાભ લીધો.

"તો પછી આ પ્રવાસ વેકેશનમાં રાખીએ તો કેવું?" વ્યોમા હવે સ્ટેજ પર પહોંચી ગઈ. પોતાનો દાવ રમવા લાગી. ટોળામાં હલચલ મચી ગઈ.

"ના હો... વેકેશનમાં પ્રવાસ ના હોય. ... વેકેશનમાં તો..."

વ્યોમા અને નીરજા મલકાવા લાગ્યા. દાવ બરાબર નિશાન પર લાગ્યો હતો.

"તો એવું ન કરી શકાય, કે ખર્ચ પણ ઓછો થાય અને સમય પણ બચી જાય. તો બધાના મનની વાત સચવાઈ જાય." નીરજાએ નવો દાવ નાંખ્યો.

"હા. હા. બરોબર છે..." ટોળું ફરી જાગ્યું.

"તેવું કેમ કરી શકાય?" મેડમ પુષ્પાએ પૂછ્યું.

"નજીકના રાજસ્થાન, મધ્ય પ્રદેશ કે મહારાષ્ટ્રના કોઈ સ્થળોએ પ્રવાસ ગોઠવીએ તો કેવું?" વ્યોમા ટોળાની દિશા બદલવા લાગી.

"બરાબર છે. નજીકના સ્થળોએ જ રાખો. છેક એટલે દૂર મોંઘો પ્રવાસ... ન પોષાય... નજીક જ ગોઠવો..." ટોળામાથી અનેક આવજો આવવા લાગ્યા.

નીરજા અને વ્યોમા શાંત હતા. ટોળાની દિશાને બદલવામાં તેઓને સફળતા મળી હતી. ધાર્યા પ્રમાણે જ બધું બની રહ્યું હતું.

ટોળાને ઉન્માદમાં અને શિક્ષકોને દ્વિધામાં રહેવા દઈ, બંને સ્ટેજ પરથી સરકી ગઈ.

કેટલીય ચર્ચાઓને અંતે અનિર્ણાયક ટોળું વ્યક્તિઓમાં ફેરવાઇ ગયું.

નીરજા અને વ્યોમાએ આકાશ તરફ જોયું. વાદળો વિખરાવા લાગ્યા હતા.

ટ્રેનની ગતિ ધીમી પડવા લાગી. અકબરપુર સ્ટેશન આવ્યું. બહાર એક નજર કરી લીધી. રાત્રિની ગાઢતા પ્રવર્તતી હતી. ટ્રેનના આવવાથી સ્ટેશન જાગ્યું હોય તેવું લાગ્યું. પ્લેટફોર્મ પર નજર દોડાવવા પ્રયાસ કર્યો ત્યાં તો ટેન ચાલવા લાગી. માત્ર બે મિનિટનો હોલ્ટ. વિચારોનો હોલ્ટ પણ પૂરો થયો. તે પણ ચાલવા લાગ્યા.

ચેરાપુંજી. સૌથી વધુ વરસાદ પડે છે અહીં. વરસાદ તો પડે મે જૂન માસમાં. અને સ્કૂલે પ્રવાસ યોજ્યો હતો ફેબ્રુઆરીમાં ! ત્યારે તો વરસાદ ક્યાંથી હોય? ચેરાપૂંજી જઈએ અને વરસાદ ન મળે તો જવાનો કોઇ અર્થ ખરો?

સ્કૂલનો પ્રવાસ રદ્દ થઈ ગયો. નીરજા અને વ્યોમાના પ્રવાસનો માર્ગ મોકળો થઈ ગયો.

ટોળાએ મિશ્ર પ્રત્યાઘાતો આપ્યા. નિરજા અને વ્યોમાએ કોઇ જ પ્રત્યાઘાતો ના આપ્યા.

બન્ને ખુશ હતા.

પ્રકરણ 20

હવે ટ્રેન વારાણસી પહોંચશે. નિયત સમય પત્રક પ્રમાણે સવારે 5.35 મિનિટે ટ્રેન પહોંચશે. પણ વારાણસીમાં જૂન મહિનાનો સુરજ 5.05 વાગ્યે ઊગી જાય છે.

સવારે 5.05 ! ઓહ. તો પછી ચાર સવા ચાર વાગ્યે તો જાગી જ જવું પડે. સમય ચકાસી લીધો. રાત્રિના 1.55. જો ચાર સવા ચાર વાગ્યે જાગી જવું હોય તો સુવા માટેનો સમય બચ્યો છે માત્ર બે કલાક. બે કલાક પણ નિંદ્રા આવી જાય તો પૂરતી છે.

પણ, નીરજાની આંખમાં નિંદ્રા ક્યાંથી? એ તો વ્યોમાની આંખ પર છવાયેલી છે. નીરજાએ ઉપર સૂતેલી વ્યોમા પર નજર નાંખી. તે ઊંઘી રહી હતી નિશ્ચિંત બનીને. વિચારોનું કોઇ વન, કોઈ જંગલ તેને ભટકાવતું ન હતું.

વિચારોના વનમાં ભટકતી નીરજા જાગી રહી હતી. સમગ્ર ડબ્બામાં એકલી. તેણે ચાર વાગ્યાનું એલાર્મ ગોઠવી દીધું. આજે તો બસ વહેલા ઉઠી જ જવું છે. કાલે ચુકાઈ ગયેલી ક્ષણોને હવે ફરીથી નથી ચૂકી જવી. સવાર પહેલાંની, સૂર્યોદય પહેલાંની ક્ષણોને આજે માણવી જ છે. પ્રત્યેક પળને...

સૂઈ જવા પ્રયાસ કર્યો. વિચારો અને નિંદ્રા વચ્ચે સંઘર્ષ ચાલતો રહ્યો. તેઓને લડતા મૂકી નીરજા ઊંઘી ગઈ.

નીરજાનું એલાર્મ વાગે તે પહેલાં જ વ્યોમા જાગી ગઈ. તેણે નીંદરને ત્યાગીને સ્વસ્થ થવા પ્રયાસ કર્યો. સુસ્તી ઉડવા લાગી. પૂરેપુરી નિન્દ્રા મુક્ત બની. બારી બહાર નજર કરી. સંક્રાંતિની એ ક્ષણો હજુ આવી નહોતી. તેને નિરાંત થઈ. હાશ, કશું જ ગુમાવ્યું નથી. હજુ બધું અકબંધ છે.

નીરજાને તેણે જગાડી. બંને તૈયાર થઈ ગઈ આવનારી પળોને ઝીલવા, જોવા અને માણવા.

બારી પાસે બેસી ગઈ બંને. જોવા અને અનુભવવા લાગી બારી બહાર વહી જતી હવાને, સમયની નદીને.

ધીરે ધીરે સંક્રાંતિની પળો આવવા લાગી. Twilight દેખાવા લગી. આકાશમાં ઉજાસના પડછાયાવાળું અંધારું રમી રહ્યું હતું. અંધકાર અને અજવાળાના મિશ્રણ જેવુ આકાશ, સુંદર લાગતું હતું. દૂર સુધી બંને વચ્ચે સંતાકૂકડી રમાતી રહી. આ રમત જ આકર્ષવા લાગી. આકાશ રંગ બદલવા લાગ્યું. કાળું. પછી કાળું-ધોળું મિશ્ર, ગુલાબી, ઓરેન્જ, લાલ અને હવે પીળું થઈ ગયું.

સૂર્યોદય થવા લાગ્યો. સમય 5.07 થઈ ગયો. સૂર્ય હવે સ્પષ્ટ બહાર આવવા લાગ્યો. ઊંઘમાથી ઉઠેલા બાળક જેમ ધીરે ધીરે ક્ષિતિજના પડદાને ચીરીને બહાર આવવા લાગ્યો. આખી થાળી જેવડો સુરજ. કેટલો મોટો સુરજ !

મૌન. માત્ર મૌન હતું બંનેના હોઠો પર. પણ આંખોમાં તો ઘણું બધું સમાવી લીધું હતું. તે બધું બોલતું હતું. રંગો, વાદળ, આકાશ, ક્ષિતિજ, સપના, અને સુગંધ. બહારની અદભૂત દુનિયા ચાલતી રહી. આંખમાં સમાતી ગઈ.

ટ્રેને બ્રેક મારી. વારાણસી સ્ટેશન આવી ગયું. સમય જોઈ લીધો. 5.32 am ઓહ ગાડી 3 મિનિટ વહેલી આવી ગઈ હતી.

"વારાણસી." વ્યોમા ઉત્સાહિત થઈ ગઈ. નીરજાએ લાંબા સમય બાદ, મૌન તોડતાં વ્યોમા તરફ નજર કરી. વ્યોમા ખૂબ જ રોમાંચિત હતી.

"વ્યોમા.."

"નીરજા, આ વારાણસી છે. ભગવાન શિવનું ઘર. શિવ, ગંગા અને મોક્ષનું સ્થળ."

"વાઉ. ચાલ નીચે ઊતરીએ." નીરજાએ વ્યોમાનો હાથ પકડી ખેંચી લીધો.

"ચાલ, અહીં ટ્રેન 20 મિનિટ રોકાય છે. અને 3 મિનિટ વહેલી આવી છે. જે બોનસ છે." વ્યોમા પણ હવે ચાલવા લાગી. બંને વારાણસી સ્ટેશનના પ્લેટફોર્મ પર હતા.

એક હવા તેને સ્પર્શી ગઈ. હવા જરા નવી લાગી. નવી હવાને સમજવા બંને પ્રયાસ કરવા લાગ્યા. કશુંક શુધ્ધ, પવિત્ર અને શાશ્વત હતું, તે હવામાં.

"વ્યોમા, આ હવા..."

"નીરજા, એ હવા છે વારાણસીની, ગંગાની, શિવની અને જીવનના મોક્ષની."

"શિવ અહીં વસે છે. ગંગા અહીં વહે છે. આ હવા એ સ્પર્શ આપી ગઈ. પણ.. આ. મોક્ષ?" નીરજાએ જાણવાની કોશિશ કરી.

"ઓહ. મોક્ષ એક ગહન વિષય છે. પણ સાંભળ્યુ છે કે જીવનનો અંતિમ પડાવ મોત છે, અને મોતથી મોક્ષ મળે છે."

"છોડ એ ઊંડી વાતોને. આ પળ, આ સ્થળ અને આ હવાને માણીએ. જો પેલો દૂર ખુલ્લો રસ્તો. કદાચ ગંગા સુધી જતો હશે, એ રસ્તો."

"કદાચ ભગવાન શિવ પાસે લઈ જતો હોય, એ રસ્તો."

પવિત્ર હવા તેઓને સ્પર્શતી રહી. કાનમાં મંત્ર ગુંજતિ ગઈ, 'ઓમ નમઃ શિવાય'. મંત્રોના ધ્વનિ તેઓના કાને પડવા લાગ્યા.

પ્લેટફોર્મ અનેક સાધુ સંતોથી ભરેલું હતું. "આટલાં બધા મોંક્સ એક સાથે !" વ્યોમા બોલી.

કોઈ સફેદ વસ્ત્રોમાં તો કોઈ પીળા વસ્ત્રોમાં. કોઈએ માત્ર પોતડી પહેરી હતી, તો કોઈએ ઉપવસ્ત્ર ઓઢયું હતું. ખૂબ જ મોટી મોટી જટાઓ, વધેલી દાઢી પણ !

શરીરે બધા જ હૃષ્ટ પુષ્ટ.

"કદાચ આ લોકોને ભોજનની ચિંતા જ નહીં હોય. કદાચ જરૂર કરતાં વધુ ભોજન લેતા હશે?" વ્યોમાએ નીરજાને પૂછ્યું.

"દેશમાં કેટકેટલાં લોકો ભૂખથી મરી રહ્યા છે, અને આ લોકોને તો જાણે જરૂર કરતાં વધુ મળી ગયું હોય એવું લાગે છે."

"આ લોકો કોઈ કામ ધંધો તો કરતાં નથી. ક્યાંથી મળતું હશે એમને એ બધું?" વ્યોમાએ નફરત બતાવી.

"એ માટે આપણે જ જવાબદાર છીએ, વ્યોમા."

"એ કઈ રીતે?"

"મહેનતની કમાણી કરીને આપણે લોકો જ, આવા સાધુ સંતોને દાન પેટે ઘણું બધું આપી દઈએ છીએ. આ લોકો વગર મહેનતે, મોટા અને ભવ્ય આશ્રમો સ્થાપી દે છે. કરોડોના માલિક બની જાય છે." નીરજાએ પણ એ જ ભાવમાં વાત કરી.

"આટલી બધી સંપતિ હોય તો પછી તેઓ સાધુ કે સંત શાના?"

"મને પણ નથી લાગતું કે તેઓ સાધુ સંત હોય..." બોલતા બોલતા નીરજા અટકી ગઈ. તેની નજરે કશુંક નવું જોયું. વ્યોમા પણ તે તરફ જોવા લાગી.

50-60 સાધુઓનું ટોળું આવતું હતું. તેને જોઈ બાકી બધા સાધુઓએ રસ્તો આપી દીધો. સૌથી આગળ એક જાજરમાન સાધુ ચાલતો હતો. તેના શરીર પર કોઈ જ વસ્ત્ર ન હતું.

નગ્ન ! તદ્દન નગ્ન ! પાછળ આવતા બધા સાધુઓ પણ એ જ રીતે નગ્ન હતા.

નાગા બાવાઓનો સમૂહ. વ્યોમા અને નીરજા જોતાં જ રહ્યા. ક્યારેય તેણે કોઈ પુરુષને નગ્ન જોયેલ ન હતો. પણ અહીં તો આખે આખું ટોળું જ નગ્ન !

બન્નેને જરા વિચિત્ર લાગ્યું. તેણે બીજા બધા તરફ નજર કરી. કોઈને ટોળાની નગ્નતા નવી ન લાગી. કોઈના ચહેરા પર કોઈ હલચલ જોવા ના મળી. સહજતા હતી સૌ ચહેરા પર.

શું નગ્નતા આટલી સહજ હોઇ શકે**?** કોઈ દુર્ભાવ તેઓના મનમાં પ્રવેશ્યો જ નહીં. બંને નિર્વિકાર ભાવે નગ્નતાના દર્શન કરતી રહી.

પ્રકરણ 21

સૌ લોકો ભક્તિ ભાવે નગ્ન ટોળાને નમન કરતું રહ્યું. નગ્નતાને પણ નમન !

શું નગ્નતા પણ પવિત્ર હશે? વિચારવા લાગ્યા બે કુમળા મન.

ટ્રેનની સિટી વાગી. ફટાફટ ચડી ગયા. ટ્રેન ચાલવા લાગી. હજુ તો ટ્રેને પ્લેટફોર્મ પણ પૂરેપુરું છોડ્યું ન હતું ત્યાં તો સામેની સીટ પર એક ભિખારી બેસી ગયો.

લગભગ **25** વર્ષની ઉંમરનો હશે. મોઢા પર ક્યાંય ગરીબીની અસર નહોતી દેખાતી. આછી પણ કાળી દાઢી. ગોરો વાન. છએક ફૂટની હાઇટ હશે. દેખાવે ખૂબ જ હેન્ડસમ લાગતો હતો. શરીર પણ મજબૂત અને સ્ફૂર્તિલું લાગતું હતું.

નીરજા અને વ્યોમાએ તેની તરફ એક ઊડતી નજર નાંખી. તેને આ માણસ શંકાસ્પદ લાગ્યો. કોઈ રીતે આ માણસ ભિખારી ન હોવો જોઈએ, એવું બન્ને દ્રઢપણે માનવા લાગી.

તે નીરજા અને વ્યોમાને જોઈ રહ્યો હતો. એકધારો, સતત જોઈ રહ્યો હતો. વ્યોમાએ નજર હટાવી લીધી. નીરજાએ તેની આંખમાં આંખ નાંખી સામી નજર કરી. તેની આંખમાં કોઈ ભયાનક ભાવો હતા. કદાચ તે નીરજા તરફ ભય પ્રસરાવવા માંગતો હતો. પણ નીરજા તેનાથી જરા પણ ડરી નહીં. નીરજાની આંખો નિર્ભય હતી. કદાચ તેને જોઈને પેલો ભિખારી વિચલિત થઈ ગયો હોય.

તેનું મિશન નીરજાને ભયભીત કરવાનું હશે કે કેમ તે નક્કી ના કરી શકી, નીરજા. પરંતુ, તે જાગૃત થઈ ગઈ. આ માણસ પર સતત નજર રાખવી પડશે.

કદાચ આવનારા સ્ટેશન પર તે ઉતરી પણ જાય. તે ટિકિટ કે રિઝર્વેશન વિના જ ચડ્યો હશે. કંપાર્ટમેંટના અન્ય પ્રવાસીઓને પણ તેનું આમ બેસવું ન ગમ્યું. પણ કોઈ કશું ના બોલ્યા. સૌ મનોમન ધૂંધવાઈને રહી ગયા.

નીરજાથી એ સહેવાયું નહીં, “મિસ્ટર, આપકા સીટ નંબર કૌનસા હૈ?” નિર્ભિક રીતે નીરજાએ તેને સવાલ કર્યો.

“મેરા?”

“હાં, આપકા.”

“મેરા કોઈ સીટ નંબર નહીં હૈ.”

“તો ફીર આપ યહાં ક્યાં કર રહે હો ?” વ્યોમાએ પણ હિમ્મત બતાવી.

“ભીખ માંગના કામ હૈ મેરા. ભીખ દે દો. ફીર કહીં ઓર ચલા જાઉંગા.”

“ભીખ? આપકો શરમ નહીં આતી, ભીખ માંગને પર?” વ્યોમા આક્રમક મૂડમાં આવી ગઈ.

“નો. નોટ એટ ઓલ.”

“ક્યોં? ઇતને હટે કટટે હો. કુછ મહેનત મજદૂરી કર સકતે હો. તો ફીર ભીખ કયું માંગ રહે હો.” નીરજાએ દલીલ કરી.

“મેડમજી, યદિ સમાજ ઔર સરકારકો શરમ નહીં આતી, તો ફીર મુઝે કૈસે આએગી.’

“આપકા મતલબ ક્યા હૈ?’

“I am an engineer with MBA. But where is the job? ઇતના પઢ -લીખને કે બાદ ભી નૌકરી ના મિલે તો આપ ક્યા કરતી?”

"ભીખ તો કભી નહીં માંગતી."

"શાદીક ર લેતી. કિસિકે માથે ડાલ દેતી અપની જિમ્મેદારીયાં. પર મૈં પુરુષ હું. મુઝે પૈસા કમાના હોગા, મેરે પરિવારકે લિયે. કિસી ભી તરીકે સે. ચાહે વહ ભીખ હી ક્યોં ના હો."

"પર યહ ઠીક .."

"સબ કુછ ઠીક હી હોતા હૈ. આપ ચાહતી હૈ કી મૈં ચોરી ડ કૈતી કરું? યા ગુંડા, મવાલી, નેતા ય સાધુ બન જાઉં?"

"નહીં, નહીં, પર..."

"ઇસસે તો ભીખ હી અચ્છી. આપ કિતના દોગી મુઝે, મેરી ભીખ?"

"મૈ તો કુછ ભી નહીં દુંગી. મહેનત કરો ઔર કમાઓ." નીરજાએ સ્પષ્ટ વાત કરી.

"ઠીક હૈ. નૌકરી દોગી આપ મુઝે? મૈં કામ કરને કો તૈયાર હું."

"મૈં... મૈં .. તો.."

"મેડમ, ઉપદેશ દેના આસાન હૈ. યહાં વારાણસીમેં તો સેંકડો સાધુ સંત ઉપદેશ દેતે હૈ. રોજ-રોજ, સુબહ-શામ. આપ ભી યહી કર રહી હો. ઉપદેશ નહીં, નૌકરી દો મુઝે. યા ફીર ભીખ દે દો. મૈં ચલા જાઉંગા."

ભિખારીને ટાળવા સાથી યાત્રીઓએ યથા શક્તિ ભીખ આપવા માંડી. નીરજા અને વ્યોમાએ કશું જ ન આપ્યું.

બંને તરફ એક તીખી – તિવ્ર નજર કરી તે ચાલ્યો ગયો. તેને જતાં જોઈ રહી બંને.

નીરજાએ નોંધ્યું કે તેની ચાલમાં ગજબની સ્ફૂર્તિ હતી. તે ખૂબ જ ઝડપથી ચાલતો હતો. તેની ચાલમાં તરવરાટ પણ હતો. જો આ માણસ ગરીબ હોય, તો તેનું શરીર આટલું સ્વસ્થ અને ચપળ કેમ હોઇ શકે?

તો શું ભીખમાં તેને એટલી બધી રકમ મળતી હશે કે તેનાથી તે સારું ભોજન લઈ શકે?

આ માણસે ધાર્યું હોત તો અનેક સાધુ બાબાઓની જેમ કોઈ સાધુઓની જોડે જોડાઈ ગયો હોત. ત્યાં પણ તેને ખાવા પીવામાં કોઈ તકલીફ ન પડત. સાધુ હોવાનો ઢોંગ રચી, ખૂબ પૈસા કમાઈ શક્યો હોત. કેટલાય ચેલાઓ બનાવી શક્યો હોત.

ભણેલો છે આ માણસ. હિન્દી તો સારું બોલી જાણે છે, પણ અંગ્રેજી પણ સ્પષ્ટ અને સાચું બોલતો હતો. ધારે તો મોટો ગુરુ બની શકે. અનેક અમીરોને ચેલા બનાવી, ફસાવી શકે. ભવ્ય આશ્રમો બનાવી શકે.

પણ.. પણ.. તેને બદલે તેણે ભીખ માંગવાનુ જ કેમ સ્વીકાર્યું? દરેક ક્ષણે અપમાનની પૂરેપુરી સંભાવના હોય છે, ભીખ માંગવામાં. તો બીજી બાજુ ઢોંગી સાધુ બનીને, સતત ખોટા માન અને સમ્માન મળતા હોય છે. સાધુ બનવું આ ભૂમિમાં સહજ છે. પણ આ માણસ કેમ સાધુત્વનો ગેરલાભ ઉઠાવતો નથી? કેમ પળેપળ અપમાન સહીને પણ ભીખ જ માંગે છે? કશુંક તો ખાસ છે આ માણસમાં.

"ના. આ માણસ દેખાય છે તેવો નથી. તને શું લાગે છે, નીરજા?" વ્યોમાએ વાતનો પ્રારંભ કરી દીધો.

"હા, વ્યોમા. આ માણસ જરા ભેદી લાગે છે. જરા સાવચેત રહેવું પડશે." નીરજાએ વ્યોમાને સજાગ કરી.

"પણ, હવે તો તે જતો રહ્યો છે. કદાચ કોઈ સ્ટેશને ઉતરી પણ જાય. ફરી આપણને જોવા ના પણ મળે." વ્યોમાએ ચિંતાના વાદળો હટાવવા પ્રયાસ કર્યો.

મુગલસરાઈ સ્ટેશન પર ગાડી આવી પહોંચી. સ્ટેશન પર બંને નજર કરવા લાગ્યા. રાબેતા મુજબ જ ભીડ હતી. લોકો હતા. ચા

નાસ્તાની લારીઓ હતી, છાપાઓ અને પુસ્તકોની પણ. બધા સ્ટેશન પર હોય છે તેવું જ અહીં પણ હતું.

સ્ટેશનથી નજર ધરાઇ ગઈ. બસ એમ જ બારી બહાર નજર ફરતી રહી.

પેલો ભિખારી દૂરથી આવતો દેખાયો. નીરજાની નજરે તેનો પીછો કર્યો. તે નજીક આવવા લાગ્યો. નીરજાની બારી પાસે આવી ગયો. તે એકાદ ક્ષણ ઊભો રહ્યો. તેણે નીરજાને ધારી ધારીને જોયા કર્યું. નીરજા પણ તેને જોઈ રહી હતી. તે હજુ પણ નીરજાને ડરાવવા માંગતો હોય તેમ જોઈ રહ્યો. **35** થી **40** સેકંડ્સ માટે બંનેની નજરે એકબીજા પર ત્રાટક કર્યું.

ટ્રેન ચાલવા લાગી. નજારોનું ત્રાટક તૂટ્યું. ભિખારીની નજરમાં હજુ પણ ભયાવહ ભાવ હતા. નીરજાએ તેને અવગણ્યા. ટ્રેન પ્લેટફોર્મ છોડી આગળ વધી ગઈ. નીરજા પણ. વ્યોમા પણ.

ટ્રેન બહાર સરકતા રહ્યા રસ્તાઓ, ગામો, લોકો, ખેતરો, ઝાડો, અને ટ્રેનની અંદર સમયની પળો. વ્યોમા અને નીરજા માણતા રહ્યા આ બધું.

બપોરની હવા જામી. જમીને ઊંઘી જવાની યોજના બનાવી લીધી. વ્યોમા ઉપરની બર્થ પર ચડવા જ જતી હતી ત્યાં ટ્રેન રોકાઈ ગઈ. સ્ટેશનનું નામ વાંચ્યું.- 'બરૌની' .

ટ્રેન પ્લેટફોર્મ છોડી દે પછી જ ઊંઘવાના ઇરાદે, વ્યોમા નીરજાની બાજુમાં બેસી ગઈ.

બારી બહાર એ જ સ્ટેશન અને તેના રૂપને જોવા લાગ્યા. હવે તેઓ આ રૂપથી પૂરેપૂરા પરિચિત થઈ ગયા હતા. ખાસ કાંઇ નવું નહોતું. બધા જ સ્ટેશન સરખા જ. હવે સ્ટેશન પરત્વે જાગેલો વિસ્મયનો ભાવ ઊડી ગયો હતો. છતાં ત્યાં નજર કરવી ગમતી હતી.

રાબેતા મુજબ જ કેટલાક મુસાફરો ઉતરી ગયા. કેટલાક નવા ચડી પણ ગયા.

પણ... આ માણસ.. ફરી અહીં...? હા. પેલો ભિખારી. ફરી દેખાયો બરૌની સ્ટેશન પર. ફરીને તે નીરજાની બારી પાસે આવવા લાગ્યો.

આવી ઊભો. એ જ ભયાવહ નજરથી જોવા લાગ્યો. ફરી ભય પમાડવાનો ઇરાદો હોય તેમ જોવા લાગ્યો.

નીરજા ફરી ભય ના પામી. પણ એટલું જરૂર પામી ગઈ કે આ માણસ તેને નિશાન બનાવવા માંગે છે. જરૂર તે કોઈ રમત રમી રહ્યો છે. સવારે વારાણસીથી ચડેલો ભિખારી છેક બરૌની સુધી સાથે સાથે આવ્યો છે.

સામાન્ય રીતે ભિખારીઓ ટ્રેનમાં ઝાઝો સમય યાત્રા નથી કરતાં હોતા. પોતાના એરિયાને પણ છોડતા નથી હોતા. એક સ્ટેશનથી ચડીને, બીજા સ્ટેશન પર ઉતરી જાય. ફરી કોઈ બીજી ટ્રેન પકડી પોતાના એરિયા તરફ ચાલ્યા જાય.

પણ આ માણસ સાત આઠ કલાકથી આ જ ટ્રેનમાં મુસાફરી કરી રહ્યો છે. એનો અર્થ એ, કે તે કોઈ પણ રીતે ભિખારી તો નથી જ.

આ માણસ કોઈક રહસ્ય સાથે લઈને ચાલી રહ્યો છે. નીરજાએ તેને ધ્યાનથી જોવા માંડ્યુ. પેલાની નજરથી જરા પણ વિચલિત થયા વગર, તેણે તેનું નિરીક્ષણ કરવા માંડ્યુ. તેની નજર તેના હાથ પર બાંધેલ ઘડિયાળ પર ગઈ. તે ઘડિયાળની આકૃતિ નીરજાએ મનમાં પાકી કરી લીધી.

બીજી નજરમાં તેણે તેના પગના બૂટને જોઈ લીધા. સ્પોર્ટ્સ શૂઝ પહેર્યા હતા. તે મોંઘી બ્રાંડના હતા. નીરજાએ તે પણ નોંધ્યું. તેનો શક પાકા વિશ્વાસમાં બદલાઈ ગયો કે આ માણસ ભિખારી નથી જ.

તેણે ફરી તેના ચહેરા પર નજર કરી. ત્યાં હજુ પણ કડકાઇ હતી. તે હજુ પણ નીરજાને તાકી રહ્યો હતો. નીરજા હજુ પણ સ્વસ્થ હતી. તેને પોતાના આત્મવિશ્વાસ પર પૂરો ભરોસો હતો. ન ધારેલી કોઈ પણ ક્ષણ આવે, તો પણ તેને પહોંચી વળવા માટે

કરાટેની વિદ્યા પર પણ વિશ્વાસ હતો. વ્યોમા પણ કરાટેમાં એટલી જ ચપળ અને માહિર હતી. બન્નેને એકબીજા પર પૂરો વિશ્વાસ હતો.

બંને નીડર પણ સાવચેત થઈ ગયા. પણ ભિખારી એટલો સાવચેત ન લાગ્યો. નીરજાને ડરાવવાની નજરમાં એ ચૂકી ગયો કે નીરજાની નજરે તેને ધ્યાનથી જોઈ લીધો છે. તેની ઘડિયાળ અને બૂટ, નીરજાની નજરમાં કેદ થઈ ગયા છે.

ટ્રેન ચાલવા લાગી. બરૌની સ્ટેશન પાછળ છૂટી ગયું. પણ ભિખારી પાછળ રહી ગયો હોય તેવું બંનેમાંથી કોઈએ સ્વીકાર્યું નહીં.

બંનેને સમજાઈ ગયું કે એ ભિખારી તો નથી જ. વધુમાં તે નીરજાને એવી નજરથી જોઈ રહ્યો છે, કે કદાચ તે નીરજાને કોઈ નુકશાન પહોંચાડવાનો ઇરાદો ધરાવતો હોય. વ્યોમાને પણ, કદાચ.

ગમે તે હોય પણ આ માણસનો ઇરાદો ઠીક નથી. હવે નિશ્ચિંત થઈને સૂઈ નહીં જવાય. વારાફરતી જાગવું પડશે. વ્યોમાને ઊંઘી જવા દઈ નીરજા જાગતી રહી.

"કોઈ પણ સ્થિતિ આવે, તેનો મક્કમ સામનો કરીશું." કહી વ્યોમા ઊંઘી ગઈ. નીરજા સાવધ બની જાગતી રહી.

પ્રકરણ 22

ફરી કોઈ વિચારોએ મનમાં આસન જમાવી દીધું. મન પહોંચી ગયું ઘેર. મમ્મી, પપ્પા, જીત, દીપા આંટી, ભરત અંકલ વગેરે સૌ યાદ આવવા લાગ્યા. સોસાયટી, પાડોશીઓ, ગેટકીપર પણ.

શું કરતો હશે જીત? આજે રવિવારની બપોર. તે નક્કી ક્લબ હાઉસમાં બેઠો હશે. કોઈ રમત રમતો હશે કે ગપ્પાં મારતો હશે.

ક્લબ હાઉસ ! તેની સાથે વિતેલી ક્ષણો યાદ આવવા લાગી, એક પછી એક. મજા પડી ગઈ. મન થોડું હળવું થઈ ગયું.

'છેલ્લે ક્યારે ગઈ હતી ક્લબ હાઉસમાં?'નીરજાએ પોતાની જ જાતને સવાલ કર્યો.

'છેલ્લે .. તો.. યાત્રા શરૂ કર્યાના આગલા દિવસે જ બધા મિત્રોને મળવા ગઈ હતી. કેવી મજા પડી હતી. યાત્રાની ખૂબ ચર્ચા કરી હતી. બધા એટલા જ ઉત્સાહિત અને રોમાંચિત હતા. નીરજા અને વ્યોમાની વાતો પર વિસ્મય પામતા હતા. નીરજા તેનો જવાબ આપતી. તેઓને બધું વિગતવાર સમજાવતી. ખૂબ મોડે સુધી જાગીને વાતો કરી છૂટા પડ્યા હતા સૌ.

એ પહેલાં ત્રણેક દિવસ પહેલાં.. હા. બરાબર ત્રણેક દિવસ પહેલાં, સાંજે જમ્યા બાદ પપ્પા અને ભરત અંકલ નીચે સોસાયટીમાં ગયા હતા.

જમ્યા બાદ ભરત અંકલ, નીરજાના ઘેર આવતા કે પપ્પા વ્યોમાના ઘેર જતાં. પણ નીચે ક્લબ હાઉસમાં ભાગ્યે જ જતાં. પણ તે દિવસે તે બંને નીચે ઉતર્યા હતા. લીફ્ટમાં ગ્રાઉંડ ફ્લોરનું બટન દબાવેલું તે વ્યોમાએ જોયું હતું. તેણે નીરજાને કહ્યું હતું, "છેક નીચે ગ્રાઉંડ ફ્લોર સુધી ગયા છે તેઓ." અને કુતૂહલવશ બંને પણ નીચે ગયા. ભરત અને દીપેન ક્લબ હાઉસમાં ગયા.

નીરજાએ દૂરથી જ ક્લબ હાઉસમાં નજર કરી લીધી. અંદર કોઈ બે વ્યક્તિ પહેલેથી જ બેઠેલા હતા.

એક માણસ પચાસેક વર્ષનો હશે. મોટી મોટી મૂછો, ચહેરો કડક, મજબૂત બાંધો. આર્મીનો કોઈ રીટાયર્ડ ઓફિસર જેવો લાગ્યો.

બીજા માણસનો ચહેરો નહોતો દેખાતો, પણ તે જે રીતે બેઠો હતો તે પરથી તે યુવાન હોય તેવું લાગતું હતું. ઊંચું કદ હતું. શરીરે ખૂબ જ મજબૂત લાગતો હતો. તે ટટ્ટાર બેઠો હતો.

દીપેન અને ભરત જેવા ક્લબ હાઉસમાં દાખલ થયા કે તેઓ બંને ઊભા થઈ ગયા. બંનેએ દીપેન અને ભરત જોડે હાથ મિલાવ્યા. હાથ મિલાવવાનો અંદાજ પણ અલગ હતો. ખૂબ જ મજબૂત હસ્તધૂનન હતું એ.

ચારેય જણા વચ્ચે કોઈ વાત ચાલવા લાગી. ક્લબ હાઉસના ગેટ પર ચોકીદાર આવી ઊભો. કદાચ તેને સૂચના અપાઈ હશે, કે કોઈ પણ વ્યક્તિ ક્લબ હાઉસમાં દાખલ ના થવી જોઈએ. અને જો કોઈ એવો પ્રયાસ કરે તો તેને રોકવી.

કોઈએ ત્યાં જવાનો પ્રયાસ ના કર્યો. તેઓની વાતો થોડી વાર ચાલી. તેઓ વચ્ચે કશુંક નક્કી થયું હોય તેવું લાગ્યું. કદાચ કોઈ ડીલ થઈ હશે.

ચારેય જણા ઊભા થાય. પરસ્પર સ્મિત સાથે હાથ મિલાવી ક્લબ હાઉસની બહાર આવી ગયા.

દીપેન અને ભરત તેને ગાડી સુધી વળાવવા ગયા. ગાડી ઝડપથી સોસાયટી બહાર નીકળી ગઈ. શહેરના રસ્તાઓ પર ક્યાંક ખોવાઈ ગઈ.

બંને પરત ઘેર આવી ગયા. નીરજા અને વ્યોમા નીચે જ રોકાઈ ગયા. બાગમાં બેસી ગયા.

બંનેને કેટલાક પ્રશ્નો થવા લાગ્યા, પ્રશ્નો જાગવા લાગ્યા, ચહેરાઓ પર આવવા લાગ્યા, સતાવવા લાગ્યા. અંતે તે પ્રશ્નો હોઠો પર આવી ગયા, "નીરજા, ક્લબ હાઉસની મિટિંગ તને કોઈ બીઝનેસ મિટિંગ લાગી?"

"ના, વ્યોમા, જરાય નહીં. મને તો કોઈક જુદી જ વાત લાગી."

"હશે. જે વાત હોય તે. પણ આપણે જાગૃત રહેવાનુ છે. હવે ત્રણ ચાર દિવસ બાકી રહ્યા છે, આપણી યાત્રા શરૂ થવાને. કોઈ વિઘ્ન આવે તો તેનો સામનો કરવા તૈયાર રહેવું પડશે."

"યસ બોસ. યાત્રા તો થશે જ." નીરજાએ ડાબા હાથનો અંગુઠો ઊંચો કરી પોતાના નિર્ણયની મક્કમતા દર્શાવી. બંનેના ચહેરા પર દ્રઢતાનું સ્મિત રમવા લાગ્યું.

****

"તમારે પાંચ સાત જગ્યાએ સહીઓ કરવી પડશે." નીરજા અને વ્યોમા તરફ ઈશારો કરતાં વીમા એજન્ટે કહ્યું. તેના હાથમાં એક બ્રીફકેસ હતી. તેમાંથી કેટલાક કાગળો તેણે કાઢ્યા, નીરજા અને વ્યોમા તરફ સરકાવી દીધા.

બધ જ કાગળો પ્રિ-પ્રિંટેડ વીમા પ્રપોઝલ ફોર્મ અને તેને લગતા અન્ય પેપર્સ હતા. વ્યોમાએ કાગળો હાથમાં લીધા. નીરજા, એ બધા કાગળો વાંચવા લાગી.

"જ્યાં જ્યાં ચોકડી મારેલી છે, ત્યાં ત્યાં તમારે સહીઓ કરવાની છે. એક સેટ પર તમારે અને બીજા સેટ પર વ્યોમાએ સહીઓ કરવાની રહેશે." વીમા એજન્ટ જરા ઉતાવળમાં હોય તેવું લાગ્યું. પણ નીરજા અને વ્યોમા તો તે પેપરોને વાંચવામાં વ્યસ્ત હતી.

"લો આ પેન, ફટાફટ સહી કરી નાંખો." વીમા એજન્ટ ફરી ઉતાવળ કરવા લાગ્યો.

"પણ આ તો સાવ કોરા ફોર્મ્સ છે." વ્યોમાએ પ્રશ્નાર્થ નજરે વીમા એજન્ટ તરફ જોયું.

"હા, એ તો હું પછીથી ભરી દઇશ. તમે ચિંતા ના કરો. તમે ખાલી સહીઓ કરી દો એટલે પત્યું."

"ઓહો? ખાલી ફોર્મ્સ પર સહી કરવાની?" નીરજા કટાક્ષમાં બોલી.

"બેટા, એ બધી ખાલી વિગતો અંકલ ભરી દેશે. ત્યાર બાદ જ પ્રપોઝલ ફોર્મ્સ વીમા કંપની સ્વીકારશે. તો નિશ્ચિંત થઈને સહી કરી નાંખો." દીપેને નીરજાને સમજાવવા માંડ્યુ.

"બે વાત સ્પષ્ટ છે. એક, ખાલી ફોર્મ્સ પર અમે સહી નહીં કરીએ" વ્યોમાએ કહ્યું.

"બીજી વાત, આ વીમા યોજના મને પૂરેપુરી સમજાવી દો. બરોબર સમજાઈ જશે તો તરત જ સહી કરી આપીશ." નીરજાએ પણ સ્પષ્ટતા કરી દીધી.

વીમા એજન્ટ, દીપેન અને ભરત પાસે કોઈ વિકલ્પ ન હતો. વીમા એજન્ટે ફટાફટ, પણ ગુસ્સામાં બંને પ્રપોઝલ સેટ ભરવા માંડ્યા. જયા દીપાએ સૌ માટે નાસ્તો, ચા તૈયાર કરી લીધા.

ચા નાસ્તા સાથે વીમા એજન્ટે વિમા યોજનાની વિગતો અને શરતો સમજાવવા માંડ્યા. "તમે લોકો લાંબી યાત્રા પર જવાના છો, એટલે તમારા બંનેના માટે ટ્રાવેલિંગ વીમા પોલિસી લઈએ છીએ."

બન્નેએ વિમાની વિગતો સમજી લીધી. વચ્ચે વચ્ચે સવાલો કરી સ્પષ્ટતા પણ કરી લીધી.

પૂરેપૂરા સંતુષ્ટ થયા બાદ જ, તેઓએ સહીઓ કરી. વીમા એજન્ટનો ઘણો સમય બગડયો હતો એટલે તે જરા ધૂંધવાયેલો હતો, પણ દીપેન અને ભરત જેવા કસ્ટમર્સને તે ગુમાવવા નહોતો માંગતો, એટલે તે મૌન જ રહ્યો.

બધા કાગળો ફટાફટ ભેગા કરી, બ્રીફકેસમાં નાંખી, બ્રીફકેસને પૂરેપુરી બંધ કર્યા વિના જ ઉતાવળે તે ઊભો થઈ ગયો. બ્રિફર્કેસ ખૂલી ગઈ. બધા કાગળો રૂમમાં વિખરાઇ ગયા. સૌએ સાથે મળી તે કાગળો ભેગા કરીને વીમા એજન્ટને સોંપી દીધા. તે જતો રહ્યો. કશુંક બબડતો ગયો.

"તો કાલે રાત્રે કલબ હાઉસમાં મળેલા લોકો વીમા કંપનીના માણસો હતા." વ્યોમા ચિંતા મુક્ત થતાં બોલી.

રાત આખી વ્યોમા અને નીરજાએ અનેક તર્કો લગાડીને તાળો મેળવવા પ્રયાસ કર્યો હતો કે રાત્રે ક્લબ હાઉસમાં આવેલા એ વ્યક્તિઓ કોણ હતા, અને તેમની સાથે થયેલી મિટિંગમાં શું ચર્ચાયું હશે. પણ કોઈ વાત બંધ બેસતી નહોતી. આખરે સવારે વીમા એજન્ટે બધી ફોરમાલીટીઝ પૂરી કરી ત્યારે, વ્યોમાએ માની લીધું કે એ મિટીંગ વીમા કંપની સાથેની જ હશે.

"બની શકે છે પણ ચોક્કસ કોઈ વાત કહી ના શકાય." નીરજા નિશ્ચિંત થઈ પણ ગાફેલ રહેવાના મૂડમાં નહોતી. દરેક ઘટના પર તે સતર્ક નજર રાખવા માંગતી હતી.

"ઠીક છે. ચાલો ફરી સતર્ક થઈ જઈએ." વ્યોમા પણ નીરજાના વિચારો સાથે સંમત થઈ ગઈ.

દરેક બનતી ઘટનાઓને તેઓ પોતાની પ્રસ્તાવિત યાત્રા સાથે જોડતી અને તપાસી લેતી કે યાત્રા અટકાવવાનો તો કોઈ પ્રયાસ થતો નથી ને?

એવું ખાસ કાંઇ ના બન્યું.

પ્રકરણ 23

ટ્રેન ચાલતી રહી. નીરજાની આંખમાં નિંદ્રાએ પ્રવેશ કરી લીધો. ઊંઘી ગઈ. બધા જ વિચારો ગાયબ થઈ ગયા. એક ઊંડી નિંદ્રા, શાંત નિંદ્રામાં સરી ગઈ. કોઈ જ વાતો કે વિચારો નહીં. બધું જ શાંત. સંપૂર્ણ શૂન્યતા !

ઓહ ! મન આટલું શાંત ! આટલી બધી શૂન્યતા ? ખૂબ જ અદભૂત લાગી તેને, આ નિંદ્રા.

વ્યોમા પણ નિંદ્રાધીન હતી, પણ તેના અર્ધ જાગ્રત મનમાં ઘણાં વિચારો યાત્રા કરતાં હતા.

ટ્રેન ધીમી પડવા લાગી. ઊભી રહી ગઈ. વ્યોમા જાગી ગઈ. પણ બર્થ પર જ પડી રહી, જાગતી.

સાથી યાત્રીઓમાં થોડી ચહલ પહલ થવા લાગી. કોઈ બારી બહાર નજર કરી ,સ્ટેશન આવ્યું કે કેમ અને જો આવ્યું હોય તો કયું સ્ટેશન છે, તે નક્કી કરવા પ્રયાસ કરવા લાગ્યા.

ટ્રેન કોઈ સ્ટેશન પર નહોતી ઊભી. કોઈ બે સ્ટેશન વચ્ચે તે ઊભી રહી ગઈ હતી.

"સિગ્નલ નહીં મિલા હૈ. કોઈ ક્રોસીંગ હોગા." ડબ્બામાંથી કોઈ બોલ્યું. વ્યોમા તે સંભાળ્યું ના સંભાળ્યું કરી, ફરી સૂઈ જવા પ્રયાસ કરવા લાગી.

યાત્રીઓની વાતો અને ચહલ પહલ વધવા લાગી. ઘણો સમય થઈ ગયો, પણ ટ્રેન હજુ પણ ત્યાં જ ઊભી હતી. યાત્રીઓમાં ગણગણાટ થવા લાગ્યો.

"ટ્રેન તો દેર તક ચલનેવાલી નહીં હૈ. હો સકતા હૈ ચાર, પાંચ ઘંટે કા સમય લગ જાય." કોઈએ નવી જાણકારી આપી. વ્યોમાએ તે વાતને પણ અવગણી. બર્થ પર જ તે જાગતી પડી રહી.

ગણગણાટ વધવા લાગ્યો. ઘોંઘાટમાં ફેરવાઇ ગયો. નીરજા હજુ પણ ગાઢ નિંદ્રામાં હતી. ટ્રેનનો ઘોંઘાટ તેને સ્પર્શતો નહતો. વ્યોમા આ બધા આવજોથી વિચલિત થઈ ગઈ. આખરે તેણે બર્થ છોડી દીધી અને તે નીચે આવી ગઈ.

નીરજા હજુ પણ એ જ નિંદ્રામાં હતી. તેના મુખ પર પરમ શાંતિ સ્થાન જમાવી બેઠી હતી. દુનિયાની કોઈ ચીજ તેના મનને સ્પર્શતી નહતી. તે તો હતી નિર્લેપ.

વ્યોમાને નવાઈ લાગી. ખૂબ જ ચંચલ અને ચપળ રહેતી નીરજા આટલા બધા લોકોના ઘોંઘાટ વચ્ચે પણ નિંદ્રાધીન છે. જરા પણ વિચલિત થયા વિના તે ઊંઘી રહી છે.

સામાન્ય રીતે આવા પ્રસંગોમાં તે સૌથી પહેલાં જાગૃત થઈ જતી. સાવધ થઈ જતી. પણ આજે તે સાવ શાંત હતી. નિંદ્રાધીન હતી. જાણે તેને કશું જ સ્પર્શતું નહોતું. કશું જ સંભળાતું નહોતું.

નીરજાને સૂતા રહેવા દઈ, વ્યોમાએ જાતે જ પરિસ્થિતિને સમજવા પ્રયાસ કર્યો. તેણે સમય ચકાસી લીધો. સાંજના **4.31** થઈ હતી. બહાર નજર કરી. ટ્રેન કોઈ બે સ્ટેશન વચ્ચે જ ઊભી હતી. ઘણાં બધા લોકો ટ્રેનમાંથી નીચે ઉતરી ગયા હતા. કેટલાક ઊભા હતા તો કેટલાક ટ્રેન બહાર પાટા પાસે બેસી ગયા હતા.

કોઈ એકલું, તો કોઈ નાના નાનાં ટોળામાં હતું. કોઈ તો પલાંઠી વાળીને બેસી ગયા હતા. જાણે કોઇની જાનમાં જમવા ન આવ્યા હોય. કોઈને ય ટ્રેન ઉપડી જવાની, કે ટ્રેન છૂટી જવાનીજ રાય ચિંતા ન હતી. તદ્દન નિશ્ચિંત.

વ્યોમાએ ડબ્બાની અંદર નજર કરી. ડબ્બો અડધો ખાલી હતો. અડધા લોકો હજુ પણ ડબ્બામાં બેસી કે સૂઈ રહ્યા હતા. બાકીના નીચે ઉતરી ગયા હતા.

"ભાઈ સાબ, ટ્રેન ક્યોં ઈતની દેરસે યહાં ખડી હૈ?" વ્યોમાએ સાથી યાત્રીઓને પૂછ્યું.

"આગે કુછ હુઆ હૈ, ટ્રેક બ્લોક હૈ."

"તો .. ટ્રેન કબ તક રુકિ રહેગી?"

"કુછ કહ નહીં સકતે..."

"આખિર હુઆ ક્યા હૈ?"

"પૂરા પૂરા કુછ પતા નહીં. પર ટ્રેન લંબે સમય તક યહાંસે જાએગી નહીં."

"ઓહ..," વ્યોમા બબડી, "નીરજાને હવે જગાડવી જ જોઈએ.."

"નીરજા, નીરજા..." વ્યોમાનો અવાજ નીરજાએ ના સાંભળ્યો. ફરી અવાજ દીધો, "નીરજા, ઉઠ. નીરજા..." એ અવાજ પણ કોઈ અસર ના કરી શક્યો. નીરજા ગહન નિંદ્રાધીન જ રહી.

વ્યોમાએ નીરજાને ઢંઢોળી. ખૂબ જોરથી હચમચાવી. નીરજા સફાળી જાગી ગઈ.

"આમ ગાડા છોડીને કેમ સૂતી છો?"

"ના. હું તો ઘોડા વેચીને સૂતી છું." નીરજાએ જાગતા જ મજાક કરી.

"ગમે તે હોય પણ તને..."

"શું વાત છે વ્યોમા? કેમ આટલી પરેશાન છે?" નીરજા પૂરેપુરી સ્વસ્થ થઈ ગઈ.

"ટ્રેન ઊભી રહી ગઈ છે."

"ટ્રેન સતત ચાલતી જ રહે એવું થોડું હોય? ચાલે પણ ખરી, ને ઊભી પણ રહી જાય. આ ટ્રેન..." નીરજા પૂરા મજાકના મૂડમાં હતી. તોફાની નજર નાંખી તેણે વ્યોમાના ચહેરા પર.

વ્યોમાના ચહેરા પર ચિંતાની રેખાઓ હતી. તે જરાય મૂડમાં ન હતી, મજાક કરવાના કે સહેવાના, "નીરજા, મજાક છોડ..."

"શું વાત છે, વ્યોમા?" નીરજાને હવે લાગ્યું કે મજાક છોડીને વ્યોમાની વાત ગંભીરતાથી સમજવી પડશે.

"આ ટ્રેન કોઈ સ્ટેશન વિના જ લગભગ 25 – 30 મિનિટથી અહીં જ સ્થિર છે. કોઈ જ ખબર નથી કે આપણે ક્યાં છીએ. વધુમાં આ લોકો એમ કહે છે, કે આગળ આ ટ્રેક પર કોઈ એક્સિડંટ થયેલ છે. એટલે આપણી ટ્રેન લાંબો સમય અહીં જ ઊભી રહેશે." નીરજા સમયની ગંભીરતા પામી ગઈ. વ્યોમા આગળ બોલતી રહી, "ત્યાં નીચે જો. કેટલા બધા લોકો ટ્રેનમાંથી નીચે ઉતરી ગયા છે. કેવા નિરાંતે ઊભા છે. બેઠા પણ છે. ટ્રેન છૂટી જવાની કોઈ જ ચિંતા તેઓને નથી લગતી. તેનો અર્થ એ ..."

"ઠીક છે, ઠીક છે વ્યોમા. ચાલ આપણે પરિસ્થિતીને સમજીએ. નીરજા હવે પૂરેપુરી જાગી ગઈ. બર્થ પરથી ઉઠી. બારી બહાર નજર કરી. વ્યોમાએ કહ્યું તેમ જ, સૌ ટ્રેન બહાર નિરાંતે ઊભા હતા, બેઠા હતા.

બન્ને ડબ્બો છોડીને નીચે ઉતરી ગયા. ચાલવા લાગ્યા, એંજીન તરફ. સિગ્નલ પર નજર કરી. તે હજુ પણ લાલ હતું.

"સર, આપણે ક્યાં પહોંચ્યા છીએ?" એન્જિન ડ્રાઇવરના ગ્રૂપમાંથી એકને નીરજાએ પૂછ્યું.

"કટિહાર સ્ટેશનથી એકાદ કલાક, 29 કિમી દૂર છીએ ."

"ટ્રેન કેમ ..."

"અહીંથી 19 કિમી દૂર, આ જ ટ્રેક પર એક ગૂડ્ઝ ટ્રેન પાટા પરથી ઉતરી ગઈ છે. જેને લીધે ટ્રેક બ્લોક છે."

"ક્યારે બન્યું આ?"

"લગભગ બે કલાક પહેલાં."

"ઓહ. બ્લોક ટ્રેકને ચાલુ કરવામાં કેટલો સમય લાગશે?"

"rescue operations are already started by railway and it is expected that within 3 hours the trek would be fine." ગાર્ડે જવાબ આપ્યો. ગાર્ડ પણ પોતાનો ડબ્બો છોડી એન્જિન ડ્રાઇવરની ટીમ પાસે આવીને બેઠો હતો.

"થ્રી મોર અવર્સ?" વ્યોમાએ ચિંતા વ્યક્ત કરી.

"યસ મેડમ. મે બી મોર."

"ઓહ નો…" વ્યોમા નાખુશ થઈ ગઈ, "વોટ ટૂ ડૂ નાઉ?"

"એન્જોય ધ બ્યુટી ઓફ ધીસ પ્લેસ." ગાર્ડના શબ્દો આ સ્થળની હવામાં ભળી ગયા.

નીરજા નિર્લેપ હતી. તે પરિસ્થિતિને સમજવા લાગી. વધુ ત્રણેક કલાક અહીં વિતાવવાના છે. કદાચ વધુ સમય પણ લાગે. 'તો શું કરી શકાય?' તેણે પોતાની જાતને જ સવાલ કર્યો. તેના કાન પર પણ ગાર્ડના શબ્દો પડ્યા, "એન્જોય ધ બ્યુટી ઓફ ધીસ પ્લેસ." ખૂબ જ ઝડપથી પરિસ્થિતી સમજી લીધી નીરજાએ, જે વાસ્તવિકતા છે તેને સ્વીકારી લીધી. સ્વસ્થ થઈ ગઈ.

ઓહ યસ. તે મનોમન બબડી. તેણે ચપટી વગાડી. પોતાના ડબ્બા તરફ ચાલવા લાગી. વ્યોમા કાંઇ સમજી નહીં, પણ તે પણ તેની પાછળ ચાલવા લાગી, "હવે શું કરીશું? આમ રસ્તા વચ્ચે…"

"વ્યોમા. શાંત થઈ જા." સ્મિત સાથે નીરજાએ વ્યોમાની સાથે નજર મિલાવી. વ્યોમાને નીરજાની આંખમાં ગજબની શાંતિ દેખાઈ. કોઈ જ તંગ રેખાઓ વિનાનો ચહેરો.

"કેમ આટલી સ્વસ્થ રહી શકે છે તું, આવી સ્થિતિમાં પણ?"

"સિમ્પલ છે યાર."

"સિમ્પલ? કેવી રીતે?"

"બસ, જે છે તેને સ્વિકારી લો. સહજ રીતે સ્વિકારી લો."

"એટલે? તું શું…"

"એ જ કે સૌ પહેલાં જે સ્થિતિ સામે આવીને ઊભી છે, તે સત્ય છે. તેનો સ્વીકાર કરી લો. સ્વિકારી લો કે આ જ વાસ્તવિકતા છે, આ જ સત્ય છે. આ સ્થિતિ છે જ. અને આ સ્વીકાર સહજ હોવો જોઈએ."

"સહજ સ્વીકાર શા માટે?"

"જો સહજ સ્વિકાર થઈ જાય, તો મન સ્થિર થઈ જાય, શાંત થઈ જાય. કોઈ ગુસ્સો, કોઈ નારાજગી જ ના રહે. આવી પરિસ્થિતી માટે કોઈને જવાબદાર માનીને તેના પર ગુસ્સો કરવો કે નારાજ થવાની આપણને આદત છે. પણ સ્થિતિને જેમ છે તેમ સ્વિકારી લઈએ, તો બધું જ શાંત થઈ જાય. ભીતર પણ ,બહાર પણ. તદ્દન શાંત."

"પણ આ સહજ સ્વીકાર દ્વારા તું કહેવા શું માંગે છે?"

"સહજ સ્વીકાર એટલે આવી પડેલી સ્થિતિ માટે કોઈને પણ દોષિત નહીં માનવા. સ્વિકારી લેવાનું કે આ આપની યાત્રાનો જ કોઈ ભાગ છે. જે યાત્રાના આયોજનમાં આપણે નથી ઉમેર્યો. આપણાથી ચૂકી જવાયો છે, એ ભાગ. **It's a part of journey, part of game. We can say that it's a part of life. Accept it as a part of this episode of the life."**

"અર્થાત એવું તો થયા કરે. એમાં શું મુંઝાવાનું? ખરું ને?"

"યસ. એકઝેક્ટલી, એમ જ."

"વાઉ ! સ્વીકાર. સહજ સ્વીકાર. આ બધું તું કેમ કરી શકે છે?"

"બસ, એમ જ. સાવ સહજ."

"ફરી સહજ?" વ્યોમાએ સહજ શબ્દ પર ભાર દઈ કહ્યું. બન્ને હસી પડ્યા. પોતાના ડબ્બા પાસે આવી પહોંચ્યા.

નીરજા ટ્રેન પર ચડી ગઈ, "તું નીચે જ ઊભી રહે. હું હમણાં જ આવું છું." વ્યોમા નીચે જ ઊભી રહી ગઈ.

નીરજાએ બેગ ખોલી. થોડો નાસ્તો સાથે લઈ લીધો. સાથે સાથે બીજું પણ ઘણું તેણે થેલીમાં ભરી લીધું.

આસપાસ બેઠેલા યાત્રીઓ પર નજર કરી લીધી. એક હળવું સ્મિત આપ્યું, "તીન ચાર ઘંટે લગ સકતે હૈ…" તે નીચે ઉતરી ગઈ.

"શું છે આમાં?" વ્યોમાએ ઉત્સુક્તા બતાવી. તેને નીરજા નામનો તાગ મેળવવામાં રસ હતો. હવે આ છોકરી શું કરવા માંગે છે? હંમેશા નાજુક ક્ષણે નીરજા કશુંક નવું જ વર્તન કરી બેસતી હોય છે. શરૂઆતમાં તેનું વર્તન સમજાય નહીં, પણ અંતે ખબર પડે કે તેનું તે વર્તન, જે તે સમયને અનુરૂપ, પણ ન ધારેલું જ વર્તન હોય છે.

અત્યારે પણ ક્ષણો નાજુક લાગે છે, અને તે સ્વસ્થ છે. એનો અર્થ એ છે કે તેના મનમાં કશુંક નક્કર ચાલી રહ્યું છે. રમી રહ્યું છે. અને તે પ્રમાણે જ તે વર્તવાની છે.

તેના આ અજાણ્યા વર્તનને અગાઉથી જાણવા તેણે પ્રયાસ કર્યો, "નીરજા, શું વાત છે એ તો કહે…"

સ્મિત આપતી રહી નીરજા. તે ચાલવા લાગી. વ્યોમા તેને અનુસરતી રહી. ટ્રેનથી થોડે દૂર પશ્ચિમ દિશા તરફ તેઓ જવા લાગ્યા. કેટલાય યાત્રીઓ નીચે બેઠા હતા. અકળાયેલા હતા.

"કભી સમય પર નહીં ચલતી યહ રેલ.."

"અભિ તક તો સહી ચલ રહી થી, ના જાને અબ ક્યા હો ગયા…."

"હાદસા હોના કિ સિકે બસમે નહીં હોતા."

"કિન્તુ   હાદસા ભી તો માનવીય ક્ષતિ કે કારણ હી હુઆ હોગા."

"હાદસે કા પતા થોડા ચલતા હૈ, પર…"

"પર ટ્રેનકો તો એસી જગાહ પર રોક સકતે થે, જહાઁ સ્ટેશન હો,"

"ભલે હી છોટાસા હો, પર સ્ટેશન હો તો સબ સેફ મહસૂસ કર સકતે હૈ. યહાં તો દેખો સબ જંગલ હી જંગલ હૈ."

"હા. યહાં ના તો પાની હૈ, ના ખાને પીનેકા કોઈ સામાન…"

"ઇસ ગરમીમેં કેસે ક ટેં ગે, તીન ચાર ઘંટે…"

"ઇસ રેલ્વેકો તો…" કોઈએ ગુસ્સામાં હાથમાં એક પથ્થર લઈને દૂર ફેંકી દીધો.

"ધન્યવાદ, ભાઈ સાબ." નીરજાએ પેલી વ્યક્તિ સામે સ્મિત આપ્યું.

"ક્યોં?" તે કાંઇ સમજી ના શક્યો.

"ઇસ લિયે, કિ આપને અપને અંદરકે ગુસ્સેકો બહાર નિકાલ દિયા. પથ્થર ટ્રેન પર ફેંકને કે બદલે ખાલી જગહ પર ફેંકા." તે શરમ અનુભવવા લાગ્યો.

તેઓને ત્યાં જ છોડી બંને આગળ નીકળી ગયા. પશ્ચિમ દિશા તરફ ચાલવા લાગ્યા. ટ્રેનથી **250-300** મીટર દૂર આવી ગયા. અહીં થોડો ઢોળાવ વાળો ભાગ હતો. ઢોળાવની પેલે પાર આથમતા સૂરજને જોઈ શકાય તેમ હતું. ઢોળાવ ચડવા માટે એક નાની કેડી હતી.

કેડી પર ચાલવા લાગ્યા. આસપાસની સુંદરતાને જોતાં રહ્યા. માણતા ગયા. દૂર દૂર દરેક દ્રશ્ય સુંદરતા સર્જી રહ્યું હતું. હવે તેઓ ઢોળાવ પર ચડવા લાગ્યા.

સૂર્યાસ્તને હજુ વાર હતી, પણ સૂર્ય અસ્ત તરફ ગતિ કરી રહ્યો હતો.

હવે તેઓ પૂરી ઊંચાઈ પર હતા. ઢોળાવની ટોચ પર હતા. જમીનથી **300** ફૂટ ઉપર. ઠંડી હવા આવવા લાગી. ગમવા લાગ્યું.

ચારે તરફ નજર કરી. ટ્રેન કેટલી નાની લાગતી હતી. અને યાત્રીઓ? ખૂબ નાના નાના.

અહીં તાજી હવા વહેતી હતી. દૂર દૂર બધા ખેતરમાં આછી આછી લીલી ચાદર પથરાયેલી હતી. પહેલો વરસાદ થઈ ગયો હતો. વાવણી પણ થઈ ગઈ હતી. આછેરા લીલા અંકુરો ફૂટી ગયા હતા. મનમાં પણ અંકુરો ફૂટવા લાગ્યા.

"વાહ. વ્યોમા, કેટલો સુંદર સૂર્યાસ્ત જોવા મળશે અહીંથી."

"અવશ્ય. અપ્રતિમ સુંદરતા આપની પ્રતિક્ષા કરી રહી છે, દેવી નીરજા." વ્યોમા હવે ટ્રેન અટકી જવાની ઘટનાની બહાર આવવા લાગી હતી. થોડીવાર પહેલાં જે ગુસ્સો અને નારાજગી હતા, તે હવે ક્યાંય નજર નહોતા આવતાં.

"દેવી વ્યોમા, આ અદભૂત ક્ષણો સુધી મને પહોંચાડવા માટે મારે કોનો આભાર માનવો પડશે, તમારો કે ટ્રેનનો?"

"ટ્રેનની ઘટના નો નિમિત્ત છે. પણ અહીં સુધી પહોંચવું, તે આપના પ્રયાસનો ભાગ છે. જુઓને દોઢ બે હજાર માણસો આ ટ્રેનમાં હશે. ટ્રેનની અહીં રોકાઈ જવાની ઘટના બધા માટે બની છે. પણ તેઓ સૌ ત્યાં જ રોકાઈ ગયા છે. **250-300** મીટર દૂર જ આટલી સુંદરતા સજીવન થઈને અહીં ઊભી છે, એની તો તેઓને ખબર પણ ક્યાં છે? માટે…"

"બસ, બસ, વ્યોમા દેવી. આપણે તો અહીં પહોંચી ગયા, પણ પેલા સૌને પણ અહીં બોલાવી લઈએ તો?" નીરજાએ નીચે રહેલા સૌ તરફ આંગળી ચીંધી. બંનેની નજર કેડી પર પડી. કેટલાક લોકો તેના પર ચાલીને ઉપર તરફ આવી રહ્યા હતા.

તેઓએ હાથ હલાવી સૌને ઉપર આવવા આમંત્રણ આપ્યું. જવાબમાં **10-12** હાથ ઉપર ઉઠ્યા. સાતેક વ્યક્તિઓ ઉપર આવી રહ્યા હતા. તેઓ સાથે ગાર્ડ પણ હતા.

"વાઉ, વ્યોમા. ગાર્ડ સર પણ અહીં જ આવી રહ્યા છે. તો…"

"તો ટ્રેન છૂટી જવાના ભયથી મુક્તિ." વ્યોમા ખડખડાટ હસી પડી.

તેઓ પણ હવે ઉપર આવી ગયા હતા. સૌએ સ્મિતની આપ-લે કરી. સૌએ વિહંગાવલોકન કરી સુંદરતાને નજરમાં સમાવી લીધી. નીરજાએ નાસ્તાનો ડબ્બો ખોલ્યો. સૌ નાસ્તો કરવા લાગ્યા. સૌ તેમાં વ્યસ્ત થઈ ગયા. ઝડપથી ડબ્બો ખાલી થવા લાગ્યો, થઈ ગયો. સૌ ફરી સૌંદર્યને નિરખવા લાગ્યા.

બીજા થોડા લોકો પણ હવે આવી ગયા. ઢોળાવની ટોચ સપાટ અને પહોળી હતી. **100** જેટલા લોકો ઊભા રહી શકે તેટલી પહોળી. નવા આવેલા લોકો પણ આનંદથી સુંદરતા માણવા લાગ્યા.

થોડી વાર પહેલાં જે આંખો અને જીભ પર રોષ અને આક્રોશ હતા, તે સૌ હવે શાંત હતા. હવાની લહેરોએ તેઓના મનને બદલી નાંખ્યા હતા. ઢળતી સંધ્યાએ તેઓને ખુશનુમા બનાવી દીધા હતા.

"કોઈ હાદસા ભી ઇતના ખૂબસૂરત હોતા હૈ વહ પતા હી નહીં થા."

"વહી તો. હમ હાદસેકો હી રોતે રહતે,અગર હમ ઇસ જગહ પર નહીં આતે તો ..." ગાર્ડ બોલ્યા.

"ચાહ કર તો હમ ઇસ સ્થલ પર કભી નહીં આ પાતે."

"હાં. સહી હૈ."

"સૂર્યાસ્તકો હમ કિસી ઘીસે પીટે પર્વતિય સ્થલ પર ઢૂંઢતે હૈં, ઔર વહાં જા કર મિલતી હૈ નિરાશા."

"ધરતી કે પ્રત્યેક સ્થલકી અપની અપની સુંદરતા હૈ."

"યદિ વાસ્તવમેં સૂર્યાસ્તકો, સંધ્યાકે રંગોકો, દિલસે છુના હૈ, તો ઐસે હી કિસી ખાલી સ્થાન પર ચલે જાના ચાહીએ."

"બિલકુલ સહી પકડા હૈ આપને."

"જહાઁ કોઈ ભીડ નહીં. બસ તુમ, આકાશ, સૂર્ય, ક્ષિતિજ, સંધ્યા..."

"સીધા સંપર્ક હોતા હૈ કુદરતસે."

"કિતના અચ્છા લગ રહા હૈ, ઇસ શાંત સ્થલ પર."

"હાં, હાં. પર એક મિનિટ સબ શાંત હો જાઓ. શ..શ.." સબ શાંત હો ગયે.

"ધ્યાનસે સુનો. બિલકુલ શાંત હોકર સુનો. કહીં સે બાંસૂરીકી આવાજ આ રહી હૈ. .. ધ્યાનસે..."

"હાં. હાં. બાંસુરીકી હી આવાજ હૈ."

"અત્યંત મધુર હૈ."

"કહાંસે આ રહી હૈ**?** ચલો દેખતે હૈં ..."

દૂરથી મીઠી મધુરી વાંસળીનો અવાજ આવવા લાગ્યો. તેના સૂરો ધીરે ધીરે સૌના કાને પડવા લાગ્યા.

આ એકાંતમાં વાંસળીના સૂર **!** મીઠા મધુરા સૂર **!**

એક તો આ અદભૂત સ્થળ પર સૂર્યાસ્તના એકાંતનો અવસર **!** અને ઉપરથી વાંસળીના સૂર **!**

"લગતા હૈ આજ કુદરત હમ પર આપની પુર્ણ કૃપા બરસા રહી હૈ."

"કિતને ભાગ્યશાલી હેં હમ."

"પર યહ બાંસુરી બજા કૌન રહા હૈ**?**"

"ગાંવકા કોઈ ચરવાહા હી હોગા. અપની ગાયોંકો લેકર લૌટ રહા હોગા."

"નહીં, એૈસા કુછ નજર નહીં આ રહા."

સૌ ચારે તરફ નજર કરવા લાગ્યા. સૌને ખાત્રી થઈ ગઈ, કે વાંસળીનો અવાજ ઢોળાવના ઉત્તરી છેડા તરફથી આવી રહ્યો છે. સૌએ તે તરફ નજર કરી. કોઈ દેખાયું નહીં.

સૌ અધીરા થયા હતા. ઝડપથી ચાલવા લાગ્યા, અવાજની દિશા તરફ દોડવા લાગ્યા.

ઢોળાવની ટોચથી પચાસેક ફૂટ નીચે તરફ, એક પથ્થર પર બેઠેલી એક છોકરી વાંસળી વગાડતી હતી અને બીજી છોકરી તેની બાજુમાં જ બેઠી હતી.

વાંસળી વાગતી રહી. બન્ને વાંસળીની ધૂનમાં ખોવાયેલા હતા. આસપાસની ચહલપહલ થી સાવ અજાણ ! ઢળતો સુરજ, ઠંડી હવા, થોડી ઊંચાઈ, શાંતિ અને વાંસળીના સૂર. આટલી દુનિયામાં બન્ને છોકરીઓ વસવા લાગી.

"અરે, યહ તો વહી દોનો લડકીયાં હૈ."

"હાં, હાં. વહી હૈ..."

"ચલો ચલતે હૈં ઉનકે પાસ. "

"રૂકો. હમ યહીં રૂકેંગે." ગાર્ડે બધાને આદેશ આપ્યો.

"ક્યોં?"

"દેખો વહ કિતની અચ્છી બાંસુરી બજા રહી હૈ. વહ આપની દૂનિયામેં વ્યસ્ત હૈ. જૈસે કોઈ યોગી સમાધીમેં બેઠા હો. હમ વહાં જાયેંગે તો ઊનકા ધ્યાન ભંગ હોગા. સમાધિ તૂટ જાએગી. વહ બાંસુરી બજાના બંધ કર દેગી. હમેં જો આનંદ અભી મિલ રહા હૈ, વહ ભી તૂટ જાએગા, બીખર જાએગા."ગાર્ડે વિસ્તારથી કહ્યું. સૌ ત્યાં જ રોકાઈ ગયા. ઊભા રહી ગયા. મૌન.

દૂર આકાશમાં ઢળતી સંધ્યા, સૂર્યાસ્તની લાલીમા, એકાંત, શાંતિ અને વાંસળીના અદભૂત સૂરો. આટલું બધું એક સાથે ! આટલો સુંદર સુયોગ ! ધારો તો પણ ના મળે. ચાહો તો પણ સર્જી ના શકાય.

અને અહીં? અનાયાસ જ સર્જાયું છે એક અદભૂત વિશ્વ !

નીરજા વાંસળી વગાડતી હતી. આંખ બંધ કરી વાંસળી વગાડતી હતી. વ્યોમા બાજુમાં બેઠી હતી. નીરજાના હોઠો પર રહેલી વાંસળીમાં રાગના સૂરો વહેવા લાગ્યા. સૂરો વાતાવરણમાં ભળી જવા લાગ્યા.

સા રે ગ પ ધ સા ....

સા ધ પ ગ રે સા...

"વાહ, રાગ પહાડી સૂના રહી હૈ યહ બચ્ચી." ગાર્ડે બધાને સંગીતની માહિતી આપી.

આ હવામાં રાગ પહાડીએ તેનો જાદુ સૌ પર પાથરી દીધો. સૌ મંત્રમુગ્ધ બની ગયા. નીરજાના બંધ આંખો વાળા ચહેરા પર અદભૂત આભા રમતી રહી.

વાંસળી વાગતી રહી. સૂર્ય ઢળતો રહ્યો. આકાશ રંગ બદલતું રહ્યું. વ્યોમા પણ નીરજાની બાજુમાં સમાધિ જેવી જ અવસ્થામાં બેઠી રહી. હવા મંદ મંદ ચાલતી રહી.

સ્થિર હતા તો પેલા 15-20 વ્યક્તિઓ. તેમાંથી કોઈ કશું જ બોલવા નહોતા માંગતા. સૌ પોતપોતાની સાંજને પોતાના હ્રદયથી માણતા રહ્યા. ક્યાંય સુધી.

ગાર્ડની વોકિટોકી પર ડ્રાઈવર ટીમનો મેસેજ આવ્યો. સૌનું ધ્યાન ભંગ થયું. ડ્રાઈવર જોડે ગાર્ડની વાત થઈ. ટ્રેન હવે ઉપડવા તૈયાર હતી. ટ્રેનનું વ્હિસલ વાગ્યું. સૂર્ય ડૂબી ગયો. ક્ષણો બદલાઈ ગઈ. સૌ ટ્રેન તરફ દોડયા. નીરજા અને વ્યોમાને પણ ગાર્ડે બોલાવી લીધા. વાંસળી પકડી તેઓ પણ દોડ્યા. સૌ પોતપોતાને સ્થાને ટ્રેનમાં ગોઠવાઈ ગયા. ગાર્ડે ખાત્રી કરી લીધી કે સૌ ટ્રેનમાં ચડી ગયા છે. કોઈ બાકી બચ્યું નથી. તેણે ગ્રીન સિગ્નલ આપ્યું. ટ્રેન ચાલવા લાગી.

સાંજના સાડા સાત થવા આવ્યા. સાડા ત્રણ કલાક જેટલો સમય આ સ્થળ પર વિતાવી, ટ્રેન કટિહાર તરફ નીકળી પડી.

સાથી યાત્રીઓ નીરજા અને વ્યોમાથી ખૂબ પ્રભાવિત હતા. સાડા ત્રણ કલાક જેટલો બોરિંગ સમય તેઓને પહાડ જેવો લાગતો હતો. એ સમયે જ, છેલ્લા અઢી કલાકમાં બન્નેએ સૌને ઢોળાવ પર લઈ જઈને નવી અનુભૂતિ કરાવી હતી.

આ અઢી કલાકનો સમય અદભૂત રીતે વિતી ગયો. અઢી કલાકની કોઈ અનુપમ ફિલ્મ પૂરી થઈ હોય જાણે! કોઈ સુંદર નાટક પૂરું થયું હોય ! જેના મુખ્ય કલાકાર હતા, નીરજા અને વ્યોમા.

પ્રકરણ 24

નાટક પૂરું થાય એટલે તેના પાત્રોને મળવાની ઈચ્છા થાય. તેના કલાકારોના સાનિધ્યને માણવાનું મન થાય. અને એ કલાકારો સુધી પહોંચી શકાય તો કેવી મજા પડે !

અહીં પણ એવું જ થયું. અઢી કલાકના સુંદર નાટકના બે કલાકારો, નીરજા અને વ્યોમાને મળવા, તેની સાથે વાતો કરવા, દોસ્તી કરવા, ઘણા બધા લોકો ઉત્સુક થઈ ગયા.

કેટલાય યાત્રીઓ તેના ડબ્બામાં આવીને બેઠા. તેની સીટ પાસે, સામેની સીટ પર, તો કેટલાક તેઓને ઘેરીને ઊભા રહી ગયા. સૌ નીરજા અને વ્યોમા સાથે વાત કરવા અધીરા હતા.

બધાને કશુંક કહેવું હતું, પોતાનું.

વ્યોમાએ સૌ સામે સ્મિત આપ્યું. નીરજા સૌની અવગણના કરી, બારી બહાર જોવા લાગી. થોડી વાર વ્યોમાએ સૌની વાતો સાંભળી, વાતો કરી અને હસીને સૌને વિદાય કર્યા. નીરજા મૌન જ જોતી રહી બારી બહાર. ધીરે ધીરે ટોળું વીખરાવા લાગ્યું.

કટિહાર સ્ટેશન પર ગાડી રોકાઈ. ટ્રેન હવે ત્રણ કલાક લેટ ચાલી રહી હતી. યાત્રીઓની ચડ-ઉતર થવા લાગી. ટ્રેન ફરી ચાલવા લાગી.

હજુ ય થોડા લોકો નીરજા અને વ્યોમા જોડે વાત કરવા માંગતા હતા. પણ બન્ને એવા કોઈ મૂડમાં નહોતા. બન્ને બારી બહારની દુનિયામાં ખોવાઈ ગયા. લોકો પણ સમય પારખી વિખરાઈ ગયા.

સૌ યાત્રીઓ ડિનરમાં વ્યસ્ત થઈ ગયા. થોડી વારે સૌ સૂઈ ગયા. નીરજા અને વ્યોમા માટે રાત હજુ યુવાન હતી. આટલું વહેલું સૂઈ જવાનો ઇરાદો નહોતો.

જાગતા રહ્યા બન્ને, ઘણી વાર સુધી. પણ અંતે નિંદ્રા જીતી ગઈ. બન્ને સૂઈ ગયા.

ટ્રેન પૂર્વ દિશા તરફ ધસી રહી હતી. અહીં દેશના બાકીના ભાગ કરતાં સૂર્ય વહેલો ઊગી જતો. સવારના ચાર વાગી રહ્યા હતા. નિંદ્રા અચાનક છટકી ગઈ. નીરજા જાગી ગઈ. બારી બહારના દ્રશ્યો જોવા લાગી. સૂર્યોદય પહેલાંનો આછેરો ઉજાસ આવુ આવું થઈ રહ્યો હતો.

ઓહ ! અદભૂત આકાશ ચારે તરફ પથરાયેલું હતું. તે ક્ષણો પર તે સ્થિર થઈ ગઈ. આકાશના પ્રત્યેક ખૂણામાં સૌંદર્ય હતું. તે તેને આકર્ષી રહ્યું. આકર્ષણ ! તિવ્ર આકર્ષણ ! તે નજર ના હટાવી શકી, આકાશના અલૌકિક સૌંદર્ય પરથી.

ધીરે ધીરે પ્રકાશ વધવા લાગ્યો. હવે ત્યાં અંધકારનું કોઈ જ સ્થાન બચ્યું ન હતું. પૂર્ણ પ્રકાશ પૂંજ સૂર્ય, હવે ઊગી રહ્યો હતો. તેના આગમન પહેલાંની ક્ષણોનો પ્રકાશ પોતાનું સ્થાન લઈ ચૂક્યો હતો.

નીરજાએ આળસ ખંખેરવા બન્ને હાથ પહોળા કર્યા. ડાબો હાથ કોઈ સાથે અથડાઇ ગયો. તે ચમકી ગઈ. તેણે ડાબી બાજુ ઝડપથી નજર કરી.

ઓહ. વ્યોમા !

વ્યોમા તેની બાજુમાં જ આવીને ક્યારની ય સીટ પર બેસી ગઈ હતી. તે પણ નીરજાની જેમ જ બારી બહારના પ્રત્યેક દ્રશ્યને, પ્રત્યેક ક્ષણને માણી રહી હતી, નીરજા સાથે જ. પણ નીરજા બેધ્યાન હતી. તેને એમ જ હતું કે વ્યોમા હજુ પણ સૂતી છે.

વ્યોમા નીરજાની જેમ જ થોડી વાર પહેલાં જ જાગી ગઈ હતી. નીરજા તરફ નજર કરી જોયું, તો નીરજા બારી બહાર જોઈ રહી હતી. નીરજાને ખલેલ ના પહોંચે તેમ તે નીચે ઉતરી ગઈ. નીરજાની બાજુમાં બિલ્લિ પગે આવીને બેસી ગઈ. નીરજાને તેની ખબર નહોતી પડી.

નીરજા અદભૂત આકાશને જોઈ રહી હતી. વ્યોમા પણ તેને ખલેલ પહોંચડ્યા વિના, ધ્યાન ભંગ કર્યા વિના જ, તેની બાજુમાં બેસીને એ જ દ્રશ્યો, એ જ આકાશ, એ જ પ્રકાશને માણતી રહી.

નીરજાનો હાથ લાગ્યો ત્યારે બન્ને ચોંકી ગઈ. બન્નેનું ધ્યાન ભંગ થયું હતું. બન્ને સામસામે હસી પડી. નીરજા હસતી રહી, પણ વ્યોમા તરત જ ગંભીર થઈ ગઈ.

નીરજાને નવાઈ લાગી. આવું ક્યારેય બન્યું નહોતું. જ્યારે તેઓ બન્ને હસતાં ત્યારે ખૂબ હસતાં, લાંબા સમય સુધી હસતાં રહેતા.

પણ આમ અચાનક વચ્ચે જ હસવાનું બંધ કરી, વ્યોમાનું ગંભીર થઈ જવું, નીરજાને સમજાયું નહીં. તેણે પણ હસવાનું બંધ કરી દિધું. તેની આંખમાં વ્યોમા માટે પ્રશ્ન હતો, ‘શું વાત છે, વ્યોમા?’ અને વ્યોમાની આંખમાં નારાજગી.

બન્નેએ એકબીજાની આંખો વાંચી લીધી.

“વ્યોમા. કોઈ વાત જરૂર છે. આમ કેમ વર્તે છે?” નીરજાને શબ્દોનો સહારો લેવો પડ્યો.

ઘણી વાર સુધી વ્યોમા મૌન રહી. બહાર નજર કરતી બેસી રહી. કોઈ પ્રતિક્રિયા વિના જ.

નીરજા માટે આ ક્ષણો અજાણી અને અસહય હતી. તેણે વ્યોમાનો હાથ પકડી લીધો.

વ્યોમાએ ઝટકા સાથે તે છોડાવી લીધો. એક તીક્ષ્ણ નજર નીરજા તરફ કરીને, ફરી મોઢું ફેરવી બહાર જોતી બેસી રહી.

“અરે બાબા, કોઈ ભૂલ થઈ હોય તો માફ કરી દે, પણ આમ નારાજ ના થઈશ. શું વાત છે એ કહે ને પ્લીઝ.” નીરજા હવે તેને મનાવવા લાગી.

“માફ કરી દે? ક્યારેય નહીં. મેં નહોતું ધાર્યું, કે તું આટલી સ્વાર્થી હશે.” વ્યોમાએ મૌન તોડ્યું.

“સ્વાર્થી? અને હું? …”

“હા. તું. બિલકુલ સ્વાર્થી.”

“કેવી રીતે?” નીરજાએ વ્યોમાની આંખમાં આંખ નાંખી પૂછ્યું.

“બસ, બધો ખજાનો એકલા એકલા લૂંટી લેવો છે. મને કોઈ ભાગ નહીં આપવાનો. તું આટલી સ્વાર્થી થઈ જઈશ, એવું મે ક્યારેય નહોતું ધાર્યું.” વ્યોમા હવે સ્પષ્ટ લડી લેવાના મૂડમાં હતી.

“કેવો ખજાનો? કેવો ભાગ? તું શું વાત કરે છે? કશું ય સમજાતું નથી. કાંઈક સમજાય એવું બોલ ને પ્લીઝ..” નીરજા હવે ખરેખર દ્વિધામાં પડી ગઈ.

“કુદરતો ખજાનો. તેનું સૌંદર્ય તારે એકલીએ પી જવું છે. માણી લેવું છે. કોઈ તેમાં ભાગ પડાવે તે તને મંજૂર નથી.”

“એટલે?”

“એ જ કે ટ્વીલાઇટનો સમય થયો અને તું જાગી ગઈ, પણ મને જગાડવાને બદલે બસ એકલી એકલી જ તેને જોવા લાગી. માણવા લાગી. તને એ પણ યાદ ના રહ્યું કે હું ટ્રેનમાં તારી સાથે જ સફર કરી રહી છું અને મને પણ આ સૌંદર્ય એટલું જ પ્રિય છે જેટલું તને. પણ, …”

“ઓહ, વ્યોમા. એમ વાત છે? એ તો …” નીરજા પ્રયાસ કરવા લાગી વ્યોમાના ગુસ્સાને ઘટાડવાનો. પણ વ્યોમા આજે ખરેખર નારાજ હતી. કદાચ નીરજા પર પહેલી વાર નારાજ હતી. અને એ પણ ખૂબ જ.

તે નીરજાની કોઈ વાતમાં આવીને માની જવા તૈયાર ન હતી. નીરજાએ ખૂબ પ્રયાસ કરી જોયા, પણ વ્યોમા માની નહીં..

થાકી ગઈ, હારી ગઈ, નીરજા. હવે તે વિચારવા લાગી કે વ્યોમાને કેમ કરી ખુશ કરી શકાય ! કેટલોય સમય વિતી ગયો. બંને મૌન યાત્રા કરતી રહી. સ્ટેશનો આવતા ગયા. દિવસ ચડતો ગયો. પણ વ્યોમાનો પારો ઊતરતો ન હતો.

નીરજા હવે ખરેખર પરેશાન હતી. તે સીટ પરથી ઉઠી. બેગ ખોલી. વ્યોમા પણ ઉઠી. બાથરૂમ તરફ ગઈ.

નીરજાને તક મળી ગઈ. વ્યોમાની ગેરહાજરીનો લાભ લઈ, તે પોતાની યોજના અમલમાં મૂકવા લાગી.

તેણે વાંસળી બહાર કાઢી. ઊંડો શ્વાસ લીધો. ગળું ખંખેરી લીધું. અને હોઠ પર માઁડી દીધી, વાંસળીને. તેને ખબર હતી કે સાથી યાત્રીઓને કદાચ તેના વાંસળીના સૂરો ખલેલ પહોંચાડે અને કોઈ નારાજ પણ થઈ જાય.

પણ આજે તેને બીજા કોઈના નારાજ થવાની પરવા ન હતી. તે તો તેની સખી વ્યોમાની નારાજગી દૂર કરવા માંગતી હતી. તે માટે તે બીજા બધાની નારાજગી વહોરી લેવા તૈયાર હતી.

વાંસળીના સૂરો સર્જાવા લાગ્યાં. વાતાવરણમાં ફેલાવા લાગ્યા. ટ્રેનની ગતિની સાથે સાથે તે પણ યાત્રા કરવા લાગ્યા.

સૌ યાત્રીઓ વાંસળીના સૂરોને સાંભળવા લાગ્યા. વ્યોમાએ પણ તે સાંભળ્યા. તે સમજી ગઈ કે આ સૂર નીરજાની વાંસળીના જ છે. નીરજાની વાંસળી કોઈ કરૂણ સૂરોને છેડી રહી હતી.

'નીરજા અત્યારે ટ્રેનમાં વાંસળી વગાડે છે? તેનો અર્થ એ છે કે તે મને મનાવવા માંગે છે. મારે હવે વધુ વાર નારાજ રહેવું સારૂ નહીં.' તેણે ઝડપથી મોઢું ધોઈ લીધું. અને દોડી ગઈ નીરજા પાસે.

નીરજાને ભેંટી પડી. નીરજાની આંખમાં જોવા લાગી. નીરજા રડી રહી હતી. વાંસળીના સૂરો અને આંસુઓની જુગલબંધી જોઈને, વ્યોમા પણ રડવા લાગી. તેણે નીરજા પાસેથી વાંસળી લઈ લીધી.

એક બીજાને ભેટીને બેસી રહ્યા, કયાઁય સુધી. બંનેની આંખો વરસતી રહી, કયાઁય સુધી. બધી જ નારાજગી આંસુઓ સાથે તણાઈ ગઈ. શબ્દોને માટે હવે કોઈ અવસર ન હતો.

પ્રકરણ 25

સુરજ હવે થોડો વધુ ચડી ગયો હતો. લેટ થયેલી ટ્રેન, વધુ લેટ થતી ગઈ. ન્યુ બોંગોઇગાંવ સ્ટેશન પર ગાડી રોકાઈ. સવારના 6.50 વાગ્યા હતા. ટ્રેન હવે ચાર કલાક લેટ થઈ ગઈ હતી.

અહીંથી હવે માત્ર ચાર કલાકના રસ્તા જેટલું જ દૂર હતું, ગૌહાટી સ્ટેશન. રોમાંચ પ્રસરી ગયો મન અને તનમાં. તાજા જ પામેલા રોમાંચને માણવા બંને પ્લૅટફૉર્મ પર ઉતરી પડ્યા. ખુલ્લી હવા સ્પર્શતી રહી. થોડી વાર એમ જ હવાને અનુભવતા રહ્યા. ટ્રેન સિટિ વગાડવા લાગી. તેઓ ઉપર ચડી ગયા. ટ્રેન ચાલવા લાગી.

ચાલતી ટ્રેને એક યુવાન છોકરો દોડીને ટ્રેનમાં ચડી ગયો. કદાચ તે ટ્રેન ચૂકી જાત. નીરજા હજુ દરવાજા પાસે જ ઊભી હતી. એ છોકરો થોડો હાંફતો હતો.

“યુ કેન સીટ ફોર એ વ્હાઇલ.” વ્યોમાએ માનવતા બતાવી.

“મારો ડબ્બો તો બાજુમાં જ છે. ઉતાવળે તમારા ડબ્બામાં ચડી ગયો છું.” તે છોકરો ગુજરાતીમાં બોલ્યો.

“કોઈ વાંધો નહીં. ડબ્બાઓ અંદરથી કનેક્ટ જ હોય છે.” વ્યોમાએ તેને ધરપત આપી.

“હા, મને ખબર જ છે.” તેણે જવાબ વાળ્યો. નીરજા ચૂપચાપ સાંભળતી રહી. તેને નિરખતી રહી. તેને અચાનક જ ખયાલ આવ્યો કે આ છોકરો તો ગુજરાતી બોલે છે.

“આપ ગુજરાતી છો?” નીરજાએ પૂછ્યું.

“હા, હું ગુજરાતી છું.” જાણે વાત આગળ ચાલે તેમાં જ તેને રસ હોય તેમ તે નીરજા અને વ્યોમાની જોડે સીટ પર જ બેસી ગયો.

પચીસેક વર્ષનો યુવાન. સાફ સુથરી દાઢી. ચમકતો ગોરો ચહેરો. ફાંકડું ગુજરાતી બોલતો હતો.

નીરજાએ તેને ઉપરથી નીચે સુધી ચકાસી લીધો. સરસ મજાનું જીન્સ અને ટી શર્ટ પહેર્યા હતા. ચુસ્ત અને સ્ફૂર્તિલો લાગતો હતો.

‘શું આ છોકરો છેક ગુજરાતથી જ આ ટ્રેનમાં સાથે હશે, કે પછી વચ્ચેથી ક્યાંક ચડ્યો હશે?’

પણ ગુજરાતી શબ્દોએ બંનેને ખુશ કરી દીધા.

“હું નરેશ પટેલ. અમારે લાકડાનો બિઝનેસ છે. અમે કચ્છી પટેલોને લાકડા સાથે સારું ફાવે. આખા દેશમાં લાકડાની સો મિલ ક્યાંય પણ દેખાય તો સમજી જવાનું કે કોઈ કચ્છી પટેલ જ તેનો માલિક છે.” તે હવે વધુ ખુલવા લાગ્યો હતો.

“ક્યાં છે તમારી સો મિલ?” નીરજા હવે જોડાઈ ગઈ.

“નડીઆદમાં.”

“તો અહીં ફરવા આવ્યા છો? કોણ કોણ છે તમારી સાથે?”

“ના. માત્ર ફરવા નહીં. ફરવા સાથે બિઝનેસ પણ કરવાનો.”

“મતલબ?”

“આસામ, મેઘાલય વગેરે ના ગાઢ જંગલોમાંથી લાકડું સારું મળે છે. ત્યાં ફરવાના સ્થળો પણ ઘણાં છે. આમ બંને કામ એકસાથે થઈ જશે.”

“ઓહ, ટીપીકલ ગુજરાતી !” વ્યોમાએ વ્યંગ કર્યો. અને બંને હસી પડ્યા.

વ્યોમાને આમ હસવાની મજા પડી. ઘણા સમય બાદ તે હસતી હતી. પણ નીરજા નરેશ પટેલને ધ્યાનથી નીરખી રહી હતી. નરેશને પણ ખબર હતી કે નીરજાની નજર કશુંક નોંધી રહી છે. તે સાવધ હતો.

નીરજાને લાગ્યા કરતું હતું કે આ અવાજ ક્યાંક સાંભળ્યો છે. આ ચહેરો ક્યાંક જોયો છે. આ અદા નવી નથી. અજાણી નથી. તે

નરેશનું અવલોકન કરવા લાગી. તેની નજર હાથ પરની ઘડિયાળ પર ગઈ. તે ચોંકી ગઈ.

તેણે પગ તરફ નજર કરી. બૂટ જોઈ તે સાવધ થઈ ગઈ.

ઓહ. આ માણસ તો પેલો ભિખારી જ છે. ભિખારીનો વેશ, તેની હિન્દી ભાષા. અને આનો સાફ સુથારો વેશ. ગુજરાતી ભાષા. પેલો દાઢીવાળો ચહેરો અને આ ક્લીન શેવ્ડ ચહેરો. પેલો થોડો રુક્ષ અને બિહામણો. સતત ડરાવવાનો પ્રયાસ કરતો માણસ. અને આ, ખૂબ જ મૃદુ અને પરાણે મીઠો લાગતો માણસ. મિલનસાર, હસમુખો અને જરાય ડર ના લાગે તેવો માણસ.

બંને સાવ જુદા જ વ્યક્તિત્વ. પણ એક સરખા ચહેરા, અવાજ અને ...

એક સરખા બૂટ અને ઘડિયાળ ! શું એ સંયોગ હશે? કે પછી આ માણસ કોઈ ચાલ રમી રહ્યો છે.

ભિખારીના વેશમાં પણ તે આસપાસ જ ફર્યા કરતો હતો. અને આ રૂપમાં પણ તે કોઈને કોઈ બહાને અહીં આવી ગયો છે.

બાજુના જ ડબ્બામાં તેની સીટ છે, છતાં બહાનું કાઢી, ગુજરાતી હોવાનો લાભ લઈ, મારી અને વ્યોમાની નજદીક રહેવાનો પ્રયાસ કરી રહ્યો છે. ઘણી વાર થઈ ગઈ છતાં, તે જવાનું નામ નથી લેતો. વધુને વધુ સમય વાતો કરીને અહીં જ બેસી રહેવા માંગે છે.

"કાલ સાંજે ટ્રેન અટકી ગઈ હતી, ત્યારે તમે બંને પેલા ઢોળાવ પર ગયા હતા. બીજા બધાને પણ ત્યાં લઈ ગયા હતા." તેણે ફરી નવી વાતનો દોર શરૂ કર્યો. વ્યોમા સાથે વાત ચાલુ રાખી નીરજાને તે જોતો રહેતો હતો.

"હા, લોકો તો એમ જ ત્યાં આવી પહોંચ્યા હતા."

"તમે એમને સૌને નાસ્તો પણ આપ્યો હતો. સૌ તમારી ચર્ચા કરતાં હતા."

"ઓહ, ખરેખર?" વ્યોમા વાતોમાં પરોવાતી જતી હતી. નીરજા હજુ પણ અળગી જ હતી.

"અને પેલી વાંસળીના સૂરો... અદભૂત ...સૂરો." નરેશ હવે વધુ સમય અહીં જ ગાળવા માંગતો હોય તેમ વાત વિસ્તાર્યે જતો હતો.

"ઓહ, વાંસળી. એ તો નીરજા વગાડતી હતી." વ્યોમાએ નીરજા તરફ ઈશારો કર્યો.

નરેશ જાણે એ જ ક્ષણની રાહ જોતો હોય તેમ, તરત જ નીરજા તરફ ફરીને તેની સાથે વાતો ચાલુ કરવા લાગ્યો, "ઓહ તો તમારું નામ નીરજા છે ! હું નરેશ પટેલ." તેણે સ્મિત આપ્યું.

નીરજાએ થોડી ક્ષણો વિચારવા માટે લીધી.

શું આ એજ માણસ છે, જે ભિખારી બનીને આવ્યો હતો. જે પોતાની આંખોના ભાવથી ભય પમાડવા માંગતો હતો? કે પછી કોઈ ખરખર સાચો ગુજરાતી પ્રવાસી અને વ્યાપારી હશે? આનું નામ નરેશ પટેલ છે. સરસ મજાનું ગુજરાતી બોલે છે. પેલો સરસ મજાનું હિન્દી બોલતો હતો. શું નામ હતું એનું?

એ તો ભિખારી હતો. ભિખારીઓને નામ નથી હોતા, નીરજા. એ તો બસ ભિખારી જ હોય.

જો આ માણસને સાચેસાચ ઓળખવો હશે તો તેનાથી ભાગવાને બદલે તેની સાથે રહીને તેને સમજવો પડશે. ચાલ, દોસ્તી હોવાનો તેને ભ્રમ રહે, તેમ વાતો ચાલુ કરી દે. નીરજાએ મુખ પર દોસ્તીના ભાવો લાવી દીધા. સ્મિત આપ્યું.

"કેમ છો નરેશ પટેલ."

"તમારી વાંસળીના સૂરો સુંદર હતા. અને ..." નરેશે વાતોનો દોર સાંધતા કહ્યું.

"ઓહ, થેન્ક યુ."

"હમણાં પણ તમે જે સૂરો વગાડયા હતા, તે થોડા કરૂણ સૂરો લાગ્યા, મને."

"હા એ કરૂણ હતા. બસ એ તો જરા એ વખતના મૂડ પર ..."

"પણ ગમી જાય તેવા હતા."

"ઓહ, થેન્ક યુ." નરેશ લાકડાનો વ્યાપાર કરે છે પણ સંગીતના સૂરોની પણ જાણકારી રાખે છે. તેના લાકડાના જ્ઞાનને ચકાસવાના ઇરાદાથી પૂછ્યું, "તમારા બિઝનેસ માટે લાકડું ક્યાંથી મળી રહે છે?"

"ગૌહાટી અને મેઘાલય. શિલ્લોંગમાં પણ."

"ત્યાં કેવા પ્રકારનું લાકડું મળે છે?"

"ઓહ, તમને ધંધામાં રસ ખરો?" નરેશે વાત જરા બદલવા પ્રયાસ કર્યો.

"ખાસ નહીં. અને લાકડાના ધંધામાં જરા પણ ખબર ન પડે."

"તો છોડો ને ધંધાની વાતો." તેણે સિફતપૂર્વક વાતનો જવાબ ટાળી દીધો. નીરજાએ તે નોંધ્યું.

હાલમાં તે નરેશ પટેલ પરનો પોતાનો શક જાહેર કરવા નહોતી માંગતી. એટલે તેણે પણ વાતને આગળ ન વધારી. પણ સાવધ રહેવા લાગી.

થોડી વાતો કરી નરેશ જતો રહ્યો. જતાં જતાં તે બન્નેને પોતાનું બિઝનેસ કાર્ડ આપતો ગયો.

"નીરજા, એક પ્રશ્ન કાલ સાંજનો મારા મનમાં ચાલે છે, પણ પૂછવાનો સમય જ ન મળ્યો."

"તો પૂછી નાંખને. તને આવી ફોર્માલિટીની આદત ક્યારથી પડી ગઈ?"

"તું તો તબલા શીખી રહી હતી ને? તો આ વાંસળી...."

"તબલા તો બે જ દિવસમાં છોડી દીધા હતા. ગુપ્ત રીતે વાંસળી જ શિખતી રહી. મને તબલા કરતાં વાંસળીના સૂરો વધુ ગમ્યા, એટલે ગુરુજીને વાંસળી માટે મનાવી લીધા."

"ઓહ, મારાથી પણ ગુપ્ત? નીરજા, તું અલગ રીતે વર્તી રહી છે." વ્યોમાએ મીઠો ઝગડો ચાલુ કર્યો.

"તું જાણે છે કે તું મારી બેસ્ટ ફ્રેન્ડ છે. તો નારાજ નહીં થવાનું."

"તું ઘણું બધું મારાથી છુપાવી રાખે છે. તું ક્યાંક મને ..."

"વ્યોમા, એવું કશું જ નથી. તું મારા માટે ..."

"તો તું મારાથી કેમ ગુપ્ત રાખે છે, કેટલીક વાતો?" વ્યોમા હવે ખરેખર નારાજ થઈ ગઈ.

નીરજા, વ્યોમાને નારાજ કરવા નહોતી માંગતી. પણ સાથે સાથે તેણે નીરજાને નારાજ થવા માટે પૂરતા કારણો પણ આપ્યા હતા.

"વ્યોમા..."

"નીરજા, જો તું આમ જ એકલી એકલી બધું કરવાની હોય, તો હું પરત ચાલી જઉં છું. મારે નથી આવવું તારી સાથે."

"વ્યોમા, સોરી દોસ્ત. હવે એવું નહીં કરું. પણ તું મારો સાથ છોડીને જવાની વાત ન કરીશ. તું પાછી જઈશ, તો હું પણ આ યાત્રા છેક ગૌહાટી સુધી આવીને છોડી દઇશ."

"તને તો આદત છે, એકલા એકલા બધું કામ કરવાની. મારી કયાઁ જરૂર છે તને?"

"એવું નથી, વ્યોમા. હું સ્વીકારું છું, મારી ભૂલ. આઈ એમ સોરી, ડિયર." નીરજાની આંખ ભીની થઈ ગઈ. તેને પોતાની ભૂલ સમજાઈ ગઈ હતી. તે પસ્તાવો પણ અનુભવી રહી હતી. તેણે ફરી વાંસળી હાથમાં લીધી અને હોઠો પર લગાડી.

એ જ કરૂણ સૂરો છેડી દીધા.

વ્યોમાને તે કરુણ સૂરો હચમચાવી દેતા હતા. તેણે વાંસળી લઈ લીધી. બંનેની આંખો મળી. કેટલાય પ્રવાહોના સેતુ રચાયા હશે એ આંખો વચ્ચે.

થોડી વારે બંને વચ્ચે બધું શાંત થઈ ગયું.

હળવા વાતાવરણની વચ્ચે વ્યોમાએ પૂછ્યું,"પણ, તબલાની બદલે આ વાંસળી જ કેમ?"

"તબલા સાથે લઈને તો ફરી ના શકાય ને? તેને ઊંચકીને ફરીએ તો થાકી જવાય ને?" નીરજા ખડખડાટ હસી પડી.

વ્યોમા પણ તેમાં રહેલા વ્યંગ અને હાસ્યને પામી ગઈ. તે પણ હસી પડી.

ટ્રેન ઊભી રહી ગઈ. સ્ટેશન આવ્યું હતું.

'કામખ્યા'

વ્યોમાએ ઉત્સાહમાં સ્ટેશનનું નામ જરા મોટેથી વાંચ્યું.

"ઓહ, કામખ્યા . વ્યોમા. આપણે કામખ્યા પહોંચી ગયા. હવે.."

"બસ, એક જ સ્ટેશન અને એક કલાક જેટલો સમય બાકી રહ્યો."

"એક કલાક પછી એક યાત્રા પૂરી થશે, તો બીજી યાત્રા શરૂ !"

"હા, નીરજા. બસ, એક યાત્રા પૂર્ણતાના આરે છે. અને બીજી તેના પ્રારંભ બિંદુ પર."

"દરેક યાત્રા , જ્યારે જ્યારે પૂરી થાય છે, ત્યારે ત્યારે તે નવી યાત્રાનો દ્વાર ખોલી આપે છે."

"એટલે કે યાત્રા ચાલતી જ રહે છે. એક પૂરી થાય તો બીજી, બીજી પૂરી થાય તો ત્રીજી…."

"બસ, જિંદગીનું નામ જ યાત્રા છે."

"અને મૃત્યુ એટલે? એ યાત્રા નો અંત? વિરામ?"

"પછી કોઈ યાત્રા નહીં. પૂર્ણ વિરામ. યાત્રાનું, ચરણોનું, શ્વાસોનું પૂર્ણ વિરામ." નીરજા ગંભીર થઈ ગઈ.

"જીવન એટલે યાત્રા. યાત્રાનો અંત એટલે મૃત્યુ."

"કેટલું સરળ છે આ બધું."

"વાત તો સાવ સરળ છે, પણ આ યાત્રા, આ જીવન, એટલું સરળ થોડું છે. યાત્રાના દરેક ડગલે …"

"આપણે પણ કેટલા વિઘ્નો સહ્યા છે, આ યાત્રા શરૂ કરતાં પહેલાં, વ્યોમા !"

ટ્રેન ચાલવા લાગી.

"છોડ એ ફિલોસોફી. આપણે આટલા બધા ઊંડા વિચારક ક્યારથી થઈ ગયા?" વ્યોમાએ વ્યંગ કર્યો.

"ઓહ. ખબર જ ન પડી કે આપણે ક્યારે આવા ગહન વિષય પર બોલવા લાગ્યા. આપણામાં આવું બધું જ્ઞાન કયાઁ હતું?"

"એ તો આપણે પુસ્તકો વાંચવા લાગ્યા ને, એટલે આવી વાતો સહજ …"

"ઓહ, સાચી વાત છે. પુસ્તકો કેવા કેવા વિષયો સહજતાથી શીખવાડી દેતા હોય છે." નીરજા પુસ્તકવિભોર બની ગઈ.

"થેંક્સ પુસ્તકો." વ્યોમાએ પણ પુસ્તકો પ્રત્યે આદર બતાવ્યો.

"અરે, થેંક્સ તો નેહા મેડમનો, કે જેણે આપણને પુસ્તકો સાથે પરિચય કરાવ્યો."

"નેહા મેડમનો તો આપણા ઘડતરમાં ખૂબ ફાળો છે. એનો આભાર તો સદાય માનવો જ પડશે."

"પણ ખરો આભાર તો આપણી મમ્મીઓનો માનવાનો." નીરજાને એ પ્રસંગ યાદ આવી ગયો- યાત્રા રોકવા બંને મમ્મીઓ નેહા મેડમ પાસે ગયેલી. અને એ જ કારણે તો નેહાએ પુસ્તક વાંચવા આપેલું.

"હા, નીરજા. થેંક્સ ટુ મોમ્સ." વ્યોમાને મમ્મી યાદ આવી ગઈ. ભાવુક બની ગઈ તે.

"વ્યોમા, ચાલને મમ્મી જોડે વાત કરી લઈએ."

"હા. ચાલ."

બન્નેએ વારાફરતી બન્ને મમ્મીઓ જોડે વાત કરી લીધી. મન હળવું થઈ ગયું.

પ્રકરણ 26

ગૌહાટી.

ઉત્તર પૂર્વ ભારતનું પ્રવેશદ્વાર. અમદાવાદથી **2800** જેટલા કિલોમીટર દૂર. ઓખાથી નીકળેલી અને **3237** કિલોમીટર લાંબી યાત્રા કરીને ટ્રેન ગૌહાટી આવી ઊભી રહી ગઈ. છેલ્લું સ્ટેશન.

ટ્રેનનું ઇંજિન જુદા જુદા અવાજો કરવા લાગ્યું. તેને હાંફ ચડી હશે, આટલા લાંબા પ્રવાસની.

ઘણા બધા મુસાફરો પણ થાકેલા, હાંફેલા લાગતા હતા.

નીરજા અને વ્યોમા સૌથી અલગ લાગતા હતા. તેઓ જરાય થાક્યા ન હતા. હાંફ્યા ન હતા. **62** કલાકની ટ્રેનના સાદા ડબ્બાની યાત્રા બાદ પણ, તેઓના ચહેરાઓ પ્રસન્ન હતા. તેઓ ઉત્સાહિત હતા, ઉત્તેજિત હતા.

સામાન ટ્રેનમાં જ રહેવા દઈ તેઓ નીચે ઉતરી ગયા.

ગૌહાટીના પ્લેટફોર્મ પર પગ મૂકતાં જ કશુંક સ્પર્શી ગયું.

ખુલ્લી હવાનો એ સ્પર્શ હતો કે નવી ખૂલતી ક્ષિતિજના પવનનો ! પવન એ જ હતો કે નવી ઉગેલી પાંખોનો હતો એ સ્પર્શ !

નવા યૌવનની પાંખોને સ્પર્શીને પવન મદહોશ થયો હતો કે મદમસ્ત પવનના સ્પર્શથી, તાજી જન્મેલી પાંખોમાં થનગનાટ પ્રવેશ્યો હતો.

પાંખો અને પવન એકબીજાને અભિનંદન આપતા રહ્યા. હસતાં રહ્યા. ભેટતા રહ્યા.

વ્યોમાએ એક દીર્ઘ દ્રષ્ટિ સમગ્ર સ્થળ પર નાંખી. નવા સ્થળને ચકાસી લીધું.

નીરજા આ સ્થળને જોતી રહી. ક્યાંય સુધી. કદાચ તે આ સ્થળના પ્રેમમાં પડી હશે. વ્યોમા તેને તેમ કરતાં જોઈ રહી. તેણે નીરજાને ખલેલ ન કરવાનું નક્કી કરી લીધું. તે ટ્રેનમાં જઇ સામાન લઈ પરત આવી.

"વ્યોમા, આ સ્થળ કેટલું અદભૂત છે." નીરજાએ ગૌહાટી સ્ટેશન પર ઉતર્યા બાદ પહેલી વાર શબ્દો બોલ્યા.

"હા, નીરજા. આ સ્થળ નવી યાત્રાનું ..."

"વ્યોમા, આ સ્થળને પ્રણામ કર, તેની રજને મસ્તક પર ચડાવ, નમીને તેને ચુંબન કર..." બોલતા બોલતા નીરજા વાંકી વળી ધરતીને ચૂમવા લાગી, નત મસ્તક થઈ ગઈ, ચપટી ધૂળ હાથમાં લઈ મસ્તક પર, કપાળ પર, બંને બાહુ પર, છાતી પર લગાડી દીધી. ફરી નીચી નમી. ફરી ચપટી ભરીને ધૂળ લીધી. એક નાના બોક્સમાં ભરી લીધી. એ બોક્સને સાચવીને રાખી દીધું.

વ્યોમા તેને જોતી રહી. તે પ્રયાસ કરતી રહી નીરજાને સમજવાનો, તેની એક એક ક્રિયાને સમજવાનો.

નીરજાએ વ્યોમા સામે નજર કરી. વ્યોમા નીરજાને જ નીરખી રહી હતી. વ્યોમાને નીરજાના ચહેરા પર કોઈ નવીજ રેખાઓ દેખાઈ.

આનંદની, ઉત્સાહની, અને સમર્પણની આભા તેના ચહેરા પર ચમકતી હતી. વ્યોમાએ તે બધી જ આભા જોઈ.

"નીરજા, આ શું ..."

"વ્યોમા, આ ધરતીના આ છેડા પરથી શરૂ થાય છે, આપણી નવી યાત્રા. હું બસ આ ધરતીના આશીર્વાદ લઈ રહી છું."

વ્યોમા પણ નીચી નમી. ધરતીને પ્રણામ કરવા લાગી. એક ચુંબન તે ધરતીને કર્યું.

તે ધરતીને કશુંક કહેતી હોય તેમ બોલી. માટીની ચપટી ભરી. માટીને મસ્તક પર ચડાવી.

હવે નીરજા જોઈ રહી વ્યોમાને.

"તું કશુંક બોલી રહી હતી..."

"હા. મેં આ ધરતીને કહ્યું કે અહીં સુધી પહોંચી ગયા છીએ, તો આગળ પણ તું જ માર્ગ બતાવજે. તારા આ બિંદુ પરથી અમારી યાત્રા શરૂ કરીએ છીએ, તો તે સફળ બનાવજે. યાત્રા પૂરી કરીને ફરી આ જ બિંદુ પર અમે પરત આવીશું. તારો આભાર માનવા. અમને આશીર્વાદ આપો."

"ઓહ, નીરજા. ખૂબ સરસ. જે તે સ્થળને પોતાના દેવતા હોય છે. જેને સ્થાન દેવતા કહે છે. તેના સ્થાનમાં પ્રવેશ કરો ત્યારે, જો તે સ્થાન દેવતાના આશીર્વાદ મળી જાય, તો યાત્રા સફળ થઈ જાય."

"બસ, એટલે જ તો પ્રણામ કર્યા આપણે."

"અને આ માટી પણ સાથે લીધી છે, તે સતત આશિષ અને હિમ્મત આપશે."

"હે ધરતી માં! તારા આ છેડાથી હવેની યાત્રા શરૂ કરીએ છીએ અને પૂરી પણ અહીં જ કરીશું. પ્રતિક્ષા કરજે અમારી."

કોઈ ટ્રેનની સિટી વાગી. વ્યોમાના મોબાઇલની રિંગ પણ વાગી.

"હલ્લો,"

"વ્યોમા, તમે લોકો ક્યાં છો? ટ્રેન આવી ગયે ઘણો સમય થઈ ગયો." સામેથી કોઈ છોકરીનો અવાજ સંભળાયો.

"ઓહ, મોહા, ગુડ મોર્નિંગ. સોરી. સોરી. બસ અમે બે જ મિનિટમાં બહાર આવીએ છીએ." વ્યોમાએ ફટાફટ વાત પૂરી કરી.

"આપણે તો ભૂલી જ ગયા કે મોહા આપણી રાહ જોઈ રહી છે. આપણી ટ્રેનના બધા જ મુસાફરો પોતાના રસ્તે ક્યારના ય નીકળી ગયા અને આપણે હજુ અહીં જ છીએ." અને નીરજા સાથે ઝડપથી ચાલવા લાગી.

"વ્યોમા, હું આ સ્થળના પ્રેમમાં, મોહાને ભૂલી જ ગઈ." નીરજા પણ ઝડપથી ચાલવા લાગી.

"મેડમ નીરજા, હજુ તો યાત્રા શરૂ જ થઈ રહી છે, અને જો આમ એક એક સ્થળ પર રોકાઈ જઈશ, તેના પ્રેમમાં પડી જઇશ, તો મંઝિલ ક્યારેય નહીં પહોંચી શકાય."

"શું કરું, આ દિલ સાવ છે જ એવું. ગમે ત્યારે ગમે ત્યાં પ્રેમમાં પડી જાય છે." નીરજાએ નિખાલસ કબુલાત કરી.

"સાવ ખોટી છે તું." વ્યોમાએ નારાજગી બતાવી.

"કેમ?" નીરજાને નવાઈ લાગી.

"જો તું પ્રેમમાં પડી હોત તો આપણે અહીં ના હોત."

"તો કયાઁ હોત?"

"કોઈ પ્રેમીની સાથે બાગમાં કે ..." વ્યોમા થોડી નટખટ થવા લાગી.

બંને હસી પડ્યા ખડખડાટ. મુક્ત મને.

****

મોહા હઝારીકા તેઓની પ્રતિક્ષા કરતી પ્લેટફોર્મ બહાર ઊભી હતી. ઘણો સમય થઈ ગયો હતો. જો મોહાનો ફોન ના આવ્યો હોત, તો ખબર નહીં કેટલો સમય બંને ત્યાં જ વિતાવી દેત.

"હાય મોહા. હાઉ આર યુ?" નીરજા અને વ્યોમા એક સાથે પૂછી બેઠા.

"ઓહ, વ્યોમા, નીરજા. નોર્થ ઈસ્ટના પ્રવેશદ્વાર પર હું મોહા હઝારિકા તમારા બંનેનું સ્વાગત કરું છું." મોહાએ બંનેને એક એક

ગુલાબ આપ્યું. વારાફરતી બંનેને આલિંગન આપ્યું. તેઓના આલિંગનમાં ઉષ્મા વહેવા લાગી. મોહાએ જૂઈની સુગંધ વાળું સ્પ્રે લગાવેલું હતું. તેની સુગંધ હવામાં તેની હાજરી નોંધાવી રહી હતી. નીરજા અને વ્યોમાને તેની સુગંધ ગમી ગઈ.

પશ્ચિમની ઉર્જા પૂર્વમાં અને પુર્વની ઉર્જા પશ્ચિમમાં પ્રવાહિત થઈ ગઈ.

મોહા નું વ્યક્તિત્વ જ મોહાક હતું. પચીસેક વર્ષની હશે મોહા.

5 ફૂટ 7 ઇંચ લંબાઈ. ખૂબ જ મોહાક સ્મિત ચહેરા પર. ગોરો આકર્ષક રંગ. લાંબા, કાળા, સીધા વાળ. તેણે તેનાં લાંબા વાળને બાંધ્યા નહોતા. ખુલ્લા વાળ ખભ્ભા પર લહેરાતા હતા. કેટલાક વાળ લહેરાતા લહેરાતા તેની છાતી પર પણ પથરાયાં હતા.

ગોળ મોઢું. તીખા નાક નક્શ. હોઠ ગુલાબી, લિપસ્ટિક વિનાના. પાતળી ગરદન. પહોળા ખભ્ભા. માપસરના વક્ષ સ્થળ. પાતળી કમર. પાતળા અને સીધા પગ.

ટટ્ટાર ઉભવાની અદા. ચાલ ઝડપી, ટટ્ટાર અને સ્ફૂર્તિલી.

પહેલી નજરમાં જ જોનારને આંજી નાંખે તેવું વ્યક્તિત્વ. અને સ્મિત ! નામ પ્રમાણે જ મોહક.

તેના આવકારમાં ઉમળકો હતો. વ્યોમા અને નીરજા બિન્દાસ્ત તેને મળ્યા. મોહા ફેસબુક પર તેની મિત્ર બની હતી. **'North east waterfalls lovers'** નામના ગ્રૂપ દ્વારા તેઓની દોસ્તી થઈ. નીરજાએ તેને તેના પ્રવાસની બધી યોજના જણાવેલી. મોહાએ તેને પૂરો સાથ સહકાર આપવાની ખાત્રી આપી. ગૌહાટી સ્ટેશનથી પૂરી યાત્રાની જવાબદારી મોહાએ પોતાના પર લીધી હતી. આખી યાત્રામાં તે સાથે જ રહેશે તેવું નકી થયેલું. એટલે જ તે અત્યારે તેઓને લેવા આવી હતી.

"આપણે પહેલાં મારા ઘરે જઈશું. આખા સિટિને ક્રોસ કરીને અહીંથી 17 કિલોમીટર દૂર એક મોટા ફાર્મ હાઉસમાં આજે રોકાવાનું છે. કાલે આપણે શિલોંગ જઈશું. ત્યાં એક રાત રોકાશું અને પછી ચેરાપુંજીની યાત્રા શરૂ કરીશું." મોહાએ ટૂંકમાં જ આખો પ્રોગ્રામ જણાવી દીધો.

તે પોતાની કાર તરફ સૌને લઈ ગઈ. વાઇન રેડ રંગની કાર હતી તેની.

"હેલ્લો નીરજા." નીરજાને કોઈએ પાછળથી અવાજ દીધો. નીરજાએ પાછળ ફરીને જોયું. તે નરેશ પટેલ હતો. તેને આશ્ચર્ય થયું. ગાડી આવ્યે આટલો લાંબો સમય થયો છતાં, તે હજુ પણ અહીં જ છે. તે હજુ ગયો નથી. તે એકલો જ છે. તેની સાથે કોઈ જ નથી. તે અહીં શું કરે છે? કે પછી અમારો પીછો કરે છે. તેનો ઇરાદો શું છે?

"અરે, તમે હજુ અહીં જ છો?" વ્યોમાએ વાત ચાલુ કરી.

"હા. મારો મિત્ર કાર લઈને આવવાનો જ હતો, પણ તેની કારમાં પંચર પડ્યું છે અને ટાયર પણ ફાટી ગયું છે. તે શહેરની પેલે પાર રહે છે. તે હાલ જ્યાં છે ત્યાંથી ટાયર શોપ દૂર છે, એટલે તેને આવતાં વાર થઈ રહી છે. તો તેની રાહ જોવામાં મોડું થઈ ગયું."

"ઓકે." નીરજાએ ટૂંકમાં પતાવ્યું.

"પણ તમે લોકો કેમ મોડા પડ્યા?" નરેશે પૂછ્યું.

"એ તો અમે..." વ્યોમા વિગતવાર વાત કરવાના મૂડમાં હતી પણ નીરજાએ તેને અટકાવી, "ખાસ કશું નથી. બસ અમે મોહા જોડે તેના ઘેર જ જઇ રહ્યા છીએ."

નરેશે મોહા તરફ નજર કરી. નરેશે હાથ લાંબો કર્યો. મોહાએ મોહક સ્મિત આપી નરેશ જોડે હાથ મિલાવ્યો. મોહાનો હાથ નાજુક તો હતો પણ મજબૂત પણ હતો. આમ સ્ત્રીઓની જેમ સાવ મૃદુ અને કોમળ ન હતો. નરેશે તેની નોંધ લઈ લીધી. મોહાના શરીરમાંથી જૂઈના સ્પ્રેની સુગંધ નરેશના નાકને સ્પર્શી ગઈ. નરેશે તે સુગંધને પોતાના મગજની અંદર બરાબર નોંધી લીધી. તેને એ સુગંધ યાદ રહી ગઈ.

"અમો પણ શહેરની પેલે પાર જ જઇ રહ્યા છીએ. તમો પણ અમારી જોડે જ ....." વ્યોમાએ નરેશને સાથે આવવા આમંત્રણ આપી દીધું. મોહાએ પ્રશ્નાર્થ નજરે નીરજા તરફ જોયું. તેની નજરમાં સ્પષ્ટ ના હતી. તે નરેશને સાથે લેવા માંગતી ન હતી.

નીરજા તેની 'ના' ને સમજી ગઈ.

"વ્યોમા, આપણે નથી જાણતા કે ક્યાં જવાનું છે. અને આમ પણ આપણી કારમાં જગ્યા પણ ક્યાં છે." નીરજાએ સંકેતોમાં નરેશને ના પડી દીધી.

ડ્રાઇવરે કારમાં બેસી જવા સૌને કહ્યું. મોહા આગળની સિટમાં બેસી ગઈ. નીરજા અને વ્યોમા પાછળની સીટ પર બેસી ગયા.

કાર સિટિને ચિરતી આગળ વધવા લાગી. મોહા સિટિ વિશે કહેવા લાગી. બંને તેની વાતો સાંભળતી રહી. ક્યારેક ડાબે તો કયારેક જમણી બાજુએ ઇશોરો કરી મોહા સિટી વિશે જણાવતી રહી. નવા શહેરને જાણવાની મજા પડી, નીરજાને. તે વાતોમાં મશગુલ થઈ ગઈ.

વ્યોમા ચંચલ થઈ ગઈ. તેને સિટિના વિશે વધુ જાણવામાંથી રસ ઊડી ગયો. તે આસપાસ જોવા લાગી. તેના કાન પર પડતાં શબ્દોમાં કોઈ આકર્ષણ ન હતું.

તેની નજર ડ્રાઈવર પર પડી. તે કેટલાય સમયથી સાથે હતો, પણ તેના તરફ તો ધ્યાન ગયું જ નહોતું. તે પણ 25 થી 27 વર્ષનો યુવાન હતો. મજબૂત બાંધો. સ્ફૂર્તિલો. સક્રિય. જીન્સ અને ટી શર્ટ પહેર્યા હતા. તે ડ્રાઈવર હશે કે મોહાનો મિત્ર?

તે નક્કી ના કરી શકી. તેણે હવે મોહા તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું. તે મોહાને ધ્યાનથી નિરખવા લાગી. મોહાએ પણ બ્લેક જીન્સ પહેર્યું હતું. ઉપર લાલ રંગનું ટોપ.

મોહા વાતો કરતી જતી હતી. તે હાથ ઉપર નીચે કરીને નીરજા અને વ્યોમાનું ધ્યાન જુદી જુદી દિશાઓમાં ખેંચતી રહી. પણ વ્યોમાનું ધ્યાન તેના હાથના હલનચલન પર જ હતું.

જ્યારે જ્યારે હાથ ઉપર નીચે થતો, ત્યારે ત્યારે ટોપ પણ થોડું ઉપર તરફ ખેંચાતું હતું. જેને લીધે જીન્સના પેન્ટના ખિસ્સા તરફનો ભાગ ખુલ્લો થતો હતો.

વ્યોમા હવે ખિસ્સાને જોવા લાગી. તે ચોંકી ગઈ !

મોહાના જમણી બાજુના ખિસ્સામાં તેને એક રિવોલ્વર દેખાઈ. તે ધ્યાનથી અને ફરી ફરીને જોવા લાગી. તેને ખાત્રી થઈ ગઈ. એ રિવોલ્વર જ હતી.

આટલી સુંદર છોકરી અને રિવોલ્વર? વાતો અને વ્યવહારમાં પણ સુશિલ લાગતી મોહા પાસે રિવોલ્વર? તેને શા માટે જરૂર પડી હશે? સ્વરક્ષા માટે? કે શું તે મહિલા પોલીસ છે? કે પછી કોઈ રહસ્ય ગૂંથાયેલું છે તેની આ રિવોલ્વર પાછળ?

તેને બીજી એક વાત પણ સમજમાં ન આવી. તે આમ હાથના હલનચલન વડે ટોપ ઊંચું થાય અને રિવોલ્વર દેખાય એવું કેમ કરી રહી છે? શું તે ડરાવવા માંગે છે? તે સહજ હલનચલન છે કે કોઈ સ્પષ્ટ સંકેત આપવા માંગે છે?

ગમે તે હોય, મોહા રહસ્યમય છોકરી લાગે છે. વ્યોમાએ કારની અંદર નજર નાંખવા માંડી. કશુંક ના ગમતું લાગવા માંડ્યુ. કોઈ તો રહસ્ય છે આ કારમાં, આ મોહા નામની મોહક છોકરીમાં.

શું હશે? તે વિચારતી રહી. કોઈ સંકેત ના મળ્યો. તેણે નીરજા તરફ નજર કરી. તે વ્યસ્ત હતી મોહાની મોહક વાતોમાં. તે નીરજાને કહેવા માંગતી હતી. પણ કેમ કરી કહેવું? તેને કાંઇ ન સૂઝ્યું.

તે જલ્દીથી જલ્દી આ કારમાંથી ભાગી છૂટવા માંગતી હતી.

કાર હવે સિટિને છોડીને બહાર આવી ગઈ હતી. સિટિના બીજા છેડાને છોડી હાઇવે પર આવી ગઈ. વ્યોમા હજુ પણ દ્વિધામાં હતી. શું કરું? શું કરવું જોઈએ? જો આ કારમાં મોહા જોડે યાત્રા ચાલુ રાખીશું તો કદાચ કોઈ મુસીબતમાં ફસાઈ જવાશે. એ મુસીબત કેવી હશે? ખબર નહીં.

ના. આ યાત્રા અહીં જ છોડી દેવી જોઈએ. સીટીથી જેટલું દૂર જવાનું થશે એટલું મોડું થઈ જશે. જલ્દીથી જલ્દી છુટકારો મેળવવો જ પડશે.

નીરજા જોડે વાત કરી નહીં શકાય. કદાચ મોહા જાણી જાય કે મને ખબર પડી ગઈ છે કે મોહા પાસે રિવોલ્વર છે.

તો કોને વાત કરું? કેમ કરું? કોણ ઉપયોગી થઈ શકે? કોના પર ભરોસો કરી શકાય?

નરેશ? નરેશ પટેલ. હા. તેનો ભરોસો કરી શકાય. ગમે તેમ તો ય તે આપણાં ગામનો છે. તેનો ભરોસો કરવા સિવાય કોઈ વિકલ્પ જ નથી. નરેશને ફોન કરી જોઉ? ના. ફોન ના કરાય. શબ્દો તો બોલવાના જ નથી. તો?

હૈં... નરેશને SMS તો કરી શકાય.

“અમો કદાચ મુસીબતમાં છીએ.” વ્યોમાએ ફટાફટ નરેશને મેસેજ કરી દીધો.

“વચ્ચે ટોઇલેટના બહાને કોઈ હોટેલ પર ગાડી રોકાવી દો. હૂં પાછળ જ આવી રહ્યો છું.” નરેશનો તરત જ રિપ્લાય આવી ગયો.

વ્યોમાના મનમાં યોજના રમવા લાગી.

“સામે દેખાતી હોટેલ પર બ્રેક કરવો પડશે. મારે અર્જન્ટ ટોઇલેટ જવું પડે તેમ છે.” વ્યોમાએ મોહાને ગાડી રોકવા કહ્યું.

મોહાએ ડ્રાઇવરને ઈશારો કર્યો. ગાડી હોટેલ પર જઇ ઉભી રહી ગઈ.

નીરજાએ વ્યોમાની સામે નજર કરી. વ્યોમાએ તેને પાંપણના ઇશારે ચૂપ રહેવા અને તેને અનુસરવા કહ્યું. નીરજા સમજી ગઈ કે કોઈ ગંભીર વાત છે.

વ્યોમા ગાડીમાંથી નીચે ઉતરી. તેણે પોતાની બેગ સાથે લઈ લીધી.

“બેગ ભલે કારમાં પડી રહી.” મોહાએ કહ્યું, “ડ્રાઈવરની નજર કાર પર જ હશે. કોઈ જોખમ નથી.”

“બેગમાં જરૂરી વસ્તુ છે. ટોયલેટમાં મને તેની જરૂર પડશે.” વ્યોમા બેગ સાથે ચાલવા લાગી. નીરજા પણ કાંઇ ના સમજાયું, છતાં તે પણ પોતાની બેગ સાથે લઈ વ્યોમાની સાથે ચાલવા લાગી.

બંને હોટેલના ટોયલેટમાં ઘૂસી ગયા. વ્યોમાએ બધી વાત ટૂંકમાં સમજાવી દીધી. નીરજાને પરિસ્થિતિની ગંભીરતા સમજાઈ ગઈ. પણ સાથે સાથે નરેશ પટેલ પણ અહીં જ આવી રહ્યો છે તે જાણી હિમ્મત આવી ગઈ.

“આપણે આ કાર છોડી દેવી જોઈએ. ભાગી નીકળવું પડશે એવું લાગે છે.” વ્યોમાએ પોતાની યોજના કહી.

“એમ ભાગી નીકળવું સહેલું નથી. મોહા કોઈ ખેલ ખેલી રહી છે. અને આપણે તેમાં ફસાઈ ગયા છીએ. તેમાંથી છૂટવું તો પડશે જ પણ કેવી રીતે?” નીરજાએ પાણીનો નળ ચાલુ કરી દીધો અને તેના પડવાના અવાજમાં ખૂબ જ ધીમેથી વ્યોમાના કાનમાં વાત કહી, “કદાચ મોહા આપણી પર નજર રાખી રહી હોય. કદાચ તે બહાર જ ઊભી હોય અને વાતો સાંભળતી હોય. સાવધ રહેવાનુ છે. મોકો મળે તો ભાગી પણ છૂટીશું.”

“હા, નરેશ આવે ત્યાં સુધી કશું જ નથી કરવાનું. માત્ર સમય પસાર કરવાનો છે.”

“પછી નરેશ કોઈ સંકેત આપે, તો તેની સાથે જતાં રહીશું.” નીરજાએ સ્મિત આપી પરસ્પર હિમ્મત આપી. પહેલી વાર નીરજા, નરેશને શંકા ને બદલે સાથીની નજરે વિચારવા લાગી.

નરેશનું વર્તન સંદેહાસ્પદ લાગતું હોય તો પણ, હાલ તો તે જ આ સ્થિતિમાથી બહાર લાવી શકે તેમ છે.

“હું આવી ગયો છું. તમે કયાઁ છો?” વ્યોમાએ નરેશનો મેસેજ વાંચ્યો. તેણે નીરજાને વંચાવ્યો.

“ઓ.કે. અમો ટોઇલેટમાં છીએ.” જવાબી મેસેજ કરી દીધો.

“તમો નાસ્તાના ટેબલ પર આવી જાઓ. હું તમોને ત્યાં જ મળીશ” નરેશનો મેસેજ વાંચી બંને ફટાફટ બહાર આવી ગયા.

જમણી બાજુના એક ટેબલ પર મોહા તેઓની પ્રતિક્ષા કરતી બેઠી હતી. બંને સહજ રીતે તેની સામેની ખુરશી પર ગોઠવાઈ ગયા. ડ્રાઈવર ક્યાંય આસપાસ નજર ન આવ્યો. કદાચ તે કારમાં જ હશે.

બંનેએ મોહા સામે સ્મિત કર્યું. મોહાએ જવાબી સ્મિત કર્યું.

“નાસ્તામાં શું લેશો?” મોહાએ વિવેક કર્યો.

"ઢોસા ચાલશે." નીરજાએ તરત જ પસંદગી કરી નિર્ણય જણાવ્યો.

થોડી આડી અવળી વાતોનો દોર ચાલુ થયો. નીરજા અને વ્યોમા બિલકુલ સહજ વર્તી રહ્યા હતા. મોહા પણ સહજ હતી. છતાં મોહાના ચહેરાના ભાવો બતાવી રહ્યા હતા કે તે કોઈ વાતે ચિંતિત છે.

"હેલ્લો, ઓલ." અવાજની દિશામાં ત્રણેયની નજર પડી.

"ઓહ, તમે અહીં?" વ્યોમાએ બનાવટી આશ્ચર્ય સાથે પૂછ્યું.

"હા, તમારા ગયા પછી તરત જ મારો મિત્ર આવી પહોંચ્યો. બસ અમે પણ તરત જ નીકળી પડ્યા."

મોહા નરેશને નીરખી રહી. તેની આંખમાં કોઈ નારાજગી હતી કે બીજો કોઈ ભાવ તેની ખબર ના પડી.

"હેલ્લો મોહા. હાઉ આર યુ?" નરેશે મોહા તરફ હાથ લંબાવ્યો. મોહાએ અનાયાસ જ તેનો હાથ નરેશને આપ્યો. સ્મિત ની આપલે કરી લીધી.

"હું આપની સાથે અહીં બેસી શકું?" જવાબની રાહ જોયા વિના જ નરેશ મોહાની બાજુની ખુરશી પર બેસી ગયો.

ઓર્ડર મુજબનો નાસ્તો આવી ગયો. નરેશે પણ નવો ઓર્ડર આપી નાસ્તો ચાલુ કરી દીધો. લગભગ મૌન જ નાસ્તો પૂરો થઈ ગયો.

"હું ટોઇલેટ જઈને આવું છું." બિલના નાણાં ચૂકવી મોહા ટોઇલેટ તરફ ગઈ.

"મોહા પરત આવે તે પહેલાં, તમે ડાબી બાજુના રોડ પર આવી જાઓ. મારો મિત્ર ત્યાં જ ગાડી લઈને ઊભો છે. જરા ઝડપ રાખજો. ગાડી તૈયાર જ છે. તમે આવો એટલે તરત જ ભાગી છૂટવાનું છે." નરેશે ફટાફટ સુચનાઓ આપી અને તે જમણી બાજુના પગથીયા ઉતરી ગયો. હોટેલની પાછળની બાજુએથી દોડીને ગાડી પાસે પહોંચી ગયો.

નીરજા અને વ્યોમા ડાબી બાજુએ વળી ગઈ. ત્યાં એક સફેદ કાર ઊભી હતી. કાર નો નંબર હતો-

AS 01 6183. નરેશ પટેલ ત્યાં જ હતો. તેણે ઈશારો કર્યો. ઝડપથી બંને પેલી કારમાં ગોઠવાઈ ગયા.

કારમાં બેસતા જ નીરજાની નજર મોહાની કાર તરફ પડી. તેનો ડ્રાઇવર ત્યાં જ ઊભો હતો. તેની નજર નીરજા પર પડી. નીરજા સમજી ગઈ કે તેણે તેઓને બીજી કારમાં ભાગી જતાં જોઈ લીધા છે.

પ્રકરણ 27

"મને લાગે છે કે ડ્રાઇવરે આપણને જોઈ લીધા છે. તે પાછળ પાછળ જ આવશે. કાર ખૂબ ઝડપથી ભગાડો." વ્યોમા વ્યગ્ર થઈ ગઈ. કાર દોડવા લાગી કોઈ અજાણી દિશામાં.

"સૌ પહેલાં તમારા મોબાઇલ સ્વિચ ઓફ કરી દો. મોહા પાસે તમારા મોબાઈલ નંબર છે જ. તે તરત જ તમને કોલ કરશે." નરેશે સૂચના આપી.

મોબાઈલ સ્વિચ ઓફ કરે તે પહેલાં જ મોહાનો કોલ વ્યોમા પર આવી ગયો. રિંગ વાગવા માંડી. નરેશે ઈશારો કરી તેને વાગવા દેવા કહ્યું. નીરજાનો ફોન સ્વિચ ઓફ થઈ ગયો. રિંગ વાગતી બંધ થઈ ગઈ.

ફરીથી વાગવા લાગી. ફરીથી તેને વાગવા દીધી. બાદમાં વ્યોમાએ પણ સ્વિચ ઓફ કરી દીધો.

"તેની કાર પીછો કરતી પાછળ જ આવી રહી છે." નરેશે સૌને સાવધ કરી દીધા.

"વિશાલ, કોઈ પણ સંજોગોમાં તેને ઓવરટેક કરવા નથી દેવાનું." નરેશે તેની કારના ડ્રાઇવરને સુચના આપી.

વિશાલે કારની ગતિ વધારી દીધી, "ઓ કે બોસ."

બંને કાર વચ્ચે અંતર વધવા લાગ્યું. વિશાલે કોઈ સ્વિચ દબાવી. કોઈ અવાજ આવ્યો. નીરજા ચોંકી ગઈ.

"ચિંતા ના કરશો. વિશાલે ગાડીની નંબર પ્લેટ બદલી નાંખી છે. હવે આ ગાડીનો નંબર છે **ML-05 3816**." નરેશે હિમ્મત આપી.

નીરજા વિચારવા લાગી. તેના મનમાં અનેક સવાલો જાગી ગયા. નરેશ કોઈ સાધારણ વ્યાપારી લાગતો નથી. કોઈ જાસૂસી કથાના નાયક જેવો લાગે છે. કશુંક તો હજુ પણ રહસ્ય છે, તેની આસપાસ.

"મિસ્ટર નરેશ, આપ ખરેખર કોણ છો?" નીરજાએ સવાલ કર્યો.

"કોઈ વ્યાપારી તો નથી જ લાગતા." વ્યોમાએ શંકા જાહેર કરી.

"કેમ, વ્યાપારી જ છું." નરેશે હળવાશથી જવાબ આપ્યો.

"તો પછી આ કાર, ..." નીરજા બોલવા જતી હતી પણ નરેશે વચ્ચે જ તેને કાપતા કહ્યું, "અહીં આતંકવાદીઓનો ભય સતત રહે છે. તેઓ વ્યાપારીઓને લૂંટવા માટે સતત સક્રિય રહેતા હોય છે. તેઓ પાસે દરેક વ્યાપારીની બધી જ વિગતો હોય છે. ગાડી નંબર પણ. તેનાથી બચવા મારા આ મિત્ર વિશાલે આ યુક્તિ કરી છે. તે ગાડીનો નંબર બદલી શકે છે. અહીં બેઠા બેઠા. તે કોઈ પણ નંબર મૂકી શકે છે. મળો મારા આ મિત્ર વિશાલ વ્યાસને."

બન્નેએ વિશાલ તરફ નજર કરી. તે કાર હંકાર્યે જતો હતો. તેના હોઠો પર સ્મિત હતું. તે ખૂબ જ કોન્ફિડંટ લાગતો હતો. પણ સાવધ પણ લાગતો હતો.

"એ તો ઠીક પણ..."વ્યોમાને પણ વચ્ચેથી જ અટકાવી નરેશ કહેવા લાગ્યો, "એ બધું પછી. પહેલાં એ વિચારો કે હવે શું કરવું છે. કયાઁ જવું છે? મોહાની નજરમાંથી છટકીને કેમ રહેવું છે. શું પ્લાન છે તમારો?"

"કશુંય વિચાર્યું જ નથી." નીરજાએ જવાબ આપ્યો.

"મને લાગે છે કે અમો આ કારમાં વધુ સલામત છીએ." વ્યોમા નરેશની તરફ નજર કરી બોલી. વિશાલે વ્યોમા તરફ નજર કરી. તેની નજરમાં સ્પષ્ટ ના હતી.

કાર સતત દોડી રહી હતી.

"મને અવશ્ય ગમત કે તમો આ કારમાં અમારી સાથે રહો. પણ વધુ સમય આપણું સાથે રહેવું, તમારા તેમજ અમારા બંને માટે પણ જોખમી છે. માટે આપણે માત્ર પાંચ જ મિનિટમાં છૂટા પડવું પડશે." નરેશે વાતને વધુ સ્પષ્ટ કરી.

નીરજા વિચારતી રહી. તેણે ફટાફટ ઘણું બધું વિચારી લીધું. કારની ગતિ વધવા લાગી.

“સૌ પ્રથમ તો અમે બંને ..”નીરજા કશું કહેવા જતી હતી પણ વિશાલે તેને તેમ કરતાં રોકી. તેણે નરેશને સંકેત કર્યો.

નરેશ પાછળ ફર્યો. પાછળની સીટ તરફ વંકાયો અને વ્યોમાને ઉપરથી નીચે તરફ ધ્યાનથી નિરખવા લાગ્યો. અચાનક તેણે વ્યોમાના ડાબા ખભા પર હાથની તરાપ મારી. તેના ટી-શર્ટ પર ચપટી ભરીને કશુંક ઉખાડી નાંખ્યું. મુઠ્ઠીમાં દબાવી દીધું.

કારે એક તેજ વળાંક લીધો.

વ્યોમા અને નીરજા નરેશના આ કૃત્યથી ડઘાઈ જ ગયા. તેઓને કશું ય ના સમજાયું. વ્યોમાનું ટી-શર્ટ થોડું ખેંચાઇ પણ ગયું. તે ગુસ્સે થઈ ગઈ, “આ શું છે, નરેશ?”

“શાંત થઈ જા.” નરેશે પોતાની મુઠ્ઠી ઊઘડતા કહ્યું, “તારા ડાબા ખભા સાથે મોહાએ કેમેરો અને માઈક્રોફોન જોડી દીધા હતા. આ નેનો કેમેરો છે. તેમાં માઈક્રોફોન પણ છે. તમારી બધી હિલચાલ અને વાતચીત પર નજર રાખવા માટે મોહાએ આનો ઉપયોગ કર્યો છે.”

“એવું તે કેવી રીતે એ કરી શકી?” નીરજા હવે સ્થિતિને ઝડપથી સમજવા લાગી હતી.

“મોહાએ આવકારમાં એક આલિંગન આપેલું, એ યાદ છે તને, વ્યોમા?”

“હા, બિલકુલ યાદ છે.”

“બસ. એ આલિંગનમાં જ તેણે બધો ખેલ પાડી દીધો હતો.”

“તેણે મને પણ આલિંગન આપેલું. તો શું મારા સાથે પણ તેણે એમજ કર્યું હશે?” નીરજા હવે વધુ સાવધ અને જાગૃત બનવા લાગી.

નરેશે હવે નિરજાને પણ ધ્યાનથી જોવા માંડ્યુ. અડધી મિનિટમાં જ તેણે ચકાસી લીધું કે નીરજા સાથેના આલિંગનમાં મોહાએ એવું કોઈ કપટ નથી કર્યું.

“ના, એક જ કેમેરાનો ઉપયોગ કર્યો છે.”

“કેવી રીતે ખબર પડી કે બીજો કેમેરો નથી લગાડ્યો?” વ્યોમાએ જાગરુકતા બતાવી.

“એ પછી, પહેલાં એ કહો કે વ્યોમાના શરીર સાથે કેમેરો લાગ્યો છે તે કેમ ખબર પડી?” નીરજાએ વચ્ચે જ નવો સવાલ કરી દીધો.

“ચાલો એ બધું ફરી ક્યારેક. હાલ તો જલદીથી છૂટા પડવાની યોજના બનાવો.” વિશાલે સમયની ગંભીરતા પારખી કહ્યું. મોહા વાળા ગુપ્ત કેમેરાને ગાડીના સીટ કવરમાં છુપાવી દીધો.

કાર હાઇવે પર દોડતી રહી.

નરેશ સમજી ગયો વિશાલનો સંકેત. તેણે બે નવા સીમકાર્ડ કાઢ્યા. બંનેને એક એક આપતા કહ્યું, “તમારા મોબાઈલના સીમકાર્ડના નંબર મોહા અને તેની ગેંગ પાસે છે જ. માટે તેને ભૂલથી પણ ચાલુ કરવાના નથી. હમણાં જ તે સિમને કાઢી નાંખો અને તેની બદલે આ નવા સિમ લગાડી દો.”

બંનેએ સિમ બદલી નાંખ્યા.

“તમારો સમગ્ર પ્લાન તમે મોહાને કહી ચૂક્યા છો, રાઇટ?”

“હા. એક એક પળનો પ્લાન તેને ખબર છે. ક્યારે શું કરવાનું છે, ક્યાં જવાનું છે…”

“અરે, પ્લાન મોહાએ જ તો બનાવ્યો છે.” વ્યોમાએ વાસ્તવિક્તા કહી દીધી.

“તો, તમારે હવે પૂરો પ્લાન બદલી નાંખવાનો છે.”

“તો?” બંને એક સાથે બોલી ઉઠી.

"સૌ પહેલાં આ શહેર છોડીને, તરત જ શિલોંગ ચાલ્યા જાઓ. ત્યાં તમારી ઉતરવાની વ્યવસ્થા પણ કોઈ જગ્યાએ મોહાએ જ કરી હશે ને?"

"હા. મોહાએ જ કરી છે."

"તમારે ત્યાં નથી જવાનું. હું શિલોંગમાં એક હોટેલના માલિકને જાણું છું. તેને ફોન કરી દઉં છું. તમારી રૂમ બૂક થઈ જશે. અને તમારી માહિતી પણ ગુપ્ત જ રહેશે."

"ઠીક છે."

નરેશે ફોન પર કોઈ જોડે વાત કરી હોટેલ બૂક કરી લીધી. તેણે નીરજાને હોટેલની પૂરી માહિતી આપી દીધી, "બસ સ્ટેશનની બાજુમાં જ એ હોટેલ છે, હોટેલ બ્રિંદા. તે સલામત પણ છે. રૂમ નંબર 107 તમારા માટે બૂક હશે. તમારે મિસ સોનાને મળવાનું છે."

"પણ શિલોંગ પહોંચવું કેવી રીતે?"

મોહાની કાર પાછળ જ આવી રહી હતી. નંબર પ્લેટ બદલીને વિશાલે તેને ગુમરાહ તો કરી હતી, પણ તે કારે પીછો છોડ્યો ન હતો. કારણ કે પેલા કેમેરાના સિગ્નલ વડે મોહા તેને ફોલો કરતી હતી. એટલે જ કાર તેનો પીછો કરતી રહી.

"મોહા સતત આપણી કારનો પીછો કરી રહી છે. તે પેલી ડિવાઇસના આધારે આપણું લોકેશન જાણી રહી છે. અને સતત પાછળ જ આવી રહી છે. માટે સૌથી પહેલાં મોહાના રડારમાંથી નીકળીને કોઈ સલામત સ્થળે જવું પડશે. ત્યાંથી નજીકના કોઈ બસ સ્ટોપ પર તમને ડ્રોપ કરી દઇશું. તમે બસ પકડી શિલોંગ પહોંચી શકશો."

"તો તમે પેલી ડિવાઇસને ફેંકી કેમ નથી દેતા?" નીરજાએ સંદેહ વ્યક્ત કર્યો.

કાર રોડ પરના લાંબા ઢાળ પરથી તિવ્ર ગતિથી નીચે ઉતરવા લાગી.

"તેમ કરવાથી મોહાને થોડા સમય માટે ધોખો આપી શકાશે પણ તે તરત જ સમજી જશે. તે વધૂ જાગૃત થઈ જશે." નરેશે સમજાવ્યું.

"અને જ્યારે તમે અમારાથી છૂટા પડશો, ત્યારે તેને ગેરમાર્ગે દોરવામાં ઉપયોગી થશે. તમે બસમાં શિલોંગ તરફ જઇ રહ્યા હશો અને અમે કોઈ બીજી દિશામાં જઇ રહ્યા હશું, ત્યારે પેલી ડિવાઇસ આ કારમાં જ હશે એટલે મોહા અમારી કારનો પીછો ચાલુ રાખશે અને તમે તેના કવરેજ ક્ષેત્રની બહાર હશો. માટે તેને હાલ તો આ કારમાં જ રહેવા દેવું છે." વિશાલે કારની ગતિ થોડી ઓછી કરતાં કહ્યું.

થોડી વાર સૌ મૌન રહ્યા. કાર દોડતી રહી. સૌના મનમાં વિચારો અને યોજનાઓ પણ દોડતી રહ્યા.

લગભગ સૂમસામ જેવો મોટો હાઇવે, કેટલીક કાર અને કોઈક બસ સિવાય ખાસ કશું જ નહીં. બપોરનો સમય હતો. એક વાગી ચૂક્યો હતો. સૌ બારી બહાર નિહાળી રહ્યા હતા. વિશાલ કાર ચલાવ્યે જતો હતો.

ખાલી દોડતો રસ્તો સુંદર લાગતો હતો. બંને તરફ ખેતરો. તેમાં થોડો થોડો પાક ઊગી ગયો હતો. લીલી ચાદર પથરાયેલી હતી, બંને બાજુએ.

થોડે દૂર આકાશમાં કાળા વાદળો પણ હતા. નીરજાએ બારી ખોલી નાંખી. બહારની એક હવા કારમાં હક્ક પૂર્વક ધસી આવી. પહેલાં નીરજા અને પછી વ્યોમાના શરીરને સ્પર્શીને સમગ્ર કારમાં પોતાના અસ્તિત્વને પ્રસરાવી ગઈ.

સૌને ગમ્યું. છેલ્લી 10 – 15 મિનિટની રઝળપાટમાં ક્યારેય ખબર જ ના રહી કે કારની બારીની બહાર એક સુંદર દુનિયા પોતાનું સામ્રા જ્ય ફેલાવીને બે ઠી છે.

"કેટલું સુંદર છે, વ્યોમા." નીરજાએ મૌન તોડ્યું.

"આ ભય અને ભાગમભાગમાં આટલા સુંદર જગતને જોવાનું ચૂકી જવાયું છે." વ્યોમાએ પ્રતિસાદ આપ્યો.

"ભય અને ચિંતા હમેશા અંધ બનાવી દે છે." વિશાલ પ ણ હવે તેની સાથે જોડાયો.

"તમને પણ કુદરતને માણવું ગમે?" વ્યોમાએ વિશાલને સવાલ કર્યો.

"કેમ નહીં? હું એક વ્યાપારી છું પણ સાથે સાથે કોલેજ સ્ટુડન્ટ પણ છું, અને તે પણ આર્ટ્સનો. મારે પણ બધા યુવાનોની જેમ જ એક ધબકતું હ્રદય છે." વિશાલે વાતાવરણને થોડું હળવું અને રોમાંટીક બનાવી દીધું.

સૌને ગમ્યું.

નરેશ હજુ પણ મૌન બેઠો હતો. તેના મનમાં ઘણું ચાલી રહ્યું હતું.

મોહાની કાર પણ પાછળ જ આવી રહી હતી. કદાચ મોહાએ તેની યોજના બદલી હતી. તે સલામત અંતરે પીછો કરી રહી હતી. કારને ઓવરટેક કરવાનો તેનો ઇરાદો લાગતો ન હતો. પણ તે સતત સાથે જ ચાલી રહી હતી. નરેશને તેની યોજના સમજાઈ ગઈ હતી.

બહાર વાદળોનો અવાજ આવ્યો. કળા વાદળો હવે બિલકુલ માથા પર આવી ગયા હતા.

ધીમો વરસાદ પડવા લાગ્યો. હવા ભીની થઈ ગઈ. કારમાં આવી બેઠેલી હવા પણ ભીંજાઇ ગઈ. તેની અસર ચારેય યુવા હ્રદય પર પણ થઈ. સૌ હવાની ભીનાશ માણવા લાગ્યા.

વરસાદ વધવા લાગ્યો. તેજ વરસાદ રસ્તા પર અને કાર પર તેની અસર દેખાડવા લાગ્યો. સૂર્યનો પ્રકાશ ઘટવા લાગ્યો. વીઝીબીલીટી પણ ઘટવા લાગી. ગાડીના વાઇપર સતત ચાલતા હતા તેથી આગળનો રસ્તો જોઈ શકાતો હતો. લગભગ 100 ફૂટ જેટલું જ દૂરનું માંડ જોઈ શકાતું હતું.

"યસ." નરેશે ચપટી વગાડી અને તે ઉત્સાહમાં આવી ગયો. તેના ચહેરા પર કોઈ યોજના હતી. તેણે વિશાલ તરફ નજર કરી. વિશાલ તે યોજના વાંચી ગયો. તેના હોઠો પર સ્મિત હતું.

વિશાલે એક નાના રસ્તા તરફ કાર વાળી. કાર તે રસ્તા પર પુરપાટ દોડવા લાગી. કારની ગતિ ખૂબ જ વધી ગઈ.

નીરજા અને વ્યોમાને કશું જ ના સમજાયું.

સમજાયું તો બસ એટલું જ, કે નરેશ અને વિશાલ વચ્ચે શબ્દો કરતાં સંકેતોનો ઉપયોગ વધુ થાય છે. શબ્દો વિના જ એક બીજાના ચહેરા વાંચી લે છે.

કાર હવે કોઈ નાના ગામમાં દાખલ થઈ ગઈ. પાછળ રહી ગયો પેલો હાઇવે અને મોહાની કાર.

હજુ પણ વરસાદ ચાલુ હતો. ચારે તરફ ગાઢ અંધકાર ફેલાતો જતો હતો. માંડ માંડ 25 થી 30 ફૂટ દૂરનું જોઈ શકાતું હતું.

"અહીં વરસાદ પડે ત્યારે આટલું બધું અંધારું થઈ જાય?" વ્યોમાએ મૌનના સામ્રાજ્યને પડકાર્યું.

"હા." નરેશે ટૂંકમાં પતાવ્યું. કોઈ હવે ખાસ વાત કરવાના મૂડમાં ન હતા.

વિશાલે સંકેત કર્યો. તેણે થોડે દૂરથી શિલોંગ જતી બસ જોઈ. તેણે ઈશારો કરી બસ ઊભી રખાવી. બસ ઊભી રહી ગઈ. નરેશે ફટાફટ બંનેને ઉતારી બસમાં ચડાવી દીધા. બસના કંડકટરને લોકલ ભાષામાં કશુંક કહ્યું અને બસ ચાલવા લાગી.

નીરજા, નરેશને જ જોતી રહી. નરેશે વિદાયનું સ્મિત આપ્યું. નીરજાની આંખોમાં અનેક સવાલો તેણે વાંચ્યા. જવાબમાં એટલું જ બોલ્યો, "ફોન પર મળતા રહીશું." અને બસને વિદાય આપી દીધી.

માત્ર એકાદ મિનિટમાં જ આ બધું બની ગયું. કારમાંથી ઊતરવું, બસમાં ચડવું, નરેશનું લોકલ ભાષામાં સમજાવવું. તેની આંખો વડે વિદાય લેવી.

જાણે કશું ય બોલવા કે સમજવાનો સમય જ ના મળ્યો.

બંને બસમાં ગોઠવાઈ ગઈ. બસ ચાલવા લાગી, શિલોંગ તરફ. "અહીંથી શિલોંગ હવે 117 કિલોમીટર દૂર છે." વ્યોમાએ માઈલ્સ્ટોન વાંચી માહિતી આપી. નીરજાએ નજર મિલાવી સ્મિત આપ્યું. બારી બહાર જોતી રહી.

થોડી વારે વ્યોમાના મોબાઈલ પર મેસેજ આવ્યો. નરેશનો હતો એ.

'આપણી યોજના સફળ રહી છે. અમો જે દિશામાં જઇ રહ્યા છીએ, તે દિશામાં જ મોહાની કાર આવી રહી છે.'

'તમે લોકો કઈ દિશામાં જઇ રહ્યા છો?' જવાબી મેસેજ.

'શિલોંગથી ઊલટી દિશામાં.'

"લાગે છે કે હાલ પૂરતો ખતરો ટાળી ગયો છે." વ્યોમાએ ઊંડો શ્વાસ લેતા કહ્યું.

"વ્યોમા, ઘર છોડ્યા પછી લાગે છે કે હર કદમ પર જિંદગી એક ચેલેન્જ છે. અને આ તો હજુ શરૂઆત છે."

"હા, યાર. પણ હવે તેનો સામનો કર્યે જ છૂટકો. લડી લઈશું, દરેક ચેલેંજને પણ." વ્યોમા હવે સ્વસ્થ થવા લાગી હતી.

"લાગે છે કે નવી હિમ્મત આવવા લાગી છે તારામાં."

"ચોક્કસ. બની ગયેલી ઘટના ડરામણી હતી, પણ તેનો સામનો કરવાની પણ મજા પડી. એક અનોખો રોમાંચ અનુભવ્યો છે આપણે."

"ખરી વાત છે. અને એટલે જ હિમ્મત અને વિશ્વાસ પણ વધ્યા છે આપણાં." બારી બહારની દુનિયા જોતાં જોતાં જ નીરજાએ જવાબ આપ્યો.

બંને ફરી મૌન થઈ ગયા. બારી બહાર જોવા લાગ્યા. બસ દોડતી રહી, શિલોંગ તરફ.

પ્રકરણ 28

બહાર હજુ પણ વરસાદ વરસી રહ્યો હતો. પણ તેનું જોર ઘટ્યું હતું. વાદળો પણ વીખરાતા જતાં હતા. અંધકાર પણ હટવા લાગ્યો હતો. ખૂબ દૂર સુધી જોઈ શકાતું હતું.

"આ વરસાદ પણ સમયે જ આવ્યો. અને અંધકાર પણ કેવો મજાનો લઈને આવ્યો." વ્યોમાએ વાત છેડી.

"ઓહ, ખરેખર એ તો કુદરતનો સંકેત જ હતો. આપણે નરેશની કારમાંથી ઉતરીને આ બસમાં ચડી જઈએ, અને તે પણ મોહાની નજર બહાર, એ હેતુથી જ કદાચ કુદરતે આખું વાતાવરણ સરજ્યું હોય તેવું લાગે છે."

"હું પણ એ જ કહી રહી છું. કુદરત અદભૂત છે."

"થેન્ક યુ કુદરત."

ફરી કુદરતના બદલાયેલા રૂપને માણવા લાગ્યા.

કેટલીય ક્ષણો, પળો અને મિનિટો વિતતી ગઈ. બસ શિલોંગના રસ્તે વહેતી હતી. કુદરતના અફાટ, અનુપમ અને અનંત સૌંદર્યને માણતા માણતા શિલોંગ પહોંચી ગયા.

નરેશે બૂક કરેલી હોટલમાં પહોંચી ગયા.

હોટેલ બ્રીન્દા.

સાદી હોટેલ. ખાસ આકર્ષક નહીં. પણ હાલ તો ત્યાં ગોઠવાઈ જવું જ યોગ્ય લાગે છે. નીરજાએ મનોમન વિચાર કરી લીધો. અંદર પ્રવેશ કરી લીધો.

"હેલ્લો, મે આઈ ટોક ટુ મિસ સોના?" કાઉન્ટર પરની છોકરીને વ્યોમાએ પૂછ્યું.

જવાબી સ્મિત સાથે તે બોલી, "મૈં હી સોના હું. ઔર આપ નીરજા તથા વ્યોમા, રાઇટ?"

"જી હાં."

"રૂમ નં. 107 આપકે નામસે બૂક હૈ."

નીરજાએ સોનાને ધ્યાનથી જોવા માંડ્યુ. વ્યોમાએ ઔપચારિકતા પતાવી. બંને રૂમમાં ગોઠવાઈ ગયા.

રૂમ નં 107. ડબલ બેડનો નોર્મલ રૂમ. બે અલગ અલગ બેડ. વચ્ચે ડ્રેસિંગ ટેબલ. એટેચ્ડ ટોઇલેટ. મોટું મિરર. એક રાઇટિંગ ટેબલ. બે ખુરશીઓ. એક ટીપોય. તેના પર સિગારેટની એશ ટ્રે. તાજા ઠંડા પાણીનો જગ. કાચના બે નવા ગ્લાસ. એક પંખો. એક એ સી. નાનું ટી વી. ચાર પાંચ ઝીણા સફેદ બલ્બ.એક મધ્યમ કદનો લાકડાનો કબાટ.

દીવાલો આછા ગુલાબી રંગની. તેના પર આર્ટથી ભરપૂર દ્રશ્યો વાળી ત્રણ ફ્રેમ. કોઈ નદી કિનારે વિરહમાં બેઠેલી કન્યાનું ચિત્ર. ફ્લોર પર બ્રાઉન રંગની મોટી ટાઇલ્સ. એક જ દિશામાં આવેલી બે બારીઓ. તેના પર લેનિનના પડદાઓ. ચાર્જિંગ માટેના બે પોઈન્ટ. એક તરફ લટકતું ઘડિયાળ.

આખા રૂમને બંનેએ ધ્યાનથી નીરખી લીધું. કદાચ તેની આંખો કૈંક શોધી રહી હતી. બંનેની આંખો મળી. બંને હવે ટોઇલેટ તરફ વળ્યા. અંદર ઘૂસી ગયા.

વેસ્ટર્ન સ્ટાઈલનું સંડાસ. સ્નાન માટે પ્લાસ્ટિકના પડદાથી અલગ પડતો ભાગ. ત્રણ જુદા જુદા નળ. એક ઓવરહેડ શાવર. એક હૅન્ડ શાવર. એક બાથ ટબ. આદમ કદનું મિરર. એક મોટી અને એક ઝીણી સફેદ લાઇટ. ચાર્જિંગ માટેનું એક પોઈન્ટ.

ચાર આંખો અહીં પણ કશુંક શોધી રહી હતી. રૂમ અને ટોઇલેટનો ખૂણે ખૂણો ચકાસી લીધો.

"લાગે છે કે અહીં એવું કશું નથી." નીરજાએ વ્યોમા સામે નજર મિલાવી કહ્યું.

“મને પણ એમ જ લાગે છે.”

“પણ, છતાંય સાવધ રહેવાનુ છે.”

“યસ બોસ.”

“રૂમ ઇસ નોટ બેડ, ફ્રેન્ડ.” અને બંને ખડખડાટ હસી પડ્યા. લાંબા થઈ પડ્યા એક એક પલંગ પર.

લાંબી રઝળપાટથી બંને ખૂબ થાકી ગયા હતા. પલંગ પર આમ જ પડ્યા રહેવું સારું લાગ્યું. ક્યાંય સુધી તેઓ પલંગ પર પડ્યા રહ્યા. સાવ મૌન. કોઈ કશું જ ના બોલ્યું. બસ છતને જોતાં રહ્યા. રૂમ સાવ શાંત હતો. પંખો, એ. સી. પણ બંધ હતા. નીરવ શાંતિનું સામ્રાજ્ય હતું. કોઈ અવાજ હતો તો માત્ર દીવાલ પર લટકી રહેલી ઘડિયાળના કાંટાની ટીક ટીક નો અવાજ.

થોડી વારમાં વ્યોમા સૂઈ ગઈ. થાકેલા શરીરને ઊંઘનો સાથ મળી ગયો. બંનેની દોસ્તી જામી ગઈ. નીરજાએ વ્યોમા તરફ જોયું. ઘડિયાળ તરફ નજર કરી. સાંજના પાંચ વાગી રહ્યા હતા. તેને પણ થાક લાગ્યો હતો. ઊંઘવાનું પણ મન હતું. પણ ..ખૂબ જ ભૂખ લાગી હતી. કશુંક ખાવું તો પડશે જ.

તે ઊભી થઈ. સાથેના થેલામાંથી બાકી બચેલો નાસ્તો કાઢ્યો અને વ્યોમાને જગાડવા લાગી. વ્યોમા ઊંડી નીંદરમાં હતી. તે ન જાગી. તેણે પ્રયાસ છોડી દીધો. થોડો નાસ્તો કરી તે પણ ઊંઘી ગઈ.

નીરજાના મોબાઈલ ફોનની ઘંટડી વાગવા લાગી. વાગીને બંધ થઈ ગઈ. ફરી વાગી. ફરી બંધ થઈ ગઈ. ત્રીજી વખત પણ વાગી. નીરજા ઝબકીને જાગી ગઈ. સ્ક્રીન પર નજર કરી. નરેશનો ફોન હતો. ફોન લેવો કે નહીં, તેની દુવિધામાં જ રિંગ પૂરી થઈ ગઈ.

તે ઉઠી. નરેશને ફોન જોડ્યો. નરેશે ખબર પૂછીને ખાત્રી કરી લીધી કે બંને સહી સલામત છે. ટૂંકમાં જ વાત પૂરી થઈ ગઈ. તે ફરી પલંગ પર લાંબી થઈ ગઈ.

તેણે સમય જોયો. 7.11 pm. તેણે વ્યોમા તરફ જોયું. તે હજુ પણ ગાઢ નિન્દ્રામાં પોઢેલી હતી.

તે ઉઠી. જાગૃત થઈ. વ્યોમાને પણ જગાડી.

“મેડમ, સમય તો જુઓ. જાગો અને જલદીથી ડિનરની વ્યવસ્થા કરો. આમ તો ભૂખથી જ મરી જઈશું.” નીરજાએ વ્યોમાની નિંદ્રામય તંદ્રાને તોડવા કહ્યું.

“અરે, ભૂખ તો મને પણ ખૂબ જ લાગી છે. ચાલ ફટાફટ કોઈ રેસ્ટોરન્ટમાં પહોંચી જઈએ.” વ્યોમા સફાળી જાગી અને ફટાફટ તૈયાર થઈ ગઈ. બંને હોટેલની બહાર નીકળી ગઈ.

“જો તો સાંજનું અંધારું કેવું ઉતરી આવ્યું છે.” વ્યોમાની નજર આકાશ તરફ ગઈ.

“અહીં સૂર્યાસ્ત 6.30 ની આસપાસ થાય છે અને અત્યારે 7.30 થઈ ગયા છે. સુરજ તો ક્યારનો ય વિદાય લઈ ગયો.”

“છોડ એ સૂરજને. તેને તો કાલે સમજી લઈશું. એ વિચાર કે શું જમીશું?” વ્યોમાએ વર્તમાનની સળગતી સમસ્યા તરફ ધ્યાન ખેંચ્યું.

“હું તો ગુજરાતી થાળી જમીશ.”

“હું તો પંજાબી કે સાઉથ ઇંડિયન પસંદ કરીશ.”

“જો પેલી, સામે સરસ રેસ્ટોરન્ટ દેખાય છે. ચાલ ત્યાં જ જઈએ.”

હોટેલ રાધિકામાં બંને ઘૂસી ગયા.

“યસ મેમ” કહીને એક વેઇટર સ્મિત સાથે મેનૂ પકડાવી ગયો.

બંને તેના પર નજર ફેરવવા લાગ્યા. અનેક વાનગીઓ હતી, પણ તેના નામ સમજમાં ન આવ્યા. કેટલૂક નોન વેજ પણ હતું.

“ચાલ બીજી કોઈ જગ્યાએ જઈએ.” નીરજાએ વ્યોમાને ઊભા થઈ જવા સંકેત કર્યો.

“કેમ? અહીં જ કશુંક ખાઈ લઈએ.”

“ના, તું બહાર ચાલ.” નીરજાએ વ્યોમાનો હાથ પકડી તેને બહાર ખેંચી લાવી.

“શું વાત છે?”

“અહીં વેજ અને નોન વેજ બંને સાથે બને છે. કોઈ શુધ્ધ શાકાહારી જગ્યા શોધ.”

વ્યોમા સમજી ગઈ. બંનેએ શિલોંગની ઘણી બધી રેસ્ટોરંટ તપાસી જોઈ. પણ ક્યાંય મેળ ના પડ્યો.

ખૂબ જ ઓછી હોટેલો મળી જ્યાં માત્ર શાકાહારી ભોજન મળતું હોય. ત્યાં પણ ગુજરાતી કે સાઉથ ઇંડિયન ના મળ્યું. એક માત્ર પંજાબી જ ઉપલબ્ધ હતું.

વિકલ્પોના અભાવે એક હોટલમાં પંજાબી ઓર્ડર કરી દીધું. એકાદ કલાકની મહેનત બાદ આ હોટેલ મળી હતી. ભૂખ અને થાક અકળાવી રહ્યા હતા. તેમાં ઓર્ડરમાં થતો વિલંબ વધુ પરેશાન કરતો હતો.

થોડી વારે ઓર્ડર મુજબ પંજાબી વાનગીઓ આવી. અપેક્ષા કરતાં સ્વાદ નબળો લાગ્યો. પણ ભૂખથી ત્રસ્ત હતા, એટલે જે મળ્યું તે જમી લીધું.

રૂમ તરફ ચાલવા લાગ્યા. હોટલથી ઘણા દૂર આવી ગયા હતા.

“મારા અંદાજ મુજબ 20 મિનિટની દૂરી પર હોટેલ બ્રીન્દા હશે.” વ્યોમાએ અનુમાન લગાવ્યું.

“એટલે હજુ 20 મિનિટ ચાલવું પડશે?”

“કેમ? થાકી ગઈ?” હસવા લાગી, વ્યોમા.

રાત્રિના 9.25 થયા હતા. તેઓ ચાલતા રહ્યા, અજાણ્યા શહેરના અજાણ્યા રસ્તાઓ પર. મૌન.

નીરજાના મૌન કાન પર દૂર દૂર વાગતા સંગીતનો અવાજ પડ્યો.

સંગીતના અવાજની સાથે કોઈ ગીતોના શબ્દો પણ સંભળાતા હતા. ધીરે ધીરે સંગીતની ધૂન અને શબ્દો સ્પષ્ટ થતાં જતાં હતા.

“અરે, આ તો મુકેશનું ગીત. ‘મૈંને તેરે લિયે હી સાત રંગ કે સપને ચૂને’, વ્યોમા.” નીરજાએ ગીતને ઓળખી કાઢ્યું.

“હા, એ જ છે.”
“પણ, અહીં આ જગ્યાએ હિન્દી ગીતો? અને તે પણ જૂના હિન્દી ગીતો? આશ્ચર્યની વાત છે, ખરું ને?”

“હા, યાર. ચાલ ત્યાં જઈને માણીએ.” વ્યોમાએ પોતાની ઈચ્છા જાહેર કરી દીધી.

“લાગે છે કે ક્યાંક નજીકથી જ અવાજ આવી રહ્યો છે. ચાલ એ દિશામાં જઈએ.”

બંને અવાજની દિશામાં ચાલવા લાગ્યા. થોડે દૂર એક ખુલ્લા મંચ પર કોઈ ગીત ગાઈ રહ્યું હતું. હવે ગીત બદલાઈ ગયું હતું.

રફીના અવાજમાં કોઈ ગઈ રહ્યું હતું, ‘પુકારતા ચલા હું મે, ગલી ગલી બહારકી…’

ખૂબ સરસ ગીત ગવાઇ રહ્યું હતું. સંગીત પણ ગીતને અનુરૂપ વાગી રહ્યું હતું. નીરજાને મજા પડી ગઈ. તે ખુશ થઈ ગઈ. તેને ગમતા ગીતો એક પછી એક મંચ પરથી લાઈવ ગવાતા રહ્યા. વ્યોમાને પણ જૂના હિન્દી ગીતો પસંદ હતા. તે પણ સંગીતની એ ક્ષણોને માણવા લાગી. એક પછી એક 8 થી 10 ગીતો ગવાઇ ગયા. દરેક ગીતોમાં અનેરો આનંદ આવતો હતો. મજા પડી રહી હતી.

“અબ આપકે સામને હમ પેશ કરતે હૈ હમારે કલાકાર એનલકો, મહેન્દ્ર કપૂર કી આવાજમે વાહ પેશ કરેંગે એક ગીત, જીસકે બોલ હૈ….તુમ અગર સાથ દેનેકા વાદા કરો….”

લોકોની તાળીઓથી વાતાવરણ ગુંજી ઉઠ્યું.

ગીતની પહેલાંનું સંગીત વાગવા લાગ્યું. ગીત પહેલાં વાંસળીનો લાંબો આલાપ વાગવા લાગ્યો. મંચ પર એક યુવાન વાંસળી વગાડી રહ્યો હતો. વાંસળીના સૂરોને નીરજા ધ્યાનથી સાંભળવા લાગી. તે સૂરોને સાંભળી તે વિચલિત થઈ ગઈ. સૂર અનેક ખામીઓ સાથે વાગી રહ્યા હતા. તાલ અને લય પણ ભંગ થતાં હતા. નીરજાના કાનને તે સૂરો ખૂંચવા લાગ્યા. તેને તે સૂરો ખટકવા લાગ્યા.

સૂરોનું અસ્તવ્યસ્ત થવું તેને ના ગમ્યું. તેને મન થયું કે ચાલ હું જ જઈને મંચ પર ચડી જાઉં, અને ગીતમાં જે સાચા સૂરો છે તે જ વગાડી નાંખું. તેના હાવભાવ બદલાઈ ગયા. તે ઊભી થઈ ગઈ. વ્યોમાએ તેની સામે પ્રશ્નાર્થ નજર કરી.

"જો ને, કેવા બેસુરા સૂરો વડે વાંસળી વગાડી રહ્યો છે પેલો."

"તો? તું કેમ ઊભી થઈ ગઈ?'

"હું મંચ પર જઈને સાચા સૂરો વડે વાંસળી વગાડવા જાઉં છું."

"નીરજા, આ અમદાવાદ નથી. શિલોંગ છે."

"તો શું થયું? મને અજાણ્યા શહેર કે લોકોનો ભય નથી. મને સંગીતના સુર પાકા આવડે છે. હું તો આ ચાલી." નીરજા એક ડગલું આગળ વધી ગઈ. વ્યોમાએ તેને હાથ પકડી પછી ખેંચી લીધી. ઝટકા સાથે બેસાડી દીધી.

"શું કરે છે તું? તને એનું જરાય ભાન છે?" વ્યોમા હવે ગુસ્સે થઈ ગઈ.

"કેમ? શું વાત છે? આમ ગુસ્સે કેમ થઈ ગઈ?" નીરજાને વ્યોમાના શબ્દો ના સમજયા.

"શાંતિથી એક વાર બેસી જા. આ ગીત પતે એટલે આપણે વાત કરીશું." વ્યોમાએ સત્તાવાહી સ્વરે કહ્યું. નીરજા સમજી ગઈ કે નક્કી કોઈ ગંભીર વાત છે, નહીંતર વ્યોમા આમ ના વર્તે. તે ચૂપચાપ ગીત સાંભળવા લાગી.

દોઢેક મિનિટ લાંબો વાંસળીનો પીસ પૂરો થઈ ગયો. ગાયક કલાકારે ગાવાનું પણ ચાલુ કરી દીધું. એનલ. સારો અવાજ હતો. ગીત ખૂબ સરસ ગાઈ રહ્યો હતો. તે સૂરોને પણ બરોબર સાચવી રહ્યો હતો. નીરજાને ગમ્યું. સૂર અને અવાજ સુંદર માહોલ ઊભો કરી રહયા. નીરજા પેલા બેસુરા વાંસળી વાદનને ભૂલી ગઈ. ગીત પૂરું થયું.

"નવું ગીત શરૂ થાય તે પહેલાં અહીંથી નીકળી જઈએ." વ્યોમા ઊભી થઈ ગઈ અને નીરજાનો પણ હાથ પકડીને તેને ખેંચવા લાગી.

નીરજા ચૂપચાપ તેને અનુસરી. હોટેલ તરફ ચાલવા લાગ્યા. મૌન વાટ પૂરી કરી બંને પોતાના રૂમમાં પહોંચી ગયા.

પ્રકરણ 29

"તેં મને વાંસળી વગાડવા જતાં કેમ રોકી હતી?" નીરજાએ ક્યારનો દબાવી રાખેલો પ્રશ્ન કર્યો.

"મેડમ. આજ સવારથી જ આપણે અનેક મુસીબતોનો સામનો કરી રહયા છીએ. કોઈ આપણને શોધી રહ્યું છે. મોહા અને તેની ગેંગના માણસો કદાચ આપણો પીછો કરતાં હોય એવું પણ બને. આપણે મોહાને મહાત આપી છે. તે ઘાયલ થયેલી છે. ગુસ્સે પણ હશે જ. તેના હાથમાં આવેલો શિકાર છટકી ગયો છે. તો તે કાંઇ એમ જ હાર માનીને નહીં બેઠી હોય. તેણે તેના માણસોને ચારે તરફ કામે લગાડી દીધા હશે, અને આપણાં બંનેના અનેક ફોટાઓ તેની ગેંગના માણસોના ખીસામાં હશે. જો તું મંચ પર ચડીને વાંસળી વગાડે એટલે બધાની નજરે તું ચડી જાય. પેલો એન્કર તારા વિશે થોડું બોલે. તારા વાંસળીના સૂરો સાંભળીને તને સવાલો કરે અને તું સહજ બધું બોલી નાંખે. આખા શિલોંગને ખબર પડી જાય કે બે છોકરીઓ અમદાવાદથી અહીં આવી છે."

"પણ તે આપણને ગૌહાટીમાં જ શોધવા પ્રયાસ કરશે. તેને ક્યાં ખબર છે કે આપણે શિલોંગ પહોંચી ગયા છીએ."

"પણ તારી એ હરકત તેને મેસેજ આપી દેત, કે મોહાજી, અમે હવે અહીં શિલોંગમાં છીએ. તમે અમારો પીછો અહીં કરો. અને ફરી પેલી સંતાકૂકડીની રમત ચાલુ."

"પણ..."

"પણ શું? એ બધું છોડીને હવે આપણે શું કરવાનું છે તે વિચાર."

"હા ખરી વાત છે." નીરજાએ હકારમાં માથું હલાવ્યું.

"તો શું પ્લાન બનાવ્યો છે? કાંઇ વિચાર્યું છે કે પછી...?" વ્યોમા હજુ પણ ગંભીર થઈ કહી રહી હતી.

"તું પહેલાં શાંત થા. તારો ગુસ્સો મને વિચલિત કરી રહ્યો છે." નીરજાએ વિનંતીના સ્વરે વ્યોમાને કહ્યું.

"કેમ કરી શાંત..."

"ઓ કે બાબા. ભૂલ થઈ ગઈ. ફરી એવું નહીં કરું.." નીરજા કહેવા લાગી. વ્યોમા નીરજા પાસે ગઈ અને તેને ભેટી પડી. બંને ક્યાંય સુધી પરસ્પર આલિંગનમાં રહ્યા. થોડા અશ્રુ પણ વહ્યા.

અશ્રુના તે પ્રવાહમાં બધા જ ભાવો ઓગળી ગયા. રહ્યા તો માત્ર મિત્રતાના ભાવો.

"ચાલ હવે વિચારીએ, કે આપણો હવે પછીનો પ્લાન શો છે." વ્યોમાએ વાતનો દોર સાંધતા કહ્યું.

"મોહાને આપણાં પૂરા પ્લાનની ખબર છે. માટે મને લાગે છે, કે આપણે સમગ્ર પ્લાન બદલી નાંખવો પડશે."

"નોહ કલિકાઇ ધોધ સુધી આપણે કારમાં જવાનું હતું. પણ હવે તે પ્લાન કેન્સલ."

"તો પછી કેવી રીતે જઈશું, ત્યાં સુધી?"

"નીરજા, ત્યાં જવું તો સહેલું છે. કોઈ પણ કાર ભાડે લઈ ત્યાં પહોંચી જવાશે, પણ તેથી મોહાની નજરમાંથી બચી નહીં શકાય. માટે આપણે કોઈ નવી યોજના બનાવવી પડશે."

"તો શું કરી શકાય..." નીરજા વિચારે ચડી. વ્યોમા પણ વિચારવા લાગી. કેટલીય ક્ષણો વિચારવામાં વિતી ગઈ.

નીરજાના ફોનની ઘંટડી વાગી. નરેશનો કોલ હતો. નીરજાએ ઘડિયાળમાં જોયું. રાત્રિના **11.24** થઈ હતી. આટલી મોડી રાત્રે નરેશનો ફોન? શું વાત હશે?

વ્યોમા અને નીરજાની આંખો મળી. વ્યોમાએ ફોન લીધો. સ્પીકર મોડ પર રાખી દીધો.

"હાય નરેશ."

"હજુ જાગો છો?" સામે છેડેથી નરેશનો અવાજ આવ્યો.

"હા. શું કામ હતું."

"બસ, ખાસ કાંઇ નહીં. બધું બરાબર છે ને?"

"હા, બિલકુલ બરાબર છે. સોના ખૂબ જ કો-ઓપરેટિવ છે."

"તો આગળનો શો પ્લાન છે?"

"હજુ કાંઇ વિચાર્યું નથી. કાંઇ નક્કી પણ નથી."

"ઓ કે. ટેક કેર. અને હા, જે કોઈ પ્રોગ્રામ બનાવો તે મને જણાવી દેજો." સામે છેડેથી નરેશનો અવાજ કપાઈ ગયો.

"નરેશ પણ સતત આપણો પીછો કરતો હોય તેવું લાગે છે." નીરજાએ સંદેહ વ્યક્ત કર્યો.

"તો પછી આપણો પ્લાન ગુપ્ત જ રહેશે. નરેશને પણ નહીં જણાવવાનો. રાઇટ?"

"રાઇટ. પણ તેમાં બે સમસ્યાઓ છે."

"એ વળી શું છે?" વ્યોમાએ પૂછ્યું.

"એક, સોના. અહીંથી ચેક આઉટ કરીશું, એટલે તરત જ નરેશને તે ઇન્ફોર્મ કરી દેશે."

"રાઇટ. અને બીજી સમસ્યા શું છે?"

"એ જ કે તેની પાસે આપણા ફોન નંબર છે. ગમે ત્યારે તે ફોન કરીને પૂછશે."

"તો આપણે તેને કાં તો જવાબ નહીં દઈએ કાં તો ખોટું બોલીને ગુમરાહ કરીશું." વ્યોમા હવે લૂચ્ચું વિચારવા લાગી.

"તેમાંથી એક પણ શક્ય નથી. જવાબ તો દેવો જ પડે. અને ખોટું નહીં બોલી શકાય કારણકે તે ચાલાક છે. આપણાં મોબાઈલના લોકેશનને ટ્રેક પણ કરી લે, અને આપણને પકડી પાડે."

"તો એક જ ઉપાય છે. ફોન સ્વિચ ઓફ કરી દઈએ તો?" વ્યોમાનું મગજ તેજ ગતિથી ચાલતું હતું.

"હા, એ શક્ય છે. પણ જો વચ્ચે એક પણ વાર તે ચાલુ કર્યો, તો પણ તે આપણાં લોકેશનને જાણી લેશે."

"તો તેને ચાલુ જ નહીં કરીએ."

"પણ મમ્મી, પપ્પા સાથે વાત કેમ કરીશું? નેટ કેમ ચાલુ કરીશું?"

"ઓ કે. આપણે બંને સમસ્યાઓને જરા ધ્યાનથી સમજી લઈએ અને પછી તેનું સોલ્યુશન પણ કરી લઈએ." વ્યોમા ગંભીરતાથી વિચારવા લાગી.

થોડી વાર બંને ખામોશ થઈ ગયા. કોઈ જ અવાજ નહીં. મૌન. માત્ર મૌન.

મૌન બેસી નીરજા ઘડિયાળને તાકી રહી. વ્યોમા સ્થિર થઈને બેસી નહોતી શકતી. તે ચંચળ બની રૂમમાં આમ તેમ આંટા મારતી રહી. એક પછી એક રૂમમાં રાખેલી વસ્તુઓ તરફ નજર કરી તેને જોતી રહી. તેને અડકતી રહી. તે અટકી ગઈ.

એક સુંદર મજાની તસવીર દીવાલ પર લટકતી હતી. **12 x 18** સાઇઝની એક આકર્ષક કૃતિ હતી એ. તેમાં વહેતા ઝરણાંનું દ્રશ્ય હતું. બેક ગ્રાઉન્ડમાં પહાડ. પહાડ પર ગાઢ જંગલ. આકાશ વાદળોથી ઢંકાયેલું. ઝરમર વરસાદ પણ પડતો હોય તેવું લાગતું હતું. પહાડની ખીણોમાથી શાંત ઝરણું, વહેતું વહેતું પહાડની તળેટી તરફ જતું હતું.

તળેટીમાં એક નાનું મકાન પણ હતું. તે મકાનની બાજુમાંથી પેલું ઝરણું વહી રહ્યું હતું. વ્યોમાને તે ગમી ગયું. તે તેને જોતી રહી. પહાડ, જંગલ, વરસાદ, વાદળ, આકાશ, ઝરણું, ખીણો અને મકાન.

મકાન.

મકાનની અંદર એક બલ્બ ચાલુ હોય તેવું કશું મૂક્યું હતું. કોઈની હાજરી તે મકાનમાં હોય તેવું દર્શાવવા જ કદાચ ઝીણો બલ્બ મૂક્યો હશે.

વ્યોમા તે બલ્બને ધ્યાનથી જોવા લાગી. તે બલ્બને કારણે તે મકાન જીવંત હોય તેવું લાગતું હતું. સમગ્ર દ્રશ્યને પણ તે જીવંત બનાવી રહ્યું હતું. તેને ગમ્યું.

"નીરજા, અહીં આવ, જો. કેટલું જીવંત લાગે છે." વ્યોમાએ વિચારમગ્ન નીરજાને આમંત્રણ આપ્યું. નીરજા વિચારોમમાંથી જાગી. વ્યોમા પાસે ગઈ. વ્યોમાએ તેને પેલી તસવીર બતાવી.

"વ્યોમા, વાહ. ખૂબ જ સરસ લાગે છે. કેવું જીવંત થઈ જાય છે આખું દ્રશ્ય. જાણે આપણે સાવ સાચા દ્રશ્યના સાક્ષી હોઈએ તેવું લાગે છે." નીરજા પણ તેનાથી પ્રભાવિત થઈ ગઈ. તે પણ તેને ધ્યાનથી જોવા લાગી.

તેના મનમાં એક ઝબકાર થયો.

તેણે વ્યોમાના હોઠો પર હથેળી મૂકી દીધી અને તેને તે હાથ પકડી ટોઇલેટમાં લઈ ગઈ.

"અરે, શું છે, નીરજા?" વ્યોમા માંડ માંડ બોલી.

"પાગલ છે તું. તે તસવીરમાં જે બલ્બ તેં બતાવ્યો હતો, તે બલ્બ નથી, છુપો કેમેરો છે અને સાથે માઈક્રોફોન પણ છે."

"મતલબ કોઈ આપણી જાસૂસી અહીં પણ કરી રહ્યું છે. કોણ હશે એ?"

"હા. નરેશ સિવાય કોઈને ખબર નથી આપણાં વિશે. નરેશે જ આ બધું સેટ કર્યું લાગે છે. અને સોના નરેશની જ સાથીદાર છે."

"તો આપણી બધી વાતો, તે સાંભળી રહ્યો છે. આપણને સતત જોઈ રહ્યો છે."

"હા, તેણે બધી જ વાતો સાંભળી છે. આપણે સાવધ રહેવાનું છે. તેને કદાચ એ પણ ખબર પડી ગઈ હશે કે આપણને તેના ગુપ્ત કેમેરાની ખબર પડી ગઈ છે."

"મને લાગે છે કે કોઈ મોટું ષડયંત્ર આપણી સામે કામ કરી રહ્યું છે. માત્ર નરેશ જ નહીં, પણ કોઈ અન્ય જ છે આ કાવતરા પાછળ." વ્યોમા હવે ચિંતિત થઈ ગઈ.

"કદાચ નરેશ આપણને કવર પણ કરી રહ્યો હોય. પ્રોટેક્ટ કરવાનો પણ તેનો ઇરાદો હોય."

"નીરજા, હવે મને પાક્કી ખાત્રી થઈ ગઈ છે કે નરેશ કોઈ વ્યાપારી નથી. કાં તો તે પણ કોઈ ગેંગનો માણસ છે કાં ...." નીરજાએ તેને વચ્ચેથી જ અટકાવી.

"જો, આ રૂમમાં કોઈ પણ વાત કરવી હોય તો માત્ર ટોઇલેટમાં જ આવીને કરવી પડશે."

"એક કામ ના થાય? આપણે પેલી તસવીર પર કોઈ કપડું ઢાંકી દઈએ તો?" વ્યોમાએ સૂચન કર્યું.

"હા. એ રીતે કેમેરાને બ્લોક કરી શકાય. પણ અવાજને નહીં."

"કશો વાંધો નહીં. આપણે ધીમે ધીમે બોલીશું. પણ આમ ટોઇલેટમાં ક્યાં સુધી બેસી રહીશું?" વ્યોમાના મનમાં કોઈ ચાલ રમતી હતી.

તે ટોઇલેટની બહાર આવી. પેલી તસવીર પર પેલો બલ્બ ઢંકાઈ જાય તેમ દુપટ્ટો ઢાંકી દીધો. નીરજા પણ હવે ટોઇલેટમાંથી બહાર આવી. બંને થોડા રીલેક્ષ થયા.

લગભગ આઠેક મિનિટ થઈ હશે. તેઓના રૂમની ડોરબેલ વાગી. બંનેએ એકબીજાની સામે પ્રશ્નાર્થ નજરે જોયું. 'કોણ હશે આટલી મોડી રાત્રે?' એક છુપો ભય પ્રસરી ગયો, બંનેના આખા શરીરમાં. પરસેવે રેબઝેબ થઈ ગઈ બંને.

ફરી ડોરબેલ વાગી. નીરજા દરવાજા તરફ ગઈ. વ્યોમાએ એર કન્ડિશન ચાલુ કરી દીધું.

નીરજાએ દરવાજો ખોલ્યો. સામે સોના ઊભી હતી. સાથે એક સફાઈ કર્મચારી પણ હતો.

સોનાના હોઠો પર મોહાક સ્મિત હતું.

“યસ, નીરજા ઔર વ્યોમા. કોઈ ચીઝ કી જરૂરત તો નહીં?” સોનાના સ્મિત જેવા જ મીઠા શબ્દો કાન પર સંભળાયા.

નીરજા કશું બોલે તે પહેલાં જ સોનાએ સફાઈવાળાને ઈશારો કર્યો. તે રૂમમાં દાખલ થઈ ગયો.

“હમ ઇસકો બિફોર બેડ સર્વિસ કહતે હૈ. આપકી રાતકી નીંદ સુંદર હો, ઇસલીયે દિનકી આખરી સફાઈ હોતી હે યહાં.”

પેલો બધું સફાઈ કરવા લાગ્યો. દીવાલો પરની બધી તસવીર પણ. સફાઈને બહાને તેણે પેલો દુપટ્ટો પણ હટાવી લીધો. વ્યોમા અને નીરજાની નજારોએ તે નોંધ્યું. પેલાએ રૂમમાં સુગંધી સ્પ્રે છાંટ્યું.

સોના હવે અંદર આવી ગઈ હતી. તેણે નીરજા સાથે હાથ મિલાવ્યા. નીરજાના શરીરને થોડો સ્પર્શ પણ કર્યો. નીરજાને ના ગમ્યું. પણ તે કશું ના બોલી.

“ઉમ્મીદ હૈ, હમારી યહ સેવા આપકો પસંદ આઇ હોગી.” સ્મિત આપી તે જવા લાગી અને જતાં જતાં કહેતી ગઈ, “આપ હમારે નરેશજી કે દોસ્ત હો. ખયાલ તો રખના હી પડેગા. ગુડ નાઈટ.”

નીરજાએ તરત જ દરવાજો બંધ કરી દિધો.

નીરજા સીધી જ ટોઇલેટમાં ગઈ. વ્યોમાને પણ ત્યાં બોલાવી લીધી.

નીરજાએ ફટાફટ કપડાં કાઢી નાખ્યા. તેણે પહેલાં ટી-શર્ટ અને પછી જીન્સ ઉતારી નાંખ્યું. બંને કપડાનો રૂમમાં પલંગ પર ઘા કર્યો. તે હવે બ્રા અને નિકરમાં હતી. વ્યોમા તેના અર્ધ નગ્ન શરીરને જોતી જ રહી.

તેને કશું જ ન સમજાયું. તેને મઝાક સુઝી, “વાહ, આકર્ષક અને લાવણ્યમય શરીર છે તારું. તું આટલી હોટ હોઈશ તેની મને નહોતી ખબર.”

“કુલ થઈ જા. સોના સફાઈના બહાને કેમેરા વાળી તસવીર પરથી દુપટ્ટો હટાવવા જ આવી હતી. તેને તરત જ ખબર પડી ગઈ હતી, કે આપણે કેમેરો ઢાંકી દીધો છે.”

“ઓહ. સમજાઈ ગયું. પણ તારું આમ નગ્ન થવું કાંઇ ન સમજાયું. શું ઇરાદો છે આ હોટ જવાન છોકરીનો?”

“મજાક છોડ. સોનાએ મારી સાથે હાથ મિલાવ્યો હતો, અને તેણે મને સ્પર્શ પણ કર્યો હતો. તેં એ બધું જોયું હતું ને?”

“હા. પણ તેથી કાંઇ નારાજ ના થવાય. એ કોઈ છોકરો થોડો હતો.” વ્યોમા હજુ પણ તોફાની મૂડમાં હતી. તે નીરજાના ખુલા શરીરને સ્પર્શી, “આ મીરરમાં જો. કેટલી મોહક લાગે છે તું.”

નીરજાએ તેના અર્ધ નગ્ન શરીરને દર્પણમાં જોયું. તે પોતાના જ આકર્ષક દેહ લાલિત્ય પર ઘડીભર મોહાઇ ગઈ. પણ તરત જ સ્વસ્થ થઈ ગઈ.

“વ્યોમા. તું પ્લીઝ સિરિયસ થઈ જા.” નીરજાએ લગભગ વિનંતીના સ્વરે કહ્યું.

“ઓ કે બાબા. બોલ શું વાત છે.”

“સોનાએ મારા કપડામાં પણ એક નાનું માઈક્રોફોન ચોંટાડી દીધું છે."

“ટી-શર્ટમાં કે જીન્સમાં?”

“ખબર નથી. એટલે તો મેં બંને કાઢી નાખ્યા.”

“એટલે કે તું હવે રાત ભર આમ જ રહીશ?”

“ફરી મજાક?” હવે નીરજા ગુસ્સે થઈ ગઈ. ગુસ્સામાં તેનું સુડોળ શરીર વધુ આકર્ષક લાગતું હતું. વ્યોમાને થયું કે કાશ હું પુરુષ હોત, અને નીરજા આમ મારી સામે ઊભી હોત, તો તરત જ તેને આલિંગન આપી દેત.

"વ્યોમા…" નીરજાના અવાજે વ્યોમા રોમાંસની કાલ્પનિક દુનિયામાંથી બહાર આવી.

"આપણે હાલ કશું જ નથી બન્યું તેમ સમજી સૂઈ જઈએ. પણ આપણો પ્લાન તને સમજાવી દઉં."

"શું પ્લાન છે તારા મનમાં."

વ્યોમા નીરજાની વધુ નજદીક આવી. નીરજાએ તેના કાનમાં આખો પ્લાન કહી દિધો. બંનેએ તેને મંજૂરી આપી દીધી.

બન્ને રાતની ચાદર ઓઢી સૂઈ ગઈ.

પ્રકરણ 30

નીરજા અને વ્યોમા સોહરા જતી બસમાં ચડી ગયા. સોહરાની ટિકિટ પણ લઈ લીધી. બસ ચાલવા લાગી. શિલોંગ સિટિને ચિરતી બસ જઇ રહી હતી. બસમાં બહુ જ ઓછા લોકો હતા. બધા સ્થાનિક હોય તેવું લાગ્યું.

"કોઈ જાણીતું હોય તેવું નથી લાગતું." વ્યોમાએ આખી બસમાં નજર કરીને કહ્યું.

"હા, લાગતું તો નથી. પણ કશું કહેવાય નહીં." નીરજા જરા પણ ગાફેલ રહેવા નહોતી માંગતી.

"આંખ અને કાન ખુલ્લા રાખવાના છે."

"યસ મેડમ." અને નીરજા હસી પડી. તેના હાસ્યમાં પણ સાવધાની સ્પષ્ટ દેખાતી હતી.

12 થી 13 મિનિટ બાદ બસ સિટીને છોડીને ચાલવા લાગી, હાઇવે પર.

અચાનક વ્યોમા પોતાની સીટ પરથી ઉઠી. તેણે બસ ઊભી રાખવાની વિનંતી કરી. બસ રોકાઈ ગઈ. બંને પોતપોતાનો થેલો લઈ ઉતરી ગઈ. બસ આગળ નીકળી ગઈ. તેઓ બસને જતી જોઈ રહ્યા.

"સૌ પહેલાં આપણે આ મુખ્ય રસ્તો છોડી દેવો પડશે. પ્લાન મુજબ જંગલનો રસ્તો પકડી લઈએ."

તેઓ હાઇવે છોડીને રસ્તાની જમણી તરફ કાચા રસ્તા તરફ વળી ગયા. તે રસ્તો ફાંગ નોંગલાઇટ પાર્ક પાસેથી પસાર થઈ જંગલ તરફ જતો હતો. દસેક મિનિટ ચાલ્યા બાદ જંગલની કેડી શરૂ થઈ ગઈ.

"લાગે છે કે આપણે પ્લાન મુજબ જ જઇ રહ્યા છીએ." વ્યોમાનો હાથ પકડી નીરજાએ જોરથી દબાવ્યો.

"હા. કેવો સરસ પ્લાન બનાવ્યો છે તે."

"સોનાને છેતરવા તે જરૂરી હતું."

"આપણે અહીં પેલા વિડીયોમાં જોયેલા જંગલ, વાદળ. વરસાદ, પાણી, ધોધ, અવાજ વગેરેને અનુભવવા આવ્યા છીએ, કે કોઈ ષડયંત્રના ભાગ બનીને આવ્યા છીએ. કશું સમજાતું નથી." વ્યોમાએ પૂછ્યું.

"એ હવે ભૂતકાળ બની ગયો છે. આપણે જે પ્લાન બનાવ્યો છે, તે પ્રમાણે તેઓ આપણને કદાચ ક્યારેય નહીં શોધી શકે." અચાનક નીરજા ઊભી રહી ગઈ. તેણે મોબાઈલમાંથી નરેશે આપેલ સિમ કાર્ડ કાઢી નાંખ્યું. વ્યોમાએ પણ એમ જ કર્યું.

તેઓ હવે જંગલના રસ્તા પર હતા. ચારે તરફ લીલુછમ જંગલ પથરાયેલું હતું. સતત પડતાં વરસાદને લીધે તે ખૂબ જ હરિયાળું લાગતું હતું. જંગલનો રંગ ગાઢ લીલાશમાં ફેરવાઇ ગયો હતો. નાના નાના ઝરણાં પણ ક્યાંક ક્યાંક દેખાતા હતા.

બંનેએ પરસ્પર નજર કરી. નીરજાએ તેના હાથમાં નરેશે આપેલ સિમ કાર્ડ હતું, તેનો રસ્તાની એક તરફ ઘા કર્યો. વ્યોમાએ તેની નકલ ના કરી. તેણે દોડીને નીરજાએ ઘા કરેલ સિમ કાર્ડ લઈ લીધું.

"અરે, શું કરે છે તું?" નીરજાએ આશ્ચર્ય વ્યક્ત કર્યું. વ્યોમા ખડખડાટ હસી અને સડસડાટ દોડી ગઈ દૂર દેખાતા સાવ નાના ઝરણાં પાસે. તેણે બંને સિમ કાર્ડને વહેતા પાણીમાં પ્રવાહિત કરી દીધા. નીરજા તેને જોતી રહી.

તે સમજી ગઈ. વ્યોમાની ચાલને બરાબર સમજી ગઈ. પાણીમાં વહી ગયેલા સીમકાર્ડ હવે નરેશ માટે સાવ નકામા હતા. આ ગઈ કાલે નક્કી કરેલા પ્લાનની શરૂઆત હતી.

બન્નેએ પોતાના થેલામાંથી નવા સિમ કાર્ડ કાઢીને ફોનમાં લગાડી દીધા. અમદાવાદથી જ પ્લાન કરીને નવા સિમ કાર્ડ સાથે રાખ્યા હતા. તે નંબર માત્ર તેઓના માતા પિતા જ જાણતા હતા. બંને ફોન નવા સિમ કાર્ડથી ચાલુ થઈ ગયા.

"ચાલો હવે નરેશ, સોના કે મોહા કોઈ આપણો પીછો નહીં કરી શકે." નીરજાએ નિરાંતનો એક શ્વાસ લીધો.

"આપણો પ્લાન આબાદ કામ કરી રહ્યો છે."

"સોના એમ જ માની રહી છે, કે આપણે બસ દ્વારા સોહરા જઇ રહ્યા છીએ અને બે કલાકમાં તો ત્યાં પહોંચી જઈશું. પછી

ત્યાંથી નોહ કલીકાઇ ધોધ જોઈને સોહરાની હોટેલ ઈશામાં આવી જઈશું."

"હોટેલ ઈશાનો રૂમ નંબર 26 સોનાએ બૂક કરાવી રાખ્યો છે, આપણા નામે." વ્યોમા લુચ્ચું હસી.

"પણ આપણે સોહરા પહોંચીશું જ નહીં. આપણે તો આ જંગલના રસ્તે પાંચ છ દિવસ બાદ સીધા જ નોહ કલિકાઇ ધોધ પર હોઈશું."

"કેવી મજા પડશે, આ જંગલમાં ભૂલા પડવાની. જંગલમાં રખડવાની. ઝરણાંઓને, વરસાદને, રસ્તામાં આવતા નાના મોટા ધોધને, લોકોને, તેઓના જીવનને વગેરે માણવાની." વ્યોમા હવે કુદરતના રંગે રંગાવા લાગી હતી.

"હજુ તું માને છે એમ ખતરો ટળી નથી ગયો. મને લાગે છે કે ખતરો વધી ગયો છે."

"કેમ એવું લાગે છે?" વ્યોમાએ સંદેહ સાથે જિજ્ઞાસા બતાવી.

"તેઓના પ્લાન મુજબ આપણે ન તો સોહરા, કે ના તો નોહ કલિકાઇ પહોંચીશું. અને ન તો રૂમ નંબર 26, હોટેલ ઈશા પર પહોંચીશું."

"બરાબર છે. તો?"

"વધુમાં આપણે નરેશના સીમકાર્ડ પણ ફેંકી દીધા છે." નીરજા કહે જતી હતી., "એટલે…"

"એટલે શું?" વ્યોમાએ અધીરાઇ બતાવી.

એકાદ કલાક જેટલું તેઓ ચાલી ગયા હતા. નીરજા એક ઝાડ નીચે બેસી ગઈ. વ્યોમા પણ બેસી ગઈ. ઠંડો પવન સ્પર્શી ગયો. થાક થોડો લાગ્યો હતો. પવનનો સ્પર્શ ગમવા લાગ્યો.

"તું બધું વિગતે કહે. શું વાત છે તે જલ્દી કહે." વ્યોમા વ્યગ્ર હતી.

નીરજાએ નાસ્તો કાઢ્યો.

નાસ્તો કરતાં કરતાં તે બોલી, "સિમ કાર્ડ ફેંકી દેતાં નરેશ આપણો સંપર્ક નહીં કરી શકે, અને સમય પર હોટેલ પર કે ધોધ પર નહીં પહોંચીએ એટલે નરેશને ખબર પડી જશે, કે આપણે તેને હાથતાળી આપી છટકી ગયા છીએ. સીમકાર્ડ નું છેલ્લું લોકેશન તો તેને મળી જ જશે એટલે તે એ પણ જાણી જશે કે આપણે અહીં સુધી આવ્યા હતા."

"તો? હવે?"

"એટલે તે આપણી શોધખોળ કરાવશે અને સમગ્ર જંગલમાં તેના માણસો અને કદાચ પોલીસ કે હવાઈ દળ આપણને શોધી કાઢવા પાછળ પડી જાય."

"ઓહ, તો તો આપણે પકડાઈ જઈએ. તો પછી આપણો પ્લાન ફેલ થઈ જાય."

"પકડાઈ જવાનો હવે ડર નથી. પણ આ જંગલને અને ધોધને પૂરેપૂરો માણી ના લઈએ ત્યાં સુધી હવે કોઈના ય હાથમાં નથી આવવું. એક વખત જે હેતુથી અહીં આવ્યા છીએ, તે પૂરો થઈ જાય, પછી જે થશે તે સ્વીકાર છે." નીરજાએ પોતાના મનમાં રહેલો સંદેહ વ્યોમાને જણાવી દીધો.

"તો આ બધા વિચારો, તને કાલે રાત્રે જ્યારે પ્લાન બનાવતી હતી, ત્યારે નહોતા સુઝ્યા?"

"ના. હમણાં જ મારા મગજમાં તે આવ્યા." નીરજાએ ભૂલ સ્વીકારતી હોય તેમ કાન પકડીને વ્યોમાને કહ્યું.

વ્યોમા નવા આવી પડેલા મુદ્દા પર વિચારવા લાગી. તેનું મન ઝડપથી વિકલ્પો વિચારવા લાગ્યું. છેલ્લા 24 કલાકમાં બનેલી ઘટનોએ તેના મનને લુચ્ચું અને તેજ બનાવી દીધું હતું. છેલ્લા 24 કલાકમાં કેટલું બધું બની ગયું હતું? અને દરેક ક્ષણ છળ અને કપટ લઈને આવતી હતી. તે છળ, કપટને કારણે જ વ્યોમા લુચ્ચું વિચારતી થઈ હતી.

"તો મારા મનમાં એક ઉપાય રમી રહ્યો છે." વ્યોમાએ મૌન તોડ્યું.

"તો જલદીથી કહી દે."

"બને ત્યાં સુધી ગામ કે શહેરથી દૂર રહેવાનું. અને જંગલમાં જ ટ્રેક પર ચાલતા રહેવાનું."

"મતલબ, લોકોની નજરથી દૂર રહેવાનુ."

"હા. અને જંગલથી નજીક."

"અને જંગલમાં તો હશે પંખીઓ, પ્રાણીઓ, નદીઓ, ઝરણાંઓ, વહેતો પવન, લીલા …" નીરજા જંગલના ખયાલોમાં ખોવાઈ ગઈ.

"જંગલમાં આ સિવાય પણ બીજું ઘણું હશે, તેનું પ્લાનિંગ હજુ બાકી છે, મેડમ નીરજા." વ્યોમાએ ચપટી વગાડી નીરજાને ખયાલોની દુનિયામાંથી જગાડી.

"વ્યોમા, હવે શું છે? તું મને જંગલ સાથે કેમ પ્રેમ નથી કરવા દેવા માંગતી?"

"તારા અને જંગલના પ્રેમમાં સરળતા રહે એ માટે જ વિચારું છું, લવ ગર્લ."

"તો કહી દે, ઝટ પટ."

"જંગલમાં દિવસભર તો ચાલતા રહીશું, પણ આપણે રાત ક્યાં વિતાવીશું? કોઈ પ્લાન કર્યો છે?"

"હેં? ઓહ વ્યોમા, એ તો હું ભૂલી જ ગઈ છું. જંગલમાં તો રાત કાઢવી …" નીરજા હવે ચિંતિત હતી પણ સાથે સાથે ખુશ પણ હતી કે વ્યોમા ખૂબ ઊંડું અને દૂરનું પણ વિચારે છે. વ્યોમા હવે વધુ તેજ અને પાક્કી થઈ ગઈ છે.

"તારી ધ્યાન રાખવા તો હું તારી સાથે આવી છું, નીરજા બેબી." વ્યોમાના હોઠો પર તોફાની હાસ્ય રમવા લાગ્યું. નીરજા સમજી ગઈ કે વ્યોમાએ સવાલના પહેલાં જ જવાબ શોધી કાઢ્યો છે. એટલે તો તે તોફાની હાસ્ય લઈને ઊભી છે.

નીરજાએ વ્યોમાને હસવા દીધી. મુક્ત મને હસવા દીધી. જંગલ ઘણા સમય પછી કોઈના હાસ્ય પર ખુશ થયું હોય તેમ હવાના એક ઝોકાથી ચંચળ થઈ ગયું.

"નીરજા, જંગલમાં સલામત રાત વિતાવવા માટે કાં તો કોઈ નાનું મકાન કે રૂમ ની જરૂર પડે કાં તો ટેન્ટ ની. તને શું ગમશે?" વ્યોમાએ નીરજાની મજાક કરતાં કહ્યું.

"એક કામ કરીએ, વ્યોમા. કોઈ 5 સ્ટાર હોટેલ જ બૂક કરાવી દઈએ." નીરજા પણ તેની મજાકમાં જોડાઈ ગઈ. બંને ખડખડાટ હસવા લાગી. જંગલ પણ ઘણા સમય પછી હસતું હોય તેમ લાગ્યું.

"ચાલો મજાક બંધ. જરા ગંભીરતાથી વિચારવાનું છે." વ્યોમા તરત જ વાસ્તવિક દુનિયામાં આવી ગઈ.

"યસ, તો હવે શું કરીશું?" " નીરજાએ ગંભીરતા સ્વીકારી.

"આગળ થોડે દૂર એક નાનકડું ગામ છે – લૂમ પરિંગ. જંગલ પણ ત્યાંથી જ શરૂ થાય છે. ત્યાં એક દુકાન છે, 'જેનિફર'સ જંગલ'." વ્યોમાએ મોબાઈલમાં જોઈને માહિતી આપી.

"ઓ કે." નીરજા વ્યોમાને આતુરતાપૂર્વક જોવા લાગી.

"ત્યાં જંગલમાં ટ્રેકિંગ કરવા માટે જરૂરી બધી જ વસ્તુઓ મળે છે. આપણે ત્યાં જઈએ અને જરૂરી સામાન લઈ લઈએ."

"વાહ. ખૂબ સરસ આઇડિયા છે. ચાલો ઝડપથી ત્યાં પહોંચી જઈએ."

નીરજા અને વ્યોમા 'જેનિફર'સ જંગલ' તરફ ચાલવા લાગ્યા.

પ્રકરણ 31

એકાદ કલાક ચાલ્યા બાદ દૂરથી 'જેનીફર'સ જંગલ' નામની દુકાન દેખાઈ. બંનેના ચહેરા પર ચમક આવી ગઈ. તેઓ સાચા રસ્તા પર ચાલી રહ્યા હતા, તેવો તેઓને અહેસાસ થવા લાગ્યો.

"અમે લોકો જંગલમાં ટ્રેક કરવા માંગીએ છીએ. 6 થી 7 દિવસ ટ્રેકિંગ ચાલશે. તો રસ્તા માટે જરૂરી સામાન જોઈએ ..." નીરજાએ દુકાનદાર મહિલાને વાત સમજાવી.

તે જેનિફર હતી. તેણે એક સ્મિત આપ્યું. જરૂરી બધી વસ્તુઓ બતાવવા લાગી અને પેક પણ કરવા લાગી. દુકાનમાંથી રસ્તા માટે જરૂરી બધો જ સામાન, રાત્રિ માટે ટેન્ટ, કેટલીક સૂચનાઓ અને માહિતી મળી ગયા.

"ક્યાંથી આવો છો?" જેનિફરે કામ કરતાં કરતાં પૂછી લીધું.

"અમદાવાદથી." નીરજાથી બોલી જવાયું. તરત જ વ્યોમાએ નીરજાનો હાથ પકડી લીધો. નીરજા સમજી ગઈ, "અમદાવાદથી કેટલાક લોકોની ટુકડી ટ્રેકિંગ માટે આવવાની છે અને અમો તેઓ સાથે જોડાઈ જવાના પ્લાનમાં છીએ." નીરજાએ વાતને બીજી દિશા આપી દીધી.

પણ જેનિફરની ચકોર અને અનુભવી આંખોએ નોંધી લીધું કે નીરજા ખોટું બોલી રહી છે. કારણ કે અમદાવાદથી કોઈ જ ટુકડી જંગલમાં ટ્રેકિંગ માટે આવવાની નહોતી.

તે જાણતી હતી કે વરસાદના દિવસોમાં જંગલમાં ટ્રેકિંગ માટે કોઈ ટુકડીઓ નથી આવતી હોતી.

"ટ્રેકિંગ ક્યાંથી શરૂ કરીને ક્યાં પૂરું થવાનું છે?" જેનિફરે પૂછ્યું.

"શિલોંગથી શરૂ થવાનું છે એટલી જ ખબર છે. ક્યાં પૂરું થશે એ નથી ખબર." વ્યોમાએ ટૂંકો ઉત્તર આપ્યો.

"ગુડ. શું નામ છે તમારા બંનેના?"

"હું નીરજા અને આ મારી મિત્ર વ્યોમા."

"ઠીક છે, આ મારૂ કાર્ડ રાખો. રસ્તામાં કોઈ તકલીફ પડે, કે માર્ગદર્શનની જરૂર પડે, તો મને તમે કોલ કરી શકો છો. ગમે ત્યારે. તમને મદદ કરવાનું મને ગમશે, મિસ નીરજા અને મિસ વ્યોમા." જેનિફરે એક સ્મિત આપ્યું. તેના સ્મિતમાં સહજ સરળતા હતી. બંનેને સહજતા સ્પર્શી ગઈ.

"અને હા, તમારા મોબાઇલમાં જે પણ સિમ કાર્ડ હોય તે અહીં જંગલમાં નહીં ચાલે." જેનિફરે ઉમેર્યું.

"તો જંગલમાંથી કોઈને ફોન કરવો હોય તો?" નિરજાએ પ્રશ્ન કર્યો.

તો તમારે નવા સિમ કાર્ડ લેવા પડશે. નિરજા અને વ્યોમા વિચારવા લાગી. એકબીજા સામે નજર કરી નિર્ણય કરી લીધો.

"ઠીક છે, ક્યાં મળશે એ સિમ કાર્ડ?" વ્યોમાએ પૂછ્યું.

"મારી પાસેથી જ મળી જશે, બોલો આપું?" સ્મિત સાથે જેનિફરે ઓફર કરી.

"બે કાર્ડ આપી દો. પણ, એક્ટિવેટ ક્યારે થશે?" નિરજાએ ફરી પ્રશ્ન કર્યો.

જેનિફરે બે સિમ કાર્ડ એક્ટિવેટ કરી આપ્યા.

તેણે બીજું ખાસ કાંઇ ના પૂછ્યું. બંને જણ સામાન અને જેનિફરનું કાર્ડ લઈ જંગલ તરફ ચાલવા લાગ્યા. જેનિફરે ખૂબ જ ઓછો, જરૂરી અને જંગલમાં સરળતાથી સાથે રાખી શકાય, તેમ સામાન પેક કરી દીધો હતો એટલે સામાનનો કોઈ ભાર નહોતો લાગતો.

બંને જંગલની વધુને વધુ અંદર અને શહેરથી વધુ દૂર જવા લાગી.

"હવે મોબાઈલ પર GPRS ચાલુ કરી દે. રસ્તો ભટકી ના જવાય તે જોવાનું છે." વ્યોમાએ નીરજાને સૂચના આપી.

"પણ, 5 થી 6 દિવસ આ મોબાઇલની બેટરી ચાલે તે રીતે જ તેનો ઉપયોગ કરવાનો છે. રસ્તામાં ક્યાંય ફોન ચાર્જ નહીં કરી શકાય."

"હા, જરા વાર રસ્તો ચેક કરવા પુરતો જ મોબાઈલ ચાલુ કરવાનો અને પછી તદ્દન બંધ. જંગલની સાથે હોઈએ ત્યારે જંગલ સિવાય કોઈ પણ સાથે ના જોઈએ."

"તું સાચું જ કહે છે."!નીરજાને ગમતી વાત વ્યોમાએ કહી હતી.

નીરજાએ આગળનો રુટ GPRS પર ચેક કરી લીધો. વ્યોમાએ તે નોટ પર ઉતારી લીધો.

મોબાઈલ બંધ. સમગ્ર દુનિયા સાથેનો સંબંધ કપાઈ ગયો. જોડાઈ ગયા જંગલ સાથે. પ્રકૃતિના અદભૂત પાલવ સાથે.

હવે તેઓ જંગલના રસ્તા પર ચાલવા લાગ્યા. જંગલ ગાઢ હતું.

ફરી ઝરણાં દેખાવા લાગ્યા. લીલો પવન વાઇ રહ્યો.

જંગલના પ્રવેશ પર, હવા બંનેના શરીરને સ્પર્શીને, તેના શરીરની સુગંધને લઈને આખા જંગલમાં ફેલાઈ ગઈ. તેઓના આગમનની વધામણી આપી દીધી. આખા જંગલને ખબર પડી ગઈ, કે બે સુંદર મહેમાન જંગલમાં આવી રહ્યા છે.

"હાશ. કેટલું રિલેક્સ લાગે છે." વ્યોમાના ચહેરા પર ખુશી હતી.

જંગલના રસ્તા પર ચાલવા લાગ્યા. ચાલતા રહ્યા. ચાલતા ચાલતા બપોરનો સુરજ માથે આવી ગયો.

આકાશમાં સૂરજને હંફાવવા ધીરે ધીરે કાળા વાદળો પ્રવેશ કરવા લાગ્યા. નીરજા અને વ્યોમા તો પહેલાંથી જ ભૂખ અને થાકથી હાંફી ગયા હતા.

"જો ત્યાં કોઈ ઢાબા જેવુ લાગે છે. ચાલ કશુંક ખાઈ લઈએ." નીરજાના મુખ પર ભૂખ રમતી હતી.

"ચાલ, ફટાફટ ત્યાં પહોંચી જઈએ. હું પણ ભૂખથી પિડાઉ છું. અને આકાશમાં કાળા વાદળો પણ આવી રહ્યા છે. નક્કી વરસાદ તૂટી પડશે." વ્યોમા ઝડપથી ચાલવા લાગી. નીરજા પણ તેની પાછળ ચાલવા લાગી. તેઓ જંગલ છોડી નજીકથી જ પસાર થતાં ગ્રામીણ રસ્તા પર થઈને, પહોંચી ગયા ઢાબા પર.

નાના પણ સ્વચ્છ પંજાબી ઢાબામાં દાખલ થયા. બપોરના જમવાનો સમય હતો. પણ ખાસ કોઈ ભીડ ન હતી. કુલ સાત ટેબલમાંથી ત્રણ ટેબલ ખાલી હતા. બધા જ ટેબલ પાસે બારી હતી. દરેક ટેબલ પરથી જમતા જમતા બારી બહારના કુદરતી દ્રશ્યોને પણ માણી શકાય તેવી સુંદર વ્યવસ્થા હતી.

4 નંબરના ટેબલ પર બેસી ગયા. પંજાબી વાનગીનો ઓર્ડર આપી દીધો.

બારી બહારની દુનિયાને જોવા લાગ્યા. જે રસ્તા પરથી ચાલીને તેઓ આવ્યા હતા, તે રસ્તાને જોવા લાગ્યાં.

સાંકડો એવો એ રસ્તો. રસ્તા પર કોઈ મોટા વાહનોની અવર જવર નહીં. કોઈ કોઈ સ્કૂટર કે બાઇક પસાર થતાં હતા. એ સિવાય રસ્તા પર કોઈ ચહલ પહલ નહીં. સાવ શાંત.

રસ્તો આટલો શાંત હોઇ શકે? અવાજના નામે માત્ર નીરજા અને વ્યોમાના પગલાનો અવાજ. નજર પડે ત્યાં સુધી, કપાઈ ચૂકેલા રસ્તાને જોઈ લીધો. છેક સુધી શાંત. કોઈ અવાજ નહીં. કેવો યોગી જેવો સ્થિર થઈ ગયો છે આ રસ્તો ! કેટલાય વર્ષોથી તે આમ જ અહીં આવી વસ્યો હશે ! એકલો. સાવ એકલો.

"રસ્તાને એકલતા ગમતી હશે?" વ્યોમાએ ધારી ધારીને રસ્તાને જોઈ રહેલી નીરજાને પ્રશ્ન કર્યો.

"હેં?" નીરજા ચોંકી ગઈ. જાણે તેના મનની વાત વ્યોમા વાંચી ગઈ હોય, અને તેની ચોરી પકડાઈ ગઈ હોય તેમ તે ચોંકી ગઈ.

"ક્યાંક તું આ મૌન રસ્તાના પ્રેમમાં તો નથી પડી ગઈ ને? રસ્તા સાથે રહી, પ્રેમ કરવા લાગે તો પછી મંઝિલ ક્યારેય હાથમાં ન આવે." વ્યોમાએ નીરજાને છંછેડી.

નીરજા કશું ન બોલી. માત્ર વ્યોમાને જોતી જ રહી. વ્યોમાએ તેની આંખમાં આંખ મિલાવી. તેના અપલક નયનોમાં વ્યોમાને વિતી ગયેલા રસ્તાની તસવીર દેખાઈ. તે તેમાં ડૂબી ગઈ. નીરજાની આંખમાંથી એકાદ મોતી ટપકી ગયું.

નીરજાના મોતીની સાથે દોસ્તી હોય તેમ, આકાશના વાદળોના મોતી પણ ટપકવા લાગ્યા. સાવ શાંત, કોરો રસ્તો ભીંજાવા લાગ્યો. નીરજા ઉઠી. ભીંજાઈ રહેલા રસ્તા પર પહોંચી ગઈ.

રસ્તો વરસાદમાં અને નીરજા ભીના રસ્તાના પ્રેમમાં ભીંજાતા રહ્યા. વ્યોમા રસ્તાને અને નીરજાને જોતી રહી.

જમવાનું આવી ગયું. વ્યોમાએ નીરજાને અવાજ દીધો. પણ, નીરજા આજે જરા જુદા મૂડમાં હતી. તે અંદર ન આવી.

"નીરજા જમવા માટે અંદર ચાલ." વ્યોમાએ નીરજાનો હાથ પકડી લીધો.

"આપણે અહીં જ ખુલ્લામાં જમીએ તો?" નીરજાએ વ્યોમાને પણ ભીનું ભીનું આમંત્રણ આપ્યું.

વ્યોમાને નીરજાની આંખમાં ભીના વરસાદ અને ભીના રસ્તાનો નશો દેખાયો.

વરસાદ વરસ્યે જતો હતો. નીરજા, વ્યોમા અને રસ્તો ભીંજાઇ ગયા હતા.

વ્યોમા અંદર ગઈ. વેઇટરને વિનંતી કરી, "ક્યા યહ ખાના ટેબલકે સાથ, વહાં બહાર લગા દોગે?"

"બેટે, વહાં તો બારીશમે ભિગ જાઓગે. ખાના ભી ખરાબ હો જાયેગા." વેઇટર દુવિધામાં પડી ગયો.

"વોહ પેડકે નીચે ટેબલ લગા દો. હમ વહીં ખાના ખાયેંગે."

"ખાના તો લગ જાયેગા... પર.. એક કામ કરતે હૈ. મેરે પાસ એક છાતા હૈ. ખાના ઉસકે નીચે રખના. ઔર તુમ દોનો ભિગ જાઓગે તો...." વેઈટરે પોતાની રીતે ઉપાય બતાવ્યો.

"હાં, યહી ઠીક રહેગા. હમે ભિગના પસંદ હૈ." તેને સૂચના આપી વ્યોમા પણ નીરજા પાસે આવી ગઈ.

થોડી વારે ઝાડ નીચે ટેબલ લાગી ગયું. છત્રીની નીચે થાળીઓ ગોઠવાઈ ગઈ. વરસાદ વરસતો રહ્યો. બંને ભીંજાતા રહ્યા. ભોજન કરતાં રહ્યા. તેઓને વરસતા વરસાદમાં આ રીતે જમતા જોઈ બીજા લોકોએ વાતો કરવા માંડી. ધીમો ધીમો ગણગણાટ થવા લાગ્યો. પણ નીરજા અને વ્યોમાને તેની કોઈ પરવા ન હતી. તેઓ પોતાની મસ્તીમાં જમતા રહ્યા. ભીંજાતા રહ્યા.

"ક્યા આપ મેરે લિયે ભી, એક ટેબલ બહાર લાગા સકતે હો?" કોઈ ગ્રાહકે પણ તેવો જ આગ્રહ કર્યો.

"હાં, પર મેરે પાસ ઔર કોઈ છાતા નહીં હૈ." વેઈટરે કહ્યું.

"આપ બસ ટેબલ લગા દિજિયે. હમારે પાસ છાતા હૈ." પેલા ગ્રાહકે કહ્યું.

થોડી વારમાં તેઓનું પણ ટેબલ, નીરજા-વ્યોમાના ટેબલની બાજુમાં લાગી ગયું. તે કોઈ યંગ કપલ હતું. બંનેની ઉમર **20 – 22** વર્ષની હશે.

બાકીના ગ્રાહકો તેઓને જોતાં રહ્યા. પણ પછી લલચાયા. હવે બધા ગ્રાહકો વરસતા વરસાદની નીચે ભીંજાતા ભીંજાતા ભોજન લેવા લાગ્યા.

નીરજાને ખૂબ મજા પડી રહી હતી. વ્યોમા પણ તેનો પૂરો સાથ આપતી હતી. બંને ભરપૂર આનંદ લેવા લાગ્યા. જાણે જંગલનો નશો ચડી ગયો હોય. નીરજા તેની મસ્તીમાં ખોવાઈ ગઈ. હોટલમાં ધીમું ધીમું સંગીત વાગતું હતું. વરસાદ, સંગીત અને જંગલનો નશો નીરજા પર છવાઈ જવા લાગ્યો.

જમતા જમતા તે ઉઠી. વરસતા વરસાદમાં પેલા સંગીતના તાલે નાચવા લાગી. તે કોઈ પશ્ચિમી ધૂન વાગતી હતી. ગિટાર પર સુંદર ધૂન વાગતી હતી. તે સંગીતમાં પણ નશો હતો. નીરજા નાચતી હતી. વ્યોમા તેને જોતી રહી. તે ચમકી ગઈ. તે તરત જ નીરજા પાસે પહોંચી ગઈ. તેનો હાથ પકડીને ભોજનના ટેબલ પર લાવી.

"ફટાફટ જમીને અહીંથી નીકળી જઈએ." વ્યોમાએ નીરજાને જાણે નશામાંથી જગાડી.

"શું છે? કેમ આમ ..." નીરજા હજુ પણ સંગીત અને વરસાદના નશામાં હતી.

"એ બધું રસ્તામાં કહીશ. તું પહેલાં અહીંથી ચાલ." વ્યોમાએ આજીજી કરતાં કહ્યું. નીરજા હજુ પણ નશામાં હતી. પણ તે સમજી ગઈ કે વ્યોમા, કોઈ ખાસ કારણથી કહી રહી છે. તેણે કોઈ દલીલ કે વિરોધ ના કર્યો.

બંનેએ જમવાનું પૂરું કર્યું. ત્યાંથી નીકળી ગયા.

ફરી જંગલના રસ્તે આગળ વધી ગયા.

વરસાદ હવે થાકી ગયો હતો. તે ખૂબ ધીમો થઈ ગયો. રોકાઈ ગયો.

નીરજા અને વ્યોમા રોકાવાના મૂડમાં નહોતા. તેઓ ચાલતા રહ્યા. બન્ને હવે જંગલમાં હતા.

જંગલ. માત્ર જંગલ. બીજું કશું જ નહીં.

જંગલમાં તેઓ બન્ને હતા કે તેઓમાં એક જંગલ હતું. તેઓને કે જંગલને, કોઈને નહોતી ખબર !

જંગલ તેના યૌવન પર હતું. જંગલની લીલીછમ યુવાની અને યુવાની પર દસ્તક દેતી તેઓની મુગ્ધાવસ્થા વચ્ચે એક અજબની દોસ્તી થઈ ગઈ. ધીરે ધીરે તેઓ જંગલમાં ભળી જવા લાગ્યા. જંગલ પણ તેઓમાં !

જંગલ. પહેલી વખત નજરની સામે હતું એક જંગલ. સાવ સાચુકલું જંગલ. તેઓની કલ્પનાનું જંગલ. તેઓના સપનાઓનું જંગલ. આવા આ નગરમાં બંને પહોંચી ગઈ. ચાલતી રહી જંગલના રસ્તે. ધીરે ધીરે દિવસ આગળ વધતો જતો હતો.

જંગલનો રસ્તો સૂમસામ હતો. ખાસ કોઈ માણસ સામે મળતું નહોતું. એકલું જંગલ અને બે છોકરીઓ. એ જ તો જોઈતું હતું એ બંનેને.

તાજો જ વરસાદ વરસી ગયો હતો. જંગલમાં તેની સુગંધ અને રંગ ફેલાઈ ગયા હતા. સાંકડી કેડી ભીની હતી. થોડી લપસણી પણ. તેના પર ખરી પડેલા પાંદડાઓ પથરાયેલા હતા. ખૂબ સાચવીને બંને ચાલતા રહ્યા.

ચાલતા ચાલતા બંને ક્યારેક સાવ મૌન, તો ક્યારેક ખૂબ ખુલ્લીને વાતો કરતાં રહ્યા. હસતાં રહ્યા. તેની વાતો પર કે તેના હસવા પર અહીં કોઈ પ્રતિબંધ ન હતો.

ધારો તે બોલી શકો, ધારો તે કરી શકો. ધારો ત્યારે ચાલો, ધારો ત્યારે રોકાઈ જાઓ. ગમે ત્યાં ઊભો કે બેસી જાઓ. મન થાય તો ગીત ગાઓ અને મન થાય તો ખડખડાટ હસો. ઇચ્છા થાય તે બોલો અને નહીં તો રહો સાવ મૌન. કેવી અનહદ આઝાદી !

જંગલને અધધું જ ગમે. એટલે તો તે કોઈને રોકે નહીં, ટોકે નહીં. નીરજા અને વ્યોમાને પણ તેણે પૂરી આઝાદી આપી. બન્ને તે આઝાદીને પૂરેપુરી માણી લેવા માંગતા હોય તેમ, જ્યારે જે મન કરે તેમ તેઓ કરતાં રહ્યા.

પ્રકરણ 32

સાંજના 4 વાગી ગયા હતા. સોહરાની હોટેલ ઈશાના રીસેપ્શન પાસેના સોફા પર નરેશ અને વિશાલ છેલ્લા એક કલાકથી બેઠા હતા. કોઇની પ્રતિક્ષા કરતાં હોય તેમ, વારે વારે હોટેલના મેઇન ગેટ પર નજર કરી લેતા હતા. તો ઘડિયાળ પર પણ જોઈ લેતા હતા.

અત્યાર સુધીમાં તો તેઓ અહીં આવી જવા જોઈતા હતા. પણ… હજુ સુધી તેના આગમનના કોઈ સમાચાર નથી. કોઈ સંકેતો પણ નથી.

નોહ કલિકાઇ ધોધ પાસે પણ નરેશના માણસો તેઓની રાહ જોઈને ઊભા હતા. પણ તેઓ ત્યાં પણ નહોતા પહોંચ્યા.

સોહરાના બસ સ્ટેશન પર પણ, સવારથી જ નરેશના માણસો નજર રાખી રહ્યા હતા. ત્યાં પણ તેઓના આવવાના એંધાણ નહોતા.

શક્યતાઓની ત્રણેય જગ્યાઓ પર નરેશ અને તેના માણસો સતત તેઓને શોધતા ઊભા હતા. પણ તેઓ ક્યાંય નજરે ચડતા ન હતા.

તો, આખરે તેઓ ગયા ક્યાં? આ એક જ સવાલ બંનેના મનમાં રમતો હતો. બંનેના ચહેરા પર પણ એ જ સવાલ ઉગેલો હતો.

નરેશ કે વિશાલ પાસે તેનો કોઈ જ જવાબ ન હતો.

"આ નીરજા અને વ્યોમા ક્યાં રહી ગયા?" વ્યગ્ર વિશાલે પોતાનો ઊભરો વ્યક્ત કરી દીધો.

"હું પણ એ જ વાતે પરેશાન છું." હવે નરેશ પણ ચિંતિત થઈ ગયો.

"શીલોંગથી આવતી કોઈ જ બસમાંથી તેઓ ના ઉતરે, ધોધ પાસે પણ તે દેખાય નહીં, અને અહીં હોટલમાં તેને માટે બૂક કરાવેલ રૂમમાં પણ તે ના આવે, તો પછી તેઓ ગયા ક્યાં?"

"આ સિવાય ચોથી કોઈ જ જગ્યા નથી, તેને માટે. નક્કી કોઈ દુર્ઘટના બની હશે કે …"

"તું એના મોબાઈલ પર કોલ કર."

"સવારથી કેટલીય વાર કોલ કર્યા, પણ કોઈ વિચિત્ર જ ટોન વાગે છે."

"છેલ્લે ક્યારે સંપર્ક થયો હતો?"

"કોઈ સંપર્ક થયો જ નથી, આજ સવારથી."

"તો તપાસ કર તેના સિમ કાર્ડનું લોકેશન શું બતાવે છે?"

"હાલ કોઈ લોકેશન નથી બતાવતું."

"છેલ્લે કયું લોકેશન પકડાયું હતું?"

"શિલોંગથી તેઓ બસમાં બેસ્યા પછી, એકાદ કલાકે તેઓનું લોકેશન લૂમ પારિંગ વિલેજ બતાવે છે. એ પછી કોઈ જ સંપર્ક નથી થયો."

"બસના રસ્તામાં એ ગામ આવે છે?"

"હા. એ ગામ બસના રુટ પર જ છે."

"તો, ચાલો ત્યાં જઈએ…"

"એ છોડ, કદાચ એવું તો નથી બન્યું ને કે મોહા અને તેના માણસોએ તેને બસમાંથી જ ઉતારી મૂક્યા હોય, અને ફરી પકડી પાડ્યા હોય?" વિશાલે શંકા વ્યક્ત કરી.

"કશું પણ બની શકે છે. આપણે હવે વધુ વાર અહીં રોકાવું ના જોઈએ. ચાલો તેઓને શોધી કાઢીએ." નરેશ ઊભો થઈ ચાલવા લાગ્યો.

વિશાલ પણ તેને અનુસર્યો. બંને હોટેલ ઈશા છોડી કારમાં ગોઠવાઈ ગયા.

"તેઓ જરૂર ધોધ પર આવશે જ. હા, ધોધ જ એનું અંતિમ લક્ષ્ય હતું."

"ધોધની આસપાસનો વિસ્તાર ખૂબ મોટો છે અને જંગલ પણ છે. કદાચ તેઓ ત્યાં પહોંચી ગયા હોય અને ત્યાં જ ક્યાંક હોય."

"એટલે જ આપણે ત્યાં જઈએ અને એક એક ખૂણા તપાસી લઈએ."

"કાર દોડી ગઈ, નોહ કલીકાઇ ધોધ તરફ.

****

મોહા અને તેની ગેંગ, વહેલી સવારથી જ નોહ કલિકાઇ ધોધને ચારે તરફથી ઘેરીને, એક એક વ્યક્તિ પર નજર રાખી રહી હતી. કોઈ ખૂણો તેઓની નજર બહાર નહોતો. સમગ્ર ધોધ વિસ્તાર પર તેઓની બાજ નજર પથરાયેલી હતી.

દરેક વ્યક્તિની તમામ હિલચાલ પર તેઓની નજર હતી. મોહા પોતે પણ તેના ડ્રાઈવર સાથે ધોધના એક ખૂણા પર ગોઠવાઈને સમગ્ર જગ્યા પર ધ્યાન રાખી રહી હતી. તેના સાથીદારો તેને પળેપળની માહિતી આપી રહ્યા હતા. પણ તેમાં કોઈ પણ એવી માહિતી ન હતી, જેની તેને તલાશ હતી, પ્રતિક્ષા હતી.

નીરજા અને વ્યોમાની જરા સરખી પણ માહિતી મળે, કે તેઓ દેખાય, એટલે તરત જ તેના પર એટેક કરી, બંનેને કીડનેપ કરી લેવાની પૂરી તૈયારી સાથે તેઓ બેઠા હતા.

પણ નીરજા કે વ્યોમાના કોઈ સગડ મોહાને મળતા નહતા. મોહા ગુસ્સામાં હતી. વ્યગ્ર પણ હતી. પણ તે કશું જ કરી શકે તેમ ન હતી.

મોહા પોતાને એક ચાલાક અને શાતીર માનતી હતી. તેની નજરમાંથી ક્યારેય કોઈ શિકાર છટકી ના શકે. ભલભલા ખતરનાક લોકો પણ તેની પકડમાંથી છટકી ના શકે. અને આ બે સાવ નાજુક છોકરીઓ, તેના હાથમાંથી છટકી ગઈ હતી.

તેને બીજી વખત હાર જોવા મળી રહી હતી. ગઈ કાલે જ, તેના હાથમાંથી નીરજા અને વ્યોમા છટકીને ગાયબ થઈ ગઈ હતી.

અને આજે તેને પાક્કી ખાત્રી હતી કે તેઓ આ ધોધ પર આવશે જ, અને તે ફરીથી તેને પોતાના કબજામાં લઈ લેશે. પણ, આજે પણ એવું કશું જ નહોતું બની રહ્યું. તેની બધી જ ધારણાઓ ખોટી પડી રહી હતી.

'કેમ આવું બની રહ્યું છે?' તે મનમાં જ વિચારવા લાગી. તેને નરેશનો વિચાર આવ્યો. હા, નરેશે જ તેને ક્યાંક છુપાવી રાખી હશે.

'કાલે પણ, નરેશ જ તેને થાપ આપી ગયો હતો અને પોતાની સાથે લઈ ગયો હતો બંનેને.'

'કદાચ હજુ પણ તે નરેશ સાથે જ હશે. અથવા નરેશે જ તેને ક્યાંક છુપાવી રાખી હશે.. તેને નરેશ પર ધૃણા થઈ આવી. પણ તે લાચાર હતી. તે કશું જ કરી શકે તેમ ન હતી. તેણે પ્રતિક્ષા કરવાનું જ ઉચિત માન્યું. તે ત્યાં જ રાહ જોતી રહી. ધોધ પર નજર

રાખતી રહી.

તેની નજરે દૂર દૂર નરેશને જોઈ લીધો. નરેશ હવે ધોધ પર આવી ગયો હતો. તેણે કાર છોડી દીધી. ધોધ તરફ ચાલવા લાગ્યો. વિશાલ, ધોધની બીજી તરફ ગયો. બંને સતત ફોન પર વાત કરતાં રહ્યા. પોતાના માણસો પાસેથી માહિતી મેળવતા રહ્યા. પણ કશું જ નક્કર હાથ લાગતું નહોતું.

મોહાએ જોયું, કે નરેશ તેની તરફ જ આવી રહ્યો છે. તેણે નરેશની નજરથી બચવાનું નક્કી કર્યું. તે કોઈ ઝાડ પાછળ છુપાઈ જવા લાગી. ત્યાંથી નરેશ પર નજર રાખવા લાગી. આંખ પર ગોગલ્સ ચડાવી દીધા જેથી નરેશને ગુમરાહ કરી શકાય.

નરેશ નજીક આવવા લાગ્યો. તે બરાબર તેના પર નજર રાખી રહી હતી. નરેશની નજરથી બચી પણ રહી હતી. નરેશ બરાબર મોહાની પાસે આવી ગયો. મોહા તે ઝાડ પાછળ છુપાયેલી હતી. નરેશની નજર કોઈ પણ રીતે તેના પર પડે તેમ ન હતી.

નરેશ ચાલતા ચાલતા અટકી ગયો. ઝાડને ટેકે ઊભો રહી ગયો. મોહા થોડી પાછળ હટી ગઈ. તે નરેશની નજરથી બચવા મથી રહી હતી અને નરેશ અહીં જ આવીને ઊભો રહી ગયો.

નરેશના નાકમાં એક સુગંધે પ્રવેશ કર્યો. એક જાણીતી સુગંધ. આ સુગંધે તેને અટકાવી દીધો. 'આ સુગંધ તો જૂઈના સ્પ્રે ની છે. અને આ સ્પ્રે તો મોહા વાપરે છે.'

'મોહા. મોહા અહીં છે? કદાચ તે અહીં જ છે. આસપાસ જ છે.' તેના મનમાં વિશાલના શબ્દો પડઘાવા લાગ્યા, 'કદાચ મોહાએ તો નીરજા અને વ્યોમાને પકડી લીધા નહીં હોય ને?'

'મોહા અહીં શું કરે છે? શું તે પણ નીરજા અને વ્યોમાને શોધી રહી છે? જો તેમ હોય તો વધુ જાગૃત થઈ જવું પડે.'

પણ પહેલાં મોહાને શોધી કાઢવી પડશે. તે અહીં જ છે. તે ઝાડ પાસે જ અટકી ગયો. ચારે તરફ નજર કરી. ઝાડ પાછળ એક આકૃતિ દેખાઈ. નરેશ તે તરફ દોડ્યો. પેલી આકૃતિ પણ ઝડપથી દોડી ગઈ. પાછળ મુક્તિ ગઈ, એ જ જાણીતી જૂઈના સ્પ્રેની સુગંધ.

નરેશે જોઈ લીધું, કે એ આકૃતિ કોઈ છોકરીની છે. અને સુગંધ પણ મોહાના સ્પ્રેની જ છે. એટલે કે એ મોહા જ છે. તેને ખાતરી થઈ ગઈ કે મોહા પણ અહીં જ છે, અને તે પણ કોઈ દાવના લાગમાં છે.

નરેશ સાવધ થઈ ગયો. તેણે વિશાલને પણ સાવધ કરી દિધો, "મોહા અહીં જ છે. તે પણ નીરજા અને વ્યોમાને શોધી રહી છે."

"ઓ કે બોસ. અહીં કેટલાક સંદિગ્ધ લોકો દેખાઈ રહ્યા છે. કદાચ તેઓ મોહાના માણસો જ હશે."

"ઠીક છે. ટેક કેર." અને સામે છેડેથી વિશાલનો ફોન કપાઈ ગયો. નરેશ ઝડપથી આખા વિસ્તારને ખૂંદી વળ્યો. ક્યાંય નીરજા કે વ્યોમાના હોવાના સંકેતો ના મળ્યા.

"લાગે છે કે તેઓ અહીં નથી પહોંચ્યા." વિશાલ પણ ધોધના બીજા છેડે તપાસ કરી નરેશ પાસે આવી ગયો.

"અને મોહાના હાથમાં પણ નથી આવ્યા."

"તો પછી તેઓ છે ક્યાં?" વિશાલે ફરી એ જ સવાલ કર્યો.

"નીરજા અને વ્યોમા છે ક્યાં?"

****

ક્યાં છે નીરજા અને વ્યોમા? તમે તો જાણો છો, કે તે બંને શિલોંગથી સોહરા જતી બસમાંથી ઉતરી, લૂમ પારિંગ ગામના એક સ્ટોર 'જેનિફર'સ જંગલ'માંથી ટ્રેકિંગનો બધો સમાન લઈને નીકળી પડી છે, જંગલના રસ્તે.

એવા રસ્તે કે જ્યાં તેને કોઈ જોઈ ન શકે. શોધી ના શકે.

ખૂબ સરસ રીતે તેઓએ મોહા અને નરેશને ભટકાવી દીધા હતા.

અને તેઓ જંગલના મોહાપાશમાં આનંદ લેવા લાગ્યા.

નીરજા હવે વિતેલી ક્ષણોને પાછળ મૂકી ચૂકી હતી. તો વ્યોમા તો ક્યારની જંગલ જોડે દોસ્તી કરી બેઠી હતી.

જંગલ તેઓને આકર્ષક લાગ્યું. જંગલના ચુંબકમાં તેઓ ખેંચાઇ રહ્યા હતા, સહજ, અનાયાસ. જાણે જંગલ અને તેઓને યુગોથી દોસ્તી હોય !

જંગલે તેને આપી હતી પૂરેપુરી આઝાદી. તેઓ આઝાદ ચાલતા રહ્યા જમીન પર તૂટીને પડેલા, વરસદમાં ભીંજાયેલા, પાંદડાઓ પર.

પાંદડાઓ પર તેઓના ચાલવાથી અવાજ ઉત્પન્ન થતો હતો. જંગલ માટે એ અવાજ કોઈ નવો ન હતો. પણ તેઓ માટે તો તદ્દન નવો જ અવાજ હતો, નવો જ અનુભવ હતો. કાનને તે અવાજ પહેલાં કર્કશ લાગ્યો, પણ ધીરે ધીરે તે ગમવા લાગ્યો.

તેઓ ફરી ફરીને તે અવાજ કરવા લાગ્યા. પાંદડાઓ પર ચાલવા લાગ્યા, દોડવા લાગ્યા, કુદવા લાગ્યા, દરેક વખતે નવો જ અવાજ પેદા થતો. તેઓને ગમવા લાગ્યું, આમ અવાજ કરવાનું.

બંને જંગલના સ્પર્શને અનુભવતા રહ્યા, ચાલતા રહ્યા. જંગલે આપેલી આઝાદીને માણતા રહ્યા.

આવી આઝાદી તેઓએ ક્યારેય નહોતી જોઈ કે અનુભવી. જે મન થાય તે કરી શકાય. કોઈ બંધન જ નહીં.

"કેટલી આઝાદી છે અહીં."વ્યોમાએ એક ઝાડની ડાળી પકડી લીધી અને તેના વડે ઉપર ચડવાનો પ્રયાસ કર્યો. ડાળી તૂટવા લાગી. તે પટકાવા લાગી, નીચે તરફ. નીરજા તરત જ દોડી ગઈ અને તેને જમીન પર પટકાતાં બચાવી લીધી.

વ્યોમા હવે નીરજાના હાથ પર હતી. તેની નજર આકાશ તરફ ગઈ. ખૂબ જ થોડું આકાશ જોઈ શકાયું. જંગલની ગીચતા, વ્યોમાની નજર અને આકાશ વચ્ચે આવી ઊભી હતી.

તેણે નીરજાની આંખમાં જોયું. નીરજા તેને જ જોઈ રહી હતી.

"ચાલો હવે હાથ પરથી ઊભા થાઓ." નીરજાએ વ્યોમાને હાથના ઝટકાથી ઊભા કરવાનો પ્રયાસ કર્યો, પણ વ્યોમા તો તેના હાથના ઝૂલામાં અડ્ડો જમાવી બેઠી હતી. તેનો કોઈ ઇરાદો, પોતાના પગ પર ઊભા થવાનો ન હતો.

"કાશ, તું છોકરો હોત અને તારા સશક્ત હાથના ઝુલા પર, હું આમ જ લટકતી રહેતી હોત! હાઉ રોમાંટિક યાર."

"આ જંગલમાં તને રોમાન્સ સૂઝે છે?" નીરજાએ ફરી એક ઝટકો આપીને વ્યોમાને ઊભી કરી દીધી.

"કેમ નહીં? આ જંગલ પણ કેટલું રોમાંટીક છે. લીલાછમ્મ ઝાડો, એકાંત, વરસીને અટકી ગયેલો વરસાદ, તેની ભીની ભીની સુગંધ, અને એનામાં અને મારામાં વહેતું યૌવનનું ઝરણું....આટલું બધું એક સાથે છે, રોમાન્સ કરવા માટે. શું એ પૂરતું નથી?"

"રોમાન્સ માટે બધું જ પૂરતું છે અહીં, પણ બે વાત નોંધી લે. એક, અહીં આપણે રોમાન્સ કરવા નથી આવ્યા. બીજી વાત, અહીં હું જ છું તારી સાથે, બીજું કોઈ નથી તારી સાથે રોમાંસ કરવા માટે. કોઈ છોકરો અહીં નથી કે જે તારો રોમાન્સ ખુલવા દે, તને રોમાન્સ કરવા દે."

"તો તું જ થોડી વાર માટે બની જા ને, મારો બોય ફ્રેન્ડ." વ્યોમાની આંખમાં છલોછલ રોમાન્સ હતો. તે કામુક હસી. તેની આંખમાં એક લિસોટો ઝબકીને જતો રહ્યો. તે લિસોટો ભરી ગયો એક નશો. ગાલ થોડા ખીલી ગયા. શરમની એક વીજળી ચમકી ગઈ. તેણે હોઠોથી સિસોટી વગાડી. કોઈ રોમાંટીક ગીત ગણગણવા લાગી.

રોમાંસના જંગલનો નશો, તેની નસેનસમાં ઝરણું બનીને વહેવા લાગ્યો.

નીરજા ચાલતી રહી. વ્યોમા પણ રોમાંસના નશામાં તેની પાછળ પાછળ ચાલતી રહી.

"શું યાર, થોડી વાર તો રોમાન્સના બહાને રોકાઈ જા." વ્યોમા નીરજાને અપીલ કરતી રહી, નીરજા મૌન ચાલતી રહી.

વ્યોમા પણ ચાલતી રહી. ઘણો રસ્તો તેઓએ કાપી નાંખ્યો. તેમને પણ અંદાજ ના હતો કે કેટલા કિલોમીટર તેઓ ચાલ્યા હશે. ધીરે ધીરે સુરજ પશ્ચિમ તરફ જવા લાગ્યો. ખૂબ જ આછો તડકો અસ્તિત્વ ધરાવતો હતો. અને હવે તે પણ, તેના અસ્તાચલ તરફ ગતિ કરવા લાગ્યો હતો. આકાશમાં વાદળો ફરી દેખાવા લાગ્યા. સૂરજના પ્રકાશને તેઓ વધુ ઝાંખો કરવા મથી રહ્યા.

પ્રકરણ 33

"નીરજા, અંધારું થાય તે પહેલાં, કોઈ સલામત સ્થળે આપણે રાતના રોકાવાની વ્યવસ્થા કરવી પડશે." વ્યોમાના શબ્દોમાં થાક ઉમેરાઈ ગયો હતો.

નીરજા રોકાઈ ગઈ. તેણે સ્મિત સાથે વ્યોમા તરફ જોઈ કહ્યું, "શું લાગે છે તને, કેટલા કિલોમીટર આપણે ચાલ્યા હોઈશું?"

"લગભગ 3 કલાકથી પણ વધૂ સમયથી આપણે ચાલી રહ્યા છીએ. તો અંદાજે 9 કિલોમીટર જેટલું ચાલ્યા હોઈશું." વ્યોમાએ પોતાનો અંદાજ કહ્યો.

"ઓ કે. રોજના 10 થી 12 કિમી ચાલવાનો આપણો અંદાજ છે, અને તે પ્રમાણે પહેલાં દિવસે 9 કિમી જેટલું ચાલવું યોગ્ય ગણાય?" નીરજાએ કોઈ ઇરાદો ના બતાવ્યો, રોકાઈ જવાનો.

"પહેલાં દિવસે તો એટલું જ હોય ને. અને સવારે આપણે બસમાં અને ટેન્ટ વગેરે ખરીદવામાં ઘણો સમય ગુમાવ્યો છે, એટલે આજ માટે તો આટલું બસ છે." વ્યોમા હવે ખરેખર રોકાઈ જવા માંગતી હતી. થાકથી ત્રસ્ત હતી. ભૂખ પણ હવે લાગવા માંડી હતી.

"ઠીક છે, ચાલો રોકાઈ જઈએ." નીરજાને પણ લાગ્યું કે હવે રોકાઈ જવું જોઈએ. તે રોકાઈ ગઈ.

"હા યાર, આપણે તો સલામત જગ્યા શોધવી પડશે. અને પછી ત્યાં ટેન્ટ પણ લગાડવો પડશે."

"ટેન્ટ બાંધવામાં કેટલો સમય લાગી શકે?" નીરજા હવે ગંભીરપણે રાતની તૈયારી બાબતે વિચારવા લાગી.

"ખબર નથી. મને તો ટેન્ટ બાંધતા પણ નથી આવડતું." વ્યોમા એક ઝાડની મોટી ડાળી પર બેસી ગઈ.

"કેમ, ભૂલી ગઈ? જેનિફર મેડમે ટેન્ટ બાંધતા શીખવાડયું તો હતું."

"પણ મેં કાંઇ ધ્યાન નહોતું આપ્યું." વ્યોમા સાવ નફિકરી થઈ કહી રહી.

"જેનિફર મેમ તો કહેતા હતા, કે તેમણે આપેલો ટેન્ટ એટલો સરળ છે કે બસ 10 - 15 મિનિટમાં તો બંધાઈ જશે." નીરજાએ ધરપત આપી.

"એ વાત બરોબર, પણ એટલા સમયમાં તો જેનિફર જ બાંધી શકે. એમને તો રોજનો અનુભવ હોય ને."

"આપણે પણ બાંધી લઈશું. મને વિશ્વાસ છે." નીરજાને કોઈ શંકા ન હતી.

બંને થોડી વાર માટે બેસી ગયા. ઝાડની મજબૂત ડાળીએ તેઓને આશ્રય આપ્યો. એક ઠંડી હવા સ્પર્શીને વહી ગઈ. ગમ્યું.

થોડો સમય બંને મૌન રહ્યા. જંગલના મૌનને અનુભવતા રહ્યા.

વાદળો ધીરે ધીરે નજદીક આવતા ગયા. સુરજ પશ્ચિમ તરફ થોડો વધુ ગતિ કરી ગયો.

જંગલ સાવ શાંત હતું. કોઈના આવવા કે જવાનો કોઈ સંકેત આપતું ન હતું. કોઈ અવાજ પણ ક્યાંયથી નહોતો આવતો.

બધી દિશાઓએ મૌનનું સામ્રાજ્ય છવાયેલું હતું. જંગલ તે મૌનને પૂરેપુરું માન, સન્માન આપતું હોય તેમ તે પણ સ્થિર હતું. કોઈ યોગિની જેમ સાવ શાંત.

"નીરજા, ચાલ કોઈ સલામત જગ્યા શોધી કાઢીએ. પછી ત્યાં ટેન્ટ બાંધીને નિરાંતે આરામ કરીએ. અને કશુંક ખાઈએ પણ. મને તો ભૂખ પણ ખૂબ જ લાગી છે. તને લાગી છે?" વ્યોમા ડાળી પરથી કૂદકો મારી નીચે ઉતરી પડી.

નીરજા એ જ ડાળી પર ઊભી થઈ ગઈ. થોડી ઉપર તરફ ચડી ગઈ. આસપાસ નજર દોડાવવા લાગી. કોઈ સલામત સ્થળની શોધ કરવા લાગી.

જેનિફરે કહેલું કે ઊંચાઈ વળી સપાટ જગ્યા, રાતના જંગલમાં સલામત માની શકાય. માટી વાળી જગ્યા કરતાં થોડી કઠણ જગ્યા પણ વધુ સલામત હોય છે.

નીરજા તેવી જગ્યા શોધવા લાગી. અડધોએક કિમી દૂર તેને એવી જગ્યા હોવાનો સંકેત મળ્યો. તે નીચે ઉતરી. "વ્યોમા, જેનિફરે કહેલ તે પ્રમાણેની જગ્યા, દૂર દૂર દેખાય છે. આપણે ત્યાં જઈએ."

"દૂર દૂર… કેટલે દૂર? મારામાં હવે ચાલવાની કોઈ જ શક્તિ નથી બચી."

"અને જો ચાલીશ નહીં તો તું બચીશ કે કેમ તે મને ખબર નથી. કોઈ વાંધો નહીં, તું અહીં રાત રોકાઈ જા. હું તો પેલી સલામત જગ્યાએ જાઉં છું." નીરજા તે દિશામાં ચાલવા લાગી. વ્યોમા પણ તેની સાથે જ ચાલવા લાગી.

તેઓ ત્યાં પહોંચી ગયા. જમીનથી પાંચેક ફૂટ ઉપર અને જંગલની કેડીથી 15 ફૂટ દૂર હતી તે જગ્યા. વ્યોમાએ પગથી તે જમીન તપાસી લીધી. તે કઠણ હતી.

"20 બાય 35 ફૂટ જેટલી જગ્યા હશે આ." નીરજાએ આંખ વડે જમીન માપી લીધી.

"હા. આ ટેન્ટ તો 12 બાય 12 ફૂટનો છે. તો આટલી જગ્યા પૂરતી છે. અને સલામત પણ છે."

"તો ચાલો લાગી જાઓ, ટેન્ટ બંધવામાં. આજની રાત તો અહીં જ વિતાવવી છે."

વ્યોમાએ નજર કરી, ચારે તરફ જોઈ ચકાસી લીધું. જંગલની કેડી કે જેના પર તેઓ ચાલી રહ્યા હતા, તે દિશાથી ઊલટી દિશામાં તે જમીનનો ભાગ પૂરો થતાં જ, એક નાનો ઢોળાવ હતો. તેના પર બે ત્રણ ઇંચ જેટલું ઘાસ ઊગી ગયું હતું. તે જગ્યા થોડી વધૂ ઊંચાઈ પર હતી. પણ સપાટ ન હતી અને ઢોળાવવાળી હોવાને લીધે ટેન્ટ બાંધવા કામ આવે તેમ ન હતી.

વ્યોમા તે નાની ટેકરી પર ચડી ગઈ. આસપાસ નજર નાંખી લીધી. તેની નજરે ચકાસી લીધું કે આ જગ્યા તદ્દન સલામત છે. અને ચારે તરફ જંગલ છે. ઢોળાવની બીજી દિશામાં બે ત્રણ કિમી દૂર કોઈ ગામ હોય તેવું લાગે છે.

જંગલની દિશામાં, કેડીની પેલે પાર 200 મીટર દૂર કોઈ નાનું ઝરણું વહી રહ્યું હતું. તેના વહેવાનો અવાજ આ તરફ પણ સ્પષ્ટ સાંભળી શકાતો હતો. ઝરણું ગતિથી વહી રહ્યું હતું એટલે, કે જંગલની શાંતિ તિવ્ર હતી એટલે, એ સ્પષ્ટ કહી ના શકાય, પણ ઝરણાંનો અવાજ સ્પષ્ટ સંભળાતો હતો.

તે નીચે આવી ગઈ. નીરજાને તેણે જે જોયું અને તેના પરથી જે અનુમાન લગાવ્યું તે કહી દિધું. નીરજાને પણ ખાત્રી થઈ ગઈ કે આનાથી વધુ સારી જગ્યા આ જંગલમાં બીજી ન હોઇ શકે.

નીરજા અને વ્યોમાએ ફટાફટ ટેન્ટને લાગતો સામાન એક જગ્યાએ ભેગો કરી લીધો. ટેન્ટને ખોલી નાંખ્યો. યાદ કરવા લાગી જેનિફરને. તેણે જે સૂચનો આપેલ તે પ્રમાણે જ ટેન્ટ બાંધવા લાગી.

ધીરે ધીરે બધું યાદ આવવા લાગ્યું. ટેન્ટ બંધાવા લાગ્યો. એક પછી એક કાર્ય સારી રીતે થવા લાગ્યું. 20 મીનિટની મહેનત પછી ટેન્ટ લગભગ અડધો ઊભો થઈ ગયો. બંને ખુશ થઈ ગયા. તેઓને હવે ખાતરી થઈ ગઈ કે ટેન્ટ જરૂર બાંધી શકશે અને રાત નિરાંતે વિતી જશે.

થોડી વાર આરામ કરી, ફરી ટેન્ટ બાંધવા લાગી ગયા. ટેન્ટને આઠ છેડા હતા. તેઓએ હવે બધા છેડા જમીન સાથે બાંધી દીધા. ટેન્ટ લગભગ તૈયાર થઈ ગયો. બંને પોતાના થેલા લઈ ટેન્ટમાં દાખલ થવા ગયા, ત્યાં તો પવનનો એક જોરદાર ટુકડો ટેન્ટને અથડાઇ ગયો. જરાક ઝીંક ઝીલી, ટેન્ટ જમીનદોસ્ત થઈ ગયો.

આખો ટેન્ટ બંનેના માથા પર આવી ગયો. બંને પડી ગયેલા ટેન્ટની અંદર ગૂંચવાઇ ગયા. ગૂંગળાવા લાગ્યા. કશી જ ખબર ના પડી કે આ ટેન્ટમાંથી બહાર કેમ નીકળવું. ખૂબ હાથ પગ પછાડીને તેઓ તેમાંથી બહાર આવ્યા.

ફરી ટેન્ટ ઊભો કરવા લાગ્યા.

"મને લાગે છે કે ટેન્ટના છેડાઓ પર જમીન સાથે જે ખીલ્લાઓ લાગેલ હતા તે બરોબર નહોતા. જો તેને થોડા ઊંડા બાંધીએ, તો તે બધા છેડાઓને મજબૂત રીતે પકડી રાખશે અને આવા પવનની સામે ઝીંક પણ ઝીલી શકશે." નીરજાએ પરિસ્થિતિનું અવલોકન કરી કહ્યું.

તેઓ ફરી લાગી ગયા ટેન્ટ ઊભો કરવામાં.

****

તેઓ ટેન્ટ બાંધતા રહ્યા, પણ ટેન્ટ બરાબર બંધાતો નહોતો. એક અથવા બીજી બાજુથી તે પવનના કારણે ઢળી પડતો હતો. પવન વધુ હતો કે ટેન્ટનું બંધન નબળું હતું, તે બંનેમાથી કોઇની સમજમાં નહોતું આવતું.

"આ ટેન્ટ વારે વારે પડી જાય છે. ક્યાંક કશું ..." વ્યોમા અંતે ટેન્ટને છોડી એક તરફ ઊભી રહી ગઈ.

"કશુંક ખૂટે છે, પણ આપણે એ શોધી કાઢીશું. ટેન્ટ તો બાંધીને જ રહીશું." નીરજાએ પોતાના આત્મવિશ્વાસને તપાસી લીધો. તે પણ વ્યોમાની બાજુમાં જઇ ઊભી. બંને થાકેલા હતા. થોડી વાર એમ જ ઊભા રહ્યા. પવન આવતો રહ્યો.

પવનનો સ્પર્શ ગમતો હતો, પણ એ જ પવન પર ગુસ્સો પણ આવતો હતો. કારણ કે તે વારે વારે ટેન્ટને પાડી દેતો હતો. જાણે બંને વચ્ચે કોઈ કુસ્તી ના ચાલતી હોય. જેવો ટેન્ટ ઊભો થવા જાય, તેવો જ હરીફ કુસ્તીબાજ પવન તેને ભોંય ભેગો કરી દેય. તેઓની આ કુસ્તીબાજીમાં નીરજા અને વ્યોમા થાકી ગયા. રમે કોઈ, જીતે કોઈ. અને હારવાનું વ્યોમા અને નીરજાએ**?**

"ચાલ, ફરી પ્રયાસ કરી જોઈએ." નીરજાની આંખમાં ફરી નવી આશા આવી ગઈ.

બંને ફરી લાગી ગયા ટેન્ટ બાંધવા. એક પછી એક **4** છેડા અને તેના ખીલ્લા મજબૂત રીતે જમીન સાથે જોડી દીધા. હવે બીજા ચાર છેડા બચ્યા હતા. આ વખતે તેઓએ ખૂબ જ મજબૂત બાંધ્યા હતા.

"આ ચાર છેડા તો મજબૂત બાંધી દીધા છે. હવે બાકીના ચાર પણ એ રીતે જ બાંધી દઈએ, તો પછી આ ટેન્ટ પડશે નહીં." વ્યોમાએ વિશ્વાસ વ્યક્ત કર્યો. નીરજાએ સ્મિત આપ્યું. તેના સ્મિતમાં વ્યોમાની વાતનું સમર્થન હતું.

હવે પાંચમો છેડો બાંધવા લાગ્યા. ફરી પવનનો એક ઝોકો આવ્યો, અને ટેન્ટને હચમચાવી ગયો. ટેન્ટ પડવા લાગ્યો. ઢળી ગયો, પણ પડ્યો નહીં. જાણે કોઈએ એક છેડેથી તેને પકડી રાખ્યો ના હોય !

નીરજા અને વ્યોમાને અચરજ થયું. આ ઝોકામાં ટેન્ટ તો પડી જ જવો જોઈએ, પણ તેને બદલે તે એક ખૂણેથી ખેંચાઇ ગયો છે, પણ પડ્યો નથી. બંને તે ખૂણા તરફ વળ્યા.

ટેન્ટના બે છેડા પકડીને કોઈ ઊભું હતું. તેઓ નજીક ગયા. તે **50-52** વર્ષનો કોઈ પુરુષ હતો. તે જંગલનો માણસ હોય તેવું લાગ્યું. તેનો બાંધો મજબૂત હતો. પોણા છ ફૂટથી પણ વધુ લંબાઈ, શરીર પર બાંય વિનાનું ખમીશ, થોડું ટૂંકું પણ સાફ. નીચે જીન્સનું પેન્ટ. તેના બાવડા પણ સશક્ત હતા. તેના ચહેરા પર સ્મિત હતું. તેણે બંને હાથથી બે છેડાને પૂરી તાકાતથી પકડી રાખ્યા હતા. પવનના જોર કરતાં તેનું જોર વધુ હતું. પવન તેને હરાવી ના શક્યો. ટેન્ટને પાડી ના શક્યો.

પ્રકરણ 34

બંનેની નજર તેની નજર સાથે મળી. હોઠોએ સ્મિતની આપલે કરી.

"સર, થેન્ક યૂ. પણ આ પવન ટેન્ટને ટકવા નથી દેતો." નીરજાએ વાતની શરૂઆત કરી.

"કશો વાંધો નહીં, હું તમને ટેન્ટ બાંધી આપીશ અને તે પવનથી પણ નહીં પડે," પેલા વ્યક્તિની આંખમાં રહેલો મજબૂત વિશ્વાસ, તેના શબ્દોમાં વ્યક્ત થઈ ગયો.

નીરજા અને વ્યોમાને તેની આંખમાં અને શબ્દોમાં વિશ્વાસ અને સંરક્ષણના ભાવ દેખાયા. તેઓને લાગવા માંડ્યુ કે આ માણસનો ભરોસો કરી શકાય તેવો છે. અને તે ઉપયોગી પણ થઈ શકે છે. તેઓ ચિંતા મુક્ત થઈ ગયા.

"સર, તમે ટેન્ટને છોડી દો. ભલે પડી જતો. આપણે ફરીથી બંધીશું." વ્યોમાએ તેની પાસે જઇ કહ્યું.

તેણે ટેન્ટ છોડી દીધો. ટેન્ટ પડી ગયો. ત્રણેય જણાએ તેને પડવા દીધો. આ વખતે ટેન્ટના પડવાથી નીરજા અને વ્યોમાને ગુસ્સો પણ ના આવ્યો અને નારાજ પણ ના થયા.

"સર, આપનું નામ શું છે?" વ્યોમાએ તેના વિશે જાણવાની ઈચ્છા વ્યક્ત કરી.

તે હસ્યો. ખૂલ્લા મનથી હસી પડ્યો. જંગલે તેના હાસ્યનો પડઘો પાડ્યો. જંગલ હસી ઉઠ્યું. પવન પણ હસવા લાગ્યો.

"કેમ? કોઈ ભૂલ થઈ ગઈ?" નીરજાએ સંકોચ સાથે પૂછ્યું.

"બસ ખાસ કાંઇ નહીં." તેણે હસવાનું રોક્યું. તે મૌન થઈ ગયો.

"તો પ્લીઝ, તમારું નામ તો કહો." વ્યોમાએ આગ્રહ કર્યો.

એક લાંબા મૌનને ધારણ કરી લીધું તેણે. નીરજા કશું બોલવા જતી હતી, પણ વ્યોમાએ તેને અટકાવી. તેના મૌનને તે તોડવા માંગતી ન હતી. તેણે પ્રતિક્ષા કરવા નીરજાને ઈશારો કર્યો. બંને પ્રતિક્ષા કરવા લાગ્યા તેના મૌનના અંતની.

તે જંગલ તરફ, તો કયારેક આકાશ તરફ જોતો રહ્યો. જંગલ પણ તેની જેમ જ મૌન હતું. તો આકાશ ખામોશ. વાદળો છવાયેલા હતા. કદાચ વરસાદ પણ પડે.

તેનું મૌન લંબાતું ગયું. ઘેરાતું ગયું. પેલા વાદળોની જેમ. કદાચ તેનું મૌન પણ વાદળાઓની જેમ તૂટી પડશે, તો ખબર નહીં કેવો વરસાદ વરસી પડશે. વાદળ વરસે કે માણસ, બંને વરસાદમાં હોય છે કોઈ પ્યાસ, કોઈ સુગંધ અને કોઈ વેદના.

બંને તેના વરસવાની પ્રતિક્ષા કરવા લાગ્યા, તેના મૌનને ખલેલ પહોંચડ્યા વિના. ભલે બંધાતા ઘેઘૂર વાદળો.

લાંબા સમયે તેણે મૌન તોડ્યું.

"એ બધું પછી, ચાલો પહેલાં આ ટેન્ટ બધી દઈએ." તે ટેન્ટ તરફ ચાલવા લાગ્યો. નીરજા અને વ્યોમા પણ તેની સાથે જોડાઈ ગયા. થોડી વારમાં તો ટેન્ટ બંધાઈ ગયો. ઘણા ઝોકા પવનના આવી ગયા, પણ ટેન્ટ ઊભો હતો એમ જ. તેને પવન હલાવી પણ ના શક્યો.

તેઓએ સામાન ટેન્ટમાં ગોઠવી દીધો. જમીન પર એક પાથરણું પાથરી દીધું. હવે ટેન્ટ પૂરેપૂરો સલામત હતો. રાત્રિ પણ સલામત થઈ ગઈ.

ત્રણેય ટેન્ટ બહાર આવી ઊભા.

"અમે કેટલીય વાર પ્રયાસ કર્યો, પણ ટેન્ટ બંધાતો જ ન હતો. વારે વારે પડી જતો હતો. તમે તો જાદુ કરી દીધો." વ્યોમા ઉત્સુક

હતી, તેના વિશે જાણવા અને ટેન્ટ બાંધવાની કળા વિશે પણ.

"ટેન્ટ બાંધવો એ કળા છે. **Its an art !** ટેન્ટ બાંધવા માટે પવનની દિશા જાણવી જરૂરી છે. સાથે સાથે પવનના રસ્તાને પણ સમજવો પડે. પવનની દિશા જાણી, ટેન્ટ એ રીતે બાંધો કે પવનનું જોર ઘટી જાય. બીજું આ ટેકરી ની આડશનો પણ લાભ લેવો જોઈએ. આપણે તેની દિશા થોડી બદલી નાંખી અને તેને ટેકરીની થોડી નજીક પણ લઈ ગયા છીએ. તે તમે નોંધ્યું જ હશે." તેણે ટેન્ટ તરફ ઈશારો કર્યો.

નીરજા અને વ્યોમાની નજર તે તરફ ગઈ. હવે જ તેના ધ્યાનમાં આવ્યું કે ટેન્ટ તેની મૂળ જગ્યા કે જ્યાં તેઓ બાંધી રહ્યા હતા, તેનાથી અલગ જગ્યા પર હતો. ટેકરીની વધુ નજીક હતો. તો તેની દિશા પણ બદલાયેલી હતી.

'કેટલી સરળ, પણ મહત્વની વાત !' નીરજા અને વ્યોમાના મનમાં એક જ વાત, એક સાથે ઊગી ગઈ. તેઓ સ્મિત કરી બેઠા.

"વાહ, જરા જેટલો ફેરફાર કરો અને બધું જ બદલાઈ જાય. ચિંતા ફેરવાઇ જાય આનંદમાં."

"હા, બસ જરા નજર બદલાવો, બધું જ સુંદર લાગશે. આ જગત, આ જીવન, આ જંગલ પણ સુંદર છે, અદભૂત છે. બસ તેને જોવાની દ્રષ્ટિ બદલવાની જરૂર છે." પેલા પુરુષે કહ્યું. તેના હોઠો પર સ્મિત હતું. તેના સ્મિતમાં કેટલો આત્મવિશ્વાસ, કેટલી શ્રધ્ધા, કેટલું જીવન છલકતું હશે? નીરજા અને વ્યોમાએ તે બધું જ જોયું, અનુભવ્યું. તેઓને એ બધું સ્પર્શી ગયું.

'આ માણસ મળવા જેવો છે, માણવા જેવો છે. ભરોસો કરી શકાય એવો છે. જો તે રાતભર સાથે રહે તો?' ફરી બંનેના મનમાં એક સરખા વિચારોએ પ્રવેશ કરી લીધો.

"ખૂબ સરસ વાત કરી તમે." નીરજાએ અહોભાવ વ્યક્ત કર્યો.

તે ફરી હસ્યો, "થેંક્સ. પણ તમે લોકો…?" તેના હોઠો પર સવાલ આવી ગયો.

નીરજા અને વ્યોમા મૌન રહ્યા. શું જવાબ આપવો? તેને બધું સાચું કહી દેવું? કે કશુંક ભળતું જ જણાવવું? શું આ માણસ પર વિશ્વાસ કરી શકાય? કરવો જોઈએ? બંનેના મનમાં ગડમથલ ચાલતી રહી.

'હજુ હમણાં જ તો આપણે વિચારતા હતા કે 'આ માણસ મળવા જેવો છે, માણવા જેવો છે. ભરોસો કરી શકાય એવો છે….'

'તો હવે શું થઈ ગયું? તેણે સવાલ કર્યો એટલે? તે આપણાં વિશે જાણવા માંગે છે એટલે? આપણે ઓળખ છુપાવવા માંગીએ છીએ એટલે? ક્ષણ પહેલાં તો, સારો લાગતો માણસ હવે શંકાના દાયરામાં આવી ગયો? ખરું કારણ શું છે? કે એ માણસે પૂછેલા પ્રશ્નનો જવાબ મૌન બની ગયો?

અનેક સવાલોના ધસમસતા પૂર, મનના પહાડોમાં થઈને વહી ગયા. વ્યોમાએ આંખો બંધ કરી દીધી. નીરજા પેલા માણસને જોતી રહી. તે કોઈ જ ઉતાવળ ના હોય, તેમ મૌન ઊભો હતો. તેના પ્રશ્નના જવાબમાં વ્યાપેલા મૌનથી જરા પણ વિચલિત નહોતો થયો. તેના ચહેરા પર કોઈ વિષાદ કે અન્ય નકારાત્મક ભાવો ન હતા.

વ્યોમાની બંધ આંખોમાં બધા તોફાનો શમી ગયા. તેણે આંખ ખોલી. નીરજાને સ્મિત આપ્યું. નીરજા સમજી ગઈ, કે વ્યોમા તેના પ્રશ્નનો જવાબ આપવા માંગે છે. તેણે પાંપણો ઝુકાવી વ્યોમાને સંમતિ આપી દીધી.

વ્યોમાએ પેલા પુરુષના ચહેરા તરફ નજર કરી. બિલકુલ સ્થિર ચહેરા પર, જંગલની અગાધ શાંતિ સ્મિત આપી બેઠી હતી.

"અમે બંને અમદાવાદથી અહીં આવ્યા છીએ અને જંગલના રસ્તે ટ્રેકિંગ કરતાં કરતાં, નોહ કલિકાઇ ધોધ જવા માંગીએ છીએ."

"મારૂ નામ નીરજા છે અને આ છે મારી મિત્ર વ્યોમા." નીરજા પણ હવે નિર્ભીક થઈ ગઈ તે ણે પણ પૂરો પરિચય આપી દીધો.

"ઓહ, તો જંગલને દોસ્ત બનાવી દો. જરૂર મજા પડશે." પેલાએ કહ્યું.

“ચોક્કસ. પણ તમે તમારો પરિચય ના આપ્યો. અમે તમને તમારું નામ પૂછ્યું હતું, અને જવાબમાં તમે ખૂબ લાંબુ મૌન આપ્યું હતું.” નીરજાએ તેના વિશે જાણવા અધીરાઇ બતાવી.

તે હસી પડ્યો. મુક્ત મને હસવા લાગ્યો.“પહેલાં મૌન અને હવે હાસ્ય. આમાંથી તમારું નામ કયું છે?” વ્યોમાએ વ્યંગ સાથે જવાબ માંગી લીધો.

“મારૂ સાચું નામ તો કદાચ કોઈને પણ યાદ નહીં હોય. પણ લોકો મને ‘વેદ’ ના નામથી જાણે છે.”

“વેદ? ખૂબ સરસ નામ છે.” વ્યોમાને મજા પડવા લાગી.

“પણ તમને તો યાદ છે ને તમારું સાચું નામ?” નીરજાએ તીક્ષ્ણ સવાલ કર્યો.

“તેથી શો ફર્ક પડે?” વેદે સામો સવાલ કર્યો.

“વાત ટાળવા માટે, સામો સવાલ કરવો યોગ્ય છે?” નીરજા પણ હાર માને તેમ ન હતી.

“ઓ.કે.. મારૂ સાચું નામ વિનીત કુમાર છે.” વેદે હાર માની લીધી.

“તેના કરતાં તો વેદ જ વધુ સારું છે.” બંને એક સાથે બોલી ઉઠી.

તે ફરી મુક્ત મને હસી પડ્યો.

“હમણાં જ તો તમે આગ્રહ કરી રહ્યા હતા, મારૂ સાચું નામ જાણવા માટે. અને બીજી જ ક્ષણે તમને મારા સાચા નામને બદલે વેદ વધુ સારું લાગવા માંડ્યુ. માણસનો આ સ્વભાવ છે.” વેદ હજુ પણ સ્મિત લઈ ઊભો હતો.

“પણ સાચી વાત તો એ છે, કે અમને વેદ જ વધુ ગમ્યું.” વ્યોમાએ કહ્યું.

“થેંક્સ. તમે પણ મને વેદ જ કહેશો તો ગમશે.”

“મી. વેદ, તમારા વિશે બધું જાણવાની ઇચ્છા થાય છે.” નીરજાએ તેને આમંત્રણ આપી દીધું.

“તો ચાલો ત્યાં બેસીને નિરાંતે વાતો કરીએ.” વેદ તેઓને ટેન્ટ પાસેની ખુલ્લી જગ્યા પર લઈ ગયો. ત્યાં ત્રણેય બેસી ગયા.

ત્યાંથી જંગલને સારી રીતે જોઈ શકાતું હતું. તો વહેતો પવન પણ ત્યાં આવીને બેસી ગયો હતો. દૂર વહેતું ઝરણું પણ તેના તરફ સૌનું ધ્યાન ખેંચતું હતું.

સુરજ હવે વધુ પશ્ચિમી થયો હતો. હજુ પણ પૂરતું અજવાળું હતું. સાંજ હજુ ઢળી ન હતી, પણ આંગણે આવીને ઊભી ગઈ હતી. આકાશમાં વાદળો શ્યામ થઈ ગયા હતા. વરસાદ પણ ધરતી પર આવવા તરસી રહ્યો હતો. વેદ વિશે જાણવા નીરજા અને વ્યોમા પણ તરસી રહ્યા હતા.

ટૂંકા મૌન બાદ વેદે કહેવાનું શરૂ કર્યું, “અહીંથી બે ત્રણ કિમી દૂર મારૂ ગામ છે. પણ હું ત્યાં નથી રહેતો. આ ટેકરી ની બાજુમાં, અહીંથી લગભગ અડધો કિમી દૂર, બે રૂમના નાના મકાનમાં હું રહું છું. મારી સાથે કોઈ નથી. હું તદ્દન એકલો જ રહું છું. મને હિન્દી અને અંગ્રેજી ભાષા પણ આવડે છે.”

“કેમ એકલા જ રહો છો?”

“ખાસ કાંઇ તેમાં રહસ્ય નથી, પણ મારી જીવન શૈલી થોડી અલગ છે. મને ખેતી કરવી ગમે છે. મારૂ નાનું મકાન મારા ખેતરમાં જ છે. હું ત્યાં જ રહીને મને ગમતી ક્રિયાઓ કરું છું.”

“કઈ કઈ ક્રિયાઓ છે, એ બધી?”

"ખેતી ઉપરાંત સ્વીમીંગ, વાંચન, સંગીત સાંભળવું, કુદરતને જોવું, માણવું, ઊગતા કે આથમતા સૂરજ સાથે દોસ્તી કરવી, જંગલમાં રખડવું..."

"ઓહો, તો આ બધું તમે .." વ્યોમા વચ્ચે જ બોલવા લાગી. નીરજાએ તેને અટકાવી.

થોડું અટકી વેદ ફરીથી બોલવા લાગ્યો,"પતંગિયાને હાથ પર બેસાડી, તેની જોડે વાતો કરવી, નદી અને ઝરણાં સાથે વહેતા રહેવું, ઊંચી ટેકરી પર દોડીને ચડી જવું, તે જ ટેકરી પરથી ધીમે ધીમે નીચે ઊતરવું, વરસ્યા વિના ભાગી જતાં વાદળોને પથ્થર મારવો, વરસી ગયેલા વાદળોનો ઝુકીને આભાર માનવો, તો વરસતા વાદળોની સાથે તરબતર થઈ નાચવું, એકલા એકલા વાતો કરવી, તો કયારેક બધા સાથે હોય ત્યારે મૌન થઈ જવું, ગળું ફાડીને ગીત ગાવું, ઝાડની ઊંચામાં ઊંચી ડાળીએ જઇ ચડવું અને તે જ ડાળી પરથી કૂદકો મારી એક જ ઝાટકે નીચે ઉતરી જવું, ડાળી પકડીને હીંચકા ખાવા, પંખીઓ જોડે વાતો કરવી, તેઓની જોડે ઝાડ પર ચડ-ઉતરની રમત રમવી. કોઈ મોટી ટેકરીની ટોચ પર ચડી તારા સાથે વાતો કરવી, ચાંદનીમાં જંગલના ઝાડનું અનુપમ સૌંદર્ય આંખમાં પી જવું, અમાસની રાત્રે બીહામણા લાગતાં જંગલને વ્હાલ કરવું." વેદ બોલતા બોલતા રોકાયો. તેણે એક ઊંડો શ્વાસ લીધો.

નીરજા અને વ્યોમા તેને એક નજરે જોઈ રહ્યા, એક ધ્યાને સાંભળતા રહ્યા. વેદના ચહેરા પર ઊગી ગયેલા અસંખ્ય ભાવો તેઓ ગણી ના શકયા. બસ જોતાં રહ્યા. તેઓને લાગ્યું કે વેદ બસ સતત બોલતા રહે અને તેઓ તેને સાંભળતા રહે. સમય બસ આમ જ સ્થિર થઈ જાય.

પણ સમય વહેતો રહ્યો. વેદ પણ આગળ કહેવા લાગ્યો,"મને આવું બધું કરવું ગમે. અને તેઓને બધાને આ બધું ગાંડપણ લાગે."

"તેઓ બધા એટલે કોણ?" નીરજાએ ઉત્સુકતા બતાવી.

"મારા સીવાયના બધા જ. તેઓને લાગે છે, કે હું પાગલ થઈ ગયો છું. પણ મને તેની કોઈ પરવા નથી. એટલે જ હું મારી દુનિયામાં રહું છું. એકલો જ."

"પાગલ તો એ લોકો છે જે આટલા સુંદર જીવનને સમજી નથી શકતા, તેનો આનંદ માણી નથી શકતા." વ્યોમાએ પાસે પડેલા નાના પથ્થરને હાથમાં લઈ દૂર ફેંકી દિધો. પથ્થર દૂર જઇ પડ્યો. એક ઝીણો અવાજ કરી તે શાંત થઈ ગયો. સ્થિર થઈ ગયો.

"આ પથ્થર જેવુ છે આપણું. કોઈ ફેંકે ત્યારે એક જગ્યાએથી બીજી જગ્યાએ ગતિ કરીએ, અને ફરી પાછા શાંત, સ્થિર થઈ જઈએ. જાતે કશું જ ના કરીએ. તો પછી આ ધબકારનું શું કામ છે, જે ઈશ્વરે માણસને આપ્યા છે?" વેદ કહેતો રહ્યો.

"આમ તો તમને લોકોએ પાગલ કહેવા જોઈએ. તેઓની નજરે તો તમે પાગલ છો, તો લોકો તમને વેદ શા માટે કહે છે? વેદ નો અર્થ તો છે 'જ્ઞાન'." નીરજાએ પોતાને ન સમજાતી વાત પૂછી.

"સાચું છે. વેદનો અર્થ જ્ઞાન છે. મારી વાતો, મારી ક્રિયાઓ તેઓની સમજ બહારની છે. એક ગેરસમજ છે દુનિયાને, જે ના સમજાય તે કાં તો પાગલપન છે, કાં ઊંડું જ્ઞાન છે. તેઓ મને ઊંડો જ્ઞાની માને છે. એટલે તેઓ મને પાગલને બદલે વેદ કહે છે." તે હસવા લાગ્યો. તેના હાસ્યમાં વ્યંગ હતો.

"કેવી અદભૂત છે આ દુનિયા." વ્યોમા પણ હસવા લાગી.

"તમારા માટે ભોજન કોણ બનાવે છે?" નીરજાએ જિજ્ઞાસાવશ પૂછ્યું.

"મારૂ ભોજન હું જાતેજ બનાવું છું. આમ તો મારા ભોજનમાં અનાજ ઓછું હોય છે, એટલે રાંધવાને લગતા ઘણા કામો ઓછા થઈ જાય છે."

"ભોજન નથી લેતા તમે? એવું કેમ? ભોજન વિના શરીર ટકે કેમ?"

"હું ભોજન તો લઉં જ છું, પણ રાંધવા પડે તેવા ભોજન કરતાં તૈયાર ભોજન વધુ લઉં છું. જેમાં રાંધવાની કોઈ ઝંઝટ છે જ

નહીં."

"કાંઇ સમજાયું નહીં."

"સિમ્પલ છે. હું મારા ખેતરમાં ઊગતા જુદા જુદા ફળોનો ઉપયોગ મારા ભોજન તરીકે વધુ કરું છું. આ ફળોને કાચા ખાવાની મજા પડે છે."

"વાહ... કેવા કેવા ફળો ઉગે છે અહીં"

"અહીં ઓરેન્જ, કેળાં, પાઈનેપલ અને જામફળ વધુ થાય છે."

"આ બધા ફળોના ઝાડ, રસ્તામાં પણ જોયા હતાં. તે ખાવામાં કોઈ વાંધો તો નથી ને?"

"ના, કોઈ વાંધો નથી. ખાઈ શકાય છે. આખા રસ્તે તમને તેના અખૂટ ઝાડ મળશે. જંગલે તેનો ખજાનો ખુલ્લો મૂકી દીધો છે. એ તો તમારા પર નિર્ભર છે, કે તમે તેમાંથી કેટલો લૂંટી શકો છો. તમે તે મૌજથી ખાઓ અને જંગલનો આનંદ લો. હું પણ તે જ ખાઉ છું. અને એટલે જ મારે ભાગે બહુ ઓછું કામ આવે છે. બાકી બચી જતાં મારા બધા જ કાર્યો પણ હું જાતે જ કરું છું."

"ઘરના બધા જ કામ જાતે જ કરો છો ! કેમ કોઈ નોકર ચાકર નથી રાખ્યા?"

"ના. કોઈ નોકર નથી રાખ્યા. તેના બે કારણ છે. એક, કોઈ નોકર ચાકર મારી આ ટેવો સાથે ટકી ના શકે. અને બીજું, હું પણ નથી ઈચ્છતો, કે કોઇની હાજરી મારી મનગમતી ક્રિયાઓમાં વિઘ્ન બને, મારા અંગત એકાંતનો કોઈ ભંગ કરે."

"આ બધા કાર્યો કરવામાં તમને થાક કે કંટાળો નથી આવતો?"

"ના. ક્યારેય નહીં. એ કહો, કે તમે આ જર્ની કરવા નીકળ્યા છો, તો તમને આ જર્નીમાં કંટાળો આવે છે?"

"આ જર્ની તો અમારું સ્વપ્ન છે. અમારો ઉત્સાહ છે, ધબકાર છે, મંઝિલ છે. તેમાં કંટાળો ક્યાંથી આવે?" વ્યોમાના શબ્દે શબ્દમાં જોશનું ઝરણું વહેતું રહ્યું.

"મારા કામો કરવા એ મારી જર્ની છે. મારો ઉત્સાહ છે. મારો ધબકાર છે. એક જૂનુન છે. અને એટલે જ મને એ ગમે છે. ગમતા કામ કરવામાં કંટાળો શેનો?"

"કેવી રહી છે, અત્યાર સુધીની તમારી આ જર્ની?" નીરજાએ જાણવા ચાહયું.

"it's a beautiful journey. I am enjoying my journey as you are enjoying your journey. I am enjoying every moments of this beautiful journey."

"oh, really ! how great it is." વ્યોમા ખુશ થઈ ગઈ.

"લાઈફ પણ એક જર્ની જ છે, અને તે પણ ખૂબ સુંદર જર્ની છે." નીરજાએ પોતાનો મત વ્યક્ત કર્યો.

વેદ કશું જ ના બોલ્યો. તેના હોઠો પર મૌન અને સ્મિત એક સાથે હતા. નીરજા પણ સ્મિત આપતી મૌન બની ગઈ. પણ, વ્યોમા આજ બોલવા અને સાંભળવાના મિજાજમાં હતી. મૌનના મિજાજમાં નહીં.

"તમે આ જંગલમાં વર્ષોથી રહો છો. આ જંગલને તમે ખૂબ સારી રીતે ઓળખો છો. જંગલ પણ તમને ઓળખે છે. તો આ જંગલ વિશે કાંઈક કહો ને?" વ્યોમાએ નવો આગ્રહ કર્યો. નીરજાને પણ તે ગમ્યો.

પણ સૌથી વધુ, તે આગ્રહ વેદને ગમ્યો.

વેદ જંગલ તરફ એક નજર નાંખી કહેવા લાગ્યો, "આ હા હા... કેવું અદભૂત છે આ જંગલ?

સૌંદર્યની અમાપ સમૃદ્ધિ લઈને ઉભેલા વૃક્ષો. સાવ અડોઅડ ઊભા રહેતા આ વૃક્ષો. એક બીજાની ડાળીઓ એકબીજામાં ભળી જાય. કઈ ડાળ કયા ઝાડની છે, તે પણ નક્કી ના થઈ શકે એટલા એકબીજામાં એકાકાર થઈ જાય છે, આ બધા. જાણે એક જ શરીર લઈને જીવતા હોય આ બધા વૃક્ષો.

એક બીજાના હાથ પકડીને અનંત સાંકળ બનાવી ઉભેલા વૃક્ષો. હવાને પણ વચ્ચેથી નીકળવું હોય, તો વૃક્ષોને હાથ જોડીને વિનંતી કરવી પડે. અને વૃક્ષો જો રજા આપે તો જ હવા આરપાર જઇ શકે.

હવાનો ય શ્વાસ રૂંધી રાખે તેવા ગાઢ વૃક્ષો.

અહીં સુરજ ઊગે તો રોજ છે. પણ ધરતીને ભાગ્યે જ સ્પર્શી શકે છે તેનો તડકો. જો તેણે તેની પ્રિયતમા એવી અવનિને ચૂમવી હોય, તો આ વૃક્ષોની અનુમતી લેવી પડે. અને આ વૃક્ષો? એમ કાંઇ તરત અનુમતિ ના આપે. સૂર્યના કિરણોને પૂરેપૂરા હંફાવી દે, હરાવી દે, સૂર્ય હાર કબુલી લે, પછી જ તેના કિરણોને જમીન સુધી જવા દે, આ વૃક્ષો.

સૂર્ય ધરતીને માંડ માંડ સ્પર્શે, જરા સરખો પ્રેમ કરે, ત્યાં ફરી તેને અટકાવી દે આ વૃક્ષો. પ્રેમીઓના દુશ્મન વડીલો જેવા, આ વૃક્ષો.

વૃક્ષોથી ડરી ડરીને પ્રેમ કરે છે અહીં સુરજ તેની પ્રેયસી, ધરતીને. વૃક્ષોની નજર ચુકાવી, ચોરી છૂપીથી મુલાકાત કરી લેતા હોય છે, આ પ્રેમીઓ.

રૂંધાયેલા શ્વાસ લઈને જીવતી હવા, ક્યારેક વીફરે ત્યારે બદલો લેતી હોય તેમ, આ જ વૃક્ષોને ઉખાડી ફેંકે. તેની ડાળીઓને તોડી નાંખે. પાંદડાઓને ભોંય ભેગા કરી દે. સાવ અનાવૃત કરી દે, આ વૃક્ષોને. અને ત્યારે, એ જ સૂર્યના કિરણો ખુલ્લેઆમ પ્રેમ કરી લે ધરતીને. ત્યારે સાવ લાચાર થઈ પ્રેમીઓના મિલનને જોતાં રહેતા, આ વૃક્ષો.

જંગલ એટલે વૃક્ષોનું મહાનગર. પંખીઓ અને પ્રાણીઓની સોસાયટી.

આ જંગલ વિશે બોલવા બેસું, તો રાત આખી વિતી જાય. અને જંગલ પણ તેને શાંત ચિત્તે રાત આખી સાંભળ્યા કરે. પોતાના વખાણ કોને ના ગમે? જંગલને પણ એ જ રોગ છે, માણસ જેવો." એક લાંબા સમય બાદ વેદ બોલતા અટક્યો.

નીરજા અને વ્યોમા હજુ પણ જંગલના ખયાલોમાં હતા. કોઈ નવી દુનિયામાં જઇ ચડ્યા હતા. થોડી ક્ષણો બાદ, તે કોઈ તંદ્રામાથી જાગ્યા.

"તો તમે આજ રાત અહીં જ રોકાઈ જાઓ ને? રાત આખી તમારા પાસેથી જંગલની વાતો સાંભળીશુ. અમને પણ ગમશે." નીરજાના શબ્દોમાં આમંત્રણ હતું.

વ્યોમાએ પણ હકારમાં ડોકું હલાવ્યું.

"એ શક્ય નથી. સાંજ પડવા આવી છે, અને મારે મારા મકાન પર, મારા ખેતર પર ઘણા કામો બાકી છે. મારે તો જવું જ પડશે." વેદે આમંત્રણનો અસ્વીકાર કર્યો.

"તમારું ઘર બાજુમાં જ છે, તો એક કામ કરીએ, અમો તમારી સાથે તમારા ઘર પર આવી જઈએ. રાત ત્યાં રોકાઈ જઈશું. તમારી વાતો પણ માણી શકાશે અને અમને ટેન્ટ કરતાં કદાચ વધુ સગવડ પણ મળી જશે." વ્યોમાએ નવું આમંત્રણ જગાડી દીધું.

"ના. એ પણ શક્ય નથી."

"કેમ?" બંને એક સાથે પૂછી બેઠા.

"ફરી બે કારણો. એક, કોઈ અજાણ્યા પુરુષના ઘરમાં, બે અજાણી છોકરીઓ રાત રોકાય તે ઉચિત નથી. અને બીજી વાત. તમે જંગલનો માર્ગ પસંદ કર્યો છે. તો જંગલના માર્ગે આવતા અનુભવો લેવા જ પડશે. તેનાથી છટકી ના જવાય. આ ટેન્ટ જ જંગલનો અનુભવ કરાવશે, મારૂ મકાન નહીં. હું નથી ઈચ્છતો, કે તમે તમારા માર્ગથી ભટકી જાઓ."વેદ ઉભો થઈ ગયો.

"કદાચ કારણ જુદું છે, કોઈ તમારા અંગત એકાંતનો ભંગ કરે, એ તમે પસંદ નથી કરતાં, ખરું ને?" વ્યોમાએ એક ધારદાર પ્રશ્ન કર્યો.

તે કશું જ ના બોલ્યો. એક અવિસ્મરણીય સ્મિત આપી વેદ જવા લાગ્યો. નીરજા અને વ્યોમા તેને જતાં જોઈ રહ્યા.

"કેવો અદભૂત, કેવો પાગલ, છતાં કેવો જ્ઞાની !" નીરજા મનોમન બોલી. વ્યોમાએ તે સાંભળી લીધું,

તે પણ બોલી, "વેદ છે એનું નામ."

બંને મૌન થઈ ગઈ. બંનેના મનમાં દોડતી હતી, રમતી હતી વેદની વાતો.

અને વેદ? તે હવા સાથે ભળી ગયો, જંગલમાં ક્યાંક ઓગળી ગયો, આંખોથી દૂર કોઈ અસ્તિત્વમાં વિલીન થઈ ગયો.

નીરજા અને વ્યોમાની આંખો હજુ પણ તે દિશામાં કશુંક શોધતી, સ્થિર થઈ ગઈ હતી.

પવનનો કોઈ તોફાની ટુકડો, તેઓને સ્પર્શીને વહી ગયો. કોઈ વાદળીના આંખેથી સરકતા ટિપાઓ, વર્ષાની બુંદ બનીને, બંનેના ગાલને ભીંજવી ગયા.

પ્રકરણ 35

હવા ભીંજાઇ ગઈ, ઠંડી થઈ ગઈ. ભીની હવાએ બંનેની તંદ્રા તોડી.

બન્નેએ પાંપણોને પટપટાવી. આકાશ તરફ નજર કરી. વાદળો ઘેરાઈ ગયા હતા. વાદળી વરસી રહી હતી. તેઓ ભીંજાવા લાગ્યા હતા. ઠંડો પવન યૌવનના ઉંબર પર ઊભેલી મુગ્ધાઓના શરીર સાથે મસ્તી કરતો હતો. તેઓને તે પવનની હાજરી, તેનો સ્પર્શ, તેની રમત, તેની મસ્તી બધું જ ગમવા લાગ્યું.

વાદળીને અને પવનને મસ્તી કરતાં જોઈને, બીજા બધા વાદળો પણ દોડી આવ્યા, નીરજા અને વ્યોમાના આકાશમાં. તેઓ પણ વરસવા લાગ્યા, મસ્તી કરવા લાગ્યા. તેઓની મસ્તીમાં તરબતર, નીરજા અને વ્યોમા વર્ષા નૃત્ય કરવા લાગ્યા.

અનેક ભાવ ભંગિમાઓ સર્જાવા લાગી. માથા પરની વાળની લટો, ભીની ભીની થઈ ગઈ. વરસાદ સતત તેને ભીંજવતો રહ્યો. લટોનો સહારો લઈને, વર્ષાની બુંદો ગાલ પર વહેવા લાગી. ગાલને ચુમવા લાગી. આંખો બંધ કરીને ગાલ પર વરસતા, વર્ષા બિંદુઓનાં ચુંબનને અનુભવવા લાગી, બંને. ચુંબનો વર્ષી રહયા હતા, અનરાધાર !

બંધ પાંપણો પર બિંદુઓ ઝૂલતા હતા. આંખોની બંને કોર ભીની હતી, આનંદ વરસી રહ્યો હતો. કેટલીક કામુક વર્ષા બુંદો, મીઠા મીઠા હોઠો પર ટપકટી હતી. દરેક બિંદુ નો સ્પર્શ એટલે હોઠો પર જાણે પ્રિયતમનું પ્રગાઢ ચુંબન ! પ્રલંબ ચુંબન !

અઢળક બિંદુઓ વરસતા હતા, હોઠો પર. જાણે એક સાથે સેંકડો ચુંબનો.

ખુલ્લા વાળ ખભા પર વિખરાયેલા હતા. ભીના માથા પરથી પાણી તેઓના ખભા પર વહેવા લાગ્યું. બંને ખભાના રસ્તે તેઓની છાતીની વચ્ચોવચ્ચ વહેવા લાગ્યું. જાણે ખીણમાં વહી જતું ઝરણું. બે પહાડોની વચ્ચે થઈને તળેટી તરફ ધસી જતી નદી. પહાડો પરથી પડતો જાણે મૃદુ ધોધ. બંને પહાડો પલળી ગયા. એ પહાડો પર ઊગી ગયું એક જંગલ.

હ્રદયમાં ભીંજાયેલો પવન વહેવા લાગ્યો. છાતી ચીરીને કશુંક ભીનું ભીનું અંદર ઉતરી ગયું.

વહેતો અને વરસતો વરસાદ, બંનેની કમરમાં સ્પર્શ કરીને ગલગલિયા કરતો હતો. એક એક બુંદ, જાણે ઝીણી ઝીણી ચૂંટલી ભરતી હોય તેવું લાગ્યું. એક સાથે અનેક વીંછીના ચટકાની પીડા આપતા હોય તેમ, વર્ષા બુંદો સતત કમર પર ડંખ મારતા રહ્યા. દરેક ડંખ પર યૌવન વળાંક લેતું રહ્યું.

યૌવનના દરેક વળાંક પર જંગલ સ્તબ્ધ હતું. દરેક વળાંક ભીના હતા. દરેક વળાંક કાતિલ હતા. જંગલ આજ, પહેલી વાર એવા વળાંકો જોઈ રહ્યું હતું. એ પણ એક સાથે બે યૌવનાના.

જંગલને લાગ્યું કે તેના વળાંકો કરતાં પણ વધુ સુંદર, તીક્ષ્ણ, તિવ્ર, ખતરનાક અને કાતિલ વળાંકો હતા, એ મુગ્ધાઓના, એ યૌવનાઓના.

વહેતો વહેતો વરસાદ સાથળોને સ્પર્શીને, પગની પાનીને અડીને જમીન પર વિખરાઈ જતો હતો. જાણે લસરપટ્ટી પરથી સડસડાટ નીચે ઉતરી જતું કોઈ બાળક.

જંગલને આજ લાગવા માંડ્યુ કે યુગો પછી કોઈ કામદેવ તેના મહેમાન બનીને આવ્યા હોય. એક સુંદર અને યુવાન ક્ષણોનું સર્જન થયું હતું. ચારે તરફ રતિરાગનું સામ્રાજ્ય સ્થપાઈ ગયું.

બંનેના માથાથી પગ સૂધી, આખે આખું ચોમાસુ વહેતું રહ્યું. ભીના ભીના યૌવનનું ચસચસતું આલિંગન આપી ગયું. એ આલિંગનના પાશમાં બંધ થઈ ગયા બંને.

પણ, આ વાદળોએ તો પાશ ખોલી નાંખ્યા. વરસાદ બંધ થઈ ગયો. યૌવનના સ્પર્શને માણીને શરમાઇ ગયો. કોઇ અલ્હડ છોકરીની જેમ, ક્યાંક છુપાઈ ગયો.

જંગલ આજ પહેલી વાર પોતાની યોગ સમાધિથી વિચલિત થઈ ગયું. તેનો તપોભંગ થઈ ગયો. તે સંસારી બનવા અધિરો થયો.

આકાશ ખુલ્લુ થઈ ગયું. વાદળો વિતી ગયા. સંધ્યા સમયનો ઉજાસ વ્યાપી ગયો. સુરજ ઢળવાની અણી પર આવીને ઊભો.

નીરજા અને વ્યોમા, પોતપોતાના સપનાના જંગલમાં ખોવાઇ ગયા હતા, ત્યાંથી પાછા ફર્યા. સામે વ્યાપેલા જંગલને જોવા લાગ્યા. જાણે બંને જંગલો એકસાથે તેઓના રોમેરોમમાં વસતા હોય.

“આમ ના ચાલે” વ્યોમા વ્યાકુળ થઈ ગઈ.

“કેમ શું થયું? શું ના ચાલે?” નીરજાએ સમજવાનો પ્રયાસ કર્યો.

“જો ને, આ વરસાદ? આ વાદળો, આ પવન. બધા કેવી અંચઇ કરી ગયા આપણી સાથે !”

“હા યાર. એ બધા મોટા, પણ ખોટા ખેલાડી છે. તેઓ પોતાને ધારે ત્યારે પોતાના નિયમો બનાવી રમત રમી લે, અને આપણો દાવ લેવાનો વારો આવે, ત્યારે મેદાન છોડીને ભાગી જાય.”

“બહુ લુચ્ચા છે એ બધા.” વ્યોમાએ વ્યંગ કર્યો. તેના પર નીરજા હસી પડી. વ્યોમાએ તેને સાથ આપ્યો.

“ચાલ, ભીના કપડાં બદલી લઈએ.” નીરજા, વ્યોમાને ટેન્ટની અંદર હાથ પકડી ખેંચી ગઈ. ટેન્ટના દરવાજા પરનો પડદો ઢાંકી દીધો. જંગલની નજરે બંનેનો પીછો કર્યો, ટેન્ટના દરવાજા સુધી.

“તને ખબર છે કે આ ભીના કપડામાં તું કેટલી મોહક અને માદક લાગે છે?” વ્યોમાના મન પર હજુ પણ કામદેવ કબ્જો જમાવી બેઠા હતા.

“ના. નથી ખબર. તું પણ ક્યાં ઓછી મોહાક લાગે છે?”

“તો ચાલ, થેલામાંથી દર્પણ કાઢ. જોઈ લઈએ આપણે આપણી મોહક અને માદક આકૃતિને.” વ્યોમાએ દર્પણ કાઢી લીધું. તેમાં બંને પોતાના મોહક, માદક,દાહક અને ભીના ભીના યૌવનથી ભરપૂર શરીરને જોવા લાગ્યા.

બંનેએ ભીના કપડાં બદલી નાંખ્યા. ભીના ભીના વિચારોને પણ.

જંગલ ફરી યોગી બની ગયો.

બહાર સુરજ ડૂબી ગયો હતો. સંધ્યા પૂરેપુરી ખીલી હતી. આકાશે રંગ બદલી નાંખ્યો. એકદમ વાદળી લાગતું આકાશ, હવે બીજા અનેક રંગો પોતાના પાલવમાં સમાવી લઈ, સ્મિત પ્રસરાવતું હતું.

નીરજાએ થેલામાંથી જમવાનું કાઢ્યું. બન્નેએ ધરાઈને તે ખાધું.

રાતનું આગમન થવા લાગ્યું. ટેન્ટને બરાબર તપાસી બન્ને સૂઈ જવા આડા પડ્યા.

“જંગલની પહેલી રાત. ટેન્ટમાં વિતાવવાની પહેલી રાત. કેવી જશે આ રાત?” વ્યોમા મનોમન બબડી.

નીરજાએ તે સંભાળ્યું. પણ તે મૌન રહી.

વ્યોમાને નીરજાનું મૌન ખટકવા લાગ્યું. તે સૂતા પહેલાં ઘણી ઘણી વાતો કરવાના મૂડમાં હતી. તો નીરજા મૌન રહીને, દિવસભર બનેલી ઘટનાઓને ફરીથી મનોમન જીવવા માંગતી હતી.

એક તરફ મૌન અને એક તરફ શબ્દો. બન્ને એક ટેન્ટની અંદર કેદ હતા. કોઈ તે કેદને તોડી શકે તેમ નહોતું.

બન્ને એવી પથારી પર સૂઈ જવાની કોશીશ કરતાં રહ્યા, કે જે તેઓએ ક્યારેય પહેલાં જોઈ પણ ન હતી.

સ્થળ, કાળ, પથારી બધું જ અજાણ્યું. જાણીતું હતું તો બસ એક જ. આંખમાં ઊગેલું સપનું. જે સપનાને લઈને અહીં સુધી

આવી ગયા. એ સપનાના રસ્તે ચાલતા ચાલતા લાગેલા થાકને લઈને બન્ને નિંદ્રાધિન થઈ ગયા. આખા દીવસમાં એટલી બધી અને એટલી ઝડપથી ઘટનાઓ બની ગઈ હતી, કે જરા વાર પણ નિરાંતનો શ્વાસ લઈને બેસવાનો અવસર જ નહોતો મળ્યો, નીરજા અને વ્યોમાને. અરે, વિચારવાનો પણ ક્યાં સમય મળ્યો હતો.

અને હવે? સાવ નિરાંત. કોઈ ભય નહીં. કોઈ દોડધામ નહીં. કોઈ ઘટના નહીં. બસ, નિરાંત જ.

બંધ ટેન્ટ, સલામત પણ હતો. બંને તેમાં ભરાઈ ગયા હતા. અજાણ્યા પ્રદેશમાં, અજાણી પથારી પર, અજાણ્યા અને નવા વાતાવરણમાં, કોઈ જ ડર વિના નિશ્ચિંત થઈ બંને ઊંઘી ગયા.

ટેન્ટ બહાર જંગલ પણ મૌન હતું. આકાશમાં ચંદ્ર ઊગી ગયો હતો. તેની ચાંદનીમાં જંગલ જાગતું હતું. કોઈ બે અજાણ્યા મહેમાનની ચોકી કરતું હોય તેમ, તે જાગતું રહ્યું. ચાંદની સાથે રમતું રહ્યું. ચાંદની પણ જંગલમાં દોડાદોડ કરતી રહી.

ઘણી રાત વિતી ગઈ. ઊંઘ ખૂબ જ ગાઢ હતી. રાત આખી ક્યાં વિતી ગઈ, તેની તેઓને ખબર જ ના પડી. જંગલે અને ચાંદની રાતે પણ, તેને કોઈ ખલેલ ના પહોંચે તેમ ઊંઘવા દીધા. જાણે કોઈ બાપ અને મા પોતાની વહાલી દીકરીઓને સુંવાળી નિંદ્રામાં નિરાંતે પોઢવા દે.

****

મોડી સવારે નીરજાની આંખ ઉઘડી. સમય તપાસ્યો. 7.37 am.

'ઓહો? કેટલું બધું મોડુ થઈ ગયું? આ જંગલમાં તો સવાર 4 વાગ્યામાં ઉગવા માંડે. અને થોડી વારમાં તો સૂર્યોદય થઈ જાય. સૂર્ય ઉગ્યાને ત્રણેક કલાક વિતી ગયા હશે. જંગલ પણ જાગી ગયું હશે. પંખીઓ ક્યારના માળો છોડીને ઉડવા લાગ્યા હશે. આકાશે અનેક રંગો બદલી નાંખ્યા હશે. ઝાંકળ પણ હવે તો ઊડી ગઈ હશે. ઠંડી ઠંડી હવાઓ હવે ગરમ થઈ ગઈ હશે. કોઈ ભરવાડ તેના ગાય ભેંસ કે ઘેટાં બકરાઓ લઈને પસાર થઈ ગયા હશે. એ બધું છૂટી ગયું.

કોણ જાણે શું શું છૂટી ગયું હશે?'

નીરજાને અફસોસ થવા લાગ્યો, મોડે સુધી સૂતા રહેવાનો. કેમ છેક આટલી મોડી જાગી તે? વ્યોમાએ પણ તેને જગાડી નહીં.

વ્યોમા કયાઁ છે? તેણે ટેન્ટમાં નજર ફેરવી. 'ઓહ. વ્યોમા ક્યાંથી જગાડી શકવાની? પોતે જ હજુ જાગી નથી તો મને ક્યાંથી જગાડવાની? કેવી નિરાંતે સૂતી છે? છે કોઈ ચિંતા?'

વ્યોમા હજુ પણ નિંદ્રાના દરિયામાં ડૂબેલી હતી. તે દરિયો ખૂબ ઊંડો હોય તેમ લાગતું હતું. નજીકના સમયમાં વ્યોમાના જાગવાના કોઈ એંધાણ ન હતા, કોઈ સંકેતો ન હતા.

વ્યોમા પાસે જઇ નીરજાએ તેને ઢંઢોળી. જગાડવાનો પ્રયાસ કર્યો. પણ વ્યોમાની ગાઢ નિંદ્રા અટલ હતી. તે જાગી નહીં. તેને સુવા દઈ નીરજા ટેન્ટ બહાર નીકળી.

એક નજરમાં જંગલને જોઈ લેવા ઉતાવળી થઈ. ચારે તરફ ઝડપથી નજર કરી. જાણે બધું જ એક સાથે એક જ ક્ષણમાં જોઈ લેવું ના હોય ! પણ તે કશું જ જોઈ ના શકી. ઝડપથી ફરી ગયેલી નજરમાં કોઈ જ દ્રશ્ય ઘૂસી ના શક્યું. તેને સમજાયું કે જંગલને જોવામાં ઉતાવળ ના કરાય. તેને તો ધારી ધારીને જોઈએ તો જ, જે જોવું હોય તે દેખાય.

તેણે બીજી, પણ ધીમી નજર નાંખી, આખા જંગલ પર. આ વખતે તેની આંખ થોડા દ્રશ્યો જોઈ શક્યું. પણ આખા જંગલને જોઈ ના શકી.

તેણે ધ્યાનથી જંગલને જોવા માંડ્યુ. તે જોઈ રહી હતી તે જંગલ અને કાલ સાંજે આંખમાં સાચવીને સૂઈ ગઈ હતી, તે જંગલ અલગ અલગ લાગતા હતા.

જંગલ પર વાદળો છવાઈ ગયા હતા. આકાશ કાળું હતું. ખૂબ ગાઢ વાદળોને કારણે પ્રકાશ ઝાંખો હતો. નીરજાએ ફરીથી જંગલ પર નજર કરી. ઓહ, લાગે છે કે ખૂબ વરસાદ વરસી ગયો છે. આખું જંગલ ભીંજાઇ ગયું હતું. રસ્તાઓ પર પાણી ભરાઈ ગયેલા હતા. તેણે અનુમાન લગાવ્યું કે વરસાદ વરસતો, હમણાં જ અટક્યો હશે. સૂરજની હાજરીની કોઈ અસર વર્તાતી નહોતી. સુરજ કદાચ આજે ના પણ ઊગ્યો હોય. ખબર નહીં.

રાત ભર વરસ્યો હશે વરસાદ. ખૂબ તિવ્રતાથી વરસ્યો હશે. હું રાત ભર આરામ કરતી રહી અને વરસાદ જાગતો રહ્યો. જંગલને પણ જગાડતો રહ્યો. કેવી કેવી રમતો રમ્યા હશે એ બંને, રાત ભર? સાવ ચૂપચાપ. સાવ એકલા. અને હવે થાકીને લોથપોથ થઈ ગયા હશે. એટલે તો જંગલ જાણે સૂઈ ગયું હોય તેવું લાગે છે.

'હું થાક ઉતારીને હમણાં જ જાગી અને થાકીને જંગલ હમણાં જ સૂઈ ગયું. સૂતા જંગલને જગાડવું નથી. થોડી વાર સુવા દે એને.'

ઝાડના પાંદડાઓ પરથી સચવાયેલો વરસાદ ટપકી રહ્યો હતો. ટપકતા બિંદુઓ જમીન પર પડતાં અવાજ ઉત્પન્ન કરતાં હતા.

ટપ... ટપ... ટપ.... ટપ....

સતત અને અસંખ્ય બિંદુઓ ટપકતા હતા. ટપ.. ટપ... નો અવાજ સતત આવતો રહ્યો. કાન પર અથડાતો રહ્યો. નીરજા તે અવાજને ધ્યાનથી સાંભળવા લાગી. આંખ અને કાન તેણે ટપક્તા ટીપાઓ પર માંડ્યા.

હવે અવાજો સ્પષ્ટ સંભળાતા હતા. ટપ.. ટપ... ટપ.. ટપ.. માત્ર બિન્દુઓના પડવાનો અવાજ. ટપ..ટપ..ટપ.. બીજા બધા અવાજ જાણે શાંત થઈ ગયા હતા. ટપ..ટપ..ટપ..

કેટલો મધુર અવાજ છે આ ! તેના ટપ ટપ ના અવાજમાં એક તાલ હતો, એક લય હતો. એક શિસ્ત હતી. એક બંદીશ હતી. નિયમિતતા હતી. ચોક્કસ ધ્વનિ હતો. એક ગીત હતું. એક સંગીત હતું.

નીરજા તે ગીત અને સંગીતને માણતી રહી.

એક પ્રલંબ શાંતિ, એક ચીર મૌન.

જંગલ ચૂપ. હવા ચૂપ. વરસાદ ચૂપ. દિશાઓ ચૂપ. વાદળ ચૂપ. બધા ઝાડ ચૂપ. ડાળીઓ ચૂપ. ફૂલો ચૂપ. ફળો ચૂપ. કળીઓ ચૂપ. રસ્તો ચૂપ. પગદંડી ચૂપ. ટેન્ટ અને વ્યોમા પણ ચૂપ. નીરજા પણ ચૂપ. બધું જ ચૂપ. સમય પણ ચૂપ. નીરજાનું મન ચૂપ. વિચારો પણ ચૂપ.

બોલી રહ્યા હતા, તો માત્ર પાંદડાઓ પરથી ટપકતા, સરકતા, ભીના ભીના ટિપાઓ. નીરજા તેને સાંભળી રહી. નીરજાએ પોતાના શ્વાસનો અવાજ પણ ખૂબ જ ધીમો કરી દીધો. માત્ર ટીપ..ટીપ...ટીપ...

કેટલોય સમય વિતી ગયો હશે, નીરજાને તેની ખબર ન હતી. તેની પરવા પણ ન હતી. તે ઊભી હતી એક પૂતળાની જેમ. ટિપાઓ પર સ્થિર આંખ, સ્થિર કાન. અને સ્થિર નીરજા. જાણે કોઈ અપ્રતિમ સૌંદર્યની પ્રતિમા ! કોઈ શિલ્પકારના હાથે ઘડાઈને તાજી તાજી જ બનેલી મુર્તિ ! ચૂપચાપ રહેતા જંગલમાં અનુપમ સૌંદર્યની ભાષા બોલતી મુર્તિ !

એ મૂર્તિની પાછળ જ એક બીજી મુર્તિ પણ, ક્યારની આવી ઊભી હતી. વ્યોમા !

વ્યાપેલી બધી જ ખામોશીઓને જરાય પણ ખલેલ પહોંચાડયા વિના જ, ચૂપચાપ ટેન્ટમાંથી તે બહાર આવી. તેણે પણ જંગલને અને પછી નીરજાને જોયા. તેઓની ખામોશી સાંભળી.

તેને પણ ખામોશીમાં સંગીત સંભળાતું હતું. તે પણ સ્થિર થઈ ઊભી રહી ગઈ. તેણે પણ જંગલના મૌનને વિસ્તરવા દીધું, બોલવા દીધું. તે પણ મુર્તિ બનીને સ્થિર થઈ ગઈ.

બે સુંદર નવયૌવના, મુર્તિ બનીને ઊભી હતી. તેને જોવા જંગલ જાગી ગયું. તે તેને જોઈ રહ્યું હતું. ચૂપચાપ. મૌન. બંનેના રૂપને, સૌંદર્યને તે પી રહ્યું હતું.

જંગલ પણ કેવું નટખટ હોય છે? ચૂપચાપ રહીને સૌંદર્ય પીતું રહે છે. કોઈ જોઈ ના જાય તેમ.

પણ જંગલને અચાનક ઠેસ વાગી. કોઈ ઝાડની મધ્યમ કદની કોઈ ડાળી તૂટી પડી.

ચર...ર..ર...ર...... ધડામ. એક મોટો ધ્વનિ થયો. જંગલની મૌનનું ખૂન થઈ ગયું.

હવાની એક લહેર આવીને ગઈ, ખૂની ઘટનાની તપાસમાં આવતા પોલીસની જેમ. બનેલી ઘટનાની અધકચરી માહિતી લઈને તે વહી ગઈ. દોડી ગઈ આખા જંગલમાં .

'એક ડાળીનું ખૂન થયું છે' એવી એક અફવા લઈને હવા ફરી વળી આખા જંગલમાં. જંગલ નિન્દ્રામાંથી સફાળું જાગી ઉઠ્યું. નીરજા જાગી ગઈ, ટીપ..ટીપ..ટીપ.. સંગીતના જલસામાંથી. વ્યોમા નામની મુર્તિ પણ જાગી ગઈ.

તેણે નીરજાના ખભા પર હાથ મૂકી દીધો. નીરજા ચોંકી ગઈ. પણ વ્યોમાને જોઈને નિશ્ચિંત થઈ ગઈ. ચાર હોઠો પર સ્મિત આવી ગયું. બંનેની આંખમાં જંગલ ટપકતું હતું. ટીપ...ટીપ..ટીપ...

પ્રકરણ 36

"વ્યોમા, આ જંગલ પણ અજીબ છે. તેના એકાંતને તે કેવું સાચવીને બેઠું છે. કોઈને ય તેમાં શામેલ ના કરે." નીરજાએ એકાંતમાં ડૂબેલા જંગલ સામે ફરિયાદ કરી.

"અરે, જંગલ તો ઠીક, પણ જગલનો માણસ પણ કેવો એકાંત પ્રિય ! તે પણ તેના એકાંતને સાચવીને જીવી રહ્યો છે. કોઈ એના એકાંતના વિશ્વમાં પ્રવેશી ના શકે. કોઈને તે પ્રવેશવા ના દે." વ્યોમાને વેદ સામે ફરિયાદ હતી તે વ્યક્ત થઈ ગઈ.

"આ એકાંત છે જ એવું મજાનું, કે તેમાં સદાય બેઠા રહેવા મન લલચાય. એકાંતની આ ક્ષણો ક્યારેય ના ખૂટે તો?"

"નીરજા, જંગલમાં આવીને તું લાલચુ થઈ ગઈ છે. તારે વધુને વધુ આ જંગલને અને તેના એકાંતને પામી લેવું છે. જાણે, આ એકાંત એટલે કોઈ અખૂટ ખજાનો…"

"વ્યોમા, દુનિયાનો કોઈ ખજાનો આ એકાંતના તોલે ના આવે. એક તરફ અખૂટ ખજાનો હોય, અને બીજી તરફ આવું એકાંત હોય, તો હું તો જીવનભર આ એકાંતને જ પસંદ કરું."

"અને એ, જ્યારે શ્વાસ ખૂટે ત્યારે જ ખૂટે. ત્યાં સુધી આ ખજાનો ખૂટે જ નહીં."

"હા, વ્યોમા. જેની પાસે આ એકાંત છે, તે કેટલો ધનવાન છે?"

"વાહ, નીરજા, તેં શોધી કાઢ્યો છે આ ખજાનો. મને હવે સમજાય છે કે પેલો વેદ તેના એકાંતમાં કોઇ ભાગ પડાવે તે માટે જરાય…"

"એ તો વેદ છે. સાવ નોખો માણસ. તેના એકાંતનો ખજાનો તો વળી અનુપમ હશે."

"ખેર.. આપણાં નસીબમાં એ નહીં હોય." વ્યોમાએ ઊંડો ની:શ્વાસ નાંખ્યો.

"જે નસીબમાં છે, તેને તો પૂરેપૂરું માણી લઈએ." નીરજા નિરાંતે જંગલના એકાંતને માણવા બેસી ગઈ.

"નીરજા, મારે યાદ અપાવવું પડે છે, કે આ એકાંત, તારી કે મારી મંઝિલ નથી. માટે અહીંથી આગળનો પ્રવાસ શરૂ કરવો પડશે."

"હા, એ પણ સાચું છે. પણ થોડી વાર રોકાઈ જા. પછી આ એકાંત મળશે કે કેમ? થોડી વાર એની જોડે ગોષ્ઠી તો કરી લેવા દે."

"કેમ શંકા કરે છે, આ જંગલ પર? આખા રસ્તે તને આવા અનેક એકાંતો મળશે જ. આ તો હજુ શરૂઆત જ છે."

"કદાચ આથી પણ વધુ સારું એકાંત મળી જશે. પણ પહેલાં એકાંતની મજા, તેનો આનંદ, તેનો નશો, તેની અનુભૂતિ, ક્યાંથી મળવાની? માટે આ પહેલાં પહેલાં એકાંતને મારી અંદર સમાવી લેવા દે." નીરજાએ તેના બન્ને હાથ જંગલ તરફ પ્રસરાવી દીધા. જાણે આખા જંગલને પોતાના બાહુપાશમાં જકડી લેવા માંગતી હોય. એક ગાઢ આલિંગન આપવા માંગતી હોય.

જંગલ પણ થોડું નજીક આવ્યું હોય તેવો અભાસ થયો, વ્યોમાને. હવાથી જંગલની ડાળીઓ જાણે નીરજા તરફ ઢળી હોય તેવું લાગ્યું.

"આજે પણ આપણે 10 થી 12 કિમી રસ્તો કાપવાનો છે, તેની તને ખબર છે ને?" વ્યોમા યાદ અપાવવા લાગી, મંઝિલ તરફના રસ્તાની.

"હા યાર. માત્ર 10-12 કિમી તો ચાલવાનું છે."

"એટલું અંતર કાપતા તો ચારેક કલાક લાગવાની છે."

"યસ વ્યોમા. માત્ર ચાર કલાક. અને આપણી પાસે તો પડ્યો છે આખો દિવસ." નીરજાને વ્યોમાની આ ગણત્રી ગમી ગઈ.

"હજુ તો **9** વાગી રહ્યા છે. સૂર્યાસ્ત પહેલાં આપણે કોઈ નવા સ્થળે ટેન્ટ બાંધવાનો છે. આજની રાત રોકાવા માટે."

"એટલે કે લગભગ **8** થી **9** કલાકનો સમય છે, આ ચાર કલાકનો રસ્તો કાપવા માટે." નીરજા ફરી નિશ્ચિંત થઈ ગઈ.

"પણ, જંગલ છે આ. તું ધારે છે તેમ, સીધે સીધો રસ્તો ના પણ મળે. આગળ રસ્તા પર શું થવાનું છે, તેની ક્યાં ખબર છે? કદાચ ચાર કલાકનો રસ્તો આઠ કલાકે પણ પૂરો ના થાય."

"તો શું થઈ ગયું? આપણે ક્યાં કોઈ હોટેલ બૂક કરાવેલ છે, કે ત્યાં સમયસર પહોંચવું પડે. આપણે તો જ્યાં થાકી ગયા કે અંધારું થઈ ગયું, ત્યાં જ રાતવાસો."

"જંગલના એક દિવસના પ્રવાસે, આપણાં મનને નીડર બનાવી દીધાં છે."

"તો પછી, મનભરીને આ એકાંતને પી લેવા દે. તૃપ્ત થઈ જશું, તો ચાલવા મંડીશું." નીરજા સરી ગઈ પહેલાં એકાંતના વિશ્વમાં.

વ્યોમાને પણ મળી ગયું એક એકાંત. બન્ને સ્થિર થઈ ગયા, એકાંતના એક નગરમાં. સમયની પરવા કર્યા વિના. કોઈએ તેમાં ખલેલ ના પહોંચાડી.

પ્રકરણ 37

ફટાફટ ટેન્ટ છોડી નાંખ્યો. બધો સામાન બરાબર પેક કરી લીધો. ઘડિયાળ જોયા વિના જ નીકળી પડ્યા મંઝિલ તરફ લઈ જતાં રસ્તા પર, નિરજા અને વ્યોમા.

ફરી એ જ રસ્તો, એ જ જંગલ, એ જ ઝાડ. એ જ નીચે પડેલા પાંદડાઓ, ઝૂકેલી ડાળીઓ. એ જ આકાશ. એ જ વાદળો. એ જ હવા. બધું જ કાલે હતું, એવું જ હતું. હવે આ બધું જાણીતું લાગતું હતું. કાલની જેમ નવું નવું કે અજાણ્યું કશું જ નહોતું. સાથે સાથે, આજે સુરજ નામનું તત્વ પણ ન હતું.

સુરજ ક્યાંક ગાયબ થઈ ગયો હતો. આમ તો તે બહુ ગંભીર છે, તેની રોજની જવાબદારી પ્રત્યે. પણ આજે તેણે ગાપચી મારી કે શું? બીમાર પડેલો પ્રકાશ, વાદળોથી ઢંકાયેલા આકાશમાંથી ડરતો ડરતો પૃથ્વી પર આવી રહ્યો હતો. આછા પ્રકાશમાં જંગલ ખૂબ જ ગાઢ લાગતું હતું.

બન્ને ચાલતા રહ્યા. ક્યારેક કોઈ વાત, તો ક્યારેક એ જ પરિચિત મૌન. આ સિવાય કોઈ નહોતું તેઓની અને જંગલની વચ્ચે. ઘણું ચાલ્યા બાદ કોઈ ઝાડ નીચે બેસી ગઈ વ્યોમા. નીરજા હજુ પણ ચાલતા રહેવા માંગતી હતી. પણ વ્યોમાએ તેને હાથ પકડી રોકી લીધી. ઝાડને ટેકે પીઠ રાખી બેસી ગઈ.

ફરી એકાંતને અનુભવવા લાગ્યા, મૌન બનીને. ધ્યાનથી સાંભળતા રહ્યા, જંગલના એકાંતને.

કેટલીય વારના મૌન બાદ અચાનક જ વ્યોમા ઊભી થઈ. તેના પગરવથી મૌન ભંગ થયું. તે ધ્યાનથી કોઈ દિશામાં જોવા લાગી.

નીરજા પણ ઉઠી, "વ્યોમા, શું વાત છે?"

"એકદમ ધ્યાનથી કાન માંડ. તને કોઈ ગીત જેવુ કાંઇ સંભળાય છે?"

નીરજાએ તે તરફ કાન માંડ્યા. શાંત જંગલમાં કોઈના ગાવાનો અવાજ દૂર દૂરથી આવતો હતો. રસ્તાની ડાબી બાજુથી તે અવાજ આવતો હતો. બન્નેને હવે ખાત્રી થઈ ગઈ, કે કોઈ વ્યક્તિ ગીત ગાઈ રહ્યો છે અને તે ખૂબ જ નજીક પણ છે.

અવાજ ધીમે ધીમે નજીક આવતો હોય તેવું લાગ્યું. હવે તે સ્પષ્ટ સાંભળી શકાતો હતો. તે કોઈ ટીન એજ છોકરાનો અવાજ હતો. તે લોકલ ભાષામાં ગીત ગાતો હતો. તેના શબ્દો ખાસ સમજાતા નહોતા પણ તેના ગીતમાં લય અને તાલ હતા.

તે તાલ અને લયને ઓળખવાનો નીરજાએ પ્રયાસ કર્યો. તેને તેમાં બસંત બહાર રાગના આરોહ અવરોહની ઝલક જેવુ લાગ્યું. તે ધ્યાનથી પૂરા ગીતને સાંભળવા લાગી. તેની ધૂન પરથી તેને સમજાઈ ગયું કે કોઈ ભરવાડનો છોકરો જંગલનું ગીત ગાઈ રહ્યો છે.

ગીત હવે ખૂબ નજીક આવી ગયું. એક છોકરાને હાથમાં લાકડી સાથે જંગલની કેડી પર આવતા જોયો. તે ડાબી બાજુએથી આવીને કેડી વીંધીને જમણી બાજુએ જવા લાગ્યો. તેની પાછળ પાછળ 20 – 22 ગાયો પણ આવી. તે સૌ રસ્તાની જમણી બાજુ, જંગલમાં ભળી ગયા. પેલા છોકરાનું ગીત હજુ પણ જંગલમાં ગુંજતું હતું. તેના શબ્દો કાન પર મધુર સ્વરનો અનુભવ કરાવી રહ્યા હતા.

નીરજા હજુ પણ તે ગીત અને તેના રાગમાં વ્યસ્ત હતી. વ્યોમાને સંગીતમાં ખાસ સમજ નહોતી પડતી. પણ તેને તે ગીત ગમ્યુ. તેણે ગીત ગાતા અને કેડી પાર કરીને જમણી તરફ જંગલમાં ભળી જતાં, તે છોકરાને જોયો હતો. જંગલની કેડી પર તેણે વેદ પછી આ માત્ર બીજી વ્યક્તિને જોઈ હતી. તેને પેલા છોકરા જોડે વાત કરવાનું મન થયું. પણ તે તો જંગલમાં ભળી ગયો હતો. ગાઢ જંગલમાં તે ક્યાં છે તેની ખબર નહોતી પડતી. પણ તેનો અવાજ હજુ પણ સંભળાતો હતો.

વ્યોમા તે અવાજની દિશામાં દોડી. જંગલમાં ઘૂસવા લાગી. નીરજાએ તેને રોકવા અવાજ દીધો, પણ વ્યોમાએ તેને સાંભળ્યો જ નહીં. તે તો બસ ગીતની દિશામાં દોડવા લાગી. છોકરો ઝડપથી ચાલતો હતો, એટલે વ્યોમા દોડવા લાગી અને જંગલમાં થઈને પેલા છોકરા પાસે પહોંચી ગઈ.

વ્યોમાએ તેને અવાજ દીધો, "એ ય ..ય…" પણ તે પોતાની ધૂનમાં હતો. વ્યોમાનો અવાજ, તેના ગીતના અવાજને વીંધીને તેના કાન સુધી પહોંચી ના શક્યો. વ્યોમા ફરી દોડીને આગળ નીકળી ગયેલા છોકરા પાસે પહોંચી ગઈ. તેણે તેનો હાથ પકડી લીધો અને ઈશારાથી ઊભા રહેવા કહ્યું.

તે ચોંકી ગયો. કોઈ વ્યક્તિ આ જંગલમાં તેની સામે આવીને ઊભી છે ! અને તે પણ એક છોકરી? કોઈ અજાણ્યા શહેરની છોકરી? સુંદર છોકરી? અને તે તેનો હાથ પકડીને ઊભી છે ! કશુંક કહી રહી છે આ છોકરી. તેણે વ્યોમાની સામે નજર કરી. વ્યોમા પણ તેને જ જોઈ રહી હતી. વ્યોમા તેનો હાથ ખેંચી રાખી તેને ઊભા રહેવા ઈશારો કરી રહી હતી. તે રોકાઈ ગયો.

તેને પહેલી જ વાર કોઈ અજાણી છોકરીનો સ્પર્શ થયો હતો. તે રોમ રોમ રોમાંચિત થઈ ગયો. એક આખું લીલુછમ્મ જંગલ તેની નસેનસમાં દોડવા લાગ્યું. વ્યોમાએ હજુ પણ તેનો હાથ પકડી રાખ્યો હતો. જંગલ વિસ્તરતું જતું હતું. આખા શરીરમાં વ્યાપી ગયું.

છોકરાએ વ્યોમાની આંખમાં નજર કરી. પછી વ્યોમાએ પકડી રાખેલા હાથ પર નજર કરી. વ્યોમાએ પણ તે હાથ તરફ નજર કરી.

તેણે છોકરાની આંખમાં જોયું. બંનેની નજર મળી. બંનેના હાથમાંથી કોઈ ઝરણું બંને બાજુ વહેવા લાગ્યું. બંનેના હોઠો અનાયાસ જ સ્મિત આપી બેઠા. તે શરમાઇ ગઈ. તે સફાળી જ જાગૃત થઈ ગઈ. તેણે ઝડપથી છોકરાનો હાથ છોડી દીધો.

ખૂબ સુંદર જેલમાથી તાજા જ છૂટેલા હાથને જોતો રહ્યો, તે છોકરો. વ્યોમાને શું કરવું કે કહેવું તે સૂઝયું જ નહીં. તે એમ જ ઊભી રહી ગઈ. બસ, જોતી રહી એ છોકરાને. બંનેના હોઠો પરથી સ્મિત વહેતું ગયું, તેઓની આંખોમાં વસી ગયુ. સ્મિતની હાજરીમાં તેઓ કશું બોલી ના શક્યા.

"વ્યોમા… વ્યોમા.." નીરજા પણ વ્યોમાની પાછળ પાછળ ત્યાં આવી ગઈ. નીરજાના આવવાથી વ્યોમાને નિરાંત થઈ ગઈ. તે દોડી ગઈ નીરજા પાસે. છોકરો ફરી વિસ્મય પામ્યો. એક બીજી છોકરી? એ પણ સુંદર? એ પણ યુવાન? એ પણ અજાણ્યા શહેરની? બે, બે અજાણી છોકરી? આ જંગલમાં શું કરી રહી છે તે? તેને કશું જ ન સમજાયું. તેણે જ વાતની શરૂઆત કરી.

"તમે બંને કોણ છો?" પેલા છોકરાએ અંગ્રેજીમાં પૂછ્યું.

નીરજા અને વ્યોમાએ સ્મિતની આપલે કરી, "વાહ. આ તો અંગ્રેજી બોલી જાણે છે."

"તું અંગ્રેજી જાણે છે? વાહ." વ્યોમા આનંદિત થઈ ગઈ.

"હા. હું કોલેજ સ્ટુડન્ટ છું." પહેરવેશથી ગામડિયો લાગતો છોકરો, કોલેજ સ્ટુડન્ટ છે તે જાણી બન્ને વિસ્મય પામ્યા. પણ ગમ્યું.

"શું નામ છે તારું, છોકરા?" નીરજાએ વાતનો દોર આગળ ચલાવ્યો.

"મારૂ નામ વિલ્સન છે. અને છોકરીઓ, તમારું?"

"હું વ્યોમા અને આ મારી મિત્ર નીરજા છે." વ્યોમાએ ઉત્સાહથી પરિચય આપ્યો.

"તમને અહીં જોઈને આનંદ થયો. સાથે આશ્ચર્ય પણ."

"અમે એક ખાસ મિશન પર અહીં છીએ." નીરજાએ તેને આ જંગલમાં આવવાનું કારણ વિગતે સમજાવ્યું.

"વિલ્સન, શું થોડો સમય આપણે સાથે ચાલી શકીએ?" વ્યોમાએ અપીલ કરી.

"સ્યોર. પણ તમારી દિશા અને મારી દિશા અલગ છે." વિલ્સને કહ્યું.

"તો થોડી વાર, સાથે બેસી તો શકાય ને?" નીરજાએ વિનંતી કરી. વિલ્સનને તે વિનંતી સ્પર્શી ગઈ.

નીરજા અને વ્યોમા, વિલ્સનને જ્યાં તેઓનો સામાન પડ્યો હતો ત્યાં લઈ ગઈ. ત્રણેય ઝાડ નીચે બેસી ગયા.

વિલ્સન ગાયો ચરાવે છે, એટલે તે જંગલનો માણસ છે. નીરજા અને વ્યોમા જંગલ વિશે, વિલ્સન પાસેથી ઘણું બધું જાણવા માંગતા હતા. તે જંગલને કદાચ ખૂબ સારી રીતે જાણે છે. વિલ્સન પણ મજેદાર લાગ્યો. તેના વિશે પણ જાણવું ગમશે.

વિલ્સન પણ પોતાના જંગલ વિશે, કોઈને પણ બધું જ કહેવા ઉત્સુક હતો. આ તો બે સુંદર, યુવાન અને દૂરના કોઈ શહેરની છોકરી પૂછી રહી હતી. તેને તો ગમતું હતું, જંગલ વિશે વાતો કરવી અને જંગલે તેને તે અવસર આપી દીધો.

"આ જંગલ …" વિલ્સને જંગલ તરફ નજર કરી અને કહેવા માંડયું.

"તું કોલેજ સ્ટુડન્ટ છે અને ગાયો પણ ચરાવે છે?" વ્યોમાએ તેને વચ્ચેથી જ અટકાવી પ્રશ્ન કર્યો.

"તો પહેલાં મારા વિશે કહી દઉં, જંગલની વાત પછી." વિલ્સને સ્મિત આપ્યું. "ખેતી અને પશુપાલન અમારો ધંધો છે. આ બધી ગાયો અમારી જ છે. કોલેજમાં અભ્યાસ સાથે હું તેમાં પણ ધ્યાન આપું છું. હાલ વેકેશન છે, એટલે મારી પાસે સમય ઘણો છે. લાસ્ટ યરની એક્ઝામ પૂરી થઈ ગઈ છે.રિઝલ્ટની પ્રતિક્ષા કરું છું."

"ઓહો. તો તું કોલેજ વિશે થોડી વાતો કરી શકે?" વ્યોમા કોલેજ માટે ઉત્સાહિત થઈ ગઈ.

"પહેલાં નક્કી કરી લો, હું મારા વિશે વાત કરું? કે મારી કોલેજ વિશે વાત કરું? કે પછી જંગલ વિશે?" વિલ્સન, વાતના વિવિધ વિષયોમાં ઉલઝાઇ ગયો.

"તું જંગલ વિશે જ કહે" નીરજાએ પોતાનો મત વ્યક્ત કર્યો.

"ના, ના. ના. પહેલાં કોલેજ. પછી જંગલ." વ્યોમાએ ભિન્ન વાત કરી.

વિલ્સન બન્નેને જોઈ મનમાં વિચારવા લાગ્યો 'કેવી ચંચળ છે આ ઉંમર? એક ક્ષણ જંગલ, તો બીજી ક્ષણ કોલેજ. મન કેવું એક વાત થી બીજી વાત પર દોડતું હોય છે. સ્થિરતા કે ગંભીરતા નથી હોતી. આ બન્ને પણ હજુ ચંચળ જ છે. મારે એમને યોગ્ય રીતે હેન્ડલ કરવા પડશે.'

"ઓકે, ઓકે. હું બન્ને વાત કરીશ. પણ પહેલાં, તમે તમારી કોલેજ વિશે વાત કરો ને."

"અમારી કોલેજ? અમે તો ક્યારેય કોલેજ ગયા જ નથી." વ્યોમાએ વાતનો દોર પોતાના હાથમાં લીધો.

"કેમ? તમે કોલેજમાં નથી ભણતા? કે પછી ભણવાનું જ છોડી દિધું? અને નીકળી પડ્યા આમ રખડવા?"

"મી. વિલ્સન, કોઈ વિશે આમ ખોટી પૂર્વધારણાઓ બાંધીને વાત ન કરાય." નીરજા ચિડાઇ ગઈ.

"અમે હજુ હમણાં જ અમારી જુનિયર કોલેજની પરીક્ષા આપી છે, અને રિઝ્લ્ટ આવ્યા બાદ કોલેજ જોઇન કરીશું." વ્યોમાએ સ્મિત આપ્યું.

"ઓહ. એમ વાત છે. મને એમ હતું કે આપ પણ કોલેજ સ્ટુડન્ટ હશો. ખેર. હું તો થોડી મજાક કરતો હતો, નીરજા. ખોટું તો નથી લાગ્યું ને?"

"ઓહ. તું પણ મજાક મસ્તી કરી લે છે? જો મજાક હોય તો મને વાંધો નથી." નીરજાએ સ્મિત આપ્યું. વાતાવરણ ફરી નોર્મલ થઈ ગયું.

"તો કોલેજની વાત કરી રહ્યા હતા, આપણે." વ્યોમાએ ફરી વાત શરૂ કરી.

"તમે કોલેજ જોઈ નથી, પણ કોલેજ વિશે ઘણું સંભાળ્યું હશે જ. તમારા મનમાં કોલેજ વિશે કેવી ધારણાઓ છે? કેવી

કલ્પનાઓ છે? મને એ બધું જાણવું ગમશે."

"કોલેજ એટલે ઘણું બધું. ઉત્સાહ અને આનંદથી છલકાતા યુવાન છોકરા છોકરીઓ, મુક્ત આકાશમાં ઉડતા પતંગિયાઓ..." વ્યોમાએ શરૂઆત કરી.

"કોઈ નિયમો નહીં, કોઈ બંધનો નહીં. એક આઝાદી. એક સ્વતંત્રતા. કહો કે સ્વછંદતા." નીરજા પણ જોડાઈ.

"ચારે તરફ વહેતી રોમાંટીક હવા. બોય ફ્રેંડ્સ, ગર્લ ફ્રેંડ્સ. પહેલાં આંખોથી થતી વાતો, પછી શબ્દોથી. પછી આલિંગન અને ચુંબન. ગમતો રોમાન્સ."

"ભણવા કરતાં મસ્તી વધુ કરતાં કોલેજીયનો. ક્લાસને બદલે કેંટિનમાં વધુ સમય પસાર કરતાં એ લોકો. બંક મારી થીએટરમાં ફિલ્મો જોતાં સ્ટુડન્ટ્સ."

"મોટી મોટી ગાડીઓમાં ફરતા છોકરાઓ. મનગમતા કપડાં પહેરવાની છૂટ. કોઈ યુનિફોર્મ પણ નહીં. રોજ નવા નવા કપડાં."

"છોકરીઓની છેડતી કરતાં પૈસાદાર માબાપના, બગડેલા નબીરાઓ, વિધ્યાર્થી કરતાં ગુંડાઓ જેવા વધુ લાગે."

"કેંટિનમાં કે ગાર્ડનમાં હાથમાં ગુલાબ લઈને મનગમતા પાત્રને પ્રેમનો પ્રસ્તાવ કરતા હોય, એકને બીજું ગમતું હોય, બીજાને ત્રીજું ગમતું હોય અને ત્રીજાને વળી પહેલું ગમતું હોય. પ્રણય ત્રિકોણ રચાતાં હોય."

"રાજકારણનો અડ્ડો હોય તેમ કાવાદાવા, ષડયંત્રો અને દુશ્મનીની પાઠશાળા. મારામારી, ડ્રગ્સ, હથિયારોની હેરાફેરી અને લગભગ બધા જ અનૈતિક કાર્યોના કેરિયર તરીકે કોલેજીયનોનો થતો ઉપયોગ."

"ક્યારેક પ્રણયના ત્રિકોણને બદલે રચાતાં ચતુસ્કોણ, પંચકોણ કે અષ્ટકોણ. ખબર જ ના પડે, કે કોણ કોને પ્રેમ કરે છે? અને કોને કોણ પ્રાપ્ત થાય તો બધા સુખી થાય. જેનો કદાચ કોઇ સુખદ અંત ના પણ હોય."

"ભણવા આવતા નિર્દોષ સ્ટુડન્ટ, જાણ્યે અજાણ્યે ફસાઈ જાય કોઈ ચક્કરમાં. અને જે કોઈ નક્કર સપનાઓ લઈને કોલેજ આવ્યા હોઈએ તે સપનાઓ પિંખાઈ જાય. તેને બદલે કોઈ અંધારી જિંદગી તરફ ધકેલાઇ જતું યૌવન."

નીરજા અને વ્યોમા પોતપોતાની કલ્પના અને ધારણા પ્રમાણે કોલેજ વિશે કહેતા રહ્યા. વિલ્સન મૌન બની સાંભળતો રહ્યો. બસ સ્મિત આપતો રહ્યો. તેણે બન્નેને બોલવા દીધા.

"પ્રણયના આવા અનેક કોણો જોવાની મને તો મજા પડે. એ જોવા જ હું તો કોલેજમાં જઈશ." વ્યોમા હજુ પણ બોલતી રહી.

નીરજા ગંભીર થઈ ગઈ. મૌન બની ગઈ. એકલી એકલી બોલતી વ્યોમા પણ અટકી. બધા જ મૌન થઈ ગયા. વિલ્સને બંનેની આંખમાં નજર કરી. કોલેજ વિશે હજુ પણ તેઓના ચહેરા પર અવનવા ભાવો હતા. એક વિસ્મય હતું. તેને તે ગમ્યું.

"ઓહો, તો કોલેજમાં આવું બધું હોય છે? કેવું અલગ અને અદભૂત છે, નહીં?" વિલ્સને પણ વિસ્મયના ભાવો ચહેરા પર લાવતા કહ્યું.

"કેમ તું અમને આવો સવાલ કરે છે? તારી કોલેજમાં પણ આવું બધું, તેં જોયું જ હશે ને?"

"કે પછી તું પણ કોલેજ નહોતો જતો?" વ્યોમાએ વ્યંગ કર્યો. તેના વ્યંગ પર ત્રણેય હસી પડ્યા.

"હું તો રોજ કોલેજ જતો હતો. ભાગ્યે જ કોઈ ગાપચી મારી હશે. પણ.." વિલ્સન અટકી ગયો, એક પળ માટે. ઊંડો શ્વાસ લઈ તેણે બંનેની આંખમાં જોઈ સવાલ કર્યો, "તમે ફિલ્મો બહુ જોતાં લાગો છો?"

"હા, અમને ફિલ્મો જોવી ગમે. તો આપણે ફિલ્મો વિશે પણ વાતો કરીએ." વ્યોમા માટે નવો વિષય સર્જાઈ ગયો.

"ના. આપણે ફિલ્મો વિશે હાલ વાતો નહીં કરીએ. માત્ર કોલેજ અને જંગલની જ વાતો કરીશું." નીરજાએ વ્યોમાને ટપારી.

"રહસ્ય અને રોમાંચ ભરપૂર વાર્તા કે નવલકથાઓ પણ વાંચતાં લાગો છો." વિલ્સને નવી વાત કરી.

"કેમ તું આવું બધું કહે છે? મૂળ વાત પર કેમ નથી આવતો?" નીરજા ફરી ચિડાઇ ગઈ.

"એટલા માટે નીરજા, કે તમે કોલેજ બાબતે જે પણ કહ્યું તે બધું જ કોઈ વાર્તા કે ફિલ્મ માટે સાચું હોઇ શકે છે. પણ હકીકતમાં તેમાંનું ભાગ્યે જ કાંઇ કોલેજમાં જોવા મળે છે." તે એકાદ પળ રોકાયો. ફરી કહેવા લાગ્યો, "ફિલ્મો અને વાર્તાઓમાં તેના દર્શકો અને વાચકોને જકડી રાખવા આવી બધી વાતો ભરી દેવામાં આવતી હોય છે. પણ એ સત્ય નથી."

"તો કોલેજનું સત્ય શું છે? કહી દે ને." નીરજા હજુ પણ ચિડાયેલી હતી. તેનો ચહેરો થોડો લાલ થઈ ગયો. વિલ્સનને તેના ચહેરાની લાલી ગમી. તેને થયું કે એ લાલી હંમેશા તેના ગાલ પર રહે અને તે તેને જોયા કરે. પણ, તે માટે નીરજા ચિડાઇ જાય, તે તેને પસંદ ન પડ્યું.

તેણે સ્મિત કરી નીરજાને કહ્યું, "કોલેજ એ એક યાત્રા છે, જર્ની છે. જે ત્રણ વર્ષ લાંબી છે. આ યાત્રામાં માણસ બનવાની કળા, જીવનને શ્રેષ્ઠ રીતે જીવવાની કળા, શીખવા મળે છે. સંઘર્ષના દિવસોમાં સ્થિર રહેવાની કળા, તો આનંદના દિવસોમાં જીવનને ભરપૂર માણવાની કળા. કોલેજ એ કોઈ ખોટું સાધન નથી કે નથી ટાઈમ પાસ કરવાની જગ્યા. અહીં તો મળે છે, નવી હિમ્મત, નવી તાકાત, નવો જોશ, નવી દ્રષ્ટિ." નીરજા અને વ્યોમા પર એક દ્રષ્ટિ કરી તેના ભાવોને ચકાસી લીધા. તેને તે જાણીતા લાગ્યા.

"કોલેજ કોઈ પણ પ્રકારના દુષ્કર્મો કરવાનું કેન્દ્ર નથી હોતું. ત્યાં આવું કાંઇ જ નથી થતું હોતું. પ્રેમના નાટકો માટેનું એ રંગમંચ પણ નથી જ." વિલ્સને વાત આગળ વધારી, "હા, ઘણી પ્રેમ કથાઓ અહીં સર્જાય છે જરૂર, પણ માત્ર કોલેજ કાળ પૂરતી જ. તે ભાગ્યે જ તેના અંતિમ લક્ષ્યને પામે છે. કોઈ અનૈતિક કામ પણ ક્યારેક થઈ જતાં હોય છે. પણ, એ અપવાદ રૂપે જ."

નીરજા અને વ્યોમા તેને રસપૂર્વક સાંભળી રહ્યા. તેઓને લાગાવા લાગ્યું, કે વિલ્સનની વાતમાં સત્ય ડોકાઇ રહ્યું છે. તેના શબ્દો વડે તેઓનો ભ્રમ ભાંગી રહ્યો છે. તેના શબ્દો, તેની વાતો ગમવા લાગી. તેઓએ તેને બોલવા દીધો.

"કોલેજ કેટલાક છકી ગયેલા નબીરાઓનું મનોરંજનનું સ્થળ પણ નથી. એ તો છે, આંખમાં સપનાઓ લઈને આવેલા યૌવનને સાચી દિશા આપતું સ્થાન. એ આપણી અંદર રહેલી ક્ષમતા અને શક્તિને યોગ્ય આકાર આપે છે. આપણાં ભવિષ્યની રેખાઓ દોરી આપે છે. એક સુંદર વ્યક્તિત્વ અર્પે છે."

"ઓહ. કોલેજ એટલે એક એવું શિલ્પ સ્થાન, કે જ્યાં કાચા અને ખરબચડા પથ્થર જેવા યૌવનને કોઈ શિલ્પકારના હસ્તે કંડારીને સુંદર મુર્તિ બનાવી દેવાય." નીરજાએ પોતાના મન પ્રમાણે વ્યાખ્યા કરી.

"તો એ શિલ્પકારો એટલે કોણ? કોલેજના પ્રોફેસરો?" વ્યોમાએ પ્રશ્ન કર્યો.

"તે સુંદર મૂર્તિઓ, તેઓના હાથે કેવી રીતે સર્જન પામે છે?" નીરજાએ પણ જીજ્ઞાસા વ્યક્ત કરી.

વિલ્સનને આ પ્રશ્ન ગમ્યો. તેનો તે જવાબ આપવા લાગ્યો, "કોલેજનું પહેલું પગથિયું ચડતું યૌવન, ખરેખર અપરિપક્વ હોય છે. તે હજુ કાચું હોય છે. તેણે જોયેલી દુનિયા ખૂબ જ નાની, જાણીતી અને મર્યાદિત હોય છે. જ્યારે તે કોલેજમાં આવે છે, ત્યારે તેને મળે છે વિશાળ અને અમર્યાદિત જગત. એક અજાણ્યું જગત. તેમાં તે પોતાની જાતને ફિટ કરવા પ્રયાસ કરે છે. ક્યારેક સફળ થાય તો ક્યારેક નિષ્ફળ. સફળતા આત્મવિશ્વાસ અને નિષ્ફળતા નવો અનુભવ આપી જાય છે. જીવનમાં બંને જરૂરી છે. તે બંને તેને કોલેજમાં જ મળી જાય છે. ધીરે ધીરે તે નવી અને અજાણી દુનિયાને જાણવા લાગે છે. તેમાં તે પોતાની જગ્યા શોધવા લાગે છે. અને તક મળે ત્યારે તે જગ્યા પર તે ગોઠવાઈ જાય છે. તે આખી પ્રક્રિયામાં તેનું ઘડતર થાય છે. તેના વ્યક્તિત્વના નકામા કાંકરાઓ ખરવા લાગે છે, કામના પથ્થરો તેની યોગ્ય જગ્યાએ ગોઠવાતા જાય છે. અને તેમાંથી સર્જાય છે, નવા અને સુંદર વ્યક્તિત્વની એક મુર્તિ."

બન્ને વિલ્સનની વાતો એકાગ્ર ચિત્તે સાંભળતી રહી. તેના શબ્દો નવી દિશા અને દ્રષ્ટિ આપી રહ્યા હતા. વિલ્સનનું વ્યક્તિત્વ તેને ગમવા લાગ્યું. તેઓને લાગ્યું કે વિલ્સન પણ એક સુંદર રીતે મહાન શિલ્પકારના હાથે કંડારેલી કોઈ મુર્તિ છે. આ મુર્તિ અનુપમ છે.

અદભૂત છે.

"કોલેજના પહેલાં દિવસથી શરૂ થયેલી યાત્રા બાદ, છેલા દિવસ સુધીમાં તમારું રૂપાંતર કોઈ નવા વ્યક્તિત્વમાં થાય. રૂપાંતરની આ પ્રક્રિયા સતત થાય. કોલેજને અંતે રૂપાંતર પૂરું થાય. તેનો અહેસાસ તમને કોલેજના છેલ્લા દિવસે થાય, કોલેજને છોડતી વખતે થાય. અને જો તેમ થાય તો જ તમારૂં કોલેજમાં આવ્યાનું સફળ."

"અને એવું ના થાય તો?" નીરજાએ શંકા વ્યક્ત કરી.

"જો તેવું ના થાય, તો કોલેજને દોષ ના દેવાય. ઘણી વખત કોઈ પથ્થર લાગતો માણસ ખરેખર ખડક પણ હોઇ શકે." વિલ્સને બોલેલા શબ્દો, બન્નેમાંથી કોઈને પણ ના સમજાયા.

"આ પથ્થર અને ખડક એ બધું શું છે? તેનો મતલબ શું છે? કશું ય સમજાયું નહીં." વ્યોમાએ પૂછ્યું.

"ઓહ, હું ભૂલી ગયો કે તમે હજુ કોલેજમાં ગયા નથી. મારે તમને સમજાય એવા શબ્દો વાપરવા જોઈએ." તે હસ્યો, અટક્યો. ફરી કહેવા લાગ્યો, "મુર્તિ પથ્થરમાંથી બને, ખડકમાંથી નહીં. પથ્થરને કંડારી શકાય, ખડકને નહીં. જો કોલેજમાં આવતો સ્ટુડન્ટ પથ્થર હોય તો તેમાંથી મુર્તિ બની શકે, પણ જો તે ખડકની જેમ સંવેદના વિનાનો હોય, તો તેના પર પડતાં શિલ્પકારના હથોડાના ઘા વ્યર્થ બની જાય. તેમાંથી કશું જ ખરે નહીં, અને તે એમ જ ઊભો રહે. કાળમીંઢ બનીને."

"ઓહ, એનો અર્થ એ, કે પથ્થરમાં મુર્તિ પહેલેથી જ હોય છે. તેને માત્ર કંડારવાની જ હોય છે. જયારે ખડકમાં તેવું કશું જ નથી હોતું. રાઇટ?" નીરજા હવે તેના શબ્દોના મર્મને સમજવા લાગી.

"વિલ્સન, તું પથ્થર હતો કે ખડક?" વ્યોમાએ અણીદાર સવાલ પૂછી નાંખ્યો. નીરજા તેના સવાલથી ચોંકી ગઈ. તેની આંખોએ વ્યોમાને ઠપકો આપ્યો, 'આ તે કેવો સવાલ?' વ્યોમા કોઈ પ્રતિક્રિયા આપે તે પહેલાં તો વિલ્સને કહ્યું, "તમને શું લાગે છે? તમે જ કહો."

વ્યોમાએ જવાબમાં આપ્યું મૌન. પણ નીરજાએ આપ્યો જવાબ, "ખડક ક્યારેય જંગલમાં ગીતો ના ગાઇ શકે. કોઈ અજાણી બે છોકરીઓ સાથે આમ, પોતાના વિચારોને વહેંચે નહીં." વિલ્સન અને નીરજા હસી પડ્યા. વ્યોમા હજુ પણ મૌન.

"મને પણ છેલ્લે દિવસે જ ખબર પડી, કે હું પણ પથ્થર હતો. અને બની ગયો કોઈ નવી જ મુર્તિ."

"કોલેજનો છેલ્લો દિવસ કેવો હોય છે, વિલ્સન? કેવી કેવી લાગણીઓ જન્મતી હોય છે." વ્યોમાએ મૌન તોડ્યું.

"કોલેજનો છેલ્લો દિવસ એટલે, આખી યાત્રાને ફરીથી જીવી જવાનો દિવસ. ત્રણ વર્ષને ખૂબ જ થોડા સમયમાં જીવવાનું. અને બને તો બધા દોસ્તો સાથે કરેલા અયોગ્ય વ્યવહારની, ખુલા દિલે ક્ષમા માંગી લેવાની. મેં પણ એમ જ કર્યું હતું."

"વાહ, ખરેખર તો છેલ્લો દિવસ જ સૌથી અદભૂત હોતો હશે, ખરું ને?"

"કોલેજનો છેલ્લો દિવસ એટલે, વિતેલા દિવસોની યાદને લઈને ત્યાંથી ચૂપચાપ નીકળી જવાનો દિવસ. સ્મરણોનું અખૂટ ભાથું સાથે લઈ જવાનું. સૌ લાગણીઓને મનના નાના એવા એક ખૂણામાં ઠાંસી ઠાંસીને ભરી દેવાનું. અજાણ્યા કોઈ પથ પર, યાત્રા કરવા નીકળી પડવાનું. દોસ્તોને, કેન્ટીનને, બગીચાને, લાઇબ્રેરીને, પુસ્તકોને, ક્લાસને, જેના પર બેસીને ત્રણ વર્ષ વિતાવ્યા હોય તે બેન્ચને, પ્રોફેસરોને, મેદાનને, એસેમ્બલી હોલને, રંગમંચને, કોણ જાણે કોને કોને સદાય માટે છોડી જવાનું હોય છે, કોલેજના છેલ્લા દિવસે. એમાંનું કશું જ, ક્યારેય ફરી નથી મળવાનું….." બોલતાં બોલતાં વિલ્સનના ગળે ડૂમો ભરાઈ ગયો. જાણે તેને કોઈ યાદ આવી ગયું, અને જાણે તેને તે સદાય માટે છોડી આવ્યો હોય. તેના શબ્દો અટકી ગયા, પણ ગાલ પર બે ચાર મોતી અટકયા નહીં, બસ ટપકી ગયા.

તે રડી રહ્યો હતો. તેના હોઠો સ્મિત આપી રહ્યા હતા. રુદન અને સ્મિત ! બંને એક સાથે. નીરજા અને વ્યોમા ભાવાવેશમાં તેને જોતાં રહ્યા. તેની પાસે વિલ્સને કહેલાં શબ્દોનો કોઈ જવાબ નહોતો.

થોડી વારે તે સ્વસ્થ થયો. બે અજાણી છોકરીઓની હાજરીમાં પુરુષ થઈને રડવાનો તેને કોઈ અફસોસ ના થયો.

"પુરુષ થઈને પણ રડી શકાય છે, એ મને કોલેજે શીખવાડયું. કોલેજના છેલ્લા દિવસે હું રડ્યો છું. ખુલ્લે આમ રડ્યો છું. મને તેનો ક્ષોભ નથી. ઘણાં દોસ્તો પણ રડ્યા છે."

"ઓહ, કેટલો અલગ હોય છે, કોલેજનો છેલ્લો દિવસ? કેટલો અદભૂત અને અવિસ્મરણીય હોય છે, છેલ્લો દીવસ ! "

"કોલેજનો છેલ્લો દિવસ, ખરેખર તો અસલી જીવનનો પહેલો દિવસ હોય છે. જિંદગીની વાસ્તવિકતાઓનો પહેલો દીવસ. આ ગાયો સાથે જંગલમાં આવવું એ મારા જીવનની વાસ્તવિક્તા છે."

"અને અત્યારે અમારી પણ વાસ્તવિકતા એ છે, કે અમે જંગલમાં છીએ. આપણે જંગલની વાતો કરવા રોકાયા અને પહોંચી ગયા કોલેજે." નીરજાએ જંગલની વાત સાંભળવા ઉત્સુકતા બતાવી.

તે ફરી સ્વસ્થ થયો. કહેવા લાગ્યો, "હા. ચાલો હું તમને જંગલની વાત કરું. આ જંગલની વાત." તેણે ગળાને ખંખેર્યુ. કોલેજના સંસ્મરણોને છોડી, ફરી જંગલમાં આવી ગયો, "મને આ જંગલમાં ફરવું ગમે છે. રોજ સવારે ગાયોને લઈને નીકળી પડું છું હું, આ જંગલમાં. જંગલ મારો મિત્ર છે. હું અહીં આવું તે તેને પણ ગમે છે." વિલ્સને જંગલ તરફ બે હાથ ફેલાવી દીધા, "તે રોજ મારી પ્રતિક્ષા કરતું હોય છે."

"જંગલ પણ પ્રતિક્ષા કરે?" નીરજાને વિસ્મય થયો.

"હા. જંગલ પણ પ્રતિક્ષા કરે. એક એક પાંદડાઓ, એક એક ફૂલ, આ ડાળીઓ, આ વૃક્ષો, આ હવા, નદી, પર્વત, ઝરણાંઓ, ધોધ, પંખીઓ બધા જ પ્રતિક્ષા કરતા હોય છે."

"ઓહ, ખરેખર?" વ્યોમાની નજરમાં કોઈ ચમક આવી ગઈ.

"હા. ખરેખર. આ માટી, આ રસ્તો પણ પ્રતિક્ષા કરતાં હોય છે, તેના આગંતુકની." વિલ્સને જંગલની કેડીઓ તરફ બંને હાથ ફેલાવી દીધા.

"એટલે કે આ જંગલને પણ આપણી જેમ જ લાગણીઓ હોય છે, તેની અંદર પણ માનવીય ભાવ ધબકતા હોય છે." નીરજાને વિલ્સનની વાતમાં મજા પડવા લાગી.

"હા. જંગલ પણ એક જીવંત અસ્તિત્વ છે. તેને પણ એ બધા જ સંવેદનો હોય છે, જે પ્રાણી માત્રને હોય છે."

"ઓહ, વોટ એન ઇંટ્રેસ્ટિંગ." વ્યોમાએ બન્ને હાથના પંજા એકબીજામાં ભેરવી દીધા.

"તો શું, અમારા અહીં આવવાની પણ પ્રતિક્ષા કરતું હતું આ જંગલ?" નીરજાને જંગલની વાતો વધુ પોતીકી લાગી.

"ચોક્કસ કરતું હતું. હજુ પણ આગળનો રસ્તો તમારી પ્રતિક્ષા કરી રહ્યો છે. જંગલના …"

"કેમ ખબર પડે, કે આ જંગલ પ્રતિક્ષા કરતું હતું, અમારા આગમનની?"

"તમે જંગલમાં પ્રવેશો ત્યારે જ ખબર પડી જાય, કે જંગલને તમારું આગમન ગમ્યું છે કે નહીં. જો તેને તમારું આવવું ગમ્યું હોય તો સમજી લેવું કે તે તમારી પ્રતિક્ષા કરતું હતું. જંગલ સૌને સંકેતો આપી દે છે તેની લાગણીઓના."

"કેવા સંકેતો હોય છે તેના?"

"હવા પોતાનો મિજાજ બતાવે, માટી શુષ્ક લાગે, પાંદડાઓ સ્મિત ના આપે, ડાળીઓ રસ્તો વિકટ બનાવે, જંગલ રાહ ભૂલાવે, મંઝિલ ભૂલાવે, ક્યાંક ભટકાવે, તો સમજવું કે જંગલને તમારું આગમન નથી ગમ્યું. જંગલ જેની પ્રતિક્ષા કરતું હતું, તે અતિથિ તમે નથી." વિલ્સન હવે જંગલમય બનવા લાગ્યો. તેની અંદર રહેલું જંગલ, વિલ્સનના શબ્દો વડે પોતાની વાત કરતું હતું.

"ખરેખર? કેવું અજીબ પણ સુંદર છે, આ જંગલ."

"આજે બીજો દિવસ છે, તમારો જંગલમાં. તમને જંગલે કેવા સંકેતો આપ્યા છે?" વિલ્સને બન્નેની આંખમાં પ્રશ્નનું કાજલ આંઝી દીધું.

કાજળઘેરી આંખો શોધવા લાગી, જંગલે આપેલા સંકેતોને. કેવા સંકેતો આપ્યા છે જંગલે, આ વિતેલી ક્ષણોમાં? વિચારવા લાગી, બન્ને. જંગલે તો બધા જ સારા સંકેતો આપ્યા હતા. કેવું હસીને આવકારી રહ્યું છે આ જંગલ. ખરેખર જંગલ પ્રતિક્ષા કરતું હશે જ.

"લાગે છે કે જંગલ અમારી પ્રતિક્ષા કરતું હતું." વ્યોમાએ વિલ્સનના પ્રશ્નનો જવાબ આપી દીધો.

"ખરેખર? મને પણ એમ જ લાગી રહ્યું છે. આ જંગલે મને જે સંકેતો, તમારા આગમનના આપ્યા છે તે કહે છે, કે જંગલે તમને આવકાર્યા છે. પણ આ તો જંગલ છે. તેની સાથે જરા પણ રમત રમવાની કોશિશ કરશો તો ..."

"જંગલ સાથે રમત પણ રમાય? શું તે ગિલ્લી દંડા પણ રમે?" વ્યોમા હવે મજાકના મૂડમાં આવી ગઈ. વિલ્સન અને નીરજા વ્યોમાની વાત પર મન મૂકીને હસ્યા. વ્યોમા પણ હસવા લાગી. ત્રણેયના સાચા હાસ્યને જોઈ જંગલ પણ હસ્યું. ચારેયના હાસ્યથી હવા પણ ખુશ થઈ ગઈ. એક સ્પર્શ કરીને ચાલી ગઈ.

"જંગલ આટલું બધું ધબકતું હશે, એ નહોતી ખબર. આ...." વ્યોમા કહી રહી હતી.

"હજુ તો જંગલ વિશે વાત શરૂ કરી છે. ઘણું ઘણું છે આ જંગલ વિશે કહેવાનું." વિલ્સને વ્યોમાને કહ્યું.

"તો કહે ને, એ બધું. અમારે એ બધું જ સાંભળવું છે." બન્ને અધિરી થવા લાગી.

"તો જંગલ રોજ પ્રતિક્ષા કરે છે મારી. હું પણ તેને ક્યારેય નિરાશ નથી કરતો. નિયમિત તેને મળવા આવી જાઉં છું." વિલ્સને વાતનો દોર સાંધતા કહ્યું. નીરજા અને વ્યોમા એકચિત્તે તેને સાંભળી રહી, "હું આવું એટલે આ જંગલ મને કોઈ ગીત ગાવાનું કહે. તેને મારૂ ગીત ગાવું બહુ ગમે છે."

"તો જંગલને ગીત પણ ગમે?" ફરી નવું વિસ્મય બંનેની આંખમાં આવી બેસી ગયું.

"હા. કેમ નહીં.? જંગલને એ બધું જ ગમે, જે દરેક જીવતી વ્યક્તિને ગમે. મેં કહેલું જ ને, કે જંગલ પણ એક જીવંત અસ્તિત્વ છે. તેને પરખ છે બધી વાતની. બધા ભાવોની. બધી વેદનાની અને સંવેદનાની."

"તો તું હમણાં જે ગીત ગાતો હતો, તે જંગલની ફરમાઇશ પર ગાતો હતો?"

"હા. બિલકુલ એમ જ. હું રોજ જંગલને ગીત સાંભળવું છું. તેના માટે જ ગાઉં છું."

"ગીત સાંભળીને જંગલ કેવું વર્તન કરે?"

"હું તેને ગમતાં જ ગીતો ગાઉં છું. એટલે એ સ્મિત આપે છે. તે ખૂબ જ ખુશ થઈ જાય છે"

"અને ક્યારેક તારું ગીત તેને ના ગમે તો?"

"તો જંગલ, કરી દે મારી સાથે કિટ્ટા. તરત રિસાઈ જાય. અબોલા લઈ લે. પછી..."

"પછી તું એને મનાવે પણ ખરો?" નીરજાને કિટ્ટા બૂચ્ચાની રમત યાદ આવી ગઈ.

"હાસ્તો. મનાવવું તો પડે જ ને? ભાઈબંધી તો રાખવી જ પડે ને? ભાઈબંધ રિસાઈ જાય, તે કોઈને પણ ના ગમે. મને તો ના જ ગમે. તમને?" વિસલને સવાલનું તીર છોડી દીધું.

નીરજાને યાદ આવી ગયું કે ટ્રેનમાં વ્યોમા કેવી રિસાઈ ગઈ હતી. અને પછી માંડ માંડ મનાવી હતી. તેણે વ્યોમાની આંખમાં જોયું. ત્યાં પણ એ જ પ્રસંગ હતો. ભાઈબંધ રિસાઈ જાય તો ....

"હું જાણું છું કે તમને પણ ના જ ગમે." વિલ્સનના શબ્દોથી તેઓ ટ્રેનની યાદ છોડી ફરી જંગલમાં આવી ગયા.

"ખરી વાત છે તારી, દોસ્ત." નીરજાએ અનાયાસ જ વિલ્સનને દોસ્ત કહી દીધો. વિલ્સનને તે ગમ્યું.

"દોસ્ત ! વાહ. મારા દોસ્ત આ જંગલે, બીજા બે દોસ્ત આપી દીધા. આ જંગલ છે જ એવું. આપવામાં હંમેશા ઉદાર."

"તો એ દોસ્ત જંગલ વિશે હજુ વધુ કહે ને."

"આ જંગલ ! વાતો કરે, બોલે, વાતો સાંભળે. ગીત સાંભળે, તો ક્યારેક ગાય પણ ખરું. તેના શ્વાસમાં સંગીત વહે. તે શ્વાસ લે, સાથે ચાલે. ક્યારેક તમને હંફાવવા દોડીને આગળ નીકળી જાય. તો કદીક પોતે જ હાંફી જાય.

વાતો કરતાં કરતાં ક્યારેક સાવ મૌન બની જાય, ક્યારેક ઇશારાઓમાં કશુંક કહેવા લાગે, કવિતા કરે કે દાદીમાની જેમ વાર્તા પણ કરવા લાગે. રમવા લાગે. રમતા રમતા પાછું રૂઠી જાય. મનાવો તો માની પણ જાય.

ક્યારેક ગાલને ચૂમે, તો ક્યારેક આખેઆખું આલિંગન આપી પોતાના પાલવમાં છુપાવી દેય. પોતાના ખોળામાં બેસાડી દે. છાતી સરસું ચાપી લે.. હસતાં હસતાં અચાનક ... રડવા પણ લાગે. ..." વિલ્સન બોલતા બોલતા જંગલની સંવેદનાઓમાં ખોવાઈ ગયો. તેના ગળામાં કશુંક અટકી ગયું. તે ભાવુક થઈ ગયો. શબ્દો થાકી ગયા. તે મૌન બની ગયો.

તેના મૌન સાગરમાં ઊછળતા મોજાઓની વાછટમાં, નીરજા અને વ્યોમા ભીંજાતા રહ્યા, પલળતા રહ્યા.

તેઓની આંખના જંગલમાં કોઈ વાદળી વરસી પડી, ધીમી ધારે. પાંપણ પરથી બિંદુઓ ગાલ પર ટપકવા લાગ્યા, ટીપ...ટીપ...ટીપ....

હોઠો પર ખીલી ઉઠ્યું લીલાછમ સ્મિતનું જંગલ.

વ્યોમાએ બાંધી રાખેલા બન્ને હાથના પંજા છોડી નાંખ્યા. જંગલ તરફ નજર કરી. તેણે અનુભવ્યું, કે તેઓની વાતો સાંભળવા જંગલ આવીને ક્યારનું ય લપાઈને ચૂપચાપ બેસી ગયું હતું. વ્યોમાની નજર પડતાં જ ઊઠીને ભાગી ગયું. દોડી ગયું જંગલમાં. વ્યાપી ગયું જંગલમાં. ભળી ગયું જંગલમાં.

ત્રણેય મૌન બની ગયા. જંગલની સંવેદનાઓમાં ડૂબેલ, કોઈ કશું ય બોલવાના મૂડમાં નહોતા. બસ અનુભવ કરતાં રહ્યા, જંગલને.

"મારે હવે જવું પડશે." અંતે વિલ્સને મૌન તોડ્યું. નીરજા અને વ્યોમા પણ મૌનસાગર છોડી જંગલમાં આવી ગયા.

"ઓહ, નો. આટલું જલ્દી?" વ્યોમાએ અનિચ્છા વ્યક્ત કરી.

"થોડો વધુ સમય રોકાઈ શકાય તો..?" નીરજાએ પણ વાતને સમર્થન આપ્યું.

"મને પણ ગમત, પણ મારે જવું પડશે. અને તમારે પણ, હવે જવું જોઈએ. હજુ લાંબો રસ્તો કાપવાનો છે." વિલ્સન ઉઠ્યો.

"હા, અમારી મંઝિલ દૂર છે. પણ..." વ્યોમા તેને જવા દેવા માંગતી નહોતી.

"વિલ્સન, તારી સાથે વીતેલો સમય અમને સદાય યાદ રહેશે." નીરજાએ વિદાયની વાસ્તવિક્તાને સહજ સ્વીકારી લીધી.

"મને પણ. જંગલને પણ આ ક્ષણો ગમી છે. તે પણ તેને ક્યારેય નહીં ભૂલે." વિલ્સને સ્મિત આપ્યું.

"ઓહ. થેન્ક યુ વિલ્સન. થેન્ક યુ જંગલ." વ્યોમાએ પણ સ્મિત આપ્યું.

"વિલ્સન, એ તો કહે કે અમે રસ્તો તો નથી ભૂલ્યા ને? તું તો આ જંગલનો જાણકાર છે." નીરજાએ કેડી પર નજર નાંખી.

"નીરજા, તું યોગ્ય રસ્તા પર જ જઇ રહી છે. આ કેડી તને લઈ જશે, પેલા ધોધ સુધી."

"અને હું? શું હું ખોટા રસ્તે છું? હું પણ નીરજા જોડે જ ચાલુ છું તે તું જાણે જ છે ને?"

"મારો કહેવાનો મતલબ..." વિલ્સન ખુલાસો ના કરી શક્યો.

"તારો મતલબ સ્પષ્ટ છે. તું મને નીરજાથી અલગ ગણે છે." વ્યોમા તોફાની મૂડમાં હતી.

"એવું નથી." વિલ્સન થોડો વિચલિત થઈ ગયો.

"વ્યોમા, દોસ્ત સાથે આવું ના કરાય." નીરજાએ વ્યોમા સામે આંખ કાઢી.

"સોરી, વિલ્સન. હું તો જરા મજાક કરતી હતી." વ્યોમાએ કાન પકડી વિલ્સનની માફી માંગી.

"ઓહ. ઠીક છે. દોસ્તીમાં આવું ચાલે." વિલ્સને તેને માફ કરી દિધી.

"તો તું જાય છે? તારી સાથે મજા પડી, આ જંગલને જાણવાની. જંગલના સંવેદનોને અમે હવે સમજી શક્યા છીએ." નીરજાએ આભાર વ્યક્ત કર્યો.

"હા, જંગલ છે જ એવું. બસ, તમે પણ તેને એ રીતે જ જોતાં રહેજો. તમે જેવું ચાહશો, જંગલ તેવો જ પ્રતિસાદ આપશે."

"ખરેખર? તો જંગલ મારી સાથે રોમાન્સ કરશે?" વ્યોમા ફરી નટખટ બની ગઈ.

વિલ્સન અને નીરજા તેના આ મજાક પર હસી પડ્યા. વ્યોમા પણ જોડાઈ ગઈ.

ગીત ગાતો ગાતો વિલ્સન, જંગલમાં ઓગળી ગયો. તેનું ગીત જંગલમાં હવા બનીને ફેલાતું રહ્યું. નીરજા અને વ્યોમા તેને જતાં જોઈ રહી. તેનું ગીત સાંભળતી રહી. જંગલ પણ જાણે કાન માંડીને તેનું ગીત સાંભળતું હોય તેમ હવાને પકડીને ડોલવા લાગ્યું.

"ચાલો, હવે ફરી મંઝિલ તરફ પ્રયાણ કરીએ." નીરજા વ્યોમાનો હાથ પકડી કેડી પર ચાલવા લાગી.

પ્રકરણ 38

સાંજના ચારેક વાગ્યે એક પડાવ પર આવી બંને રોકાઈ ગયા.

"આજની રાત રોકાવા માટે આ સ્થળ કેવું રહેશે?" નીરજાએ એક સલામત અને સમથળ સ્થળ તરફ સંકેત કર્યો.

વ્યોમા ત્યાં દોડી ગઈ. સામાન નીચે મૂકીને બેસી ગઈ. નીરજા પણ ત્યાં આવી ગઈ. બંનેએ ટેન્ટ બાંધી નાંખ્યો. આજ ટેન્ટ સરળતાથી બંધાઈ ગયો. થોડી વાર આરામ કરી લીધો.

"મને તો ખૂબ ભૂખ લાગી છે. નીરજા, તને લાગી છે?" વ્યોમાએ ભૂખથી ત્રસ્ત ભાવો મોઢા પર લાવી કહ્યું.

"હા. મને પણ લાગી છે. આજે એક કામ કરીએ, આસ પાસ કોઈ ગામ કે કોઈ હોટેલ હોય તો, ત્યાં જમવા જઈએ."

"ચોક્કસ. પણ આ સામાન અને આ ટેન્ટ?"

"વ્યોમા. આ જંગલમાં આ ટેન્ટ કોઈ ચોરી નહીં જાય. અને સામાનમાં એવું કાંઇ નથી કે ચોરને તેમાં રસ પડે."

"હા, યાર. અહીં માણસો જ ક્યાઁ છે? જ્યાં માણસો હોય ત્યાં ચોર હોય."

"મતલબ કે આપણો સામાન બિલકુલ સલામત છે."

ટેન્ટને એમ જ છોડી બંને કોઈ હોટેલની તલાશમાં નીકળી પડ્યા.

થોડે દૂર કોઈ હોટેલ મળી ગઈ. જરૂરી ભોજન અને નાસ્તો બંધાવી લીધા. આવી ગયા ટેન્ટ પર.

"નીરજા, કોઈ ચોર નથી આવ્યો. બધું જ જેમનું તેમ છે." વ્યોમાએ આંખોથી સમગ્ર ટેન્ટ પર નજર નાંખી.

ટેન્ટ સલામત હતો. બધું જ અકબંધ હતું. કશું જ પોતાની જગ્યાએથી હલ્યુ નહોતું. તેઓને હાશ થઈ.

ટેન્ટ બહાર આવી ગયા. ખુલ્લા આકાશમાં જંગલને જોતાં જોતાં આંખ અને પેટ બંનેની ભૂખ સંતોષવા લાગ્યા.

"આજ સવાર સવારમાં કેવો ઘેરાયો હતો વરસાદ? અને આખા દિવસમાં એક ટીપું ય વરસ્યો નહીં." નીરજાએ આકાશ તરફ જોઈ ફરિયાદ કરી. વાદળો હજુય આકાશમાં હતા. સવારથી તે ત્યાં જ હતા. જરા ય ખસ્યા જ નહોતા. વરસ્યા પણ નહોતા.

"વરસાદ તો રાતના જ વરસતો હોય એવું લાગે છે. કાલે રાત્રે ખૂબ વરસ્યો હતો. કદાચ આજે રાત્રે પણ વરસે. તે રાત પડવાની પ્રતિક્ષા કરતો હશે." વ્યોમાએ વાદળોનો બચાવ કર્યો.

"તને કોણે કહ્યું એવું?"

"મેં હમણાં જ એક વાદળ જોડે વાત કરી. તેણે મને કહ્યું કે આજે રાત્રે તે ફરી વરસશે."

"મને તો નહોતો સંભળાયો, વાદળનો અવાજ. તને કેમ સંભળાઈ ગયો?"

"મને તો હજુ ય સંભળાય છે. જો તું પણ ધ્યાનથી સાંભળ. જો...ધ્યાનથી... સાવ મૌન બની...સિ...સ...." વ્યોમાએ હોઠો પર આંગળી રાખી નીરજાને વાદળોના કાલ્પનિક અવાજ સાંભળવા કહ્યું.

નીરજા મૌન બની ગઈ. ધ્યાનપૂર્વક અવાજ સાંભળવા કોશિશ કરવા લાગી. વ્યોમા પણ કાન માંડવા લાગી.

બધું જ મૌન હતું. માત્ર વહેતી મંદ હવાનો નાજુક અવાજ, એ સિવાય બધું જ મૌન. માત્ર મૌન.

અચાનક ટેન્ટ પાછળથી ઝીણો અવાજ આવ્યો. ફરી મૌન. ફરી ઝીણો અવાજ. ફરી મૌન. ત્રીજી વખત પણ એ જ રીતનો ઝીણો

અવાજ આવ્યો. નીરજાના કાન સતર્ક થઈ ગયા, “વ્યોમા, ટેન્ટ પાછળ કોઈ છે. કોઈ અવાજ આવી રહ્યો છે.”

“ના રે, કોઈ નથી. કોઈ અવાજ મેં નથી સાંભળ્યો.”

“પણ મેં સાંભળ્યો છે. એક નહીં ત્રણ ત્રણ વખત. નક્કી કોઈ ટેન્ટ પાછળ છે.”

“નીરજા, આ જંગલમાં તારા મારા સિવાય કોઈ રહેતું નથી. તો પછી કોણ આવવાનું અહીં. તને કોઈ ભ્રમ થયો લાગે છે.”

“વ્યોમા, તું ...” નીરજા બોલતા બોલતા અટકી ગઈ. ફરી ટેન્ટ પાછળથી અવાજ આવ્યો. કોઈના ચાલવાનો અવાજ. આ વખતે વ્યોમાએ પણ તે સાંભળ્યો. બન્ને મૌન બની ગયા. સતર્ક બની ગયા. ટેન્ટ તરફ નજર ફેરવી.

ફરી કોઈના પગલાનો અવાજ આવ્યો. કોઈ તો છે જ, ટેન્ટ પાછળ. બન્નેએ એકબીજાના હાથ પકડી લીધા અને ચાલવા લાગ્યા ટેન્ટ પાછળ. ટેન્ટ **20-22** ફૂટ દૂર હતો. તેઓ ઝડપથી ટેન્ટ તરફ ગયા. તેઓના પગલાનો અવાજ સાંભળી ટેન્ટ પાછળનો અવાજ દૂર ભાગી જતો લાગ્યો. બન્ને દોડ્યા. ટેન્ટ પાછળ પહોંચી ગયા.

કોઈ ત્યાંથી જંગલ તરફ દોડી ગયું. તેઓની નજર પડે તે પહેલાં જ, તે જંગલમાં છુપાઈ ગયું.

‘કોણ હશે?’ બન્નેના ચહેરા પર પ્રશ્ન ઊગી ગયો. બન્ને સાવધ થઈ ગયા.

“વ્યોમા, કોઈ ટેન્ટમાં ઘૂસી ગયું હતું કે ઘૂસવાનો પ્રયાસ કરી રહ્યું હતું.”

“ચાલ, પહેલાં ટેન્ટની અંદર ચકાસી લઈએ.” બન્ને ટેન્ટની અંદર ગયા. ટેન્ટમાં બધી વસ્તુઓ એમ જ હતી. કોઈના અહીં આવી ગયાના કોઈ ચિન્હો દેખાતા નહોતા.

“ટેન્ટની અંદર તો એ પ્રવેશ્યું નથી.” વ્યોમાને પાકકી ખાતરી થઈ ગઈ.

“હા. કોઈ પગલાના નિશાન પણ નથી દેખાતા.ચાલ ટેન્ટ પાછળ કોઈ પગલાંના નિશાન છે કે કેમ તે તપાસી લઈએ.” નીરજા, વ્યોમાને લઈને બહાર નીકળી ગઈ. જમીન પર કોઈના પગલાંના નિશાન શોધવા લાગી.

પાછલી રાતના વરસાદથી ભીંજાયેલ અને આખા દિવસમાં નહીં નીકળેલા તડકાને કારણે હજુ પણ ભીની માટી પર પગલાના નિશાન દેખાવા લાગ્યા. ધ્યાનથી જોવા લાગ્યા તે પગલાઓને. ટેન્ટની નજીકથી જ શરૂ થતાં પગલા જંગલ તરફ દોડી જતાં હતા.

પગલાં કોઈ પ્રાણીના જ લાગતા હતા. તેનું કદ નાનું હતું. માનવ પગલાં કરતાં પણ નાનું. બે પગલાંઓ વચ્ચે ચારેક ફૂટ જેટલું અંતર હતું.

તે પગલાને પકડીને બંને ચાલવા લાગ્યા. પચાસેક ફૂટ જેટલા અંતર સુધી તે જતાં હતા. ત્યાર બાદ પગલાઓ ગાયબ થઈ જતાં હતા. ત્યાં ગીચ ઝાડી હતી. પણ પગલાઓ તે ઝાડીમાં દાખલ થવાને બદલે અટકી જતાં હતા.

“વ્યોમા, આ પગલાઓને જોઈને એવું લાગે છે કે એ કોઈ પ્રાણી જ હતું.”

“અને એ કોઈ મહાકાય પ્રાણી હોય તેવું નથી લાગતું.” વ્યોમા અને નીરજા હવે નિષ્કર્ષ તરફ વળવા લાગ્યા.

“હા. પગલાઓ માનવના પંજા કરતાં પણ નાનાં છે. વધુમાં આ પ્રાણી ખૂબ ઝડપથી દોડતું કે ભાગતું હોય એવું લાગે છે.”

“એમ કેમ કહી શકાય? આપણે અહીં પહોંચ્યા એ પહેલાં એ ભાગી ગયું એટલે?”

“ના. એટલે નહીં, પણ ઝડપથી દોડી જતાં પ્રાણીના બે પગલાં વચ્ચે વધુ અંતર હોય છે. તું જો આ પગલાંઓ વચ્ચે ચારેક ફૂટ કે તેથી વધુનું અંતર છે.” નીરજાએ સમજાવ્યું.

“ઓહ. તો પછી ઝાડી સુધી આવીને અલોપ થઈ જતાં પગલાનું શું રહસ્ય છે?” વ્યોમાએ જિજ્ઞાસા બતાવી.

"એનું રહસ્ય એ છે કે તે પ્રાણી કૂદીને ઝાડ પર ચડી ગયું છે. પછી ડાળીઓ મારફતે જંગલમાં છટકી ગયું છે."

"ઝડપથી દોડતું, નાના પગલાં વાળું અને કૂદીને ઝાડ પર ચડી જતું પ્રાણી માત્ર વાંદરો જ હોઇ શકે, નીરજા."

"હા. સાચી વાત છે તારી. એ નક્કી વાંદરો જ હશે." નીરજા ચોક્કસ તારણ પર આવવા લાગી, "મેઘાલયના જંગલોમાં વાંદરાઓની બે ત્રણ જાત વસે છે, એવું મેં યાત્રા શરૂ કરતાં પહેલાં વાંચેલું."

"તે આપણાં ટેન્ટમાં શું કરવા ઘૂસવા માંગતો હતો?"

"કદાચ કોઈ ભોજનની તલાશમાં હોઇ શકે. બંદરો સ્વાદપ્રિય હોય છે."

"પણ, આપણી પાસે ક્યાઁ એવું સ્વાદિષ્ટ ભોજન છે?"

"હોટેલમાંથી લાવેલું ભોજન તાજું પણ છે અને સ્વાદિષ્ટ પણ છે. તેની સુગંધ તેને અહીં સુધી ખેંચી લાવી હશે." નીરજાએ તર્ક લગાવ્યો.

"શું એ બંદર હિંસક છે? હુમલાખોર છે? કે પછી માત્ર ભોજન તરફ આકર્ષાઈને આવે છે?" વ્યોમાએ સાવચેતીના પગલાં રૂપે માહિતી લેવા પ્રશ્ન કર્યો.

"એ ગોલ્ડન લંગૂર હોઇ શકે. સામાન્ય રીતે તે શાંત પ્રાણી છે. પણ જંગલનું પ્રાણી છે. કદાચ હુમલો કરે પણ ખરા."

"તો સાવધ રહેવું પડશે. એક કામ કરીએ, આ ટેન્ટ ત્યાં દૂર બાંધી દઈએ. ત્યાં સુધી તે નહીં આવી શકે."

"વ્યોમા. તે બંદરે જાણી લીધું છે, કે કોઈ માનવ આ ટેન્ટમાં આવી વસ્યું છે. અને તેની પાસે સરસ મજાનું ભોજન પણ છે. એટલે તું ગમે ત્યાં ટેન્ટ બંધીશ, તે જરૂર ત્યાં પહોંચી જશે. માટે આમ દૂર જવાથી સમસ્યા હલ નહીં થાય." નીરજાએ પરિસ્થિતિની વાસ્તવિકતા કહી.

"તો પછી આખી રાત જાગતા રહેવું પડશે. પણ, મને તો અત્યારથી જ નીંદર આવે છે. મરાથી રાત નહીં જાગી શકાય. તું જાગજે આખી રાત." વ્યોમાએ મોટું બગાસું ખાધું.

"તેની કોઈ જરૂર નથી લાગતી. આ ટેન્ટ અંદરથી પણ બંધ થાય છે એવું જેનિફરે કહેલું, યાદ છે તને? એકવાર અંદરથી બંધ કરો એટલે બહારથી કોઈ અંદર દાખલ જ ના થઈ શકે."

"હા. મને યાદ છે. આ ટેન્ટમાં આપણે અને આપણું સ્વાદિષ્ટ ભોજન બંને સલામત છે."

"હા. તો ચાલ ટેન્ટ પાસે જઈએ." બન્ને ટેન્ટ તરફ જવા લાગ્યા. ત્યાં ફરીને ઝાડી પાછળથી અવાજ આવ્યો. બન્ને રોકાઇ ગયા, પાછળ જોયા વિના જ. ઝાડીમાં હલન ચલન થવા લાગ્યું. કોઈ ઝાડી પાછળથી બહાર નિકળ્યું. તેના કુદવાનો અવાજ આવ્યો.

બન્ને એકસાથે જ પાછળ ફરી ગયા. ઝાડીની આગળ અને આંખની બરાબર સામે જ ધારણા પ્રમાણેનો જ એક વાંદરો ઊભો હતો.

બંદરની નજર નીરજા અને વ્યોમાની નજર સાથે ટકરાઇ. આ તરફ ચાર આંખોમાં અને તે તરફ બે આંખોમાં એક સરખો ભય અને વિસ્મયનો ભાવ હતો. એકબીજાને જોઈને સૌ વિચલિત થઈ ગયા હતા. નીરજા સૌ પહેલાં સ્વસ્થ થઈ. તેણે બંદર તરફ સ્મિત આપ્યું. તે સ્મિતે તેનું કામ કર્યું. બંદરના આંખના ભાવોને તે સ્મિતે બદલી નાંખ્યા. તે તદ્દન શાંત થઈ ગયા. હવે વારો વ્યોમાનો હતો. તે પણ નોર્મલ થઈ ગઈ.

ત્રણેયને લાગ્યું કે તેમની વચ્ચે દોસ્તી થઈ શકે તેમ છે. વ્યોમાએ તે પારખી લીધું. તેના હાથમાં રહેલું ભોજન તેણે તે બંદરને આપ્યું. બંદરે તે લઈ લીધું. ખાવા લાગ્યું. ઝડપથી તેણે તે પૂરું કરી નાખ્યું.

નીરજાએ તેને બીજું ભોજન આપ્યું. તેણે તે લઈ લીધું અને ઝડપથી ઝાડીઓ વચ્ચે અદ્ર્શય થઈ ગયો.

બન્ને તેને જતાં જોઈ રહ્યા. તેઓની નજર ઝાડીની આરપાર જોવા પ્રયાસ કરવા લાગી અને શોધવા લાગી કે બંદર ક્યાં ગયો. પણ તે ઝાડીની આરપાર ખાસ દૂર સુધી જોઈ શકાય તેમ નહોતું. તે ખૂબ જ ગીચ હતી. અને બંદરની ઝડપ પણ તિવ્ર હતી. પળવારમાં તો તે અદ્ર્શય થઈ ગયો. ટેન્ટ પાસે આવી ગયા બન્ને.

"હવે કોઈ ભય નથી આજ રાત માટે, અહીં આપણને." વ્યોમાએ નિરાંત સાથે કહ્યું.

"કેમ? એવું કેમ કહેવાય?"

"નીરજા, માણસ અને પ્રાણીઓમાં એ જ તો તફાવત છે. પ્રાણીઓ એક વખત જેનું ભોજન ખાય તેને ક્યારેય નુકશાન ન પહોંચાડે. ઊલટું તે તેની રક્ષા કરે. આ બંદરે આપણાં હાથે ભોજન ખાધું છે."

"મતલબ કે તે પોતે તો કોઈ હુમલો નહીં જ કરે, પણ કોઈ તેવું કરતું હશે તો પણ તેને તેમ કરતાં તે અટકાવશે."

"હા, નીરજા. એ પ્રાણીઓનો સ્વભાવ છે. તે એમ જ કરશે."

"માનવો કરતાં કેટલો અલગ છે સ્વભાવ તેનો !" નીરજાએ ઊંડો શ્વાસ લીધો. એક ભીની સુગંધ તેના કાનમાં પ્રવેશી ગઈ. સુરજ ડૂબે એ પહેલાં અને ચંદ્ર ઊગે તે પહેલાં જ, દૂર દૂર કોઈ વાદળો વરસવા લાગ્યાં. જંગલ ભીંજાવા લાગ્યું. વરસતા વાદળો દૂરનો રસ્તો કાપી નીરજા અને વ્યોમાને મળવા માંગતા હોય તેમ નજીક આવવા લાગ્યા.

દૂર વરસતો વરસાદ પાસે આવીને અહીં પણ વરસવા લાગ્યો. જરા ભીંજાઈને બન્ને ટેન્ટમાં ભરાઈ ગયા. મોડે સુધી વરસાદ વરસતો રહ્યો. ટેન્ટની અંદર બન્ને ઊંઘતા રહ્યા. રાત વીતવા લાગી.

પ્રકરણ 39

રાત સલામત રીતે વિતી ગઈ. વહેલી સવાર અહીં ખૂબ વહેલી પડે છે. નીરજાને અને વ્યોમાને તે ખબર હતી. જંગલના સૂર્યોદયને જોવાનું સપનું લઈ સૂઈ ગયેલા. એટલે જ રાત પૂરી થાય તે પહેલાં તેઓ જાગી ગયા. આંખોમાં રાત ક્યાંય નહોતી. ટેન્ટ બહાર હજુ પણ રાત જાગતી હતી. તે સુવાનું નામ નહોતી લેતી. રાતભર જાગતી રહેતી રાત.

બંને ટેન્ટ બહાર આવી ગયા. જામેલી રાત ઢીલી પડે અને સવાર પડતાં જ નાસી જાય તે જોવા પ્રતિક્ષા કરવા લાગ્યા.

વરસાદ રહી ગયો હતો. કદાચ ક્યારનો ય રહી ગયો હશે. એકાદ કલાક પહેલાં, બે કલાક પહેલાં? ખબર નહોતી, એ બંનેને. પણ વરસાદના ચિન્હો હજુય તાજા હતા. તેના વરસી ગયાનો, વિતી ગયાનો પડછાયો ચારે તરફ ડોકાતો હતો.

"જંગલની સવાર કેવી હોય?" નીરજાએ વ્યોમાને પૂછ્યું.

"હા, હા..હા…." વ્યોમા ખડખડાટ હસી પડી. તેના હસવાથી જંગલની તંદ્રા તૂટી. હાસ્યના પડઘા ફેલાઈ ગયા શાંત જંગલમાં. સૂતેલું જંગલ એક પડખું ફરી ગયું. પડખું ફરીને ફરીથી સૂઈ ગયું. નીરજાને જંગલની શાંતિ ભંગ થઈ તે ના ગમ્યું.

તેણે ઠપકો આપતી આંખોથી વ્યોમા સામે જોયું અને હોથો પર આંગળી મૂકી કહ્યું, "શી…સ.સ.સ…."

વ્યોમાએ પહેલી વાર નીરજાની આંખોમાં આવા ભાવ જોયા. તે ચોંકી ગઈ. વ્યોમાના ચહેરા પરના ભાવો નીરજા સમજી ગઈ. તેણે તરત જ સ્મિત આપ્યું. વ્યોમાના ભાવો શાંત થઈ ગયા.

"વ્યોમા, તું કેમ હસવા લાગી, મારી વાત પર? મેં તો બસ એટલું જ પૂછ્યું હતું કે જંગલની સવાર કેવી હોય."

"તું ય કમાલ કરે છે નીરજા. તું જંગલની સવારની વાત મને પૂછે છે? અરે મેં તો સવાર પણ ખાસ ક્યાં જોઈ છે? અને એ પણ જંગલની? જંગલમાં હજુ તો આ બીજી જ સવાર છે. પહેલી સવાર તો આપણાં જાગતા પહેલાં જ વિતી ગઈ હતી. અને આજની બીજી સવાર તો હજુ ઊગી પણ નથી…." વ્યોમા માત્ર સ્મિત આપતી રહી.

"તો? તો શું થયું? મારો પ્રશ્ન…"

નીરજા પૂરું બોલે તે પહેલાં જ વ્યોમા બોલી ઉઠી, "નીરજા, જંગલની સવાર જોવાની હજુ બાકી છે. જેને જોઈ જ નથી તે કેવી હોય તે કેમ ખબર પડે? તું પણ સાવ નાદાન છે. કેવા કેવા સવાલો કરે છે?"

"ઓહો, વ્યોમા. એ તો હું ભૂલી જ ગઇ."

"ઠીક છે. તો ચાલ આજે એ સવારને પણ જોઈ લઈએ."

કેડીની ડાબી બાજુએ ખુલ્લી જગ્યા પર ટેન્ટ બાંધેલ હતો. તે દિશા પૂર્વ તરફ હતી.

"ટેન્ટની પાછળના ભાગે પૂર્વ દિશામાં ગીચ ઝાડી છે. તેની પાછળથી કદાચ સુરજ ઊગે, તો પણ જોઈ નહીં શકાય." નીર જાએ પૂર્વ દિશાનું અવલોકન કર્યું.

"કોઈ વાંધો નહીં. આ આખું જંગલ આપણું જ છે. કોઈ બીજી જગ્યા તપાસી લઈએ." વ્યોમાએ હકારમાં માથું હલાવ્યું. તે આસપાસ નજર કરવા લાગી. તેની નજરે થોડે દૂર એક ઊંચાઈ વાળી જગ્યા પકડી પાડી.

"નીરજા, પેલી દૂર દેખાય છે તે ટેકરી જેવી જગ્યા કેવી રહેશે?"

"લાગે છે કે તે જ શ્રેષ્ઠ જગ્યા છે આપણાં માટે." નીરજાએ પણ નજરથી ખાત્રી કરી લીધી.

તેઓબંને તે ટેકરી પર ચડી ગયા. ઠંડી હવાનો પ્રવાહ વહેતો હતો અહીં. તેમાં સ્નાન કરવા લાગ્યા.

"કેટલી ઠંડી છે આ હવા?" વ્યોમા ઠંડીથી થોડી કંપી ગઈ.

"બસ, થોડી જ વારમાં આ ઠંડી હવાથી પણ ટેવાઇ જવાશે." નીરજાએ વ્યોમાનો હાથ પકડી ઉષ્મા વહાવી દીધી. વ્યોમાને સારું લાગ્યું.

"ચાલ, હવે આ આકાશને, જંગલને, તેની ઉગનારી સવારને, નહીં ઉગેલા સુરજને, વાદળોને... "

"મૌન બનીને જોઈ લઈએ, એમ જ ને?"

બન્ને હસી પડ્યા. મૌન થઈ ગયા. પોત પોતાના જંગલને, ઘર આપી દીધું આંખ, મન અને હ્રદયમાં.

તેઓની આંખો જોવા લાગી જંગલની એક સવાર. પહેલી સવાર.

આકાશ લઈને આવે છે સવાર. એટલે તો તેઓ જોઈ રહ્યા છે આકાશને. તે હજુ પણ કાળું જ છે. કોઈ પણ દિશામાં કોઈ પ્રકાશના અંશો પણ નથી. દૂર દૂર ક્ષિતિજ સુધી વ્યાપી ગયું છે અંધારું. જાણે સમગ્ર જંગલ પર તેનું સામ્રાજ્ય ના હોય.

દરેક સામ્રાજ્યમાં કોઈને કોઈ બળવાખોર હોય જ છે. ઇતિહાસ પણ સાક્ષી છે. જંગલના અંધારાના સામ્રાજ્યમાં પણ એક બળવાખોર છે. લોકો તેને ચંદ્ર તરીકે ઓળખે છે. અંધકારના સામ્રાજયને તેણે ખુલ્લો પડકાર ફેંકેલો છે. તે એકલો લડે છે, અમાનુષી અંધકારના સામ્રાજ્ય સામે. કોઈ કોઈ તારલા તેની સેનામાં જરૂર છે, પણ લડાઈ તો તે એકલો જ લડી રહ્યો છે. તે જાણે છે કે સૂરજ ઊગશે એટલે અંધકારના રાજ્યનું પતન નિશ્ચિત છે. પણ તે સૂરજના ઉગવાની રાહ જોઈ બેસી નથી રહેતો. તે તો પોતાની સતત વધ-ઘટ થતી શક્તિ વડે રોજ રોજ લડ્યા કરે છે. તેને એક પળ પણ અંધકારની ગુલામી પસંદ નથી.

પશ્ચિમ આકાશમાં તે ચંદ્ર પોતાનું અજવાળું ફેલાવવા સંઘર્ષ કરી રહ્યો છે. અજવાળી રાતનો પાછલો ચંદ્રમા. વાદળો જાણે અંધકારના સૈનિકો હોય તેમ સતત ચંદ્ર પર હુમલો કરી રહ્યા છે. પણ, ચંદ્ર પણ ચાલાક યોધ્ધો છે. ગમે તેમ કરીને વાદળોના હુમલાઓ ખાળી નાંખે છે. તેના વારથી બચીને છટકી જાય છે. કેટકેટલા વાદળો લગાડી દીધા છે અંધ રાજાએ, ચંદ્રને હરાવવા.

પણ, ચંદ્ર તેને હાથ નથી લાગતો. રાજાનું ફરમાન છે, કે ચંદ્રને જીવતો પકડી લાવવો. તેને જાળમાં કેદ કરી લાવવો. પણ ... બધી જાળ તેને કેદ કરવામાં નિષ્ફળ રહી છે.

બધા વાદળો ધરાશાયી થઈ ગયા. ચંદ્ર મુક્ત વિહરી રહ્યો છે આકાશમાં. તેની બાજુમાં એક તારો છે. તેને બિલકુલ અડીને તે ઊભો છે. વિજેતા ચંદ્રને આલિંગન આપી ઊભેલી કોઈ વીરાંગના જેવો એ તારો.

બંનેનું મિલન અને આલિંગન અંધ રાજાથી સહન ના થયું. તે સમસમી ગયો. તેણે એક ખૂબ જ મોટું વાદળ મોકલી આપ્યું. ચંદ્ર અને તેની પ્રેમિકા જેવો તારો, કેદ થઈ ગયા. બન્ને કેદીઓને લઈને વાદળ ગુમાનભેર રાજા પાસે જવા લાગ્યું.

નીરજા અને વ્યોમાને આ લડાઈ જોવી ગમી.

"બળવાખોરને આખરે કેદ કરી જ લીધો." નીરજાએ એક ઊંડો શ્વાસ લીધો.

"પણ બળવો તો ચંદ્ર કરે છે. તો પછી તારાને કેમ પકડી ગયા? તેણે..."

"વ્યોમા, તેઓ ચંદ્રના સાથીદાર છે. માટે તેને પણ...."

"બસ ફિલ્મ પૂરી..." વ્યોમાએ નિરાશા વ્યક્ત કરી.

"તો શું થયું? આ જંગલમાં ઘણું ય જોવાનું બાકી છે."

હજુ સ્થિર હતું આકાશ, આકાશની બધી દિશાઓ. કોઈ ચહલ પહલ નહીં. કોઈ હલન ચલન નહીં. એક માત્ર હવા તેના હોવાનો અહેસાસ આપતી હતી. જો કોઈ ધબકતું હતું તો તે હતા- નીરજા, વ્યોમા અને હવા. બાકી બધું જ શાંત. બધું જ સ્થિર.

કેટલોય સમય શાંત પસાર થઇ ગયો.

દૂર કોઈ ડાળીમાં જરા સળવળાટ થયો. તેનો અવાજ સાંભળી જંગલમાં ખળભળાટ થયો. બીજી કોઈ ડાળીમાં પણ સળવળાટ થયો. પછી ત્રીજી, ચોથી.... એમ એક પછી એક ડાળીઓમાં સળવળાટ થવા લાગ્યો. જાણે જંગલનું એક એક અંગ, આળસ મરડી જાગવાની કોશિષ કરતું હોય.

વિસ્મય ભરેલી ચાર આંખો શું થઈ રહ્યું છે તે જાણવા કોશિશ કરતી રહી.

ડાળીઓમાંથી એક અવાજ આવ્યો. ઝીણો અવાજ.

"કોઈ પ્રાણીનો અવાજ છે?"

"કદાચ ઝાડી વચ્ચે ફસાઈ ગયું હશે."

બીજી.. ત્રીજી .. ચોથી ઝાડી પરથી પણ અવાજો આવવા લાગ્યા. ચારે દિશામાંથી અવાજ આવવા લાગ્યા. હવે તે અવાજ સ્પષ્ટ થતાં ગયા.

"નીરજા, આ તો પંખીઓનો અવાજ છે."

"કેવો મધુર લાગે છે."

"આટલા બધા પંખીઓ અહીં રહે છે, એની તો ખબર જ નહોતી. અજવાળું થતાં જ તે બધા પંખીઓ દેખાશે."

"કેવા કેવા હશે એ પંખીઓ. નાના-મોટા, રંગબેરંગી, ઉડતા, દોડતા, કિકિયારી કરતાં, ચણતા, પાંખો ફફડાવતા..."

"ચાંચમાં ચાંચ નાખી પ્રેમ કરતાં હશે. હાઉ રોમાંટિક !"

"તને પંખીઓની ભાષા સમજાય છે?" નીરજાએ વ્યોમાના ખભા પર પાછળથી હાથ મૂક્યો.

"ના. તને સમજાય છે?" વ્યોમાએ પાછળ ફર્યા વિના જ જવાબ આપ્યો.

નીરજા કશું જ ના બોલી, માત્ર વ્યોમાના ખભાને હળવે હાથે દબાવ્યો. વ્યોમા હજુ પણ ડાળીઓ તરફ જોઈ રહી હતી.

"શું જુએ છે, વ્યોમા? શેની પ્રતિક્ષા કરે છે, તારી આ આંખો?" નીરજાએ તેનું ધ્યાન ભંગ કર્યું.

"આ ડાળીઓમાંથી કોઈ પંખી ઉડીને બહાર આવે તેની પ્રતિક્ષા કરૂ છું."

"કોઈ નહીં, બધા પંખીઓ કહે. મારે કોઈ એકાદ નહીં, બધા જ પંખીઓ જોવા છે."

"હા. એ બધા જ બહાર આવશે, પણ સવાર પડે પછી જ. રાતનું અંધારું વિતી જાય પછી. તેઓ પણ આપણી જેમ જ પ્રતિક્ષા કરી રહ્યા છે, સૂર્યના ઉગવાની."

"હેં ? અરે હા, હા... હું તો ભૂલી જ ગઈ, કે અહીં આપણે સૂર્યોદયની પ્રતિક્ષામાં છીએ."

ફરી આકાશ તરફ નજર કરી. હજુ સૂર્ય ઊગ્યો નહોતો. પરોઢ પણ નહોતું થયું. પણ અંધારું થોડું નબળું પડ્યું હતું. તેની સત્તાના પાયા હલવા લાગ્યા હતા.

અપારદર્શક અંધારું હવે પારદર્શક બની રહ્યું હતું. ધીરે ધીરે અંધારાની પેલે પાર પણ કશુંક નજરે ચડી રહ્યું હતું. આકાશ રંગ બદલતું હતું. ઘોર કાળા રંગને બદલે હવે, તે આછું કાળું થઈ ગયું. કદાચ ગ્રે પણ હોય. કાળાશમાં ધીરે ધીરે સફેદી ઘોળાઈ રહી હતી. અંધારના સૈનિકો જેવા કાળા વાદળો, ચંદ્રને કેદમુક્ત કરી ભાગવા લાગ્યા. ચાંદની ફરી ઉજાસ ફેલાવવા લાગી.

અધૂરો અંધકાર, અધૂરો ઉજાસ અને અધૂરી ચાંદની. ત્રણેયનું મિશ્રણ આકાશમાં એવા એવા રંગો ઢોળી રહ્યું હતું, કે જેને નામ આપવાનું માણસ જાત ભૂલી ગયો છે.

હજુ સુરજ ઊગ્યો નહોતો. પણ પશ્ચિમ આકાશમાં રંગો બદલાતા હતા. વાદળો પર કોઈ રંગ છાંટી ગયું હશે નહીંતર રાતભર કાળાશ ઓઢીને ફરતા વાદળો, હવે ગુલાબી કેમ થતા જાય ! લાલ, ગુલાબી અને નારંગી રંગોના પિછાઓ કોઈએ ફેરવી દીધા, આકાશ પર, વાદળો પર. આકાશમાં અનેક આકૃતિઓ સર્જાવા લાગી.

પૂર્વના આકાશમાં અંધારું, આવનારા સૂર્યની સામે અસ્તિત્વ ટકાવી રાખવા લડી રહ્યું હતું. તો પશ્ચિમ આકાશમાં જાણે ઉત્સવ હોય તેમ આકાશ રંગબેરંગી ખીલ્યું હતું. ચંદ્ર પણ હવે ઢળવા લાગ્યો હતો. તો વાદળો હવે પાટલી બદલી રહ્યા હતા. આકાશમાં સત્તા પરિવર્તન થઈ રહ્યું હતું. પેલી તરફ પંખીઓ પાંખો ફફડાવતા હતા. ગીત ગાતા હતા. કલરવ કરતાં હતા. સૂઈ રહેલું જંગલ પણ હવે જાગી ગયું હતું. આળસ મરડી રહ્યું હતું. કોઈ યૌવનાના મરોડદાર અંગોની જેમ અંગડાઇ લઈ રહ્યું હતું. ભીની માટી, સુગંધ ફેલાવી ધ્યાન ખેંચતી હતી. લીલા પર્ણો અને તેને અડીને ઉગેલા પુષ્પો કોઈ રંગોળી રચી રહ્યા હતા.

એક સાથે નજર સામે અનેક ઘટનાઓ ઘટી રહી હતી. નીરજા અને વ્યોમા મૂંઝાઇ ગયા.

"કોઈ એક ઊગતી સવારમાં આટલું બધું એક સાથે બની રહે, એ વાત કેટલી અદભૂત છે, પણ . …" વ્યોમાએ દ્વિધા રજૂ કરવા પ્રયાસ કર્યો.

"પણ તેમાંથી કઈ ઘટના જોવી અને બાકી બધીને છોડી દેવી, એ નક્કી નથી થઈ શકતું." નીરજાએ વ્યોમાની દ્વિધાને સમર્થન આપ્યું.

"તેં કદી ચંદ્રને અસ્ત થતાં જોયો છે? ચંદ્રાસ્તને અનુભવ્યો છે?" વ્યોમાએ વાત બદલી નાંખી.

"ચંદ્રાસ્ત? વ્યોમા આ શબ્દ તને ક્યાંથી સૂઝયો?"

"એ છોડ પછી ચર્ચા કરીશું. હાલ તો ચંદ્રાસ્તને માણી લઈએ." વ્યોમાએ ડૂબતાં ચંદ્રને જોવા પશ્ચિમના આકાશમાં દ્રષ્ટિ કરી.

"હમેંશા સૂર્યાસ્તને જોવાની આદત છે, અને ચંદ્રોદયને જોવાની મજા આવે છે. પણ ચંદ્રાસ્ત પહેલી વાર જોવા મળ્યો." નીરજા પણ હવે તે તરફ જોઈ રહી હતી.

કોઈ જાતની ધમાલ વિના જ, કોઈ રંગ બદલ્યા વિના જ, ચંદ્ર અસ્ત પામી રહ્યો હતો. ક્યાંય ક્ષિતિજમાં કુદયા વિના જ પોતાના અસ્તિત્વમાંથી રાજીનામું આપી રહ્યો હતો. કોઈ સંત મૃત્યુ શૈયા પર રહી પોતાના દેહને શાંત ચિત્તે છોડી રહ્યો હોય તેમ, તે વિલીન થઈ રહ્યો હતો. કોઈ ત્રાગું નહોતો કરતો. બે ક્ષણ વધુ જીવી લેવાની કોઈ જિજીવિષા પણ નહીં. કોઈ તરફડાટ નહીં. બસ સાવ સહજ વિદાય લઈ ગયો, ચંદ્ર.

ચંદ્રના અસ્ત પછી દિશાઓએ રૂપ રંગ બદલી નાંખ્યા હતા. સૂર્યના આગમનના એંધાણ થવા લાગ્યા. નીરજા અને વ્યોમા પૂર્વમાં ક્ષિતિજ તરફ મીટ માંડી રહ્યા. પૂર્વમાં સૂર્ય ઉગતાં પહેલાંનું અજવાળું આવી ગયું હતું. ગીચ ઝાડીઓને પેલે પાર સૂર્ય લાલચોળ થઈ, વાદળોને ધક્કા મારી, આકાશમાં ઘૂસવા માંડ્યો. ઉંમરમાં તો બાળક લાગતો હતો, પણ કદમાં ખૂબ મોટો સૂર્ય, ધીરે ધીરે દેખાવા લાગ્યો. સૂર્ય ઊગ્યો તો પૂર્વથી, પણ તેના રંગો બધી દિશામાં ફેલાઈ ગયા.

સૂર્યનું અજવાળું થતાં જ ટેકરી પરથી આખું જંગલ સ્પષ્ટ દેખાવા લાગ્યું. નજર પડે ત્યાં સુધી લીલા વૃક્ષો, પાંદડાઓ અને ભીની માટી. ઊંચાઈ પરથી જોવાની મજા પડી ગઈ. કેટલું સુંદર છે આ જંગલ !

"નીરજા, જો ત્યાં થોડે દૂર કોઈ ઝરણું વહેતું હોય એવું લાગે છે."

નીરજાએ ત્યાં નજર કરી, "વાહ. ઝરણું જ છે. લાગે છે અડધો કિમી જેટલું દૂર હશે. ચાલ ત્યાં જઈએ."

"મને તો ઝરણાંમાં સ્નાન કરવાનું મન થયું છે."

"મને પણ. શિલોંગની હોટેલ છોડી એ પછી સ્નાન જ ક્યાં કર્યું છે? ભૂખ પણ લાગી છે." નીરજાએ સહમતી વ્યક્ત કરી.

"તો નાસ્તો સાથે લઈ લે. ત્યાં નાસ્તો પણ કરીશું અને સ્નાન પણ કરીશું. ચાલ, ટેન્ટ પરથી એ બધું લઈને નીકળી પડીએ."

ટેન્ટ પર જઇ જરૂરી સામાન અને નાસ્તો લઈ ટેન્ટ બરાબર બંધ કરી ચાલવા લાગ્યા, ઝરણાં તરફ. તે પશ્ચિમ દિશા તરફ હતું. ટેન્ટ ક્રોસ કરી કેડી પાર કરી, ઝરણાં તરફ જવાતું હતું. રસ્તામાં થોડી ઝાડી હતી. તેની બાજુમાંથી થઈને નીકળતો કાચો રસ્તો ઝરણાં સુધી લઈ જતો હતો.

પ્રકરણ 40

ઝાડીઓમાંથી પંખીઓનો કલબલાટ સંભળાતો હતો. કાચા રસ્તા પર પણ ઘણા બધા પંખીઓ હતા. બધા જ ચંચળ હતા. એક ક્ષણ પણ જંપીને બેસતા નહોતા. "આ કેવા નિર્ભય અને મુક્ત રૂપે ફરે છે, રમે છે, દોડે છે કે ઊડે છે. આપણાં જવાથી તેઓ કદાચ ઊડી જાય." નીરજાએ ત્યાં જ ઊભા રહી જવા ઈશારો કર્યો. પંખીઓને જોઈને બંને અટકી ગયા.

થોડી વાર સુધી તેઓ તેને જોતાં રહ્યા. તેઓની દરેક પ્રવૃતિનું અવલોકન કરવા લાગ્યા.

તેઓ જમીન પરથી ચાંચમા કશુંક લઈ, ઝાડ પર ઊડી જતા હતા. ફરી નીચે આવતા હતા, ફરી ઉપર જતાં હતા. તેઓની ચાંચ મોટી હતી. પાંખો વાદળી રંગની હતી. પગ પીળાશ પડતાં હતા. પગનો પંજો ગાઢ લાલ રંગનો હતો.

કદ 7 થી 8 ઇંચનું હશે. બંધ પાંખમાં પહોળાઈ 4 ઇંચ હશે. પણ પાંખ ફેલાવે ત્યારે તે બીજા 6-7 ઇંચ જેટલું પહોળું થઈ જતું હતું. વજન ત્રણેક કિલો લાગતું હતું.

તેના ઊડવાની અદા પણ સુંદર હતી. પહેલાં પાંખોને ફફડાવતા હતા. પછી ખોલી નાંખતા હતા. ખૂલી પાંખોને જમીન તરફ થોડી નમાવીને, પગથી ઝટકો આપી ઉડવા લાગતા. ઊડતી વખતે બંને પાંખો બિલકુલ સીધી રહેતી હતી. પૂરેપુરી ખૂલી જતી હતી. શરીર જમીન સાથે 45 ડિગ્રીના ખૂણે રહેતું હતું. જે ડાબી તરફ નમેલું રહેતું હતું. તે ઉડતું હતું ત્યારે લાગતું હતું કે તે સહજ ઊડી રહ્યું છે. કોઈ પ્રયાસ વિના જ.

જમીનથી ઉપર 20-25 ફૂટ સુધી ઉડતું હતું. પછી ઝાડની ડાળી પર જઇ બેસી જતું હતું. ત્યાં જઈને કોઈ અવાજ કરતું હતું. જમીન પરથી કશુંક લાવ્યાની ખુશી વ્યક્ત કરતું હશે ? તેનો અવાજ સાંભળી બીજા પણ પ્રતિભાવ આપતા હોય તેમ જવાબમાં એવો જ કોઈ અવાજ કરતાં હતા. આવા અસંખ્ય પંખીઓ હતા.

"આ બધા મળીને કેટલી સંખ્યા હશે, વ્યોમા?"

વ્યોમા પંખીઓને ગણવા લાગી. ગણી ના શકી. "કદાચ 200 થી વધુ હશે." વ્યોમાએ તુક્કો લગાવ્યો.

નીરજા હસી પડી, "200 હોય કે 300 કે વધુ. શું ફરક પડે?"

"આ પંખીઓ જોડે રમવાનું મન થાય છે. પણ ડર લાગે છે કે … "

"મને લાગે છે કે તેઓ સાથે રમી શકાશે. તેઓ ઊડી નહીં જાય."

"નીરજા, કેમ એવું લાગે છે? મને તો લાગે છે કે તે તરત જ ઊડી જશે, અને પછી આપણે તેઓની આ ક્રીડા જોઈ રહ્યા છીએ, તે પણ જોવા નહીં મળે. માટે જો તેઓની રમતનો આનંદ લેવો હોય તો, અહીં ઊભા ઊભા જ લેવો જોઈએ." વ્યોમા તેઓને ડરીને ઊડી જવા દેવા નહોતી માંગતી.

નીરજા પણ એમ જ ઇચ્છતી હતી. પણ તેઓ જોડે રમવાની મનષા પણ રોકી નહોતી શકતી. પણ ઉપાય નહોતો. બસ પ્રતિક્ષા જ કરતી રહી. વ્યોમા પણ સાથે જ ઊભી રહી.

પંખીઓ નિરાંતે પોતાની રમત રમી રહ્યા હતા. નીચે આવતા હતા. ઊડી જતાં હતા. પાંખો ફફડાવતા હતા. અવાજો કરતાં હતા. એકબીજા સાથે દોડાદોડી કરતાં હતા. ક્યાંક ચાંચમાં ચાંચ ભરાવી પ્રેમ કરતાં હતા. ક્યાંક તે જ ચાંચ વડે લડાઈ પણ કરતાં હતા.

પંખીઓ જે ઝાડ પર ઊડી જતાં હતા તે ઝાડ વિશાળ હતું. તેની મુખ્ય ડાળીઓ મોટી, જાડી અને લાંબી હતી. તેના પર બેસીને કોઈ પુસ્તક વાંચી શકાય એટલી પહોળી હતી. નાની નાની ડાળીઓ પણ મજબૂત હતી, ભરાવદાર હતી. વૃક્ષ ખૂબ ઘટાદાર હતું. તેની નીચે પંખીઓની એક વસ્તી, વસતી હતી. ઉછરતી હતી. જીવંત હતી. ધબકતી હતી. ખૂબ સલામતી અનુભવતી હતી.

તે વૃક્ષની એક ડાળ અચાનક તૂટી પડી. નીચે રમતા પંખીઓ બધા ભય પામી ઊડી ગયા. પણ બે ત્રણ પંખી ઊડી ના શક્યા. તેઓ તે ડાળી નીચે દબાઈ ગયા. ઘવાઈ ગયા. બીજા બધા પંખીઓએ કોલાહલ મચાવી દીધો. ચિચિયારીઓ પાડવા લાગ્યા.

કદાચ રુદન કરી રહ્યા હશે. પણ તેઓની બોલીમાં વેદના હતી એ સ્પષ્ટ હતું.

નીરજા અને વ્યોમા દોડી ગયા ઘાયલ પંખીઓ પાસે. ડાળી હટાવી ઘાયલ પંખીઓને બહાર કાઢ્યા. ત્રણેય પંખીઓ હજુ જીવંત હતા. થોડા ઘાયલ જ થયા હતા.

"વ્યોમા, થોડું પાણી તેઓના શરીર પર છાંટજે." વ્યોમા સાથે લાવેલ બોટલમાંથી પાણી છાંટવા લાગી. નીરજા તેઓના શરીર પર હળવા હાથે સફાઈ કરવા લાગી. ઘાવ સાફ કરી નાંખ્યા. બન્ને તેઓના શરીર પર સ્નેહ પૂર્વક હાથ ફેરવતા રહ્યા, હુંફ પ્રસરાવતા રહ્યા. ઘાયલ પંખીઓની આંખમાં આશા જાગી ગઈ. નીરજા અને વ્યોમા તરફ નિર્ભય થઈ જોઈ રહ્યા. તેઓમાં તેઓને મિત્રતા દેખાવા લાગી.

એકાદ પંખીએ કોઈ અવાજ કર્યો. તેનો અવાજ સાંભળી બીજા બધા પંખીઓનો કોલાહલ શાંત થવા લાગ્યો. થોડી વાર પહેલાં રુદન જેવો લાગતો અવાજ, ફરી મધૂરો થઈ ગયો. બે ચાર પંખીઓ નીચે ઉતરી આવ્યા. ધીરે ધીરે નજીક આવી ગયા. ખૂબ પાસે આવી ચાલવા લાગ્યા. તેઓએ નીરજા અને વ્યોમાના અસ્તિત્વને સ્વીકારી લીધું હતું.

નીરજાએ સાથે રાખેલ નાસ્તામાંથી પંખીઓને થોડું ચણવા આપ્યું. તેઓ તેને ખાવા લાગ્યા. તેઓને જોઈ બીજા બધા પણ નીચે આવી ગયા. નીરજા અને વ્યોમાએ તેઓને પણ નાસ્તો આપ્યો. લગભગ બધા જ પંખીઓ નીચે આવી ગયા. બંનેની ચારે બાજુ બસ પંખીઓ જ પંખીઓ હતા. બન્ને તેનાથી ઘેરાઈ ગયા.

નીરજાએ એક પંખીની તરફ હાથ લંબાવ્યો. તે નીરજાની હથેળી પર ચાંચ ફેરવવા લાગ્યું. વ્યોમા તેને ધ્યાનથી જોવા લાગી. પંખી જમણી હથેળી પર બેસી ગયું. નીરજાની હથેળીમાં કોઈ પ્રવાહ વહી ગયો. તેની હથેળી ધ્રુજી ગઈ. પણ તે તરત જ સ્વસ્થ થઈ ગઈ. કોઈ પંખી પહેલી વાર તેની હથેળી પર બેઠું હતું. એક અનેરો, અનોખો અને અજાણ્યો રોમાંચ તેનામાં વહેવા લાગ્યો.

વ્યોમાએ પણ બીજા પંખીને હથેળી ધરી. તેની હથેળી પર પણ તે બેસી ગયું. વ્યોમાએ પણ એવો જ રોમાંચ અનુભવ્યો.

બન્ને ખિલખિલાટ હસવા લાગી. ખૂબ રોમાંચિત થવા લાગી. આનંદનો પ્રવાહ નસેનસમાં વહેવા લાગ્યો.

હથેળી પરથી પંખી નીરજાની આંખમાં જોવા લાગ્યું. નીરજાએ તેની આંખોને પ્રેમ ભર્યો સંદેશ આપ્યો. તેણે તે ઝીલ્યો, વાંચ્યો. હથેળી પરથી ઉડીને ડાબા ખભા પર બેસી ગયું. વ્યોમાની સાથે પણ એવું જ થઈ રહ્યું હતું. તેના જમણા ખભા પર બેસી ગયું હતું પંખી.

પંખીની પાંખ કાનને સ્પર્શી રહી હતી. રોમાંચિત થઈ ગયા, વ્યોમા અને નીરજા. મજા પડી રહી હતી, નીરજાને, વ્યોમાને અને પંખીઓને. વ્યોમા અને નીરજા જાણે પંખી બની ગયા. તેઓ સાથે બન્ને ખૂબ હળી ગયા, મળી ગયા.

તેઓએ બધા પંખી જોડે રમત રમી. ખૂબ મજા કરી. પંખીઓને પણ મજા પડી ગઈ. નવા દોસ્તોનો તેઓએ સ્વીકાર કર્યો.
"નીરજા, કેવો અદભૂત છે આ અનુભવ ! મન થાય છે કે અહીં જ રોકાઈ જઈએ, જીવનભર. આ જંગલની નાગરિકતા માટે અરજી કરી દઈએ. તારો શું વિચાર છે?"

"મારો તો વિચાર છે, ઝરણાંમાં જઇ સ્નાન કરવાનો. અને પછી ત્યાં જ ઝરણાં પાસે બેસીને નાસ્તો કરવાનો. તું તારે બેસી રહે અહીં, જીવનભર. હું તો આ ચાલી." નીરજા ઝરણાં તરફ ચાલવા લાગી. વ્યોમા પણ તેની પાછળ દોડી ગઈ. ઝરણાં પાસે પહોંચી ગઈ.

ઝરણાં પાસેની માટી પોચી હતી. પણ ત્યાં પથ્થરો પણ હતા. પથ્થર પર પગ રાખી ઝરણાં સુધી જવાતું હતું. બન્ને ત્યાં પહોંચી ગયા. ઝરણું સતત વહી રહ્યું હતું. તેનું પાણી ખૂબ ચોખ્ખું હતું. તે એટલું બધું ચોખ્ખું હતું કે કાચ જેવુ લાગતું હતું. જાણે પાણી બનીને વહેતો કાચ, કે કાચ બનીને વહેતું પાણી ! નીરજાએ ઝરણાંની બન્ને તરફ નજર કરી. જ્યાં સુધી નજર પહોંચતી હતી ત્યાં સુધી બન્ને તરફ ઝરણું દેખાતું હતું. ખૂબ દૂર સુધી વિસ્તરેલું હતું. પાણીનો પ્રવાહ દક્ષિણ દિશાથી આવતો હતો અને ઉત્તર તરફ વહેતો હતો.

નીરજા અને વ્યોમા જ્યાં ઊભા હતા ત્યાં ઝરણું, ડાબી બાજુએથી આવીને જમણી બાજુ વહી જતું હતું.

“વ્યોમા, આ ઝરણું જ્યાંથી આવે છે તે દક્ષિણ દિશા છે. એટલે તેનું ઉદગમ સ્થાન દક્ષિણમાં છે.”

“નીરજા, આપણે પણ દક્ષિણ દિશા તરફ તો ચાલી રહ્યા છીએ.”

“એનો અર્થ એ છે, કે આ ઝરણું નોહ કલિકાઇ ધોધમાંથી જ નીકળી રહયું હશે.”

“બિલકુલ બરાબર છે તારું અનુમાન.” વ્યોમાએ ડાબી બાજુએ નજર કરી. પાણીનો પ્રવાહ તે દિશાએથી વહેતો વહેતો આવી રહ્યો હતો.

ઝરણું વહેતા વહેતા, ધ્વનિ ઉત્પન્ન કરતું હતું. તેના અવાજમાં એક લય હતો. એક સંગીત હતું. મધુરતા હતી. મોહકતા હતી. તે કાનને મોહિત કરતું હતું. તેના અવાજમાં આકર્ષણ હતું. નીરજા તેને સાંભળવા લાગી. તેના સંગીતમાં તે કોઈ રાગ, કોઈ તાલ, કોઈ લય શોધવા લાગી. તેના સંગીતમાં તે ખોવાઈ ગઈ. આંખ બંધ કરી, મૌન બની ઊભી રહી ગઈ.

વ્યોમાએ નીચા નમી, વહેતા ઝરણાંની અંદર હાથ બોળ્યો. પાણી ખૂબ ઠંડુ હતું. પાણી એક નિયમિત ગતિથી વહેતું હતું. પ્રવાહની ગતિ મંદ હતી. ઝરણાંનો પ્રવાહ વ્યોમાની આંગળીના ટેરવામાં થઈ આખા શરીરમાં ફરી વળ્યો. એક ઝણઝણાટી પ્રસરી ગઈ આખા શરીરમાં.

આખા શરીરે બળવો કર્યો. ‘માત્ર આંગળીના ટેરવાને જ સ્પર્શ નો અવસર મળે એવો અન્યાય, ના ચલાવી લેવાય. અમને પણ ઝરણાંના પ્રવાહનો સ્પર્શ કરવા દો.’ વ્યોમાના શરીરનું અંગે અંગ વિદ્રોહના મૂડમાં આવી ગયું. વ્યોમા શરીરના આંદોલનને સમજી ગઈ.

તેણે જૂતાં કાઢી નાંખ્યા. મોજા પણ દૂર કર્યા. દૂર એક પથ્થર પર મૂકી દીધા. નાસ્તાને પણ ત્યાં જ વિશ્રામ કરવા કહી દીધું. સાથે લાવેલ ટુવાલને પણ ત્યાં જ ટિંગાડી દીધો. ટી શર્ટ અને જીન્સ પહેરી રાખવા કે ઉતારી નાંખવા તેની દ્વિધામાં કેટલીક ક્ષણો વિતી ગઈ. તે નક્કી ના કરી શકી.

ખુલ્લા પગની પાનીને જંગલની ધરતીનો સ્પર્શ થયો. આ પહેલો જ સ્પર્શ હતો. જંગલમાં આવ્યા બાદ ક્યારેય પગમાંથી જૂતાં કાઢ્યા નહોતા. જંગલની માટીનો સ્પર્શ ગમ્યો. ખૂબ ઠંડી માટી હતી. ઠંડી એક લખલખું આપી ગઈ. સુરજ ઊગી તો ગયો હતો, પણ હજુ તેના પૂર્ણ તેજને ધરતી પર પહોંચાડી નહોતો શકતો.

ઠંડી માટીએ તેને નિર્ણય કરવામાં મદદ કરી. તે પહેરેલ કપડે જ સ્નાન કરવા ઝરણાં તરફ ચાલવા લાગી. દરેક ડગલે તેના પગને સ્પર્શતી જમીન, નવો અને અદભૂત રોમાંચ આપવા લાગી. તે સ્વીકારતી ગઈ. ઝરણાં પાસે આવી ગઈ. નીરજા હજુ પણ બંધ આંખે, વહેતા ઝરણાંના સંગીતની દુનિયામાં ખોવાયેલી હતી. વ્યોમાએ તેને ખલેલ ના પહોંચાડી.

તેણે ડાબો પગ પાણીમાં મૂક્યો. ઠંડી ઝણઝણાટી વ્યાપી ગઈ. તે ખૂબ તિવ્ર હતી. બીજો પગ પાણીમાં મુક્તા પહેલાં તે અટકી ગઈ, એકાદ ક્ષણ માટે. ઝણઝણાટીની અસર વિતી જવા દીધી. પગ હવે પાણીના તાપમાન સાથે તાલમેલ જમાવી રહ્યો હતો. એકાદ મિનિટનો સમય લાગ્યો હશે, ડાબા પગને પાણીના તાપમાન સાથે તાલ મિલાવતા.

તેણે જમણો પગ પણ પાણીમાં મૂકી દીધો. ધીરે ધીરે પાણીની અંદર ઉતરવા લાગી. પાણી ગોઠણ ઉપર આવી ગયું. તે વધુ આગળ વધવા લાગી. પાણીનો પ્રવાહ ખૂબ જ મંદ હતો, એટલે તણાઇ જવાનો ડર હતો જ નહીં. એટલે તે પાણીમાં વધુ અંદર જવા સાહસ કરવા લાગી. પાણી ધીરે ધીરે સાથળ પર થઈને કમર સુધી આવી ગયું. વહેતું પાણી કમરમાં ગલગલિયા કરવા લાગ્યું. જાણે કોઈના હાથનો મધુર સ્પર્શ ! તે હસી પડી. શરમાઇ ગઈ.

તે હજુ પણ અંદર ઉતરી રહી હતી. હવે પાણી ડૂંટી પર આવી ગયું. ઉપર ચડતું ગયું. છાતીને સ્પર્શવા લાગ્યું. ધીરે ધીરે છાતીને ઢાંકી દીધું. તે ત્યાં જ અટકી ગઈ. પાણી સાથે છાતીમાં ઘણું બધું પલળી ગયું. તે ઊંડા શ્વાસ લેવા લાગી. તેની છાતી જોર જોરથી ધબકવા લાગી. છાતીના ધક્કાથી પાણી ઉપર નીચે થવા લાગ્યું. બે પહાડ વચ્ચેની ખીણમાં ઝરણું વહેવા લાગ્યું. બંને પહાડ ધબકી રહ્યા હતા. જીવંત થઈ ઉઠ્યા. ડોલવા લાગ્યા.

વ્યોમા પાણીમય બની ગઈ. દૂર દૂર સુધી પાણીને જોતી રહી. પાણીમાં પોતાના અસ્તિત્વને એકરૂપ કરતી રહી. ઉપર ખુલ્લુ

આકાશ. ચારે તરફ લીલું, ગાઢ જંગલ. સાવ ખાલી જંગલ. કોઇની પણ ત્યાં હાજરી જ નહીં. સાવ એકલું જંગલ અને તે. એક તરફ પાણીનું જંગલ. બીજું આ લીલું જંગલ ! પાણીનું જંગલ અને લીલું જંગલ ! બંને જંગલમાં તે ખોવાઈ ગઈ.

નીરજાએ વહેતા ઝરણાંના રાગ અને લયને પારખી લીધા. મન ભરીને માણી લીધા. તેના એક એક ધ્વનિને અનુભવી લીધા. તેને લાગ્યું કે ઝરણું પણ વાંસળીના જ કોઈ સૂરો છેડી રહ્યું છે. વાંસળી? અરે, હા, મારે પણ વાંસળી વગાડી તેના સૂરોને સાથ આપવો જોઈએ. વાંસળી વગાડવાની તેને ઈચ્છા થઈ આવી. તિવ્ર ઈચ્છા થઈ ગઈ. તેણે જમણો હાથ વાંસળી લેવા કમર તરફ લંબાવ્યો. હાથ, ખાલી હાથે પાછો આવ્યો. તેણે કમર તરફ નજર કરી. વાંસળી ત્યાં નહોતી.

તે ઝડપથી પોતાના શરીરને તપાસવા લાગી. બેબાકળી બની વાંસળી શોધવા લાગી. વાંસળી ત્યાં પણ નહોતી. તેણે આસપાસ નજર કરી. વ્યોમા ક્યાંય નજરે ના ચડી. પથ્થર પર મૂકેલો નાસ્તો અને ટુવાલ તેની નજરે ચડી ગયા. તે ત્યાં દોડી ગઈ. વ્યોમા ત્યાં નહોતી. તે વાંસળી શોધવા લાગી. વાંસળી ત્યાં પણ નહોતી. વાંસળી ક્યાંય નહોતી.

નિરાશ થઈ ગઈ તે. ઝરણાંનો મધુર ધ્વનિ, વહેતા પાણીનો મનમોહક અવાજ, તે અવાજમાં વહેતું સંગીત, સંગીતમાં રહેલો તાલ, તાલબદ્ધ પ્રકટતો લય. આટલો સુંદર અવસર, અને વગાડવાની તિવ્ર ઈચ્છા ! બધું જ છે, પણ વાંસળી ક્યાં?

મન તો થયું કે દોડીને ટેન્ટ પર જઈ વાંસળી લઈ આવું. પણ, ત્યાં સુધીમાં ઝરણું તેનો તાલ અને રાગ બદલી નાંખે તો? કોઈ નવું ગીત ગાવા લાગે તો? અને તે ગીત ના ગમે તો? ગીત જ ગાવાનું બંધ કરી દે તો?

તેણે તે વિચાર પડતો મૂક્યો. અવસર ચૂકી જવાનો તેને અફસોસ થવા લાગ્યો. અઢળક વહેતા સ્વછંદ પાણી સામે પણ તે તરસી રહી ગઈ. વાંસળીની ધૂન વગાડવાની તરસ લઈને, તે પાણી તરફ જોવા લાગી. વ્યોમાને શોધવા લાગી.

વ્યોમા પાણીની અંદર ક્યાંય દૂર ઊભી હતી. તે તેની દુનિયામાં ખોવાયેલી હતી. તે નીરજાના અસ્તિત્વને ભૂલીને આનંદ લઈ રહી હતી. 'કેવી છે તું, વ્યોમા? મને ભૂલી ગઈ? એકલી જ સ્નાન કરવા લાગી?' તે મનોમન બોલી. 'તું પણ વ્યોમાને ભૂલીને તારા પોતાના અસ્તિત્વમાં ગુમ થઈ ગઈ હતી. તો પછી વ્યોમાનો શો વાંક?' તેના મનમાંથી જ જવાબ મળી ગયો. પોતાના જ વિચારો પર તે હસી પડી.

તે પાણી તરફ ચાલવા લાગી. પાણી પાસે પહોંચી ગઈ. એકદમ શાંતિથી તે પાણીમાં આગળ વધવા લાગી. જાણે બિલ્લિ પગે પાણીમાં ચાલતી હોય. તે વ્યોમાની ખૂબ જ નજીક પહોંચી ગઈ. વ્યોમા હજુ પણ તેના પોતાના અસ્તિત્વમાં ખોવાયેલી હતી. તેને પોતાના સિવાય કોઈનું અસ્તિત્વ હોય તેવું લાગતું નહોતું. નીરજાનું પણ નહીં.

નીરજા હવે વ્યોમાથી હાથ ફેલાવી પકડી શકાય તેટલી જ દૂર હતી. તેણે વ્યોમાના ખભા પર પાછળથી હાથ મૂક્યો. વ્યોમા ચોંકી ગઈ. કદાચ ડરી પણ ગઈ. નીરજા નક્કી ના કરી શકી.

વ્યોમાએ પાછળ ફરી નજર કરી. "નીરજા? તું? ઓહ… હું…"

"કેમ? ડરી ગઈ?" નીરજાએ તેનો હાથ પકડી ઉષ્માથી દબાવ્યો. વ્યોમાનો ડર ભાગી ગયો. તે કલ્પનાના જંગલમાંથી વાસ્તવિક જંગલમાં આવી ગઈ. નીરજા સાથે. ઝાડ સાથે. પાણી સાથે. હવા સાથે. ખુલ્લા અસિમ આકાશ સાથે.

વ્યોમાએ બંને હાથની હથેળી ભેગી કરી, ખોબામાં પાણી ભરી, નીરજા પર છાંટ્યું. પાણી ઉડીને નીરજાના વાળ પર જઇ ચડ્યું. લટો ભીંજાઇ ગઈ. કપાળ પર થઈ પાણી ભ્રમર, પાંપણ, આંખ, ગાલ, નાક, હોઠ પર થઈ ખભા પર વિખરાઈ ગયું. વાળ અર્ધ ભીના, અર્ધ કોરા રહી ગયા. વ્યોમા ખડખડાટ હસવા લાગી.

નીરજાએ પણ ખોબો ભરીને વ્યોમા પર પાણી ઉડાડયું. વ્યોમા પર પણ પાણીએ એ જ વર્તન કર્યું જે, તેણે નીરજા સાથે કર્યું હતું. તેના વાળ પણ ભીના - કોરા થઈ ગયા. નીરજા પણ હવે હસવા લાગી.

બન્નેનું મુક્ત હાસ્ય જંગલમાં રોકટોક વિના જ ફરવા લાગ્યું. જંગલના અણુઓમાં વ્યાપી ગયું.

સામ સામે પાણી ઉડાડતા રહ્યા. એક બીજાનો હાથ પકડી મસ્તી કરતાં રહ્યા. તો ક્યારેક હાથ છોડાવી દૂર જતાં રહેતા, એક

બીજાથી. એકબીજાને પકડવા દોડતા હતા.

વ્યોમા ત્રણ ચાર ફૂટ દૂર જતી રહી. નીરજા ત્યાં જ ઊભી રહી ગઈ. આ વખતે તે તેને પકડવા દોડી ના ગઈ. નીરજા તેના બન્ને હાથ પોતાના વાળ પર ફેરવવા લાગી. વાળ ભીના થઈ જ ગયા હતા. તેણે વાળ છોડી નાંખ્યા. ખુલ્લા વાળ તેના ખભા પર લહેરાઈ ગયા. તેના વાળ લાંબા હતા. જાડા હતા. પણ સુંવાળા હતા. નીરજા છાતી ડૂબે તેટલા ઊંડા પાણીમાં હતી. વાળની લંબાઈ છેક ડૂંટી સુધી જતી હતી. વાળ પાણીમાં તરવા લાગ્યા. કોઈ કાળું પંખી પાણી પર વહેતું હોય તેવું લાગ્યું.

ખુલ્લા વાળમાં ઊભેલી નીરજાને, વ્યોમા જોતી રહી. તેને લાગ્યું કે નીરજા કોઈ છોકરી નથી, પણ ઝરણાંમાંથી જન્મેલી જલપરી છે.

"તારું નામ શું છે, છોકરી?" વ્યોમાએ કોઈ અજાણી છોકરીને પહેલી વાર મળતી હોય તેમ નીરજાને સવાલ કર્યો.

"મારૂ નામ? હા ..હા,.. હા હા. …" નીરજા હસવા લાગી, "એ ય છોકરી, પહેલાં તું તારું નામ કહે, ને?"

"મારે કોઈ નામ છે? કદાચ નથી. હોય તો મને યાદ નથી. તને યાદ છે મારૂ નામ, હે છોકરી?" વ્યોમા પણ હસવા લાગી.

"તું વ્યોમા છે. વ્યોમા એટલે આકાશ. હા, વ્યોમા એટલે આકાશ, આભ, નભ, આસમાન. તું આકાશ છે. ઉપર જો. કેવું સુંદર આકાશ છે. કેટલું વિશાળ છે. અમાપ છે, અસિમ છે. ઊંડું છે. ગાઢ છે. તું પણ એવું જ કોઈ આકાશ છે."

"પણ, આકાશ તો પુરુષ છે. હું તો…."

"પૃથ્વી, જળ વાયુ, આકાશ અને અગ્નિ. એ પાંચ મહાભૂતો છે. તે લિંગભેદથી પર છે. તે ના તો સ્ત્રી છે, ના પુરુષ. તેને કોઈ શરીર નથી. તેને આકાર નથી. તે સર્વત્ર છે. સર્વવ્યાપી છે. તું પણ આકાશ છે. માત્ર આકાશ…" નીરજા આકાશમય બની ગઈ. વ્યોમા પણ. તેના હોઠો પર સ્મિત હતું. આંખમાં અસિમ આકાશ.

વ્યોમાએ ફરી નીરજા પર પાણી છાંટ્યું. નીરજા આકાશમાંથી જળમાં આવી ગઈ.

"પણ એ ય છોકરી, તને ખબર છે તારું નામ?" વ્યોમાએ વળતો પ્રહાર કર્યો.

"ના. તું મને યાદ અપાવ. હું કોણ છું?" નીરજાએ નટખટ જવાબ આપ્યો.

"તું નીરજા છે. નીર એટલે જળ. નીરજા એટલે જળમાં જન્મેલી, જળની છોકરી. તું જળની છોકરી છે. પણ, જળ પણ પેલા પંચ મહાભૂતોમાંનું જ એક છે. તે ના તો સ્ત્રી છે ના પુરુષ. તેને કોઈ શરીર નથી. તેને આકાર નથી. તે સર્વત્ર છે. સર્વવ્યાપી છે. તું પણ જળ છે. માત્ર જળ." વ્યોમાએ નીરજાના શબ્દોનો જ સહારો લીધો. ખડખડાટ હસવા લાગી.

નીરજાએ પાણીની પાંચ સાત વાછટો વ્યોમાના મોઢા પર ફેંકી. વ્યોમા પરાજિત થઈ ગઈ. મોઢું ફેરવી ગઈ. નીરજા હજુ પણ પાણીનો પ્રહાર કરતી હતી. વ્યોમાની ગરદન પર તે અથડાયું. તેના વાળ પણ ભીંજાઇ ગયા. તેણે પણ પોતાના વાળ ખુલ્લા કરી નાંખ્યા. તેના વાળ વધુ ઘાટા અને મોટા હતા. તે પાણીની સપાટી પર ફેલાઈ ગયા. એક કાળી ચાદર, એક કાળું વાદળું, જળમાં છવાઈ ગયું.

બંને જળમાં રમવા લાગી. ડૂબકીઓ મારવા લાગી. દોડવા લાગી. હસવા લાગી. બે જલપરીઓ નિર્ભિક જળક્રીડાઓ કરતી રહી. સમય, સ્થળ અને પોતાના અસ્તિત્વનું ભાન ભૂલી ઝરણાંમાં વહેતી રહી.

પ્રકરણ 41

અચાનક કોઈ અવાજ આવ્યો. કોઈ નક્કર વસ્તુ પથ્થર સાથે અથડાઇ હોય તેવો અવાજ. કોઈ ધાતુ અને પથ્થરના ટકરાવાનો અવાજ. વ્યોમાના કાને તે અવાજને પકડી પાડ્યો. તે ધ્યાનથી અવાજ તરફ જોવા લાગી. તે અવાજ નાસ્તાના ડબ્બાનો હતો. તે જમીન પર પડી ગયો હતો.

ડબ્બો હજુ પણ બંધ જ હતો. પડ્યા પછી પણ તે ખૂલી નહોતો ગયો. નાસ્તો સલામત હતો. વ્યોમાએ તેની આસપાસ નજર દોડાવી. તે ચોંકી ગઈ. કાલ સાંજે જે બંદર તેના ટેન્ટ પાસે દેખાયો હતો, તે જ બંદર ત્યાં હતો. તેનો હાથ લાગવાથી જ ડબ્બો પડી ગયો હતો. વ્યોમાએ તેની આંખમાં આંખ નાંખી ધમકાવ્યો. તે થોડો ડરી ગયો. ત્યાં જ ઊભો રહી ગયો.

"નીરજા, ચાલ ઝડપથી પાણી બહાર નીકળી જા. જો પેલો બંદર, ફરી આપણો નાસ્તો લેવા આવી ગયો છે." વ્યોમાએ નીરજા તરફ જોયું. નીરજાએ તેની તરફ જોયું. બંદર તરફ પણ જોયું. બંદર હજુ પણ નાસ્તાના ડબ્બા તરફ જોઈ રહ્યો હતો. વચ્ચે વચ્ચે વ્યોમા તરફ પણ જોઈ લેતો હતો.

નીરજા નિરુત્તર રહી. વ્યોમા પાણી બહાર નીકળી બંદરના હાથમાં નાસ્તો આવે નહીં તે માટે, ડબ્બા તરફ દોડી. વાંદરો તેનાથી વધુ ચપળ અને સ્ફૂર્તિલો હતો. તે ઝડપથી પેલા ડબ્બા પર ત્રાટક્યો અને ડબ્બો લઇ નાસી ગયો. વ્યોમાએ એક પથ્થર ઉપાડી બંદર તરફ ફેંક્યો. બંદર, પથ્થર કરતાં વધુ તેજ ભાગ્યો. ઝાડની કોઈ ડાળી પકડી ઝાડીઓમાં ખોવાઈ ગયો. વ્યોમા, ગુસ્સામાં પગ પછાળવા લાગી. થાકીને પથ્થર પર બેસી ગઈ.

વ્યોમાએ નીરજા તરફ જોયું. તે હજુ પણ ઝરણાં વચ્ચે પાણીમાં ઊભી હતી. સ્નાનનો આનંદ લઈ રહી હતી. વ્યોમા નારાજ થઈ ગઈ. 'કેવી નિર્લેપ નાહી રહી છે, નીરજા?' બંદર જે દિશામાં ભાગી ગયો હતો એ દિશામાં ફરી એક પથ્થર ફેંક્યો. હાથ ઝાટકી નાંખ્યો. પગ પછાડ્યો. મુઠ્ઠી વાળી હવામાં ઉછાળી. શાંત થઈ ગઈ. ફરી નીરજા તરફ નજર કરી. નીરજા હજુ પણ નિર્લેપ હતી.

તે દોડી ગઈ પાણી તરફ. ઝરણાંની અંદર ગઈ. નીરજા પાસે પહોંચી ગઈ.

"આપણે અહીં ઝરણાંમાં સ્નાન કરતા રહ્યા અને પેલો બંદર આપણો નાસ્તો લઈને ભાગી ગયો. હવે શું ખાશું આપણે? મને તો બહુ ભૂખ લાગી છે." વ્યોમા વ્યાકુળ થઈ ગઈ.

"તો આ ઝરણું જવાબદાર છે, નાસ્તો ગુમાવવા બદલ?" નીરજાએ વ્યોમાની આંખમાં પ્રશ્નાર્થ નજર કરી.

"ખબર નહીં. પણ, ટેન્ટ પર પણ આપણી પાસે ખાસ કોઈ નાસ્તો બચ્યો નથી. અને જે હતો તે પેલો બંદર." નીરજા હસી પડી.

"નીરજા, જ્યારે પેલો બંદર નાસ્તાના ડબ્બા તરફ જોઈ રહ્યો હતો, ત્યારે જો તું પણ તે તરફ દોડી હોત તો કદાચ બંદરથી તેને બચાવી શકાયો હોત. પણ તું ? જરાય હલી જ નહીં." વ્યોમા નારાજ થઈ ગઈ.

નીરજાએ વ્યોમાનો હાથ પકડી લીધો. ઠંડા પાણીમાં પણ તે હાથમાં ઉષ્મા અનુભવી, વ્યોમાએ.

"તું કેમ નાસ્તાને બચાવવા ના દોડી?" વ્યોમાએ ફરી એ જ પ્રશ્ન કર્યો.

"જ્યારે બેમાંથી કોઈ એક ને પસંદ કરવાનું હોય, ત્યારે હું વધુ ફાયદા વાળી વાત પસંદ કરું છું." નીરજાએ વાત તરતી મૂકી.

"મને કોઈ સમજ ના પડી, તું શું કહેવા માંગે છે."

"નાસ્તાને ગુમાવવો કે ઝરણાંના સ્નાનનો આનંદ? બેમાંથી એકની પસંદગી કરવાની હતી. મેં સ્નાન પસંદ કર્યું."

"અને મેં નાસ્તો." વ્યોમાએ કહ્યું.

"પણ હાથ શું લાગ્યું? કશું જ નહીં."

“હા. મેં બંને ગુમાવ્યા. સ્નાન પણ, નાસ્તો પણ.”

“નાસ્તો તો રોજ કરીએ છીએ. તેના વિના થોડો સમય ચાલી જશે. આગળ ખાવા માટે કશું મળી પણ જશે. કોઈ ફળ તોડીને ખાઈ લઈશું. પણ, આ ઝરણું, આ જગ્યા, આ પાણી, આ હવા અને આ સ્નાન ફરી ક્યારે મળશે?”

“પણ…” વ્યોમાના વિચારો પાણી સાથે વહી ગયા.

“મને આ સ્નાન એક અનોખો અનુભવ આપી રહ્યું છે. અગાઉ ક્યારેય ના મળ્યો હોય તેવો આનંદ આપી રહ્યું છે. મારી આ અનુભૂતિને કેમ છોડું?”

“થોડી વાર બહાર આવી ગઈ હોત, અને પછી ફરી સ્નાન કરવાની ક્યાં ના હતી?”

“તો રસભંગ થઈ જાત. એક વાર રસભંગ થાય, પછી ફરી એ જ રસપ્રવાહ મળવો કઠિન છે. કદાચ પછી આ પાણીમાં ફરી ઊતરવાની ઈચ્છા ના પણ થાય.”

“જો એ જ પાણી હોય, એ જ ઝરણું હોય, એ જ આનંદ પ્રાપ્ત થતો હોય, તો ફરીને તેમાં ઊતરવાની ઈચ્છા થાય જ. અને તેમાં રસભંગ પણ ના થાય. કારણ કે ઝરણું તો એ જ રહે છે, એ જ વહે છે.” વ્યોમાએ દલીલ કરી.

“વ્યોમા, કોઈ પણ નદી, ઝરણું કે ધોધમાં એક વખત જ સ્નાન થઈ શકે. બીજી વખત તે જ પાણીમાં તે શક્ય નથી.”

“કેમ? એ જ ઝરણું, એ જ ધોધ અને એ જ નદી હોય, તો ધારો તેટલી વાર તેમાં સ્નાન થઈ શકે. કોઈ ના રોકે.”

“તું ધ્યાનથી આ વહેતા ઝરણાંને જો. પાણી વહી રહ્યું છે ને?”

“હા, વહે છે એટલે તો એ ઝરણું છે. સ્થિર પાણી તો તળાવ બની જાય.”

“અને વહેતા પાણીની એક ખાસિયત છે, તમે એ જ પાણીમાં ક્યારેય બીજી વખત જઇ શકતા નથી, મળી શકતા નથી, તેને અનુભવી શક્તા નથી.”

“નીરજા, તું શું કહેવા માંગે છે એ નથી સમજાતું. તારી વાત….” વ્યોમા મૂંઝાઇ ગઈ.

“જો આ પાણી વહી રહ્યું છે ને?”

“હા.”

“હવે જો ફરીથી. તે પાણી ક્યાં ગયું?”

“તે તો વહીને આગળ નીકળી ગયું.”

“અને અહીં નવું પાણી આવી ગયું. ખરું ને?”

“હા. નવું પાણી. સતત વહેતું, આવતું અને જતું. ફરી આવતું રહેતું આ પાણી.” વ્યોમાએ હથેળીમાં પાણી ભરી રાખ્યું. તે પાણીમાં જોવા લાગી. તેમાં વાદળનું પ્રતિબિંબ દેખાયું. તેને તે જોતી રહી. ઝરણાંમાં પાણી સતત વહેતું રહ્યું.

“તો પ્રત્યેક પળ ઝરણું, નવું જ રહે છે. એનો અર્થ એ છે કે તમે ક્યારેય એ જ ઝરણાંને ફરી મળતા નથી. દર વખતે નવું ઝરણું.”

“અને નવા ઝરણાંનો નવો આનંદ. એમ જ ને?”

“નદી, ધોધ કે ઝરણું રહે છે હંમેશા નવા. સતત નવા રહેતા પાણીનું ચુંબક એવું તિવ્ર હતું, કે હું તેમાથી છટકી ના શકી. તે મને રોકી રાખતું હતું. એટલે તો હું પાણીની, આ ઝરાણાની બહાર ના આવી.” નીરજાએ પાણીની સપાટી પર એક મૃદુ સ્પર્શ આપતો હાથ

ફેરવ્યો.

"અને વરસાદ પણ હંમેશા નવો જ રહે છે, નીરજા." ખોબો ભરેલા પાણીમાં દેખાતા વાદળોના પ્રતિબિંબને જોઈને વ્યોમાએ સતત નવા રહેતા તત્વોની યાદીમાં વરસાદને પણ જોડી દીધો.

"હા, વરસાદ પણ. એ તો હું ભૂલી જ ગઈ." નીરજાએ આકાશમાંના વાદળ તરફ નજર કરવા ડોક ઊંચી કરી. વ્યોમાએ તેના ભીના શરીરની કોરી ડોક જોઈ. તેને મસ્તી સુઝી. હથેળીમાં ભરેલું પાણી તેણે નીરજાની કોરી ડોક પર છાંટ્યું. નીરજા ચમકી ગઈ. હસવા લાગી. વ્યોમા પણ.

ફરી બંને ઝરણાંના સ્નાનનો આનંદ લેવા લાગી. ફરી એ જ આનંદ. એજ મસ્તી. એ જ મજા. મન ભરીને સ્નાન કરી લીધું. વહેતા ઝરણાંની બહાર આવી ગયા. પથ્થર પર બેસી ગયા. સામે વહેતું ઝરણું, ઉપર ખુલ્લુ આકાશ, વહેતા ઝરણાંનો અવાજ, લીલી ઝાડીઓથી શોભતું જંગલ, બે છોકરીઓ અને કયાઁય સુધી ફેલાયેલું મૌન. જાણે સ્થિર થયેલું જંગલ.

"કેટલું મૌન અને ગંભીર છે આ જંગલ?" નીરજાએ વાતની શરૂઆત કરી.

"ખૂબ ગૂઢ પણ છે આ જંગલ." વ્યોમાએ ઝાડીઓની આરપાર જોવા વ્યર્થ પ્રયાસ કર્યો.

"મને તો એ કોઈ ઋષિ જેવું લાગે છે. કોઈ યોગિની જેમ અડગ. કેટલું સ્થિર છે?"

"યુગોથી તે આમ જ ઊભું હશે? તે જડ તો નથી થઈ ગયું ને?"

"વ્યોમા, જંગલ ભલે યુગોથી આમ જ ઊભું હોય, પણ તે જડ નહીં, જીવંત છે. કેવું ધબકે છે. જો ધ્યાનથી સાંભળ. તેના શ્વાસોના ધબકાર કેવા સ્પંદનો જગાવે છે." નીરજા મૌન થઈ ગઈ. વ્યોમા પણ જંગલના ધબકારને કાન દઈ સાંભળવા લાગી.

"નીરજા, આ જંગલમાં કશુંક છે. કશુંક અજીબ, કશુંક અદભૂત, કશુંક ચુંબકીય છે."

"જે આપણાં જેવાને તેની તરફ આકર્ષે છે. કેવું તિવ્ર ખેંચાણ છે, તેનામાં?"

"અને આ ઝરણું પણ.... સતત વહેતું, હંમેશા નવું અને તાજું રહતું આ ઝરણું." બોલતા બોલતા વ્યોમા ઝરણાંના પાણી ને જોઈ રહી. તે સતત સરકતું હતું. સમયની ક્ષણોની જેમ.

સમય ! તે અહીં વહેતો હતો કે સ્થિર હતો? નીરજા અને વ્યોમાને તેની ખબર જ નહીં. તેઓ સમયને ભૂલીને ઝરણાં પાસે રોકાઈ ગયા હતા.

"હવે આપણે આગળ જવું જોઈએ. અહીં રોકાઈ જઈશું, તો મંઝિલ પર કેમ કરીને પહોંચીશું?" વ્યોમાએ યાદ અપાવી. તેને ખૂબ ભૂખ લાગી હતી, "મંઝિલ સુધી ચાલવા મારામાં શક્તિ નથી. જો કાંઇ ખાવા મળી જાય તો ...." તેણે જાણી જોઈને વાત અધુરી રાખી.

નીરજા તેનો ઈશારો સમજી ગઈ. ઝરણું છોડી ટેન્ટ પર આવી ગયા. બેગના એકાદ ખૂણે સાચવેલ બિસ્કીટના સહારે કામ ચલાવી લીધું. આગળના પ્રવાસ માટે તૈયારી કરવા લાગ્યા. ટેન્ટ છોડવા લાગ્યા. બેગ બંધ કરી લીધી. ખભા પર સામાન મૂકી જંગલની કેડી પર ચાલવા લાગ્યા.

હજુ 10/12 ડગલાં ચાલ્યા હશે, ત્યાં તો તેઓ અટકી ગયા. સામેથી પંખીઓનું ટોળું આવતું દેખાયું. સેંકડો પંખીઓ.

"નીરજા, મને લાગે છે કે આ તો એ જ પંખીઓ છે, જેની સાથે આપણે રમતા હતા." વ્યોમાએ અનુમાન લગાવ્યું.

"મને પણ એમ જ લાગે છે. તેઓ એ જ દિશામાંથી આવે છે, જ્યાં પેલું વિશાળ ઝાડ છે."

"તે બધા આ તરફ જ આવી રહ્યા છે. શું તેઓ આપણો રસ્તો રોકી રહ્યા છે કે પછી..."

"કદાચ…." નીરજા કશું બોલી ના શકી. પંખીઓનો કોલાહલ ખૂબ હતો. અને હવે તેઓ નજીક પણ આવી ગયા હતા. તેનો કોલાહલ વધી રહ્યો હતો. નીરજા અને વ્યોમાના ધબકારા પણ. પંખીઓ આવનારી કોઈ ઘટનાનો સંકેત, કોઈ એંધાણ આપી રહ્યા હતા.

પ્રકરણ 42

'જેનિફર'સ જંગલ'ની માલિક જેનિફરે હજુ તેની દુકાન ખોલી જ હતી. તે દુકાનને રાત ભરની નિંદ્રાથી જગાડી રહી હતી. દુકાનના ખુલ્લા દરવાજા પાસે એક કાર આવીને ઊભી રહી ગઈ. તેના પૈડાંની બ્રેકના અવાજે જેનિફરનું ધ્યાન તે તરફ ખેંચ્યું.

કારમાં બે છોકરાઓ હતા. બંને કારમાંથી ઉતરી સીધા જ 'જેનિફર'સ જંગલ' તરફ આવવા લાગ્યા. તેઓની ચાલમાં ગ્રાહકનો કોઈ પડછાયો નહોતો. બંને ખૂબ જ ઉતાવળમાં હોય તેવું લાગ્યું. થોડા રુક્ષ પણ લાગતા હતા. દુકાનનો દરવાજો હડસેલી રૂવાબભેર સીધા જ કાઉન્ટર પાસે ઊભેલી જેનિફર પાસે પહોંચી ગયા,

જેનિફર કશું જ સમજે, તે પહેલાં જ તેમાંથી એકે પૂછ્યું, "પરમ દિવસે તમારી દુકાનમાં બે યુવાન છોકરીઓ આવી હતી?"

જેનિફરે તેના તરફ નજર કરી. તે તરત જ સમજી ગઈ કે મામલો કોઈ ગંભીર છે, અને પેલી બે છોકરીઓ પર કોઈ ખતરો લાગે છે. આ બન્ને છોકરાઓ તેના મિત્ર હશે કે દુશ્મન? તેને હાનિ પહોંચાડવા માંગતા હશે કે મદદ કરવા માંગતા હશે? તે નક્કી ના કરી શકી. પણ, તેણે એટલું નક્કી કરી લીધું, કે આ છોકરાઓ જોડે પેલી બે છોકરીઓ વિશે વાત કરવામાં અને માહિતી આપવામાં સાવધ રહેવું પડશે. તે થોડી વાર માટે મૌન જ રહી.

તેના મૌનથી બન્ને અકળાયા. તેણે ફરી એ જ પ્રશ્ન પૂછ્યો, "પરમ દિવસે તમારી દુકાનમાં બે યુવાન છોકરીઓ આવી હતી?"

"કેમ? તમે એ બધું કેમ પુછો છો? તમે કોણ છો?" જેનિફરે ચહેરા પર કરડાકી સાથે તેઓની આંખમાં આંખ નાંખી સામો સવાલ કર્યો.

જેનિફરના આવા જવાબી વર્તનની તેઓને અપેક્ષા નહોતી. શું કહેવું કે કરવું તે તેઓને ના સમજાયું.

"અમે તેઓના દોસ્ત છીએ. અમદાવાદમાં સાથે રહીએ છીએ. હું નરેશ પટેલ અને આ વિશાલ. અમે ટ્રેન ચૂકી ગયા હતા, એટલે બે દિવસ મોડા પડ્યા. અમે તેની પાસે પહોંચવા માંગીએ છીએ. જો તમે અમારી મદદ કરશો તો અમે જલ્દીથી તેની પાસે પહોંચી જઇશું."

"તેઓના નામ તમને ખબર છે?" જેનિફરે ફરી એક સવાલ કર્યો.

"હા, કેમ નહીં. એક વ્યોમા અને બીજી નીરજા. બરોબર ને?"

જેનિફરને ખાત્રી થઈ ગઈ, કે આ છોકરાઓ પેલી બે છોકરીઓ વિશે જાણે છે. કદાચ તેના મિત્ર જ હશે. છતાં પણ સાવચેત રહેવું પડશે, એવી કોઈ માહિતી ના આપી દેવાય કે જેનાથી પેલી બન્ને છોકરીઓ પર કોઈ સમસ્યા આવી પડે. તેઓએ મારા પર ભરોસો કર્યો છે. મારે તે તોડવો નથી.

થોડી વાર વિચારી તેણે પૂછ્યું, "બોલો શું કામ હતું તમારે તેનું?"

"ખાસ કાંઇ નહીં. બસ એટલું જ કહો, કે તેઓએ અહીંથી કોઈ સામાન ખરીદ્યો હતો?"

"તેમને અહીંની સ્થાનિક છોકરીઓ પહેરે છે તેવો ટ્રેડિશનલ ડ્રેસ જોઈતો હતો."

"તો તેઓને તે ગમ્યો? તેઓએ તે ખરીદ્યો?"

"હા, બન્નેએ એક એક ડ્રેસ ખરીદ્યો."

"અમે તે બિલ જોઈ શકીએ?"

"ના, અમે આવી વસ્તુઓના બિલ નથી આપતા." જેનિફરે તેની વાત ટાળી દીધી.

"કશો વાંધો નહીં. તેઓ કઈ દિશા તરફ ગયા હતા?" નરેશે પૂછ્યું.

"મે પૂછ્યું નહોતું. અને તેઓએ પણ કહ્યું ન હતું."

"તેઓની પાસે કોઈ વાહન હતું ખરું?" વિશાલે પૂછ્યું.

જેનિફરે થોડો સમય વિચારવા લીધો. પછી જવાબ આપ્યો, "તેઓ કદાચ કોઈ વાહન પર હતા. પાક્કી ખબર નથી. પણ તેઓ કોઈ જીપ વિશે વાત કરતાં હતા. મને તેઓની ભાષા સમજાઈ નહોતી."

નરેશ અને વિશાલ બન્ને 'જેનિફર'સ જંગલ' પર એક નજર નાંખી, ઝડપથી બહાર નીકળી ગયા. ગાડી જંગલ તરફ દોડવા લાગી. તેની પાછળ પાછળ બીજી ત્રણ ચાર ગાડીઓ પસાર થઈ ગઈ. જેનિફરને નવાઈ લાગી. આ રીતે ક્યારેય અહીં ગાડીઓ આવતી નથી.

જેનિફર જતી ગાડીઓની દિશામાં જોતી રહી. થોડી વારમાં બીજી ત્રણ ગાડીઓ તેની દુકાન પાસેથી થઈને એ જ રસ્તે સડસડાટ નીકળી ગઈ. જેનિફરને કશું જ ના સમજાયું. તેણે નિરજા અને વ્યોમાને ફોન જોડ્યો, ના લાગ્યો. મોબાઈલ સ્વિચ ઓફ હતો. તેણે પ્રયાસ ચાલુ રાખ્યો.

****

પંખીઓ હવે ખૂબ જ નજીક આવી ગયા. વ્યોમા અને નીરજા પાસે આવી ગયા. તેઓને ચારે તરફથી ઘેરવા લાગ્યા. તેઓની ચારેબાજુ ગોળ ગોળ ફરવા લાગ્યા. ઉડવા લાગ્યા. નીરજા અને વ્યોમાને કોઈ જ સમજ ના પડી, કે પંખીઓ શું કરી રહ્યા છે. પણ એટલું સમજાઈ ગયું કે તે પંખીઓ તેઓને નુકશાન કરવા નથી માંગતા.

ચારે તરફ પંખીઓ ઉડતા હતા. અસંખ્ય પંખીઓ. જાણે તેઓનું લશ્કર આવી ચડ્યું. ઉડતા ઉડતા અવાજ કરતાં હતા. ચિચિયારીઓ પાડતાં હતા. કોલાહલ કરતાં હતા. કોઈ તો નીરજાના અને વ્યોમાના શરીર પર બેસી જતાં હતા. ફરી ઊડી જતાં હતા. ફરી કોઈ નવું પંખી આવીને બેસી જતું હતું.

"વ્યોમા, આટલા બધા આ પંખીઓ, તેઓનું આમ ઉડવું, આવા આવજો કરવા, આપણાં શરીર પર બેસવું, ફરી ઉડવું, આ કોલાહલ, આ ચિચિયારીઓ, ... શું કરવા માંગે છે? કશી જ ખબર પડતી નથી."

"નીરજા, મને લાગે છે કે તેઓ કોઈ સંકેત આપી રહ્યા છે. તેઓ આપણને કાંઈક કહેવા માંગે છે. પણ.."

"પણ તેઓની ભાષા આપણે સમજી શકતા નથી." નીરજા ઉદાસ થઈ ગઈ.

"પણ નક્કી કોઈ અગત્યની વાત છે. નહીંતર આટલા બધા પંખીઓ અહીં ના આવે."

"કદાચ તેઓ આપણને રોકવા માંગે છે..." નીરજા બોલતી અટકી ગઈ. એક પંખી તેની ચાંચ વડે નીરજાના કપડાં ખેંચવા લાગ્યું. બીજું પંખી વ્યોમાના પણ કપડાં ખેંચવા લાગ્યું. કપડાં ખેંચતા ખેંચતા તે કોઈ દિશા તરફ ઈશારો કરતું હતું.

વ્યોમા તેના ઇશારાની દિશા તરફ ચાલવા લાગી. પંખીઓ પણ તે તરફ જવા લાગ્યા. નીરજાને સમજાયું કે પંખીઓ તેઓને ક્યાંક લઈ જવા આવ્યા છે. તે પણ તે દિશામાં ચાલવા લાગી. બધા જ પંખીઓ એ દિશા તરફ જવા લાગ્યા. પંખીઓનો અવાજ બદલાઈ ગયો. કર્કશ ચિચિયારીઓ બંધ થઈ ગઈ.

ચારે તરફ પંખીઓ અને વચ્ચે નીરજા અને વ્યોમા. એક આખું ટોળું ચાલતું રહ્યું. પંખીઓથી ઘેરાયેલ બન્નેને ખબર નહોતી પડતી, કે તેઓ કયાઁ જઇ રહ્યા છે. તેઓ રસ્તાને પણ જોઈ નહોતા શકતા. તેઓ બસ ચાલતા રહ્યા.

થોડી વારે પંખીઓ રોકાયાં. લગભગ બધા જ ઉડીને ઝાડ પર ચડી ગયા. માત્ર દસ બાર પંખીઓ જ નીચે હતા. તેઓ હજુ પણ નીરજા અને વ્યોમાને અડીને ઊભા હતા. નીરજા અને વ્યોમા હવે રસ્તો જોઈ શકતા હતા. તેઓની નજર એક ઝાડ પર પડી.

"ઓહ, આ તો એ જ ઝાડ અને એ જ જગ્યા છે, જ્યાં આ પંખીઓ સાથે દોસ્તી થઈ હતી." નીરજાએ જગ્યા ઓળખી લીધી.

નીચે રહેલા પંખીઓએ ફરી નવો ઈશારો કર્યો. આ વખતે તેઓ તેના ઈશારાને સમજી ગયા. સામાન સાથે ફટાફટ ઝાડ પર ચડવા લાગ્યા. એક મોટી અને મજબૂત ડાળી પર બેસી ગયા.

તે ડાળી ગીચ પાંદડાઓથી ઘેરાયેલી હતી. રસ્તા પરથી પસાર થનારની નજરે પણ ના ચડે કે તેની પાછળ કોઈ છુપાઈને બેઠું છે. પણ, તે ડાળ પર બેસેલી વ્યક્તિ રસ્તા પર જોઈ શકે અને તેની હલચલ પર પૂરી નજર પણ રાખી શકે.

બન્ને ત્યાં બેસી ગયા. બધા જ પંખીઓ પોતપોતાની ડાળી પર બેસી ગયા. તેઓનો કોલાહલ શાંત થઈ ગયો. તેઓના ગીતો પણ. બધા જ પંખીઓ મૌન. જાણે આ ઝાડ પર કોઈ પંખી રહેતું જ ના હોય. ઝાડ પણ શાંત.

નીરજા અને વ્યોમા પણ શાંત થઈ ગયા. તેઓને હજુ પણ સમજાતું નહોતું, કે શું થઇ રહ્યું છે. બસ બેસી ગયા ડાળ પર. જોતાં રહયા પંખી, ઝાડ, હવા અને જંગલના મૌનને.

નીરજાએ વ્યોમાની આંખમાં નજર કરી. વ્યોમાએ પણ જવાબી નજર કરી. બન્નેની આંખમાં પ્રશ્નો હતા. બન્ને પાસે તેના જવાબ નહોતા. બન્ને એકબીજાને પ્રશ્ન પૂછવા માંગતા હતા, પણ પંખીઓનું મૌન તેઓને બોલતા રોકતું હતું. પંખીઓની ભાષા નહીં, પણ તેઓનું મૌન તેઓ હવે સમજવા લાગ્યા હતા.

થોડો સમય એમ જ વિતી ગયો. કદાચ અડધો કલાક. કદાચ થોડો વધુ. અચાનક ખામોશ જંગલમાં કોઈ વાહનનો અવાજ આવતો હોય તેવું લાગ્યું.

"નીરજા, આજે ત્રીજો દિવસ છે આ જંગલમાં, પણ ક્યારેય કોઈ વાહન આ રસ્તે આવતું જોયું નથી. આ અવાજ નક્કી વાહન ..."

નીરજાએ હોઠો પર આંગળી મૂકી મૌન રહેવા કહ્યું. વ્યોમા ચૂપ થઈ ગઈ. બન્નેએ દૂર દેખાતા રસ્તા પર નજર માંડી, કાન પણ માંડ્યા. અવાજ હવે નજીક, વધુ નજીક આવી રહ્યો હતો. અવાજની દિશા એ જ હતી જ્યાંથી બન્ને ચાલીને અહીં સુધી પહોંચ્યા હતા.

"એક કરતાં વધુ વાહન હોય તેવું લાગે છે .." નીરજાએ વ્યોમાના કાનમાં કહ્યું. વ્યોમાએ પાંપણો નમાવી. નીરજાએ પણ જવાબી પાંપણો નમાવી. ફરી બન્નેના આંખ અને કાન વાહનોના અવાજ તરફ મંડાયા.

તેઓ દ્વારા કપાઈ ચૂકેલી કેડી પર અવાજો વધુ નજીક આવી ગયા. કેડી **300** મીટરના અંતરે વળાંક લેતી હતી. એ વળાંક પર વાહન આવી ગયા. પહેલું વાહન તે વળાંક પસાર કરી કેડી પર આવી ગયું. ઝાડની ડાળી પરથી તે સ્પષ્ટ દેખાવા લાગ્યું. તે કાર હતી. તે કાર કેડી પર ધીમે ધીમે આગળ વધતી હતી. નીરજા તે કારને ઓળખી ગઈ. "આ તો નરેશની કાર છે..." ખૂબ ધીમેથી નીરજા ગણગણી.

બન્ને ચોંકી ગયા. બન્ને સાવધ થઈ ગયા. નીરજા અને વ્યોમાએ પોતાની જાતને સંકોરી. ડાળી કે પાંદડાઓનો જરા પણ અવાજ ના થાય તેમ, પૂરેપૂરા છુપાઈ ગયા એ ઝાડીઓમાં. સાવ સ્થિર થઈ ગયા. શ્વાસનું હલનચલન પણ નહીં. શ્વાસનો અવાજ પણ નહીં. આંખ સ્થિર, રસ્તા પર મંડાયેલી. કાન પણ વાહનોના અવાજ પર. જાણે ખુલ્લી રહી ગયેલી આંખો વાળી, જીવતી બે પ્રતિમાઓ.

નરેશની ગાડી પાછળ બીજી **4** ગાડીઓ પણ તે કેડી પર આવી ગઈ. કુલ **5** ગાડીઓ. બધામાં માણસો ભરેલ હતા. બધા પુરુષો જ હતા. ઊંચા અને ખડતલ. ચહેરાઓ પરની રેખાઓ કહેતી હતી કે તેઓ કોઈ યાત્રીઓ નહોતા પણ ટ્રેઇન્ડ કમાન્ડો હશે. નરેશ અને વિશાલની નજર જંગલના એક એક ખૂણાને ધ્યાનથી જોઈ રહ્યા હતી. તેઓની નજર કશુંક શોધી રહી હતી. બન્નેને સમજાઈ ગયું કે તેઓની નજર તેમને જ શોધી રહી છે.

બીજા બધાની નજર પણ એ જ રીતે જંગલમાં, નીરજા અને વ્યોમાના કોઈ અસ્તિત્વને શોધી રહી. નીરજા અને વ્યોમા સતત કેડી પર અને વાહનો પર નજર રાખી જોઈ રહ્યા હતા. જો જરા પણ હલનચલન થયું તો તરત જ પકડાઈ જવાના. તેઓ સ્થિર જ રહ્યા.

જંગલના અણુંએ અણુંમાં તેઓની નજર, નીરજા અને વ્યોમાના અસ્તિત્વના અંશોને તપાસતી રહી. પણ તેઓને કોઈ અંશો મળતા નહોતા. તેઓની નજરમાં નિરાશા વ્યક્ત થતી દેખાઈ રહી હતી.

ગાડીઓ ધીરે ધીરે, ખૂબ જ ધીરે ધીરે આગળ વધતી હતી. ગાડીઓ જાણે પગપાળા પ્રવાસે ના નીકળી હોય. ગાડીઓની ધીમી ગતિ નીરજા અને વ્યોમાને અકળાવતી હતી. પણ તેઓ વિવશ હતા. સમયને પસાર થવા દેવા સિવાય, કોઈ ઉપાય જ નહોતો. બસ, એમ જ બેસી રહયા.

ગાડીઓ હવે બિલકુલ સામે જ આવી ગઈ. જે ઝાડ પર તેઓ બેઠા હતા, ત્યાંથી **70** ફૂટ દૂર કેડી પર આવી ગઈ. બંનેના ધબકારા વધવા લાગ્યા. નરેશની ગાડી ત્યાંથી પસાર થઈ ગઈ. બીજી, ત્રીજી, ચોથી અને છેલ્લી ગાડી પણ ત્યાંથી પસાર થઈ, આગળ નીકળી ગઈ. અપલક નજરે તેઓને જતાં જોઈ રહી ચાર આંખો. ગાડીઓ લગભગ **50** ફૂટ દૂર આગળ નીકળી ગઈ. હજુ પણ ધીરે ધીરે આગળ જઇ રહી હતી. બીજા **30-35** ફૂટ આગળ જઈને ગાડીઓ ઊભી રહી ગઈ.

નીરજા અને વ્યોમાએ પરસ્પરની આંખોમાં જોયું. બન્નેની આંખો વિસ્મય અને ભયના સંયુક્ત ભાવો લઈને પહોળી થઈ ગઈ. ગાડીઓના ઊભા રહી જવાનો અર્થ તેઓને પાક્કો ખબર હતો. નક્કી તેઓના હાથમાં કે ધ્યાનમાં કોઈ એવી વાત કે વસ્તુ આવી છે, જે નીરજા અને વ્યોમાના અહીં અસ્તિત્વ હોવાની ચાડી ખાતી હશે. અને જો એમ હશે તો નક્કી તેઓ જંગલના એક એક પાંદડાઓને ખૂંદી વળશે અને તેઓ પકડાઈ જશે.

નરેશ ગાડીમાંથી નીચે ઉતર્યો. કેડીની જમણી બાજુએ **8-10** ડગલાં ચાલીને ઊભો રહી ગયો. વાંકા વળી તેણે કશુંક હાથમાં લીધું. તેના હાથમાં એક ડબ્બો હતો. નીરજા અને વ્યોમા તે ડબ્બાને જોઈ ચોંકી ગઈ. ઝરણાંમાં સ્નાન કરતાં હતા ત્યારે નાસ્તાનો જે ડબ્બો લઈને વાંદરો ભાગી ગયો હતો, તે જ ડબ્બો. નરેશના હાથમાં તે ડબ્બો આવી ગયો હતો.

નરેશ તે ડબ્બાને ધ્યાનથી જોવા લાગ્યો. તે ગાડી પાસે આવી ગયો. વિશાલને તે ડબ્બો તેણે આપ્યો. વિશાલની આંખોમાં ચમક આવી ગઈ.

"આ ડબ્બો ચોક્કસ અમદાવાદની દુકાનનો છે. ગુજરાતી સ્ટાઈલનો છે." વિશાલ ગાડીની બહાર આવી ગયો.

"એનો અર્થ એ છે, કે એ બંને અહીં જ ક્યાંક છે અથવા અહીંથી થોડી વાર પહેલાં જ પસાર થયા છે." નરેશે જંગલમાં ચારે તરફ નજર ફેરવી.

"તો લાગી જાઓ કામે..." વિશાલે બીજી ગાડીઓના સાથીદારોને ઈશારો કરી દિધો. ફટાફટ બાકીની ચાર ગાડીઓમાંથી તેના સાથીદારો ઉતરી ગયા અને જંગલમાં જુદી જુદી દિશાઓ તરફ જવા પોઝિશન લઈ લીધી.

નરેશે ફરી એક નજર કરી જંગલ તરફ. સાથીઓને બધી દિશામાં ફેલાઈ જવા ઈશારો કર્યો. તેના સાથીદારો ઝડપથી એક્શનમાં આવી ગયા. તેઓના મજબૂત કદમ જંગલને ઘમરોળવા માટે ઉપડવા લાગ્યા. હજુ **10-15** પગલાં જ તેઓ આગળ વધ્યા હશે ત્યાં તો **25-30** વાંદરાઓનું ટોળું કેડી પર આવી ગયું. નરેશના માણસોને તેઓએ ઘેરી લીધા. તેઓની સામે ઘુરકીયા કરવા લાગ્યા.

નરેશે તેઓને જંગલના સામાન્ય વાંદરા માની ભગાડવા પ્રયાસ કર્યો. પણ એક પણ વાંદરો તેની જગ્યાએથી ભાગ્યો નહીં. ઊલટાના તેઓ નરેશની વધુ નજીક આવી ગયા. એક બંદરે વિશાલ પર હુમલો કરી દીધો. અચાનક હુમલાથી વિશાલ તેનું સંતુલન ખોઈ બેઠો. ગબડી પડ્યો. તેણે તેના ખિસ્સામાંથી રિવોલ્વર કાઢીને તે બંદર પર ગોળી છોડી દીધી. બંદર બાજુ પર હટી ગયો, પણ તે ગોળી તેના ડાબા પગને ઘસરકો આપી નીકળી ગઈ. તે ઘાયલ થઈ ગયો. થોડું લોહી પણ વહેવા લાગ્યું. તેણે એક ચીસ પાડી.

તેના જવાબમાં બીજા બધા વાંદરાઓ નરેશના માણસો પર તૂટી પડ્યા. બે ત્રણ વાંદરાઓએ ભેગા મળીને વિશાલને ઘાયલ કરી દીધો. વાંદરાઓ હવે જંગલના ઝનૂન પર આવી ગયા હતા. વાંદરાઓના આક્રમણને તેઓ સમજે તે પહેલાં તો પેલા ઝાડ પરથી અસંખ્ય પંખીઓ પણ આવી ગયા. તેઓએ શોરબકોર મચાવી દીધો. કેટલાક પંખીઓ તો નરેશના માણસોને ચાંચ મારવા લાગ્યા.

એક તરફ વાંદરાઓ અને બીજી તરફ પંખીઓ. બંનેના અણધાર્યા અને આક્રમક હુમલાથી નરેશ અને વિશાલ ડઘાઈ ગયા. તેઓને સમજાઈ ગયું, કે જંગલમાં તો જંગલના પશુ પંખીઓનું જ રાજ ચાલે. આ સમયે તો અહીંથી ભાગી જવું જ ઉચિત છે. તેણે તેના સાથીઓને ઈશારો કર્યો. બધા ઝડપથી ગાડીમાં બેસી ગયા. નરેશ અને વિશાલ પણ ગમે તેમ જીવ બચાવી કારમાં બેસી ગયા. કારના દરવાજા અને કાચ સજ્જડ બંધ કરી દીધા અને ભાગી છૂટ્યા.

ભાગી જતી પાંચેય કારનો વાંદરાઓ અને પંખીઓએ ઘણે સુધી પીછો કર્યો. જ્યારે ખાત્રી થઈ ગઈ કે તેઓ ખૂબ દૂર સુધી નીકળી ગયા છે, તે પછી જ તેઓ સૌ પેલા ઝાડ પાસે પરત ફર્યા.

પ્રકરણ 43

ઝાડ પરથી નીચે ઉતરી નીરજા અને વ્યોમા ઘાયલ વાંદરા પાસે પહોંચી ગયા. તેના ઘાવને સાફ કરી હુંફમય હાથ ફેરવતા રહ્યા. થોડી વારે તે વાંદરાની પીડા ઓછી થઈ હોય તેવું લાગ્યું.

બાકી બધા વાંદરાઓને અને પંખીઓને પરત ફરેલા જોઈ તે ખુશ થઈ ગયો. તેણે કોઈ ચીચીયારી પાડી.

નીરજા અને વ્યોમા તેની ભાષાને ના સમજી શક્યાં, પણ ભાવોને સમજી ગયા. સૌ પશુ, પંખી અને માનવોના મનમાં આનંદની લાગણી વહેવા લાગી.

જંગલનો આ નવો અનુભવ હતો, નીરજા અને વ્યોમા માટે. બન્નેની આંખોમાં હજુ ય વિસ્મય કાજલ બનીને અંજાયેલું હતું.

"નીરજા, આ પ્રાણીઓ અને પંખીઓ પણ કેવા સમજદાર છે? જે વાંદરાને આપણે નાસ્તો લઈ ભગી જતાં જોયો હતો અને તેના પર ગુસ્સે થયા હતા, તે જ વાંદરો અને તેના સાથી વાંદરાઓએ તો રંગ રાખ્યો." વ્યોમા હવે મૌન અને ડરના પડછાયામાંથી બહાર આવવા લાગી.

"વ્યોમા, જે થાય છે તે સારા માટે થાય છે. જો ને, નાસ્તો લઈને ભાગી જતા વાંદરા પર ગુસ્સો આવે અને એ જ બંદર થોડા નાસ્તાના બદલામાં મુસીબતના સમયે પોતાનો જીવ પણ જોખમમાં નાંખી, આપણને બચાવે. અદભૂત છે આ જંગલ અને તેના નાગરીકો." નીરજાએ પોતાની આંખના વિસ્મયને શબ્દો આપ્યા.

"અરે, તું પણ અદ્ભૂત શબ્દો વાપરે છે, નીરજા. જંગલના નાગરિકો. ખરેખર આ સૌ જંગલના પ્રાણીઓ નહીં, પણ જંગલના નાગરિકો જ છે." બન્ને હસવા લાગી.

એક લાંબા અને ભયાવહ સન્નાટા બાદ જંગલફરી હસવા લાગ્યું. વાંદરાઓ અને પંખીઓ પણ તેઓની સહજ સ્થિતિમાં આવી જાતજાતના ભાવો વ્યક્ત કરવા લાગ્યા.

થોડી વાર તો બન્ને મૌન બની ગયા. પણ મૌન હવે અહીં રહેવા માંગતુ જ નહોતું. તેણે નીરજાના કાનમાં કશુંક કહ્યું અને જંગલમાં હવા જોડે ઊડી નિકળ્યું.

"હવે? શું કરીશું આપણે?" વ્યોમાએ નીરજાને પ્ર શ્નાર્થ નજરે જોઈ લીધું. નીરજા પણ તેના સવાલને પારખી ગઈ.

"મંઝિલ તરફ તો ચાલવું જ પડશે. પણ, એક તો થોડો સમય યાત્રા રોકી રાખવી પડશે. બીજું, આપણે રસ્તો પણ બદલવો પડશે. આ માર્ગ પર જોખમ રહેલું છે."

"જે થોડી વાર પહેલાં જ આ કેડી પરથી આગળ નીકળી ગયું છે, ખરું ને?"

"કદાચ. ... ફરી કોઈ ગાડીનો અવાજઆવી રહ્યો છે.... ધ્યાનથી સાંભળ... તને સંભળાય છે?" નીરજા કાન માંડીને જંગલને સાંભળવા લાગી. વ્યોમા પણ.

ગાડીનો અવાજ વ ધુ પા સે આવવા લાગ્યો. નરેશની ગાડી જે દિશામાંથી આવી હતી તે જ દિશામાંથી બીજી ગાડી આવતી દેખાઈ. 300 મિટર જેટલે દૂર હતી તે ગાડી. બન્ને ફરી સાવધ થઈ ગયા. એક જાાડી હતી. ફરી કોઈ ઝાડનો સહારો લઈ તેઓ છુપાઈ ગયા. ગાડી નજીક આવતી ગઈ. થોડી નજીક આવતા જ બન્નેએ ઓળખી કાઢી એ ગાડીને.

"અરે, આ તો મોહાની ગાડી છે !" બન્ને એકસાથે બોલી ઉઠ્યા. ફરી તેઓ ચૂપ થઈ ગયા. ગાડી નજીક આવી. સામે આવી. ખૂબ ધીમે ધીમે ચાલતી ગાડીમાં મોહા દેખાઈ. તેની સાથે એ જ પેલો ડ્રાઈવર હ તો. પાછળની સીટ પર બીજા બે માણસો હતા. તે બન્ને કોઈ ગુંડા હોય તેવા લાગતા હતા. મોહા અને ડ્રાઈવર ચારે તરફ તિવ્ર અને તીક્ષ્ણ નજરે જોઈ રહ્યા હતા. નીરજા અને વ્યોમા એ રીતે છુપાઈ ગયા, કે તેઓ મોહા અને તેના ડ્રાઇવરની નજરથી બચી શકે. ગાડી આગળ નીકળી ગઈ. તેઓ તેને જતાં

જોઈ રહ્યા.

"મને લાગે છે, કે આજ આખો દિવસ અને આજની રાત આપણે અહીં જ રોકાઈ જવું જોઈએ. તારું શું માનવું છે, નીરજા?"

"તું સાચું વિચારે છે. હું પણ એમ જ વિચારું છું."

"તો પાક્કુ. અહીં જ રોકાઈ જઈએ. બીજો કોઈ વિચાર હાલ નહીં."

"તો ચાલો ફરી બાંધો ટેન્ટ. હા હા ..." નીરજા હસવા લાગી.

"તો ત્યાં જ બાંધી દઈએ ટેન્ટ, જ્યાં પહેલાં બાંધ્યો હતો." વ્યોમાએ સૂચન કર્યું.

નીરજાએ આકાશ તરફ નજર કરી. આકાશમાં કાળા વાદળો ભેગા થઈ રહ્યા હતા. એક સાથે કેટલાય વાદળો આવતા હતા અને રોકાઈ જતાં હતા આકાશમાં. ખૂબ કાળા અને ગાઢ વાદળો. ધીરે ધીરે સૂર્ય નબળો પડતો જતો હતો.

"વ્યોમા, આકાશ તરફ નજર કરી, તેં?"

"કેમ?" અને તેણે પણ આકાશ તરફ જોયું. તે નીરજાની વાત સમજી ગઈ, "તો કોઈ ઊંચાણ વાળી જગ્યા શોધવી પડશે, રાઇટ?"

"હા. તો ચાલ તપાસ કરીએ તેવી જગ્યાની."

"ના. તપાસ નથી કરવાની. મેં તે જગ્યા જોઈ છે. તેં પણ તે જોઈ જ છે." વ્યોમાએ જમણા હાથની ચપટી વગાડી. તેના આખા શરીરમાં ઉમંગ દોડી ગયો. નીરજાએ આનંદથી આંખ અને હોઠો પહોળા કરી વ્યોમા તરફ નજર કરી.

બન્ને તે જગ્યા પર પહોંચી ગયા, જ્યાંથી આજ સવારે દિવસને ઊગતા જોયો હતો. સૂર્યના આગમનને વધાવ્યો હતો. ચંદ્રાસ્તને માણ્યો હતો.

તે જ ટેકરી પર તેઓ ચડી ગયા. યોગ્ય જગ્યા જોઈ ટેન્ટ બાંધી દીધો. ટેન્ટ બાંધતા જ તેની અંદર ભરાઈ ગઈ બંને.

"કેટલું બધું એક સાથે બની ગયું આજ સવારથી?" વ્યોમા થાકેલા અવાજે બોલી. તે લાંબી થઈ સુવાની તૈયારી કરવા લાગી.

"હા... યાર. ક્યારેક લાગે છે, કે આ બધી ઘટનાઓ આપણી પ્રતિક્ષા ના કરતી હોય. સમય ઝડપથી ચાલે છે કે બનતી આ ઘટનાઓ?"

"ક્યારેક આ ઘટનાઓ સમયને પછાડીને તેનાથી પણ વધુ ઝડપથી આગળ નીકળી જતી હોય છે. માણસ કશું સમજી પણ ના શકે, અને તે સડસડાટ નીકળી જાય."

"કોઈ ઘટના મીઠા પવનનો સ્પર્શ આપી જાય, તો કોઈ તીરની જેમ આરપાર નીકળી જાય અને ઘાયલ પણ કરી જાય."

"પણ, એ બંનેમાં મજા આવે છે હો. હાઉ થ્રિલિંગ ઈટ ઈઝ !" વ્યોમા ઉત્તેજીત થઈ ગઈ.

"હા. થ્રિલિંગ તો છે જ આ ઘટનાઓ. મને તો મજા પડી ગઈ આ બધી ઘટનાઓમાં."

"આ જંગલમાં આવ્યા ના હોત તો? તો ક્યારેય આવા અનુભવો અને તેની મજા ના મળી હોત." વ્યોમા માંડ માંડ પોતાનું વાક્ય પૂરું કરી શકી. તે બોલતા બોલતા જ ઊંઘી ગઈ.

નીરજા પણ થાકી ગઈ હતી. તે પણ ઊંઘી ગઈ.

****

ટેન્ટ બહાર આવતા અનેક અવાજોથી બન્નેની નિંદ્રા તૂટી. બંને જાગી ગઈ. સમય ચકાસ્યો. બપોરના **3** વાગી રહ્યા હતા.

સાવધાની પૂર્વક ટેન્ટ બહાર નજર કરી. ટેન્ટ બહાર વાંદરાઓ અને પંખીઓ ટોળે વળ્યા હતા. જાત જાતના અવાજો વડે તે નીરજા અને વ્યોમાને જગાડી રહ્યા હતા. બહાર આવવા આમંત્રણ આપી રહ્યા હતા. નિન્દ્રા ત્યાગી બંને ટેન્ટ બહાર આવ્યા.

ટેન્ટને ચારે તરફથી વાંદરાઓએ અને પંખીઓએ ઘેરી લીધો હતો. આટલા બધા જંગલના નાગરિકો વચ્ચે પણ, શહેરના સભ્ય સમાજની બે છોકરીઓ બિન્દાસ્ત હતી, નિર્ભય હતી. તે સૌને જોઈને તેઓ બંને ખુશ થઈ ગઈ. વારાફરતી બન્નેએ સૌ તરફ નજર નાંખી, હાથ હલાવી અભિવાદન કર્યું. સૌ ચિચિયારીઓ પાડવા લાગ્યા.

બે ત્રણ વાંદરા તેઓની એકદમ પાસે આવી ગયા. તેઓના હાથમાં તાજા જ તોડેલા કેળાં અને જામફળ હતા. તેઓએ તે ફળો બંનેની સામે મૂકી દીધા. બન્ને સમજી ગયા હતા, કે આ પ્રાણીઓ અને પંખીઓ હવે તેની કાળજી લેવા લાગ્યા છે. સવારે નાસ્તાનો એક ડબ્બો ઝૂંટવી ગયેલો વાંદરો, અને એ જ વાંદરાઓનો પૂરો સમાજ, અત્યારે તેઓ માટે ફળો લઈને આવી ગયા હતા. બીજા બધા વાંદરાઓ પાસે પણ ખૂબ ફળો હતા. તેઓએ તે પણ નીરજા અને વ્યોમા સામે મૂકી દીધા.

થોડાક નાસ્તાના બદલામાં આટલા બધા ફળો? એ પણ તાજા અને મીઠા? બન્ને ભાવવિભોર થઈ ગઈ. એક નજર ફળો પર નાંખી અને પછી બધા જ વાંદરાઓ અને પંખીઓ તરફ નજર કરી. બધાની આંખો વચ્ચે સેતુ રચાઇ ગયો. જેની નીચે અનાયાસ એક નદી અશ્રુની વહેવા લાગી. નીરજા અને વ્યોમા ભાવાવેશમાં પોતાની લાગણીઓને રોકી ના શક્યા. નદીને વહેવા દીધી.

સૌએ સાથે મળી ફળો ખાધા. નીરજા અને વ્યોમાએ પોતાના હાથે સૌ વાંદરાઓ અને પંખીઓને ફળો આપ્યા. જંગલમાં માનવ અને પશુ પંખીઓ એ ઉજાણી કરી. સભ્યતાના બધા ભેદ ભૂલી ગયા. સૌએ ખૂબ મજા કરી. નાચ્યા, ગાયા, કુદયા, દોડ્યા, રમ્યા, હસ્યાં અને થાક્યા પણ.

ધીરે ધીરે સાંજ થવા લાગી. સૂર્યાસ્ત થવા લાગ્યો. આકાશમાં એક તરફ વાદળોથી થાકેલો સુરજ પોતાના અસ્તિત્વને વિસર્જીત કરવા જવા લાગ્યો. વાંદરાઓ અને પંખીએ પણ નીરજા અને વ્યોમાની વિદાય લેવા માંડી. સુરજ ડૂબવા લાગ્યો. ટેન્ટ પર રહી ગયા વ્યોમા અને નીરજા. એકલા. આકાશમાં પણ એકલા વાદળો જ રહી ગયા.

વાદળો હવે વધુ સંખ્યામાં ભેગા થઈ ગયા હતા. ભાગ્યેજ કોઈ ખૂણો આકાશનો વાદળ વિનાનો હશે. ગાઢ, કાળા અને પોતાના ગર્ભમાં ભરપૂર વરસાદ ભરેલા વાદળો.

રંગ બદલાતા આકાશને બન્ને જોઈ રહ્યા. સફેદ પછી કાળો, પછી ગુલાબી, પછી લાલ, પછી નારંગી અને છેલ્લે સંપૂર્ણ કાળો. કેટલા બધા રંગો ઝડપથી આકાશમાં ઢોળી, સૂર્યએ વિદાય લીધી. પણ તે સ્થળની વિદાય લઈ ટેન્ટમાં જવાની નીરજા અને વ્યોમાને જરાય ઉતાવળ નહોતી. તે જંગલના અને તેના નવા નવા રૂપના મોહામાં ત્યાં જ બેઠા રહ્યા.

દૂર કોઈ વાદળ વરસી પડ્યું. તેની પાછળ બીજા ઘણા વાદળો વરસવા લાગ્યા. એ વાદળોમાંથી એક વાદળ બન્નેને ભીંજવવા લાગ્યું. હવે ટેન્ટ પર પણ ધીમો ધીમો વરસાદ થવા લાગ્યો. ટેન્ટમાં વરસાદનું એક પણ ટીપું જઇ શકે તેમ નહોતું. ટેન્ટ ખૂબ સલામત હતો. તેઓને જેનિફરની યાદ આવી ગઈ. મનોમન તેનો આભાર માની લીધો.

ટેન્ટમાં ઘૂસી ગયા બન્ને. વરસાદ ભલે ટેન્ટમાં ના ઘૂસી શકે, પણ તેના બિંદુઓનો ધ્વનિ ટેન્ટની અંદર ધરાર ઘૂસી ગયો. શાંત ટેન્ટ અને વરસાદનો ધ્વનિ.

બિંદુઓનો અવાજ હવે વધુ મોટો થવા લાગ્યો. વરસાદ વધવા લાગ્યો. તે ખૂબ તિવ્રત્તાથી વરસવા લાગ્યો. ઝનૂની બની ગયો વરસાદ. ટેન્ટ હજુ પણ સલામત હતો. બન્નેએ વધેલા ફળો ખાઈ લીધા. વરસાદને સ્પર્શ્યા વિના જ માણતા માણતા બન્ને સૂઈ ગયા. બહાર વરસાદ વરસતો રહ્યો, રાત આખી.

પ્રકરણ 44

વહેલી સવારે વ્યોમાની નિંદ્રા તૂટી. વરસાદ હજુ પણ વરસી રહ્યો હતો. તેનું જોર ઘટ્યું હતું. હવે તે ધીરે ધીરે વરસી રહ્યો હતો. તેણે ટેન્ટની બહાર નજર કરી. વરસાદનો માપ કાઢવા ટેન્ટ બહાર હાથ કાઢ્યો. આકાશ તરફ હથેળી ખોલી નાંખી. હથેળી પર વર્ષા બિંદુઓ પડવા લાગ્યા. ટપ. . . ટપ. . . ટપ. . . ટપ. . . પળવારમાં તો હથેળી છલકાઈ ગઈ. હથેળીમાં પાણી ઉભરાવા લાગ્યું. સીમાઓ તોડી હથેળીની બહાર વહેવા લાગ્યું. હથેળીમાં પડતું, છલકાતું અને ધાર બની વહી જતું પાણી. વ્યોમા તેને જોતી જ રહી.

તેને મજા પડવા લાગી. તેણે બીજી હથેળી પણ આકાશને ધરી દીધી. બન્ને હથેળીઓ પર થઈ પાણી વહેવા લાગ્યું. ટેન્ટમાંથી અચાનક બીજી બે હથેળી પણ આકાશ તરફ મંડાઇ ગઈ. હવે હથેળી ચાર હતી. વ્યોમાએ નીરજા તરફ નજર કરી. હવે આંખો પણ ચાર થઈ ગઈ.

ચાર હથેળી આકાશ તરફ અને ચાર આંખો પરસ્પર. સુંદર સમન્વય થઈ ગયો. કોણ જાણે વરસાદ કયાઁ વરસતો હતો !

વરસાદ હવે ધીરો પડવા લાગ્યો. નીરજા અને વ્યોમા ઝડપથી આગળની યાત્રા માટે સજ્જ થઈ ગયા. ટેન્ટ ઉખાડી સામાન પેક કરી નીકળી પડ્યા મંઝિલ તરફ.

આજની યાત્રા હવે અલગ હતી. જંગલમાં ત્રણ દિવસ ચાલ્યા પછીની આજની યાત્રા જુદા રસ્તા પર શરૂ થઈ. જંગલની જે કેડી પર અત્યાર સુધી ચાલતા આવ્યા હતા તે કેડી પર નરેશ, વિશાલ અને મોહા પોત પોતાના માણસો સાથે પહેલેથી જ ચાલી નીકળ્યા હતા. એટલે રસ્તો બદલવા સિવાય કોઈ વિકલ્પ જ નહોતો.

આ રસ્તો જંગલની અંદર વધુ ઊંડો હતો. પેલી કેડીથી પણ વધુ ગાઢ જંગલ હતું એ રસ્તા પર.

"નીરજા, આ રસ્તો તો કેટલો ગાઢ અને સાંકડો છે?" વ્યોમાએ રસ્તાનું મૌન તોડ્યું.

"કદાચ આ રસ્તો જંગલના હ્રદયમાંથી પસાર થતો હશે. એટલે તો આટલો સાંકડો છે."

"તો શું જંગલનું હ્રદય પણ માણસોના હ્રદય જેટલું સાંકડું હોય છે?"

"ખબર નહીં. પણ આપણે જંગલના હ્રદયમાં છીએ. અને જંગલના હ્રદયમાંથી પસાર થતો રસ્તો ભલે સાંકડો હોય, પણ તેનું હ્રદય તો વિશાળ છે." નીરજાએ જંગલનો પક્ષ લીધો.

"આ જંગલ મારા હ્રદયમાં પણ વિસ્તરી રહ્યું છે." વ્યોમાએ પોતાના હ્રદય પર હાથ મૂકી દીધો.

"તો તો નજર કરને, તેમાં કોઈ બે પતંગિયા જેવી છોકરીઓ દેખાય છે?" નીરજાએ ટીખળ કર્યું.

"લે તું જ જોઈ લે ને આ હ્રદયમાં." વ્યોમાએ નીરજાની આંખો પર પોતાનું હ્રદય ધરી દીધું. નીરજાએ વ્યોમાના હ્રદયની પણ પાર દ્રષ્ટિ કરી. તેની આંખમાં ચમક આવી ગઈ. તે તાકી રહી અપલક તે દિશામાં. વ્યોમા પણ તે તરફ જોવા લાગી.

થોડે જ દૂર તેની નજરે ચડ્યા પતંગિયાઓ. સાવ સાચા પતંગિયાઓ. રંગબેરંગી પતંગિયાઓ. એક નહીં અનેક પતંગિયાઓ. અઢળક, અસંખ્ય પતંગિયાઓ. ઉડતા પતંગિયાઓ.

ચારે તરફ ઉડતા હતા, પતંગિયાઓ. કોઈ ઉપર, કોઈ નીચે, કોઈ ડાબે, કોઈ જમણે. કોઈ સીધા, કોઈ આડા, કોઈ વળાંક લેતા હતા. હવામાં ઉડતા પતંગિયાઓ અનેક રંગબેરંગી આકૃતિઓ રચતાં હતા. જાણે ધરતી પર ઉતરી આવ્યું, હોય ભૂલું ભટકેલું કોઈ ઇંદ્રધનુષ !

"તું તો મારા હ્રદયના જંગલમાં પતંગિયા શોધતી હતી, પણ અહીં તો જો કેટકેટલા પતંગિયાઓ આપણી સામે આવીને ઊડી રહ્યા છે." વ્યોમાએ પોતાના બંને હાથો પતંગોયા તરફ ફેલાવી દીધા.

"આ જંગલ પણ અદભૂત છે, ખરું ને?" નીરજાએ જંગલની ચારે તરફ નજર કરી .

"હા, યાર. આપણે જ્યારે જ્યારે જે જે કલ્પના કરી છે, ત્યારે ત્યારે આ જંગલે આપણને તે તે આપ્યું છે."

"આ જંગલ આપણાં મનની વાતો વાંચી લેતું હશે? આપણાં શબ્દો સાંભળી લેતું હશે? ઈચ્છાઓને જાણી લેતું હશે?" નીરજા જંગલને જાણવાની કોશિશ કરવા લાગી.

"નીરજા, એ બધું પછી ચર્ચા કરીશું. ચાલ, પેલા પતંગિયાઓને મળીએ, તેની સાથે દોસ્તી કરીએ, રમીએ, કૂદીએ, નાચીએ, દોડીએ...." વ્યોમા દોડી ગઈ પતંગિયા તરફ.

નીરજાએ તેનો હાથ પકડી તેને રોકી. વ્યોમા ઊભી રહી ગઈ. નીરજા તરફ જોયું. બન્નેની નજરો મળી. સ્મિતની એક ટૂંકી યાત્રા થઈ. નીરજાએ હાથ પકડી રાખ્યો અને બન્ને સાથે દોડી ગઈ, પતંગિયાઓને મળવા.

કેટકેટલા પતંગિયાઓ. બન્નેની ચારે બાજુએ પતંગિયાઓ, બસ પતંગિયાઓ. પતંગિયાઓના જંગલમાં અટવાયા હોય જાણે.

પતંગિયાઓ કશુંક ગણગણતા હતા. જાણે કોઈ મધુરું ગીત ગાતા હતા. નીરજા તે ગીતને ધ્યાનથી સાંભળવા લાગી. તેણે આંખ બંધ કરી દીધી. શ્વાસ રોકી ઉભી રહી ગઈ.

વ્યોમા દોડવા લાગી, ઉડવા લાગી, પતંગિયાઓ જોડે.

કોઈ ઝાડ પર, કોઈ ડાળી પર, તો કોઈ ફૂલો પર જઇ બેસતા હતા, પતંગિયાઓ. વ્યોમા તેની પાછળ દોડી જતી, ઝાડ સુધી, ડાળી સુધી, ફૂલો સુધી. તેઓને જોતી, વિસ્મય પામતી, હોઠો પર સ્મિત લાવતી, આંખો પટપટાવતી, સ્વયમ બની ગઈ એક પતંગિયુ.

પતંગિયાઓને પણ ખબર પડી ગઈ કે એક મોટું, નવું અને અજાણ્યું લાગતું પતંગિયુ ભળી ગયું છે તેઓની નાતમાં, જાતમાં. તેઓએ તેને પોતાનામાં સ્વીકારી લીધું. તેઓ સૌ પણ વ્યોમા નામના પતંગિયા જોડે રમવા લાગ્યા. એટલે તો સૌ ઉડતા હતા, દોડતા હતા, બેસી જતાં હતા અને વ્યોમાને પોતાની તરફ આમંત્રિત કરતાં હતા. અને વ્યોમા તેના બધા આમંત્રણો સ્વીકારી લેતી હતી. વ્યોમાની છાતીના પહાડો વચ્ચે વહેવા લાગ્યું પતંગિયાનું ઝરણું.

વ્યોમા અને પતંગિયામાં હવે કોઈ ફર્ક ન હતો.

નીરજા હજુ પણ બંધ આંખે તેઓનું સંગીત સાંભળી રહી હતી. તદ્દન મૌન.

પતંગિયાઓને મન નીરજા એક ઝાડ, એક ડાળી કે એક ફૂલ લાગવા માંડ્યા. તેના વાળની લટોને ઝાડની લટકતી ડાળી, તો લીસ્સા ગાલને પર્ણ, હોઠોને ફૂલની પાંદડીઓ. છાતીને પૂર્ણ વિકસેલું ફળ ને ખભાઓને વિસ્તરેલી ડાળ સમજી, કેટલાય પતંગિયાઓ તેના શરીર પર બેસી ગયા. નીરજા પણ બની ગઈ પતંગિયુ.

જંગલના પતંગિયાઓ છે કે પતંગિયાઓનું જંગલ ! નીરજા કે વ્યોમાને તેની ખબર નથી. પરવા પણ નથી.

પતંગિયાઓને કોઈ ભય ના લાગ્યો, આ બે માનવ પતંગિયાઓનો. તેઓ પણ નિરાંતે ઉડતા રહ્યા. નીરજાએ હથેળી ધરી. કેટલાક પતંગિયાઓ તેના જમણા હાથની હથેળી પર બેસી ગયા. નીરજાની હસ્તરેખાઓ રંગીન બની ગઈ. દિશાઓ પણ રંગીન બની ગઈ.

વ્યોમા પતંગિયાઓમાં ખોવાયેલી નીરજાની દુનિયાને છોડીને, જંગલને નિહાળવા લાગી. તે વિચારવા લાગી કે આટલા બધા પતંગિયાઓ અહીં કેમ છે? પતંગિયાઓ તો ફૂલોની આસપાસ હોય. જ્યાં બાગ હોય, બગીચા હોય ત્યાં જ પતંગિયાઓના ટોળાં મળે છે. આ જંગલમાં વળી ક્યારેય બાગ જેવુ જોયું નથી. તો પછી આ બધા અહીં ક્યાંથી?

તેણે એ પણ નોંધ્યું કે પતંગિયાઓ કોઈ પ્રવાસી જેમ ઉડીને યાત્રા કરતાં કરતાં અહીં નથી આવી પહોંચ્યા, પણ તેઓ તો અહીં જ રહેતા હોય તેવું લાગે છે. જો આ અનુમાન સાચું હોય તો, તો.. અહીં કેટલાય ફૂલો હશે, બાગ હશે. નક્કી અહીં કોઈ બાગ છે.

મારે એ બાગ શોધવો જ જોઈએ. તે બાગને શોધવા લાગી.

તેને ક્યાંય બાગ દૂર દૂર સુધી નજરે ના ચડ્યો. તે નિરાશ થઈ ગઈ. પણ તેનું મન કહી રહ્યું હતું કે આસપાસ નક્કી કોઈ ફૂલોના ઝાડ છે જ. તે દોડી ગઈ નીરજા પાસે. તેને તેની દુનિયામાંથી ઢંઢોળી, "નીરજા અહીં જરૂર કોઈ ફૂલોના બાગ છે, નહીંતર આટલા બધા પતંગિયાઓ ક્યાંથી હોય?"

નીરજા પાછી ફરી જંગલની દુનિયામાં, "તારી વાત તો સાચી છે. પણ, ..." નીરજા બોલતા બોલતા અટકી ગઈ. તેની આંખો કોઈ જગ્યા પર સ્થિર થઈ ગઈ. તે જગ્યા પર તે ટકી રહી. વ્યોમાની હાજરીને પણ તે વિસરી ગઈ અને બસ જોતી જ રહી ગઈ. વ્યોમાને તેની આંખોમાં કોઈ નવા ભાવો દેખાયા. તે પણ જોવા લાગી, નીરજા જ્યાં જોઈ રહી હતી ત્યાં.

દૂર, લગભગ **400** મીટર જેટલે દૂર જંગલની ઝાડીઓ વચ્ચે એક સાથે અનેક રંગીન ફૂલો હોય તેવું લાગતું હતું. બે ડાળીઓ વચ્ચેની ખાલી જગ્યાઓમાંથી એ ફૂલો ડોકાઈ રહ્યા હતા. વ્યોમાએ પણ તે ફૂલો જોયા.

પતંગિયાઓની પંક્તિઓને ભેદીને તેઓ દોડી ગયા, એ ફૂલો તરફ.

"નીરજા, આ ફૂલો તો કેવા રંગબેરંગી છે. કેવા ચળકે પણ છે."

"હા અને એનો આકાર તો જો !" નીરજાએ એક ફૂલને સ્પર્શ કરી લીધો. વ્યોમાએ પણ તે ફૂલને ધ્યાનથી જોયું. તે કોઈ નિશ્ચિત આકાર વાળું ફૂલ નહોતું.

"એનો આકાર તો કેવો વિચિત્ર લાગે છે?" વ્યોમા તે ફૂલને બધી બાજુથી જોવા લાગી.

"ચળકાટ કેટલો સુંદર છે, પણ આકાર ઠીક નથી લાગતો."

"એવા ફૂલોને ઓર્કિડ કહે છે. મે વાંચ્યું છે ક્યાંક કે આ જંગલમાં **300** થી પણ વધુ જાતના ઓર્કિડ થાય છે."

"તો બીજા પણ ઘણા ઓર્કિડ જોવા મળશે, ચાલ તેઓને શોધીએ. જોઈએ કેટલી જાતના ..." નીરજા વાત પૂરી કરે તે પહેલાં તો વ્યોમા ઓર્કિડની શોધમાં પતંગિયાથી પણ તેજ ગતિએ ઊડી ગઈ. નીરજા તેને અનુસરી.

તેઓને અનેક જાતના ઓર્કિડ જોવા મળ્યા. બધા જ વિચિત્ર આકાર વાળા, પણ અનેક રંગો વાળા. જંગલમાં ફૂલો ! રંગીન ફૂલો ! અઢળક ફૂલો ! સુંદર ફૂલો ! મનમોહક ફૂલો !

"આ ફૂલો કેટલા અદભૂત લાગે છે. બસ જો આકાર થોડો સુંદર હોત તો ..." નીરજાએ ઊંડો શ્વાસ લીધો.

"કુદરત કયાઁ બધું આપે છે? કોઈક ને કોઈક ખામી તો રાખી જ દેય છે. જો ને ચંદ્રમાં દાગ...."

"હવે એ બધી જૂની ફિલોસોફી છોડ. મને તો મન થાય છે કે અહીં જ આ ફૂલો અને પતંગિયાઓ વચ્ચે તેઓના નગરમાં જ રોકાઈ જાઉં."

"તો ચાલ ને રોકાઈ જઈએ. અહીં કેવી મજા પડે છે." વ્યોમાએ નીરજાની લાગણીઓને ઉશ્કેરી.

"તો ચાલ બાંધ આપણો ટેન્ટ." નીરજા પણ ઉત્સાહમાં આવી ગઈ.

"મેડમ નીરજા, રસ્તાના પ્રેમમાં પડવાની તમારી આદત ગઈ નહીં. મંઝિલ તો નહીં મળે, જો આમ રસ્તાને પ્રેમ કરવા લાગશો તો."

"પણ રસ્તો આટલો રોમાંટીક હોય તો તેનું આકર્ષણ તો થાય ને?"

"અને હું જરા સરખી પણ પ્રેમની અને રોમાંસની વાત કરું, ત્યારે તું મને તેમ કરતાં રોકે છે, યાદ છે ને?" વ્યોમાએ નીરજાના ગાલ પર હળવી ટપલી મારી.

નીરજા શરમાઇ ગઈ. વ્યોમાને તેની એ અદા પસંદ પડી, "તો મને પણ રોમાન્સ કરવાની અને રોમાંટિક વાતો કરવાની છૂટ ને?"

"ના. બિલકુલ નહીં."

"કેમ?" વ્યોમાએ નાકનું ટેરવું ચડાવ્યું અને પહોળી આંખો કરી નીરજા સામે જોવા લાગી. નીરજા હસી પડી. વ્યોમા પણ.

"ચાલો હવે મંઝિલ તરફ ચાલવા લાગો, નીરજા જી." વ્યોમા ચાલવા લાગી. નીરજા પણ પતંગિયાઓને પાછળ મૂકી, ફૂલોના રંગોને છોડીને વ્યોમાની સાથે ચાલવા લાગી, મંઝિલ તરફ.

"જો આપણે જંગલમાં આટલા અંદરની તરફ ના આવ્યા હોત તો આ પતંગિયા, આ ઓર્કિડ અને તેના રંગો વગેરે જોવા મળત ખરા?" નીરજાએ રસ્તાના મૌનને તોડવા માંડ્યુ.

"તો તે માટે નરેશ અને મોહાનો આભાર માનવો પડશે, નીરજા." વ્યોમાએ નીરજા તરફ જોયા વિના જ જવાબ આપ્યો.

"એ કઈ રીતે?"

"જે કેડી પર આપણે ચાલતા હતા ત્યાં તેઓ ના આવ્યા હોત તો આપણે આ વિકટ રસ્તો પસંદ ના કર્યો હોત અને તે જૂના રસ્તા પર આ બધું હોત કે કેમ તે મને નથી ખબર."

"ઓહ યસ, તારી વાત સાચી છે. અને હા, આ રસ્તો વિકટ છે પણ સુંદર છે. કદાચ વધુ સુંદર."

"એટલો સુંદર છે, કે અહીં રોકાઈ જવાનું મન થઈ જાય, ખરું ને, નીરજા?" અને બંને હસવા લાગી.

"નવો રસ્તો વધુ વિકટ છે તો સુંદરતા પણ ભરપૂર છે. જેમ અંદર ઊતરીએ તેમ ખબર પડે કે ભયાનક લાગતા જંગલમાં પણ અદભૂત સુંદરતા છુપાઈને બેઠી છે, લપાઈને બેઠી છે." નીરજાને જંગલનું ઊંડાણ ગમવા લાગ્યું.

"ઉપરથી જે દેખાય તે જ અંદર હોય તેવું જરૂરી નથી. ઉપર દેખાય એ તો આવરણ હોય છે. અંદર હોય છે અસલી..."

પ્રકરણ 45

"ત્યાં જો, મને કોઈક હોય તેવું દેખાય છે." નીરજાએ દક્ષિણ પૂર્વમાં હાથ લાંબો કર્યો.

કોઈ બે વ્યક્તિઓની આકૃતિ દેખાઈ રહી હતી. એક પુરુષ અને એક સ્ત્રી હોય તેવું લાગી રહ્યું હતું. તેઓ ઝાડી વચ્ચેથી જંગલના માર્ગ તરફ આવી રહ્યા હતા. નીરજા અને વ્યોમા પણ તે માર્ગ પર જ ચાલી રહ્યા હતા.

તેઓ વધુ નજીક આવી ગયા. હવે સ્પષ્ટ દેખાતું હતું, કે તેઓ સ્ત્રી અને પુરુષ જ હતા. તેઓના શરીર પર રહેલા કપડાં ઉપરથી લાગતું હતું કે તેઓ કોઈ સાધુ-સાધ્વી હશે. તેઓ પાસે એક થેલી પણ હતી.

"નીરજા, અહીં જ રોકાઈ જા." વ્યોમા સાવધ થઈ ગઈ.

"કેમ? શું થયું?" નીરજા રોકાઈ ગઈ. વ્યોમાએ હોઠો પર આંગળી મૂકી ચૂપ થઈ જવા કહ્યું. અને ઈશારાથી સાધુ-સાધ્વીને જોવા કહ્યું. બંને ઝાડની આડશમાં છુપાઈ ગયા અને પેલા બંને પર નજર રાખવા લાગ્યા.

તેઓ હવે માર્ગ પર આવી રહ્યા હતા. તેઓના વસ્ત્રોનો રંગ સફેદ હતો. બંને યુવાન હતા. 18-20 ની ઉમર હશે. સાધુએ નીચે એક વસ્ત્ર વીંટાળેલું હતું. કદાચ લુંગી જેવુ. ઉપર, એક ખભા પર ઉપવસ્ત્ર ઓઢેલું હતું. બીજો ખભો ખુલ્લો હતો.

સાધ્વીએ પણ નીચે સફેદ વસ્ત્ર વીંટાળેલ હતું. પણ તે વસ્ત્ર તેના ગોઠણ સુધી જ ઢંકાયેલું હતું. નીચે પગ ખુલ્લા દેખાઈ રહ્યા હતા. કોઈ સ્કર્ટ જેવુ લાગતું હતું. ઉપર બંને ખભા ખુલ્લા દેખાય તેમ કોઈ વસ્ત્ર વીંટયું હતું. પીઠ પણ અર્ધ ખુલ્લી હતી. કમર નીચેનો ભાગ પણ ખુલ્લો દેખાતો હતો. તેના વસ્ત્રો તેના શરીરને ઢાંકવા કરતાં ઉઘાડા વધુ કરતાં હતા. તેનું ઉઘાડું શરીર ખૂબ જ માદક લાગતું હતું. એક એક વળાંક આકર્ષક અને ખુલ્લા હતા.

તેઓ હવે માર્ગ પર આવી ગયા. અને દક્ષિણ દિશા તરફ ચાલવા લાગ્યા. નીરજા અને વ્યોમાને પણ તે જ દિશામાં જવાનું હતું. પણ તેઓ હજુ પણ ત્યાં જ ઉભા રહ્યા અને તેઓને દૂર જતાં જોઈ રહ્યા.

"નીરજા, આ બંને સાધુ-સાધ્વી લાગતા નથી. મને તો લાગે છે…" વ્યોમા ઉશ્કેરાઈ ગઈ.

"મને એ લોકો શંકાસ્પદ લાગે છે. આપણે તેનો પીછો કરવો પડશે. પણ સલામત અંતરે." નીરજા પણ હવે નવા સાહસ માટે ઉત્તેજિત થઈ ગઈ.

"તેમાં જોખમ રહેલું છે હો, ખબર છે ને?"

"કેવું જોખમ?" નીરજાએ પ્રશ્ન કર્યો.

"એક, નરેશ અને મોહાના માણસો આ જંગલમાં જ ફરી રહ્યા છે. આ લોકો કદાચ તેના જ માણસો હોઇ શકે. બે, આ લોકો સ્થાનિક છે. આપણે બહારના છીએ. જો તેઓ આપણાં પર હુમલો કરે તો ? તેઓ પાસે હથિયાર પણ હોઇ શકે છે. ત્રણ, …" વ્યોમા જોખમનું ગણિત સમજાવવા લાગી.

પણ નીરજાએ તેને અટકાવી દીધી, "હવે જોખમોથી ડર નથી લાગતો. આ જંગલે એટલા નિર્ભય તો બનાવી જ દીધા છે."

"એમ કે? વાહ. નિર્ભય ! પણ, સ્વ-રક્ષણની શી યોજના છે તારા મનમાં?"

"તું ભૂલી ગઈ વ્યોમા કે, આપણે કરાટે જાણીએ છીએ. ગમે તેવાને પછાડી શકીએ છીએ." નીરજાએ હાથ પહોળા કરી જાતને ચકાસી લીધી. વ્યોમાએ પણ કરાટેની એકાદ કીક હવામાં લગાવી દીધી. બંને સજ્જ થઈ ગયા, આવનારી સ્થિતિનો સામનો કરવા.

"તો ચાલો, મિશન જંગલ પર." બંનેએ એકબીજાના હાથ પકડી લીધા. પેલા સાધુ-સાધ્વીની પાછળ પાછળ ચાલવા લાગ્યા.

પેલા બન્ને જણા ચાલી રહ્યા હતા. તેઓને ખબર નહોતી કે કોઈ બે છોકરીઓ તેની જાસૂસી કરી રહી છે. તેઓ માની રહ્યા હતા કે આ જંગલમાં તેઓના સિવાય બીજું કોઈ જ નથી, કે નથી બીજું કોઈ તેઓને જોઈ રહ્યું. તેઓ વાતો કરવા લાગ્યા. તેઓ અને નીરજા-વ્યોમા વચ્ચે થોડું અંતર હતું, એટલે તેઓની વાત નીરજા અને વ્યોમા સાંભળી નહોતા શકતા.

પણ, તેઓ વાતો કરતાં હતા કે,

"કેટલા સમય પછી આ મોકો મળ્યો આપણને." સાધુએ સાધ્વીના કમરમાં હાથ નાંખી કહ્યું.

"અને તેં એ મોકાનો પૂરેપૂરો ફાયદો પણ લીધો ને." સાધ્વીએ સાધુના કમરમાં ઘૂસેલા હાથને પકડી લીધો.

"તેં પણ તો, મને રોક્યો નહોતો. તું પણ કેટલી ખુશ હતી."

"શા માટે રોકું? હું પણ એક યુવાન છોકરી છું. મને પણ આ બધું ગમે છે."

"ઓહ, ખરેખર? તો પછી હું પ્રતિક્ષા કરીશ, ફરીથી એવા જ ..."

"હું તો રાહ જોવા નથી માંગતી." સાધ્વીએ સાધુની વાત અડધેથી જ કાપી નાંખી. સાધુનો હાથ પકડી તેને પોતાના તરફ ખેંચી એક લાંબુ અને ઉત્કટ આલિંગન આપી દીધું. સાધુ થોડો ચમકી ગયો. તેને સાધ્વી આમ તરત જ ઉત્તેજિત થઈ જશે એવી કલ્પના પણ ન હતી. તે જરા સ્વસ્થ થાય તે પહેલાં તો સાધ્વીએ તેને ફરી પોતાની તરફ ખેંચ્યો અને ગીચ ઝાડીમાં તેને ખેંચી ગઈ. બન્ને ઝાડી પાછળ ખોવાઈ ગયા.

તે ઝાડીથી નીરજા અને વ્યોમા દૂર હતા, પણ તેઓ તેને જોઈ શકતા હતા. ઝાડી ખૂબ જ ગીચ હતી. ઝાડી ધીરે ધીરે હલવા લાગી. ક્ષણમાં તો તે ઝડપથી હલવા લાગી. હવે તેના કંપનમાં તિવ્રતા હતી. તિવ્રતા વધતી જતી હતી. ખૂબ વધી ગઈ. જાણે કોઈ ઝાડને પૂરી તાકાતથી હલાવી રહ્યું હતું.

કંપનથી હલી રહેલી ઝાડીમાંથી એક નાજુક ડાળી તૂટી ગઈ. કંપન અટકી ગયું. ઝાડ થાકી ગયું. હાંફી ગયું. શ્વસી રહ્યું. બધું જ ફરીથી સ્થિર થઈ ગયું.

નીરજા અને વ્યોમા ઝાડીની નજીક પહોંચી ગયા, "તેઓ હમણાં જ પાછા બહાર આવશે. જો આપણે અહીં જ ઊભા રહીશું, તો તેઓ ક્ષોભ અનુભવશે અને જાણી જશે કે આપણને તેઓની લીલાની ખબર પડી ગઈ છે. માટે થોડા આગળ નીકળી જઈએ." નીરજાએ સૂચન કર્યું. વ્યોમા સમજી ગઈ. બન્ને થોડા આગળ જઇ પીઠ ફેરવી ઊભા રહ્યા. તેઓ ઝાડીની બહાર આવે તેની રાહ જોવા લાગ્યા.

થોડા સમયમાં સાધુ –સાધ્વી ઝાડીની બહાર આવ્યા. તેઓના પગનો અવાજ સાંભળી નીરજા અને વ્યોમાએ પાછળ નજર કરી. સાધ્વી–સાધુની નજર નીરજા અને વ્યોમાની નજર સાથે મળી. તેઓ બન્ને ચોંકી ગયા.

એક તો આ જંગલમાં કોઈ હોઇ શકે એ વાત જ તેઓ માટે માની ના શકાય તેમ હતી. બીજું, તેઓ કઢંગી સ્થિતિમાં હતા. તેઓને આ જંગલમાં કોઈ જોઈ જશે તેવી કલ્પના પણ નહોતી, અને એ પણ બે સુંદર છોકરીઓ !

સાધુનું ધોતિયું હજુ પણ ખૂબ જ ઊંચું હતું. સાધ્વીની છાતી અર્ધ ખુલ્લી હતી. પીઠ પૂરેપુરી ખુલ્લી હતી. નીચેના ભાગે એક જાંઘ પણ ડોકાઈ રહી હતી.

નીરજા અને વ્યોમાને જોઈને ક્ષોભિલા પડી ગયા, બન્ને. ફટાફટ જાતને સંભાળવા લાગ્યા. કપડાં અને શરીરને ઠીક ઠાક કરવા લાગ્યા. બે'ક મિનિટ લાગી તેઓને સ્વસ્થ થતાં. સાધ્વીની નજર શરમથી નીચી થઈ ગઈ. સાધુ પણ નજર બચાવી રહ્યો હતો.

"આપ લોકો કોણ છો? આ જંગલમાં ક્યાંથી?" સાધુએ માંડ માંડ પૂછ્યું.

"અમે જંગલના દોસ્ત છીએ. પણ તમે કોણ છો?" વ્યોમાએ આંખમાં આંખ નાંખી પૂછ્યું. તેઓ બંને ડઘાઈ ગયા. વ્યોમાએ

ન જરને વધુ કરડી કરી.

"અમે.. તો.. અમે.. " સાધુએ બોલવા કોશિશ કરી પણ નિષ્ફળ ગયો. તેણે સાધ્વી તરફ નજર કરી. તે હજુ પણ નીચી નજર રાખી ઊભી હતી.

"શું કરી રહ્યા છો તમે લોકો?" નીરજાએ પણ પ્રશ્ન કર્યો. વ્યોમા સાધ્વીની નજીક ગઈ. તેની પીઠ પર હાથ ફેરવવા લાગી. તેણી સ્વસ્થ થવા લાગી.

"મારા પિતાનો આશ્રમ છે, તેઓ ગુરુકુળ ચલાવે છે. ત્યાં આ ભણે છે. અમે.." સાધ્વી ગભરાટમાં બોલી ગઈ.

"શું નામ છે તારું ?"

"પુનિતા."

"ને તારું?"

"તે કિરણ છે." કિરણ વતી પણ પુનિતાએ જ જવાબ આપ્યો.

"કયાઁ જઇ રહ્યા છો?" હજુ પણ વ્યોમાના અવાજમાં કડકાઇ હતી.

"અમે આશ્રમ તરફ જઇ રહ્યા છીએ. અહીંથી એકાદ કિલોમીટર જ દૂર છે. તમે પણ અમારા આશ્રમમાં ચાલો. મારા પિતાને મળીને તમને ગમશે. મારા પિતા સંત તરીકે પૂ જાય છે...." પુનિતાએ બધી વિગત જણાવી દીધી.

"ઓહ, તારા પિતા સંત છે? અને તું? જરૂર મળવું પડશે તારા સંત પિતાને." નીરજા કટાક્ષમાં બોલી.

"તો ચાલો આપણે આશ્રમ જઈએ." કિરણ ચાલવા લાગ્યો.

"આશ્રમમાં પિતા પાસે આ હાલતમાં જઈશ? જરા કપડાં તો ઠીક પહેરી લે." વ્યોમાએ તેને ટોકી.

"કિરણ, તું પણ કપડાં સરખા કરી લે." નીરજાએ કિરણને પણ રોક્યો.

"પુનિતા, તું મારા આ કપડાં પહેરી લે. તારું આ નગ્ન શરીર ઢાંકી લે."

"ના, મારી આ થેલીમાં કપડાં છે જ." પુનિતાએ પૂરું શરીર ઢાંકી લીધું. કિરણે પણ.

સૌ ચાલવા લાગ્યા આશ્રમ તરફ.

રસ્તામાં પુનિતાએ કહ્યું, "કિરણ દૂરના કોઈ ગામનો રહેવાસી છે અને એકાદ વર્ષથી આશ્રમમાં ભણે છે. મને તે ગમવા લાગ્યો હતો. કોઈને કોઈ બહાને હું કિરણને મળવા લાગી. કિરણને પણ હું ગમવા લાગી હતી. અમારા વચ્ચે છૂપી મુલાકાતો થતી. પણ ધાર્યું એકાંત નહોતું મળતું. એકબીજા પ્રત્યે શારીરિક આકર્ષણ થઈ ગયું. કોઈ યોગ્ય એકાંતના અવસરની રાહ જોવા લાગ્યા અમે બન્ને.

આજે એ અવસર મળી ગયો. કોઈ કારણસર બાજુના ગામમાં મારે જવાનું થયું અને મેં જ મારી સાથે કિરણને લઈ જવાની મંજૂરી લઈ લીધી. અમે આજે પૂરેપૂરા એકબીજાને સમર્પિત થઈ ગયા, બે વખત." પુનિતાએ વાત પૂરી કરી.

નીરજાને તેની વાત પર ગુસ્સો આવી ગયો. વ્યોમાને તેના પર ધૃણા થઈ આવી.

"શું કરીશું? આશ્રમમાં જવું છે? કે ..." વ્યોમાએ નીરજાને પૂછ્યું.

"આ આશ્રમ સુંદર લાગે છે, અને તું તો જાણે છે કે મને સુંદર જગ્યા ખૂબ ગમે છે." નીરજાએ સંકેત આપી દીધો કે તે આશ્રમની

ખબર કાઢવા માંગે છે. કોઈ સાહસને આમંત્રણ આપી રહી છે. વ્યોમા તેનો ઈશારો સમજી ગઈ.

સૌ આશ્રમમાં દાખલ થયા. વિશાળ જગ્યામાં ફેલાયેલો હતો આશ્રમ. ખૂબ ખુલ્લી જગ્યા અને તેમાં ગુરુકુળ જેવા અનેક રૂમો. તેનું વાતાવરણ પરાણે પવિત્ર બનાવેલું હોય તેવું લાગ્યું. થોડાક ભક્તોની હાજરી હતી. વિધ્યાર્થીઓ પણ હતા.

ડાબા હાથ પર એક મોટા વૃક્ષ નીચે કોઈ જટાધારી બેઠું હતું. નાનું એક ટોળું તેના ચરણોમાં બેઠું હતું. બંનેને સમજાઈ ગયું કે એ પુનિતાના પિતા અને આશ્રમના માલિક છે.

પુનિતા તેને ત્યાં લઈ ગઈ. કિરણ પોતાના રૂમમાં જતો રહ્યો.

પુનિતાએ નીરજા અને વ્યોમાનો પરીચય કરાવ્યો. થોડી ઘણી વાતો થઈ. બન્નેએ આશ્રમ, તેના વાતાવરણ અને તેના માલીકને પારખી લીધા. તેઓને આશ્રમમાં એકાદ રાત રોકાઈ જવા આગ્રહ પણ થયો.

"અમારે હજુ દૂર જવાનું છે. એટલે હવે અમે જઈશું." બન્ને ઊભી થઈ ગઈ.

"અહીંથી બે રસ્તા ફાંટાય છે. બન્ને રસ્તા બે કિલોમીટર બાદ ફરી ભેગા થાય છે. તમે જમણી બાજુના રસ્તે જજો." પુનિતાના પિતાએ સૂચવ્યું.

"કેમ? બન્ને રસ્તા એક જ દિશા તરફ જાય છે, તો જમણા રસ્તા પર જ કેમ? ડાબા રસ્તા પર કેમ નહીં?" વ્યોમાએ વિરોધ વ્યક્ત કર્યો.

"ડાબી બાજુનો રસ્તો તમારા માટે થોડો વિકટ છે." તેણે કહ્યું.

"ઠીક છે." કહીને બન્ને આશ્રમ બહાર નીકળી ગઈ. થોડું ચાલ્યા બાદ રસ્તો બે ભાગમાં ફંટાઇ ગયો. ડાબી અને જમણી.

એ ફાંટા પર બન્ને ઊભા રહી ગયા. એકબીજા સામે નજર કરી. આંખોએ વાતો કરી. ખડકડાટ હસવા લાગ્યા. બન્ને ચાલવા લાગ્યા ડાબા રસ્તા પર.

"દંભનું કેવડું મોટું જંગલ વસે છે ત્યાં, નીરજા?"

"તું આશ્રમની વાત કરે છે ને?"

"હા. ગુરુની જ દીકરી આશ્રમના વિધ્યાર્થીને ઉશ્કેરે અને તેની સાથે મોકો મળતા જ શારીરિક સંબંધ પણ બાંધી લે. એક બાજુ જ્ઞાનની વાતો અને બીજી બાજુ ..."

"વ્યોમા, જવા દે એ વાતને. ભૂલી જા વિતેલી પળ માનીને. હવે એ જોવાનું છે, કે આપણાં માટે કહેવાતો વિકટ રસ્તો કેવો છે? શું એ રસ્તા પર કોઈ નવો દંભ વસે છે? શા માટે તેણે ડાબા રસ્તાને બદલે જમણા રસ્તા પર જવા આગ્રહ રાખ્યો છે?" નીરજાએ કોઈ અજાણ ઘટનાને પડકાર આપી દીધો.

"તું પણ મારી જેમ કોઈ રહસ્યને ધારી રહી છે, આ રસ્તા પર?" વ્યોમાએ મનની વાત કહી.

"ચોક્કસ કોઈ રહસ્ય આપણી પ્રતિક્ષા કરી રહ્યું છે. જો જંગલ પણ તેના સંકેતો આપી રહ્યું છે." એક ભેદી હવાની લહેર રસ્તા પર સાથે ચાલવા લાગી. જંગલ ગૂઢ મૌન ધરી બેઠું.

5-7 મિનિટ બંને ચાલતા રહ્યા, મૌન. ખાસ કોઈ ઘટના ના બની. કોઈ ચહલ પહલ પણ ના જોવા મળી. સ્થિર શાંત જંગલ પર પગલાઓ પડતાં રહ્યા. બસ, એક માત્ર પેલી ભેદી હવા હજુ પણ સાથે ચાલી રહી હતી.

"આમ, કોઈ ડર સાથે લઇને ચાલતા હોઈએ એમ, મૌન કેમ બની ગયા છીએ? જંગલમાં મૌન વધુ બિહામણું લાગે છે," નીરજાએ ભેદી હવાને પરાસ્ત કરતા કહ્યું.

"હા, યાર. કારણ વગરના ડરનો ભાર લઈને ચાલીએ છીએ. એક કામ કર, કાં તો આપણે કોઈ ગીત ગાઈએ કાં તું વાંસળી વગાડ. કોઈક મસ્તી, કોઈક ધમાલ કરીએ." બંને એક ઝાડ નીચે ઊભા રહી ગયા.

"આપણે ગીત જ ગાઈએ. ચાલ પહેલું ગીત તું ગા."

'ગુમનામ હૈ કોઈ, બદનામ હૈ કોઈ….." વ્યોમાએ ગાવાનું શરૂ કર્યું. નીરજાએ તેને રોકી.

"આ શું? આ તે કેવું ગીત ગાય છે તું? લાગે છે હજુ પણ તારા પર ડર સવાર છે. રહસ્યનું નહીં, આનંદનું કોઈ ગીત ગા." નીરજા ચિડાઇ ગઈ. ઉલ્ટી દિશામાં મોઢું ફેરવી ગઈ.

"અરે, તું તો નારાજ થઈ ગઈ. ચાલ હું કોઈ રોમાંટિક ગીત ગાઉ." કહીને વ્યોમાએ ગાવા માંડ્યુ, "ગુમ હૈ કિસી કે પ્યારમે, દિલ સુબહ શામ…" પણ હજુ ય નીરજા ઉલ્ટી દિશામાં નજર કરી ઊભી હતી. વ્યોમા તેના તરફ ફરી. નીરજા ધ્યાનથી દૂર કશુંક જોઈ રહી હતી. વ્યોમાએ પણ ત્યાં નજર કરી.

300 ફૂટ દૂર ઝાડી પાછળ કોઇની હાજરી હોય તેવું લાગતું હતું.

"બે થી ત્રણ વ્યક્તિ હશે," વ્યોમાએ અનુમાન લગાવ્યું.

"થોડા નજીક જઈએ. ચૂપ ચાપ તેના પર નજર રાખીએ." નીરજા ખૂબ જ ધીરેથી બોલી.

"તો રહસ્ય અહીં અસ્તિત્વ ધરાવે છે. મજા આવશે." વ્યોમાએ નીરજાના કાનમાં ફૂંક મારી.

"રોમાંચ અને જોખમ આપણી આગતા સ્વાગતા કરવા ઉત્સુક લાગે છે." નીરજાના હોઠો પર સ્મિત આવી ગયું.

નજીક ગયા, બંને. ખૂબ જ સાવચેતીથી ઝાડીની નાની જગ્યામાંથી અંદર નજર નાંખી. બન્ને દંગ થઈ ગયા. ત્યાં ત્રણ વ્યક્તિઓ હતા. બે જીવિત અને ત્રીજી લાશ. પેલા બન્ને વ્યક્તિ લાશને ઢસડીને ઝાડીની અંદર લઈ ગયા હતા. તેને લીધે ડાળીઓ તૂટીને વિખરાયેલી પડી હતી.

ઝાડીની અંદર 45-50 ફૂટ દૂર સુધી તેઓ લાશને ઢસડીને લઈ ગયા હતા. તે બન્ને યુવાન પુરુષ હતા. એક 22 વર્ષનો અને બીજો 25 વર્ષનો લાગતો હતો. શરીરે મજબૂત હતા. પહેલી નજરે તેઓ ભયાનક નહોતા લાગી રહ્યા. પણ, લાશ સાથે હતા એટલે તેઓ ગુંડા જેવા લાગતા હતા.

લાશને તેણે ત્યાં છોડી અને થાક ખાવા લાગ્યા. એક જણાએ ખિસ્સામાંથી એક નાની બોટલ કાઢી, હોઠે લગાડી. એક ઘૂંટ લઈ તેણે બીજાને આપી. તેણે પણ એક ઘૂંટ લગાવ્યો.

નીરજાનું ધ્યાન લાશ પર ગયું. તે ચોંકી ગઈ.

"વ્યોમા, જો પેલી લાશ તો એક યુવાન છોકરીની છે." નીરજાએ વ્યોમાના કાનમાં જઈને વાત કરી.

"તેનું મૃત શરીર પણ ખૂબ સુંદર લાગે છે." વ્યોમા પણ ધીરેથી બોલી.

"તેના શરીર પર કોઈ ઘાવના નિશાન તો નથી લાગતાં. તો પછી તેનું મોત કેમ થયું હશે?"

"કદાચ ઝેર આપીને કે ગળું દબાવીને." લાશ પર જ નજર રાખી વ્યોમાએ કહ્યું.

પેલા બન્નેએ એક મોટી બોટલ હાથમાં લીધી. એક જણે તેનું ઢાંકણું ખોલી તેમાનું પ્રવાહી લાશ પર રેડવા માંડ્યુ.

"અરે, આ તો કેરોસીન કે પેટ્રોલ લાગે છે."

"લાશને બાળી નાંખવાનો ઇરાદો લાગે છે."

બીજા જણે લાઈટર વડે આગ લગાડી. બન્ને લાશથી થોડા દૂર જઇ ઊભા. લાશ ધીરે ધીરે આગ પકડી રહી હતી. બળતી લાશને તેઓ બન્ને જોઈ રહયા.

નીરજાએ મોબાઈલ ફોને કાઢ્યો, ઓન કર્યો.

“શું કરે છે, તું?” વ્યોમાએ તીક્ષ્ણ નજરે નીરજાને સવાલ કર્યો.

“પોલીસ સ્ટેશન પર ફોન કરી, જાણ કરું છું.” નીરજાએ પોલીસ સ્ટેશનનો નંબર લગાડી દિધો. બધી જ માહિતી આપી દીધી. સામેથી ફોન કપાઈ ગયો.

“શું કરી નાંખ્યું તેં? તને ખબર છે તેનું પરિણામ શું આવશે?” વ્યોમા ગુસ્સે થઈ ગઈ.

“હા, થોડી વારમાં પોલીસ આવી જશે.”

“એ પહેલાં, એ વિચાર કે આ માણસો આટલી બિન્દાસ્ત કતલ કરીને લાશ બાળી શકે છે, એનો અર્થ એ છે કે પોલીસ બધું જાણે છે. કદાચ પોલીસ પણ તેમાં ભળેલી હોય.”

“ઓહ માય ગોડ. જો એમ હોય તો બહુ મોટી ભૂલ કરી નાંખી, મેં. હવે શું કરીશું?” નીરજા ચિંતિત થઈ ગઈ.

“સૌથી પહેલાં મોબાઈલમાંથી કાર્ડ કાઢી નાંખ. અને તરત જ અહીંથી ભાગી છૂટીએ. દૂર દૂર જતાં રહીએ.” વ્યોમાએ ઉપાય બતાવ્યો.

નીરજાએ ફોનમાંથી સિમ કાર્ડ કાઢી નાંખ્યું. ત્યાંથી ભાગી જવા કદમ ઉપાડવા જતાં હતા, ત્યાં જ નીરજાના હાથમાંથી થેલો છટકી ગયો. ઝાડી પર પડ્યો. એક અવાજ થયો. પેલા બન્ને લાશને બળતી મૂકી ઝાડી તરફ દોડ્યા. તેઓ નીરજા અને વ્યોમા ઊભા હતા તે તરફ આવવા લાગ્યા.

બન્ને કશું પણ કરી શકે એ પહેલાં તો પેલા બન્ને ત્યાં આવી પહોંચ્યા. તેઓને જોઈ બન્ને ડઘાઈ ગઈ. પણ, એકબીજા સામે નજર કરી હિમ્મત મેળવી લીધી. ક્ષણવારમાં તો ગમે તે પડકારને પહોંચી વળવા સજ્જ થઈ ગઈ.

પેલા બન્નેએ તેઓ પર હુમલો કરવા માંડ્યો. બન્ને તે માટે સજ્જ હતી જ. કરાટેના વિવિધ દાવપેચનો પ્રયોગ કરવા લાગ્યા. પેલા બન્ને સશક્ત હતા પણ સાવધ નહોતા. તેઓને એમ હતું કે શહેરની નાજુક છોકરીઓને તો ચપટીમાં ચોળી નાંખશે.

પણ, નીરજા અને વ્યોમા અચાનક અને સતત કરાટેના જુદા જુદા પ્રહારો કરવા લાગી. તેઓને સામો પ્રહાર કરવાનો કોઈ અવસર જ ના મળ્યો. બન્નેના પ્રહારોથી તેઓ ઘાયલ થઈ ગયા. જમીન પર પડી ગયા. એક સાથે બન્નેએ તેઓના ગુપ્ત ભાગ પર પૂરી તાકાતથી પ્રહાર કર્યો. ચીસ પડી ઉઠ્યા બન્ને ગુંડાઓ. તેઓ ખૂબ જ ગંભીર રીતે ઘાયલ થઈ ગયા હતા. મોઢામાંથી લોહી પણ નીકળવા લાગ્યું.

નીરજા અને વ્યોમાને ખાત્રી થઈ ગઈ, કે હવે તેઓ તાત્કાલિક ઊભા થઈ શકે તેમ નથી. લાગ જોઈ તેઓ ત્યાંથી ભાગી નીકળ્યા. ત્યાં લાશ બળતી રહી. પેલા બે ગુંડાઓ દર્દથી કણસતા રહ્યા.

નીરજા અને વ્યોમા ખૂબ ઝડપથી ભાગી રહ્યા હતા. લગભગ દોડી રહ્યા હતા. એકાદ કલાક આમ જ ભાગતા રહ્યા. ઘટના સ્થળથી ખૂબ જ દૂર, ચારેક કિલોમીટર જેટલા દૂર આવી ગયા. ખૂબ થાકી ગયા.

“વ્યોમા, ક્યાં સુધી ભાગતા રહીશું? હું તો થાકી ગઈ છું.” નીરજાએ આખા રસ્તામાં સાથે સાથે ચાલતા, દોડતા, હાંફતા, થાકી ગયેલા મૌનને ભગાડતા કહ્યું.

નીરજા સતત એકાદ કલાકથી દોડતા દોડતા, ભાગતા ભાગતા થાકી ગઈ હતી. હાંફી પણ રહી હતી. એક પણ શબ્દ બોલ્યા વિના, એક પણ ક્ષણ રોકાયા વિના, ભાગતા જ રહ્યા હતા. વ્યોમા પણ થાકી ગઈ હતી. રોકાઈ ગઈ. નીરજા પણ.

"હવે આપણે સલામત અંતરે છીએ. થોડી વાર રોકાઈ જઈએ." વ્યોમા રોકાઈ ગઈ. નીરજા પણ .

નિરાંતે બેસી ગયા. ઠંડી હવા અને જંગલના વાતાવરણે ઝડપથી થાક ઉતારી દીધો.

"કોણ હશે એ લોકો?" નીરજાએ વાત આરંભી.

"ખબર નથી. પણ જે હતા તે ખૂબ જ ક્રૂર હતા. માણસાઈ જેવી કોઈ વાત તેમાં નહોતી."

"કેવા ઠંડા કલેજે કોઈ છોકરીની હત્યા કરી નાંખે, અને એથી ય વધુ નફ્ફટાઈથી લાશને બાળી પણ નાંખે."

"લાગે છે કે કોઈ ગેંગ જ હશે. પણ, કોણ હોઇ શકે…" વ્યોમા અનુમાન લગાવવા લાગી.

"કેવા નિર્દય હતા એ બન્ને?" નીરજાએ ઊંડો એક શ્વાસ લીધો.

"કેવા હટ્ટા કટ્ટા હતા. લડાઈ કરવાની કેવી મજા પડી?" વ્યોમાએ લડાઈની યાદ અપાવી. નીરજા પણ લડાઈની ક્ષણોને યાદ કરવા લાગી.

"પહેલો ઘા રાણાનો. એ હિસાબે આપણે જ તેઓ પર પહેલો પ્રહાર કરીને તેને મોકો જ ના આપ્યો. એટલે આપણે તેને પછાડીને ભાગવામાં સફળ થયા. નહીંતર …" વ્યોમા એ પળોને યાદ કરવા લાગી.

"એક મિનિટ, વ્યોમા. મને કોઈ કડી મળી રહી છે." નીરજાના હોઠો પર સ્મિત આવી ગયું.

"શું? જલ્દી કહે." વ્યોમા અધિરી થઈ ગઈ. નીરજાની તરફ જોવા લાગી. તેની આંખમાં ચમક હતી.

"પેલા બે જણા સાથે જ્યારે લડાઈ ચાલતી હતી ત્યારે આપણે તેના ગુપ્તાંગ પર પ્રહાર કર્યો હતો યાદ છે તને?"

"હા, અને બંને કેવા ઘાયલ થઈને જમીન પર પડી ગયા હતા. કેટલી વાર બાદ ઉભા થઇ શક્યા હશે?"

"એ પ્રહાર જ એવો હતો કે જલ્દીથી ઊભા થઈ શકે જ નહીં."

"કરાટેની વિદ્યાનો બ્રહ્માસ્ત્ર પ્રહાર છે એ. બિચારા ગુંડાઓ." વ્યોમા વ્યંગમાં હસવા લાગી.

"જ્યારે મેં પ્રહાર કર્યો, ત્યારે તેણે સામે હાથ ધર્યો હતો. ત્યારે તેની હથેળીમાં એક આકૃતિ મને દેખાઈ હતી. કોઈ વિશિષ્ટ છાપ કે નિશાન હોય તેવું લાગતું હતું. તને દેખાયું હતું એવું કોઈ નિશાન?"

"હા, બીજાની હથેળીમાં પણ એવું નિશાન હતું. મને પાકું યાદ છે, એ ત્રિશુળનું નિશાન હતું." વ્યોમાએ ખાતરીપૂર્વક વાત કરી.

"બિલકુલ સાચી વાત. એ ત્રિશુળનું જ નિશાન હતું. પણ, એ નિશાન બીજે ક્યાં જોયેલું એ તને યાદ છે?"

"હા, કેમ નહીં? પુનિતાની હથેળીમાં, પેલા ગુરુજીની હથેળીમાં અને આશ્રમના ભક્તોની હથેળીમાં પણ એ જ નિશાન હતું. મને બરાબર યાદ છે."

"એટલે કે તેઓ આશ્રમના જ માણસો છે. ઓહ, તો ગુરુજીના જ માણસો ખૂની છે" નીરજા ચોક્કસ નિષ્કર્ષ પર આવી ગઈ.

"ના, નીરજા, એવું નથી." વ્યોમા જુદું જ વિચારી રહી હતી.

"એવું જ છે. પણ જો તું કહે છે તેમ એવું નથી તો કેવું છે?" નીરજા પોતાના નિષ્કર્ષમાં ડગી ગઈ.

"ગુરુજીના માણસો નહીં, નીરજા, ગુરુજી પોતે જ ખૂની છે." વ્યોમાએ મક્કમતા પૂર્વક કહ્યું.

"ઓહ, વ્યોમા. હા. ગુરુજી જ ખૂની છે. આશ્રમમાં તેની મરજી સિવાય કોઈ વાત બની ના શકે, તેવો તેનો રુઆબ જોયો છે."

“એક બીજી વાત. ગુરૂજીએ આપણને જમણી બાજુના રસ્તે જવાનું કહ્યું હતું. સાથે સાથે એ પણ કહ્યું હતું કે ડાબી બાજુનો રસ્તો તમારા માટે વિકટ છે. યાદ છે, તને?” વ્યોમા પોતાની વાત પુરવાર કરવા લાગી.

“યસ, યાદ છે મને. હઁ...અ..અ.. હવે આખી વાતનો મેળ બેસી ગયો. પિતા ખૂની, દીકરી વ્યભિચારી અને છતાં ‘ગુરુજી’?”

“એ ગુરુજી નથી. ધર્મના નામે લૂંટારા છે. તેના માણસો ભક્તો નહીં, ગુંડાઓ છે. કોણ જાણે કેટલી અનૈતિક પ્રવૃતિઓ ચાલતી હશે, આશ્રમના રૂપાળા મુખવટા નીચે?” વ્યોમાના મુખ પર ગુસ્સો આવી ગયો. તેના ગાલ લાલ થઈ ગયા. ખુન્નસ ઉપસી આવ્યું ચહેરા પર. તેણે મુઠ્ઠીઓ વાળી અને હવામાં ઉછાળી.

નીરજાએ તેની હરકતોને નીરખી. વ્યોમાને તેણે રોકી નહીં. તેનો ગુસ્સો ઉભરાઇ જવા દીધો, ઠલવાઇ જવા દીધો. વ્યોમા હવે ખાલી થઈ ગઈ, શાંત થઈ ગઈ.

થોડી વાર કોઈ કશું જ બોલું નહીં, ચાલ્યું નહીં. નીરજાએ વ્યોમાને એક સ્મિત આપ્યું. વ્યોમા પણ સ્મિત આપી બેઠી.

એક ઠંડી હવા આંટો મારી ગઈ.

“ચાલો, જે થયું તે. એને એક વિતી ગયેલું સ્વપ્ન માની મંઝિલ તરફ ફરી પ્રયાણ કરીએ.” નીરજા વ્યોમાનો હાથ પકડી ચાલવા લાગી. વ્યોમા પણ.

તાકાત હતી ત્યાં સુધી તેઓ ચાલતા રહ્યા. દિવસ પણ ઢળવા લાગ્યો હતો. યોગ્ય જગ્યા જોઈ ટેન્ટ બાંધી રોકાઈ ગયા.

પ્રકરણ 46

સાંજ પગરવ કરવા લાગી. બન્ને ટેન્ટ બહાર બેસી જંગલની સાંજ માણવા લાગ્યા. આકાશ સાવ ચોખ્ખું હતું. ગઈ રાત આખી અને આજ વહેલી સવાર સુધી સતત વરસતો વરસાદ હવે થાક્યો હતો. વાદળો પણ થઈ ગયા હતા, સાવ ખાલી.

ખર્ચ કરવા હવે એક ટીપું ય પાણી બચ્યું નહોતું. કડકી બારસ જેવા વાદળો આકાશ છોડી ભાગી ગયા હતા. કાચ જેવુ સાવ સાચું આકાશ, આકાશી રંગ લઈને ખીલ્યું હતું. વાદળોની કાળી કેદમાંથી છૂટેલું આકાશ, મુક્ત આકાશ.

"આ આકાશ કેટલું ઊંડું હશે?" નીરજાએ ઊંડે સુધી આકાશમાં નજર કરી.

"આકાશ ઊંડું ના હોય, એ તો દરિયો, કે જે ઊંડો હોય. નીરજા, તું પાગલ થઈ ગઈ છે." વ્યોમાએ નીરજાના ચહેરાને તપાસી જોયો., "પાગલ તો લાગતી નથી, તું. તો કેમ આવી વાત કરે છે? આકાશને તો હોય છે ઊંચાઇ."

"પાગલ કહે તો પણ શું ફેર પડે? આકાશની જે ઊંચાઈ તને અને મને દેખાય છે, તે ખરેખર તો તેની ઊંડાઈ છે." નીરજાએ નજર આકાશ તરફથી હટાવી, વ્યોમા પર માંડી.

"એ કેવી રીતે? ઊંચાઈ અને ઊંડાઈ નો ભેદ ભૂલી ગઈ કે શું? આ જંગલમાં આવ્યા પછી ક્યારેક મને લાગે છે, કે મારી સખી નીરજા બદલાઈ રહી છે."

"હા, હું જરૂર બદલાઈ રહી છું. પરીવર્તન મને ગમે છે. અને મારામાં પરીવર્તન આવશે તો મારો આ પ્રવાસ સફળ માનીશ."

"જંગલના પ્રથમ દિવસ અને જંગલના છેલ્લા દિવસ વચ્ચે તારા વ્યક્તિત્વનું રૂપાંતર થઈ જશે, એવું તને લાગે છે?"

"મને ચોક્કસ લાગે છે, કે મારૂ રૂપાંતર થઈ રહ્યું છે. મારા વિચારો, મારા દ્રષ્ટિકોણો બદલાઈ રહ્યા છે. મારી સમજ બદલાઇ રહી છે. મારૂ વર્તન બદલાઈ રહ્યું છે. મારૂ વ્યક્તિત્વ બદલાઇ રહ્યું છે. આઠ દસ દિવસ પહેલાંની નીરજા છૂટતી જાય છે, ખોવાતી જાય છે. એક નવી નીરજા મુઠ્ઠીમાં આવતી જાય છે, તેની સાથે મુલાકાત થતી જાય છે."

"ઓહ, તો કેવી રહે છે એ મુલાકાતો?"

"હજુ જૂની નીરજા પૂરેપુરી છૂટી નથી અને નવી પૂરેપુરી મળી નથી. બન્ને અડધી અડધી છે. જાણે કોઈ બે અજાણ્યા પ્રવાહિઓનું કોકટેઈલ હોય તેવું લાગે છે. કોઈ બે અજાણ્યા પ્રવાસીઓનું મિલન જેવુ લાગે છે."

"તો તેઓ બે વચ્ચે દોસ્તી થઈ ગઈ? એક બીજાની સાથે મંઝિલ પર ચાલવા લાગ્યા?" વ્યોમા નીરજાને અંદરથી ખોતરવા લાગી.

"ના. હજુ દોસ્તી નથી થઈ. કદાચ થશે પણ નહીં. એક બીજા સાથે ચાલી તો રહ્યા, છે પણ દોસ્તની જેમ નહીં પણ…."

"કેમ? એવું કેમ બોલે છે?"

"કારણકે તેઓ બન્ને દુશ્મનની જેમ વર્તે છે. બન્ને વચ્ચે અવિશ્વાસનું વાતાવરણ છે. બન્ને એકબીજાને પ્રતિસ્પર્ધી મને છે. બન્નેને ડર છે કે તેનું અસ્તિત્વ સામે વાળી મિટાવી દેશે."

"પરીવર્તનનો અર્થ જ એ છે કે જૂનાનું મૃત્યુ, અને નવાનો જન્મ. તું પરીવર્તન ઝંખે છે, અને જૂનાના મૃત્યુથી ડરે છે? તું કાયર છે, નીરજા."

"હા, કદાચ હું કાયર છૂ. પણ, હું જૂની નીરજાને ખોઈ દેવા નથી માંગતી. મારામાંનું બાળપણ ગુમાવવા નથી માંગતી. મારે તેને પણ સાચવીને રાખવું છે. મારી અંદર સમાવીને રાખવું છે. તેને પકડીને રાખવું છે. ધારું ત્યારે મારા બાળપણને મળી શકું, તેની સાથે ક્ષણો વિતાવી શકું, તેની સાથે રમી શકું. નવા સ્પંદનોને પણ મારે માણવા છે. સ્વીકારવા છે. મારે બદલાવવું પણ છે. કેવી દુવિધાભરી ક્ષણો છે, આ?"

"નીરજા, માત્ર સમય અને ઉંમર બદલાય છે, આપણે નહીં. આપણું બાળપણ પોતીકું છે. તે કાંઇ ઉંમર વધતાં પરાયું ના થઈ જાય. ઉંમર 50 ની હોય કે 70 ની, બાળપણ ત્યારે પણ આપણી સાથે જ હોય છે. તે ક્યાંય જતું નથી. બસ, આપણે જ તેને દાદ નથી આપતા, એટલે એ રિસાઇને હ્રદયના કોઈ અજ્ઞાત કોપ ભુવનમાં જઈને બેસી જાય છે. આપણે તેને મનાવવા જવું પડે. અને જ્યારે એને મનાવવા જઈએ, ત્યારે બાળક બનીને જવું પડે. તો તે તરત જ માની જાય છે. કોપ ભુવન છોડીને આપણાં અંગેઅંગમાં, અણુએઅણુમાં વ્યાપી જાય છે. બહુ ચંચળ છે, પણ ભોળું છે આપણું બાળપણ. તું પણ સાચવીને રાખી મૂક જૂની નીરજાને અને વધાવી લે નવી નીરજાને. ભલે રહેતું બન્નેનું સહ-અસ્તિત્વ." લાંબા શબ્દો બોલી ગઈ વ્યોમા.

નીરજા તેના એક એક શબ્દને ધ્યાનથી સાંભળતી રહી. અનુભવતી રહી.

"ઓહ વ્યોમા. તેં તો મને નવી દ્રષ્ટિ આપી. કેટલી બધી નવી લાગે છે તું પણ? હું તો હજુ રૂપાંતરના વિચારોમાં જ છું અને તું? મારાથી પણ પહેલાં તારું રૂપાંતર થઈ રહ્યું છે, થઈ ગયું છે. સાવ સહજ રીતે. અને હું? સંઘર્ષ કરતી રહી છું."

"આપણાં બન્નેનું રૂપાંતર થઈ રહ્યું છે, આ જંગલમાં આવીને. અને હજુ પણ થોડા દિવસો જંગલ સાથે બચ્યા છે, એટલે છેલ્લા દિવસે કદાચ તે પુર્ણ પણ થઈ જાય."

"તો આ જંગલ આપણા માટે એક કોલેજ ગણાશે." નીરજાના હોઠો સ્મિતથી અને આંખ નવી ચમકથી ઉભરાઇ ગયા.

"કોલેજ? જંગલ અને કોલેજ? ફરી પાગલપન?" વ્યોમા વિસ્મયથી નીરજાને જોવા લાગી.

"યાદ કર, વિલ્સનના શબ્દો. કોલેજના પહેલાં દિવસે તમે જે હોવ તેમાંથી…"નીરજા સાથે વ્યોમા પણ વિલ્સનના શબ્દો બોલવા લાગી, "તમારું રૂપાંતર કોઈ નવા વ્યક્તિત્વમાં થાય, અને તેનો અહેસાસ તમને કોલેજના છેલ્લા દિવસે થાય. કોલેજને છોડતી વખતે થાય. અને જો તેમ થાય તો જ તમારું કોલેજમાં આવ્યાનું સફળ."

ખડખડાટ હસવા લાગી. જંગલ પણ જવાબમાં હસવા લાગ્યું. હાસ્યના પડઘા વ્યાપી ગયા, જંગલની હવામાં. ફરી સાંજને માણવા લાગ્યા. વ્યોમા આકાશ તરફ જોવા લાગી. ક્યાંય સુધી તે આકાશને જોતી રહી. આકાશની અગાધતામાં ખોવાઈ ગઈ.

"નીરજા, મને લાગે છે કે આકાશ ખૂબ ઊંડુ છે." વ્યોમા હજુ પણ આકાશ તરફ જોઈ રહી હતી. નીરજાએ માત્ર સ્મિત આપ્યું.

અંધારું ઉતારી રહ્યું હતું, અવનિ પર. ઠંડી હવા પણ વહેવા લાગી હતી. બંને ટેન્ટમાં ઘૂસી ગયા.

"નીરજા, હું ફોન ચાલુ કરું છું." વ્યોમાએ મોબાઇલની સ્વિચ ઓન કરી દીધી. તે ચાલુ થવા લાગ્યો.

"હું પણ એ જ કહેવાની હતી. ચેક તો કર કે આપણી મંઝિલ કયાઁ છે? કેટલી દૂર છે? અને આપણે ક્યાં છીએ? કોઈ ખોટા રસ્તે તો નથી આવી ગયા ને?" નીરજાએ એક સાથે ઘણા સવાલો કર્યા.

"એ બધું પછી. પહેલાં આ જો. મારા ફોનમાં 53 મિસ કોલ છે. તું કહે તો જ જોઉં. મને તો કોઈ જોખમ લાગે છે."

"53 મિસ કોલ? ઓહ માય ગોડ. જોવા દે મને." નીરજા ઊછળી પડી. વ્યોમાના હાથમાંથી મોબાઈલ ઝડપી લીધો. જોવા લાગી.

"અરે, આ તો એક જ નંબર પરથી બધા કોલ છે. કોના હશે એ બધા કોલ?"

"તું એ બધા કોલ નો સમય અને તારીખ જો. કદાચ કોઈ અંદાજ કે અનુમાન આવે." વ્યોમા પણ ઉત્સુક થઈ ગઈ.

"બધા ગઈ કાલ સવારનો સમય બતાવે છે. 9.30 થી 11.30 વચ્ચેનો સમય છે." નીરજાએ બધા જ કોલ ચકાસી લીધા.

"એટલે કે કાલે આપણે ઝરણાંમાં સ્નાન કરતાં હતા ત્યારે, પંખીઓ જોડે રમતા હતા ત્યારે." વ્યોમા અનુમાન કરવા લાગી.

"હા, નરેશ અને મોહા શોધતા શોધતા જંગલમાં આવ્યા, એ પહેલાંનો સમય." નીરજા જમણા હાથની પહેલી આંગળી ગોળ ગોળ ફેરવવા લાગી.

"નીરજા, આપણો આ નંબર તો માત્ર જેનિફરને જ ખબર છે. તેના સિવાય કોઈને એ નંબરની જાણ નથી. એણે જ તો આપ્યા હતા બે નવા સિમ કાર્ડ."

"તો શું આ બધા કોલ જેનિફરે જ કર્યા હશે? કેમ કરી ખાત્રી કરવી?"

"એ જ નંબર પર કોલ કરી જો. બધી જ ખબર પડી જશે."

"ના, એમ ના કરાય. કોઈ બીજી વ્યક્તિનો નંબર હોય તો? હજુ મંઝિલ બાકી છે અને તે પહેલાં કોઈ…." નીરજા સાવચેતી રાખવા માંગતી હતી.

"એક કામ કરીએ, જેનિફરે તેનું કાર્ડ આપેલું છે. તેમાં તેનો નંબર છે જ. ચાલ તપાસી જોઈએ."

"જો બંને નંબર એક જ હોય, તો ચિંતાનું કારણ નથી." નીરજાએ જેનિફરનું કાર્ડ કાઢ્યું. બન્ને નંબર ચકાસી જોયા.

"ઓહ માય ગોડ. આ તો જેનિફરનો જ નંબર છે." બન્ને હર્ષવિભોર થઈ ગયા.

"તો ચાલ, જેનિફરને કોલ કરીએ. તેની જોડે વાત કરીએ." વ્યોમાએ પ્રસ્તાવ મૂક્યો. નીરજાને પસંદ પડ્યો.

"જરૂર કરીએ, પણ થોડી વાર પછી. પહેલાં આપણું આ લોકેશન તપાસી લઈએ. ક્યાં છીએ આપણે તે જાણી લઈએ."

"એ વાત બરાબર છે, નીરજા. જેનિફરને પણ કહીશું કે આપણે ક્યાં છીએ."

"તે આપણને ગાઈડ પણ કરશે. મજા પડશે. તું ઝડપથી લોકેશન જોઈ લે."

"ઓ. કે. સર. જો હૂકુમ મેરે આકા." ગુગલ મેપ પર ફટાફટ સર્ચ કરવા લાગી, વ્યોમા.

"આપણે ધોધથી લગભગ **5** કિલો મીટર દૂર છીએ."

"કોઈ ગામનું નામ બતાવે છે?"

"પાગલ છે તું તો. જંગલમાં છે અને ગામનું નામ પૂછે છે? જંગલને ગામ ના હોય, અને એટલે નામ પણ ના હોય." વ્યોમા હસવા લાગી.

"ઓહ એ વાત તો ભૂલી જ ગઈ."

"અહીંથી ધોધ સાઉથ ઈસ્ટ તરફ છે. બાકી બીજી કોઈ માહિતી નથી. માત્ર જંગલ જ દેખાય છે."

"તો ઠીક છે. ચાલ જેનિફરને કોલ કરી દઈએ."

નીરજાએ કોલ જોડી દીધો. ઔપચારિક વાતો થઈ અને જેનિફરે **53** મિસ કોલનું કારણ પણ કહ્યું. નરેશ તેઓને શોધતો હતો, એટલે જેનિફર બંનેને ચેતવવા માંગતી હતી. સાવધ રહેવા કહેવાની હતી. નીરજાએ તેને, નરેશ અને મોહા આવ્યા ત્યારે બનેલી ઘટના કહી. જેનિફર સાથે વાત કરતાં નીરજા ખૂબ જ ખુશ હતી. જેનિફર પણ એટલા જ ઉમળકાથી જવાબ આપી રહી હતી.

"ક્યાં પહોંચ્યા છો તમે?" જેનિફરે અપેક્ષિત હતો એ જ સવાલ કર્યો.

"સ્થળની તો ખબર નથી, પણ નેટ પર જોવાથી ખબર પડી કે અહીંથી **5** કિમી સાઉથ ઈસ્ટ દિશામાં ધોધ છે. અમે માત્ર **5** કિમી દૂર છીએ."

"માત્ર **5** કિમી. દૂર? તો તો તમે દોઢેક કલાકમાં તો ત્યાં પહોંચી જશો. મારી વાત માનો તો, જ્યાં છો ત્યાંથી અત્યારે જ ચાલવા માંડો. આજે જ રાત સુધીમાં ત્યાં પહોંચી જાઓ. ખૂબ મજા પડશે."

"પણ રાત પડી જશે તો? રસ્તો કેમ મળશે?"

જેનિફર સામે છેડે કશુંક કહેતી રહી.

"પણ કાલે જઈએ તો? આજ ખૂબ થકી ગયા છીએ. કાલ રાત્રે પણ એ શક્ય જ છે ને ? અમે ત્યાં કાલ રાત રોકવાના જ છીએ." નીરજાએ દલીલ કરી.

"નીરજા, જંગલમાં ક્યારેય કાલની રાહ ના જોવાય. કાલ શું નવું લઈને આવશે એની કોઈને ખબર નથી હોતી. માટે હું આગ્રહ કરીશ કે તમે આજે જ ત્યાં પહોંચી જાઓ. એક વખત મંઝિલ પર પહોંચી ગયા પછી જે વિઘ્નો કે મુશ્કેલીઓ આવે તેને લડી લેવાય. કદાચ કાલે કોઈ એવું વિઘ્ન આવે કે …"

"સાચી વાત છે, જેનિફર તમારી. અમે હમણાં જ અહીંથી નીકળી જઈએ છીએ. ત્યાં પહોંચીને ફરી તમારી સાથે વાત કરીશ, થેંક્સ જેનિફર." નીરજાએ ફોન પૂરો કર્યો.

વ્યોમા સામે નજર કરી. વ્યોમા તેની આંખ નીરજા પર જ માંડીને, ફોનમાં થતી વાતને સાંભળી રહી હતી. તે નીરજાની આંખમાં રહેલો ઈશારો સમજી ગઈ.

"ચાલો. આજે આરામ નહીં કરીએ. ચાંદની રાતમાં ધોધને મળીને પછી મોડી રાતે સૂઈ જઈશું. અને ઉઠીશું પણ ખૂબ મોડા. પણ, અત્યારે તો નીકળી જ જવું પડશે." નીરજાએ ટેન્ટ ઉખાળવા માંડ્યુ. વ્યોમાએ પણ કોઈ સામો સવાલ કર્યા વિના જ, ફરી પેક-અપ કરી લીધું. બંને નીકળી પડ્યા ધોધ તરફ.

પ્રકરણ 47

રસ્તો કપાવા લાગ્યો. સુરજ પણ રસ્તો કાપી ચૂક્યો હતો. તે ઢળી ગયો. પ્રકાશ પણ છેલ્લા શ્વાસ લઈ રહ્યો હતો. અંધારું ધીરે ધીરે સામ્રાજ્ય જમાવી રહ્યું હતું.

“નીરજા, સુરજ ઢળી ગયો. રાત પણ રુઆબભેર આવી રહી છે. જંગલ ગાઢ છે. રસ્તો સૂમસામ છે. અને આપણે ચાલી રહ્યા છીએ.” વ્યોમાએ ચિંતા વ્યક્ત કરી.

“કેમ, ડરી ગઈ?” નીરજાએ સામો સવાલ કર્યો. વ્યોમા સમજી ગઈ કે ચિંતા વ્યક્ત કરવાથી પણ, નીરજા રોકાઈ જવા નથી માંગતી. હવે તો અંધારી રાતમાં પણ ચાલવું જ પડશે.

“તું સાથે હોય તો પછી કોનો ડર? પણ, આમ રાતના અંધારામાં, અજાણ્યા એવા જંગલમાં, અજાણ્યા રસ્તે, આપણે …”

“આ જંગલ, આ રસ્તો, તને હવે અજાણ્યો લાગે છે? મને તો નથી લાગતો. આપણી તો પાક્કી દોસ્તી થઈ ગઈ છે. તારી તું જાણે.”

“આ જંગલ જાણીતું તો છે, પણ દિવસના અજવાળામાં. રાતના અંધારામાં તો એ સાવ અજાણ્યું લાગે છે. જાણે કોઈ ભેદ ભરમની વાર્તા જેવુ. જો ને કેવા કેવા આકારો ધરી લીધા છે, આ જંગલે.? દરેક આકાર અજાણ્યા લાગે છે. આવા વિચિત્ર આકારો ક્યારેય જોયા છે?” વ્યોમાએ જંગલની આકૃતિઓ તરફ આંગળી ચીંધી.

“હા હા. … જંગલે કોઈ નવા આકારો નથી ધર્યા. કલાક પહેલાં હતું તેવું જ અત્યારે પણ છે, આ જંગલ. બદલાયું છે કાંઇ, તો તે આપની નજર છે, વ્યોમાજી. જંગલને દિવસમાં જોવા ટેવાયેલી આંખ, રાત પડતાં જુદી જ નજરે જોવા લાગે છે. અને એટલે એ જ દ્રશ્યો, એ જ આકૃતિઓ જુદી લાગે છે, વિચિત્ર લાગે છે. જે કોઈ પણ કારણ છે તે આ અંધારાનું છે. જો અત્યારે પ્રકાશ નીકળે તો?”

“તો કદાચ એ જ જંગલ જાણીતું લાગે. પણ પ્રકાશ ક્યાંથી નીકળે આ અંધારી રાતમાં?”

“થોડી ધીરજ રાખ. પ્રકાશ નીકળશે, જરૂર નીકળશે. હમણાં જ નીકળશે.” નીરજાએ સ્મિત કર્યું.

“તું મજાક કરે છે, નીરજા. જંગલની અંદર દિવસે પણ સુરજ માંડ માંડ તેનો પ્રકાશ જંગલને આપી શકે છે, ત્યારે તું આ અંધારી રાતે પ્રકાશની અપેક્ષા રાખે છે? કે પછી મને નાના બાળકની જેમ ફોસલાવે છે?” વ્યોમા થોડી નારાજ થઈ ગઇ.

“ના હું કોઈ મજાક નથી કરી રહી. બસ થોડી વાર જ પ્રતિક્ષા કર.”

ફરી બન્ને મૌન થઈ ગયા. રસ્તો કપાતો ગયો. પ્રકાશ પણ કપાતો ગયો. અંધકાર ઊગતો ગયો. હવે ક્યાંય પ્રકાશનું અસ્તિત્વ ના રહ્યું.

“નીરજા, પ્રકાશનો છેલ્લો ટુકડો પણ અંતિમ શ્વાસ લઈ મૃત્યુ પામ્યો. હવે? ક્યાં છે તારો પ્રકાશ?” વ્યોમાએ નીરજાને વીંધી નાંખતો સવાલ કર્યો.

“મારો પ્રકાશ અહીં જ છે. બસ બે મિનિટ માટે આંખ બંધ કરી દે. હું કહું એટલે આંખ ખોલવાની. કોઈ અંચઇ નહીં. ઓ કે?” નીરજાએ વ્યોમાની આંખ પર દુપટ્ટો બાંધી દીધો. વ્યોમા પશ્ચિમ દિશા તરફ મુખ કરી પ્રતિક્ષા કરવા લાગી.

લગભગ ત્રણ ચાર મિનિટ જેટલો સમય વિતી ગયો. નીરજા તરફથી કોઈ સંકેત ના આવ્યો. નીરજાના હોવાનો પણ અહેસાસ નહોતો થતો. તે કોઈ મૌન ધરીને ઊભી હતી.

“નીરજા, હજુકે ટ લી વાર છે? તું અહીં છે કે કેમ? કે મને છોડીને ચાલી ગઈ? અંધારા આ જંગલમાં હું એકલી તો …” વ્યોમા

ધીર જ ખોઈ બેઠી.

"હું અહીં જ છું. તું ધીરે ધીરે દુપટ્ટો હટાવ અને આંખ ખોલી નાંખ. તું જેની પ્રતિક્ષા કરી રહી છે, એ પણ તારી પ્રતિક્ષા કરી રહ્યું છે."

વ્યોમાએ ઝડપથી દુપટ્ટો હટાવી નાખ્યો. આંખ ખોલી. તેની નજર સામે પ્રકાશ હતો. સાચે સાચ પ્રકાશ. તે નીરજા તરફ ફરી. નીરજાએ પોતાના હોઠ પર આંગળી મૂકી, મૌન રહેવા કહ્યું અને આકાશ તરફ ઈશારો કર્યો. વ્યોમાએ આકાશ તરફ નજર કરી.

"ઓહ. વાહ." વ્યોમા આનંદથી નાચી ઉઠી.

આકાશમાં પુનમનો મોટો ચાંદ ઊગી નિકળ્યો હતો. પૂર્વ દિશામાં તેણે ડગ માંડી દિધા હતા. પોતાની ચાંદની વડે તેણે જંગલને પ્રકાશથી ભરી દીધું. જંગલ દિપી ઉઠ્યું.

"નીરજા, બધું જ બદલાઈ ગયું. આ ચંદ્રએ તો કમાલ કરી. તેની ચાંદનીમાં જંગલ કેવું મધુરું લાગે છે? ક્ષણભર પહેલાં સુધી બિહામણું લાગતું હતું, ડરામણું લાગતું હતું, આ જંગલ અને હવે કેવું મીઠું લાગે છે?"

"હા. જંગલ એ જ હતું અને એ જ છે. એક એક ઝાડી, ડાળ કે વૃક્ષ ત્યાં જ ઊભું છે. પણ નજર બદલાઈ જાય એટલે બધું જ બદલાઈ જાય. ખરું ને?" નીરજાએ વ્યોમા તરફ એક તોફાની સ્મિત ફેંક્યું. વ્યોમાએ તે ઝીલી લીધું. તે ખૂબ ખુશ હતી. નીરજા પણ. પહેલી વાર પૂનમની ચાંદનીમાં જંગલ જોયું હતું. કેટલું આહ્લાદક ! બધો થાક અને કંટાળો ભાગી ગયો.

દિવસનું અજવાળું હતું ત્યાં સુધી તો ઠીક હતું, પણ ચાંદની ઊગતાં જ અજાણ્યા અને અનોખા સૌંદર્યથી ભરપૂર એવા જગતમાં આવી ગયા હોય તેવું લાગ્યું. ચાંદની રાતનો ભય રોમાંચ વધારી રહ્યો હતો.

ગાઢ જંગલ મીઠી મધુરી ચાંદનીના બાહુપાશમાં હતું. ચાંદની હવે પૂર બહારમાં ખીલવા લાગી. વૃક્ષોના પડછાયા સૌંદર્યને વધારી રહ્યા હતા. ઠંડી હવા, ચાંદનીની હાજરીમાં વધુ ઠંડી થઈ ગઈ. જંગલના ફૂલોની સુગંધ લઈને તે વહેવા લાગી.

"ઓહ, કેટલું અદભૂત છે આ જંગલ !" વ્યોમા પ્રયત્ન પૂર્વક ઝાલી રાખેલું મૌન તોડી બેઠી.

"ખરેખર આ આલૌકિક છે. મારી પાસે એને માટે કોઈ શબ્દો જ નથી. છે તો માત્ર અનુભૂતિ. બસ માણતા રહીએ, એ અનુભૂતિને." નીરજા સફેદ બની ગયેલા જંગલને માણતી રહી, મૌન બનીને.

વ્યોમા તેની અંદર અનુભવાતી લાગણીઓને વ્યક્ત કરી દેવા માંગતી હતી, તે માટે તે શબ્દોનો સહારો લેવા માંગતી હતી. પણ નીરજા મૌન રહી માણવા માંગતી હતી. ક્ષણભર તો વ્યોમા ચૂપ રહી પણ તેની અંદરની લાગણીઓ બળવો કરી બેઠી. તે થોડી દૂર જતી રહી.

"હાશ, અહીં હું બોલીશ. મને જે ગમે તે બોલીશ. મારા શબ્દો આ જંગલને કાને નાંખીશ. એ તો સાંભળશે ને?" તે દોડવા લાગી. કેટકેલાય ઝાડને, ડાળીઓને, પાંદડાઓને, ફૂલોને, કળીઓને, રસ્તાને, માટીને.... બધાને સ્પર્શ કરવા લાગી.

એક ડાળી પકડી હીંચક્વા લાગી. ઝાડ સાથે વાતો કરવા લાગી. એકલી એકલી બોલવા લાગી. માત્ર જંગલ તેને સાંભળતું હતું. વાતો કરતાં કરતાં હસતી રહી, ક્યારેક માંડ માંડ સ્મિત, તો ક્યારેક અસ્ખલિત ઝરણું.

તેની આ ચેષ્ટાઓ, નીરજાને જરાપણ વિચલિત કરતી નહોતી. તે પોતાના મૌનમાં જંગલના અનામ સૌંદર્યને પી રહી હતી. સાવ શાંત. સ્થિર.

અને વ્યોમા ચંચલ. તે જંગલથી વાતો કરતી, "જંગલનું આ જીવન જુદું જ છે. આ ઘટના જ અલગ છે. ટેન્ટની અંદર વિતી જતી રાત કરતાં, સાવ અલગ. ભીષણ નિર્જનતા પણ પરીનું રૂપ લઈને અવતરી છે અહીં. રુક્ષ લાગતું જંગલ પણ, હવે કેટલું સૌમ્ય અને સોહામણું લાગે છે. દિવસના ખરબચડું લાગતું જંગલ કેવું મુલાયમ લાગે છે? જંગલની નસેનસમાં કોઈ રૂપ યૌવનાની નજાકત પ્રસરી ગઈ છે." વ્યોમાના રોમેરોમમાં ચાંદની વ્યાપી ગઈ. તે સ્વગત બોલતી રહી. જંગલ કાન દઈને સાંભળતું રહ્યું. એક

એક ઝાડને તેણે પોતાની વાત કરી. હવાના એક એક અણુને તેણે વાત કરી. હવા તે વાત સાથે લઈ જંગલમાં ફરી વળી. ફરતી ફરતી એ હવા નીરજાને સ્પર્શી ગઈ.

નીરજા તેના જગતમાંથી ઝબકીને જાગી. તેના વિચારોનું જગત, અને સામે દેખાતું જગત બંને એક સરખા લાગ્યા, "મને તો જાજરમાન લાગે છે આ જંગલ. તેનો વૈભવ દુનિયાના કોઈ પણ ખજાનથી વધુ સમૃધ્ધ છે." તેણે વ્યોમા પાસેથી આવેલી હવાને કહી દીધું. હવા તેનો સંદેશો લઈ વ્યોમાને મળી. વ્યોમા દોડતી નીરજા પાસે આવી ગઈ. બન્ને એકબીજાને ભેટી પડ્યા. ચાંદની પણ જંગલને ભેટી પડી.

"વ્યોમા, ખીલેલી ચાંદનીમાં આકાશ કેવું સફેદ અને શુધ્ધ દેખાય છે. એકદમ દાગ વિનાનું. તારાઓ અને નક્ષત્રો ક્યાં જતાં રહ્યા? તેમાંથી કોઈ પણ દેખાય છે, આટલા ગહન આકાશમાં?"

"તેઓ પણ કોઈ ખૂણામાં બેસીને ચાંદનીના રૂપને, તેના યૌવનરસને ચૂપચાપ પી રહ્યા હશે. આપણે એકલાજ નથી, તેના રસના રસિયા. એમનો પણ હક્ક છે, નીરજા."

"અત્યાર સુધી હું જેનાથી પરિચિત હતી તે દુનિયા આ નથી. આ તો કોઈ સ્વપ્ન પ્રદેશ છે. આ કલ્પનાનો પ્રદેશ છે. આપણી કોઈ સાધનાનું ફળ છે. આ ક્ષણો, આ આનંદ, આ અનુભૂતિ, આ સૌંદર્ય, આ પ્રકૃતિ... કેટલીય તપશ્ચર્યા કર્યા બાદ પણ ઋષિ મુનીઓને પણ નસીબ નથી હોતી."

"નીરજા, આપણે કેટલા ભાગ્યશાળી છીએ?" વ્યોમા ફરી નાચવા લાગી. ખુલ્લા આકાશમાં મન ફાવે ત્યાં દોડવા લાગી. નીરજા પણ તેમાં જોડાઈ.

મુક્ત ગગનમાં ઉડતા હતા બે પંખી. તેની પાંખોમાં હતું, એક આખું જંગલ. શુધ્ધ, સફેદ, શીતળ ચાંદનીની ચાદર ઓઢીને જાગતું જંગલ. ચાંદનીના વસ્ત્ર પહેરીને નવોઢા થઈ વ્યાપેલું જંગલ.

મન અને હ્રદય ધરાયાં ત્યાં સુધી બન્ને જંગલની અને ચાંદનીની અનુભૂતિ પામતા રહ્યા. તેઓએ સમયને વહેવા દીધો. તે વહેતો રહ્યો.

"નીરજા, ટેન્ટમાં રોકાઈ જવાને બદલે, રાતના જ ધોધ પર જવા નીકળી પડવાનો, તારો આ નિર્ણય મજાનો છે."

"એ નિર્ણય મારો નથી. જેનિફરનો છે. તેણે જ સૂચન કર્યું હતું કે આપણે રાત્રે જ ધોધ પર પહોંચી જવું, તેણે કહ્યું હતું કે 'હજુ અંધારું નથી થયું. અને તમને જણાવી દઉં કે આજે પૂનમની રાત છે. થોડી વારમાં તો ચંદ્ર ઊગી જશે. તેની ચાંદનીમાં ચાલવામાં કોઈ મુશ્કેલી નહીં પડે અને ચાંદની રાતમાં ધોધ જોવાની મજા જ અલગ છે.' અને તેના એ શબ્દોએ મને આમ કરવા પ્રેરણા આપી."

"પણ રાત્રીનો ધોધ તો કાલે પણ જોઈ શકાતને? જંગલની આ ચાંદની ટેન્ટ બહાર નીકળીને પણ જોઈ શકાત ને? આપણે કાલે..." વ્યોમાની વાત નીરજાએ અટકાવી.

"જેનિફરે એમ પણ કહ્યું હતું કે 'જંગલમાં ક્યારેય કાલની રાહ ના જોવાય. કાલ શું નવું લઈને આવશે એની કોઈને ખબર નથી હોતી' અને એટલે મેં આજે જ નીકળી જવાનો નિર્ણય કર્યો.

"ખરેખર. જંગલમાં કાલે શું થશે તેની ખબર નથી હોતી. માટે, એક એક ક્ષણ માણી લેવી જોઈએ."

"વ્યોમા, કાલની છોડ. આવનારી કોઈ પણ ક્ષણે, કાંઇ પણ બની શકે છે. માટે કાલની રાહ નહીં જોવાની. બસ, જ્યારે જેવો મળે તેવો અને તેટલો આનંદ લૂંટી લેવો. જેનિફરે તો માત્ર ચાંદનીમાં ધોધને જોવો એ અદભૂત અનુભવ છે એમ કહેલું. પણ તેને કદાચ ખબર પણ નહીં હોય કે ચાંદની રાતમાં, જંગલમાં ચાલવું એ તો થી પણ વધુ અદભૂત છે. અનુપમ છે. એ આનંદને શબ્દો નથી હોતા." નીરજાએ ચાંદનીનો એક ઘૂંટડો પીધો.

"નીરજા, આ ચાંદની રાતના આનંદમાં હજુ પણ કશું ઉમેરી શકાય તેમ છે, જો તું ધારે તો." વ્યોમાએ કોયડા જેવો પ્રસ્તાવ મૂક્યો.

“તું સીધેસીધું કહી દે, જે કહેવું હોય તે. આમ વાતમાં ચાંદનીને કાં ભેળવે છે?”

પ્રકરણ 48

"નીરજા, જો તું આ અદભૂત ક્ષણે વાંસળીના કોઈ સૂર છેડી નાંખે તો? આ શીતળ ચાંદની અને તેમાં ભીંજાયેલૂ જંગલ, સાંજ, એકાંત અને વાંસળીના સૂર ! શું વિચાર છે?" વ્યોમાએ પાંપણો નચાવી.

"હું અત્યારે વાંસળી વગાડુ એમ કહે છે, તું? ના, યાર. અત્યારે તો બસ ચાલતા રહીએ અને પહોંચી જઈએ મંઝિલ પર. વાંસળી કાલે વગાડું તો? પેલા ધોધની સામે? કેટલી મજા પડશે, હેં?" નીરજા ટાળવા લાગી.

"કાલે? તું કાલે વાંસળી વગાડીશ? નાદાન છો તું. હજુ હમણાં જ તો કહ્યું કે જંગલમાં કોઈ પણ વાત કાલ પર ના રખાય. કાલે શું થશે તેની..."

"પણ, પેલા ધોધની સામે મારે વાંસળી વગાડવી છે."

"તો શું થયું? કાલે ફરીને વગાડજે, કોઈએ રોકી છે તને, કે જંગલમાં આજે વાંસળી વગાડી હોય તો કાલે ના વગાડી શકાય? તું એવું બધું કેમ વિચારે છે, નીરજા?"

"પણ ધોધ સામે તો ..."

"ત્યાં પણ વગાડજે, પણ તું અત્યારે વગાડીશ કે નહીં, બોલ?" વ્યોમાના અવાજમાં આદેશ હતો. નીરજા તેને ટાળી ના શકી.

લંબાયેલી એક જાડી ડાળ પર નીરજા બેસી ગઈ, થડનો ટેકો લઈને. વ્યોમા તેની બાજુની ડાળ પર બેસી ગઈ. ચાંદની ભરેલા જંગલમાં નીરજાના હોઠોએ વાંસળીને ચુમી લીધી. વ્યોમાએ આંખ માંડી, નીરજાના હોઠો પર અને કાન માંડ્યા, તેના હોઠ પર રમતી વાંસળી પર.

નીરજાના હોઠોએ વાંસળીને કાનમાં ફૂંક મારી. વાંસળી સફાળી જાગી ગઈ. નીરજા બોલાવે તેમ બોલવા લાગી. મધુર સૂરો સર્જાવા લાગ્યા. જંગલની નીરવ શાંતિમાં વાંસળીના સૂરો ભળવા લાગ્યા. પહેલો જ સૂર સાંભળીને ડાળી ડોલવા લાગી. તેણે પાંદડાઓને વાત વહાવી. તેણે ફૂલોને, ફૂલોએ સુગંધને, સુગંધે હવાને અને હવાએ આખા જંગલને વાંસળીના સૂર વહાવી દીધા.

જંગલમાં વહેવા લાગ્યા સૂરો.

સા...રે..મ..પ...ધ...સા...   સા...ધ...પ...મ...રે...સા...

સૂરોના આરોહ અવરોહ વહેવા લાગ્યા. જંગલ આખું પલાંઠી વાળી બેસી ગયું, એક ચિત્તે ધ્યાન દઈને સાંભળવા લાગ્યું, વાંસળીના સૂરોને.

વહેતી હવા થઈ ગઇ સ્થિર. પર્ણોએ હલન ચલન કરી દીધું બંધ. ડાળીઓએ ઝૂલવાનું રોકી દીધું. ફૂલોએ સુગંધને કેદ કરી દીધી. જંગલ આખું એ ક્ષણોને માણવા મૂર્તિમંત બની ગયું. બધું જ સ્થિર થઈ ગયું. વહેતું હતું કોઈ, તો એ એક માત્ર નીરજાની વાંસળીના સૂરો.

વ્યોમા પણ સ્થિર થઈ, સૂરોના જંગલમાં ખોવાઈ ગઈ. નીરજા બંધ આંખે વગાડતી હતી, તો વ્યોમા આંખ બંધ કરી તેને સાંભળી રહી હતી. વાંસળી વાગતી રહી. સૂરો વહેતા રહ્યા. એક આખી ધૂન પૂરી કરી, નીરજાએ હોઠો પરથી વાંસળી હટાવી લીધી. આંખો ખોલી નાંખી. વ્યોમા હજુ પણ આંખો બંધ કરી બેસી રહી હતી. નીરજાએ તેને જગાડી.

વ્યોમાએ આંખ ખોલી તો તે ચોંકી ગઈ, "નીરજા, તું વાંસળી નથી વગાડતી?"

"ના, મારી ધૂન તો પૂરી થઈ ગઈ." નીરજાએ વ્યોમાને હાથમાં રહેલી વાંસળી બતાવી.

"હેં? શું વાત કરે છે? તો પછી આ વાંસળી કોણ વગાડે છે?" વ્યોમાએ તેને સંભળાતા સૂરો પર કાન ધર્યા. તેને હજુ પણ

વાંસળીના સૂરો સંભળાતા હતા.

"નીરજા, જો, જો. ધ્યાનથી કાન માંડ. તને વાંસળીના સૂરો સંભળાશે. આ તરફ… સાંભળ જો…" વ્યોમાએ અવાજની દિશામાં નીરજાનું ધ્યાન ખેંચ્યું. નીરજા તે સૂરોને પકડવા પ્રયાસ કરવા લાગી.

"એ તો શાંત અને નીરવ જંગલ છે, એટલે કદાચ મેં વગાડેલી વાંસળીના પડઘા વાગતા હોય તેવું લાગે છે."

"ના. એ તારા સૂરોના પડઘા નથી, ખરેખર કોઈ બીજી વ્યક્તિ પણ દૂર, કોઈ જગ્યાએ વાંસળી વગાડતું હોય એવું લાગે છે."

"ના. એ તો પડઘા જ છે. હું જે ધૂન વગાડતી હતી તે જ ધૂન વાગી રહી છે. જો સા.. રે… મ… પ… ધ…સા…… રાગ દુર્ગા. હમણાં જ મેં વગાડ્યો હતો. તે જ સૂર વાગી રહ્યો છે. એ પડઘા જ છે, વ્યોમા." નીરજાએ વિગતે કહ્યું.

"ના. પડઘા નથી એ. પડઘા આટલી વાર સુધી ગુંજયા ના કરે. મારૂ માનવું છે કે નક્કી કોઈ દૂર દૂર તારી જેમ જ વાંસળી વગાડી રહ્યું છે. તારા જ સૂરોની નકલ કરી રહ્યું છે. અથવા તો તારા જ સૂરો વગાડીને તને જવાબ આપી રહ્યું છે." વ્યોમા પોતાની વાત પર અડગ રહી.

"વ્યોમા, આ જંગલમાં આટલી મોડી સાંજે કોઈ ના વગાડે, આવું બધું. અરે.. દિવસના ભાગે પણ કોઈ માણસ જોવા નથી મળતો, તો રાત્રે અહીં કોઈ ક્યાંથી હોય? અને જો માની લઈએ કે કોઈ હોય તો પણ તે મારા જ સૂરોને ક્યાંથી વગાડી શકે? અને જો તે એ જ સૂરોને વગાડે તો પણ મારી જેમ જ વાંસળી તો ના જ વગાડી શકે. માટે એ માત્ર પડઘા જ છે, અને બાકી બધો તારો ભ્રમ છે, વ્યોમા" નીરજાએ લાંબી વાત રજૂ કરી એટલામાં તો વાંસળી વાગતી બંધ થઈ ગઈ. "જો, હવે અવાજ બંધ થઈ ગયો. પડઘાઓ શાંત થઈ ગયા. માટે મારી વાત સાચી જ છે. એ માત્ર પડઘા જ છે."

"પણ, આટલા લાંબા પડઘા? એ કેમ બને?" વ્યોમાએ સંદેહ કર્યો.

"જંગલ જેટલું ગાઢ, પડઘા તેટલા જ લાંબા હોય છે."

"હું નથી માની શક્તી. નક્કી દૂર દૂર કોઈ બીજું વાંસળી વગાડતું હતું." વ્યોમા હજુ પણ પોતાની ધારણા પર મક્કમ હતી.

"ઓકે. ચાલ આપણે એક પ્રયોગ કરીએ. હું ફરી કોઈ ધૂન વગાડું અને તું અવલોકન કર, પછી કોઈ નિષ્કર્ષ પર આવીએ."

"ઠીક છે. ચાલ તું કોઈ બીજી ધૂન, કોઈ બીજો રાગ વગાડ."

"હું રાગ હેમ કલ્યાણ વગાડુ છું."

નીરજાએ તેની વાંસળી પર રાગ હેમ કલ્યાણ છેડ્યો. ત્રણેક મિનિટ સુધી તેણે કોઈ ધૂન વગાડી. તે અટકી ગઈ. ધ્યાન દઈને દૂરથી આવનારા કોઈ સૂરોને શોધવા લાગી. તેના કાને એ જ સૂરો પડવા લાગ્યા. હેમ કલ્યાણ રાગની ધ્વનિ જંગલના કોઈ ખૂણેથી ઉત્પન્ન થઈને, તેઓના કાને પડી રહી હતી. બંને જાગૃત થઈ ગઈ. તેઓને નવાઈ લાગી.

'શું ખરખર કોઈ આ જંગલના કોઈ ખૂણે બેસીને એ જ રાગ, એ જ વાંસળી પર વગાડી રહ્યું છે?'

'શું એ માત્ર પડઘા જ છે?'

'પડઘા આટલા લાંબા હોય ખરા?'

'જંગલ જેટલું ગાઢ, એટલા ગાઢ પડઘા હોતા હશે?'

'જો ખરેખર કોઈ છે, આ જંગલમાં, તો તે ખૂબ જ નજીક છે.'

'કોણ હશે એ? કેવી હશે એ વ્યક્તિ?'

'શું રહસ્ય છે, આ પડઘાઓનું? કે આ સૂરોના સત્યનું?'

બન્નેએ એકબીજાને મૌન રહીને સવાલો કરી લીધા.

ફરી તે સૂરો બંધ થઈ ગયા. નીરજા વિચારવા લાગી. એકાદ ક્ષણ બાદ, તેણે ફરી વાંસળી હોઠો પર લગાડી. રાગ પુરીયા વગાડવા લાગી. જંગલે એ જ ધૂન ફરી સંભળાવી. હવે તેણે રાગ બસંત, રાગ યમન, રાગ કેદાર પણ વગાડયા. દરેક વખતે તે જ સૂરો જંગલમાંથી સર્જાવા લાગ્યા. અદ્દલ તે જ સૂરો. સૂરોમાં કોઈ એકાદ માત્રાનો પણ ફેર નહીં.

અચંબિત થઈ ગઈ બન્ને. શું હશે આ વાતનું રહસ્ય? વ્યોમાને કશું જ નહોતું સમજાતું, "તેં વગાડેલ સૂર જાણે કોઈ રેકોર્ડ કરી લેતું હોય અને ફરી એ જ ધૂન, એ જ સૂરો વગાડતું હોય એવું લાગે છે. નીરજા, આ વાતનો તાગ તો મેળવવો જ પડશે."

નીરજા તે વાતના મૂળ સુધી કેમ પહોંચવું તે વિચારવામાં લાગી ગઈ.

"ઓહ, એક આઇડિયા છે, ખબર પડી જશે, આ રહસ્યની." નીરજાએ ચપટી વગાડતા કહ્યું. તેના ચહેરા પર કોઈ નક્કર પ્લાન રમવા લાગ્યો.

"તું શું કરવા માંગે છે?" વ્યોમા પણ ઉત્સાહિત થઈ ગઈ.

નીરજા કશું જ ના બોલી. ફરી હોઠો પર વાંસળી રાખી, રાગ ભૈરવી વગાડવા લાગી. જંગલે પણ એ જ રાગ વગાડયો. નીરજાએ વિશ્રામ લીધો. થોડી વારે જંગલનો રાગ ભૈરવી પૂરો થઈ ગયો. વ્યોમાને કશું ય સમજાયું નહીં. તે પ્રશ્નાર્થ નજરે નીરજાને જોઈ રહી.

નીરજાએ ફરી વાંસળી હોઠ પર મૂકી. રાગ ચંદ્રકૌંસ છેડી દીધો. વ્યોમા હજુ પણ વિસ્મયના જંગલમાં સ્તબ્ધ બની, નીરજાને પ્રશ્નાર્થ નજરે જોઈ રહી હતી. નીરજા, રાગ છેડી રહી હતી. અઢી મિનિટની ધૂન પૂરી કરી નીરજા શાંત થઈ ગઈ.

જંગલના સૂરોને સાંભળવા લાગી. વ્યોમા પણ તે સૂરોને સાંભળવા લાગી. પણ, આ વખતે તેઓને કોઈ સૂરો ના સંભળાયા. કોઈ ધ્વનિ કાન પર ના અથડાયા.

જંગલ સાવ શાંત, સાવ નીરવ, સાવ મૌન. કોઈ અવાજ નહીં, કોઈ સૂર નહીં, કોઈ ધૂન પણ નહીં. વ્યોમા વિસ્મય પામી, પણ નીરજાને પેલા રહસ્યનો તાગ મળી ગયો હોય તેમ તે બોલી ઉઠી, "વ્યોમા, જંગલમાં કોઈ છે. જરૂર છે. પાક્કી ખાત્રી થઈ ગઈ. તું કહે છે તે વાત સાચી છે. કોઈ મારી ધૂન પર, મને એ જ ધૂન વગાડી, જવાબ આપી રહયું હતું. મારા સૂરોને સન્માન આપી રહ્યું હતું."

"તો હવે કેમ તે જવાબ નથી આપતું? શું તેને, તેં હમણાં જ વગાડેલ સૂર કે રાગ નથી આવડતો? કેમ તે એ જ ધૂન નથી વગાડતું? કેમ તે કોઈ પણ ધૂન નથી વગાડતું?" વ્યોમાએ ઘણા સવાલો કરી નાંખ્યા. નીરજા હસી પડી, "બસ, એ જ તો રહસ્ય છે એ વ્યક્તિનું, વ્યોમા."

"એટલે તું શું કહેવા માંગે છે? શું છે એ રહસ્ય? જલ્દી બતાવ." વ્યોમા રહસ્યને જાણવા ઉતાવળી થઈ.

"વ્યોમા, તે વ્યક્તિ સંગીતની પૂરેપૂરી જાણકાર છે."

"એ તો ખબર જ છે. એટલે તો એ તારી જ ધૂન વગાડીને, તને જવાબ આપતી હતી. તેમાં શું રહસ્ય છે? કોઈ નવી વાત હોય તો કહે."

"એ જ વાત નવી છે. જો, હું તને સમજાવું. મેં છેલ્લે જે ધૂન વગાડી હતી તે રાગ ચંદ્રકૌંસ હતો. તેની પહેલાં મેં રાગ ભૈરવી વગાડયો હતો. પેલી વ્યક્તિએ રાગ ભૈરવી તો વગાડયો, પણ ચંદ્રકૌંસ ના વગાડયો."

"નીરજા, મેં કહ્યું તેમ તેને તે રાગ નહીં આવડતો હોય, રાગ ચંદ્રકૌંસ અઘરો રાગ છે ને? એટલે નહીં વગાડ્યો હોય. પણ તેમાં

રહસ્ય ક્યાં છે?"

"તું પૂરી વાત તો સાંભળ. સંગીતનો નિયમ છે, કે રાગ ભૈરવી વાગી જાય પછી કોઈ રાગ કે ધૂન ના વગાડાય. તેણે ભૈરવી તો વગાડયો. પણ પછી કોઈ ધૂન ના વગાડી. કારણ કે તે સંગીતને જાણે છે. અને એટલે જ છેલ્લી ધૂન પછી, આપણને કોઈ ધૂન ના સંભળાઈ. મતલબ સ્પષ્ટ છે કે કોઈ વ્યક્તિ છે જ, કોઈ પડઘા નથી." નીરજાએ વિસ્તારથી સમજાવ્યું.

"ઓહ, તો મારી વાત સાચી પડી ને? હું તો પહેલાંથી જ કહેતી હતી, કે કોઈ છે જે ધૂન વગાડે છે, કોઈ પડઘા નથી. થઈ ગયું ને સાબિત?" વ્યોમા પોતાના વિજય પર ખુશ થઈ ગઈ.

"તો ચાલ, પેલી વ્યક્તિને શોધી કાઢીએ. તે જરૂર નજીકમાં જ હશે." નીરજાએ નવો પડકાર સર્જી લીધો બન્ને માટે.

પ્રકરણ 49

"નીરજા, તું રાત્રે જ ધોધ પર પહોંચવા માંગે છે કે નહીં? આમ આપણે પેલી વ્યક્તિને શોધવા બેસીશું, તો કદાચ રાત અહીં જ રોકાઈ જવું પડે. અને કાલે .."

"કાલે શું થશે તેની જંગલમાં કોઈને ખબર નથી હોતી, એમ જ ને?" નીરજાએ વ્યોમાની અધૂરી વાત પૂરી કરી.

"તું બધું જાણે છે, સમજે છે તો પછી કેમ આમ વર્તે છે? ક્યારેક મને જંગલની નીરજા નથી સમજાતી." વ્યોમાએ મીઠી તકરાર કરી.

"કોશિશ પણ ના કરતી, જંગલની નીરજાને સમજવાની. ચાલ, હું કહું તેમ પેલી વ્યક્તિને શોધી કાઢીએ."

નીરજા અને વ્યોમા નીકળી પડી, પેલી અજાણી વાંસળી વાદક વ્યક્તિની શોધમાં.

અવાજની દિશામાં બે ત્રણ મિનિટ ચાલ્યા ને નીરજા અટકી ગઈ. તેણે વ્યોમાનો પણ હાથ પકડી તેને ઊભી રાખી દીધી.

"પેલી ઝાડીમાં જો, કોઈ ત્યાં જરૂર છે. સાવધ રહેવું પડશે." નીરજાએ એક ઝાડી તરફ ઈશારો કર્યો. બન્ને તે ઝાડીને સાવધાનીથી જોવા લાગ્યા. હલતી ઝાડી જોઈને લાગતું હતું કે કોઈ પ્રાણી તેની પાછળ છે, અને તે ધીમે ધીમે ઝાડી વીંધીને બહાર આવવા મથતું હોય તેમ, વધુને વધુ નજદીક આવી રહ્યું હતું. તે હવે ખૂબ નજીક આવી ગયું. ઝાડી વચ્ચેથી કોઈ આકૃતિ સ્પષ્ટ સર્જાવા લાગી.

"આ તો કોઈ માનવ આકૃતિ લાગે છે." વ્યોમાએ નીરજાના કાનમાં કહ્યું. નીરજાએ હોઠો પર આંગળી મૂકી દીધી. વ્યોમા ચૂપ થઈ ગઈ. બંનેના શરીરમાંથી જન્મીને એક ઝણઝણાટી જંગલમાં પ્રસરી ગઈ.

હવે તે આકૃતિ ઝાડી વીંધીને બહાર આવી ગઈ. ખીલેલી ચાંદનીમાં હવે બધું સ્પષ્ટ દેખાવા લાગ્યું. તે આકૃતિ કોઈ યુવાન છોકરીની હતી. **18 – 20** વર્ષની છોકરી હશે, કદાચ. તે હવે કેડી પર આવી ગઈ. તેણે પીળા વસ્ત્રો પહેર્યા હતા. ચાંદનીમાં તેના વસ્ત્રો શોભતા હતા. તેનું મુખ હજુ પણ સ્પષ્ટ જોઈ શકાતું નહોતું. તે ધીરે ધીરે નજીક આવી રહી હતી. તે નીરજા અને વ્યોમા તરફ જ આવતી હતી. તે હવે ખૂબ નજીક આવી ગઈ. તેનો ચહેરો હવે સ્પષ્ટ જોઈ શકાતો હતો. તે યુવાન છોકરી જ હતી. નીરજા અને વ્યોમાના વધેલા ધબકારા, તેને જોઈને સ્થિર થવા લાગ્યા. સ્વસ્થ થવા લાગ્યા, બન્ને.

પેલી છોકરી સામે આવીને ઊભી રહી ગઈ. બન્નેએ તેની આંખમાં આંખ મિલાવી. પેલીની આંખમાં કોઈ ગુસ્સો, કોઈ નારાજગી ઉગેલી દેખાઈ. વ્યોમાએ તેના જવાબમાં એક સ્મિત આપ્યું. પેલીના ચહેરા પર કોઈ ભાવો બદલાયા નહીં.

"હેલ્લો, ગૂડ ઈવનિંગ."નીરજાએ વાત કરવાની કોશિશ કરી. તેણે કોઈ પ્રતિભાવ ના આપ્યો. માત્ર તેની તીક્ષ્ણ નજર વડે તે તાકી રહી બન્ને તરફ.

વ્યોમાએ તેની નજર પરથી પોતાની નજર હટાવી. તે પેલીને ઉપરથી નીચે સુધી જોવા લાગી. તેની નજર તેના હાથ પર પડી. તેના ડાબા હાથમાં વાંસળી પકડી હતી તેણે.

"નીરજા, આ એ જ છોકરી છે જે તારી સાથે વાંસળી વગાડતી હતી." વ્યોમાએ નીરજાના પેલી છોકરી સાથેના નેત્ર સેતુને ભંગ કર્યો. નીરજા પણ તેના હાથમાં રહેલી વાંસળીને જોવા લાગી.

નીરજા અને વ્યોમાને સમજાઈ ગયું કે આ જ છોકરી વાંસળી વગાડતી હશે. જો આ સમયે વાંસળી વગાડીએ તો કદાચ .... નીરજાના મનમાં વિચાર આવી ગયો. તે પોતાની વાંસળી હોઠ પર મૂકી વગાડવા જતી હતી, ત્યાં જ પેલી છોકરીએ તેના હાથમાંથી વાંસળી ઝૂંટવી લીધી.

તેના આ કૃત્યથી બંને ડઘાઈ ગઈ. કશું ય સમજે તે પહેલાં જ, તે ગુસ્સામાં બોલી, "સંગીતના નિયમોની જરા પણ ખબર છે,

તમને?"

વ્યોમા તેના શબ્દોથી વિચલિત થઈ ગઈ. પણ નીરજાને મજા પડી ગઈ. તે મનમાં જ વિચારવા લાગી-'તીર બરાબર નિશાન પર જ લાગ્યું છે' તે હસવા લાગી, મુક્ત મને. તેના હાસ્યની પેલી છોકરી પર અસર થઈ. તે થોડી શાંત થઈ.

"મને સંગીત પણ આવડે છે, અને તેના નિયમોની પણ જાણ છે. મેં જાણી જોઈને જ તેનો ભંગ કર્યો છે."

"તું જાણે છે સંગીતના નિયમો, ને તોય તું તેનો ભંગ કરે છે? અને એ પણ ઈરાદા પૂર્વક?" પેલી હવે વધુ ગુસ્સે થઈ ગઈ.

"જો મેં રાગ ભૈરવી વગાડયા પછી, રાગ ચંદ્રકૌંસ ના વગાડ્યો હોત, તો કદાચ આપણું મિલન ક્યારેય ના થાત. રાઇટ, મિસ..." નીરજાએ તેની આંખોમાં આંખ નાંખી પૂરા આત્મવિશ્વાસથી કહ્યું. નીરજાએ પોતે વગાડેલા રાગો વિષે વાત કરી એથી પેલીને ખાત્રી થઈ ગઈ કે તેને સંગીતનું પૂરું જ્ઞાન છે.

નીરજાના સંગીતના જ્ઞાનને, તે માન આપતી હોય તેમ બોલી, "મનીષા. નામ છે મારૂ, મનીષા." તેણે પોતાનું નામ કહ્યું. તેની આંખમાં હવે સ્મિત પ્રવેશી ગયું.

"મિસ મનીષા, તમને આ જંગલમાં, ચાંદનીમય જંગલમાં, હાથમાં વાંસળી સાથે મળીને અમને કોઈ જુદા જ આનંદનો અનુભવ થઈ રહ્યો છે." વ્યોમાએ થોડી સાહિત્યિક ભાષાનો પ્રયોગ કર્યો.

મનીષા હવે નોર્મલ થઈ ગઈ. તેણે વ્યોમા તરફ પોતાનો હાથ લંબાવ્યો, દોસ્તીનો. સૌએ દોસ્તીના હાથનો સ્વીકાર કર્યો. નીરજા અને વ્યોમાએ મનિષાને પરિચય આપ્યો.

"હૂઁ જંગલમાં જ રહું છું, મારા પરિવાર સાથે. કોલેજમાં ભણું છું. મને સંગીત ગમે છે. વાંસળી વગાડવાનો મને શોખ છે. અને રોજ સાંજે હું જંગલને મારી વાંસળી સંભળાવું છું. આજે પણ જ્યારે મેં વાંસળી વગાડવા વિચાર્યું, ત્યારે જ તારી વાંસળીના સૂરો મને સંભળાયા. મને ગમ્યા. મેં પણ તે જ સૂરોને વગાડ્યા."

"ઓહ, તો તું રોજ આમ સાંજે સંગીત વગાડે છે ! અદભૂત છે." નીરજાએ આનંદ વ્યક્ત કર્યો.

"પણ, તું શા માટે સાંજે જ વગાડે છે?" વ્યોમાએ જીજ્ઞાસા બતાવી.

"હું રોજ સાંજે જ સંગીત વગાડુ છું. અને એ પણ માત્ર વાંસળી જ. તેનું કારણ સિમ્પલ છે. એક, મને વાંસળી જ વગાડતા આવડે છે. બીજું, જંગલને હવે આદત પડી ગઈ છે મારી વાંસળી સાંભળવાની. કોઈ દિવસ જો હું ના વગાડુ કે મોડી પડું, તો તે મારા પર નારાજ થઈ જાય. અને મને, તે નારાજ થાય તે ના ગમે." મનીષાએ પોતાની લાગણી કહી.

"એમ? જંગલ સંગીત પણ સાંભળે? અને નારાજ પણ થાય?"

"વાહ. કેટલું અદભૂત છે?"

"નીરજા, તારી વાંસળી પણ જંગલને ખૂબ ગમી છે. મને પણ. તારી સાથે વાંસળી વાગડવાનું મને ગમશે." મનીષાએ કહ્યું.

"તો, ચાલ. હું તૈયાર છું. આપણે વાંસળી વગાડીએ, સાથે-સાથે." નીરજાએ પોતાની વાંસળી હોઠો પર મૂકી દીધી. પ્રતિક્ષા કરવા લાગી મનીષાના સાથની.

પણ, મનીષાએ કોઈ જ પ્રતિક્રિયા ના આપી. નીરજા અટકી ગઈ. પ્રશ્નાર્થ નજરે તે મનીષાને જોતી રહી.

"મનીષા, નીરજા તારી પ્રતિક્ષા કરે છે. ચાલ, તું પણ શરૂ કર, એટલે વાંસળીની જુગલબંદીની જમાવટ થાય." વ્યોમાએ મનીષાને આગ્રહ કર્યો.

"ના, આજે રાગ ભૈરવી વાગી ચૂક્યો છે. હવે તો કાલે જ વગાડીશું." મનીષાએ વિવશતા કહી.

“પણ, કાલે તો અમે અહીં નહીં જ હોઈએ.” વ્યોમાએ કહ્યું.

“કેમ? કાલે ક્યાં હશો?” મનીષાએ વિસ્મય સાથે કહ્યું.

નીરજા અને વ્યોમાને સમજાયું કે માત્ર નામનો જ પરિચય થયો છે, મનીષા જોડે. તેઓ શા માટે આટલે દૂર જંગલમાં એકલા ફરી રહ્યા છે, એ વાત તો તેઓએ મનીષાને કહી જ નહીં. અરે, મનીષાએ પૂછી પણ નહીં.

“મનીષા, અમે અહીં છેક જંગલમાં ગુજરાતથી આવ્યા છીએ. અમારે તો જવું છે...” નીરજાએ કહેવા ધાર્યું.

મનીષા વચ્ચે જ બોલી પડી, “ઓહ. મેં તો પૂછ્યું જ નહીં કે તમે લોકો અહીં ક્યાંથી આવ્યા છો? શા માટે આવ્યા છો? શું કરવા ચાહો છો?” પોતાના જ શબ્દો પર તે હસી પડી.

“અમે નોહ કલિકાઇ ધોધ પર જઇ રહ્યા છીએ. બસ, આજ રાત સુધીમાં ત્યાં પહોંચી જઈશું.”

“પૂનમના ચંદ્રની ખીલેલી ચાંદનીમાં ધોધને જોવો છે, માણવો છે.”

“ઓહ. અદભૂત છે એ દ્રશ્યો. લગભગ એક દોઢ કલાકનો રસ્તો છે. તમારે હવે નીકળી પડવું જોઈએ.” મનીષાએ સૂચન કર્યું.

“યસ, મનીષા. અમારે હવે જવું જ પડશે. પણ, મજા પડી તારી સાથે આ સંગીત અને ચાંદની ભરેલી સાંજમાં.” નીરજા અને વ્યોમાએ મનીષાનો આભાર માન્યો અને ચાલવા લાગ્યા મંઝિલ તરફ.

પ્રકરણ 50

ચાંદની સાંજ ધીરે ધીરે રાતમાં ઢળવા લાગી. જેમ જેમ રાત વધવા લાગી, તેમ તેમ ચાંદની પણ વધુને વધુ ખીલવા લાગી. આખા જંગલ પર છવાઈ ગઈ, ચાંદની. જાણે, જંગલ પર માત્ર ચાંદનીનું જ રાજ હોય.

એ જ જાણીતી કેડી, લઈ જતી હતી અજાણી મંઝિલ તરફ. રસ્તો કપાતો ગયો. ચંદ્ર, ચાંદની, હવા, સમય અને જંગલ પણ, ચાલતું રહ્યું- સાથે, સાથે.

મૌન અને શબ્દો પણ ચાલતા રહ્યા. વારાફરતી સાથ દેતા રહ્યા. કોણ જાણે કેટકેટલી વાતો કરી હશે, તો કેટલાય મૌનને પણ બોલવા દીધા હશે.

"વ્યોમા, આ ચાંદનીમાં આકાશ કેવું શોભે છે !" નીરજાએ આકાશને આંખમાં સમાવતા કહ્યું.

"તેમાં ચાંદનીનો હાથ છે, કે આકાશ સ્વયં એટલું સુંદર છે? તને શું લાગે છે ?" વ્યોમાએ નીરજાએ છેડેલી વાતને હવા દીધી.

"કોઈ વસ્તુ કે વ્યક્તિ તો જેવા હોય તેવા જ હોય છે, રહે છે. પણ, જયારે જ્યારે તેની પરિસ્થિતી બદલાય કે તેના સાથી બદલાય, ત્યારે ત્યારે તે આપણને જુદી રીતે દેખાતા હોય છે. પણ તે વ્યક્તિ કે વસ્તુ તો તેવા જ રહે છે, તેના મૂળ રૂપે, મૂળ સ્વભાવે."

"એટલે કે આકાશ તો એવું ને એવું જ છે, પણ ચાંદનીને કારણે તે અલગ લાગી રહ્યું છે."

"ચાંદની આકાશના બાહ્ય રૂપને જુદી રીતે રજૂ કરી રહી છે. બાકી આકાશ તો એવું જ છે"

"ત્યાં દૂર પેલું ઝરણું દેખાય છે? મને લાગે છે કે આ એ જ ઝરણું છે જેમાં આપણે સ્નાન કર્યું હતું."

"હા, મને દેખાય છે. આપણાં પેલા પરિચિત ઝરણાં તરફ જ આનો પ્રવાહ છે."

"તે ઝરણું પણ સવારના પ્રકાશમાં દેખાતું હતું, તેનાથી અલગ દેખાઈ રહ્યું છે, આ ચાંદનીમાં." વ્યોમાએ નીરજાની મૂળ વાત સાથે સંધાન કર્યું.

"હા, દિવસના પ્રકાશમાં, ઝરણાંમાં વહેતા હતા વાદળો, આકાશની સ્વચ્છતા, ઉડતા પંખીઓના પડછાયા, જંગલની ડાળીઓના વળાંકો, વહેતી હવાની લહેરોના વમળો, આપણાં ચહેરાઓના પ્રતિબિંબો, પરાવર્તન પામતા સૂરજના કિરણો..." નીરજા અસ્ખલિત બોલતી હતી.

"અને અત્યારે ચાંદની રાતમાં પાણી કેવું રૂપ બદલી બેઠું છે. તેમાં ભળી ગયો છે અંધકાર. અને તે અંધકારમાં ચમકી રહી છે ચાંદની. દિવસના પ્રકાશમાં જે બધું દેખાતું હતું, તે બધું જ તેણે ત્યાગી દીધું હોય તેવું લાગે છે. સવારે કાચ જેવુ લાગતું પાણી અત્યારે કાળી ચાદર જેવુ લાગતું હતું."

"પણ એ જ કાળી ચાદર પર ચાંદનીની સફેદ ચાદર પથરાઈ ગઈ છે. જે તેને પાણી નહીં, પણ દૂધના વહેતા ઝરણાંમાં રૂપાંતરિત કરી દેય છે."

"કેટલું મનમોહક રૂપ છે, ઝરણાંનું? અદભૂત... અનુપમ..." વ્યોમા ઝરણાંના રૂપમાં ખોવાઈ ગઈ.

"પણ, આ રૂપ તેનું વાસ્તવિક રૂપ નથી. આ ઝરણું હોય કે આકાશ, એક મુખૌટો, એક આવરણ પહેરીને સામે ઊભા છે- આ જળ, આ આકાશ... જાણે છળ અને આભાસ..."

"આભાસી પણ ઉત્તમ આવરણો પહેર્યા છે, એ બન્નેએ." વ્યોમાએ નીરજાથી અલગ મત વ્યક્ત કર્યો.

"મને એના આ દંભી રૂપ છેતરામણા લાગે છે. હમણાં જ હાથતાળી આપીને છટકી જશે. પછી ફરી એ જ એના મૂળ રૂપે સામે

આવી જશે.."

"અને એ મૂળ રૂપ જ તને ગમવા લાગશે, ખરું ને?"

"મને એના મૂળ રૂપ જ ગમે છે. કમસેકમ તે છેતરામણા તો નથી હોતા. ક્ષણિક તો નથી હોતા. એ તો હોય છે સત્ય, સ્થાયી અને શાશ્વત."

"કેવું છે સત્ય, સ્થાયી અને શાશ્વત રૂપ, આ જળ, આ આકાશનું?"

"આકાશ અને જળને ખરેખર તો કોઈ રૂપ કે આકાર નથી હોતા. તે તો હોય છે નિરાકાર." નીરજા જ્ઞાનીની જેમ કહેવા લાગી.

"તો તું કયા સત્ય, સ્થાયી અને શાશ્વત રૂપની વાત કરે છે? એક તરફ તું એમ કહે છે, કે તેને કોઈ રૂપ જ નથી, તે નિરાકાર છે. તો બીજી તરફ તું જ કહે છે, કે તેના સત્ય, સ્થાયી અને શાશ્વત રૂપ છે. તું પોતે તારા જ વિચારોના વિરોધાભાસમાં અટવાઈ ગઈ હોય, એવું મને લાગે છે." વ્યોમાએ નીરજા તરફ સંદેહની નજરે દ્રષ્ટિ કરી.

"સાચું કહે છે તું. મને આ બન્ને વિરોધાભાસો સત્ય લાગે છે, અને છેતરામણા પણ ! હું કાંઇ જ નક્કી નથી કરી શકતી."નીરજા મૌન બની ગઈ. જાણે સ્વયમના વિરોધાભાસની લડાઈની મૂક સાક્ષી બની ગઈ હોય, તેમ શૂન્ય મનના ભાવ સાથે દૂર સુધી લંબાતી, જંગલની ચાંદની પર નજર નાંખી રહી. વ્યોમાએ તેને તેમ કરતાં રોકી નહીં.

વ્યોમાને ખબર હતી કે જ્યારે જ્યારે નીરજાના ચહેરા પર આવા ભાવો હોય, પોતાના જ વિરોધાભાસોની લડાઈ લડતી હોય, ત્યારે ત્યારે તે સમાધિ જેવી અવસ્થામાં સારી જતી હોય છે. નીરજાની લંબાતી સમાધિને તેણે જોઈ. તેણે, તેને લંબાવા દીધી, વિસ્તરવા દીધી. પગની ગતિને રોકી, વિચારોને ગતિ આપી.

થોડી વારે નીરજા સમાધિ છોડી જંગલમાં પછી ફરશે. તે સમાધિમાંથી કોઈ જ્ઞાન પ્રાપ્ત થયું હશે, તે જ્ઞાન તે વ્યોમાને કહેશે. જંગલને કહેશે, હવાને, રાતને, ચંદ્રને કહેશે. ચાંદનીને, ફૂલોને, રંગોને કહેશે. કાંટાઓને, સુગંધને, પાંદડાઓને કહેશે. ડાળીઓને, કેડીઓને, માટીને.... બધાને કહેશે. બધા એ વાત સાઁભળશે, ધ્યાનથી. એક સાથે તેની વાતમાં સમ્મત થઈ જશે, તેની વાત સ્વીકારી લેશે. એ વાત જરૂર સત્ય હશે, સ્થાયી હશે, શાશ્વત હશે.

વ્યોમા પ્રતિક્ષા કરવા લાગી, નીરજાની સમાધિ તૂટવાની. તે હજુ પણ સમાધિસ્થ હતી.

જંગલના 5-6 દિવસના સહવાસમાં નીરજા ખુબ બદલાઈ ગઈ હતી. ક્યારેક ખૂબ જ ઊંડા જ્ઞાનની વાતો કરતી, તો ક્યારેક સાવ બાળક જેમ સવાલોના રમકડાં લઈને રમવા લાગતી. જંગલનો કેવો પ્રભાવ પડ્યો હતો, તેના વ્યક્તિત્વ પર !

'જંગલ એકલાનો પ્રભાવ થોડો હશે એ?'

'તો?'

'જંગલમાં તેને કેવા કેવા અનુભવો થયા છે, કેવા કેવા લોકો મળ્યા છે ! એ બધાનો પણ તેના પર પ્રભાવ પડ્યો હશે?'

'જેનિફર, વેદ, વિલ્સન, મનીષા, ગુરુજી.. વરસાદ, જંગલ, હવા, ચાંદની, વાદળો, તડકો, .. રસ્તો, પંખીઓ, વાંદરાઓ, પતંગિયાઓ, ... નદી, ઝરણાંઓ, પહાડ....'

'આટલા બધા? ઓહો... કેવા અદભૂત આલિંગનો હતા, એ સૌના...'

'એ બધા આલિંગનો મને પણ મળ્યા છે. તો, મારામાં પણ કોઈ પરીવર્તન આવ્યું જ હશે ને?'

"વ્યોમા, એ પરિવર્તનો તને નહીં દેખાય. મારા પરિવર્તનો મને ના દેખાય, તેમ તારા તને ના દેખાય."

નીરજાના શબ્દો તેના કાને પડ્યા.

"તું શું કહે છે, નીરજા? તને મારા મનની વાત સંભળાઈ ગઈ?" વ્યોમા ચોંકી ગઈ.

"વ્યોમા, તું મનમાં જે વિચારતી હતી તે સ્વગત બોલતી પણ હતી. તારા એક એક શબ્દ, મને સ્પષ્ટ સંભળાયા છે. મને જ નહીં, આખા આ જંગલને..."

"પણ હું તો કશું બોલી જ નથી. મારા મનમાં જ..."

"તારા મનમાંથી એ શબ્દો ક્યારે તારા હોઠો પર આવી ગયા, એ તને ખબર જ નથી. અને આટલા નીરવ જંગલમાં તો તારા શ્વાસોનો અવાજ પણ આખું જંગલ સાંભળી શકે છે."

"હશે, ચાલ. પણ, આપણે તો જળ- આકાશ વગેરેના રૂપની વાત કરતાં હતા. તારી સમાધિએ તેનો શો જવાબ આપ્યો છે?" વ્યોમાએ વાત ફરી એ જ મુદ્દા તરફ વાળી.

બંને ફરી ચાલવા લાગ્યા, વાત પણ.

"એ જ, કે જેને પોતાનું કોઈ રૂપ કે આકાર નથી, તે કોઈ પણ રૂપ કે આકારમાં ઢળી જઇ શકે છે, ઢળતા રહેતા હોય છે. અને તેથી જ છેતરામણા હોય છે, આ જળ અને આકાશની જેમ." નીરજા કહેવા લાગી.

"માત્ર આ જળ અને આકાશસ જ કેમ? અગ્નિ અને વાયુને પણ..." વ્યોમાએ જિજ્ઞાસા બતાવી.

"અગ્નિ અને વાયુ? એ ક્યાંથી આવ્યા વળી?" નીરજાને વ્યોમાના નવા તત્વોએ વિસ્મય આપ્યું.

"પંચ મહાભૂત, નીરજા ! જળ, આકાશ, અગ્નિ, વાયુ અને પૃથ્વી."

"રાઇટ, વ્યોમા. હા માત્ર જળ અને આકાશ જ નહીં, પણ અગ્નિ અને વાયુને પણ આકાર નથી, રૂપ નથી. સત્ય, સ્થાયી કે શાશ્વત... કશું જ નહીં."

"તો પછી સવાલ એ છે, કે પાંચમાંથી ચાર તત્વોને રંગ, રૂપ આકાર કે સુગંધ પણ નથી. તો આપણાં આ શરીરને આકાર આપે છે કોણ?" વ્યોમા પણ જ્ઞાનની તરસના માર્ગે ચાલવા લાગી.

"હઁ.. સવાલ મજાનો છે. પણ મારો સવાલ એ છે, કે આપણે આવા ગહન વિચારો તરફ કેમ દોરવાઈ ગયા? આવા વિચારો, આવી વાતો, તો કોઈ જ્ઞાની લોકો કરતાં હોય છે. અને આપણે..."

"અને આપણે તો હજુ બાળક છીએ એમ જ ને?" વ્યોમા હસી પડી.

"ખબર નહીં. પણ, આ પણ આપણાંમાં આવેલું પરીવર્તન જ છે." નીરજા પણ હસવા લાગી.

"કેવું છે આ પરિવર્તન? નીરજા, દરેક સમયે નવા સવાલો થાય, નવા વિસ્મય અને કૌતુક થાય. તેના જવાબો શોધવાનું મન થાય. તે માટે જાતને સવાલ કરીએ, હવાને, જંગલને, સવાલો કરીએ. દૂર દૂર ક્ષિતિજને પણ સવાલ પૂછી લઈએ. કોઈ પાસે હોય તો તેને સવાલ કરીએ.. પણ.. ગમે તેમ, તે સવાલોના જવાબો શોધવા મથીએ .."?વ્યોમા અટકી.

"ક્યારેક જવાબો મળે, ક્યારેક ના મળે. જવાબો મળે, તો નવા સવાલો ઉત્પન્ન થવા લાગે. ફરી એના જવાબો શોધીએ, જવાબો મળે, ના મળે. ક્યારેક સવાલો જ બદલાઈ જાય. તો વળી નવા જવાબો, નવા વિસ્મયો ભેટી પડે. સવાલો, જવાબો, વિસ્મયો, સવાલો... એક ચક્રવ્યુહ રચાતું જાય. તેને ભેદતા જઈએ તો વળી કોઈ નવું જ ચક્રવ્યૂહ સામે આવી જાય... કેવું છે ..." નીરજા પોતાની જ વાતોમાં ઉલઝાઇ ગઈ.

"ચક્રવ્યૂહ ના ચક્રવ્યૂહ. મને તો આ બધું બહુ ગમવા લાગ્યું છે. સવાલ, જવાબ અને વિસ્મયનું પોતાનું એક અલગ અસ્તિત્વ છે, જગત છે. એ જગતનું વિશેષ સૌંદર્ય પણ છે. એના એ જગતમાં ઘૂસી જઈએ તો જ તે સૌંદર્યને પામી શકાય." વ્યોમા સૌંદર્યમાં ઉતરવા લાગી.

"સૌંદર્યના એ જગતમાં કે આ જગતના સૌંદર્યમાં, આપણો સવાલ હજુ પણ એમ જ ઊભો છે, મુર્તિ બનીને. જેનું પોતાનું પણ સૌંદર્ય છે." નીરજાએ નવું સૌંદર્ય સર્જી દીધું.

"ક્યો સવાલ?"

"એ જ કે આકાર વિનાનાં ચાર ચાર મહાભૂતો હોવા છતાં, આ શરીરને નિશ્ચિત આકાર છે, રંગ છે, રૂપ છે, સુગંધ છે. શા માટે?" નીરજાએ આંખમાંનું વિસ્મય હોઠ પર મૂકી દીધું.

"પાંચમું તત્વ પણ છે, પૃથ્વી. આ ધરતી, આ માટી.. ઓહ, નીરજા, આ પૃથ્વી તત્વને આકાર છે, અને એ જ બાકીના ચાર તત્વોને પોતાનામાં સમાવી, પોતાનો આકાર આપીને શરીર બનાવે છે." વ્યોમાએ કહ્યું. આ બધું જ્ઞાન તેનામાં ક્યાંથી આવ્યું? પોતાની વાત પર તે પોતે જ વિસ્મય પામી.

"વ્યોમા, તારી વાત સત્ય છે." નીરજાએ વ્યોમાનો એ તર્ક સ્વીકારી લીધો.

"ઓહ, પૃથ્વી, તને મારા નમન." વ્યોમા નીચી નમી. થોડી માટી હાથમાં લઈ, આખા શરીર પર તેને ઘસવા લાગી. નીરજા તેને જોઈ રહી. તેણે પણ વ્યોમાની જેમ જ માટી લીધી અને શરીર પર ઘસી.

"તારું અને મારૂ પણ એવું જ છે. હું વ્યોમા. એટલે કે આકાશ. તું નીરજા. એટલે કે જળ. તારી અને મારી અંદર નવા વિચારોના, સવાલોના, વિસ્મયોના અગ્નિ પ્રજવળે છે. આપણી જિજ્ઞાસા તેને હવા આપે છે. તે વાયુ બનીને બ્રહ્માંડમાં ફેલાઈ જાય છે. પણ…" વ્યોમાએ પોતાના તર્કને હવા આપી.

"પણ, આ જંગલ કે આ ધોધ જેવી કોઈ નકકર વસ્તુ, ખૂટતું પાંચમું તત્વ બનીને આવાહન આપી, આલિંગન આપી, આપણામાં ભળી જાય છે." નીરજા જંગલને જોવા લાગી.

"જે આપી જાય છે, આપણી જિંદગીને એક નક્કર આકાર. નિરાકારમાંથી બનાવી દે છે, સાકાર."

"અને આપણે નીકળી પડીએ છીએ એક ખોજમાં. પેલા વિડિયોમાં જોયેલા ગાઢ જંગલ, પહાડ, પ્રચંડ તાકાત સાથે જમીન પર પટકતો ધોધ, ત્યાં રચાતાં મેઘધનુષ, પટકાઈને ઝરણું બનીને વહી જતું પાણી, ધોધમાર વરસાદ, પાણીનો અવાજ, વાદળમાંથી વરસતા વરસાદનો અવાજ, ડાળ પર, પાંદડા પર પડતાં બિંદુઓનો અવાજ, ધીરેથી પાંદડાઓ પરથી સરકીને જમીન પર પડતાં બિંદુઓનો અવાજ… અને તે બધું પામવા ગતિ કરતાં આપણાં ચરણો…" નીરજાના મનોઆકાશમાં રમવા લાગ્યો ધોધનો પેલો વિડીયો. તેમાં ખોવાઈ ગઈ, તે.

ફરી બંને મૌન. કપાતો રસ્તો પણ, મૌન.

પ્રકરણ 51

શાંત જંગલમાં બંનેના પગરવ સિવાય, કોઈ જ ધ્વનિ ન હતો. બધું જ શાંત હતું.

રસ્તા પર નીરજાના પગ ચાલી રહ્યા હતા. મનમાં ચાલી રહ્યો હતો, પેલો વિડીયો. વ્યોમા તદ્દન શાંત હતી. જંગલની શાંતિને પોતાની અંદર ઉતારીને ચાલતી રહી. પગના, હૃદયના ધબકારને સાંભળતી રહી.

એક સરખા લય અને તાલ સાથે સર્જાતા અવાજ. કેડી પર પડેલા પાંદડા પર પડતાં પગનો ધ્વનિ, તેની સાથે તાલ મિલાવતા હૃદયના ધબકારનો ધ્વનિ... એક જ જાતના ધ્વનિને તે ઘણી વાર સુધી સાંભળતી રહી. એક ધારો અવાજ, કોઈ વૈવિધ્ય વિનાનો અવાજ. તેનાથી તે ધરાઇ ગઈ, કંટાળી ગઈ.

કોઈ નવો અવાજ સાંભળવા તે તરસવા લાગી. તેણે નીરજા તરફ નજર કરી. તે મૌન હતી. તેના પગનો ધ્વનિ આવી રહ્યો હતો. પેલા એકધારા ધ્વનિની જેમ તે પણ કંટાળા જનક લાગ્યો.

વ્યોમાને સાંભળવો હતો, કોઈ બીજો જ ધ્વનિ. કોઈ નવો ધ્વનિ. અરે, નીરજાના હોઠો પરથી સર્જાતો ધ્વનિ પણ, આ એકધારા અવાજમાં કાંઈક નવીનતા પૂરી શકે. પણ, નીરજા બોલે ત્યારે ને? નીરજા તો છે તદ્દન મૌન !

તેણે નીરજાના શબ્દોની પ્રતિક્ષા કરવી છોડી દીધી. તે જંગલ તરફ ફરી.

જંગલમાંથી કદાચ કોઈ નવો અવાજ સર્જાય, અને તેના કાને તે અથડાય, તો તેની એકધારાપણાની સ્થિતિ બદલાય...

નવા અવાજની શોધમાં તેણે જંગલ તરફ કાન માંડ્યા, ખૂબ જ ધ્યાનથી. દૂર દૂર કોઈ અવાજ સંભળાઈ જાય તેવી આશાએ.

તે નિરાશ થઈ ગઈ. જંગલ પણ જાણે જડ બનીને સૂઈ ગયું હોય, તેમ કોઈ અવાજ સર્જતું ન હતું. હવાની કોઈ લહેર પણ, પાંદડા કે ડાળીઓને હલાવીને જગાડતી ન હતી. કોઈ પંખી પણ તેના કંઠને તસ્દી નહોતું આપતું. કોઈ પતંગિયા પણ પાંખ ફફડાવતા નહોતા. કોઈ ભમરા ગુંજન નહોતા કરતાં. કોઈ તમરા પણ નહોતા બોલતા. અરે.. કોઈ ઘુવડ તમે તો બોલો. તમે તો રાતના રાજા છો... વ્યોમા તે બધાને આજીજી કરવા લાગી. પણ, જંગલમાંનું કોઈ જ, કશું જ અવાજ રૂપે સર્જતું નહોતું.

અવાજ હતો તો બસ.. પાંદડા પર પડતાં એકધારા પગનો અવાજ, એકદમ સ્પષ્ટ સંભળાતા હૃદયના ધબકારાનો અવાજ. વ્યોમાએ આશા છોડી દીધી. સવાર નહીં પડે ત્યાં સુધી જંગલ સૂતું રહેશે અને કોઈ અવાજ નહીં સર્જાય.

નીરજાના મૌનને ભંગ કરવાની ઈચ્છા થઈ, પણ વ્યોમા તેમ ના કરી શકી. તે પણ ચાલતી રહી, બસ, નીરજાની જેમ મૌન બનીને. એકધારાપણાની શાલ વીંટીને.

વ્યોમા ચાલતી રહી, ઊંડા શ્વાસો લેતી રહી. કોઈ નવી ધ્વનિનું સર્જન કરવા પ્રયાસ કરતી રહી. તેના કાને કોઈ અવાજ પડ્યો હોય તેવો તેને આભાસ થયો. તેના કાન જાગૃત થઈ ગયા. તે અવાજ નવો હતો. એકધારાપણાથી અલગ. તેણે કાનને વધુ સતેજ કર્યા. ફરી કોઈ નવા અવાજનો આભાસ થયો. ફરી શાંત, ફરી અવાજ... ફરી જૂનું મૌન. પાંચ સાત વખત વ્યોમાએ મૌન વચ્ચે અવાજો સાંભળ્યા. તેણે કાનોને ફરીથી તે દિશામાં દોડાવ્યા. ફરી તેના કાને, એ નવા અવાજને ઝીલ્યો. તે અવાજ ધીરે ધીરે સ્પષ્ટ થવા લાગ્યો. ટુકડાઓમાં વિખરાઈને આવતો અવાજ હવે એકધારો આવવા લાગ્યો.

વ્યોમાને ગમ્યો, આ નવો અવાજ. તેના મનમાં વિચારો ચાલવા લાગ્યા.

'શેનો હશે, આ અવાજ? કોણ સર્જી રહ્યું છે, આ અવાજો? ગમે તે હોય, પણ પગ અને હૃદયના એકધારા અવાજ કરતાં આ આવાજ જુદો છે, નવો છે. મને ગમે પણ છે. પણ, શેનો છે અવાજ?'

હવે તો નીરજાને તેના મૌનમાંથી જગાડવી જ પડશે, "નીરજા, તેં પેલા અવાજને સાંભળ્યો?"

"કેવો અવાજ, વ્યોમા?" નીરજા તેના મૌન જગતમાંથી જાગી.

"જો, દૂર દૂરથી કોઈ અવાજ આવી રહ્યો છે, ધ્યાન દઈને સાંભળ…"

નીરજાએ તેના કાનને દૂર દૂર સુધી જંગલમાં ફેલાવી દીધા. તેણે કોઈ અવાજને પકડી પડ્યો. અને હાજર કરી દીધો, વ્યોમા સામે. આછો, આછો અવાજ… ધીરે ધીરે સ્પષ્ટ થતો જતો અવાજ.

"હા, હવે કોઈ અવાજ સ્પષ્ટ સંભળાઈ રહ્યો છે. શાનો છે એ અવાજ, વ્યોમા? તને ખબર છે?" નીરજાએ વ્યોમા સામે પ્રશ્નાર્થ કર્યો. વ્યોમાએ ખભ્ભા અને હોઠોનું સંયોજન કરી ના પાડી. નીરજા ફરી એ અવાજને અનુભવવા લાગી.

એકાદ મિનિટના મૌન બાદ તે બોલી, "વ્યોમા, આ અવાજ પાણીનો છે. જમીન પર પડતાં પાણીનો અવાજ … જો, ધ્યાનથી સાંભળ…"

વ્યોમાએ ધ્યાન કેન્દ્રિત કર્યું, "સાવ સાચી વાત. જમીન પર પડતાં પાણીનો જ અવાજ છે, એ. પાણી ઊંચાઈ પરથી ધરતી પર પડી રહ્યું છે, એવો જ અવાજ છે." વ્યોમાએ વિશ્વાસ પૂર્વક કહ્યું.

"વ્યોમા… વ્યોમા… વ્યોમા…." નીરજાએ વ્યોમાનો હાથ પકડી લીધો, નાચવા લાગી. ખુશીથી ઉછળવા લાગી. વ્યોમાને કશું ય ના સમજાયું. પણ, નીરજા જોડે તે પણ નાચવા લાગી, કુદવા લાગી.

"નીરજા…. નીરજા… કેમ આટલી બધી ખુશ થઈ ગઈ, અચાનક?"

"વ્યોમા, હમણાં કશું જ ના પૂછ. બસ, આમ જ નાચી લેવા દે, ખુશ થઈ જવા દે મને. થોડી ક્ષણોના આ રોમાંચને, આખા જંગલમાં ફેલાવી દેવા દે, જંગલને જગાડી દેવા દે. ડાળીઓ અને પર્ણોની ઊંઘ ઉડાડી દેવા દે. હવાને જલદી બોલાવ. મારે આખા જંગલને વધામણી દેવી છે." હવાની એક લહેર ત્યાં આવી ગઈ. તેણે નીરજાને સ્પર્શ કર્યો. નીરજાએ તેને કાનમાં વધામણી આપી. હવા તેને લઈને જંગલમાં દોડી ગઈ, હરખ પદુડી થઈને.

ફરી બંને નાચવા લાગ્યા. કેટલીય ક્ષણો નાચતા જ રહ્યા. તેના નર્તનમાં ચાંદની પણ સાથ આપવા લાગી. આકાશમાં એક કાળું વાદળું ક્યાંકથી આવી ચડ્યું. ચંદ્રને ઢાંકી દેવા લાગ્યું. ક્યારનીય સ્થિર થઈ પથરાયેલી આળસુ ચાંદની હચમચી ગઈ, હલબલી ગઈ, ખળભળી ગઈ. નિંદ્રાની તંદ્રા છોડી જાગી ગઈ.

એક કાળી વાદળીએ તેની અખંડ પાંખને કાપી નાંખી હતી. ચાંદની ઘાયલ થઈ ગઈ હતી. અખંડ ચાંદની ખંડિત થઈ ગઈ. જંગલના એક ભાગ પરથી ચાંદનીનું અસ્તિત્વ અસ્ત પામ્યું. વ્યોમા અને નીરજા જ્યાં હતા, ત્યાં ચાંદની તેનું રાજ્ય વાદળો સામે હારી ગઈ. પણ, બાકીના જંગલ પર તેનું રાજ્ય અક્ષુણ હતું. સાવ જડ જંગલમાં નવા પ્રાણ આવ્યા હોય તેમ, તે પણ જાગી ગયું.

નાચતા નાચતા નીરજા અને વ્યોમા થાકી ગયા. ઝાડની ડાળી પકડી, તેનો ટેકો લઈ ઊભા રહી ગયા. આનંદ હજુ પણ તેઓના ચહેરા પર છલકાતો હતો.

નીરજાને તો કોઈ કારણ મળી ગયું હતું, ખુશ થવાનું. પણ, વ્યોમાને હજુ પણ તે જાણવા નહોતું મળ્યું. છતાં તે ખુશ હતી. કારણ કે નીરજા ખુશ હતી.

વ્યોમાના ચહેરા પરની ખુશીનું સ્થાન હવે પ્રશ્નાર્થ ભાવે લઈ લીધું, "નીરજા, હવે તો કહે. કેમ આટલી બધી ખુશ છે, તું?" વ્યોમાએ ઊંડો શ્વાસ લીધો, આંખો પટપટાવી અને હોઠ પર સ્મિત સાથે કહ્યું.

"વ્યોમા, આપણે ધોધની પાસે પહોંચી ગયા છીએ. આ અવાજ પેલા ધોધનો છે. ખૂબ જ ઊંચાઈએથી નોહ કલિકાઇ ધોધનું પાણી જમીન પર પ્રચંડ તાકાતથી પડી રહ્યું છે, તેનો ધ્વનિ છે આ. હા, નોહ કલિકાઇ ધોધનો ધ્વનિ. આપણાં સપનાના ધોધનો ધ્વનિ, આપણી મંઝિલનો ધ્વનિ, આપણી ઈચ્છાઓનો ધ્વનિ, આપણી ખુશીઓનો ધ્વનિ." નીરજા ખુશીથી ગદગદિત થઈ ગઈ. આગળ બોલી ના શકી.

નીરજાના શબ્દોનો રોમાંચ વ્યોમાના આખા શરીરમાં ફરી વળ્યો. તે ફરીથી ખુશ થઈ ગઈ. ખુશીથી નાચવા લાગી. હવે તેને ખુશ થવાનું કારણ મળી ગયું હતું.

વ્યોમાએ નીરજાનો હાથ પકડી લીધો. બંને ફરી નાચવા લાગ્યા. ઘણી ક્ષણો સુધી ખુશીઓ મનાવી.

"નીરજા, હજુ તો ધોધનો અવાજ જ સાંભળ્યો છે. ધોધને જોવાનો તો બાકી છે. ચાલ, જલ્દીથી ધોધ સુધી પહોંચી જઈએ. એ ધોધને આંખોથી જોઈ લઈએ. તેની ધારને, તેના પ્રવાહને, તેની તાકાતને, તેની ઊંચાઈને, તેના અવાજને સગી આંખે જોઈ લઈએ. અનુભવી લઈએ. ચાલ જલ્દીથી મંઝિલને મુઠ્ઠીમાં કરી લઈએ." વ્યોમાએ ઉત્સાહમાં નીરજાનો હાથ પકડી ખેંચી લીધો.

તેણે વ્યોમાને કોઈ જ પ્રતિભાવ ના આપ્યો. નાચતી નીરજા પોતાની જગ્યાએ સ્થિર થઈ ગઈ. જાણે તેના મનમાં કોઈ ઉત્સાહ જ ના હોય, શરીરમાં શક્તિ જ ના હોય. તે પોતાની સમગ્ર તાકાત ખોઈ બેઠી હોય તેમ સાવ ઢીલી થઈ ગઈ.

"નીરજા, કેમ હજુ પણ આમ જ ઊભી છે? ચાલ, ફટાફટ પહોંચી જઈએ મંઝિલ પર." વ્યોમાએ ફરી તેને ઉત્સાહિત કરવા પ્રયાસ કર્યો.

"વ્યોમા, ના હું નહીં આવું." નીરજા હજુ પણ નિષ્ક્રિય !

"કેમ? થાકી ગઈ છે? કે…"

"ના. થાકી તો નથી ગઈ, પણ હવે હિંમત નથી ચાલતી. કોણ જાણે કેમ, પગ ઊપડતાં જ નથી. મન પણ…" નીરજા અટકી ગઈ.

"મન ગભરાય છે? શા માટે? મંઝિલને નજીક જાણીને ઉત્સાહ વધી જવો જોઈએ, નીરજા."

"પણ, મારું મન ખરેખર ગભરાય છે. હ્રદય ના સમજાય તેવી લાગણીઓને પ્રત્યેક ધબકારે વહાવી રહ્યું છે. તે લાગણીઓ મારા સમગ્ર શરીરમાં ફેલાઈ ગઈ છે. અને મને …" નીરજા પૂરું બોલી ના શકી.

"શું થયું છે તને, નીરજા? જે મંઝિલને પામવા આપણે આટલા લાંબા સફરને પાર કરી, અહીં સુધી આવી ગયા અને હવે મંઝિલની સાવ પાસે આવીને, તું ગભરાય છે? નક્કી કોઈ વાત છે, તારા મનમાં. દિલ ખોલીને કહી દે, જે કાંઇ હોય તે. વહાવી દે તારી લાગણીના ધોધને." વ્યોમાએ નીરજાના માથા પર હાથ ફેરવ્યો. પીઠ પર પણ.

નીરજા કશું જ ના બોલી શકી. વ્યોમાના સ્પર્શને અનુભવતી રહી. ના સમજાય તેવો લાગણી પ્રવાહ વહેતો રહ્યો.

"નીરજા, જેને આપણે ખૂબ ચાહતા હોઈએ, જેની લાંબી પ્રતિક્ષા કરતાં હોઈએ એ જ વ્યક્તિ કે મંઝિલ જ્યારે સાવ સામે હાથવગી લાગે, ત્યારે જ આપણું મન કેમ અનેક દુવિધાઓમાં અટવાઈ જતું હોય છે? કોણ જાણે કેમ, એક અસમંજસ ઘેરી વળતું હોય છે. પણ, આવું થવું સ્વાભાવિક હોય છે, જે બહુ લાંબુ ટકતું નથી. તું ઈચ્છે તો, આપણે થોડી વાર માટે રોકાઈ જઈએ. પછી ફરી નીકળી પડીશું." વ્યોમાએ નીરજાને ઉત્સાહિત કરવા કહ્યું.

"વ્યોમા એક કામ કરીએ. આજે તો હવે મારામાં કોઈ જ તાકાત કે હિંમત રહી નથી. આ રાહ પર અત્યારે ચાલવું, મારા માટે કઠિન છે. આપણે હાલ અહીં જ રોકાઈ જઈએ. કાલે સવારે…"

"કાલ ઉપર આ જંગલમાં કોઈ જ ભરોસો ના રખાય, નીરજા. તું એ વાત જાણે છે. એ વાત અનુભવ સિધ્ધ છે, આ જંગલ માટે. માટે આજે જ ચાલવું પડશે, અત્યારે જ ચાલવું પડશે." વ્યોમાએ નીરજાની વાત કાપતા કહ્યું.

"પણ, હું તો…." નીરજા ફરી કશુંક કહેવા લાગી, પણ વ્યોમા આજે તેની આવી કોઈ જ વાતથી યાત્રા અટકાવવાના મૂડમાં ન હતી. ખરેખર તો તે નીરજાને ઉત્સાહિત કરી, જલ્દીથી ધોધ પર પહોંચી જવા માંગતી હતી. તેણે નીરજાને એક આલિંગન આપ્યું. પોતાના શરીરની રચનાત્મક ઉર્જા નીરજાના શરીરમાં પ્રવાહિત કરી દીધી.

"પણ બણ, કાંઇ નહીં. જો મંઝિલ પર જવું હોય તો અત્યારે જ ચાલવું પડશે. કાલ પર કશું જ નહીં. અને જો તું અત્યારે મંઝિલ

તરફ ચાલવા ના માંગતી હોય તો ચાલ, પાછા વળી જઈએ. નથી જોઈતી કોઈ મંઝિલ !" વ્યોમાએ કઠોર શબ્દો કહ્યા.

"કેમ આવી વાત કરે છે, વ્યોમા? એક રાત રોકાઈ જવામાં ..." નીરજા આજીજીભર્યા સ્વરે બોલી.

"બિલકુલ નહીં. કાં તો અત્યારે જ મંઝિલને પામી લઈએ અથવા ક્યારેય નહીં. બોલ. શું કરવું છે તારે? નિર્ણય તારા હાથમાં છે. તું જ નક્કી કર, હવે. મંઝિલ કે યાત્રાનો અંત?" વ્યોમાએ ખૂબ મક્કમ નિર્ધાર સાથે વાત કરી. નીરજા પાસે હવે કોઈ જ શબ્દો ના રહ્યાં, કોઈ જ વિકલ્પ ન રહ્યો.

વ્યોમા મંઝિલ તરફ ચાલવા લાગી. નીરજા પણ પરાણે, પરાણે તેને સાથ આપવા લાગી. ચાર પગ ચાલવા લાગ્યા મંઝિલ તરફ.

જેમ જેમ ચાલતા ગયા, તેમ તેમ ધોધનો અવાજ સ્પષ્ટ થતો ગયો, મોટો થતો ગયો. બંનેને તે ગમવા લાગ્યો.

****

એકાદ કલાક ચાલ્યા બાદ, નોહ કલિકાઈ ધોધ દૂરથી જ દેખાવા લાગ્યો. મંઝીલના પહેલાં દર્શન થઈ ગયા. બંને દંગ થઈ ગયા, ધોધને જોઈને. ક્ષણભર તેઓના પગ ત્યાં જ રોકાઈ ગયા. આંખમાં વિસ્મય આવીને બેસી ગયું. હોઠ અર્ધ ખુલ્લા થઈ ગયા. ભ્રમર તંગ થઈ ગઈ. કાન ઊભા થઈ ગયા. નાકને કોઈ સુગંધે ડૂબાડી દીધા. બંને પૂતળાની જેમ સ્થિર થઈ ગયા. બસ, એક નજરે ધોધને જોતાં રહ્યા.

ખૂબ ઊંચાઈ પરથી ધોધ બની પડતું પાણી. તે પાણી પર પડતી ચાંદની. પાણીમાં ભળી જતી ચાંદની. કે ચાંદનીમાં ભળી જતું ધોધનું પાણી ! ધોધના પાણીને તે દૂધ બનાવી દેતું હતું. દૂધની ધાર ઊંચાઈ પરથી નીકળી, લાંબી યાત્રા કરીને જમીન પર પ્રચંડ તાકાતથી પછડાઈ રહી હતી. પ્રચંડ અવાજ સર્જાઈ રહ્યો હતો. તે અવાજ સમગ્ર જંગલમાં વ્યાપી જતો હતો.

નોહ કલિકાઇ ધોધના જાદુમાં મંત્રમુગ્ધ બની ખોવાઈ ગઈ, બંને. અદભૂત દ્રશ્યોએ તેની વાચા હરી લીધી. તેઓનો અવાજ બંધ થઈ ગયો. શબ્દો હોઠની અંદર જ દબાઈ ગયા.

આંખોથી તે અનુપમ દ્રશ્યોને હ્રદયમાં ઉતારી, આનંદની અનુભૂતિ કરવા લાગ્યા. બંને સ્વયંને ભૂલી ગઈ. પોતાના અસ્તિત્વને ભૂલી ગઈ. આસપાસની સમગ્ર દુનિયાને ભૂલી ગઈ. તેઓ માટે એક માત્ર ધોધનું જ અસ્તિત્વ સત્ય, બાકી બધું મિથ્યા.

તેઓ અને ધોધ વચ્ચે એક સેતુ બંધાઈ ગયો. તે સેતુ પર બાકી બધી જ વસ્તુ કે વ્યક્તિઓનું અસ્તિત્વ ના રહ્યું. બધું જ ખરી પડ્યું. માત્ર ધોધ અને તેઓ બંને.

એક અલગ વિશ્વ, અલગ દુનિયા રચાઇ ગઈ, જેમાં ધોધ અને તેઓ બંને જ વસતા હતા.

કેટલી ય વારે બંનેએ એક બીજા તરફ નજર કરી. આંખોએ વાતો કરી. બંને દોડ્યા ધોધની સાવ નજીક જવા માટે, તેને પકડવા માટે, તેની ધારમાં ભીંજાઇ જવા માટે.

બંનેએ દોટ મૂકી. પાંચ-સાત ડગલાં દોડ્યા, ત્યાં તો અચાનક જ કોઈએ તેઓને રોકી લીધા, પકડી લીધા. બંને તંદ્રામાંથી જાગી ગયા. સ્વપ્ન સૃષ્ટિમાંથી હકીકતમાં આવી ગયા.

પ્રકરણ 52

બંને ચોંકી ગઈ. તેની નજર સામે હતા, મોહા અને તેના માણસો. મોહા જોડે એક ઊંચા કદનો મજબૂત બાંધાનો વ્યક્તિ હતો. તેના હાથમાં રિવોલ્વર હતી. મોહાના હાથમાં પણ હતી. તેઓના **10-12** સાથીદારો પણ કોઈને કોઈ હથિયાર સાથે હતા. એ સૌ નીરજા અને વ્યોમાને ઘેરીને ઊભા હતા. મોહાએ વ્યોમાને પકડી રાખી હતી. નીરજાને પેલા પુરુષે પકડી રાખી હતી.

"ડિયર નીરજા અને વ્યોમા, અમે તમારું અપહરણ કર્યું છે. તમે અમારા બંધક છો. મને તો તું ઓળખે જ છે. અને આ છે મારી ગેંગના બોસ, સેમ્યુલ."

બંનેને સમજાઈ ગયું, કે જેનાથી સતત બચી રહ્યા હતા, હાથતાળી આપી છટકી જતાં હતા, તે જ મોહાએ તેઓને પકડી લીધા છે, અને બંધક પણ બનાવી દીધા છે. તેની પાસેથી છટકીને ભાગી જવાનો પણ કોઈ અવસર જ નથી. તેઓએ ધોધ અને તેની આસપાસ નજર દોડાવી. કોઈ જ પ્રવાસી કે અન્ય કોઈ જ ત્યાં નહોતું, આ રાત્રિમાં. કોઇની પણ મદદ મળી શકે તેમ નહોતું.

નીરજાએ બધા જ વિકલ્પો ચકાસી જોયા, પણ બધા વ્યર્થ. તેણે આવી પડેલી સ્થિતિનો સામનો કરવાનો નિશ્ચય કરી લીધો.

"પણ, તમે અમને શા માટે કીડનેપ કરી રહ્યાં છો?" હિંમત કરી વ્યોમાએ પુછ્યું.

"અમે 'વાઇલ્ડ' ગેંગના માણસો છીએ." મોહાએ જવાબ આપ્યો.

"લોકો અમને ટેરરિસ્ટ તરીકે ઓળખે છે." સેમ્યુલે વધારે કરડી નજરે પરિચય આપ્યો.

"પણ, અમને શા માટે કીડનેપ કર્યા છે? શું ઈચ્છો છો તમે અમારી પાસેથી?" નીરજાએ પણ ભય ત્યાગી પૂછ્યું.

સેમ્યુલે નીરજાની આંખમાં ભય ફેલાવતી નજર નાંખી. નીરજા ડરી નહીં. સેમ્યુલ વિચલિત થઈ ગયો.

સેમ્યુલ એટલે મેઘાલયના અંડરવર્લ્ડનું બહુ મોટું નામ. અનેક ગેરકાયદે ગુનાઓનો તે બાદશાહ ગણાતો. તેના નામ માત્રથી ભય ફેલાઈ જતો. એટલે જ તેની ગેંગનો મેઘાલયમાં કાળો કેર હતો.

એવું માનવમાં આવતું, કે તે અનેક ગુનાઓમાં સંડોવાયેલો હતો. સરહદ પાર પણ તેના ગુનાઓનો ઇતિહાસ હતો. ઘણા ખૂનમાં પણ તેનો જ હાથ છે, તેવું લોકો દબાતા સવારે કહેતા હતા. પણ, તે ખૂબ જ ચાલાક હતો. તેના નામે તે કોઈ જ પુરાવા રહેવા દેતો નહીં. સમગ્ર અંધારી આલમ પર તેનું સામ્રાજ્ય છે, ઊંડા ભયનું સામ્રાજ્ય !

ઉત્તર પૂર્વ ભારતના ઘણા આતંકી હુમલામાં તેની સંડોવણી હોવાનું મનાય છે. પણ, નક્કર પુરવાના અભાવે તે મુક્ત ફરતો હતો. તેની રાજકીય વગ પણ, ખૂબ ઉપર સુધી છે. એટલે તેની સામે પોલીસ ડિપાર્ટમેંટ પણ લાચાર ! કોઈ પણ પોલીસ અધિકારીની સેમ્યુલના ઘરમાં પ્રવેશવાની હિંમત નહોતી.

તેના એક ઇશારે ભલભલા બહાદુરોના કાળજા કંપી જતાં. અને જો, તે કોઇની આંખમાં આંખ નાંખે, તો સામેની વ્યક્તિ સમજી જાય, કે હવે તેની જિંદગી પૂરી થઈ ગઈ છે. તેને મૌતથી કોઈ જ બચાવી નહીં શકે. મૌત જ એક માત્ર સત્ય છે, મંઝિલ છે- સેમ્યુલની ભયાવહ નજરથી બચવા માટે. એટલે જ, તે વ્યક્તિ સામે ચાલીને મૌતને ભેટી પડે છે.

આવા અતિ ભયાનક સેમયુલની નજર, નીરજાની આંખમાં પ્રવેશી, છતાં નીરજા ડરી નહીં. એક છોકરી, સાવ નાજુક છોકરી, અજાણ્યા પ્રદેશની છોકરી, સેમ્યુલની ભય સર્જતી નજરથી ડરી નહીં. બસ, આ જ વાતે સેમ્યુલ વિચલિત થઈ ગયો.

વર્ષો બાદ એક છોકરીની આંખે સેમ્યુલની ભયાવહ નજરને પડકાર ફેંક્યો, નીડર બનીને. ડરવાને બદલે નીડર બનીને, સામો સવાલ પણ કરી લીધો. નીરજાની નીડરતા તેને વિચલિત કરવા લાગી. તે ધુંઆપુંઆ થઈ ગયો. તેની આંખમાં ગુસ્સા ભરેલું ખુન્નસ ઉભરાઇ ગયું.

મોહાએ તે ખુન્નસને જોઈ લીધું, નજરથી પકડી લીધું. તેણે સેમ્યુલને ઈશારાથી શાંત રહેવા કહ્યું. મોહા તેની સૌથી વિશ્વાસુ સાથીદાર હતી. તેના ઇશારે તે શાંત થઈ ગયો.

મોહાએ બાજી સંભાળી લીધી. "તમે વાઇલ્ડ ગેંગના બંધક છો. અને તમને …"

"અમને તમે ત્યારે જ છોડશો, જ્યારે તમને મોટી રકમની ખંડણી ચૂકવવામાં આવશે, એમ જ ને?" વ્યોમાએ મોહાની વાત કાપી નાંખી.

મોહા ગુસ્સે થઈ ગઈ. તેણે વ્યોમાને એક થપ્પડ મારી દીધી. વ્યોમા પર તેના હાથની પકડ મજબૂત બનાવી દીધી.

"તમને કોઈ અજ્ઞાત જગ્યા પર લઈ જવાશે. તમારા છૂટકારાના બદલામાં ખંડણીની કોઈ જ રકમ નહીં માંગવામાં આવે."

"તો શું અમને એમ જ છોડી મૂકવા   માં આવશે?" નીરજાએ સેમયુલની આંખમાં આંખ નાંખી સવાલ કર્યો.

"ના. તમને ક્યારેય છોડવામાં નહીં આવે. કાં તો તમારું મૌત થશે કાં તમને અમારી ગેંગના મેમ્બર બનાવીને, યોગ્ય સમયે આત્મઘાતી આતંકવાદી હુમલામાં તમારો ઉપયોગ કરવામાં આવશે. માટે છૂટવાની કોઈ જ આશા રાખીશ નહીં. સમજી, છોકરી?" મોહાએ કરડાકીભર્યા સવારે બંનેને ભયભીત કરવાના ઇરાદે કહ્યું.

મોહાની વાત સાંભળી બંને મનોમન ડરથી ધ્રુજી ગયા. પણ, ભયને ક્યાંય પણ ચહેરા પર આવવા ના દીધો. ગજબની સ્વસ્થતા ધારણ કરી રાખી, બંનેએ.

વ્યોમાએ મૌન નજરે નીરજા તરફ જોયું . નીરજામનમાં કશું ક વિચારી રહી હતી.

નીરજાને એક વાત સમજાઈ ગઈ હતી કે મોહા અને સેમ્યુલ તેની વા તો અને વર્ત   નથી ડરાવવા માંગતા હતા, ભયભીત કરવા માંગતા હતા. પણ, બંનેમાંથી કોઈ ડર્યું નહીં. તેણે કારણે તેઓ બંને વિચલિત હતા.

તેઓની આ પહેલી હાર હતી. નીરજા અને વ્યોમાની પહેલી જીત. આ પહેલી જીતે તે નામાં આત્મવિશ્વાસ ભરી દીધો. તે વિચારવા લાગી, 'જો આ એકાંત જગ્યાએ, નિર્જન રાત્રીમાં, કોઈ અહીં આવી ચડે, તો કદાચ બચીને ભાગી છૂટવાનો અવસર મળી જાય. પણ, અહીં તો દૂર દૂર સુધી કોઈના હોવાનો અહેસાસ પણ ન હતો. જ્યાં સુધી નજર પ હોંચે ત્યાં સુધી કોઈ જ માણસ દેખાતું ન હતું.'

નીરજા સમગ્ર દિશામાં નજર ઘુમાવવા લાગી. દૂ ર દૂર કોઈ ઝાડી હલી હોય તેવો તેને આભાસ થયો. તેણે નજરને વધુ તિવ્ર કરી. તેને કોઈ આકૃતિ દેખાઈ.

તેણે ઝડપથી વિચાર કરી લીધો, યોજના બનાવી લીધી. તેણે નક્કી કરી લીધું, કે બને તેટલો વધુ સમય સેમ્યુલ અને મોહાને વાતોમાં વ્યસ્ત રાખી શકાય તો પેલી આકૃતિ કદાચ મદદરૂપ થાય. ગણત્રીપૂર્વકનું જોખમ લેવા તે તૈયાર થઈ ગઈ.

"ગૌહાટી સ્ટેશન પરથી, કારમાં લિફ્ટ આપીને, તું અમને ક્યાં લઈ જવા માંગ તી હતી, મોહા?" નીરજાએ વાત ચાલુ કરી.

"ગૌહાટી સ્ટેશનેથી જ તમારા બંનેનું અપહરણ કર વાનો ઇરાદો હતો અમારો. પણ, ત્યાં કોણ જાણે ક્યાંથી નરેશ અને વિશાલ આવી ચડ્યા. તેઓનો સાથ લઈને તમે બંને છટકી ગયા. મારી એ હારને હું હજુ પણ ભૂલી નથી. જિંદગીમાં પહેલી વાર મારે હાર જોવી પડી છે. જે માટે તમે બંને જવાબદાર છો." મોહા ગુસ્સો ઠાલવતી હોય તેમ, તેણે વ્યોમા પરની પકડ વધુ મજબૂત બનાવી દીધી. વ્યોમાના ચહેરા પર લોહી ઉપસી આવ્યું. તેનો ચહેરો લાલ થઈ ગયો.

"તો શું થયું? આવા ખેલમાં ક્યારેક હાર પણ ખમવી પડે. ઇટ્સ પાર્ટ ઓફ ગેમ." નીરજાએ સમય લંબાવવા વધુ એક દાવ રમી લીધો. મોહા તેમાં સપડાઇ ગઈ.

"ગેમ? ગેમ તો આખી, તમે બદલી નાંખી. ઊંધી વાળી દીધી અમારી યોજનાને." મોહા વધુ ગુસ્સે થઈ ગઈ.

"એ કેવી રીતે?" વ્યોમાએ વાતમાં હવા ઉમેરી.

"તમે છટકીને ભાગ્યાં, પછી તમોએ તરત જ તમારા મોબાઈલ બંધ કરી દીધા, એટલે તમારું લોકેશન પકડી જ ના શકાયું. તમને પકડવા માટે બધા જ રસ્તાઓ, ઠેકાણાઓ ખૂંદી વળ્યા, પણ તમે ક્યાંય ના મળ્યા. તમે તો ફરી એક નવી ગેમ રમી નાંખી."

"અમે ક્યાંથી ગેમ રમી શકીએ? તમારી જેમ અમે મૌતના ખેલાડી થોડા છીએ?" નીરજાએ મોહાના ઉશ્કેરાટને ઉતીજીત કર્યો.

"પણ તમે તો ગેમ રમી જ. મૂળ યોજના પ્રમાણે, તમે જીપમાં અહીં ધોધ સુધી આવવાના હતા. તમારા માટે મેં જીપ પણ બુક કરાવી રાખેલી. પણ, તમે ના તો જીપ પર પહોંચ્યા, ના આ ધોધ પર. તમે તો ઘૂસી ગયા આ જંગલમાં, જ્યાં તમને કોઈ જ શોધી ના શકે." મોહા હજુ પણ ગુસ્સામાં હતી.

"પણ તમે જેનિફર પાસે જઈને અમારી માહિતી મેળવી લીધી હતી. અમારો પીછો કરતાં કરતાં જંગલના રસ્તે આવી ગયા હતા."

નીરજાની નજર દૂર, પેલી ઝાડી પર જ હતી. હવે આકૃતિ નજીક આવી રહી હતી. મોહા, સેમ્યુલ અને તેના માણસો બેધ્યાન હતા. નીરજાએ વાત વધુ લંબાવી, "તમે અમને જંગલમાં શોધવા જ આવ્યા હતા, ખરું ને?"

"પણ તમને કેમ ખબર પડી? તમે ક્યાં હતા? અમે તમને શોધી ના શક્યા, એ જંગલમાં."મોહા વાતોમાં ગૂંથાવા લાગી.

"અમે એ જંગલમાં જ હતા. તમને અને નરેશ, વિશાલને પણ અમે જોયા હતા."

"મતલબ કે ફરી એકવાર તમે બંને મારી સામે જ હતા, છતાં મને હાથતાળી આપી છટકી ગયા હતા." મોહાએ ક્રૂર નજર કરી, "કઈ ગેમ રમી હતી તમે, ત્યારે?"

"ગેમ તો વાંદરાઓ અને પંખીઓએ રમી હતી. તેઓના આક્રમણ સામે તમે ટકી ના શક્યાં અને ભાગી જવું પડ્યું હતું તમારે સૌએ."

"પણ, આજે હવે તમે છટકીને જઇ નહીં શકો. શિકાર જાળમાં ફસાઈ ગયો છે." મોહાએ વ્યોમા પર તેની પકડ વધુ મજબૂત કરી.

ધોધની જમણી દિશામાં અચાનક કોઈ ધડાકો થયો. સૌની નજર તે તરફ ગઈ. ત્યાં ધુમાડો દેખાવા લાગ્યો. નીરજાને મોહા તરફ ધકેલી, સેમ્યુલ અવાજની દિશામાં પાંચ સાત ડગલાં આગળ વધી ગયો, ધડાકાના કારણ અને પરિણામ વિષે વિચારવા લાગ્યો.

"અહીંથી જલ્દી નીકળી જાઓ. ફટાફટ સૌ ગાડીમાં ગોઠવાઈ જાઓ. ઓફિસ પર પહોંચી જાઓ. મોહા, તું બંને છોકરીઓને લઈને ગાડી પર આવી જા. હું ગાડી સ્ટાર્ટ કરું છું." સેમ્યુલે ખૂબ જ ઝડપથી સૌને આદેશ આપી દીધો. તે દોડીને **50-60** ફૂટ દૂર ઊભેલી ગાડી તરફ દોડ્યો.

તેના સાથીદારો પોતપોતાની કારમાં ગોઠવાઈ ગયા અને અડ્ડા તરફ, ઓફિસ તરફ હંકારી ગયા.

મોહા, નીરજા અને વ્યોમાને ખેંચવા લાગી. ગાડી તરફ ધકેલવા લાગી. બંને ઢસડાતી, ઢસડાતી વિરોધ કરવા લાગી. માંડ **10/12** ફૂટ ઢસડાયા, ત્યાં તો સેમ્યુલ પર કોઈએ ગોળીબાર કરી દીધો. ત્રણ ચાર ગોળીઓ સેમ્યુલ પર છૂટી. ધોધની ડાબી દિશાએથી સેમ્યુલ પર ગોળીઓ વરસી હતી. તે ગાડીથી **30-35** ફૂટ દૂર હતો. તે ગાડી સુધી પહોંચી ના શક્યો. ગોળીઓથી બચતો એક મોટા પથ્થરની પાછળ છુપાઈ ગયો. તેણે પોતાની રિવોલ્વર કાઢી, ગોળીઓની દિશામાંની ઝાડી પર ચાર-પાંચ ફાયર કર્યા. ઝાડીને કોઈ જ અસર ના થઈ.

દૂરની બીજી કોઈ ઝાડીમાંથી એક ગોળી છૂટી. તેનાથી સેમયુલના હાથમાંથી રિવોલ્વર પડી ગઈ.

"મોહા, કોઈએ આપણને ત્રણ દિશાએથી ઘેરી લીધા છે, જે આપણાં પર હુમલો કરી કરી રહ્યા છે. સૌ પહેલાં અહીંથી સલામત બચીને ભાગી નિકળ, ઓફિસ પર મળીશું…" સેમ્યુલ ભાગ્યો.

મોહા ત્યાંથી છટકવા લાગી. ફરી ગોળીબાર થયો. ગોળીઓ મોહા તરફ છૂટી. મોહા ત્યાં જ અટકી ગઈ.

એક તરફની ઝાડીમાંથી નરેશ અને બીજી તરફની ઝાડીમાંથી વિશાલ. તેઓની સામે આવી ગયા. બંનેના હાથમાં ગન હતી.

"મોહા અને સેમ્યુલ, હથિયાર નાંખી દો અને શરણે આવી જાઓ." વિશાલે હુકમ કર્યો.

મોહા ઝડપથી નીરજા તરફ સરકી અને નીરજાને પકડી લીધી. નીરજાના કાન પર ગન તાકી બોલી, "કોઈ પણ જાતનો હુમલો કરવાનો પ્રયાસ કરવામાં આવશે, તો નીરજાની લાશ મળશે. ચાલો, ફટાફટ બંદુકો ફેંકી દો, મી. નરેશ અને વિશાલ."

મોહાની સ્ફૂર્તિ જોઈ, નરેશ અને વિશાલે ગન ફેંકી દીધી. હવે સેમ્યુલમાં પણ હિંમત આવી. તે પથ્થર પાછળથી બહાર આવી ગયો. નીરજા, મોહાની પકડમાં હતી. સેમ્યુલ વ્યોમાની નજીક જવા લાગ્યો. વ્યોમા હજુ પણ મુક્ત હતી. વ્યોમાને પકડવા તે તેના તરફ આગળ વધ્યો.

મોહાએ નીરજા પરની પકડ થોડી ઢીલી કરી. તે વિશાલ અને નરેશ પર જ નજર રાખી રહી હતી.

નરેશ અને વિશાલ, સમય પારખીને સ્થિર ઊભા હતા. કારણ કે, કોઈ પણ હલનચલન કરવાનો મતલબ છે, મોહાની ગનમાંથી નીકળેલી ગોળીથી નીરજાનું મૌત. તેઓ આવું જોખમ લઈ શકે તેમ ન હતા. એટલે જ વિવશ બની ઊભા હતા, સ્થિર.

સેમ્યુલ વ્યોમા તરફ આગળ વધવા લાગ્યો. વ્યોમાથી તે **20-22** ડગલાં દૂર હતો, ત્યાં જ અચાનક તેના કાન પર કોઈએ અણીદાર પથ્થર મારી દીધો. તેને તમ્મર આવી ગયા. તે પડી ગયો.

ચિત્તાની ઝડપે તેના પર બુરખાધારી કોઈ વ્યક્તિ તૂટી પડી. તેણે સેમ્યુલને પોતાના બાહુપાશમાં જકડી લીધો. સેમ્યુલ હવે કેદ હતો, પેલા નકાબધારી વ્યક્તિની કેદમાં.

પેલાએ નકાબ હટાવ્યો. તે અનુપમકુમાર હતો. નીરજા અને વ્યોમા સ્તબ્ધ થઈ ગઈ, વિસ્મય પામી ગઈ. ટ્રેનમાં સાથે યાત્રા કરતો હતો તે, મોબાઈલ કંપનીમાં મોબાઇલની ડિઝાઇન બનાવતો હતો તે, ખૂબ જ ઓછું બોલતો હતો તે, અતડો અતડો રહેતો હતો તે, અનુપમકુમાર.

'તે અહીં ક્યાંથી? અને આમ આટલી ચપળતાથી અને બહાદુરીથી ગુંડાઓ જોડે બાથ ભીડી રહ્યો છે !' નીરજા અને વ્યોમાના મનમાં સવાલો જગ્યા, પણ તે મૌન રહી. ઝડપથી બની રહી ઘટનાઓને જોતી રહી, સમજવા કોશિશ કરતી રહી.

"મોહા, તારો બોસ મારા કબજામાં છે, હવે તું પણ હથિયાર ફેંકી દે. નહીંતર તેનો જીવ જશે." અનુપમે મોહાને પડકાર ફેંક્યો.

"તો, નીરજાનો પણ જીવ જશે, વિચારી લે." મોહાએ તેને સણસણતો જવાબ આપ્યો. ગોળીઓના અવાજો સાંભળી સેમ્યુલના સાથીદારો એ જ સ્થળે પરત ફરવા લાગ્યા. તેઓએ તરત જ નરેશ અને વિશાલને ઘેરી લીધા, "હમારે બોસકો છોડ દો, વરના..."

અનુપમ આ શબ્દોનો અર્થ જાણતો હતો. તેણે સેમ્યુલને છોડી દીધો. મોહાએ વ્યોમાને પણ પકડી લીધી. તેને પણ બંદૂકની અણી પર રાખી દીધી. સેમ્યુલના માણસોએ અનુપમને પણ પકડી લીધો.

સેમ્યુલ મોહા પાસે આવ્યો, "હવે જરા પણ સમય બગાડયા વિના તું બંનેને કાર પાસે લઈ આવ. આપણે ઓફિસે પહોંચવાનું છે. અને.." તે સાથીદારો તરફ વળ્યો, "ઇન તિનોકો હમારે જાને કે બાદ ગોલીયોંસે ઉડા દેના." આદેશ આપી તે ઝડપથી કાર તરફ ભાગ્યો.

નીરજા અને વ્યોમાને ધકેલતી મોહા પણ કાર તરફ ભાગી. મોહા, સેમ્યુલ કરતાં પહેલાં કાર પાસે પહોંચી ગઈ. તેણે નીરજા અને વ્યોમાને કારની પાછળની સીટ પર ધકેલ્યા. કારનો ડોર લોક કરી દીધો.

ક્ષણવારમાં સેમ્યુલ પણ કાર પાસે આવી ગયો. તેણે મોહા પાસે કારની ચાવી માંગી. મોહા લુચ્ચું હસી. સેમ્યુલ તરફ આગળ વધી, તેની લગોલગ ગઈ, અને તેના ડાબા ખભ્ભા પર ગોળી ચલાવી દીધી. સેમ્યુલ કાંઇ પણ સમજે તે પહેલાં, મોહાએ તેને પછાડી દીધો અને તેના માથા પર ગન ધરી દીધી.

“તારા બધા જ સાથીદારોને હથિયાર ફેંકીને દૂર હટી જવા કહી દે. નહીંતર તારું માથું ફાડી નાંખીશ.”મોહાએ સત્તાવાહી હુકમ કર્યો. સેમ્યુલે ઈશારો કર્યો. સૌ હટી ગયા. નરેશ, વિશાલ અને અનુપમકુમાર મુક્ત થઈ ગયા. તેઓએ સૌને નિ:શસ્ત્ર કરી નાંખ્યા.

મોહા હજુ પણ સેમ્યુલને દબાવીને ઊભી હતી. તેના હાથની ગન સેમ્યુલના કપાળ પર જ હતી. સેમ્યુલ, નરેશ, વિશાલ, અનુપમકુમાર અને સેમ્યુલના સૌ સાથીઓ સ્તબ્ધ હતા, દંગ હતા. મોહા શું કરી રહી છે એ સૌની સમજ બહાર હતું.

સૌથી વધુ હેરાન તો સેમ્યુલ હતો, “મોહા, યહ ક્યા કર રહી હો? તુમ તો મેરી સબસે વફાદાર સાથી હો. સબસે ભરોસેમંદ હો. મેરે સામ્રાજ્યકી વારિસ હો. ફીર ક્યૂઁ મુઝસે દગા કર રહી હો... તુમસે યહ ઉમ્મીદ નહીં થી.... ક્યા ચાહતી હો તુમ, આખિર?”

“ચૂપ, બિલકુલ ચૂપ ! કેવી વફાદારી ને કેવો ભરોસો? હૂઁ કોઈ તારી સાથીદાર નથી.” મોહાએ ફરી એક ઝટકો માર્યો, સેમ્યુલના પગમાં એક ગોળી મારી દીધી. સેમ્યુલ હવે સાવ લાચાર થઈ ગયો.

“તો, કોણ છે તું મોહા?” સેમ્યુલ ગુસ્સામાં બરાડી ઉઠ્યો.

“તે મોહા નહીં પણ પોલીસ ઈન્સ્પેકટર, નંદિની મોહપાત્રા છે.” સમગ્ર વાતાવરણમાં કોઈ પહાડી અવાજ ગુંજી ઉઠ્યો. સૌની નજર તે અવાજ તરફ ગઈ. સૌની નજરે દેખાયા કમિશ્નર વિનિતકુમાર ‘વેદ’ ! અને સાથે હતી પોલીસની આખી ફૌજ. પોલીસે સેમ્યુલ અને તેના સાથીદારોને પકડી લીધા. વાનમાં બેસાડી રવાના કરી દીધા. ધોધ અને જંગલ હવે ભય મુક્ત હતા.

પોલીસ ઈન્સ્પેકટર નંદિની ઉર્ફે મોહાએ નીરજા અને વ્યોમાને કારમાંથી બહાર કાઢ્યા. તેને લઈને નરેશ, વિશાલ, અનુપમકુમાર અને કમિશ્નર વેદ જ્યાં ઊભા હતા ત્યાં લઈ આવી.

નરેશ, વિશાલ અને અનુપમે કમિશ્નર તરફ પ્રશ્નાર્થ કર્યો, મોહા તરફ ઈશારો કર્યો. મોહાએ પણ સામે આ ત્રણેય વિષે કમિશ્નર સાહેબને પ્રશ્નાર્થ કર્યો. નીરજા અને વ્યોમા માટે તો નરેશ, મોહા, વિશાલ, અનુપમકુમાર બધા જ વિસ્મયો હતા, આશ્ચર્યો હતા. સૌથી મોટું વિસ્મય તો કમિશ્નર વેદ હતા.

પ્રકરણ 53

વેદ સાહેબે બધા ચહેરાઓ વાંચ્યા, બધા ભાવો વાંચ્યા. બધા જ ઇશારા સમજી ગયા, બધા જ પ્રશ્નો સમજી ગયા. એક મજાનું સ્મિત કરી બધા પર નજર માંડી. બધી નજર તેના હોઠોના હલનચલનની પ્રતિક્ષામાં અધિરી હતી.

"આ આખી કથામાં ઘણાં પાત્રો છે. સેમ્યુલ ઉત્તર ભારતનો અંડર વર્લ્ડ ડોન છે. અરે, હતો. તેના સામે કોઈ પુરાવાઓ નહતા. તેથી તેને એરેસ્ટ કરવું અઘરું હતું. વધુમાં તેની સામે કોઈ લોકલ વ્યક્તિ, કોઈ પુરાવા આપે તે શક્ય જ ન હતું. અમને કોઈ એવી વ્યક્તિની તલાશ હતી કે જે આ પ્રદેશનું ના હોય. જેનામાં હિમ્મત હોય. જેનામાં ધીરજ હોય. નવું જોવાની અને નવું કરવાની ક્ષમતા હોય. એ માટે મને મારા એક મિત્રે નામ એક આપ્યું 'નીરજા'." વેદ અટક્યાં.

"મારૂ નામ? કોણે આપ્યું? શા માટે આપ્યું? છેક આટલે દૂર, આટલા મોટા ઓફિસરને મારું નામ કોણે આપ્યું? કોણ મારા જીવન સાથે ખેલી રહ્યું હતું?" નીરજા થોડી ચિડાઇ ગઈ, ઉશ્કેરાઈ ગઈ.

નીરજાનો એક હાથ વ્યોમાએ પકડી લીધો, તો બીજો હાથ મોહાએ. બન્નેએ તેના હાથ દબાવી નીરજાને શાંત કરી.

વેદ ફરી હસ્યાં. "તું મારા એ મિત્રને ઓળખે છે. કહી દઉં એનું નામ? પણ એક શરતે, તારે તેના પર ગુસ્સો નથી કરવાનો. નથી નારાજ થવાનું. બોલ છે મંજૂર?"

"ઠીક છે, મંજૂર છે." નીરજાએ પરાણે સ્મિત કર્યું.

"તું અમોલ ભેદને જાણે છે? ફિલ્મ અભિનેતા?" વેદે પ્રશ્ન કર્યો.

"હા, એ અમારી સ્કૂલમાં એક ફંક્શનમાં ચીફ ગેસ્ટ હતા." વ્યોમા અને નીરજા અમોલ ભેદનું નામ સાંભળી રોમાંચિત થઈ ગયા.

"એ મારો મિત્ર છે. તેણે મને તમારી સ્કૂલમાં બનેલી આખી ઘટના કહી અને તારું નામ આપ્યું. એ પછી મેં અને તેણે મળીને એક યોજના બનાવી. તારા મોબાઈલ પર પેલો વિડીયો મોકલાવ્યો. તને અહીં આવવા આડકતરું આમંત્રણ આપ્યું. તેં અને વ્યોમાએ તે આમંત્રણને સ્વીકારી લીધું."

"પણ એવું કોઈ આમંત્રણ અમને મળ્યું જ નથી." વ્યોમા બોલી ઉઠી.

"પેલો વિડીયો જ આમંત્રણ હતું. તેને જોઈને જ તમે બંને અહીં આવવા, યોજના બનાવવા લાગ્યા. અમે પણ અમારી યોજના બનાવવા લાગ્યા. તમારા પેરંટસને પણ આખી યોજનામાં શામેલ કરી લીધા. નરેશને પહેલાં ભિખારીના રૂપમાં તમારી સામે રજૂ કર્યો. બાદમાં મિત્ર તરીકે. તેનો મિત્ર વિશાલ પહેલેથી જ અહીં આવી ગયો હતો. જે અહીંનો મોરચો સંભાળી રહ્યો હતો. નરેશ અને વિશાલ ભારત સરકારના ગુપ્તચર ખાતાના ઓફિસર છે. બહુજ બાહોશ છે. તો મોહા પણ મુંબઈ ક્રાઇમ બ્રાંચની બાહોશ મહિલા ઈન્સ્પેકટર છે. તેને આ ગેમમાં, સેમ્યુલને જાળમાં ફસાવવા શામેલ કરી હતી. કારણ કે, માફિયાઓ રૂપાળી અને ચપળ સ્ત્રીની જાળમાં જ ફસાય છે. તેણે સેમ્યુલને બરાબર વિશ્વાસમાં લઈ લીધો હતો. તેના પર સેમ્યુલ આંધળો ભરોસો કરવા લાગ્યો. અનુપમકુમાર. મેઘાલય પોલીસનો સૌથી બાહોશ અને બહાદુર એસીપી છે. તે પણ તમારી સાથે અમદાવાદથી જ હતો. તે અને નરેશ સતત તમારા પર નજર રાખતા હતા. તમારી સલામતીની જવાબદારી તેઓના શિરે હતી."

"પણ અનુપમકુમાર તો લખનૌ સ્ટેશને ઉતારી ગયા હતા?"

"એ પણ યોજના પ્રમાણે જ હતું. લખનૌમાં ઉતરી ગયેલ અનુપમકુમાર, પ્લેન મારફતે ગૌહાટી આવી ગયો. અને અહીંના મોરચે જોડાઈ ગયો. તમે ગૌહાટી ઉતર્યા એટલે મોહા તમને લેવા આવી હતી. તમારું ત્યાંથી જ અપહરણ કરવાની યોજના હતી પણ.."

"પણ અમે ત્યાંથી છટકી ગયા, રાઇટ?" વ્યોમા બોલી પડી.

"ના, તમને ત્યાંથી મોહાએ છટકી જવા દીધા. તમે મોહાની કારમાં હતા ત્યારે તમારી નજરે શસ્ત્રો ચડ્યા હતા. મોહાની કમરમાં ગન પણ જોઈ હતી તમે. એ બધું તમને સંકેત આપવા માટે હતું. તે જોઈ તમે સાવચેત થઈ ગયા. અને ભાગી છૂટવાની યોજના

બનાવવા લાગ્યા. પેલી હોટેલ પર મોહાએ જ તમને છટકી જવાની તક આપી હતી." અનુપમકુમારે કહ્યું.

"કારણ કે યોજના સેમ્યુલને પકડવાની હતી. અને ત્યારે સેમ્યુલ મારી સાથે ન હતો. પોતે સાથે આવવાને બદલે, તેણે ડ્રાઈવરને મોકલ્યો એટલે ત્યારે યોજના બદલી નાંખી અને તમને છટકી જવા દીધા." મોહાએ સ્મિત આપતા કહ્યું.

"તમે એ ઘટના પછી, કાં તો પાછા અમદાવાદ જતાં રહેશો અથવા ગમે તેમ કરીને આ ધોધ સુધી પહોંચશો. અમે બંને થીયરી પર કામ કરવા લાગ્યા. અમદાવાદ જવાના બધા જ માર્ગો પર અને સ્થળો પર સતત નજર રાખતા રહ્યા. તો જંગલના એક એક ખૂણા પર પણ તમારી તલાશ કરવા લાગ્યા. તમે ગમે તે સમયે, ગમે તે રસ્તે આ ધોધ પર આવશો, એમ માની ધોધ પર પણ સતત પહેરો રાખવામા આવ્યો. તમને હું મળ્યો ત્યારે પણ, અને આજે સાંજે તમને મનીષા મળી ત્યારે પણ, તમારા પર અમારી નજર હતી જ. પેલી લાશ જોઈને પોલીસને તમે જે ફોન કરેલો તે પણ મારી જ ઓફિસમાં રિસીવ થયેલો. તમને આજે જ ધોધ પર પહોંચવાની સૂચના જેનિફર દ્વારા, અમે જ આપી હતી. કારણ કે સેમ્યુલ આજે અહીં હતો અને તમે બંને જો આજે જ અહીં આવી જાઓ, તો આ સમગ્ર યોજના આજે જ પાર પડી જાય તેમ હતી. અને તમે અહીં આવ્યા, તમારું મોહાએ અપહરણ કર્યું અને સેમ્યુલ પકડાઈ ગયો." વેદે આખી યોજના કહી દીધી.

"આટલા બધા આશ્ચર્યો, આટલા બધા વિસ્મયો, આટલા બધા કૌતુકો?" સમગ્ર ઘટનાક્રમને ધ્યાનથી સાંભળી રહેલી નીરજા એક પછી એક કડીઓને જોડતી ગઈ અને સ્વત: જ બોલી ઉઠી. વ્યોમા પણ વિસ્મય પામી ગઈ.

"તમને તો એ જ ગમે છે ને, આશ્ચર્યો, વિસ્મયો અને કૌતુકો?" એક નવો જ અવાજ કાને અથડાયો. સૌ એ અવાજની દિશામાં ફર્યા. નીરજા અને વ્યોમા ફરી અચંબિત થઈ ગઈ. તેની નજર સામે દીપેન, ભરત, દીપા, જયા અને જીત હતા.

"ઓહો ...હો... તમે સૌ પણ અહીં જ છો?" વ્યોમાએ આનંદ અને વિસ્મય સાથે કહ્યું.

"તો તમે પણ આ યોજનામાં ભળેલા હતા?" નીરજાએ મીઠો ગુસ્સો કર્યો. બાકી બધાએ સ્મિત આપ્યું. નીરજા ખૂબ જ ખુશ થઈ ગઈ. જઈને ભેટી પડી સૌને. વ્યોમા પણ.

સૌ એક બીજાને મળ્યા, ખબર અંતર પૂછ્યા.

"કેટલા બધા આશ્ચર્યો આપી દીધા તમે, વેદ સર?" નીરજા વેદ તરફ ફરી અને સ્મિત આપ્યું.

"કદાચ હવે બધા આશ્ચર્યો પૂરા થઈ ગયા હશે." વ્યોમાએ વ્યંગમાં વેદને જોઇ કહ્યું.

"એ તો સમય જ કહેશે." વેદે પણ મૂછમાં હસતાં હસતાં કહ્યું.

તો ચાલો, સૌ સાથે ધોધ પર જઈએ. તેને નિહાળીએ." જયાએ પ્રસ્તાવ મૂક્યો.

સૌ ધોધની નજીક પહોંચી ગયા.

નીરજા અને વ્યોમા બધાથી અલગ એક ખૂણે ઊભા રહી ગયા. પડતાં ધોધને જોઈ રહ્યા. ચાંદની રાતમાં ખૂબ જ ઉપરથી પડતું દૂધ જેવું સફેદ પાણી તોફાની હતું. તેની ધાર ખૂબ જ તિવ્ર અને મોટી હતી. તેની ગતિ અતિ તિવ્ર હતી. એક હજાર ફૂટથી પણ વધુ ઊંચાઈ પરથી પાણી પડતું હતું. તેની તાકાત પ્રચંડ હતી. તેનો ઘુઘવાટ વિશાળ હતો. તેની ધારાઓ અનેક હતી. તે ધારાઓ પર પડતી હતી, ચાંદની. પૂરા ખીલેલા ચંદ્રની ચાંદની. પૂનમની ચાંદની. ચાંદની એવી રીતે ભળી જતી હતી એ ધારામાં, કે જાણે ધારા અને ચાંદની જોડકી બહેન હોય.

ધારા પ્રચંડ તાકાતથી જમીન પર પડતી હતી. જમીન પર પછડાતા પાણીનો ધ્વનિ અતિ રુદ્ર હતો. પાણીનું રૂપ પણ રૌદ્ર હતું. પછડાતું પાણી જમીન પરથી ફરી ઘણી ઊંચાઈ સુધી ઊંચકાતું હતું, ફરી જમીન પર પટકાતું હતું અને પછી ઝરણું બનીને વહી જતું હતું.

નીરજાએ છેક ટોચ પર નજર કરી. ત્યાંથી નીચે પડતાં પાણીની ધારનો, નજરથી પીછો કરવા પ્રયાસ કર્યો. તેની નજર કરતાં ઘણા

વધુ વેગથી પાણી નીચે પડી જતું હતું. તેણે બે ચાર વખત પ્રયાસ કર્યો, તે નિષ્ફળ ગઈ. તેણે હાર માની લીધી.

વ્યોમા પણ પાણીને જોતી રહી. લોકો માટે તો આ બસ વહેતા પાણીનો ધોધ માત્ર છે. પણ, વ્યોમા અને નીરજા જાણતા હતા કે તેઓ માટે એ પાણી નહીં, પણ પ્રેરણાંનો સ્ત્રોત છે. બંને પોતપોતાના ધોધમાં ભીંજાતા રહ્યા. મંઝિલ મળ્યાનો આનંદ, બંનેના માથાથી નખ સુધી ધોધ બનીને વહી રહ્યો હતો.

એ જ અવાજ, એ જ ગતિથી પડતું પાણી, એ જ પ્રચંડ તાકાત, ચાંદનીમાં પણ રચાતાં મેઘધનુષ્યો, એ જ જંગલ- જે બધું વિડિયોમાં જોયું હતું, તેવું જ બધું નજરની સામે હતું, હવે. સાવ સાચું. કોઈ જ સંદેહ નહીં, કોઈ જ શંકા નહીં.

સૌએ મન ભરીને માણ્યો ધોધને અને તેને પામવાના આનંદને. કેટલીય ક્ષણો વિતી ગઈ. સૌ મૌન બનીને પોતપોતાની આનંદધારામાં નહાતા હતા.

"નીરજા, વાંસળી પર કોઈ એકાદ રાગની કોઈ ધૂન થઈ જાય?" વેદના શબ્દોએ બધાને જગાડી દીધા. સૌ પહેલાં, વેદ તરફ અને પછી નીરજા તરફ જોવા લાગ્યા.

"સર, વાંસળી કેમ? નીરજાને વાંસળી નહીં તબલા વગાડતા આવડે છે. અને અહીં તબલા તો છે નહીં." દીપેને આશ્ચર્ય વ્યક્ત કર્યું.

નીરજા કશું કહેવા જતી હતી, પણ વેદે વાતનો દોર પોતાના હાથમાં લઈ લીધો. "નીરજાએ તબલા શીખવાનું તો ક્યારનું ય છોડી દીધું છે. અને તેના ગુરુ પાસે વાંસળી શીખી લીધી છે. તે ખૂબ જ સરસ વાંસળી વગાડે છે. તમને એ ગમશે જ."

"તમને એની કેમ ખબર પડી, વેદ સર?" નીરજાને નવાઈ લાગી.

"અમે પોલીસવાળા છીએ, જેની ધ્યાન રાખીએ, તેની બધી જ વાતની ખબર રાખીએ." વેદ હસવા લાગ્યો.

સૌ નીરજાની વાંસળી સાંભળવા ઉત્સુક બની ગયા. વ્યોમાએ વાંસળી કાઢી અને નીરજાને આપી. નીરજાએ હોઠો પર વાંસળી મૂકી અને વાંસળીનો મધુર ધ્વનિ જંગલમાં ભળી ગયો. ચાંદની રાતમાં રાગ શ્યામ કલ્યાણ ના મધુર સ્વરો, નીરજાના હોઠો પરથી જન્મ લઈને હવામાં ભળી જવા લાગ્યા. જંગલના એક એક અણુમાં તે વ્યાપી ગયા. નોહ કલિકાઇ ધોધની પ્રત્યેક ધારામાં સમાઈ ગયા.

ધોધનો ધ્વનિ અને રાગ શ્યામ કલ્યાણના સ્વરો એકબીજાને પ્રેરણાં આપતા રહ્યા. એકબીજાની જુગલબંધી કરતાં રહ્યા. સૌ મંત્રમુગ્ધ બનીને સંગીતના ધોધમાં તલ્લીન થઈ ગયા. ધૂન પૂરી થઈ. નીરજાએ વાંસળી વગાડવાનું બંધ કર્યું. સૌ તેના સંગીતની વાત કરવા માંગતા હતા. કોઈ કશું ય બોલે તે પહેલાં ફરી વાંસળીના સૂરો સંભળાયા. એ જ સૂરો જે નીરજાએ હમણાં જ પૂરા કર્યા હતા. સૌ નીરજા તરફ જોવા લાગ્યા. તેના હોઠો પર તો વાંસળી નહોતી.

સૌ અવાજની દિશામાં જોવા લાગ્યા. થોડે જ દૂર મનીષા વાંસળી વગાડી રહી હતી. વેદ તેની બાજુમાં ઊભા હતા. નીરજા અને વ્યોમા તેને ઓળખી ગયા. મનીષાએ બે ત્રણ મિનિટમાં જ ધૂન પૂરી કરી.

"આ મારી દીકરી મનીષા છે." વેદે બધાને મનીષાનો પરિચય કરાવ્યો. નીરજા, મનીષા અને વ્યોમા એકબીજાને મળીને ખુશ થઈ ગયા.

"મેં કહ્યું હતું ને, કે હું તારી સાથે વાંસળી જરૂર વગાડીશ." મનીષાએ નીરજાને સ્મિત આપી કહ્યું. નીરજા અને વ્યોમા તેના સ્મિત પર ખુશ થઈ ગયા.

"આ પણ એક વધારનું આશ્ચર્ય આપ્યું તમે, વેદ સર ! હવે તો કદાચ આ છેલ્લું જ હશે." વ્યોમાએ વેદને ફરી વ્યંગ કર્યો.

"અને એક આશ્ચર્ય તો કહેવાનું છૂટી જ ગયું. તમે જે આશ્રમમાં ગયાં હતાં તેવો કોઈ આશ્રમ છે જ નહીં. તમને અને સેમ્યુલને ભ્રમિત કરવા માટે રચેલો હતો."વેદે વ્યંગનો જવાબ આપ્યો.

"તો પેલો સાધુ અને સાધ્વી ?"

"એ પણ એક છલના જ હતી. કિરણ અને પુનિતા પ્રકટ થાઓ."

વેદના આદેશથી પુનિતા અને કિરણ પણ હાજર થઇ ગયાં.

"નીરજા અને વ્યોમા. તમે બંને ધારો છો એવું કોઈ કામ અમે ઝાડી વચ્ચે નથી કર્યું."

"ખરેખર ?"

"હા." વેદે ટૂંકો ઉત્તર આપ્યો.

"ચાલો, હવે બધાં આશ્ચર્યો પૂરાં થયાં. ખરું ને વેદ સર?" નીરજાએ પૂછ્યું.

"મને નથી ખબર." વેદે વ્યબગ કર્યો.

"પણ, મને ખબર છે." વાતાવરણમાં ફરી કોઈ નવો અવાજ ગુંજ્યો. સૌ એ અવાજ તરફ ફર્યા.

સામે અમોલ ભેદ દેખાયો. અમોલે એક ફૂલ ગજવામાંથી કાઢ્યું, નીરજાને આપ્યું. સૌ આનંદ પામ્યા, પણ ફરી નવાઈમાં ડૂબી ગયા. ફરી એક નવું અને સુખદ આશ્ચર્ય સામે આવીને હાથ મિલાવવા લાગ્યું. સૌ વેદ તરફ જોવા લાગ્યા.

તે કાંઇ બોલે તે પહેલાં, વેદનો ફોન ગુંજ્યો. તેણે વાત કરી લીધી.

"સેમ્યુલ હવે પોલીસ કસ્ટડીમાં કેદ થઈ ગયો છે. આપણું મિશન સફળ રહ્યું." વેદે માહિતી આપી.

"સર. પણ નીરજા અને વ્યોમાનું અપહરણ તો મોહાએ કર્યું હતું, તો પછી સેમ્યુલને કેમ કેદ કર્યો?" જીતે વેદને સવાલ કર્યો. સૌના ખડખડાટ હાસ્યથી જંગલ જાગી ગયું. પૂર્વમાં સુરજ ઉગવાની તૈયારી કરવા લાગ્યો.

નીરજાએ પોતાનો મોબાઈલ ચાલુ કર્યો. તે સોશીયલ મીડિયા પર જઈને આવેલા બધા મેસેજ જોવા લાગી.

અચાનક તે હસવા લાગી. ખૂબ જોરજોરથી હસવા લાગી.

"નીરજા, કેમ એકલી એકલી આટલી બધી હસે છે? કોઈ જબરદસ્ત જોક વાંચ્યો છે કે શું?" વ્યોમાએ નીરજાના ખભ્ભા પર હાથ મૂકી દીધો.

નીરજાએ વ્યોમાની આંખમાં આંખ નાંખી અને કહ્યું, "જોક નથી, પણ નવો એક વિડીયો આવ્યો છે."

"શું છે એ વિડિયોમાં?" એક સાથે બધા એને પૂછી બેઠા.

"એક સમુદ્ર છે. તેના મોજાઓને તે ઊછાળી રહ્યો છે. કોઈ નવી દિશામાં ઘૂઘવતાં દરિયાનો છે, એ વિડીયો."

"ક્યાં છે એ દરિયો?" એક સાથે બધાના હોઠ પરથી પ્રશ્ન જંગલમાં વ્યાપી ગયો. નીરજા અને વ્યોમા પરસ્પર નજર મેળવી સ્મિત કરવા લાગ્યા.



--------- સમાપ્ત----------